अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेऽस्मिन्मार्गे रक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ: ॥



અખંડભુમંડલાચાર્યવર્ય જગદ્ગુરૂ **શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ**
પ્રાકટ્ય સં. ૧૫૩૫ ચૈત્રવદ ૧૧

-: ચમ્પારણ-ધામ :-

તીન લોક નાપલિયે, વામન હ્વૈ વિષ્ણુ આપ,
તૌ હૂ નહિં પાયો ઉન, કોઊ શુદ્ધ ઠામ હે.
દેવનન સોં કહી, આપ, હી ખોજો શુદ્ધ ભૂમિ,
બોલે સબ દેવ, શુદ્ધ, આપ હી કો નામ હે.
અન્ત મેં હરિને હી પૃથવી, કો મંથન કરિ,
ઢૂંઢ લિયો નિમલ અતિ, સુન્દર સો ગામ હૈ.
વલ્લભ કી કૃપા બહૈ, જા બન મેં નદીરૂપ,
વલ્લભ પ્રાકટ્ય 'ભૂપ' ચમ્પારણ ધામ હૈ.

—રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ'

વર્ષ ૨ : અંક ૧-૨ * એપ્રીલ-મે, ૧૯૮૩
શ્રીવલ્લભાબ્દ ૫૦૫ * વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે,રાજકોટ ૩૬૦૦૦૧

માચ ૮૩ અંક બારના અનુસંધાને

શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યો

અમદાવાદના

૨૧. શ્રી સોની ધીરજલાલ મગનલાલ
૨૨. ,, સોની હરિનારાયણ કેવળરામ
૨૩. ,, સોની પ્રભુદયાળજી જે. શર્મા
૨૪. ,, સોની રામચંદજી મેરૂલાલજી
૨૫. ,, સોની ઓમપ્રકાશજી મથુરાદાસ
૨૬. શ્રી સોની ભવરલાલ શ્રીકીશનજી
૨૭. ,, સોની ઘનશ્યામજી નારણજી
૨૮. ,, સોની શાંતિલાલ ભવરલાલ
૨૯. ,, સોની ભવરલાલ ગૌરીશંકર
૩૦. ,, સોની મહાવીરપ્રસાદ મોહનલાલ

ક્રમશઃ

卐

વૈષ્ણવોને વિનતિ

ધન, ધર્મને માટે છે. તે દૈવી હોય તો તો દૈવી રસ્તે જાય, ને આસુરી હોય તો આસુરી માર્ગે જાય. આપણે વિચારવું જોઈએ કે આપણે આખા કુટુંબ સાથે સંસારને તરવાનું છે, ને તેથી યોગ્યતા પ્રમાણે દરેકને ભકિતમાં ખેંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. એને માટે પુસ્તકોનો સત્સંગ ઉત્તમ છે.

“શ્રી વલ્લભ સુધા”ના આપ દરેક ગ્રાહક બનો કે જેથી આપના કુટુંબના આબાલ વૃદ્ધ તમામને વાંચવાની ટેવ પડે, ચિત્ત ચોંટે. તેમાંની એકાદ બાબતની પણ કોઈવાર અસર એવી પડે છે કે દશ રૂપીયા કંઈ હિસાબમાં નથી. ધનવાનો પણ પોતાનું ધન સારા સાહિત્યના પ્રસારમાં ખર્ચે.

દરેક ગ્રાહક **જો** ધર્મકાર્ય ગણીને બબે ગ્રાહક વધારી આપે તો ગ્રાહક સંખ્યા ત્રણ ગણી થઈ જાય અને કાર્યાલયને આર્થિક ટેકો મળે. પરિષદના સાહિત્ય પ્રચાર કાર્યને વધારે વેગ મળે એજ આ વિનતિનો હેતુ છે.

।। શ્રીહરિ: ।।

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૨ : અંક ૧-૨
એપ્રીલ-મે ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

ભુતલ ભાગ્યતણો નહી પાર

દૈવી જનોદ્ધારક અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ૫૦૬મા પ્રાકટય મહોત્સવનાં મંગલ વધામણા. શ્રીવલ્લભ પ્રભુની, શ્રીમદ્‌વલ્લભ કુલની અને શ્રી વલ્લભી સૃષ્ટીની અસીમ કૃપાથી "શ્રીવલ્લભ સુધા" દ્વિતિય વર્ષમાં પ્રવેશ કરે છે. આં. રા. પુ: વૈ. પરિષદના ધ્યેયોને અનુરૂપ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તોનું. સરળ, નિરૂપણ કરતુ સાહિત્ય પ્રકટ કરવાના અમોને મળેલા આદેશ અનુસાર સિદ્ધાન્ત ગ્રંથો તથા લેખો પર વિશેષભાર મુકવામાં આવે છે. ઉપરાંત સર્વજન ભોગ્ય, સરળ શૈલીના સાહિત્યનો પદ આદિનો તથા વિશિષ્ટ શૈલીના લેખાદિનો વિભાગ આ નવા વર્ષથી શરૂ થશે. પૂ. આચાર્યચરણો તથા આદરણીય વિદ્વાન ભગવદિઓને નમ્ર વિનતી છે કે "શ્રી વલ્લભ સુધા" દ્વારા વૈષ્ણવો લાભાન્વીત થાય તેવા પોતાના લેખ આદિ મોકલાવી પરિષદના સાહિત્ય, પ્રકાશન કાર્યને પુષ્ટિ આપે. વૈષ્ણવોના સહયોગથી, સેવા ભાવિ કાર્યકરોના હૃદય પુર્વકના પ્રયત્નોથી શ્રી વલ્લભ સુધાના વાચક વૃન્દમાં એકધારો ઉમેરો થતો રહે છે. તે વિશેષ વેગવાન બને અને એમ અમો વધુ વૈષ્ણવો સન્મુખ જઇ શકીએ એજ અંતરની અભીલાષા.

—સંપાદક વ્યવસ્થાપક મંડળ

卐

॥ શ્રી હરિઃ ॥

આપણી પરંપરા

લે. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજી

સેવાના વિષયમાં શ્રી ગુરુની પાસેથી બ્રહ્મસંબંધ લીધા પછી વૈષ્ણવનું એ કર્તવ્ય છે કે ભગવત્સેવા યથાશક્તિ કરે. આમ ચતુશ્લોકીમાં આચાર્યશ્રી ધર્મ પુરુષાર્થનું નિરુપણ બધી વ્યક્તિ માટે કરે છે. છતા જે સેવામાં સમર્થ નથી તેવા વૈષ્ણવોને આચાર્ય શ્રીવલ્લભ ગ્રંથાદિની સેવા અથવા વસ્ત્ર આદિની સેવા અને અન્ય પ્રકારો બતાવે છે.

આવી સેવા વૈષ્ણવના માથે પધરાવવાથી તેના કુટુમ્બની સેવા થઇ શકતી નથી. શ્રીપ્રભુને તો એક વ્યક્તિના માથે જ પધરાવવામાં આવે છે. પદ્મનાભદાસની પુત્રીને બીજુ સ્વરૂપ પધરાવ્યુ આ દાખલો આના માટે પૂરતો છે. જેમ મુખિયાજીને પણ દરોજ આજ્ઞા લેવી પડે છે તેમ કુટુમ્બીજનોને પણ આજ્ઞા લઇને સેવા અને ચરણસ્પર્શ કરવાનો અધિકાર મળે છે. આમાં આચાર્યની આજ્ઞા જ પ્રધાન છે જાતી કે અન્ય બાબત નથી.

શ્રીગુસાઇજી એ આર્તી કરી લીધી ત્યારે પુરૂષોત્તમજીની આજ્ઞાથી શ્રીગુસાંઇજીની ડોઢી કૃષ્ણદાસ અધિકારીએ બંધ કરી હતી તેમા આચાર્યની આજ્ઞા જ પ્રધાન હતી જો કુટુંબની સેવા હોત તો આવો બનાવ બનત નહીં. તેમજ વૈષ્ણવના માથે સેવા પધરાવ્યા પછી તેના દેહ વિલય પછી તે આચાર્યને ત્યાં પાછી પધરાવી દેવાય છે. આમા વંશાનુગત સેવા પણ આચાર્યના ઘરમા આચાર્યની આજ્ઞા પ્રમાણે જ થાય છે તેના વંશનાઓ પણ તેમની આજ્ઞા સિવાય સેવા કરી શકે નહીં માટે અન્યજનોને પધરાવેલા પ્રભુની પારિવારિક સેવા ન થઈ શકે. સેવા કરવી એ વ્યકિગત ભક્તોની ભાવના છે તેમા તેની જ ભાવનાના ભાવાત્મક સ્વરુપ તેને માથે બિરાજે છે. વૈભવની દૃષ્ટિથી આ પરમ્પરાનો ભંગ થઇ શકે નહી આ વાત સંભલવાળા દામોદરદાસની વાર્તાથી પ્રત્યક્ષ થાય છે અને આસુરી સંપત્તિનો ત્યાગ ગુરુ કરી શકે છે. આમ સંપત્તિની પાછળ દાનત બગડતા અને દેવલક વૃત્તિ બનતા સિદ્ધાન્તોની હાનિ ઘણા પ્રમાણમાં થઇ છે.

પતિ અને પત્નિ મળીને સેવા કરે તેની પણ આજ્ઞા લેવાની પ્રણાલિ છે. આટલું જ નહીં વેણીદાસ માધવદાસની વાર્તામાં વેશ્યામાં મન આસક્ત થતા તેમને તે વેશ્યા સાથે ભગવત્સેવા કરવાની આજ્ઞા આપી વાસનાથી મન બચે તેવો ઉપાય બતાવ્યો છે. જો આમ વ્યક્તિગત સ્વરુપ કુટુમ્બના હોય તો આનાથી ભજનમા કલેશ જ થાય છે. આમ જો આજે આચાર્ય આજ્ઞા કરે તો તેને લોભી કહી શકાય છે પણ નિસ્સાધનજનોના સ્વરુપ આચાર્યશ્રી પાસે પધાર્યા આટલું જ નહી. શેઠ પુરૂષોત્તમદાસના પણ સ્વરુપ આચાર્યને ત્યાં પધાર્યા હતા આ મર્યાદા છે માટે આનુ રક્ષણ નિસ્સાધન ભક્તિ માર્ગથી થઇ શકે છે અથવા સંપત્તિ મુક્ત પ્રભુને પધરાવી શકાય. આમ જો ન થાય તો અન્યથા બુદ્ધિ આવે

માટે જ લક્ષ્મીજીને શ્રી યમુનાજીમા પધરાવ્યા હતા. જો દૈવી ધન હોત તો આ વાત ન થઈ શકત. સમર્પણ અને દાનનો તફાવત બધા સ્થાનોમાં સ્પષ્ટ છે.

છતાં આજે ઘણા આચાર્ય બાળકો આ વાતનુ ચિન્તન અન્ય પ્રકારે કરે છે. આચાર્યની આજ્ઞા તેમના કુટુમ્બીજનો ને પણ લેવી યોગ્ય છે પણ અભિમાન થકી આવું કરતા નથી, તેનાથી સિદ્ધાન્ત ફરતો નથી.

જ્યારે સ્વાર્થના આધારે ધર્મ વિચાર કરાય ત્યારે અનવસ્થા આવે છે. શ્રીગુસાઇએ સ્વરુપોની વહેંચણી કરી તે આચાર્યશ્રીના સિદ્ધાન્ત પ્રમાણે વ્યકિતગત પધરાવી આપ્યા. તેમજ બેટીજીને પણ પ્રભુ પધરાવ્યા, પણ તેમની હયાતી બાદ તે આચાર્યપીઠમાં પાછા પધાર્યા હતા આ વાત સ્પષ્ટ છે. સેવા તો ગુરુના આદેશ પ્રમાણે જ થાય છે. તે નિરીક્ષક અને ધર્મના વ્યવસ્થાપક છે. પાછળથી આવી ભાવનામા ઘણી ઉણપ આવી અને દ્રવ્યની આસકિત વધી તેમા સિદ્ધાન્તો વિકૃત રીતે રજુ થયા. યોગ્યતાની પ્રાપ્તિ બળજબરીથી થતી નથી તે તો અનુગ્રહ સાધ્ય છે. અનુગ્રહ કોના ઉપર કેટલો કરવો આ વિવેક શ્રીહરિ અને શ્રીગુરુની વાત છે આ વાત વૈદિક સાહિત્યમાં પણ જોવા મળે છે. ગુરુ પોતાનું આપેલું જ્ઞાન પણ પાછું માગી લે છે અને શિષ્ય તેને આપી દે છે. બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્ણ જેવા એ ત્યાગી દીધો હતો. વૈશંપાયનને સૂર્ય નારાયણે વેદ ભણાવ્યો અને યજુર્વેદમાં તૈતરીય શાખા અલગ થઇ છે તે આનો દાખલો છે. શ્રીવલ્લભાચાર્ય ગૈદિક પરંપરાને માન્ય રાખી સર્વજનના ઉદ્ધાર માટે નિસ્સાધન ભક્તિમાર્ગનું પ્રવર્તન કરે છે. આ વેદ વિરોધી નથી પણ વેદને અક્ષરશઃ પ્રમાણ માનનારો **આમ** માર્ગ લોક વેદાતીત છે. આ વાત પણ વેદસિદ્ધ છે. **પરંપરાને ન માનનારા લોકો અનુગ્રહનો અવળો અર્થ કરે તો પણ સ્વાર્થની ગન્ધથી ગન્ધાતી વસ્તુ સિદ્ધાન્તની મકરન્દ આપી ન શકે.** આવા પ્રકારમા સ્વભાવ અને ઇન્દ્રિયાદિનો નિગ્રહ હોવોજ જોઇએ. વાસનાની કિંમત મળ થી વધારે નથી અને પ્રેમની કિંમત પ્રાણોથી પણ માપી ન શકાય તેવી છે. આ ભકતોની વાણી સ્પષ્ટ કરી આપે છે. આચાર્યશ્રી ના સિદ્ધાન્તને અનુસરી કીર્તનકારો આનુ ગુણગાન કરે છે. લીલાની વિવિધતા વિષમતામા ન પરિણમે તેની સાવચેતી આના થકીજ રાખી શકાય છે. આમ ન કરિયે તો ભાવના દુષ્ટ થઇ પતનનું કારણ બને છે.

સેવા મા પ્રભુસુખ છે અને આપણને ન મળે તો તાપ મનમા કરવો પણ ત્યા ક્લેશ કરવાની આજ્ઞા નથી. આમ ન હોય તો બ્રહ્મસંબંધ મા કલેશ આનંદ મા બદલાય નહી, આવી સામર્થ્ય લૌકિક કલેશ મા નથી. ઝગડા લૌકિકમા સંપત્તિ માટે થાય. સેવા માટે તો ત્યાગ અને તત્સુખની ભાવના હોવી જોઇએ. પદ્મનાભદાસજી એ આ વિનંતી તેથીજ કરી હતી કે માલ અરોગવા હોય તો ગુસાઇજીના ઘરે પધારો મારી પાસે તો છોલાજ છે તે જ અરોગાવી શકુ છુ. તેમજ મૂસા બિલાઇ વાળી ડોશીની વાર્તામા અનેકો ગૈષ્ણવો આમ દાવો કરતા કે અમે સારી સેવા કરી શકીએ છીએ અને આ ડોશી તો કષ્ટજ આપે છે પ્રભુને. તો પણ આચાર્યશ્રીએ તેનીજ પાસે

શ્રીહરિના સુખના દર્શન કર્યાં હતા. આમ કેવળ ધનથી જ સેવા અને પ્રભુ સુખ વિચારાતુ નથી.

સેવામા સાધનના ઉપયોગની વાત બીજી છે અને અને પ્રણાલીની અન્ય વાત છે. તે પરંપરા સાધન ઉપર આધારિત નથી. તેમજ અપરસનો વિવેક પણ વ્યવસ્થાના રુપે જોવા મળે છે પણ તેમા આચારની હાની નથી. સાધન અને આચાર આ બન્ને ભિન્ન છે. છતાં ત્યાં પણ પરંપરાનો નિર્વાહ થાય છે. આચાર મન અને શરીરની કેળવણી છે. જો ઘોડો કેળવેલો ન હોય તો સવારના ટાંટિયા તોડે તેમ શરીર અને ઇન્દ્રિયોની કેળવણી ન હોય તો શરીર સેવામા હાનિકર્તા તેમજ બાધક બને છે. રાક્ષસોનુ બળ સેવામા વપરાયું નોહતુ આતો દૈવી બળ છે. જે પ્રભુ થકી આવે છે ગુરુ તેના માટે અધિકારી બનાવી કેળવે છે. દેવતાઓની આરાધના પણ સેવાપયોગી બળ આપી ન શકે કેમકે તે વિભૂતિ છે અને સેવ્ય શ્રીકૃષ્ણ પરબ્રહ્મ સ્વતંત્ર છે. 'તેહ થકી પુરુષોત્તમ અળગા લીલા અચલ વિહાર' આ શ્રી ગોપાલદાસજીની વાણી છે. લીલા નિત્ય અને અચળ છે વાસના ચળ અને અનિત્ય છે. તેમજ લોકના આનંદની સીમા છે.

સીમિત આનંદ અને સીમિત સ્વાર્થ પાછળ તકરારો કરીને પરંપરા આચાર અને સિદ્ધાન્તોને અભેરાઇએ ચડાવીને વાસ્તવિકતાનું રક્ષણ નથી થતું. આવું થવાથી આમન્યા પણ જતી રહી અને કલેશ વધતા ધર્મ ચિન્તન અને આચરણમા અંતર આવ્યો. તેના પરિણામ સ્વરુપ પરંપરાનું સ્વરુપ ગૌણ બની ગયું અને તેના મનમાન્યા અર્થો કરવાની નીતિથી ધર્મનીતિ ઘવાઇ ગઈ. કાયદાશાસ્ત્રીયોની આધુનિક પ્રણાલિ મુજબ શાસ્ત્રનો અર્થ સાધારણ રીતે ન સમજતા તેમા ચક્રની જેમ સમજવાની વાત વહેતી થઇ. આજે તો શ્રીહરિ પ્રત્યે ભાવના નથી કેવળ ધન અને અધિકારની તકરાર છે તેમાં ધર્મ અને વ્યવસ્થા બહાનું બની જાય છે. આવા બાના મા સિદ્ધાન્ત સ્વાર્થ તરફ વળ્યા અને પરંપરાગત ચાલવાની સરણી સમાપ્ત થઇ.

શ્રી ગુસાઇજીએ પોતાના પુત્રોને ભગવત્સ્વરુપ સ્વધર્મ પાલન માટે પધરાવી આપ્યા હતા પણ બાળકૃષ્ણ જેવું ન્હાનું સ્વરુપ સારુ ન લાગ્યું તો તેને બદલવાની નાજ પાડી હતી. આમજ જે સ્વરુપ ગુરુ પાસેથી પધારે તેમા મન લગાડીને સેવા કરવી જોઇએ તેમા સારા નરસાની ભાવના અસ્થાને છે. આ બાબતમા આજે આચાર્ય બાળકોમા કલેશ છે પણ વસ્તુતઃ આ સારું ન કહેવાય. પીઠની સ્થાપના ભલે આચાર્યથી થઇ છે પણ તેમાં આવા કલેશો શોભે નહીં. એક બીજાને કાપવાની ભાવના તેઓનું ભૂષણ નથી. આવી વાતોથી પોતાની તરફેણમા પરંપરાને ખેંચવાના પ્રયાસો ધર્મની હાનિ કરશે અને કરી છે.

પરંપરાની પાછળ આચારસંહિતાનું સ્વરુપ નિહિત છે. આજે જે લોકો તેની

પૃષ્ઠ પ્રકાશન સહાયક :-

પ. ભ. શ્રીવીઠલદાસ કરસનદાસ સોની (રાજકોટ) ના સવિનય ભગવદ્ સ્મરણ

અવગણના કરે છે તેવા લોકો પણ તેનું અનુસરણ સ્વાર્થ માંટે કરતા હોય છે. વેદ વિરુદ્ધ પરમ્પરા આચાર્યોને માન્ય નથી અને વિવેકહીન પણ પરમ્પરામા ન હોય. આજે પણ કાયદામાં તેનો (કસ્ટમનો) વિચાર થાય છે અને વિવેકથી નિર્ણય કરવામાં આવે છે. આમ જો સાચી પરમ્પરાની સુરક્ષા થાય તો ધર્મનું ઉજ્જવળ સ્વરુપ સામે આવે. પોતામાં લાયકાત ન હોય અને પછી પરમ્પરાને વગોવવાનો કશો અર્થ જ નથી. સદાચારની અધિક હાનિ આવી વાતો થકી થઇ છે.

એક વ્યકિતના માથે બિરાજતા સ્વરુપ જ પુષ્ટિસ્થ સ્વરુપ છે અને તેમાં કુટુમ્બની સેવા શેઠો અને બીજાઓએ પોતાનો ધાર્મિક પ્રભાવ પાડવા કરી અને તેનાથી પ્રણાલી ઘવાઈ આમ સ્વાર્થની ખાતર ભકત બની આચાર્યને કુંન્ઠિત કરી આજ્ઞા તો મેળવી પણ તેમનાં કુટુમ્બમાં ભકિત આચાર પરમ્પરા તો શું સામાન્ય આચરણ પણ રહ્યું નથી. આમ પરમ્પરાનો ઉચ્છેદ કરતા સેવા અને સિદ્ધાંતોની સ્વાર્થ અને અભિમાનવશ હાનિ કરનાર વૈષ્ણવો કહેવાય, પણ તેમાં વૈષ્ણવતા આવે નહીં, તેમજ આચાર્યપીઠોને પણ આ વાત સમજવાની જરુર છે. રાજાઓ પણ વૈષ્ણવ હતા અને તેમણે સેવા કરી તો જીવન ઉજવળ બન્યું અને વૈભવમાં પ્રભુને મૂકયા ત્યારથી પતન થયું અને ગુરુને ત્યાં પ્રલોભનથી પાછા ન પધરાવ્યા તો સેવા અને અન્ય વસ્તુની હાનિ થઇ અને ધર્મને નાણા પાછળ વિકૃત બનાવ્યો તેના દાખલા રાજસ્થાનમાં સ્પષ્ટ જોઈ શકાય છે. રાણીઓ સેવા કરતી તેમને પણ અટકાવી તેના પરિણામો પણ રાજવશને ભોગવવા પડયા છે. આમ જ સાધારણ કક્ષાથી ઉપર ઉઠી ધનના આધારે પરમ્પરા બગડવાથી ઘણી ઉણપ આવી છે. મોટાઓને શું કહી શકાય તેમજ રાજા, વાજા અને વાંદરાઓને શું સમજાવી શકાય, આવી સ્થિતિ થતા પરમ્પરાની સાથે સંપ્રદાયની ક્ષતિ થઈ અને વૈષ્ણવ સમાજની સાધના પણ ભ્રષ્ટ બની. **સિદ્ધ અને સિદ્ધિના સરવરિયા મહાનદનું પૂર બની વાસ્તવિકતાને તાણી ગયા.**

જાત ઉપર કાબુ ન હોય તો ક્ષમ્ય છે અને તેના માટે તક અપાય પણ પાપને પુણ્યમાં ફેરવી શકાતું નથી. આજની સ્થિતિ આની પ્રત્યક્ષ સાક્ષિ છે. **મોટા આચાર્યોને પણ મેં પ્રાર્થના કરી તો તેઓ મત્સર કે અભિમાનમાં મારી આત્મીયતાને ન સમજી શકયા અને એવા ઉત્તરો આપવા લાગ્યા જેવા સર્વજ્ઞ ભગવાન પણ આપવાની હિંમ્મત કરી શકયા નહોતા.** આવી વાતોમાં સ્વાર્થ અને અધિકારની ગન્ધ હતી બીજુ કાંઈ નહોતું. આમ તેમાં પરમ્પરાનું રક્ષણ કરવાની ભાવના નહોતી પણ તેનું સ્વાર્થપુરક અર્થઘટન કરવાની ભાવના હતી. તિલકની પાછળ તકરાર કરીને ચરમ્પરાનો નાશ કરી હવે તેની વાત કરનારા આટલું પણ ન સમજ્યા કે પરમ્પરા પાછળ પણ નૈતિકતા અને ત્યાગ અપેક્ષિત છે. આમ જેવી રીતે સમતા લાવનારા આધુનિકો મનની વિષમતા દુર કરી શકયા નથી તેવું આમાં પણ અનુસરાયું છે અને આજે આચાર્ય પરમ્પરાનાં સ્વરુપને પણ સ્વાર્થ ખાતર વિકૃત બનાવવાના પ્રયાસો થઇ

રહ્યા છે. સમાજવાદ મા ચૌરી છોકરા પણ સાર્વજનિક હોવા જોઇએ તેવી માન્યતાને જેમ ફેશનના આધારે સ્વીકાર કરાવવાના કાવતરા અનાચારના સર્જક બન્યા છે તેમજ પરમ્પરાની વિકૃતિથી ધર્મનું રુપ ધુંધવાઈ રહ્યું છે. આવી પ્રભુની આરાધના હોય નહીં. આવું કરવા જતા પોતાનો જ વિનાશ કરશે. શેઠની પાઘડી કોણે ઉડાડી, એ કહેવત અહિંયા ચરિતાર્થ થાય છે. આચાર્યો પણ આચાર્યની સંસદને માન્ય રાખે તેવી સ્થિતિમાં નથી ત્યારે ''ગચ્છેદાચાર્ય સંસદિ'આ વેદ વાકયની સાર્થકતા કયાં થઈ શકે છે. આપણી કૃતિ ધર્મ કે પરમ્પરા વિરુદ્ધ હોય તો તેને સિદ્ધાન્ત અને પરમ્પરાનું સ્વરુપ આપવું નહીં પણ ક્ષતિ સ્વીકારી સુધારી લેવું જોઇએ આજ ધર્મનીતિ અને પરમ્પરાનો આગ્રહ છે. બીજા આમ કેમ કરે છે **આ જાતનો તર્ક નકામો છે.**

અર્થહીન તર્કના આધારે કોઇ નિશ્ચય કરી- શકાય નહીં. બીજા જો કાણા હોય તો તમે પણ શુકાચાર્ય બનો. સુરદાસ બની જાવ કે કુણાલ બનો તેનાથી પરમ્પરા વિકૃત થશે નહીં. જો આપણી આંખ ન ફોડી શકાય તો બીજાનું ખરાબ અનુસરણ કરવા તર્કના પ્રયોગો સ્વાર્થ સાધક હોય તો પણ નિષેધ છે.

મોરના ઇન્ડાને ચિતરવાની જરૂર હોતી નથી તેમજ પરમ્પરા તો સ્વતઃ ઉજજવળ રળિયામણી અને પ્રકૃતિની જેવી વ્યવસ્થિત છે. જેમ પૃથ્વી ધરી ઉપરથી ખસતી નથી તેમજ પરમ્પરા પણ પોતાની કક્ષામાં સ્થિર અને જીવનદાયક છે. આમ આચાર્યની પણ એક પરમ્પરા છે અને તેનુ સ્વરૂપ છે તેની પણ રક્ષા કરવની જરુર છે. ધર્મ ના ન્યાય મા કરુણા હોય પણ અન્યાયને સ્થાન નથી. તેમજ પરમ્પરાનો સબન્ધ છે. આજના વૈષ્ણવો કહેવાતા પ્રાણિયો તેનુ વાસ્તવિક સ્વરુપ સાચવી શકે અને આચાર્યો તેના અનુરુપ નિર્દેશ આપે તેવી આવશ્યકતા છે. મિથ્યા વહેવારથી ગુરુભકિત અને ધર્માચરણ થતુ નથી. ભગવદ્ ભકિત તો ઘણી દુર છે. સમ્પદા પાછળ ધર્મ વિક્રય કરવાની જરાય જરુર નથી, જાત સ્વાર્થ માટે પરમ્પરાને વિકૃત કરવી તે પાપ છે યથા શકય ધર્માચરણની વ્યવસ્થા અપાય પણ પરમ્પરા બદલાય નહીં ભલે પ્રેક્ટિસમા બીજુ હોય તો તે પશ્ચિમ જગતને છાજે ધર્મ વિરુધ્ધ પ્રેકટીસ પણ ચાલતી હોય છતાં અપ્રામાણિક છે. જેમ ચોરીની પ્રેકટીસને પ્રેમાણ અને પરમ્પરાના પ્રકારે સ્વીકારાય નહીં. તેવીજ આમા પણ સ્થિતિ છે.

સેવામા સદાચારની પરમ્પરા છે અને તેનાજ આધીન રહી સેવાનુ સુખ પ્રાપ્ત કરી શકાય. ઘણા વૈષ્ણવો આચાર્ય થવા જતા પોતાની સિધ્ધાર્થમાં સ્વરુપ પણ ભુલી ગયા. અસમર્થતાને અનન્યાશ્રયનુ રુપ અપાયું વસ્તુત આ મનનો વિષય છે. મહાપુરુષોએ તો હીન વ્યકિતને પણ આદર આપી મહાન બનાવ્યા અને આ મહાન પરમ્પરાને હીન બનાવવા ઉતાર્યા અને અવતર્યા હોય તેવુ લાગે છે. માટે મનોનિગ્રહ કરી શાન્તચિત્તથી સ્વધર્મ વિચાર પરમ્પરના વિવેકથી કરવો જોઇએ. સેવા પ્રકારમા પણ આ મર્યાદા સચવાઈ છે. પ્રભુ સેવાની યોગ્યતા જોઇએ આમા લૌકિક

અધિકાર જેવી કલ્પના ન કરી શકાય. તેમજ આચાર્યોથી દેવલક વૃત્તિ ન થાય. આચાર્ય અર્ચક કે પુજારી અથવા શેવાયત્ત નથી પણ આચાર્ય છે અને ધર્મનો વ્યવસ્થાપક તેમજ સ્થાપક છે. જેમ યજ્ઞ મા ઋત્વિજ, હોતા, ઉદ્‌ગાતા અને અધ્વર્યુ આચાર્યની દેખરેખ મા કામ કરે છે અને યજન થાય છે તેમજ સેવકોનું વરણ અને વ્યવસ્થા આ યજ્ઞ ના અંગ છે. આમા રાઈટ અને માઈટનો પ્રશ્ન ઉભો થતો નથી. સમ્બન્ધના માટે પણ ત્યાગ કરવાની જરુર હોય છે તો અલૌકિક બ્રહ્મ સમ્બન્ધમા કેવી ભાવના જોઇએ તે સમજવુ જોઇએ. વ્યકિતગત સંપદા લોકમા અલૌકિકની રક્ષા માટે છે અને જો તેનાથી લોક અલૌકિકમા બાધક હોય તો તેનો ત્યાગ ઉચિત છે આજે સંપત્તિમા આ ત્યાગ સંભવે નહી માટે નારકીય પીડા ભોગવવી પડે છે. અનિતિના આશ્રય કરતા પ્રભુનો અને ધર્મનો આશ્રય વધુ પ્રશંસનીય છે. આના થકી જ કલ્યાણ થશે. પ્રણાલી મા પરિવર્તન પણ પરમ્પરાને વિચારીનેજ કરવા જોઇએ નહીંતર સ્વરુપ હાનિ થશે. તેમજ સેવા મા વિક્ષેપ થશે અને તેના પરિણામો માઠા આવશે તે નકકી છે.

સંપદા અને પ્રભુનુ સ્વરુપ સંકળાયેલ નથી. આ બન્ને ભિન્નવાત છે તે વાર્તાના દાખલાથી સિધ્ધ થાય છે. આ વાર્તાસાહિત્ય પણ સિધ્ધાન્ત થકી જ પ્રામાણિક છે. મૂળ સિધ્ધાન્તો વિના વિજ્ઞાન અથવા કોઇપણ સંસારની થિયરી કે શાસ્ત્રો હોતા નથી. તેવું ન હોય તો તે પ્રણાલીજ અલગ થઇ જાય છે. માટે પરમ્પરાની વ્યવસ્થા મૂળ સિધ્ધાન્તોની સાચવણી માટે છે. આચાર્ય પરમ્પરા મા પિતા પુત્ર મોટાઓનો આદર તથા આચાર રક્ષણ ન થાય તો તેના માટે અન્ય સ્થાન કયાં રહી જાય છે?

કહેવાતા વૈષ્ણવો આજ્ઞાકારી સ્વાર્થ પૂરતા હોય છે અને તેમાં ધર્મનો ઉદય થતો નથી. આભાસ માત્ર દેખાય છે. શ્રી વલ્લભાચાર્ય જેવા ગુરુ મળતા પણ આ લોકો નેતરના ઝાડની જેમ ફળતા કે ફુલતા નથી. સાક્ષાત્કારની વાતો કરતા હોય પણ તેનું પરિણામ જોવાતુ નથી. આમ એક ક્ષણનો ઝટકો પણ શકિતનો સહન નથી કરી શકતા અને સહનશકિત લોકમા નથી તો પ્રભુ દર્શન પછી સહન કરવાની શકિત કેમ આવે? આના માટે કાળજી રાખી પ્રયત્ન કરવા જોઇએ તો જ પ્રભુકૃપાથી સિધ્ધી થાય. ચીવટ વિના કાંઇ શીખાય નહીં અને આવડે પણ નહીં.

આચાર્ય બાળકો અને વૈષ્ણવોને આ તરફ લક્ષ્ય આપવુ જોઇએ. ધન હાનિ એ હાની નથી પણ આચાર અને પરમ્પરાની હાની સર્વનાશક થશે. ભગવાનના વાકયો વિચારવા અને બને તેટલા આચરવા યોગ્ય છે 'યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટી ન શોચતિ ન કાંક્ષતિ શુભાશુભ પરિત્યાગી ભકિતમાન સમે પ્રિય' આ વાત પુષ્ટિ માર્ગની સેવા અને પરમ્પરામા સમાએલી છે. આજના કલહ પ્રિય યુગ મા આનુ અનુસરણ કરતા ભકિત કરવી જોઇએ. અમુક આચાર્યો આમ કહેતા હોય છે કે અમને કોણે બનાવ્યા? તો તેને ભગવાને બનાવ્યા અને ધર્મ સ્થાપન તથા પાલન માટે

બનાવ્યા છે. માટે તેનુ નિષ્કપટ ભાવનાથી રક્ષણ કરો. આ પ્રકાર ઉત્તમ અને હિતકર છે. તેમજ વૈષ્ણવોએ પણ સમજવુ જોઇએ. તેમની સૃષ્ટિ પણ સેવાર્થ જ છે. યુધ્ધાર્થ નથી. આજના કહેવાતા સેવકો સ્વામીથી પણ વધુ નિકૃષ્ટ સ્વામી બનવાની ભાવનાથી ગ્રહણ થકી ગ્રસ્ત છે.

આ પરિસ્થિતિથી છુટવાનો પ્રયાસ કરવાની આપણી પવિત્ર ફરજ છે. શરીરની પરમ્પરાને પ્રકૃતિ જાળવી રાખવાના પુરતા પ્રયાસો કરે છે તો માનવ દેહ ટકી રહે છે. આમ ન હોત તો શરીર મા ઘણા અયોગ્ય ફેરફારો થઈ ગયા હોત તેથી પરમ્પરાનો યથાર્થ વિચાર કરી યથા શક્ય તેનો આગ્રહ રાખવો.

* * *

"શ્રી વલ્લભસુધા" ના ગ્રાહકોને નમ્ર વિનંતી

૧. આ વર્ષથી જુના સાધારણ ગ્રાહકોનો ગ્રા. નં. બદલાયેલ છે. પ્રથમઅંકના રેપર પર લખેલ નવો ગ્રાહક નંબર નોંધી લેશો. આજીવન ગ્રાહકોના નંબર પૂર્વવત રાખેલ છે.

૨. આપનું સરનામું બદલાય તો કાર્યાલયને તુરત જાણ કરો.

૩. લવાજમ મોકલતી વખતે જુના ગ્રાહક નંબર અવશ્ય લખો નવા ગ્રાહક બનનારે 'નવા ગ્રાહક' એમ લખવું.

૪. તમામ પત્ર વ્યવહારમાં તથા લવાજમ મોકલતી વખતે પોતાનો ગ્રાહક નંબર તથા પુરુ શરનામું અવશ્ય લખવું.

૫. શ્રી વલ્લભ સુધાનો આપના મિત્રો સ્નેહીઓ માં પ્રચાર કરી સ્વધર્મ જાગરણના કાર્યમાં સહભાગી બનો.

શ્રીવલ્લભ સુધા વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧૦/-
આજીવન લવાજમ રૂ. ૧૫૧/-

આપના તરફથી વાર્ષિક કે આજીવન લવાજમની રકમ ભર્યેથી પૂ. આચાર્યશ્રીઓને આપના દંડવત નિવેદન સહિત અંક મોકવાની યોજનામાં જોડાઈ દર મહિને પૂ. આચાર્યચરણો સન્મુખ દંડવત પહોચાડો.

"શ્રી વલ્લભ સુધા" આપણી પરિષદનું માસિક પત્ર છે.

આપણે બધા પરિષદ દ્વારા સંગઠીત બની વૈષ્ણવતાના ઉચ્ચ આદર્શોને જીવનમાં ઉતારીએ.

આ માસમાં આવતા ઉત્સવ

તા. ૮–૫–૮૩ ચૈત્ર વદ ૧૧ રવિવાર.
વરૂથિની એકાદશી, શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૩૫)
શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫).
ગો. શ્રી વ્રજપ્રિયજીબાવા (બોરીવલી) નો પ્રાકટયદિન.

કુંભનદાસજી – મહાનુભાવ અષ્ટસખા પૈકીના ભગવદ્‌ભકતકવિ લીલામાં અર્જુન સખા અને વિશાખા સખી શ્રી ગિરિરાજજીના આઠ દ્વારો પૈકી આન્યોર સન્મુખ જમનાવતા દ્વારના સેવાના મુખીયા જન્મ સંવત ૧૫૨૫ના ચૈત્ર વદ ૧૧ ના રોજ જમુનાવતા ગામમાં ગોરવા ક્ષત્રિયને ઘેર થયો હતો. શ્રીમદ્‌આચાર્ય ચરણની યાત્રા સમયમાં સંવત ૧૫૬૬ આસપાસ બ્રહ્મસંબંધની દીક્ષા લઇ શ્રી મહાપ્રભુજીના સેવક થયા અને શ્રી નાથજીની કીર્તન સેવા કરતાં. અષ્ટછાપના કવિઓમાં એમનું સ્થાન બીજું હતું. સંવત ૧૬૪૦ ની સાલ સુધી લગભગ એકસો તેર વર્ષની ઉમરે અન્યોર ગામ પાસે સંકર્ષણ કુંડ ઉપર દેહ છોડી લીલામાં પ્રાપ્ત થયા.

તા. ૯–૫–૮૩ ચૈત્ર વદ ૧૨ સોમવાર
ગો. શ્રી વલ્લભકુમારજી બાવા (કોટા)નો પ્રાકટય દિન.
તા. ૧૧–૫–૮૩ ચૈત્ર વદ ૧૪ બુધવાર.
ગો. શ્રી યશોદાનંદજી બાવા (બોરીવલી)નો પ્રાકટયદિન.
તા. ૧૩–૫–૮૩ વૈશાખ સુદ ૧ શુક્રવાર વસંતઋતુ પૂરી થઇ.
તા. ૧૫–૫–૮૩ વૈશાખ સુદ ૩ રવિવાર.

અક્ષય તૃતીયા, ચંદન યાત્રા, જલકુંભદાન, ત્રેતાયુગાદિ મન્વાદિ કલ્પાદિ તિથિ. શ્રી પરશુરામ જયંતિ, ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી.

અક્ષય તૃતીયાથી ચંદનયાત્રા શરૂ થાય છે. ભકત પોતાને ઘેર પ્રભુને પધરાવી – યુગલ સ્વરૂપ પધરાવી પોતાની વિરહઅગ્નિ પ્રભુને નિવેદન કરી અનેક પ્રકારની શીતલ સામગ્રી, ચંદન, અરગજા, કેસર, બરાસ, ગુલાબ વગેરે સુગંધી, અત્તર ફૂલેલ આદિ શીતલ વસ્તુ અંગીકાર કરી શીતલતા અનુભવે છે.

રાગ – બિહાગ

અક્ષય ભાગ્ય સુહાગ રાધેકો, અક્ષય પ્રીતમકો દિન રતિયાં,
ચંદન પૂજ પ્રીતમ સુખ દીજે, રીઝ રીઝ યહ કહું બતિયાં. ૧
અક્ષય સુજશ કહાં લો ભાખોં, પાર ન પાવત શેષમુખ જતિયાં,
છૂટયો માન સહજ **'પરમાનંદ'**, શુભદિન નીકો અક્ષય તૃતિયા. ૨

તા. ૧૬–૫–૮૩ વૈશાખ સુદ ૪ સોમવાર.

ગો. શ્રી પીતાંબરજી મહારાજ (કાંકરોલી)નો પ્રાકટય દિન.

તા. ૧૭–૫–૮૩ વૈશાખ સુદ ૫ મંગળવાર.

શ્રી સૂરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫)

શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧)

દોહા

માટલીયે માખન લીયે, નૂપુર બાજત પાય,
નૃત્યત નટવર લાલસું, મુદિત જશોદા માય.

શ્રી સુરદાસજી મહાનુભાવી અષ્ટ સખા પૈકીના પ્રથમ ભગવદ્ ભકતકવિ લીલામાં કૃષ્ણ સખા અને ચંપકલતા સખી, શ્રી ગિરિરાજજીના આઠ દ્વારો પૈકી ગોવિંદકુંડના દ્વારના સેવાના મુખિયા છે.

ઉત્તર પ્રદેશમાં દિલ્હી પાસે ચારકોસ દૂર સીહીં નામના ગામડામાં રામદાસ નામના એક સારસ્વત બ્રાહ્મણને ત્યાં સં. ૧૫૩૫ના વૈશાખ સુદ ૫ ને મંગળવારે શ્રી સૂરદાસજીનો જન્મ થયો હતો. તેઓ જન્માંધ હતા.

સંવત ૧૫૬૬ ના ચૈત્ર વદ ૧૧ ના રોજ પૃથ્વિ પરિક્રમા કરતાં કરતાં શ્રી મહાપ્રભુજી ગૌઘાટ નજીક પધાર્યા. તે વખતે સૂરદાસજી શિષ્ય મંડલી સાથે શરણે આવ્યા. દશમ સ્કંધની અનુક્રમણિકાનું શ્રવણ શ્રી મહાપ્રભુજીએ કરાવતાં પ્રેમલક્ષણા ભકિત સિદ્ધ થઇ, અને શ્રીનાથજીના કીર્તનની મુખ્ય સેવા સૂરદાસજીને સોંપી. શ્રી મહાપ્રભુજીના શબ્દોમાં તેઓ **'સાગર'** અને શ્રી ગુંસાઇજીના શબ્દોમાં પુષ્ટિમાર્ગના **'જહાજ'** રૂપ હતા.

સંવત ૧૬૪૦ માં પરાસોલી – ચંદ્રસરોવર પર દેહ છોડી નિત્ય લીલામાં પ્રાપ્ત થયાં.

વધાઇ

પ્રગટે ભકત શિરોમનિ રાય,
માધવ સુકલા પંચમી ઉપર, છઠ્ઠ અધિક સુખદાય. ૧
સંવત પંદ્રહ પૈંતિસ વર્ષે, કૃષ્ણ સખા પ્રકટાય,
કરિ હૈ લીલા ફેરી અધિક સુખમાન મનોરથ થાય. ૨
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ શ્રીજી રૂપ એક દરસાય,
'રસિકદાસ' માન આસ પૂરન હૈ, સૂરદાસ ભુવ આય. ૩

તા. ૧૮–૫–૮૩ વૈશાખ સુદ ૬ બુધવાર.

ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (માંડવી–કચ્છ)નો પ્રાકટય દિન.

તા. ૧૯–૫–૮૩ વૈશાખ સુદ ૭ ગુરુવાર. રામરાજ્ય, શ્રી જાનકીજીનો જન્મદિન, શ્રી સ્વામિનીજીનો વિવાહોત્સવ, ગંગા સપ્તમી.

ગો. શ્રી હરિરાય બાવા (પોરબંદર)નો પ્રાકટયદિન.

તા. ૨૧-૫-૮૩ વૈશાખ સુદ ૧૦ શનિવાર.

ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજ (માંડવી કચ્છ)નો પ્રાકટ્ય દિન.

તથા નિ. લી. ગો. શ્રી કૃષ્ણજીવનજી મહારાજ (મુંબઇ)નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૨૨-૫-૮૩ વૈશાખ સુદ ૧૧ રવિવાર.

મોહીની એકાદશી વ્રત. નિ. લી. ગો. શ્રી મટુજી મહારાજ-ગિરિરાજનો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૨૪-૫-૮૩ વૈશાખ સુદ ૧૩ મંગળવાર.

ગો. શ્રી રાજીવ લોચન બાવા (બોરીવલી)નો પ્રાકટ્ય દિન.

તા. ૨૫-૫-૮૩ વૈશાખ સુદ ૧૪ બુધવાર.

ગો. શ્રી રણછોડલાલબાવા તથા ગો. શ્રી રસિકરાય બાવા (માંડવી-કચ્છ)નો પ્રાકટ્ય દિન

શ્રી નૃસિંહ જયંતિ વ્રત.

વૈશાખ સ્નાન સમાપ્ત. ગો. શ્રી માધવરાયજી મહારાજ (મુંબઇ)નો પ્રાકટ્ય દિન.

તા. ૨૮-૫-૮૩ વૈશાખ વદ ૨ શનિવાર.

શ્રી દાઉજી મહારાજકૃત ચાર સ્વરૂપોત્સવ.

તા. ૧-૬-૮૩ વૈશાખ વદ ૫ બુધવાર.

ગો. શ્રી રણછોડલાલજી મહારાજ (પ્રથમેશજી) કોટાનો પ્રાકટ્ય દિન.

તા. ૩-૬-૮૩ વૈશાખ વદ ૭ શુક્રવાર.

ગો. શ્રી શરદકુમાર બાવા (મથુરા-પોરબંદર)નો પ્રાકટ્ય દિન.

તા. ૬-૬-૮૩ વૈશાખ વદ ૧૦ સોમવાર.

ગો. શ્રી ચંદ્રગોપાલ બાવા (મથુરા-પોરબંદર)નો પ્રાકટ્યદિન.

તા ૭-૬-૮૩ વૈશાખ વદ ૧૧ મંગળવાર

અપરા એકાદશી વ્રત નિ. લી. ગો. શ્રીદેવકીનંદનજી મહારાજ-ઇન્દોરનો પ્રાકટ્ય ઉત્સવ

તા ૮-૬-૮૩ વૈશાખ વદ ૧૨ બુધવાર ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજ-મથુરાનો પ્રાકટ્યદિન તથા નિ. લી. ગો. શ્રી દીક્ષિતજી (વિઠ્ઠલનાથજી) મહારાજ-મુંબઇનો પ્રાકટ્ય ઉત્સવ

તા. ૯-૬-૮૩ વૈશાખ વદ ૧૩ ગુરૂવાર ગો. શ્રી વ્રજાભરણ બાવા (કાંકરોલી)નો પ્રાકટ્યદિન

તા. ૧૦-૬-૮૩ વૈશાખ વદ ૧૪ શુક્રવાર ગો. શ્રી વ્રજાધીશજી મહારાજ-મુંબઇનો પ્રાકટ્યદિન તથા નિ. લી. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ-પોરબંદરનો પ્રાકટ્ય ઉત્સવ

તા. ૧૧-૬-૮૩ વૈશાખ વદ અમાસ શનિવાર નિ. લી. ગો. શ્રી વાગીશલાલજી મહારાજ-મુંબઇનો પ્રાકટ્ય ઉત્સવ.

❖

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**
શુદ્ધાદ્વૈત વિશારદ

(ગતાંકથી ચાલુ)

યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્યદ્યથા યદા ।
સ્યાદિદં ભગવાન્ સાક્ષાત્યપ્રધાન પુરૂષેશ્વર ॥

અર્થાત્ જે અધિકરણમાં (આધારમાં) જેના દ્વારા, જે હેતુથી, જે પ્રયોજન વાસ્તે, જે જે પ્રકારથી જે જે વખતે જે જે કંઇ આ ભૂત, ભવિષ્ય અને વર્તમાન પદાર્થ જાત છે અર્થાત્ નીકળે છે તે બધાં જ પ્રધાન (પ્રકૃતિ) અને પુરૂષ જીવાત્મા બન્નેનો સ્વામી પરમાત્મા જ છે એમ જાણો માટે આવા પ્રકારનું વ્યુચ્ચરણ યુકત જ છે, અલૌકિક આનંદના તિરોભાવ તથા પરિચ્છેદની પછી તથા અવિદ્યા–સંબંધ થવાની પહેલાં આ આત્માનો શુદ્ધ જીવ એવો વ્યપદેશ રહે છે, ત્યાર પછી તે છ ભગવદ્ ગુણોનો તિરોભાવ થઇ જવાથી આ જીવને બંધ તથા વિપર્યય (વિપરીત જ્ઞાન) થાય છે.

કિંચિદાશંક્ય પરિહરતી–નનુ જીવાય ભગવાન્ સૃષ્ટિ કરોતિ પ્રદર્શયતિ ચ સ્વરથ સર્વલીલામ્ અશંશ્વાયં કથમસ્ય દુઃખત્વિમિત્યાશંક્ય પરિહરતિ તુ શબ્દઃ । અસ્ય જીવસ્યૈશ્વર્યાદિ તિરોહિતં તત્ર હેતુઃ પરાભિધ્યાનાત્ પરસ્ય ભગવતા અભિધ્યાન સ્વસ્યૈતસ્ય ચ સર્વતો ભોગેચ્છા તસ્માત્ । ઈશ્વરેચ્છયા ભગવદ્ધર્મ તિરોભાવઃ । ઐશ્વર્યાદિતિરોભાવાદીનત્વમ્ ઇત્યાદિ । શ્રીમદ્ વલ્લભાચાર્યચરણાઃ અણુભા. (૩.૨.૫) આજ આશયને સ્પષ્ટ રીતે પરાભિધ્યાનાતુ તિરોહિતં તતો હ્યસ્ય બન્ધવિપર્યયૌ આ બ્રહ્મ શૂત્રના ભાષ્યમાં ગૈશ્વાનરાવાર શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ પ્રબોધે છે.

આ સૂત્રમાં પહેલાં આવો પૂર્વપક્ષ કર્યો છે, કે એ ઠીક જ છે જે જીવને માટે ભગવાને આ સૃષ્ટિ કરી છે, અને તેને પોતાની લીલાનું પ્રદર્શન કરાવે છે, પરંતુ જીવ તો ભગવાનનો અંશ છે તો પછી એને દુઃખાદિ થાય જ કયાંથી ? તો એનો ઉત્તર એ છે કે ભગવાનના અભિધ્યાનથી અર્થાત્ જીવની અને આપની રમણેચ્છાથી જીવમાં ઐશ્વર્યાદિ તિરોભૂત થાય છે, અને તેથી જ જીવને બંધ તથા વિપરીતજ્ઞાન થાય છે.

કહેવાનો મતલબ એ જ કે ભગવાનની રમણેચ્છા પણ ઉચ્ચ નીચભાવ થયા વગર સિદ્ધ થતી નથી અને તે ઊચનીચં ભાવ પણ ભગવત્ સ્વરૂપનો જ થયો. આ અન્યથાનુપપત્તિથી માનવું પડશે. કારણ કે 'સદેવ સૌમ્યેદમગ્ર આસીત્' 'એકમેવાઅદ્વિતીયં બ્રહ્મ' વિગેરે શ્રુતિઓમાં એવું કહ્યું છે કે સૃષ્ટિની પૂર્વમાં એક અદ્વિતીય બ્રહ્મની સિવાય બીજું કોઇ પણ હતું નહિ અહીં શ્રુતિમાં 'અગ્રે આસીત્' આ બે પદોથી એ પણ કહી શકતા નથી કે સૃષ્ટિની પૂર્વમા કાલ તો હશે ?' કારણ કે અગર પૂર્વમાં કાલસત્તા માની જાય તો એક જ અદ્વિતીય આ સજાતીય, વિજાતીય તથા સ્વગતદ્વૈતનિવારક ત્રણે પદો વ્યર્થ જશે. આમ્ર વૃક્ષની, નીંબવૃક્ષની સાથે જે ભિન્નતા તે સજાતીય દ્વૈત્ કહેવાય છે. વૃક્ષ અને શીલાનો જે પરસ્પર ભેદ છે તે વિજાતીય દ્વૈત કહેવાય છે અને પુષ્પથી ફળનો અથવા એક શાખાથી બીજી શાખાનો જે ભેદ તે સ્વગત દ્વૈત કહેવાય છે. શ્રુતિના 'એકં એવ અદ્વિતીયમ્' આ ત્રણે પદો સૃષ્ટિની પહેલા સજાતીય, વિજાતીય અને સ્વગત દ્વૈત (ભેદ)નો નિષેધ કરી રહ્યાં છે, માટે સૃષ્ટિની પહેલાં કાલાદિક કોઇ પણ પદાર્થ નહિ હતા, પરંતુ એક બ્રહ્મ જ હતું. 'અગ્રે' આ સમયસૂચક શબ્દ તો કેવલ સૃષ્ટિકાલીન શિષ્યને પુરાવૃત્ત સમજાવવા ખાતર જ છે.

'એકાકી ન રમતે સ દ્વિતીયમૈચ્છત્' 'સદેવ સામ્યેદમગ્ર આસીત્' 'એકમેવાઅદ્વિતીયં બ્રહ્મ 'તદૈક્ષત બહુસ્યાં પ્રજાયેય' ઇત્યાદિ શ્રુતિઓથી એ માલૂમ પડે છે કે "એક બ્રહ્મ જ સ્વેચ્છાથી નાના પ્રકારે જગદ્રૂપે થયું." અહીં નાના થવામાં ઇચ્છા જ કારણ છે. બહુસ્યાં પ્રજાયેય' આ બે પદોથી જ્ઞાત થાય છે કે બ્રહ્મ પ્રથમ સ્વરૂપથી અનેક પ્રકારે થયું અને પછી જનનગત્ ઉચ્ચનીચ ભાવથી અનેક પ્રકારે થવાની જ આ પ્રક્રિયા છે, જ્યારે સર્વભવન-સમર્થ એક બ્રહ્મ બહુભવનની ઇચ્છા કરે છે ત્યારે ઇચ્છારૂપ પણ પોતે જ થાય છે. અર્થાત્ ધર્મીરૂપ તે બ્રહ્મ ઇચ્છારૂપ નિજધર્મથી પરિણામને પામે છે.

અહીં એવો પ્રશ્ન થઈ આવે છે કે ધર્મરૂપ પરિણામ થવામાં જ્યારે કંઇ કારણ નથી તો સર્વદા ધર્મરૂપ પરિણામ થતો જ રહેવો જોઇએ. કદાપિ વિરામ ન થવો જોઇએ. તો એનો ઉત્તર એ છે કે સદા ધર્મરૂપે પરિણામ કરી રાખવા માટે કારણભૂત કાલ તે વખતે નથી અને જ્યારે કાલ પેદા થયો તો તે કાલ જ ધર્મરૂપ પરિણામ થવામાં પ્રતિબંધક (અટકાવનારો) પણ થઇ જાય છે. અર્થાત્ બ્રહ્મ જ્યાં સુધી ધર્મરૂપે થવાની ઇચ્છા કરે છે. ત્યાં સુધી તે પ્રમાણે થતું રહે છે; અને પછી તેવી ઇચ્છા બંધ પડવાથી ધર્મરૂપ ભવનનો વિરામ પણ થઇ શકે છે.

કાલશ્ચ શ્રુતાવિચ્છાદિ વિશેષણત્વેનોકત ઇતીચ્છાદિભિઃ તદૈવાવિર્ભવતિ સદૈવ તિરોભવતિ નાઅપિ સર્વે નિમેષા જજ્ઞીરે વિદ્યુતઃ પુરૂષાદધીતિ શ્રુત્યા તસ્ય પાશ્ચાત્યત્વં શકયમ્ ।

(ક્રમશઃ)

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

(લેખાંક ચોથો)

અનુવાદક : **પ.ભ. મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ) કોવિદ

શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।
તાન્ સમીક્ષ્ય સ કૌંતેય:
સર્વાન્ બંધૂનવસ્થિતાન્ ॥૨૭॥

અને વળી બંને સેનાઓમાં સસરાઓને અને મિત્રોને પણ તેણે જોયા. તે કુંતીપુત્ર અર્જુન તે ઊભા રહેલા સર્વે બંધુઓને જોઇને–॥૨૭॥

કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।
અર્જુન ઉવાચ–
દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥૨૮॥

પરમ કૃપાથી યુક્ત, ખેદ પામતો, આ પ્રમાણે બોલ્યો:– અર્જુને કહ્યું, હે શ્રીકૃષ્ણ, યુદ્ધ કરવાની ઈચ્છાવાળા, સામે ઊભેલા આ સ્વજનોને જોઇને–॥૨૮॥

સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥૨૯॥

મારાં અંગો ઢીલાં થઇ જાય છે અને મુખ ચોતરફથી (બાહ્ય અને આંતરિક રીતે) સુકાઇ જાય છે, તથા મને શરીરમાં કંપારી અને રોમાંચ થાય છે. ॥૨૯॥

સુહૃદ એટલે મિત્રોને, તેમની બાજુએ રહીને પોતાનું શ્રેય વિચારનારાઓને (જોયા,) તેઓને જોઇને શું કર્યું ? તેના જવાબમાં "તાન્ સમીક્ષ્ય" શબ્દોથી કહે છે :– તેઓને જોઇને ખેદયુક્ત થયેલા કુંતીપુત્ર અર્જુને પહેલાં આ પ્રમાણે કહેવાનું હતું તે કહ્યું. અરે, ક્ષત્રિયોને યુદ્ધનો ઉત્સવ જોઇને ઉત્સાહ થાય તે જ ઉચિત છે, છતાં અર્જુનને કેમ વિષાદ ઉત્પન્ન થયો ? તેના જવાબમાં 'કૃપયા પરયાવિષ્ટ:' શબ્દોથી કહે છે. પ્રાણી માત્ર પ્રત્યે ભક્તિરૂપ કૃપાથી યુક્ત જે જુએ તે રૂપથી (ભક્તિરૂપ કૃપાયુક્ત થવાથી). અરે, એમ હોય તો તે રાજ્ય ચલાવવાની અયોગ્ય રીતિ છે અને તેથી લોકરક્ષા ન થાય. તેમાંય તે કૃપા મને ક્યાંથી થઇ ? તેના જવાબમાં 'બંધૂન્' શબ્દથી કહે છે: તેઓ પણ પોતાના ભાઈઓ સગાઓ–મિત્રો છે, અને રાજ્યનું રક્ષણ કરવાને સમર્થ છે. અને પોતે તો (અર્જુન તો) એક માત્ર ભગવાનનાં ચરણોમાં નિતાંત સંલગ્ન છે, એવો અર્જુન 'દૃષ્ટ્વેમમ્' શબ્દોથી કહે છે :–

હે શ્રીકૃષ્ણ, આ યુદ્ધની કામનાવાળાં, યોગ્ય પ્રકારે સમીપ ઊભા રહેલા, પાછા નહિ હઠનારા સ્વજનોને જોઈને મારાં બધાં અંગો ભાંગી પડે છે, મુખ ચોતરથી (બાહ્ય અને આંતરિક રીતે) સુકાઈ જાય છે. અને ધ્રૂજારી

છૂટે છે. એ બધું થાય છે અને હું ઊભો રહેવાને પણ શકિતમાન નથી, એવો ભાવ છે. ॥ ૨૭, ૨૮, ૨૯ ॥

ગાંડીવં સ્રંસતે હસ્તાત્ત્વક્ ચૈવ પરિદહ્યતે ।
ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥૩૦॥

હાથમાંથી ગાંડીવ સરી જાય છે અને વળી ચામડી બળી જાય છે. સ્થિર ઊભા રહેવાને પણ હું શકિતમાન નથી. વળી મારું મન જાણે કે ભમતું હોય એમ લાગે છે. ॥૩૦॥

નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।
ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે॥૩૧॥

હે કેશવ, ભવિષ્ય સૂચક શકુનોને પણ હું ઊલટાં જોઉં છું. યુદ્ધમાં સ્વજનોને હણીને પછી શ્રેય થવાનું પણ હું જોતો નથી. ॥૩૧॥

વળી હે કેશવ, દુષ્ટ ગુણોથી ભરપૂર તેવા બંનેને ય મોક્ષદાયક છે, છતાં ભવિષ્ય સૂચક શકુનોને હું ઊલટાં જોઉં છું, હું અસમર્થ છું. યુદ્ધ કરીને રાજ્ય કરનારા એવા તે સર્વે માનવોને હું જોઉં છું. ભગવદીયોને એ અનુચિત છે, એવો ભાવ છે. તેથી 'ન ચ' એવા શબ્દોથી કહે છે કે, સ્વજનોને સંગ્રામમાં મારીને પછી શ્રેય થવાનું હું જોતો નથી. શ્રેયને એટલે ભગવાનની કૃપારૂપ ભકિતને. આથી જ ભગવાને કહ્યું છે કે, તેથી મારી ભક્તિમાં જોડાયેલા યોગીને કે જેઓ ખરેખર મારા આત્મસ્વરૂપ છે તેમને જ્ઞાન અને વૈરાગ્ય પણ બહુ શ્રેયસ્કર નહિ થાય. ॥૩૦॥૩૧॥

ન કાંક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।
કિં નો રાજ્યેન ગોવિંદ કિં ભોગૈર્જીવિતેન વા ॥૩૨॥

હે શ્રીકૃષ્ણ, હું વિજયને ઇચ્છતો નથી, રાજ્યને અને સુખોને પણ નહિ. હે ગોવિંદ, અમોને રાજ્યથી શો લાભ? અથવા ભોગોથી કે જીવિતથી પણ શો લાભ? ॥૩૨॥

તેઓના વિના વિજયને અને રાજ્યને હું ઇચ્છતો નથી. અને તેનાથી થતાં સુખોને પણ, 'ચ' કારથી ભકિતમાં પણ સુખોને ચાહતો નથી. કારણ કે ભગવાનના સંતોષનું કારણ તો તાપ જ છે, એવો ભાવ છે. ફરીને વિસ્તારથી તેવા પ્રકારને આકાંક્ષાના અભાવને 'કિં નો રાજ્યેન' એ શબ્દોથી દર્શાવે છે :–

અમોને રાજ્યથી શું? અથવા ભોગોથી શું? અથવા જીવિતથી પણ શું? હે ગોવિંદ, આપના વિના આ બધાંથી અમોને કાંઇ પણ પ્રયોજન નથી, એવો ભાવ છે.

હે ગોવિંદ, એવા સંબોધનથી જેવી રીતે વ્રજવાસીઓના ઇંદ્ર થઇને આપે સુખનો આસ્વાદ કરાવ્યો તેવી જ રીતે ભકતોને ઉચિત સુખનો આસ્વાદ કરાવનાર આપ થાઓ, એવો ભાવ જણાવાયો છે. ॥૩૨॥

યેષામર્થે કાંક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।
ત ઇમેઽવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યકત્વા ધનાનિ ચ ॥૩૩॥

કેટલીક વ્યાવહારીક અસુવિધા નિવારવા તથા અગાઉ અંકો મહીનાની આખરે પ્રસિદ્ધ થતા તેને બદલે મહીનાના પ્રારંભે પ્રસિદ્ધ કરવા માટે આ અંક એપ્રિલ-મે નો સંયુકત અંક તરીકે પ્રકટ કરેલ છે.

– વ્યવસ્થાપક

✓

જેઓને માટે અમોએ રાજ્યને ઈચ્છયું છે, ભોગો અને સુખોને ઇચ્છેલાં છે, આ તેઓ પ્રાણોને અને મૂલ્યવાન સંપત્તિઓને છોડીને યુદ્ધમાં ઊભા રહેલા છે. ।।૩૩।।

અરે, તારી એકની ઇચ્છા નથી, તોપણ પોતાનાં સંબંધીઓ બધાયને માટે, શત્રુઓને મારીને રાજ્યને પોતાનું કરો, એવી શંકા કરીને જવાબમાં 'યેષામર્થે' વગેરે શબ્દોથી કહે છે :–

જેઓને માટે અમે રાજ્યની આકાંક્ષા કરી, ભોગ અને સુખો ઇચ્છયાં, આ તેઓ બધા પ્રાણોને અને મૂલ્યવાન સંપત્તિઓને ત્યાગીને સંગ્રામમાં મરવાને માટે ખડા થયેલા છે, એમ અર્થ છે. તેથી તેઓને મારવામાં અમોને લૌકિક સિદ્ધિ પણ મળવાની નથી એવો ભાવ છે. ।।૩૩।।

આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ ।
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સંબંધિનસ્તથા ।।૩૪।।

આચાર્યો, પિતૃવર્ગ–પૂર્વપુરૂષો, પુત્રો અને તેવી જ રીતે દાદાઓ, મામાઓ, સસરાઓ, પૌત્રો, સાળાઓ અને સંબંધીઓ ।।૩૪।।

તેઓ બધાને નામ આપીને 'આચાર્યાઃ' વગેરે શબ્દોથી ગણાવે છે. આ કે જેઓ રાજ્યના ભોગો ભોગવવાને માટે નિયુક્ત કરેલા છે, તેઓ તો અહીં મરવાને માટે ઉપસ્થિત થયા છે. તેઓને મારી નાખ્યા પછી પોતાના સંબંધથી પર હોવાથી (પોતાનું અનપેક્ષિતપણું હોવાથી) તેઓને રાજ્યના ભોગો અને રાજ્યના સુખો સાથે કાંઇ પણ પ્રયોજન રહેશે નહિ, એમ અર્થ છે. ।।૩૪।।

એતાન્ન હંતુમિચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન ।
અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિં નુ મહીકૃતે ।।૩૫।।

હે મધુસૂદન, આ હણનારાઓને પણ હું ત્રિલોકના રાજ્યના હેતુથી પણ હણવાને ઇચ્છતો નથી, તો પછી પૃથ્વીને માટે કેમ ઇચ્છું ? ।।૩૫।।

અરે, તારા સંબંધીઓ પણ, જેઓ યુદ્ધને માટે ઉપસ્થિત છે, તેઓને તું નહિ મારે તો તેઓ જ તને મારશે, એમ હોય તો 'એતાન્' વગેરે શબ્દોથી કહે છે :–

હે મધુસૂદન, મને મારી નાખે તો પણ હું તેઓને હણવાને ઇચ્છતો નથી. હે મધુસૂદન, એવા સંબોધનથી, આપની સહાયવાળા એવા મને મારવાને આ લોકો સમર્થ જ નથી, એમ જણાવાયું છે. ત્રણે લોકના રાજ્યના હેતુથી પણ તે પ્રમાણે કરવાને હું ઇચ્છતો નથી, તો પછી પૃથ્વીને માટે તો તે પ્રમાણે કેમ કરુ ? ।।૩૫।।

(ક્રમશઃ)

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
ગો. વા. બ્રહ્મક્ષત્રિય તુલસીદાસ ઓધવજી મેર
હસ્તે ગં. સ્વ. શ્યામકુંવર તુલસીદાસ મેર
ના સદૈન્ય ભગવદ્ સ્મરણ

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

બાલબોધ

(લેખાંક પહેલો)

અનુવાદક :- **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

[ગતાંકમાં શ્રીયમુનાષ્ટક ઉપર પૂ. પા. શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ રચિત વિવૃતિ અને તેના પરના પુ. પા. શ્રી હરિરાયજી અને પુ. પા. શ્રી પુરૂષોતમજી મહારાજના ટિપ્પણના ગુજરાતી ભાષાંતર પુરા થયા હવે ષોડશ ગ્રંથમાંના બીજા ગ્રંથ 'બાલ બોધ: ઉપરના પુ. પા. શ્રી દેવકીનંદજીના 'પ્રકાશનો' પ્રારંભ કરતાં પહેલાં પુ. પા. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી દ્વારા સંપાદિત મૂળ સંસ્કૃત બાલ બોધ: ટીકા સહીત પુસ્તકના પ્રારંભે પુ. પા. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીએ લખેલ ગ્રંથ પરિચયનું ગુજરાતી ભાષાંતર અત્રે આપેલ છે. સંપાદક]

એક કિંવદંતી અનુસાર 'બાલબોધ' ગ્રંથની રચના શ્રી મહાપ્રભુજીએ વિ. સં. ૧૫૫૦માં પુષ્કરરાજમાં કરેલી હતી. ચોરાશી વૈષ્ણવોની વાર્તા ૫૭મી ના ભાવપ્રકાશ પ્રમાણે આ 'બાલબોધ'નો ઉપદેશ અંબાલાના નારાયણદાસ કાયસ્થને સ્વયં શ્રી મહાપ્રભુજીએ દ્વારકામાં કરેલો હતો.

નારાયણદાસના પિતા સરકારી કાર્યાલયમાં નોકરી કરતા હતા. વીશ વર્ષની ઉંમરે નારાયણદાસને જુગાર રમવાની લત લાગી અને તે કારણે ઘર છોડીને તેમને ભાગી જવું પડયું ભટકતાં ભટકતાં તેઓ દક્ષિણમાં પહોંચ્યા અને ત્યાં કોઇક ઠેકાણે તેમણે વિદ્યા પ્રાપ્ત કરી અને બજારમાં બાળકોને ભણાવવા માટે એક શાળા શરૂ કરી. બાળક વિદ્યાર્થીઓને શિક્ષા કરવાનું અને શિક્ષણ આપવાનું બંને કાર્ય તેઓ ઘણી જ કઠોરતાથી કરતા હતા. શ્રી મહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસે ટોકવા છતાં એકવાર કોઇ બાલક વિદ્યાર્થીને એટલો બધો માર્યો કે તે બેહોશ બની ગયો અને ત્યારે તેને પોતાની કઠોરતાનો ખ્યાલ આવ્યો. ભાગીને સીધા કૃષ્ણદાસની પાસે આવ્યા અને તેમની મારફત શ્રીમહાપ્રભુજીની સંમુખ ઉપસ્થિત થયા. શ્રીમહાપ્રભુજીના પ્રતાપથી ત્યારે તે બાળક અને નારાયણદાસ બેય સ્વસ્થ થઇ ગયા. દીક્ષિત થયા પછી તેઓ દક્ષિણથી દ્વારકા સુધી યાત્રામાં શ્રીમહાપ્રભુજીની સાથે રહ્યા. દ્વારકામાં જ્યારે તેમને ઘેર પાછા ફરવાની આજ્ઞા કરવામાં આવી ત્યારે સ્વધર્મને છેવટ સુધી નિભાવવાની તેમની ચિંતાનું નિવારણ શ્રીમહાપ્રભુજીએ એમ કહીને કર્યું કે, "તોંસો સ્વરૂપ સેવા નિબહેત્રી નાહીં પરાઇ ચાકરી કરની. ઘરમેં કોઇ સેવક નાહીં. તાતેં હસ્તાક્ષર લિખ દેત હોં, સામગ્રી જો બને સો ભોગ ધરિકે મહાપ્રસાદ લીજિયો." ગદ્યમંત્ર તથા અષ્ટાક્ષર સેવાર્થે લખીને પધરાવી દીધા. "મહારાજ, ઇતને દિન આપકે પાસ રહ્યો, પરંતુ મેરે અંતઃકરણમેં બોધ ન ભયો. સો એસી કૃપા કરો જો સંસારકો દુઃખસુખ કછુ મોકોં બાધ ન કરે, અરુ ચિત્ત ઠાકોરજીકે ચરણારવિંદમેં લગ્યો રહે." એવી નારાયણદાસની વિનતિથી શ્રીમહાપ્રભુજીએ પોતાનું

ચરણામૃત આપ્યું અને તેમને આ બાલબોધ ગ્રંથનો ઉપદેશ કર્યો.

બાલબોધમાં સર્વ સિદ્ધાંતોના સંગ્રહ રૂપે નિરૂપણ છે, પરંતુ સ્વસિદ્ધાંતનું નિરૂપણ નથી. ભિન્ન ભિન્ન સિદ્ધાંતોના સાધનનું તેમ જ ફળોનું એક વાર બરાબર જ્ઞાન થઈ જવાથી પુષ્ટિજીવને અન્ય માર્ગો ઉપર ભટકવાનો ભય રહેતો નથી. બધાં જ મોક્ષશાસ્ત્ર સાંસારિક દુઃખ દૂર કરવાના રૂપમાં અથવા તો ફરીને પારલૌકિક સુખની પ્રાપ્તિના રૂપમાં મોક્ષનું પ્રતિપાદન કરે છે. આ સંસારમાં રહીને પણ ભગવત્સેવા અને / અથવા ભગવત્કથા દ્વારા ભજનાનંદની પ્રાપ્તિ એ જ પુષ્ટિજીવને માટે મોક્ષ છે. તેમ હોવા છતાં તે અહીં કહેવા ધાર્યું નથી. તેનું નિરૂપણ ચતુઃશ્લોકીમાં કરવામાં આવશે.

આમ તો મનુષ્યના મનમાં અગણિત કામનાઓ એટલે કે મહત્ત્વાકાંક્ષાઓ ભરપૂર રહેલી હોય છે, તેમ છતાં ચાર પુરુષાર્થના રૂપમાં તેનું વર્ગીકરણ કરેલું છે :– (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ અને (૪) મોક્ષ. સ્થૂળ અર્થમાં તેને ક્રમપૂર્વક (૧) કર્તવ્ય, (૨) સંપદા, (૩) પ્રેય અને (૪) શ્રેય કહી શકાય. જીવનમાં જોવામાં આવતી દરેક પ્રકારની કામનાઓનો આ ચાર પુરુષાર્થમાં સમાવેશ થઈ જાય છે. તેના વાસ્તવિક સહજ તેમ જ શુભ સ્વરૂપની જિજ્ઞાસાનું સમાધાન અલૌકિક એવા વેદ આદિ શાસ્ત્રોમાં પણ મળે છે, તેમ જ જુદા જુદા ઋષિઓ દ્વારા પ્રણીત આર્ષશાસ્ત્રોમાં પણ તેનું સમાધાન મળે છે.

પ્રસ્તુત બાલબોધ ગ્રંથમાં વૈદિક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનું નિરૂપણ કરવાનું ઇચ્છયું નથી. તેનું તો સર્વનિર્ણયમાં જ સ્પષ્ટતાથી કથન થઇ ગયેલું છે. આર્ષ અથવા લૌકિક શાસ્ત્ર કે જેમાં ત્રિવર્ગ–ધર્મ, અર્થ કે કામ એ ત્રણ પુરુષાર્થનું નિરૂપણ થઇ ગયું છે. અહીં એ શાસ્ત્રોનું વિવેચન પણ કહેવા ધાર્યું નથી. અહીં તો માત્ર જુદા જુદા ઋષિઓ દ્વારા પોતપોતાની રીતે કહેવાયેલ મોક્ષશાસ્ત્ર અને તેમાં પ્રતિપાદન કરવા યોગ્ય મોક્ષના સ્વરૂપની બાબતમાં જ મહાપ્રભુજી પોતાને જે અભીષ્ટ છે તે પ્રકટ કરવા ઇચ્છે છે.

મોક્ષનું નિરૂપણ કરનારા ભિન્ન ભિન્ન ઋષિઓ દ્વારા પોતપોતાની રીતે કહેવાયેલાં શાસ્ત્રોમાં ચાર શાસ્ત્ર મુખ્ય છે. અન્ય શાસ્ત્રોનો કાં તો તેમાં સમાવેશ થઇ જવાનું સમજવું જોઈએ અથવા તો સૈદ્ધાંતિક રીતે તેની ઉપેક્ષા કરવા યોગ્ય જ છે, એમ સમજવું જોઈએ.

મોક્ષપ્રતિપાદક ઋષિઓએ કહેલાં ચાર શાસ્ત્રો : (૧) ત્યાગથી સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનાર સાંખ્યશાસ્ત્ર, (૨) અત્યાગથી સ્વતોમોક્ષનું પ્રતિપાદન યોગશાસ્ત્ર, (૩) શિવજીની ભક્તિ અથવા શરણાગતિથી પરતોમોક્ષનું પ્રતિપાદન કરનાર શૈવતંત્ર, (૪) વિષ્ણુની ભકિત અથવા શરણાગતિથી પ્રતિપાદન કરનાર વૈષ્ણવતંત્ર.

(૧) બાહ્યત્યાગ દ્વારા સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનાર સાંખ્યશાસ્ત્ર અનુસાર અહંતા–મમતાનો સર્વથા નાશ થઈ ગયા બાદ જીવાત્માનું પોતાના સ્વરૂપમાં સ્થિર થઇ જવું, તેને જ મોક્ષ માનેલ છે. તે તે સમયે ભિન્ન ભિન્ન ઋષિઓએ સાંખ્ય શાસ્ત્રનું

વર્ણન અનેક પ્રકારની પ્રક્રિયાઓના આધારે કહેલ છે, તેમ છતાં મોક્ષપ્રાપ્તિનો ઉપાય અને સ્વરૂપની બાબતમાં મોટે ભાગે એકવાકયતા છે.

શ્રીમહાપ્રભુજી અનુસાર, સાંખ્યશાસ્ત્રીય પ્રણાલીનું જે રૂપ માન્ય વેદ વગેરે શાસ્ત્રોમાં વર્ણવાયેલ છે, તે પ્રમાણે સાધનનું અનુષ્ઠાન કરવાથી જ તેમાં વર્ણવાયેલ પ્રકારની મોક્ષપ્રાપ્તિ સાંખ્યથી મળી શકે છે, બીજી રીતે નહિ.

(૨) ચિત્તવૃત્તિ–નિરોધની યૌગિક પ્રણાલીથી સ્વતોમોક્ષનું પ્રતિપાદન કરનારાં યોગશાસ્ત્રો પ્રમાણે યમ-નિયમ-આસન–પ્રાણાયામ–પ્રત્યાહાર–ધ્યાન–ધારણા–સમાધિની બાહ્ય તથા આંતરિક યોગ્ય ઉપાયોથી અનાત્મરૂપ વિષયોમાં ભટકતી ચિત્તવૃત્તિના નિરોધની જેટલી આવશ્યકતા છે તેટલી આવશ્યકતા વિષયોના બાહ્ય ત્યાગની નથી. ચિત્તવૃત્તિનો નિરોધ થઈ જતાં જ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઇ શકે છે એટલે કે મુક્ત થઈ શકે છે.

શ્રીમહાપ્રભુજી અનુસાર, આ યોગશાસ્ત્રીય ઉપાયોનું નિરૂપણ માન્ય વેદ વગેરે શાસ્ત્રોમાં પણ મળે છે, આથી તે પ્રમાણે અનુષ્ઠાન કરવાથી જ મોક્ષપ્રાપ્તિની સંભાવના છે. વૈદિક પ્રણાલીથી વિપરીત વર્તન હોય તો આત્માની સ્વરૂપમાં સ્થિતિ થવી શકય નથી.

(૩) પરતોમોક્ષવાદી પાશુપતાદિ શૈવતંત્રો અનુસાર સાધના કરવાથી શિવજી દ્વારા પણ મુકિત મળી શકે છે.

શ્રી મહાપ્રભુજી અનુસાર, એટલા માટે કે, સર્વાત્મક નિર્દોષ ગુણપૂર્ણ બ્રહ્મ જ અથર્વશિખા આદિ નિયનિષદો પ્રમાણે જગત્સંહારક શિવજીનું રૂપ ધારણ કરે છે. આથી શિવજી મુકિતદાતા છે, તેમાં શંકાને સ્થાન નથી. તો પણ શિવજીરૂપે સ્વયં ભગવાન જ મુકિતના આનંદને માણવાની લીલા કરે છે. આથી શિવજી દ્વારા પોતાને ભોગવવા યોગ્ય મુકિત કરતાં ભોગની પ્રાપ્તિ સુલભ માનેલી છે. અને પોતાને અતિ પ્રિય કોઇક જીવને જ શિવજી મુકિતદાન કરે છે. આવા અસાધારણ પ્રેમપાત્ર તેઓ જ થઇ શકે છે કે જેઓ પૂર્ણતાથી શિવજી પ્રતિ સમર્પિત થઈ ચૂકયા હોય છે. આ કારણે શિવજીની ભકિત કે શરણાગતિની સાથે તેઓ વર્ણાશ્રમને યોગ્ય સ્વધર્મની ઉપેક્ષા નથી કરતા તેઓને જ શિવજીથી મોક્ષ મળે છે.

(૪) પરતોમોક્ષવાદી પાંચરાત્ર વૈષ્ણવતંત્ર અનુસાર સાધના કરવાથી વિષ્ણુ દ્વારા મોક્ષ મળી શકે છે.

શ્રી મહાપ્રભુજી અનુસાર, એટલા માટે કે, સર્વાત્મક નિર્દોષ ગુણપૂર્ણ બ્રહ્મ જ મહાનારાયણ આદિ ઉપનિષદો અનુસાર જગત્પાલક વિષ્ણુનું રૂપ ધારણ કરે છે. વિષ્ણુના રૂપમાં ભગવાન સ્વયં અલૌકિક દિવ્ય ભોગો ભોગવવાની લીલા કરે છે. આ કારણે વિષ્ણુ દ્વારા તેમને પોતાને ભોગવવાના ભોગ કરતાં મોક્ષની પ્રાપ્તિ સુલભ મનાય છે. વિષ્ણુ પોતાને અતિ પ્રિય કોઈક ભકતને જ ભોગનું દાન કરે છે. આવા અસાધારણ પ્રેમપાત્ર થવું તે પૂર્ણપણે વિષ્ણુ પ્રતિ સમર્પિત થવાથી જ શકય છે. આથી વિષ્ણુની ભકિત અથવા શરણાગતિની સાથે જેઓ વર્ણાશ્રમને યોગ્ય સ્વધર્મની ઉપેક્ષા નથી કરતા તેઓને વિષ્ણુથી મુકિત મળી શકે છે.

સ્વતો મોક્ષના પ્રકારમાં સાંસારિક દુઃખો તો દૂર થાય છે. પરંતુ પારલૌકિક સુખની શકયતા નથી, જો કે પરતોમોક્ષના પ્રકારમાં તેની શકયતા છે.

એ પ્રમાણે બ્રહ્મા–વિષ્ણુની ત્રિપુટીમાં શિવ અને વિષ્ણુ ભોગ–મોક્ષ બંનેના દાનમાં સમર્થ હોવા છતાં અધિકાંશે શિવજી ભોગના દાતા બને છે અને વિષ્ણુ મોક્ષના દાતા થાય છે. બ્રહ્માજી કેવળ ભોગના દાતા છે. મોક્ષના નહિ. આથી મોક્ષદાતા એવા સ્વરૂપે બ્રહ્માજીનું ભજન વ્યર્થ છે; પરંતુ મોક્ષ–શાસ્ત્રના ઉપદેશક ગુરુના રૂપે પણ મોક્ષદાતા મનાય છે.

આ સમસ્ત મોક્ષશાસ્ત્રના સિદ્ધાંતોના સંગ્રહરૂપે નિરૂપણ છે. તેને જાણવાથી પુષ્ટિજીવને પરિપૂર્ણ રીતે પુષ્ટિમાર્ગીય બનવામાં અથવા બની રહેવામાં સહાયતા મળે છે. સ્વસિદ્ધાંતનું નિરૂપણ તો આગળ જતાં સિદ્ધાંત મુકતાવલીમાં કરવામાં આવશે. નારાયણદાસ અંબાલાવાલાને શ્રીમહાપ્રભુજીએ આજ સર્વ સિદ્ધાત સંગ્રહ ઉપદેશ્યો હતો, જેથી તેમનું ચિત્ત પુષ્ટિના પ્રશંસનીય માર્ગને છોડીને કયાંક જ્યાં ત્યાં ન ભટકે. વાર્તામાં ઉલ્લેખ મળે છે કે, પોતાને ઘેર પાછા ફર્યા બાદ કામકાજમાં પરોવાઇ ગયા પછી પણ તેમનું ચિત્ત ગોકુલ અને શ્રીમહાપ્રભુજી તરફ સદાય ધસ્યું રહેતું હતું. “ભૈયાજી, શ્રીગોકુલ શ્રીઆચાર્યજીકે દરસનકો કબ ચલોગે ?’, ત્યારે નારાયણદાસ કહેતા–“હાં, અબ ચલૂંગો !” નેત્રમાં જલ ભરીને લીલારસમાં મગ્ન થઇ જતા. ફરીથી તે ચાકર કહેતો–‘કબ શ્રીગોકુલ ચલોગે ? ફરીને મગ્ન થઇ જતા.

શ્રીમહાપ્રભુજીએ બાલપ્રબોધન દ્વારા નારાયણદાસને કેટલા બધા સ્વકીય, કેટલા બધાં પુષ્ટિ માર્ગીય બનાવી દીધા હશે ! આથી જ શ્રીમહાપ્રભુજીએ “બીજ” રૂપે પુષ્ટિના રહસ્યોને અહીં અવતારી શ્રીકૃષ્ણના સંદર્ભમાં નહિ આપતાં તેઓના ગુણાવતાર શિવ અને વિષ્ણુના સંદર્ભમાં ‘સૂચિત’ કરેલ છે

સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રૂવમ્ ।
અતદીયતયા ચાડપિ કેવલેશ્ચેત્સમાશ્રિતઃ ॥
તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિંચિત્સ માચરેત્ ।
સ્વધર્મમનુતિષ્ઠન્વૈ ભારદ્વૈ ગુણ્યમન્યથા ॥
ઇત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ॥
(બાલબોધ ૧૮–૧૯)

“આત્મ સમર્પથી જ તેમના હોવાનું નિશ્ચિત થાય છે. અને (આત્મ સમર્પણ વિના) અતદીયપણાથી પણ તેમનો માત્ર આશ્રિત થવાય છે. તેમનો આશ્રય અને તેમના હોવાની બુદ્ધિથી સ્વધર્મનું પાલન કરતાં કરતાં કંઈક આચવું જોઇએ, નહિ તો બમણો બોજો થશે. એ પ્રમાણે બધું કહ્યું. તેનું જ્ઞાન થતાં ફરીને ભ્રમ થશે નહિ.

નારાયણદાસને સ્વરૂપ સેવાની આજ્ઞા મળી નહિ. તેમ જ સ્વસિદ્ધાંતનો ઉપદેશ પણ મળ્યો નહિ. પરંતુ સ્વરૂપ સેવાના અનુકલ્પ તરીકે એટલે કે મુખ્ય ધાર્મિક વિધિ કરવાના અભાવે ગૌણ વિધિ કરવા માટેના ગુરુના આદેશરૂપ શ્રી હસ્તાક્ષરની સેવાનો ઉલ્લેખ આપણને મળે છે, કે નહિ માત્ર સ્વસિદ્ધાંતનો ઉપદેશ, અને આથી જ ‘બાલબોધ’

દ્વારા સર્વ સિદ્ધાંત સંગ્રહ ઉપદેશાયો છે. તેમ છતાં સ્વકીયતા–સાર–સર્વસ્વ ચિર ઉત્કંઠા અને તાપભાવનું તેમને વરદાન મળ્યું–'ભૈયાજી શ્રીગોકુલ શ્રી આચાર્યજી કે દરસનકો કબ ચલોગે ?" અબ ચલૂંગો ! નેત્રનમેં જલ ભરિ લીલારસમેં મગન હોય જાતે." બાલબોધ વસ્તુતઃ શ્રીમહાપ્રભુજી, તેઓશ્રીના સિદ્ધાંત અને માર્ગ પ્રતિ પ્રયાણ કરવાની તીવ્ર ઉત્કંઠા જગાવે છે "સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રૂવમ્ । ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ"

પ્રસ્તુત સંસ્કરણ વિ. સં. ૧૯૮૩ માં પ્રકાશિત ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે. શ્રીમદ્ ગોસ્વામી–કુલભૂષણ–વિદ્યાનિધિ શ્રી વ્રજરત્નલાલજી મહારાજે શ્રી ચીમનલાલ હ. શાસ્ત્રી દ્વારા સંપાદિત કરાવીને પોતાની શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત–મહાસભા (સુરત) દ્વારા તેને પ્રકાશિત કરાયેલ હતું. તે સંસ્કરણના પુનઃ પ્રકાશન પર આદરણીય મહારાજશ્રી તથા શ્રી શાસ્ત્રીજી પ્રતિ અમે અમારી કૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ. ઇતિ શમ્ ।

–પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી

* * *

રાગ–કાન્હરો

શ્રી વલ્લભ મધુરાતે ભરે;
સદા વસો મમ યહ જીવન ધન, સબ દિનસોં જુ કહત હોં પરે. ૧
મધુર વચન, ઉર, મધુર નેન યુગ. મધુર વદન પલક કિયાં તે;
મધુર માલા તિલક મધુર અતિ, મધુર નાસિકા કહિય ન જાતે, ૨
મધુર અમૃત રસ, મધુર છબિ, મધુર દોઉ અરુન કપોલ;
શ્રવણ મધુર કુમુદકી ઝલકન, મધુર મકર માનો કરત કલોલ. ૩
મધુર કટાક્ષ કૃપા રસ પૂરણ, મધુર મનોહર વચન રસાલ;
મધુર ઉગાર દેત દાસન કોં, મધુર બિરાજત મુખ ભદ્ર હાસ. ૪
મધુર કંઠ આભૂષણ ભૂષણ, મધુર ઉર સ્થલ રૂપ સમાજ;
અતિ વિશાલ જાનુ અવલંબિત, મધુર બાહુ પરિરંભન કાજ. ૫
મધુર વક્ર દૃષ્ટિ, મધુર જંઘ ગુણ, મધુર ચરણ ગતિ સબ સુખ રામ;
મધુર ચરણ રેણુ નિરંતર, જનમ જનમ મોં ગતિ '**હરિદાસ**' ૬

[શ્રી હરિરાયજી]

॥ શ્રી હરિ ॥

શ્રી પુષ્ટિ પંચમ યુગ પંચક

લેખક : **પ. ભ. શ્રી ગોપીલાલજી મુખીઆ અવદિચ્ય**
(ઉપનામ "ગોવિંદ, શુદ્ધાદ્વૈત કોવિદ)
પ્રેષક : **પ. ભ. શ્રી જેઠાલાલ ચુનીલાલ શાહ જતીપુરા**

[શ્રીમદ્‌વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાકટ્ય મહોત્સવના ઉપલક્ષ્યમાં આ પુષ્ટિ પંચમ યુગ પંચક ગ્રંથ મુળ હિંદીમાં છે તેનો અનુવાદ ભાવાર્થ ગુજરાતીમાં રજુ થાય છે તેથી બહુજન સમુદાયને લાભ મળશે
—સંપાદક]

"વલ્લભ વિઠ્ઠલ નમન કર દામોદર ગુરુરાય,
પંચમ યુગ પંચક લિખત પુષ્ટિ ભકત મન ભાય.

ગો. શ્રી હરિરાયજીએ ૩૬ માં શિક્ષા પત્રના પાંચમા શ્લોકમાં શ્રી વલ્લભાચાર્યજીને પંચમ યુગ પ્રવર્તક માન્યા છે.

મૂલમ્-યુગાન્તરે તથૈવાયં પંચમત્વેન ગણ્યતે [શિ. ૩૬ શ્લો. ૫]

આ યુગ, યુગાન્તરમાં પંચમપણાથી ગણવામાં આવે છે. આ વાકયના ટીકાકાર ગો. શ્રી ગોપેશ્વરજી મહારાજ લખે છે કે, યુગાન્તરમાં જે સતયુગ, ત્રેતા યુગ, દ્વાપર યુગ અને કલિયુગ આ ચાર યુગમાં આ વર્તમાન કલિયુગ પંચમ છે, તેથી ઉત્તમોત્તમ છે. આ ચાર યુગમાં નથી–કારણ કે આ યુગમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી પૂર્ણ પુરુષોત્તમનું પ્રાગટ્ય છે. (જિજ્ઞાસુજન 'શ્રુતિ રહસ્ય' ગ્રંથ જુવે. શ્રીમદ્ વલ્લભાચાર્ય વર્યનું પુરુષોત્તામત્વનું પ્રમાણ એ ગ્રંથમાં વિસ્તૃત છે.) આવો કલિયુગ કયારેય નથી થયો અને ન આગળ થશે. તેથી આ યુગ બીજાથી ન્યારો છે અર્થાત્ પંચમ યુગ છે.

એક ધોળમાં ઉલ્લેખ છે કે.

"વ્રજની લીલા પ્રગટ કરી કલિકાલમાં, આગળ પાછળ નહિ આ સુખ નિરધાર જો;
આ અવતાર તણાં ફળ દુર્લભ દેવને."

બીજા એક ધોળમાં ઉલ્લેખ છે કે :

"આ અઠળક અવતારમાં, અળગાં તે અભાગી, દ્રઢ આશરો જેને નાથ શું, તે તો સદાય સુહાગી.

આ લીલા આગે નવ સુણી, હવે પાછળ ન હોશે, અખંડ લીલા કલિકાલમાં બડભાગી રે જોશે."

મૂલ પુરૂષમાં ઉલ્લેખ છે કે :

"ફેરકે જબ વ્રજ પધારેં, પાંચ સેવક સંગ હૈ."

૧ દામોદરદાસ હરસાની. ૨ માધ્વ ભટ્ટ કાશ્મીરી, ૩ કૃષ્ણદા સમેધન. પ્રભુદાસ જલોટા. ૫ વાસુદેવદાસ છકડા.

ભક્ત કવિ વિષ્ણુદાસજી એક પદમાં દર્શાવે છે કે

"જયતિ સુક બચન શ્રુતિ ભજન તાકો સાર, નિજ વદન વિસ્તાર કરિ કૃષ્ણ જાપી,
અભય દીનો લેખ હરિદાસ વર્ય ભેખ, **'વિષ્ણુદાસ' પંચ બરન છાપ છાપી....**"

પંચમ યુગાચાર્યનાં પાંચ લક્ષણ ગુણ શ્રી ગુસાંઇજીએ સપ્ત શ્લોકી ગ્રંથમાં નિરૂપણ કર્યા છે.

"ક્વચિત્ પાંડિત્યંચેન્‌-ન નિગમ ગતિઃ સાપિ યદિ ન
ક્રિયાસા સાપિ સ્યાત્‌-યદિ ન હરિ માર્ગે પરિચયઃ
યદિ સ્યાત્ સોપિ શ્રી-વ્રજપતિરતિર્નેતિ નિખિલૈઃ
ગુણૈરન્યઃકોવા, વિલસતિ વિના વલ્લભવરમ્."

કદાપિ કોઇમાં પંડિતાઇ હોય, જેમ કે બુદ્ધાવતારમાં કારણ કે તે બુદ્ધિના અવતાર છે. પરંતુ વેદાનુસાર ગતિ નથી. 'નમો બુધ્ધાય શુધ્ધાય દૈત્ય દાનવ મોહિને' આ વાક્યથી સિદ્ધ છે. પાંડિત્ય તેમજ વેદાનુસાર ગતિ ઋષભાવતારમાં છે, પરંતુ 'યાવત્ જીવમગ્નિહોત્રં કુર્યાત્' આ શ્રુતિ વાક્ય પ્રમાણે ક્રિયામાં પરાયણતા નથી. પાંડિત્ય અને નિગમ ગતિ યુક્ત ક્રિયા પરાયણતા કપિલાવતારમાં છે, પરંતુ હરિમાર્ગ-ભક્તિ માર્ગનો પરિચય નથી. ભક્તિ યોગથી 'જ્ઞાનંયદ્ બ્રહ્મ-દર્શનમ્' વાક્યથી જ્ઞાનના અંગ રૂપ ભક્તિ માર્ગનો પરિચય કૃષ્ણ દ્વૈપાયન વેદ વ્યાસ અવતારમાં છે. પરંતુ જ્ઞાનાવતાર-અંશાવતાર હોવાથી શ્રી વ્રજપતિમાં રતિ રસ ભાવ યુક્ત શૃંગાર રસાત્મક ભાવયુક્ત પ્રીતિ નથી. શ્રીમદ્ વલ્લભાચાર્ય વર્ય • મહા પ્રભુ પૂર્ણાવતાર છે, તેથી ઉપરોક્ત પાંચેય ગુણ સંયુક્ત છે. તેથી પંચમ યુગ પ્રવર્તક શ્રીવલ્લભાચાર્યજી છે.

શ્રી ગુંસાંઇજીએ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં પાંચેય લક્ષણનું નિરૂપણ આ પ્રકારે કર્યું છેઃ જેમ કે, 'વાક્‌પતિઃ વિબુધેશ્વરઃ' આ બન્ને નામ પાંડિત્યના બોધક છે. સાકરબ્રહ્મવાદૈક-સ્થાપકો વેદપારગઃ' આ બન્ને નામ વેદમાં પારંગત હોવાનું દર્શાવે છે.

'ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ' આ બન્ને નામ ક્રિયાનો ઉદ્‌બોધ કરે છે. 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ, સ્ત્રીશૂદ્રાદ્યુદ્‌ધૃતિક્ષમઃ' આ બન્ને નામ હરિમાર્ગ-ભક્તિમાર્ગનો પરિચય દર્શાવે છે. 'રાસલીલૈકતાત્પર્યઃ, કૃપયૈતત્કથાપ્રદઃ' આ બન્ને નામ શૃંગાર રસભાવ

યુક્ત શ્રી વ્રજપતિ શ્રીકૃષ્ણમાં રતિના બોધક છે. અથવા પાંડિત્યથી-અર્થ, નિગમગતિથી-ધર્મ, ક્રિયાથી-કામ અને હરિમાર્ગ પરિચયથી-મોક્ષ, શ્રી વ્રજપતિ રતિથી-ભકિત. આ દર્શાવેલ પાંચ પુરુષાર્થપૂર્ણ શ્રીવલ્લભાચાર્ય-મહાપ્રભુવર છે.

સપ્તશ્લોકી ગ્રંથમાં આધિદૈવિક સૂર્યરૂપથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું નિરૂપણ કરવામાં આવેલ છે. જેમકે-

“માયાવાદતમો નિરસ્યમધુભિત્ સેવાખ્યવર્ત્માદ્‌ભુતમ્
શ્રીમદ્ ગોકુલનાથસંગમ સુધા-સંપ્રાપકં તત્ક્ષણાત્
દુષ્પ્રાપં પ્રકટી ચકાર કરુણા-રાગાતિ સંમોહનઃ
સ શ્રી વલ્લભભાનુરુલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાંતરઃ

૧. માયાવાદાખ્યતૂલાગ્નિઃ એટલે માયાવાદ રૂપના નાશક. ૨. મધુસૂદન ભગવાનની સેવાના અદ્‌ભુત માર્ગ પ્રકાશક. ૩. શ્રી ગોકુલનાથની સંગમ સુધાના તત્કાલ પ્રદાયક. ૪. દુર્લભતાથી પ્રાપ્ત વસ્તુના સુલભતાથી પ્રકટકર્તા અને ૫. કરુણારસ તેમજ અનુરાગ સંમોહન કર્તા.

એ પ્રમાણે પાંચ લક્ષણ-(ગુણ) સંયુકત શ્રી ગોપીજન વલ્લભના હૃદયાકાશમાં શોભાયમાન શ્રી વલ્લભ ભાનુ સ્વરૂપ છે. તેથી પંચમ યુગ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ છે. તેમજ સપ્ત શ્લોકી ગ્રન્થમાં ત્રણે કાળમાં અદ્વિતીય-અજોડ સ્વરૂપનું વર્ણન છે. જેમકે,

“માયાવાદિકરીન્દ્રદર્પદલને-નાસ્યેન્દુરાજોદ્‌ગતઃ
શ્રીમદ્ ભાગવતાખ્યદુર્લભસુધા-વર્ષેણવેદોક્તિભિ :
રાધાવલ્લભસેવયા તદુચિત-પ્રેમ્ણોપદેશૈરપિ.
શ્રીમદ્ વલ્લભનામધેયસદૃશો, ભાવી ન ભૂતોસ્ત્યપિ”

(૧) માયાવાદિરૂપ મદોન્મત્ત હાથીના અભિમાનના નાશક-બ્રહ્મવાદ કેશરીરૂપ-બ્રહ્મવાદ નિરૂપકનામ વાળા.

(૨) શ્રીકૃષ્ણમુખ ચન્દ્રરાજથી પ્રગટ થયેલી શ્રીમદ્‌ભાગવત્‌ની શ્રી સુબોધિનીજીની સુધાની વર્ષા કરનાર શ્રીભાગવત્ ગૂઢાર્થ પ્રકાશન પરાયણ નામવાળા.

(૩) વેદોમાં કહેલ પ્રમાણ દ્વારા કર્મ, જ્ઞાન અને ભકિતનો સમન્વય કરવાવાળા.

(નિરસ્ય સામ્યાતિશયેનરાધસા) ભવતારાધસારાદ્ધં અનયા રાધિતોનૂનં ઈત્યાદિ. શ્રી ભાગવત્‌માં કહેલ શ્રી રાધાવલ્લભની સેવા કરવા વાળા. (શ્રીકૃષ્ણ સેવા સદા કાર્યા) વાકયથી ઉચીત પ્રેમ લક્ષણા ભકિતના ઉપદેશ કરવાવાળા.

આ તાદૃશ પાંચ લક્ષણ–ગુણવાળા શ્રીમદ્ વલ્લભાચાર્યજી જેવા ત્રિકાલમાં કોઈ થયા નથી, કોઇ છે પણ નહીં અને થશે પણ નહિ. તેથી જ પંચમયુગ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુ ચરણ છે.

(૧) માયાવાદિરૂપ હાથીના અભિમાનનો નાશ કરવાથી ઐશ્વર્ય તેમજ વીર્ય ધર્મ પ્રગટ છે.

(૨) મુખચંદ્રરાજથી પ્રગટ થયેલ શ્રીમદ્ ભાગવત્‌ની દુર્લભ સુધા (શ્રી સુબોધિનીજી) વર્ષાથી યશ ધર્મ છે.

(૩) તદુચિતપ્રેમણોપદશૈથી શ્રી ધર્મ પ્રગટ છે.

(૪) વેદોક્ત પ્રમાણથી જ્ઞાન ધર્મ પ્રગટ છે.

(૫) શ્રી રાધા–વલ્લભની સેવાથી વૈરાગ્ય ધર્મ પ્રગટ છે. આ તાદૃશ પાંચ ધર્મ યુક્ત શ્રીમદ વલ્લભાચાર્ય અદ્વિત્તીય સ્વરૂપ છે.

અથવા :– (૧) માયા–બિભત્સ. (૨) વાહ્નિ–ભયાનક. (૩) કરીન્દ્ર–રૌદ્ર. (૪) દર્પદલન–વીર. (૫) ઇન્દુશજ્ઞોદ્ગત–હાસ્ય. (૬) શ્રીમદ્‌ભાગવતાખ્ય–દુર્લભ સુધા–અદ્‌ભુત. (૭) વર્ષેણ–કરુણા. (૮) વેદોક્તિભિઃ-શાન્ત. (૯) રાધા વલ્લભ સેવયા–શંગાર. (૧૦) તદુચિત પ્રેમ્ણો પદેશૈરપિ–ભક્તિરસ. આ પ્રમાણે દશ રસ યુક્ત રસાત્મક ભક્તિમાર્ગાચાર્યવર્યશ્રીમદ્ વલ્લભાચાર્ય છે.

અથવા–

“સ્ફુરત્કૃષ્ણપ્રેમા મૃતરસભરેણાતિભરિતા,
વિહારાન્કુર્વાણા, વ્રજપતિવિહારાબ્ધિષુ સદા;
પ્રિયા ગોપીભર્તુઃ, સ્ફુરતુ સતતં વલ્લભ ઇતિ,
પ્રથાવત્યસ્માકં, હૃદિ સુભગ મૂર્તિઃ સ કરુણા.”

(૧) દિવ્યતાથી સ્ફુરી રહેલા શ્રીકૃષ્ણના પ્રેમરૂપી અમૃતરસના સમૂહથી સંપૂર્ણ ભરેલું, (૨) શ્રી વ્રજ વિહારી વ્રજપતિના (શ્રી ગોપીજનો સાથેના નિત્ય) વિહાર સાગરોમાં હંમેશાં વિહાર કરવાવાળું. (૩) ગોપી પતિ શ્રીકૃષ્ણને પ્રિય **‘વલ્લભ’** એ નામથી સર્વત્ર પ્રસિદ્ધ થયેલા. (૪) સુભગ અલૌકિક ધર્મોવાળું અને (૫) કરુણારસ યુક્ત સ્વરૂપ. આ પાંચ વિશેષણ યુક્ત શ્રીમદ્ વલ્લભાધીશનું રસાત્મક સ્વરૂપ છે.

અથવા :– “નમો શ્રી વલ્લભાધીશ સ્વામી, અખંડ અવતાર જગધાર લીલા કરી, કૃષ્ણદાસ પ્રભુ અન્તર્યામી. કોઉ કહે વિપ્ર[1], કોઉ પંડિત કહે[2], કોઉ કહે અંશ[3] (અગ્નિત્વં વાર્ણિતં તે), કોઉ આત્મારામી[4], સ્વકીયજન એક નિરધાર નિશ્ચે કિયે। વસ્તુતઃ કૃષ્ણ[5] જો બંધે દામી. આ પાંચ રૂપાત્મક છે.

શ્રી વલ્લભાષ્ટકમાં પણ શ્રીમદ્ વલ્લભાધીશના સ્વરૂપનું વર્ણન છે. જેમ કે–

શ્રીમદ્ વૃન્દાવનેન્દુ પ્રકટિત રસિકા નન્દસન્દોહ રૂપ–

શ્રીમદ્ વૃંદાવનના ચન્દ્રે રસિક ભકતોને વિષે, જે આનંદ પ્રકટ કર્યો તે આનન્દના સમૂહરૂપ શ્રી મહાપ્રભુજી છે.

સ્ફુર્જદ્દાસાદિલીલામૃતજલધિભરાક્રાંતસર્વોપિશશ્વત–

પ્રકાશમાન રાસાદિ લીલામૃત મહાસાગરોના સમૂહથી સદાય સર્વ રીતે, જેનાં સર્વે અંગો તરબોળ થઈ રહ્યાં છે. એવા શ્રી વલ્લભ છે.

ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિકરુણ :–

પૃથ્વી ઉપર દૈવી જીવો ઉપર અતિ કરુણા કરવા માટે સુંદર મનુષ્યાકૃતિ રૂપે પ્રગટ થયા, એવા અત્યન્ત કૃપાલુ શ્રી વલ્લભ છે.

તં પ્રપદ્યે હુતાશં, દેવ વૈશ્વાનરૈષા;
સ્વામિન શ્રી વલ્લભાગ્ને; ન હ્યન્યો વાગ્ધીશાત્.

શ્રુતિગણવચસાં, ભાવમાજ્ઞાતુમીષ્ટે ઈત્યાદિ વાકય વર્ણનથી શ્રી વલ્લભ વૈશ્વાનર વાગધીશ વિના, શ્રુતિગણની વાણીનો સત્યાર્થ જાણવાને કોઇ બીજા સમર્થ નથી. **સ્વસ્મિન કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ.** આ વર્ણનમાં કૃષ્ણના મુખ સ્વરૂપ શ્રી વલ્લભ છે. એવા પ્રકારના રસાત્મક પંચભાવાત્મક સ્વરૂપ શ્રી વલ્લભ જ પંચમયુગ પ્રવર્તક છે.

તેથી જ ભકતજનોએ ગાયું છે કે –
"કલિયુગ સબ યુગ તે અધિકાઇ, જા યુગમેં પ્રકટે શ્રી વલ્લભ ભકતન કે સુખદાઇ."

"વિષ્ણુ સ્વામી રામાનુજો માધ્વ નિમ્બાર્ક વલ્લભઃ ।
તિષ્યેઽત્ર પ્રથમાચાર્યો વિષ્ણુ સ્વામી ભવિષ્યતિ ।।"
[શાંડિલ્ય સંહિતા]

ઇત્યાદિ વાકય પ્રમાણથી પ્રથમાચાર્ય શ્રી વિષ્ણુ સ્વામી વિષ્ણુ ભકિત યુગના પ્રવર્તક છે. બીજા શ્રી રામાનુજાચાર્ય વિષ્ણુ ભકિતના બીજા યુગ પ્રવર્તક છે. ત્રીજા શ્રી માધવાચાર્ય વિષ્ણુ ભકિતના તૃતીય યુગ પ્રવર્તક છે. ચોથા શ્રી નિંબાર્કાચાર્ય વિષ્ણુ ભકિતના ચતુર્થ યુગ પ્રવર્તક છે અને પાંચમા શ્રીમદ્વલ્લભાચાર્ય વિષ્ણુ ભકિતના પંચમ યુગના પ્રવર્તક છે.

'વેદલક્ષ'– આ વાકયથી ચારે વેદના એક લાખ મંત્ર છે. મહર્ષિ વેદવ્યાસ રચિત વેદાનુસારી એક લાખ શ્લોકાત્મક મહાભારત ગ્રન્થ છે. ચાર લાખ શ્લોક અઢાર પુરાણોના છે. **(ઇતિહાસ પુરાણાનાં પંચમો વેદ ઉચ્યતે)** આ ભાગવત વાકયથી પંચમ વેદનું નિરૂપણ છે. ભગવન્મનોવતાર શ્રી નારદ પંચરાત્રના પણ એક લાખ શ્લોક છે. **"નિમ્બાર્કાદિ**

કલાંશાઃ વૈ વલ્લભસ્તુ હરિઃ સ્વયં'' નારદ પંચરાત્ર વાકયથી – ગ્રન્થથી સ્વયં હરિ શ્રી વલ્લભાચાર્ય છે. **'વિષ્ણુ સ્વામ્યનુસારિણઃ તામસાઃ અસ્મત્ પ્રતિ પાદ્યં નૈર્ગુણ્યમ્'** આ ભાગવત તૃતીય સ્કન્ધ શ્રી સુબોધિની વાકયથી વિષ્ણુ સ્વામી પ્રતિપાદ્ય તામસી જીવોના ઉદ્ધાર માટે રુદ્ર સંપ્રદાયી તામસ પારિભાષિક ભકિતયોગ છે. દ્વિતીય વિષ્ણુ સ્વામી તામસ રાજસ–તૃતીય વિષ્ણુ સ્વામી રાજસ સાત્ત્વિક પ્રતિપાદક છે. આ પ્રકારે સામાનુજ તામસ, માધવ–રાજસ સાત્ત્વિક, નિમ્બાર્ક–સાત્કિ ભકિતના પ્રતિપાદક છે.

શ્રી વલ્લભાચાર્યજીના પૂર્વજ શ્રી ગોવિન્દાચાર્ય તેમજ શ્રી યજ્ઞનારાયણ દીક્ષિતાચાર્યથી લઈને શ્રી લક્ષ્મણ દીક્ષિતાચાર્ય સુધી ચાર સાત્ત્વિક ભકિત પ્રતિપાદક **'નિર્ગુણં ભક્તિમાર્ગં હિ વર્દ્ધયન્ વિચારિષ્યતિ' 'તદા શ્રી વલ્લભાચાર્ય સંપ્રદાય પ્રવર્તકઃ' વિષ્ણુ વિષ્ણુ પ્રિયાચાર્ય ચંપારણ્યં કૃતોદયઃ'** શાણ્ડિલ્ય સંહિતા વાકયથી વિષ્ણુરૂપ વલ્લભાચાર્ય જે ચંપારણ્યમાં પ્રકટ થઈ પંચમ નિર્ગુણ ભકિત માર્ગાચાર્ય । સુગંધિમ્ પુષ્ટિવર્ધનમ્) ત્વમગ્ને વૃષભઃપુષ્ટિવર્ધનઃ ઇત્યાદિ શ્રુતિ પ્રતિ પાદ્ય (વાક્પતિઃ વલ્લભઃ કૃષ્ણ મુખં પ્રાદુર્ભવિષ્યન્તિ) સનત્કુમાર સંહિતા વાકયથી શ્રીકૃષ્ણ મુખાગ્નિ પુષ્ટિરૂપ ભગવદનુગ્રહ માર્ગ પ્રવર્તક પ્રવર્ધક શ્રી વલ્લભાચાર્ય ભકિતના પંચમ યુગ પ્રવર્તક છે. શ્રી નારદ ભકિત સૂત્રમાં (યથા વ્રજ ગોપિકાનામ્ નિરોધરુપા સા (ભકિત)ના શ્રી ભાગવત દશમસ્કન્ધીય નિરોધરૂપા ભકિત શ્રી વ્રજ ગોપીજનોની સિધ્ધ થઇ છે. તેથી **'ગોપિકા પ્રોક્તા ગુરૂવઃ'** ષોડશ ગ્રંથ વાકયમાં નિર્ગુણ ભકિતના ગુરુ શ્રી ગોપીજન. **'ભવતી ભિરનુત્તમા–ભક્તિ પ્રવર્તિતા'** ભાગવતના ઉધ્ધવ વાકયથી સિધ્ધ છે. **શ્રી ભાગવતપીયુષસમુદ્રમથનક્ષમઃ' 'તત્સાર–ભૂતરાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહઃ'** આ સર્વોત્તમ નામ દ્વયથી રાસસ્ત્રી ભાવાત્મક શ્રી વલ્લભાચાર્યનું સ્વરૂપ છે.

'મુકિત હિંત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ' ભાગવત વાકયથી મુકિતના પાંચ પ્રકારમાં પંચમ સાયુજ્ય મુકિતના પાંચ ભેદ છે. પંચમયુગ પ્રવર્તક પંચમાચાર્ય શ્રી વલ્લભ મહાપ્રભુએ પંચમ સાયુજ્ય મુકિતનું વર્ણન તત્ત્વદીપ નિબંધમાં કર્યું છે. જેમ કે **'આદિમુર્તિ : કૃષ્ણએવ સેવ્યઃ સાયુજ્યકામ્યયા'** સાયુજય મુકિતની ઇચ્છાથી આદિ સ્વરૂપ કૃષ્ણ જ સેવવા યોગ્ય છે. **'નિર્ગુણા મુકિત કૃષ્ણાદ્ધિ'** નિર્ગુણ મુકિત કૃષ્ણથી જ પ્રાપ્ત થાય છે. **'સાયુજ્યં યચ્છતે બલાત – સાયુજયેતુ રસાધિકયં ભેદે નાનુ-**

ભવાત્તતઃ' પુષ્ટિ ભકતને સાયુજ્ય મુક્તિફલ મધ્યમાધિકાર છે. પુષ્ટિ સાયુજય મુકિતમાં રસાધિકયના ભેદપૂર્વક અનુભવ કરવાનું માનવામા આવેલ છે. જેમ કે અન્તર્ગૃહગતા ગોપીજન છે. તે ભગવાનના હ્રદયમાં સાકારરૂપથી બિરાજે છે. અર્થાત નિત્ય સંયોગ રસાનુભવ બાહ્યાભ્યન્તર છે. કૃષ્ણના હ્રદયમાં શ્રી વત્સચિહ્રન **'વક્ષસ્યૈકરમણં – બૃહદુરશ્રિયો વીક્ષ્યધામતે'** ભાગવત વાકયથી ભેદાભેદાનુભવ સાયુજય મુકિતનું વર્ણન છે. મુકત જીવતત્ત્વરૂપ કૌસ્તુભ મણિને કૃષ્ણ કંઠમાં ધારણ કરે છે. શિશુપાલ જેવાને સાયુજય મુકિત કૃષ્ણના ચરણારવિંદમાં થાય છે.

ભાગવત વેણુગીતના સુબોધિની ટીકાનુસાર **'દામોદરાધરસુધામપિ ગોપિકાનાં'** વાકયથી સર્વાભોગ્યા સુધાનો અનુભવ કરનાર ઉત્તમાધિકારી છે. મુખારવિંદની અધર સુધાનું પાન મુખ્ય ફલ છે. તેનું પુષ્ટિમાર્ગીય પંચમ સાયુજય મુકિતરૂપથી નિરૂપણ કરવામાં આવ્યું છે. **'પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવહિ કામો હરેર્દિદૃક્ષૈવ મોક્ષઃ કૃષ્ણાસ્ય ચેદ્ભુવ''**

પુષ્ટિમાર્ગમાં હરિનું દાસત્વ ધર્મ છે. હરિ જ અર્થરૂપ છે. હરિ દર્શનાભિલાશ જ કામ છે. સર્વાત્મ ભાવથી કૃષ્ણને સમર્પિત થવું તે જ આગળ કહેલ સાયુજય મુકિત છે. કૃષ્ણ સ્વરૂપમાં અહૈતુકી નિષ્કામ ભક્તિ જ પુષ્ટિભકિત છે. આ ચાર પુરુષાર્થ સહિત ભકિત રૂપ પંચમ પુરુષાર્થના દેવાવાળા શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુ છે.

'સભક્તિ પંચ સંખ્યાક પુમથાંગુલિ સંયુતં કદાપદતલં મૂર્ધ્નિ શ્રીમદ્ વલ્લભ ધાસ્યસિ' વાકયથી ઉપર કહેલ ભકિતરૂપ અંગુષ્ઠ પંચમ ચતુરાગુલિ ચતુઃ પુરુષાર્થ યુકત શ્રી વલ્લભ પ્રભુનાં ચરણ કમલ છે, (શ્રી હરિરાયજી).

પ્રેમ, આસ્કિત, વ્યસન, તન્મયતા અને ભગવદાવેશ આ પંચમ પુષ્ટિ ભકિતની પાંચ અવસ્થાના પૂર્ણાનંદ પ્રદાતા શ્રી વલ્લભ પ્રભુવર છે.

પ્રેમ, પ્રીતિ, સ્નેહ, અનુરાગ અને રતિ આ પાંચ ભાવના પ્રદાયક શ્રી વલ્લભાધીશ છે.

પંચમ યુગ પ્રવર્તક પંચમાચાર્ય શ્રી વલ્લભે પાંચ ગ્રન્થોને પ્રમાણ માન્યા છે. જેમકે વેદોપનિષદ્ વ્યાસ સૂત્ર–ગીતા–વાલ્મીકિ રામાયણ–શ્રીભાગવત–મહાભારત તેની અન્તર્ગત છે તેમજ અઢાર પુરાણ પણ ભાગવતાન્તર્ગત માનેલ છે. તે જ પ્રકારે શાંડિલ્ય સંહિતા–ગર્ગ

સંહિતા–ભારદ્વાજ સંહિતા–બ્રહ્મ સંહિતા–અગસ્ત્ય સંહિતા આ પાંચ સંહિતા માનેલ છે. ગાયત્રી મંત્ર–ગોપાલ મંત્ર–નૃસિંહ મંત્ર–રામસ્તવ મંત્ર–સુદર્શન મંત્ર આ પાંચ મંત્ર આચાર્યજીએ માનેલ છે.

ગોપાલ મંત્રનું ઉપનિષદમાં પંચ પદાત્મક વર્ણન છે. (૧) શ્રીકૃષ્ણઃ શરણં મમ. (૨) કૃષ્ણ એવ ગતિર્મમ. (૩) શ્રીશઃ શરણં. (૪) શ્રી કૃષ્ણાય નમઃ (૫) શ્રી ગોપીજન વલ્લભાય નમઃ, આ પુષ્ટિ સાંપ્રદાયિક પંચ મંત્ર ગ્રાહ્ય છે.

વેદના મહાવાકયરૂપ–તત્ત્વમસિ–શ્રુતિનો ભાવાર્થ તસ્યત્વમસિ, આ પંચાક્ષર મંત્ર, તેમજ ગાયત્રી ભાષ્યમાં તથા શ્રી ભાગવતના દશમ સ્કંધમાં સુદર્શન મોક્ષ પ્રસંગની શ્રી સુબોધિની ટીકામાં પંચાક્ષર મંત્રનો નિર્દેશ કરેલ છે.

સમર્પણ ગદ્યમાં પણ પંચાક્ષર મંત્રનો ઉલ્લેખ છે. શ્રી ભાગવત દ્વિતીય સ્કન્ધ સુબોધિનીમાં પંચાત્મક ભગવાન માન્યા છે. જેમકે આત્મા, પ્રિય, અર્થ, ભગવાન અને અનંત તેમજ તૃતિય સ્કંધ સુબોધિનીમાં પંચનિત્ય માનેલ છે. પુરુષોત્તમ, અક્ષર, કાલ, પ્રકૃતિ, પુરુષ તથા દશમસ્કન્ધ સુબોધિનીમાં પંચાત્મક કૃષ્ણ માન્યા છે. જેમ કે કૃષ્ણ, કાલિન્દી, દ્રૌપદી, અર્જુન અને દ્વૈપાયન વેદવ્યાસ પાંચ પાંડવમાં અર્જુનનું નામ પણ કૃષ્ણ અને દ્રૌપદીનું નામ પણ કૃષ્ણા છે.

જેમ રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને હનુમાન આ રામ પંચક છે, તે પ્રમાણે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને ઉદ્ધવ આ કૃષ્ણ પંચક છે. અથવા ચાર વ્યુહ વિશિષ્ટ પંચમ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ મૂલસ્વરૂપ પંચમાચાર્યે માન્યા છે. તેમજ નિબંધમાં વિષ્ણુ પંચક વ્રતને માનેલ છે. જેમ કે રામ જયંતિ, નૃસિંહ જયંતિ, કૃષ્ણ જયંતિ, વામન જયંતિ અને પંચમ એકાદશી વ્રત. એજ પ્રમાણે પાંચ ધામના પાંચ દેવ પણ માનેલ છે.

પૂર્વમાં જગન્નાથ, દક્ષિણમાં રંગનાથ, ઉત્તરમાં બદ્રીનાથ, પશ્ચિમમાં દ્વારિકાનાથ, મધ્યમાં વ્રજ મંડલમાં શ્રી ગોવર્ધનનાથ આ પંચનાથ છે. તથા ગોકુલનાથ, મથુરાનાથ, દ્વારિકાનાથ, વિઠ્ઠલનાથ અને શ્રીનાથ. આ પાંચનાથ પુષ્ટિ સંપ્રદાયના માનવામાં આવ્યા છે.

પંચમાચાર્યજીએ પંચમાનંદ ભજનાનંદને મુખ્ય માનેલ છે. તેમ જ ભાગવતાર્થ-નિબંધ દ્વાદશ સ્કન્ધમાં પંચમાશ્રય કૃષ્ણાશ્રયને મુખ્ય માનેલ છે. (૧) જગદાશ્રય, (૨) વેદાશ્રય (૩) ભક્તિ માર્ગાશ્રય (૪) ભાગવતાશ્રય અને (૫) કૃષ્ણાશ્રય.

શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કન્ધ સુબોધિનીમાં પાંચ અન્વય લીલા, પાંચ વ્યતિરેક લીલા અને તૃતીય સ્કન્ધ સુબોધિનીમાં પંચ બંધ લીલા, પંચ મુકિત લીલા તેમ જ દશમ સ્કન્ધ સુબોધિનીમાં જન્મ, તામસ, રાજસ, સાત્વિક અને ગુણ એમ પાંચ પ્રકરણ માન્યાં છે. તેની અન્તરગત પાંચ અધ્યાસ, અવિદ્યાના પાંચ પર્વ દેહ–ઇન્દ્રિય–પ્રાણ–અન્તઃકરણ અને સ્વરૂપવિસ્મૃતિ. તેમ જ વિદ્યાનાં પણ પાંચ પર્વ–વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભકિતને માનેલ છે.

એકાદશ સ્કન્ધ સુબોધિનીમાં કર્મ, જ્ઞાન, દુવિધા, ભકિત અને શરણાગતિ, આ પાંચ માર્ગનું નિરૂપણ કરેલ છે. પ્રથમ સ્કન્ધ સુબોધિનીમાં પાંડવ પંચાધ્યાયી, ચતુર્થ સ્કન્ધમાં ધ્રુવ પંચાધ્યાયી, પંચમ સ્કન્ધમાં પૃથ્વી પંચાધ્યાયી, દશમ સ્કન્ધમાં રાસ પંચાધ્યાયી, એકાદશ સ્કન્ધમાં મુકિત પંચાધ્યાયી મુખ્ય રૂપથી માનેલ છે.

દશમ સ્કધના પાંચમા અધ્યાયમાં નંદમહોત્સવનું વર્ણન છે. દશમ સ્કન્ધ વેણુ ગીતમાં પંચમ શ્લોક '**બર્હાપીડ**' મુખ્ય માનેલ છે. પંચમાચાર્યજીએ તૈત્તિરીયોપનિષદના પંચમકોષ આનંદમયને મુખ્ય કોષ માનેલ છે. સંગીત શાસ્ત્રના સપ્ત સ્વરમાં ધ્રુવનાદયુકત પંચમ સ્વરને મુખ્ય માનેલ છે. શંખ, ચક્ર, ગદા, પદ્મ યુકત પંચમ સારંગ ધનુષ્ય સહિત પાંચ આયુધ માન્યાં છે.

કવલ, વેત્ર, વિષાણ, વેણુ અને કમલ એ પાંચ પદાર્થ કૃષ્ણે ધારણ કરેલ છે.

પૃથ્વી રૂપ મથુરા મંડલ (વ્રજ મંડલ)માં જલરૂપ શ્રી યમુનાજી, અગ્નિરૂપ શ્રી ગોવર્ધન (ગિરિરાજ), વાયુરૂપ વેણુનાદ, આકાશરૂપ (વ્યાપકરૂપ), શ્રીકૃષ્ણ આ પાંચ તત્ત્વને પંચમાચાર્યજીએ માનેલ છે.

પુષ્ટિમાર્ગીય નવનિધિ સ્વરૂપ, શ્રી વલ્લભકુલ, શ્રી યમુનાજી, શ્રી ગિરિરાયજી, શ્રી ભાગવત આ પાંચ તત્ત્વ પુષ્ટિ સંપ્રદાયમાં માનેલ છે.

નિત્ય સિદ્ધા, કૃપા સિદ્ધા, સાધન સિદ્ધા, તુર્યપ્રિયા. આ ચારે યુથની સાથે પાંચમા પુલિન્દિની યુથને પણ માનેલ છે. વાત્સલ્ય, દાસ્ય, સખ્ય, કાન્ત, માધુર્ય આ પાંચ ભાવ રસાત્મક પુષ્ટિ ભકિતનાં અંગ માનેલ છે. દૂધ, દહીં, ઘી, સાકર અને મધ આ પંચામૃતનું સ્નાન ચાર જયંતી તેમજ પંચમ પ્રબોધિની એકાદશીને માન્ય રૂપથી સ્વીકાર કરેલ છે. શીત

કાલમાં ઉષ્ણોદક સ્નાન, ઉષ્ણકાલમા શીતોદક સ્નાન, અભ્યંગમાં આંબળારસસ્નાન સુગંધી ચંદન સ્નાન, અને કેશર સ્નાન આ પાંચ સ્નાન પણ પુષ્ટિ સંપ્રદાયમાં માન્ય છે.

પંચ માત્રામાં શબ્દ વેણુનો, સ્પર્શ રસિક પ્રેમી ભાવુક ભકિત ચુડામણિ શ્રી ગોપીજનોનો, રૂપ નવ ઘનશ્યામનું, રસ નવનીતનો, ગંધ તુલસીની, પંચમાચાર્યજીએ યુગલગીત સુબોધિનીજીમાં માનેલ છે.

વૃક્ષોમાં પીપળા નીચે ઉજ્જૈનમાં પંચમાચાર્યજીની બેઠક છે. બંસીબરમાં અને બહુલાવનમાં વડલા નીચે બેઠક છે. દેશાન્તરમાં કદંબ, ચંદન અને ખાસ કરીને ખીજડાના વૃક્ષ નીચે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બેઠકો છે. આ પાંચ વૃક્ષો મુખ્ય છે.

વિરહાગ્નિ, દાવાગ્નિ, વડવાગ્નિ, પ્રલયાગ્નિ અને મુખાગ્નિ, આ પાંચ અગ્નિ પણ પ્રકારાન્તરથી માન્ય છે. ચોરાસી ભકતોમાં શ્રી દામોદરદાસ હરસાનીજી, શ્રી કૃષ્ણદાસજી, શ્રી પદ્મનાભદાસજી, શ્રી માધવ ભટ્ટ કાસ્મીરી અને પ્રભુદાસ જલોટા, આ પાંચ સેવક મુખ્ય શ્રી વલ્લભાચાર્યજીના છે. દામોદરદાસ, સૂરદાસ, પરમાનંદદાસ, નારાયણદાસ અને કૃષ્ણદાસ મેઘન આ પાંચ બ્રહ્મચારી શિષ્ય પંચમાચાર્યજીના છે.

નરનારાયણ, દત્તાત્રેય, કપિલદેવ, શ્રી રામચંદ્ર એક પત્ની વ્રત, શ્રી કૃષ્ણચંદ્ર પરિપૂર્ણાવતાર, આ પાંચ બ્રહ્મચારી અવતાર પંચમાચાર્યજીએ સુબોધિનીજીમાં માનેલ છે. ત્રિવિધ નામાવલીમાં શ્રી કૃષ્ણનું નામ **"અનાદિ બ્રહ્મચારિણે નમઃ"** છે.

શ્રીમદ્ ભગવત દશમ સ્કંધમાં વ્રજનાભક્ત, મથુરાના ભકત, દ્વારકાના ભકત ઇન્દ્રપ્રસ્થના ભકત અને મિથિલાના ભકત. આ પાંચ ભકતોનું મુખ્ય રૂપથી વર્ણન છે.

ભક્તિસાહિત્ય-શ્રવણ દર્શન, ધ્યાન દર્શન, ચિત્ર દર્શન, સ્વપ્ન દર્શન અને સાક્ષાત્ દર્શન, આ પાંચ દર્શન પણ પંચમાચાર્યજીએ માનેલ છે, પાંચ કન્યામાં મુખ્ય કુન્તીજીની પ્રધાનતા સુબોધિનીજીમાં વર્ણન છે. શ્રી ભાગવતના પંચમ સ્કંધને અખંડ સ્કંધ પંચમાચાર્યજી માને છે. વેદમાં **'પંચ ઋતવઃ'** વાકયથી વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને હેમન્ત. આ પાંચ ઋતુ છે. હેમંતની અંતર્ગત શિશિર ઋતુને માનેલ છે. તેથી **'હેમન્તે પ્રથમે માસે નંદવ્રજ કુમારિકા'** આ વ્રતચર્યા પ્રસંગની સુબોધિનીજીમાં **પંચમ ઋતૌ પંચમ પુરુષાર્થ સિદ્ધયર્થં વ્રતારંભઃ'** શ્રી કુમારિકાઓએ પંચમ પૂર્ણ પુરુષોત્તમ પ્રાપ્તિ

માટે પંચમ ભક્તિ પુરુષાર્થ સિધ્ધયર્થ પંચમ ઋતુ હેમન્તમાં કાત્યાયની વ્રતારંભ કર્યો છે. શ્રી વ્રજમંડલમાં કામવનમાં પંચતીર્થ પ્રસિદ્ધ છે. તેમજ વ્રજમાં કૃષ્ણ ગંગા, માનસી ગંગા, અલક ગંગા, વિમલ ગંગા અને ચરણ ગંગા આ પંચ ગંગા પ્રસિદ્ધ છે.

કાશીમાં પંચગંગા ઘાટ ઉપર પંચમાચાર્યજીની બેઠક છે.

પંચ યોજનનું વૃંદાવન, પંચ યોજનનો ગોવર્દ્ધન, પંચ યોજનનું બૃહદ્વન (મહાવન) રામઘાટચિંતાહરણ ઘાટ સુધી છે. કામવન, બરસાના, નંદગામ, શેરગઢ વગેરેનાં ઉપવન મેળવતાં પાંચ યોજન છે. આ વીસ યોજન–એંસી કોસ, પંચમશ્રીમથુરાપુરીના ચાર કોસ ઉમેરતાં વ્રજ ચોરાસીકોસ થાય છે.

પાંચકોસી પરિક્રમામાં–શ્રી ગોવર્દ્ધન, કામવન, નંદગામ–બરસાના, વૃંદાવન અને મહાવનની પરિક્રમાનો સમાવેશ છે.

૧. ગોકુલ – બાલલીલા સ્થાન, ૨. વૃંદાવન – કિશોરલીલા સ્થાન, ૩. ગોવર્ધન – પૌગંડલીલા સ્થાન, ૪. બરસાના અને ૫. નંદગામ – જન્મલીલાસ્થાન, વ્રજમાં પંચધામ – પંચલીલા સ્થાન તરીકે પ્રસિદ્ધ છે.

ગોવર્ધન, બરસાના, નંદગામ, કામવન અને બઠેન પહાડી, વ્રજમાં આ પાંચ પર્વત છે.

વૃંદાવનમાં–માનસરોવર, ગોવર્ધનમાં–ચન્દ્ર સરોવર, બરસાનામાં ભાનુ સરોવર, નંદ ગામમાં–પાન સરોવર અને પાંચમું પ્રેમ સરોવર પ્રસિદ્ધ છે.

રાસમંડલમાં ૨૪–૧૬–૮–૪–૨. ગોપી મંડલમાં ૧૬–૮–૪–૨–૧ કૃષ્ણ સ્વરૂપ આ પાંચ મંડલ ભાવના છે. સુબોધિની કારિકા **'એવં રૂપપ્રપંચસ્ય પંચધા રમણં મત'** રાસ પંચાધ્યાયીના પાંચ રમણ છે. પાંચ પશુજાતિનો સંબંધ કૃષ્ણાવતાર લીલામાં વર્ણન છે. ગાય, બળદ, ભેંસ, વાંદરા અને મૃગ. તેમજ પાંચ પક્ષી–પોપટ, મોર, હંસ, સારસ, ભ્રમર. સાહિત્યમાં પંચનાદનું વર્ણન છે, વેણું વીણા, નૂપુર, કિંકિણી, કંકણ. વેદમાં પંચનાદ–શંખનાદ, ઘંટાનાદ, ઘડિયાલનાદ, દુંદુભિનાદ અને ઓંકારનાદ. જ્યોતિષમાંતિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ આ પંચાંગ મનાય છે. પ્રપંચ રૂપ જગતને પંચમાચાર્યજીએ ભગવત્કાર્ય માનેલ છે.

નામલીલા, રૂપલીલા, ગુણલીલા, અવિર્ભાવ અને તિરોભાવ, આ પાંચલીલા સુબોધિનીમાં પંચમાચાર્યજી માને છે.

ભગવત્સેવા, ભગવત્સ્મરણ, ભગવદીય સત્સંગ, સમભાવદષ્ટિ, સર્વાદર યથા યોગ્ય, આ પાંચ શિક્ષા પંચમાચાર્યજીની છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મભાવ, સર્વાત્મભાવ, અનન્યભાવ, નિર્દોષ ભાવ અને વિરુદ્ધ ધર્માશ્રયભાવ, આ પાંચ સિદ્ધાન્ત ભાવ પંચમાચાર્યજીના છે.

શરણાગતિ, સર્વાત્મ સમર્પણ, દાસત્વ, દૈન્યતા અને નિરોધ આ પાંચ સિદ્ધાન્ત પંચમાચાર્યજીના મુખ્ય છે. નિષ્કામતા, નિષ્ક્રોધતા, નિર્લોભતા, નિર્મત્સરતા અને નિરપેક્ષતા આ પાંચ ઉપદેશ પણ પંચમાચાર્યજીના ગ્રન્થોમાં નિરૂપણ કરવામાં આવ્યા છે.

સુબોધિની કારિક – **‘વેણુનાદઃ પંચધા.’** વેણુનાદ પણ પાંચ પ્રકારના પંચમાચાર્યજી માને છે.

‘સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ, દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ”

ષોડશ ગ્રન્થના સિદ્ધાન્ત રહસ્યના વાકયથી સહજદોષ, દેશ અને કાલના દોષ, લોક અને વેદમાં નિરૂપિત દોષ, સંયોગથી થયેલ દોષ, સ્પર્શજન્ય દોષ, આ પાંચ મહાદોષ બધા દોષોનાં મૂળ છે. આ પાંચ દોષોની નિવૃત્તિ માટે–

“શ્રાવણસ્યામલે પક્ષે, એકાદશ્યાં મહાનિશિ,
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં, તદક્ષરશ ઉચ્યતે.
બ્રહ્મસંબંધકરણાત્, સર્વેષાં દેહજીવયોઃ
સર્વ દોષ નિવૃત્તિર્હિ,
અન્યથા સર્વદોષાણાં, ન નિવૃત્તિઃ કથંચન.”

બાર માસમાં પાંચમો માસ – શ્રાવણ માસ. પુષ્ટિમાર્ગીય મુખ્ય પંચમ માસ શ્રાવણ માસની શુકલ પક્ષની પાંચમી એટલે કે પ્રથમ એકાદશી – પવિત્રા એકાદશીની અર્ધરાત્રિએ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પ્રકટ થઇને આજ્ઞા પ્રદાન કરી. બ્રહ્મ સંબંધરૂપ (વૈદિકી દીક્ષા) – આત્મ સમર્પણ કરવાથી દેહ અને જીવના સર્વે દોષોની નિશ્ચિય નિવૃત્તિ થશે. બીજી રીતે બધા દોષોની નિવૃત્તિ નથી થઇ શકતી.

શ્રાવણની પવિત્રા એકાદશી, ભાદરવાની દાન એકાદશી, કારતકની હરિપ્રબોધિની એકાદશી, ફાગણની કુંજ એકાદશી અને ચૈત્ર વદ એકાદશી શ્રીકૃષ્ણ એકાદશી શ્રી વલ્લભાચાર્યજી પ્રાકટ્ય આ પાંચ એકાદશી પ્રસિદ્ધ છે.

શ્રાવણ શુદની નાગ પાંચમના રોજ શ્રી નાથજીની ઊર્ધ્વ ભુજાનો પ્રાકટ્યોત્સવ પુષ્ટિ સંપ્રદાયમાં મનાય છે. તેમજ શ્રાવણ માસ (પંચમ માસ)ની પવિત્રા એકાદશીનો મહોત્સવ પુષ્ટિમાર્ગમાં પ્રસિધ્ધ છે. એજ પુષ્ટિ માર્ગનું મૂળ છે.

શ્રાવણ શુદ એકાદશીથી લઈ શ્રાવણ સુદ પૂનમ સુધી પુષ્ટિ માર્ગીય પંચરાત્રિ ભાદરવા શુદ એકાદશીથી ભાદરવા સુદ પૂનમ સુધી પંચ રાત્રિ આસો સુદ એકાદશીથી આસો સુદ પૂનમ સુધી પંચ રાત્રિ (શરદ પૂનમ) કારતક સુદ એકાદશીથી કારતક પૂનમ સુધી પંચ રાત્રિ ફાગણ સુદ એકાદશીથી ફાગણ સુદ પૂનમ સુધી પંચ રાત્રિ આ પ્રમાણે પંચ પૂર્ણિમા છે.

શ્રાવણ સુદની નાગ પાંચમ, ભાદરવા સુદની ગુપ્ત પંચમી આસો સુદની સરસ્વતી પાંચમ, કારતક સુદની સૌભાગ્ય પંચમી અને મહા સુદની વસંત પંચમી આ પ્રમાણે પાંચ પાંચમ છે.

શ્રાવણની હિંડોલાષ્ટમી, જન્માષ્ટમી, રાધાષ્ટમી, ગોપાષ્ટમી, હોલિકાષ્ટમી, આ પાંચ અષ્ટમી મહોત્સવ પુષ્ટિ માર્ગમાં પ્રસિધ્ધ છે.

ચૈત્ર સુદની યમુના ષષ્ઠી, અષાડ સુદની કસુંભાષષ્ઠી, ભાદરવા સુદની હલષષ્ઠી (લલિતા ષષ્ઠી), પોષ સુદની કાલિન્દી ષષ્ઠી અને શ્રાવણ વદની કૃષ્ણ ષષ્ઠી આ પાંચ ષષ્ઠી વ્રત છે.

ચૈત્ર, વૈશાખ, જેઠ અષાડ અને મહા માસની પૂર્ણિમાં પંચ પુર્ણિમા તરીકે પ્રસિધ્ધ છે.

શ્રીમદ્ભાગવત સપ્તાહ, સુબોધિનીજી સપ્તાહ ષડ્ધર્મ સપ્તમ ધર્મી, સંગીત સ્વર સપ્તક, ગોકુલેશ સપ્તમી (માગશર સુદ સાતમ આ પાંચ સપ્તક પણ પુષ્ટિ સંપ્રદાયમાં મનાય છે.

શ્રી યમુનાષ્ટક, પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક, શ્રીકૃષ્ણાષ્ટક, સિદ્ધાંત રહસ્યાષ્ટક, આ પાંચ અષ્ટક પંચમાચાર્ય કૃત છે. ગાયત્રીભાષ્ય, અણુભાષ્ય, તત્ત્વદીપ નિબંધ, શ્રી સુબોધિની સૂક્ષ્મટીકા, શ્રી સુબોધિની બૃહટ્ટીકા, આ પાંચ સિદ્ધાન્ત રૂપ વિશાલ ગ્રન્થ પંચમાચાર્યવર્ય વિરચિત છે. પંચ પદ્યાનિ, પંચ શ્લોકી, ચતુઃ શ્લોકી, સેવા ફલ અને ન્યાસા દેશ, આ પંચ સિદ્ધાન્ત સૂક્ષ્મ ગ્રન્થ પંચમાચાર્ય નિર્મિત છે. શ્રીરામ નવમી, શ્રીકૃષ્ણ નવમી (નંદ મહોત્સવ), માગશર વદ નવમી (શ્રી વિઠ્ઠલેશ જન્મોત્સવ), કારતક સુદ નવમી (અક્ષય નવમી), આસો સુદ નવમી (વિલાસ નવમી), આ પંચ નવમી મહોત્સવ પુષ્ટિમાર્ગમાં પ્રસિદ્ધ છે,

શ્રાવણી હરિયાળી અમાસ, સોમવતી અમાસ, ભાદરવા વદી અમાસ, – સાંજીની અમાસ (કોટની આરતિ), આસો વદી અમાસ – દીપાવલિ અને ચૈત્રિ અમાસ. આ પાંચ અમાસ ઉત્સવ રૂપમાં પુષ્ટિમાર્ગમાં મનાય છે. માધવ દ્વાદશી, ગોવિન્દ દ્વાદશી, દામોદર દ્વાદશી (પવિત્રા બારસ), વચ્છ દ્વાદશી, વામન દ્વાદશી, આ પાંચ બારસ મનાય છે. સેવા પાત્ર, સ્મરણ પાત્ર, વિરહ પાત્ર, પ્રેમ પાત્ર, કૃપા પાત્ર, આ પંચપાત્ર પુષ્ટિમાર્ગમાં મુખ્ય મનાય છે.

ફૂલ ઘર, પાન ઘર, દૂધ ઘર, રસોઈ ઘર અને શાક ઘર, આ પાંચ ઘર પુષ્ટિમાર્ગમાં પ્રસિદ્ધ છે. જન્માષ્ટમી, અને અન્નકૂટ, ફૂલ ડોલ, શ્રી વિઠ્ઠલનાથજીના અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આ પાંચ મહોત્સવ પ્રસિદ્ધ છે. કૃષ્ણ ભંડાર, ખર્ચ ભંડાર, ખાસા ભંડાર, પ્રસાદી ભંડાર, રત્ન ભંડાર, આ પાંચ ભંડાર પણ પ્રસિધ્ધ છે. મુખિયા, ભીતરિયા, જલઘરિયા, પાન ફૂલ ઘરિયા અને શાક ઘરિયા, આ પાંચ સેવક પ્રસિદ્ધ છે. નિજ મંદિર, શૈયા મંદિર, મણિ મંદિર છઠ્ઠી મંદિર અને ડોલ મંદિર આ પાંચ મંદિર પણ પ્રસિદ્ધ છે.

નંદાલય દ્વાર, સિંહ દ્વાર, નિકુંજ દ્વાર, ગોવર્ધન દ્વાર, દુંદુભિ દ્વાર, આ પાંચ દ્વાર પણ પ્રસિદ્ધ છે. ગોસ્વામીજી, પ્રમુખ સેવક, સમાધાની, છડીદાર અને અધિકારી, આ પાંચ પદાધિકારી છે. કીર્તનિયા, ભંડારી, રસોઇયા, પરિચારક, અને દ્વારપોરિયા. આ પાંચ સેવક પણ પ્રસિદ્ધ છે. મંગલા, શૃંગાર, રાજભોગ, ઉત્થાપન ભોગ અને સંધ્યા આરતી, આ પાંચ દર્શન પણ મુખ્ય છે. ગ્વાલ તથા શયનનાં દર્શન કયારેક ભીતર, કયારેક પ્રકટ થાય છે. તેથી પાંચ દર્શન મુખ્ય છે.

મોરમુકુટચન્દ્રિકા, કુલહચન્દ્રિકા, પાગચન્દ્રિકા, રતનચન્દ્રિકા, કુલચન્દ્રિકા, આ પાંચ ચન્દ્રિકા મસ્તકના શૃંગાર છે. ટિપારો, દુમાલોં, સેહરા, ગ્વાલપગા અને ફેંટા આ પાંચ પણ મસ્તકના શૃંગાર છે. રાસ પંચાધ્યાયના પાંચ મુકુટ શૃંગાર છે. મોરશિખા, કલંગી, કતરા, તુર્રા અને સિરપેચ, આ પણ પાંચ છે. મુકુટટોપી, ટિપારાટોપી, ફૂલટોપી, રેશમીટોપી, સાદીટોપી. આ પાંચ ટોપી બાલલીલાના શૃંગાર છે.

તિલક પણ પાંચ છે. શ્રીરામ–રઘુકુલતિલક, શ્રી કૃષ્ણ યદુકુલતિલક, શ્રીવલ્લભાચાર્ય તૈલિંગકુલતિલક, શ્રીવિઠ્ઠલેશ્વર–વલ્લભકુલ તિલક અને શ્રીગોકુલેશ–ગોસ્વામિ તિલક.

વનમાલા, ગોવર્ધનમાલા, વૈજયન્તિમાલા, મુકતામાલા અને મોહનમાલા. આ પાંચ માળા પુષ્ટિમાર્ગમાં પ્રસિદ્ધ છે.

પીતાંબર, નીલામ્બર, શ્વેતામ્બર, આરક્તામ્બર અને પુષ્પાંબર, આ પાંચ અંબર છે. ધોતી–ઉપરણા, આડબન્ધ, કચ્છા, સૂથન અને ઘેરદાર, આ પાંચ પણ અંબર છે. ચન્દવા, પિછવાઇ, સિંહાસન વસ્ત્ર, ખંડવસ્ત્ર અને પાટવસ્ત્ર, આ પાંચ સાજ છે.

બાજુબંધ, કંકણ, કડા, મુદ્રિકા અને રતનચોક આ પાંચ હસ્ત શૃંગાર છે. પાંચ પાંચ કર નખચન્દ્ર, પાંચ પાંચ પદ નખચન્દ્ર, કર્ણભૂષણ (કુંડલ), કટિભૂષણ (કિંકિણી), કંઠભૂષણ, હૃદયભૂષણ અને ચરણભૂષણ. આ પાંચ ઘરેણાં છે.

વસંતનો વસંત, ગ્રીષ્મનો સારંગ, વર્ષાનો મલ્હાર, શરદનો કેદાર અને હેમન્તનો નાયકી. આ પાંચ ઋતુના પાંચ રાગ પણ પ્રસિદ્ધ છે.

મંગલ ભોગ, શૃંગાર ભોગ, રાજ ભોગ, ઉત્થાપન ભોગ, સંધ્યા ભોગ. આ પાંચ ભોગ બહિરંગ છે. ગ્વાલ ભોગ, શયન ભોગ, બન્ટા ભોગ, ઉત્સવભોગ અને મનોરથ ભોગ, આ પાંચ અન્તરંગ છે.

ચંદન શૃંગાર, ફૂલ શૃંગાર, મોતી શૃંગાર, સ્વર્ણ (જરીના) શૃંગાર, ફાગ (ચોવા–ચંદન ગુલાબ–અબીર) ના શૃંગાર, આ પાંચ શૃંગાર મુખ્ય છે. વસંતમાં ફૂલ મંડલી, ગ્રીષ્મમાં જલનૌકા વિહાર, વર્ષામાં હિંડોળા વિહાર, શરદમાં ચંદ્રિકા (હટરી મહલ) વિહાર હેમન્તમાં અંતર વિહાર, આ પાંચ વિહાર મુખ્ય છે.

વર્ષા ઋતુના ઉત્સવ–નંદમહોત્સવ, પલના, દાન લીલા, સાંઝી લીલા, હિંડોળા, પવિત્રા, રક્ષાબંધન આદિ.

શરદ ઋતુના ઉત્સવ–નવવિલાસ, દશહરા, શરદ રાસ, દિપોત્સવી, અન્નકુટ, મંડપ.

હેમન્ત ઋતુના ઉત્સવ–કુનવારા, ધનુર્માસ અને વ્રતચર્યા.

વસંતના ઉત્સવ–હોલિકા, ડોલ અને ગ્રીષ્મના ઉત્સવ–જયેષ્ઠાભિષેક, રથ યાત્રા આ પ્રમાણે પાંચ ઋતુના પાચ ઉત્સવ પ્રકાર છે.

દર્શનામૃત, ચરણામૃત, વચનામૃત, અધરામૃત, લીલામૃત, આ પાંચ અમૃત પુષ્ટિ પથમાં છે. પાંચ મંજરી ગ્રન્થ પણ (નંદદાસજી કૃત) પુષ્ટિ માર્ગમાં પ્રસિધ્ધ છે.

ચરણ કમલ, કર કમલ, હૃદય કમલ, મુખ કમલ અને નયન કમલ આ પાંચ કમલ પ્રસિધ્ધ છે.

વક્રચંદ્ર (દ્વિતીયાનો) અર્થાત્ વૃષભરાશિનો ચંદ્ર ઉચ્ચનો વાસુદેવ શ્રીકૃષ્ણચંદ્રનો છે. ચોથનો ચંદ્ર કલંકી અર્થાત્ કૃષ્ણને સ્યમન્તમણિની ચોરીનું આળ આવ્યું તે અષ્ટમીનો અર્ધ ચંદ્ર–કૃષ્ણચંદ્ર શુકલ ચંદ્ર છે. નવમીનો અર્ધચંદ્ર–રામચંદ્ર, વિઠ્ઠલચંદ્ર છે. પુનમનો પૂર્ણ ચંદ્ર શ્રીકૃષ્ણની રાસલીલામાં અખંડ મંડલ છે. પંચમ નિષ્કલંક ચંદ્ર પંચમાચાર્ય શ્રીકૃષ્ણાધર સુધાનિધિ છે. અથવા રામચંદ્ર, કૃષ્ણચંદ્ર, ચૈતન્યચંદ્ર, વલ્લભચંદ્ર અને વિઠ્ઠલચંદ્ર. આ પાંચ ચંદ્ર પણ તે તે સંપ્રદાયમાં પ્રસિધ્ધ છે મૂલ કૃષ્ણ, ચૈતન્ય કૃષ્ણ (ગૌરાંગ કૃષ્ણ), વસ્તુતઃ કૃષ્ણ શ્રી વલ્લભાચાર્ય, ગુપ્ત કૃષ્ણ શ્રી વિઠ્ઠલનાથજી, ગુસાંઈ કૃષ્ણ ગોકુલનાથજી. આ પાંચ કૃષ્ણ પણ ભકિત સંપ્રદાયમાં ભકતોદ્ધારક પ્રસિદ્ધ છે.

પરશુરામ, શ્રીરામ, બલરામ, શાલિગ્રામ અને આત્મારામ, આ પાંચ રામ પણ પ્રસિદ્ધ છે.

પંચમ યુગના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજી, પ્રકાશક શ્રી વિઠ્ઠલનાથજી, પ્રમોદક શ્રી ગોકુનાથજી, પ્રપોષક શ્રી હરિરાયજી અને પ્રચારક શ્રી પુરુષોત્તમજી. આ પાંચ પ્રસિદ્ધ છે.

વેણુગીત, પ્રણયગીત, ગોપીગીત, યુગલગીત અને ભ્રમરગીત, આ પાંચ ગીત શ્રી ગોપીજનોએ ગાયાં છે.

રુદ્રગીત (ભા. ચ. સ્ક. અ. ૨૪), ઉદ્ધવગીત (ભા. તૃ. સ્કં. અ. ૨-૩-૪), શ્રુતિ ગીત (ભા. ૬.), મહિષી ગીત (ભા. ૬.), ભિક્ષુગીત (ભા. ૧૧). આ પાંચ ગીત પણ મનાય છે.

પ્રેમામૃત ભાષ્ય, મધુરાષ્ટક ભાષ્ય, સર્વોત્તમ ભાષ્ય, ભાષ્ય પ્રકાશ અને ભાષ્યરશ્મિ. આ પાંચ ભાષ્ય પુષ્ટિપથમાં પ્રસિદ્ધ છે.

વિદ્વનમંડન, શૃંગાર રસ મંડન, શ્રી વિઠ્ઠલનાથજી વિજ્ઞપ્તિઓ, લલિત ત્રિભંગ સ્તોત્ર અને શ્રીમતી સુબોધિનીજી ઉપર ટિપ્પણી, આ પાંચ સિદ્ધાંત રસાત્મક ગ્રન્થ પુષ્ટિમાર્ગમાં મનાય છે.

શ્રી ભાગવતાર્થ નિબંધ, પુરુષોત્તમ સહસ્રનામ, દશમ સ્કન્ધાર્થાનુક્રમણિકા, ત્રિવિધ. નામાવલિ અને નિરોધ લક્ષણ, આ પાંચ ગ્રન્થ પંચમાચાર્યના પ્રસિદ્ધ દશલીલાત્મક છે પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ, સિદ્ધાંત મુક્તાવલિ, નવરત્ન, વિવેકધૈર્યાશ્રય અને ભક્તિવર્ધિની. આ પણ પંચમાચાર્ય કૃત છે.

યમુનાષ્ટપદી, ગોકુલાષ્ટક, ભુજંગ પ્રયાતાષ્ટક, શ્રી રાધાષ્ટક, શ્રી વલ્લભાષ્ટક, આ પાંચ અષ્ટક પુષ્ટિપથમાં પ્રસિદ્ધ છે. હરિદાસ સ્વામી, હરિવંશ સ્વામી, ગોવિંદસ્વામી, (પુષ્ટિ માર્ગી) સૂર સ્વામી, પરમાનંદ સ્વામી, આ પાંચ સ્વામીનાં પદ પ્રસિદ્ધ છે. તુલસીદાસ (રામાયણી), નંદદાસ (ભાગવતી), નાભાજી (ભક્ત માલ કર્તા), ધ્રુવદાસ (બેતાલીસ લીલા છદ્મ કર્તા), નાગરીદાસ (નાગર સમુચ્ચયી), આ પાંચ ભક્તરાજ પણ પ્રસિદ્ધ છે. ગીત ગોવિંદ કાવ્ય, શ્રી વલ્લભ ગીતકાવ્ય, શ્રી રાધા સુધાનિધિ કાવ્ય, રસાબ્ધિ કાવ્ય અને લીલાબ્ધિ કાવ્ય. આ પાંચ કાવ્ય રસાત્મક, લીલાત્મક તે તે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. શ્રી જયદેવ, માધવદાસ, હિત હરિવંશ, ગોસ્વામી દેવકીનંદન (પુષ્ટિમાર્ગી), શ્રી હરિરાયજી અનુક્રમે ઉપર કહેલ કાવ્યના કર્તા છે.

કુંભનદાસ, કૃષ્ણદાસ, ચતુર્ભુજદાસ, છીતસ્વામી અને પાંચમા પદ્મનાદાસ, આ પણ પુષ્ટિપથમાં પદકર્તા પ્રસિદ્ધ છે.

શ્રી વલ્લભનંદ શ્રી વિઠ્ઠલેશ પ્રભુના સાત પુત્રોમાં પંચમ પુત્ર જાનકીવર શ્રી રઘુનાથજીએ ભક્તરાજ ગોસ્વામી તુલસીદાસજીને સીતાપતિ શ્રીરામ રૂપથી દર્શન દીધાં હતાં.

તેમજ પંચમાચાર્ય શ્રી મહાપ્રભુજીએ ચિત્રકૂટના કાંતાનાથ પર્વત પર શ્રી હનુમાનજીને રામરૂપથી દર્શન દીધાં હતાં. ગોસ્વામી દ્વારકેશજી (ભાવનાકાર), ગો. યોગી ગોપેશ્વરજી, ગો. વલ્લભજી (સુબોધિની લેખાકાર), ગો. ગિરધરજી (ભાષ્ય ટીકાકાર), ગોસ્વામી તિલક શ્રી દામોદર પ્રભુ (સુબોધિની સુધાકર). આ પાંચ ગોસ્વામી પુષ્ટિમાર્ગના પ્રવર્ધક છે.

ગો. દેવકીનંદન, ગો. અનિરુદ્ધ, ગો. રમણ પ્રભુ, ગો. કૃષ્ણ કન્હૈયા, ગો. તિલક શ્રી ગોવર્ધનલાલજી, આ પાંચ ગોસ્વામી બ્રહ્મવાદ યુકત ભકિતરસના સમર્થક છે.

ભારત ભૂષણ દયારામભાઈ (ગુર્જર કવિ–સમ્રાટ), ભારતેન્દુ શ્રી હરિશ્ચન્દ્ર (વ્રજભાષા રાષ્ટ્રભાષા કવિ સમ્રાટ), ભારત માર્તંડ ગોવર્દ્ધન ભટ્ટજી ગટ્ટુલાલજી (આશુ કવિ શતાવધાની), બાલકૃષ્ણ ભટ્ટ (સુબોધિની યોજનાકાર), વલ્લભ વેદાંત ભકિતવીર શ્રી મગનલાલજી શાસ્ત્રી, આ પાંચ ભકત વિદ્વાન પ્રસિદ્ધ છે

શ્રી વલ્લભ યુગ, શ્રી વિઠ્ઠલ યુગ, શ્રી ગોકુલેશ યુગ, શ્રી હરિરાય યુગ અને પુરુષોત્તમ યુગ, આ પાંચ આચાર્ય પંચમ યુગના પ્રભાકર છે, પુષ્ટિ સિદ્ધાન્તના પ્રાણરૂપ છે.

ઇતિ ગોવિન્દ કોવિદ કૃત શ્રી પુષ્ટિ પંચમ યુગ પંચક પરિપૂર્ણમ્.

⁂

(૪૦ મા પાનેથી ચાલુ)

ભગવાન પ્રતી દાસ ભાવની સ્ફૂર્તિ થાય છે ત્યારે દાસ્યભાવ જ તેનો સ્વધર્મ છે અને વર્ણાશ્રમ પરધર્મ કે વિધર્મ બની જાય છે. અને જ્યારે ભગવદ્ ભાવ પ્રાપ્ત થઇ જાય છે, સર્વાત્મભાવની પ્રાપ્તિ થઇ જાય છે ત્યારે તેનો તેજ ધર્મ છે, અને અન્ય, પરધર્મ બની છે. "યાવદ્દેહોડયં તાવદ્વર્ણાશ્રમ ધર્મા એવ સ્વધર્માઃ. ભાગવદ્ધર્માધ્યોડપિ વિધર્માઃ પર ધર્મા વા....તદા દાસ્યં સ્વ સ્વધર્મ.... યદાપુનર્ભગવદ્ ભાવ પ્રાપ્તઃ તદા અલૌકિક ધર્મા એવ સ્વધર્માઃ અન્યા પરધર્મા." (૩–૨૮–૨)

૧૩. શ્રી વલ્લભચાર્યજીની દષ્ટિમાં "હરેર્દાસ્ય" એજ ધર્મ કહેવાયેલો છે. તે સાધન રૂપ નહીં, ફલરૂપ છે. તેથીજ શ્રી ગોપીજનોએ તામસ ફલ પ્રકરણમાં કહ્યું છે કે "ભવામદાસ્યઃ". તેમને મોક્ષની પણ ચિન્તા નથી, ઇચ્છા નથી. કર્મ, જ્ઞાન અને સાધનરૂપ ભકિત એ મોક્ષ સુધીના સાધન છે. પરંતુ ધર્મિની પ્રાપ્તિ નથી કરાવી આપતાં. વ્રજ સીમંતિઓએ ઉદ્ધવજીને કહ્યું કે "વ્રજ વહાલું રે વૈકુંઠ નથી જાવું." સર્વાત્મભાવ આ ભગવત્પ્રાપ્તિ કરાવે છે. આ માટે એજ સાચો ધર્મ છે અને તેની સિદ્ધિ પ્રભુના દાસ્યથી પ્રભુના અનુગ્રહથી થાય છે.

આ વિષયને શ્રી ગુંસાઇજીએ પણ ન્યાસાદેશની વિવૃતિમાં બતાવેલો છે "કર્મ જ્ઞાન ભકિત માર્ગા હી મોક્ષાન્તાઃ ભગવદ્ધર્મ પર્યવસાના એવ નતુ ધર્મિપર્યવસાનાઃ ત્રિષ્વપિ વિહિતત્વેનૈવં કરણમિતિ ભગવદ્ધર્મ સ્યાજ્ઞા પરત્વ મેવેતિ તથા સર્વાત્મ ભાવસ્ય કેવલ ધર્મિ પર્યવસાનાત્સએવ ભાવ ઉપદિષ્યે ભવતિ."

⁂

શ્રી વલ્લભાચાર્યજીની ધર્મ ભાવના

લે. ગો. વા. પ્રો. જેઠાલાલ ગો. શાહ

જગતની વિભિન્ન પ્રજાઓમાં વિભિન્ન ધર્મ ભાવના પ્રવર્તમાન છે. આ ધર્મ ભાવનાનું મૂળ ગમે તે હોય, પરંતુ સમયની ગતી સાથે આ ધર્મ ભાવનાએ સાંપ્રદાયિક સ્વરૂપ ધારણ કરી લીધું છે. ભારત વર્ષમાં આર્યશાસ્ત્રોમાં ધર્મને અલગ અલગ રીતે સમજાવેલો છે. કોઇ નિયમને ધર્મ કહે છે તો કોઈ આચારને, કોઇ વ્રતને, તો કોઇ ઉપાસનાને, અને કોઇ જ્ઞાન, યોગ યા ભક્તિને ધર્મ કહે છે. આ બધા એક પ્રકારથી આત્મ શુદ્ધિ અને જીવનના આધ્યાત્મિક વિકાસના માર્ગ છે. વેદના પૂર્વકાંડમાં યજ્ઞને મુખ્ય ધર્મના રૂપમાં બતાવેલ છે, સંહિતામાં અને બ્રાહ્મણ ગ્રંથોમાં આનું વિસ્તારથી નિરૂપણ કરાયેલું છે. આગળ ચાલતાં જૈમિની એ પૂર્વ મિમાંસામાં ધર્મની મિસાંસા કરેલ છે, અને તેમાં તેઓએ બતાવેલ છે કે ધર્મ અર્થાત્ કર્મ, એજ સર્વ કાંઈ છે. અને કર્મનું ફળ દેવાવાળુ પણ તે જ હોવાને કારણે ઇશ્વરનો સ્વીકાર કરવાની પણ આવશ્યકતા નથી. બાદરાયણ વ્યાસજી એ બ્રહ્મ સૂત્રમાં ધર્મની અપેક્ષા ધર્મી બ્રહ્મનો વિચાર કરેલ છે અને તે બ્રહ્મની પ્રાપ્તિ કરાવવાવાળા સાધનને ધર્મ કહેલ છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે કર્મ, જ્ઞાન, યોગ, સન્યાસ ઇત્યાદિનો ઉપદેશ દઇને ઉપસંહારમાં બધા ધર્મોનો ત્યાગ કરી ભગવાનના શરણમાં જવું, એમ કહીને ‘શરણ’ ને જ ધર્મ બતાવેલ છે.

શ્રી વલ્લભાચાર્યજી એ, શ્રીમદ્ ભાગવત પર કરેલ શ્રી સુબોધિની ટીકામાં ધર્મના વિષયમાં પોતાના વિચાર અલગ–અલગ સ્થળે દેખાડેલ છે, તેના આધારે શ્રી વલ્લભાચાર્યજીની દષ્ઠિએ ધર્મનું સ્વરૂપ નીચે લખ્યા અનુસાર કહી શકાય છે.

(૧) સામાન્યતયા જે લોકો ધર્મનો સ્વતંત્ર રીતે, ધર્મીના સાથે સંબંધ વિના, વિચાર કરે છે, તે શ્રી વલ્લભાચાર્યજીને સંમત નથી. ધર્મી વિનાધર્મનું હોવું સંભવજ નથી. જે રીતે પ્રકાશ એ સૂર્યનો ધર્મ છે અને તે સૂર્યના વિના નથી રહી શકતો, તેજ રીતે કોઇ પણ ધર્મને ઇશ્વરથી અલગ નથી કરી શકાતો, અર્થાત્ જે ધર્મ ધર્મી (ઇશ્વર) સાથે સંબંધ નથી કરાવી શકતો તેને ધર્મ નથી કહી શકાતો. “ધર્મો ધર્મિ મૂલઃ તદવિરોધેન કર્તવ્યઃ ફલાર્થ ન કર્તવ્ય”.

૨. ધર્મ અને ધર્મીના વચ્ચે વિરોધ આવે તો ધર્મીનો વિચાર કરવો જોઇએ, ધર્મનો નહીં. અર્થાત્ ધર્મી માટે ધર્મ છોડવો પડે તો તેને પણ છોડવો જોઇએ. “ધર્મ–વિચારો ધર્માખ્યધિક.”

૩. ધર્મના પણ દેહધર્મ, આશ્રમધર્મ અને ભગવદ્ધર્મ એ પ્રકારે ભેદ છે, આમાં દેહ ધર્મ હેય (ગૌણ) છે, આશ્રમધર્મ અથવા ભગવદ્ધર્મ એજ ઉપાદેય (મુખ્ય) છે. દેહધર્મ ને ધર્મ માનવા વાળા ધર્મ

શાસ્ત્ર બહિર્મુખ છે કેમકે તેઓ દેહધર્મને ધર્મ માને છે આશ્રમ ધર્મ યા ભગવદ્ધર્મને નહી. “યે ધર્મશાસ્ત્રજ્ઞાઃ તે બહિર્મુખાઃ યતઃ તે શરીર ધર્મં ધર્મમાહુઃ નતુ આત્મ ધર્મં ભગવદ્ ધર્મં વા.”

૪. ધર્મ કોઇ સ્વાર્થ સાધવા યા કોઇ બહાને કે નિમિત્તથી ન કરવો જોઇએ એવા ધર્મનો પ્રભુ અંગીકાર નથી કરતા. “વ્યાજ કરણં ધર્મો ન ભવતિ” (ભા. ૧–૨–૧૯) “પુત્રાદિ કામનયા ક્રિય માણો ધર્મ ધર્મ એવ ન ભવતિ” (ભા. ૧૨-૭)

૫. ધર્મનો ઉપયોગ સાધનના રૂપમાં ન કરવો જોઇએ. સાધનરૂપે કરેલ ધર્મ ધર્મજ નથી. “તત્રરુનિગ્રશ્ચેદ્ ભગવતિ સાધનત્વેન તથા પિ ન ધર્મત્વમ્” (ભા. ૧–૨–૬)

૬. ધર્મના બે વિભાગ હોય છે (૧) અન્તરંગ અને (૨) બહિરંગ, અન્તરંગમાં અન્તરંગતમ શ્રવણાદિ, અન્તરંગતર યોગાદિ, અન્તરંગયજ્ઞાદિ, અને બહિરંગમાં વર્ણાશ્રમ, બહિરંગતર દેવતાવ્રતાદિ, અને બહિરંગતમ ઐશ્વર્યાદિ પ્રાપ્તિના સાધન. આ બધામાં અન્તરંગતમ શ્રવણાદિ એજ સાધક માટે ઉત્તમ સાધન છે, જેનાથી પ્રેમ ભકિત પ્રાપ્ત થઇ શકે છે.

૭. પ્રભુ સાથે સંબંધ કરાવે તેજ સાચો ધર્મ છે. જે પ્રભુ પ્રાપ્તિમાં અવરોધ રૂપ હોય તે ધર્મ નહીં. વર્ણાશ્રમ પ્રભુ પ્રાપ્તિમાં અવરોધરૂપ હોય તાં તેને પણ સાચો ધર્મ ન માનવો. અન્તરા ચાપિ તદ્દષ્ટે (૩–૪–૩૫) ભગવદ્ધ મેંભ્ય આશ્રમ ધર્મા હીના ઇત્યલ્પ મુચ્યતે. અપિતુ પુરૂષોત્તમે ધર્મિંત્વેવદ્દષ્ટરતાત્પર્ય યસ્ય પુંસઃ તસ્યાશ્રમ ધર્મા અન્તરાયા ફલસિધ્ધૌ યવધાન રૂપાઃ ચેતિશ્રુતિઃ દર્શયતિ”

(ભા. ૪–૪–૨૨)

૮. વ્રત વગેરે ધર્મ શરીર અનુકૂળ હોય તો જ કર્તવ્ય છે. પરંતુ જો શરીર અનુકૂળ ન હોય તો શરીરને કષ્ટ દઇને તે ન કરવા. “શરીર વ્રતયોર્વિરોધે શરીર મેવાદરણીયમ્”

(૧૦–૩૩–૨૦)

૯. ધર્મનું અનુરણ કરતા જો લોકમાં અપકીર્તિ થવાનો અવસર આવે તો પણ ધર્મને ન છોડવો જોઇએ અપકીર્તિની ચિન્તા ન કરવી, એજ રીતે કીર્તિ પ્રાપ્ત કરવાની દૃષ્ટીથી ધર્મ ન કરવા. “ધર્મકીર્તિ વિરોધે ધર્મરક્ષણીય ઇતિ સિધ્ધાન્તઃ” (૧૭–૩–૩૩)

૧૦. ભગવાનથી વિમુખ ચાહે કેટલો સારો ધર્મ તો પણ મનુષ્યનો તે ધર્મ ધર્મ જ નથી. એજ પ્રકારે ભગવાને અંગીકાર ન કર્યો તો એવો ધર્મ ફલરૂપ નથી થતો. “ભગવદ્વિ મુખસ્ય ન કોડપિ ધર્મઃ સિધ્ધયતિ (૩–૧૬–૧૩) ભગવદનંગી કૃતો ધર્મઃ ફલદાયી ન ભવતિ (૩–૧૯–૫).

૧૧. ધર્મ કરવાવાળા પુરૂષે કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો જોઈએ. સહુ પર દયા કરવી જોઇએ. દ્રોહ કરવાવાળા પુરૂષને કયારે ય સુખ નથી મલતુ.....ધર્મકર્તાડપિ ભૂત દ્રોહં ચેત્કુર્યાત્ તદાશં ન લભે તૈવ (૧૦–૪૭–૪૭).

૧૨. મનુષ્યમાં જ્યાં સુધી દેહાધ્યાસ હોય, અહંપણાનું દેહમાં ભાન હોય, ત્યાં સુધી તેના માટે વર્ણાશ્રમ ધર્મ કરવો આવશ્યક છે, તે તેનો સ્વધર્મ બની જાય છે. પરંતુ જ્યારે દેહાધ્યાસ મટી જાય છે અને

(વધુ માટે જુઓ પાનું ૩૮ મું)

નમ્ર વિનતિ

આ અંકથી "શ્રી વલ્લભ સુધા"નું નવું વર્ષ પ્રારંભ થયું છે તો સને ૧૯૮૩-૮૪ના ચાલુ થયેલ વર્ષનું લવાજમ રૂા. ૧૦ દશ ન ભર્યું હોય તો તુરતજ મ. ઓ. થી મોકલવી આપે અગર તો નીચે લખ્યા સેવાભાવી કાર્યકરોને ભરી આપી પહોંચ મેળવી પરિષદના આ સાહિત્ય પ્રચાર કાર્યમાં સહકાર આપતા રહેવા કૃપા કરે.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o. ઝવેરી એન્ડ કું. રતનપોળને નાકે
ગાંધી રોડ, **અમદાવાદ**

૨. શ્રી જયંતિલાલ શાંતિલાલ પડીયા
મેડીપ લેબોરેટરી, ૪૦૪ સ્પેકટ્રમ
કોમર્સીયલ સેન્ટર, સલાપસ રોડ-**અમદાવાદ-૧**

૩. શ્રી મનસુખલાલ મોતીલાલ (રાજકોટવાળા)
મોતી ચોહટા, **ઉદયપુર**

૪. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી**

૫. શ્રી હરજીવન બેચરભાઈ સોની
બસ સ્ટેશન પાસે, **ધ્રોલ**

૬. ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત માતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**

૭. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**

૮. ઠા. જયંતિલાલ રામજીભાઈ
વાસણના વેપારી, **જામકલ્યાણપુર**

૯. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
દિપેશ મેટલ કોર્પો. ૫૬, દિગ્વીજય પ્લોટ,
જામનગર

૧૦. શ્રી કનૈયાલાલ એન્ડ બ્રધર્સ
વાસણના વેપારી, વાયા રાજકોટ
કુવાડવા

૧૧. અશ્વિનભાઈ લાલજીભાઈ કંસારા
લાતી પ્લોટ, **મોરબી**

૧૨. શ્રી ભનુભાઈ પોપટ
કોઠેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
કડીયા પ્લોટ, **પોરબંદર**

૧૩. પ્રજાપત દેવજીભાઈ બાવાભાઈ
વાયા રાજકોટ, **માધાપર**

૧૪. આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
ભુલેશ્વર, **મુંબઇ ૨**

૧૫. શ્રી એન. જે. મહેતા
૧૦/જી. મહમદઅલી રોડ **મુંબઇ**

૧૬. શ્રી કાંતીલાલ બી. કડકીયા
૯/૧૦ મહેબુબ બિલ્ડીંગ
ખંડુભાઈ દેસાઈ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ)
મુંબઇ ૪૦૦૦૫૬

૧૭. શ્રી કાંતિલાલ વી પાવાગઢી
દરબાર ગઢ, **વઢવાણસીટી**

૧૮. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ
કંસારા બજાર, **વાંકાનેર**

૧૯. શ્રી ભાણજીભાઈ રૂગનાથભાઈ
વાસણના વેપારી, **સલાયા** (જી. જામનગર)

૨૦. શ્રી પ્રવીણચંદ્ર કસ્તુરચંદભાઈ કંસારા
કંસારા બજાર, **રાજકોટ**

૨૧. શ્રી રમણિકલાલ કપુરચંદ ધોળકીયા
શ્રી સાત સ્વરૂપની હવેલી, **રાજકોટ**

૨૨. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, **રાજકોટ**

૨૩. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, કૈલાશવાડી, લલીત કુંજ, **રાજકોટ**

૨૪. શ્રી નવીનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર, **રાજકોટ**

૨૫. શ્રી કીરણકુમાર કાંતિલાલ શીંગાલા
C/o જે. જે. એન્ડ કું, પરા બજાર, **રાજકોટ**

૨૬. શ્રી મનસુખલાલ બેચરભાઈ ગજેરા
જવાહર રોડ, **ઉપલેટા**

શ્રી વલ્લભ સુધાના આજીવન સભ્ય બનો રૂા. ૧૫૧/-

પ્રકાશન કાર્યમાં તન-મન-ધનથી સહાય કરો.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

શ્રી મહાપ્રભુજીનું ધોળ

[રાગ–પ્રગટયા શ્રી કૃષ્ણ મન ભાવતા રે લોલ]

આનંદ સાગર ઉલટયો રે લોલ. શ્રી ઈલ્લમાગારુજી ઉરજો.
પ્રગટયા શ્રી વલ્લભજી મન ભાવતા રે લોલ. ૧
શ્રી લક્ષમણ ભટ્ટજી હરખીયા રે લોલ,
જોઈને સુંદર બાળજો – પ્રગટયા. ૨
ચૈત્રવદી એકાદશી રે લોલ,
પંદર સે પાંતરીસની સાલજો – પ્રગટયા ૩
શુભદિન રવિવારનો રે લોલ,
મધ્યાન સમે સુખરાસ જો –પ્રગટયા ૪
અગ્નિકુંડ મધ્ય ખેલતા રે લોલ,
ચરણઅંગુષ્ઠ મુખમાંય જો – પ્રગટયા ૫
જોયા માતાજીએ બાળને રે લોલ,
ઉપજ્યું અતિશે વ્હાલ જો – પ્રગટયા ૬
દુધધાર છુટી સ્તનથી રે લોલ,
એ છે નિશ્ચય મુજ લાલ જો – પ્રગટયા ૭
શ્રી લક્ષમણ ભટ્ટજીને પૂછતારે લોલ,
કેમ કરી લઉં મુજ બાળજો – પ્રગટયા ૮
મારગ અગ્નિ આપશે રે લોલ,
એ છે અલૌકીક બાળજો – પ્રગટયા ૯
આગ્ન એ મારગ આપ્યો રે લોલ,
તેડી લીધા રે તત્કાળ જો – પ્રગટયા ૧૦
ચુંબન કરી અતિ વહાલથી રે લોલ,
આપ્યા લક્ષ્મણ ભટ્ટ હાથ જો–પ્રગટયા ૧૧
હૃદય સરસા ચાંપીયા રે લોલ,
આનંદ ઉર ન સમાય જો–પ્રગટયા ૧૨
ચંપારણ્ય શુભ સ્થાનમાં રે લોલ,
વર્ત્યો છે જય જય કારજો–પ્રગટયા ૧૩
દેવનાં તે દુદુંભી વાગીયાં રે લોલ,
આનંદ ઉત્સવ થાય જો–પ્રગટયા ૧૪
દૈવી જીવોને ઉદ્ધારવા રે લોલ,
પ્રગટયા છે પૂરણ બ્રહ્મ જો–પ્રગટયા ૧૫
લિરહના અગ્નિ સ્વરૂપ છે રે લોલ,
"પ્રેમી પ્રીતમ" રસરૂપ જો–પ્રગટયા ૧૬

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ સંચાલિત ગુજરાતી માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૨ : અંક ૩ જુન, ૧૯૮૩ * શ્રીવલ્લભાબ્દ ૫૦૫ * વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-

"પ્રપત્તિ માર્ગના સાધનો"

પ્રપત્તિમાર્ગ (શરણ માર્ગ)નાં સાધનો અત્યન્ત સરલ હોવા છતાં, તેનું સાધન જીવ કરી શકે તેમ નથી. તથાપિ શ્રીગુરૂદેવ અને ભગવદીયોની કૃપાથી જ્યારે વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ દૃઢ થાય, ત્યારે પ્રેમ અને આસક્તિ સિધ્ધ થતાં વ્યસનની પ્રાપ્તિ થયે ભગવત્કૃપાવડે માનસી સિદ્ધ થાય છે. એ રીતે ભગવદ્ અનુભવની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આથીજ 'સર્વ સાધન હીનસ્ય' પદ મૂકીને શ્રીહરિરાયજી જીવને ભકિતમાર્ગીય સાધનોથીયે રહિત કહે છે. પુષ્ટિમાર્ગ નિઃસાધનજનનો ઉધ્ધાર કરનાર માર્ગ છે. તથાપિ દૃઢાશ્રયની જરૂરતો છે જ.

—શ્રી હરિરાયજી

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦૦૦૧

નમ્ર વિનતિ

આ અંકથી "શ્રી વલ્લભ સુધા"ના નવાં વર્ષનો ત્રીજો અંક છે તો સને ૧૯૮૩-૮૪ના વર્ષનું લવાજમ રૂા. ૧૦ દશ ન ભર્યું હોય તો તુરતજ મ. ઓ. થી મોકલાવી આપે અગર તો નીચે લખ્યા સેવાભાવી કાર્યકરોને ભરી આપી પહોંચ મેળવી પરિષદના આ સાહિત્ય પ્રચાર કાર્યમાં સહકાર આપતા રહેવા કૃપા કરે.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o. ઝવેરી એન્ડ કું. રતનપોળને નાકે
ગાંધી રોડ, **અમદાવાદ**

૨. શ્રી જયંતિલાલ શાંતિલાલ પડીયા
મેડીપ લેબોરેટરી, ૪૦૪ સ્પેકટ્રમ
કોમર્સીયલ સેન્ટર, સલાપસ રોડ–**અમદાવાદ–૧**

૩. શ્રી મનસુખલાલ મોતીલાલ (રાજકોટવાળા)
મોતી ચોહટા, **ઉદયપુર**

૪. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી**

૫. શ્રી હરજીવન બેચરભાઈ સોની
બસ સ્ટેશન પાસે, **ધ્રોલ**

૬. ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત માતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**

૭. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**

૮. ઠા. જયંતિલાલ રામજીભાઈ
વાસણના વેપારી, **જામકલ્યાણપુર**

૯. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
દિપેશ મેટલ કોર્પો. ૫૬, દિગ્વીજય પ્લોટ,
જામનગર

૧૦. શ્રી કનૈયાલાલ એન્ડ બ્રધર્સ
વાસણના વેપારી. વાયા રાજકોટ
કુવાડવા

૧૧. અશ્વિનભાઈ લાલજીભાઈ કંસારા
લાતી પ્લોટ, **મોરબી**

૧૨. શ્રી ભનુભાઈ પોપટ
કોટેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
કડીયા પ્લોટ, **પોરબંદર**

૧૩. પ્રજાપત દેવજીભાઈ બાવાભાઈ
વાયા રાજકોટ, **માધાપર**

૧૪. આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
ભુલેશ્વર, **મુંબઇ ૨**

૧૫. શ્રી એન. જે. મહેતા
૧૦/જી. મહમદઅલી રોડ. **મુંબઇ**

૧૬. શ્રી કાંતીલાલ બી. કડકીયા
૯/૧૦ મહેબુબ બિલ્ડીંગ
ખંડુભાઈ દેસાઈ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ)
મુંબઇ ૪૦૦૦૫૬

૧૭. શ્રી કાંતિલાલ વી. પાવાગઢી
દરબાર ગઢ, **વઢવાણસીટી**

૧૮. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ
કંસારા બજાર, **વાંકાનેર**

૧૯. શ્રી ભાણજીભાઈ રૂગનાથભાઈ
વાસણના વેપારી, **સલાયા** (જી. જામનગર)

૨૦. શ્રી પ્રવીણચંદ્ર કસ્તુરચંદભાઈ કંસારા
કંસારા બજાર, **રાજકોટ**

૨૧. શ્રી રમણિકલાલ કપુરચંદ ધોળકીયા
શ્રી સાત સ્વરૂપની હવેલી, **રાજકોટ**

૨૨. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, **રાજકોટ**

૨૩. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, કૈલાશવાડી, લલીત કુંજ, **રાજકોટ**

૨૪. શ્રી નવીનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર, **રાજકોટ**

૨૫. શ્રી કીરણકુમાર કાંતિલાલ શીંગાલા
C/o જે. જે. એન્ડ કું, પરા બજાર, **રાજકોટ**

૨૬. શ્રી મનસુખલાલ બેચરભાઈ ગજેરા
જવાહર રોડ, **ઉપલેટા**

શ્રી વલ્લભ સુધાના આજીવન સભ્ય બનો રૂા. ૧૫૧/-

પ્રકાશન કાર્યમાં તન-મન-ધનથી સહાય કરો.

॥ શ્રીહરિ: ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૨ : અંક ૩
જુન, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

० ભક્તિ વર્ધિની ०

આપણી પરિષદ ૭૭ વર્ષો થયાં પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પ્રચારના માધ્યમો; પુસ્તક પ્રકાશન, માસિક પત્ર, સ્થળે સ્થળે સંમેલનો, અધિવેશનો દ્વારા દૈવી જીવો પર શ્રી મહાપ્રભુજીએ કૃપા પૂર્વક પ્રકટ કરેલ દિવ્ય ગ્રંથોનો લ્હાવો વૈષ્ણવ સમાજને આપી રહેલ છે જ. આ કાર્યમાં એક વિશિષ્ઠ માધ્યમ સર્વ પ્રથમ ઉમેરાય છે, તે છે "ભક્તિ વર્ધિની" ધર્મ પ્રચાર વાહન આ મીની બસમાં પ્રચારના દ્રશ્ય, શ્રાવ્ય એકમો, ફીલ્મ-સ્લાઈડ પ્રોજેકટર, લાઉડસ્પીકર ટેપરેકોર્ડ, પ્લેયર, તથા પુસ્તક પુસ્તિકાઓ તો હશે જ, પણ વિશેષતા એ છે કે પૂ. આચાર્યશ્રી, વિદ્વાન શાસ્ત્રી, પરિષદના કાર્યકર ભાવિક વૈષ્ણવો પણ આ પ્રચાર વાહનમાં પધારી ગામે ગામ, પ્રવચન, કથા, કિર્તન, સમાજ સેવા. સાહિત્ય પ્રચાર, શંકા સમાધાન, ગ્રંથ પાઠ આદિ વિભિન્ન પ્રવૃત્તિ કરશે. આ અભિનવ કાર્યક્રમમાં પરિષદને સર્વ કોઈનો સહયોગ નિશ્ચિત મળશે. જ આપના ક્ષેત્રમાં "ભકિત વર્ધિની" પધરાવવા આજે જ તત્પર થાઓ.

"ભકિત વર્ધિની" જ્યાં જ્યાં પ્રચારમાં જાય ત્યાં પુસ્તક પુસ્તિકાઓઓનું અલ્પ ન્યોછાવરે કે વિના ન્યોછાવરે વિતરણ કરાવવા આપ દ્રવ્ય સહાય કરી સ્વમાર્ગ પ્રચારમાં સહયોગી બની શકો છો. આપનો સહયોગ, આપના સુચનો, આપને ત્યાં "ભકિત વર્ધિની" પધરાવવાની વિનંતી. આપને જોઈતી માહિતી માટે. પરિષદના કેન્દ્રીય કાર્યાલયનો આજે જ સંપર્ક સાધો

આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય.
G–2 સીતારામ બીલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઇ ૧.

॥ શ્રીહરિઃ ॥

આપણી પરમ્પરાનું મહત્વ

લે. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ

ધર્મની પરમ્પરા પ્રદર્શન ઉપર આધારિત નથી પણ એક યથાર્થ જીવનનો ઉજજવળ પક્ષ છે. ભગવત્સેવા એક એવો પ્રકાર છે કે જેમા જીવનના બધા પાસાને દિવ્ય દીપ્તિ મળે છે. આ ઉચ્ચ કક્ષાના જીવનની એક અનેરી વિધિ છે જેને નિમ્નસ્તર ઉપર લાવી શકાય નહીં. સેવાના અંગરુપ કીર્તન સાહિત્યનું રક્ષણ આપણે સેવાની સાથે જ કરી શકીએ છીએ. કેમકે કીર્તનનો આધાર અને આલમ્બન ભગવાન છે. જન સામાન્ય નથી. આ વસ્તુ સમજવી જોઈએ. આ તથ્ય શ્રી શ્યામમનોહરજીના પ્રવચન અને સંવાદમાં સ્પષ્ટ થયું હતું.

આજે જે યાત્રાના સમયમા કુનવારો અને અન્ય મનોરથો મોટા પ્રમાણમાં થાય છે તેનુ રુપ આગળ ચાલતા મહાપ્રભુ શ્રીવલ્લભની આચાર પરમ્પરા અને સંપ્રદાયની મર્યાદાને આઘાત કરનાર થસે તેની આજે કલ્પના પણ ન કરી શકાય.

બાહ્ય આકર્ષણ કરતા ધર્મનું આન્તરિક આકર્ષણ મહત્વનું છે આ વાત આચાર્ય પરમ્પરામા સ્પષ્ટ જણાય છે. આચાર્યના ઘરની પ્રણાલી મન્દિરની પ્રણાલી નથી પણ એ આચાર્યની જીવન ચર્યાની પ્રણાલિકા છે. જેમાં વેદાંગ સાથે ભગવત્ ક્રિયાનો સમાવેશ થાય છે.

"આપ સેવા કરી શીખવે શ્રીહરિ" આ શ્રી ગોપાળદાસના આખ્યાનમાં આરાધનાના અન્યોન્ય સમ્બન્ધ સ્પષ્ટ તરી આવે છે. આવી આરાધના જાહેર નથી. એક સીમામા તેની ગરિમા અને ગૌરવ જળવાઇ શકે છે.

ઘરની દરેક વ્યકિત અને પરિવાર તેમજ શિષ્ય અને ગુરુ સહુ મળીને એક સમર્પિત સમાજના અંગ બની સ્વધર્મનું સેવન કરે તેવી ઉચ્ચ કક્ષાની વિધાને શ્રી પ્રભુચરણે શ્રી મહાપ્રભુના સિદ્ધાન્તના આધારે રચનાત્મક સ્વરુપ આપ્યું હતું. મનોરથનો મેળાવડો નહોતો પણ તે અકિંચન જનની ભેસ વેચીને પ્રભુના સુખ માટે સમ્પદાનું સમર્પણ હતું. આમ આ મઠ કે દેવાલયની પરમ્પરા હતી જ નહીં. આજે તો આવી સેવાવિધિને ટકાવવા માટે રોજમેળ તૈયાર કરવો પડે અને તે અંગે અર્થ ઉપાર્જનની વિધિ શોધવી પડે છે તે આચાર્યશ્રીને અભિમત નહોતું.

સહુ મળીને ફૂલ ગુથે અને મોતી પાડે અને પરમ પ્રેમાસ્પદના ગુણગાન કરતા તેમની રુપ માધુરીનું ચિન્તન કરી તેવા સ્વરુપ અને શૃંગારમા તેના નયને નિહાળવાની તાલાવેલીનો સમ્બન્ધ અન્તરથી છે તેનો દેખાવ સંભવતો નથી અને જો તેવું કરવામા આવે તો અનુભવ કર્તાનો આનન્દ જોનારને પ્રાપ્ત નાય નહીં. આત્રા આવા અનુભવ માટે તાદાત્મ્યની જરુર છે અને અગત્યની વસ્તુ છે તેની આન્તરિક પ્રતીતી જે દુર રહેવા છતા સતત સાનિધ્યનો બોધ આપે. કામકાજ કરતા

પણ તેનું સ્મરણ ભુલાય નહીં આવી સહજ અનુભૂતિના આયામો સ્નેહ પ્રધાન સેવા પક્ષથી સર્જાય છે. જેમ મોરલીના નાદ થકી સહુ વિસરાઇ ગયું હતું તેમજ કીર્તનની સ્વર લહરિયોમાં શ્રમ અનુભવાતો નથી અને તે ક્ષણોના શ્રમકણ સ્નેહ સિન્ધુના બિન્દુઓ બની, આત્મબળનું આલમ્બન બની, ભાવનાને જાગ્રત જ્યોતિમા ફેરવી દે છે તેની ઉજજવળ આભાનું મૂર્તરુપ સ્વયં શ્રીહરિ જ છે જેના થકી તાપ અને શ્રમ નિવારણ એતેજ થઈ જાય છે. કીર્તન થકી અવિદ્યા રુપી નર્તકી નાશ પામે છે. તેનું મોહક રુપ સેવામાં અનુરક્ત જનને આકર્ષિત કરી શકતો નથી. ત્યારે જ શાસ્ત્રોના વચન છે "સેવાનુરક્ત મનસા મભવોપિ ફલ્ગુ"

સદાચાર અને મર્યાદ આના રક્ષણની દ્રઢ પ્રાચીરો છે–એક કિલ્લા જેવી. પણ આમા કર્મની કઠોરતા નથી કિન્તુ ભાવની મૃદુતા અને કમનીય કોમળતા છે જે પ્રભુને જ સ્પર્શે છે બીજા કોઇ ને તે સમજાતી કે સ્પર્શાતી નથી. સદાચાર માટે ફરી ફરી લખવાનું કારણ એજ છે કે આના થકી જીવન સેવોપયોગી રહી શકે છે અને દુરાચારથી બચાય તો જ સેવામાં રુચી થાય અને સાધનોનો વિનિયોગ ભગવત્કાર્ય અને સ્વધર્મમા થાય અને મર્યાદા સચવાય તોજ દુર્ગુણો પ્રવેશી શકે નહીં. પૈસો આવતા આવી સંભાવના વધી જાય છે અને વાણીમાં અહંકાર તેમજ વર્તનમા અભિમાન અન્ય માર્ગે દોરવાઈ જાય છે. જ્યાં પૈસા આવ્યા ત્યાં ધર્મભાવના જતી રહી, આચાર્યની ભકિત વિગેરે જવાથી વ્યસન અને અનાચારનો સાધન સંપન્ન લોકોના ઘરમાં પુષ્કળ પ્રમાણમાં પ્રવેશ થયો છે.

સમસ્ત ધર્મ અને પુષ્ટિમાર્ગની સ્થિતિ આચાર અને મર્યાદા થકી છે અને આ મર્યાદા પરમ્પરા ઉપર આધાર રાખે છે. વૈદિક સાહિત્યથી લઈ દરેક સંપ્રદાયમાં પરમ્પરાનુ જ મહત્વ છે જો આમ ન હોય તો તે સંપ્રદાય અથવા સમાજનુ અસ્તિત્વ જ ભુંસાઇ જાય છે. માટે પરમ્પરાનો નિર્વાહ સંમ્પૂર્ણ રીતે આચાર્યના ઘરમાં થઇ શકે અને તેમાં સહાયક શિષ્યો તેમના થકી સર્વ સાધન કરી શકે છે. આ "સ્વદાસાર્થકૃતાશેષ સાધન", "સાધન કરે નિજ દાસ ને કાજ", આમ કહેવાયુ છે. વૈષ્ણવોમાં સમ્પૂર્ણ સાધન ન બની શકે, તેનુ ધ્યાન ગુરુ રાખે છે આ વાત વેદ અને પુરાણોના દાખલાઓથી સમજી શકાય છે.

સેવાના ક્રમમાં આવતા રાગો અને કીર્તનની છન્દ પરમ્પરા પોતે જ એક શાસ્ત્ર છે. કીર્તનકારો કલાકાર નથી પણ કીર્તનકાર છે જે પ્રભુ અને તેમના જ ભકતો સમક્ષ ગાતા હતા અને તેમની દિવ્ય મર્યાદા તોડવાનો પ્રયાસ શકિતથી કરવાની ચેષ્ટા અકબર બાદશાહે કરી તો તેવા દ્રઢ ભકતોએ તેમને વ્યાજબી જવાબ આપ્યો હતો. કલાકાર કલા વેચે છે અને કીર્તનકાર તેનું સમર્પણ ભાવનાથી કરે છે. આધુનિક રાગો બધાજ શાસ્ત્રીય છે તેવું નથી અને તેવા રાગ બનાવવા પાછળ જે સ્વરોની સમય સાથે સમતા હોવી જોઇએ તેનુ ભાન પણ ગાનારાઓને હોતુ નથી.

જેમ આદિનાદ થકી સૃષ્ટિની સર્જના થઇ છે અને વેણુનાદથી ભગવલ્લીલા સૃષ્ટિને ભગ-

વદ્બોધ થયો અને તેના થકી શ્રી અંગની વિલક્ષણ પુષ્ટિસૃષ્ટિની ઉત્પત્તિ નહીં પણ પ્રાદુર્ભાવ થયો. તેમજ કીર્તન થકી સેવાના ભાવ અને સાહિત્યની સૃષ્ટિ થાય છે. આજના કહેવાતા કલાકારો ભલે પોતાને શાસ્ત્રીય કહે તેનો આદર કરી શકાય જેમ તાનસેનજીનો કરવામાં આવ્યો હતો, પણ તેમની કળા અને રાગો સંગીત રત્નાકરની વાસ્તવિક પદ્ધતિમાં પણ ગવાતા નથી. કીર્તનના રાગોની રચના શ્રી અંગ થકી થઇ છે આવુ પ્રમાણ ગર્ગ સંહિતામાં જોવા મળે છે. રાગની ઉત્પત્તિ પ્રભુ થકી થઇ છે. આવી રીતે કીર્તનનું સર્જન શ્રી હરિની લીલાનું દર્શન કરીને કરવા માટે કરવામાં આવ્યુ છે. આમા આવતી સામગ્રીનું વર્ણન વેદમાં જેમ યજ્ઞ પરમ્પરામાં વિધિ છે અને સાધનો બતાવ્યા છે તેવી જ રીતે કરવામાં આવ્યુ છે તેમા પણ પ્રણાલિકાનું સ્પષ્ટીકરણ છે. આમા સાહિત્યિક ભાવના તેવા છન્દગાનમાં ન હોવા છતા તેમા ક્રમની રક્ષા છે. તેમજ છન્દગાનમાં બધા સ્થળોએ સાહિત્ય હોવુ જ જોઇએ તેવી વેદ અથવા શાસ્ત્રની વિધિ નથી આ સ્વયં સાહિત્ય છે. કીર્તનકાર અને કલાકારમાં આચાર અને વિચાર તથા ભાવનાનું અન્તર વિશાળ રૂપમાં જોઇ શકાય છે. કીર્તન ભગવદ્ ભોગ્ય છે અને કલા લોક ભોગ્ય છે. **કીર્તન થકી ભાવનાની સ્થિરતા અને ભગવત્ સુખ મળે છે. કળા થકી લોકવાસના અને લોકસુખની પ્રાપ્તિ થાય છે.** માટે કીર્તનકારોની વેશભૂષા આચાર વિગેરે વૈષ્ણવ અને ભકતમા સચવાય કલાકારમાં તેનું રક્ષણ ભકિત વિના સંભવે નહી.

લોકરુચિમાં ભગવદ્ ગુણગાન માટે ભગવદીયોએ ધોળની રચના કરીને ભગવાનના ધવળ યશગાનને લોકમાં પ્રચારિત કર્યો અને તેના થકી સિદ્ધાન્ત અને ધર્મમાં રુચિ થવાથી સેવામાં પ્રવેશ થાય તો કીર્તનની મહત્તા અને ગંભીરતા સમજાય.

ગામ વેદ મા સામ ગાનથી આવ્હાન અને સ્તુતિ થાય છે તેવીજ રીતે આમા પણ આવ્હાન અને સ્તુતિની સાથે ક્રમ પણ જોવા મળે છે. યશોદા જગાડે છે અને પકવાનોનું નામ લઈ જમવાની રુચિ જગાડે છે. સ્નાન માટે લાલચ આપે છે. તેમા ભાવનુ ઉદ્દીપન થાય છે. કર્મ કરવાં પહેલા આજ્ઞા લેવાય છે તેમજ સેવામા આજ્ઞા લઇને પ્રવેશ થાય છે. આવનીના પદો આદિ મા આવ્હાન અને ખંડિતા આદિના પદોમા પ્રાર્થનાના અનેક પ્રકારો જોવા મળે છે માટે બ્રજમાનીને (કીર્તન ને) વેદની સમતા અપાઇ છે. કીર્તનમા અને રાસમા વેશભૂષાની સાથે આચારની અને ગાવા કે દર્શનની પણ પરમ્પરાગત મર્યાદા છે. આ પરમ્પરા ન સચવાય તો વાસના વધે અને ભગવદ્ ભાવનો લોપ થાય અથવા તેવો ભાવ ટકેજ નહીં માટે આ નાટકીય રુપ મા આવી શકતુ નથી. આનુ વાતાવરણ વર્ણનમા સર્જાય છે. પડદાઓથી બનાવવાનો પ્રયાસ કરવાની કોશીશ પણ કરાઈ નથી. જે લોકો આમ જાણવા માગે છે કે તેમા વાંધો શું છે ? તે આવો જ વાંધો ઉભો થાય છે જેને આપણે વાસનાના પૂરમા આચાર વિહોણા કલાકાર થઇ ને સાચવી શકીશુ નહીં. આમ

પરમ્પરા તોડી ને જે લોકો કીર્તનની શુદ્ધતાનો વિચાર નથી કરતા અને લીલાનુ લાલિત્ય સદાચાર સાથે નથી જાળવી શકતા તેની આજે દશા પ્રત્યક્ષ જોવાય છે. ભરવાડનુ નૃત્ય કે હોડીના નૃત્યમા તેવો વેશ ધારણ કરવો પડે તો જ તેની ખબર લોકોને પડે કે આ કયુ નૃત્ય છે. તેમજ કીર્તનમા પણ શુદ્ધતાની જરૂર હોય છે અને વેશ આદિની મહત્તા રાખવામા આવી છે, તે વેશનો અંગીકાર વીતરાગ વૈષ્ણવ અષ્ટછાપના મહાપુરુષોએ પણ કર્યો હતો, વસ્તુતઃ તેમને આવુ કરવાની જરુર નોહતી. આ પરમ્પરા અને મર્યાદાનો સ્વીકાર છે.

કીર્તનની પ્રણાલીમા પણ ઋતુની અને અન્ય વાતોનો વિચાર છે. તેમા આવતા પદોમા બહારના પદો થકી આગમનો બોધ થાય છે અને આ જાણવા મળે છે કે દરેક ઋતુના આગમના રાગની બહાર હોય છે, જેમા બહાર નામના રાગનુ મિશ્રણ આવશ્યક નથી કર્નાટક સંગીતમા નારી બહારમા તેવુ સંભળાતુ નથી. તેમજ માલકોશ અને અન્ય રાગોની બહારમા આજના બહારનુ મિશ્રણ જુનુ નથી. તેની વિધિ ભિન્ન છે. આજની આ બહાર તો પૂર્યા ઠાઠના વસન્તમાજ ભળી શકે જો આમ ન કરીએ તો રાગમા અને સ્વરોમા વિકૃતી આવશે, સ્વર રચનાની સાથે સમય સંકળાએલો હોવા છતા વધાઇ આદિ મા આ વાતનો વિચાર નથી તે નિત્ય લીલાના વિવેકના આધારે. પ્રભુ પ્રકટે અને સમસ્ત ગ્રહ નક્ષત્રો અને ઋતુઓ અનુકૂળ બની જાય તો ત્યાં વર્ણનમા રસપ્રધાન હોવાથી તે રસની અભિવ્યક્તિ કરતા રાગો ગાવાની છુટ છે. આમા પણ પરમ્પરા અને પ્રણાલી છે.

ગાયનમા પણ ઇન્દ્રિયોના નિગ્રહ વિના સ્વરો સરખી રીતે નીકળે નહીં. અને તેમનાથી થતી વ્યંજના પણ ભાવોનુ સ્પષ્ટીકરણ કરી શકે નહીં. હ્રસ્વાઇ અને દીર્ઘાઇનો વિચાર અને તેમા વપરાતી પ્રાણશક્તિ અને પ્રયત્ન આન્તર અને બાહ્ય તેનો વિચાર કરવાની આવશ્યકતા છે. આમ ન કરવાથી ભાવ, શબ્દ અને છન્દનો ભંગ થાય અને ગવૈયયાની જેમ અસ્પષ્ટ શબ્દોની ગે ગે-ફેં ફેં સંભળાય ભલે તેમા સ્વર હોય પણ સંગીતની સમ્પૂર્ણતા રહેતી નથી. વ્યંજન ઉપર વધુ ભાર મુકવો, નકી સ્વર ઉપર જ સ્વર લાગવાથી ભાવની અભિવ્યક્તિ અને સ્વરનો સંચાર તેમજ લયની વિધી સચવાય છે. જેમ "અરી હોં તો યા મગ નિકસી" અને અરિ હો તો યા મગ નિકસી. આના ઉચ્ચાર મા અને સ્વર તેમજ લય મા ફેર પડશે. અરિનો અર્થ શત્રુ થશે. તેમજ વેદના માટે જે દાખલો છે તે સંગીતમા સાચો પડશે. "સવાગ્વજ્રો યજમાન હિનસ્તિ" આમ ભાવનો નાશ થાય અને છન્દ તથા લયમા વિકૃતિ આવે, પછી તેને ગમે તે રીતે ખેંચી ને પૂર્ણ કરવુ પડે તે મશ્કરી જેવુ લાગે છે.

'નીર ભરન હોં તો', મા નીર ભરન પછી હોં. હોં. હોં.ની તાન ભાર મુકી લેવાય તો હોં હોં હોં અર્થવિહીન વિચિત્ર લાગે. અને વ્યંજન ઉપર સ્વરભારથી લય અને છન્દની ચુતિ સચવાય નહીં. સેવા અને તેના દરેક ક્રમમાં સમર્પિત જીવન સન્ત પરમ્પરાનુ

છે. કળા મા તે નભતું નથી. આ ગાવાની આજીવિકા પણ કળાના માટે સમર્પિત જીવનમા સમાવવાનો પ્રયાસ નિરર્થક નિવડયો છે.

રુપા પોળિયાની વાતમા સંગીતની પ્રધાનતા નથીં ભાવ અને લોકસાહિત્યની વિધિ છે.

રસિયા વિગેરેની પદ્ધતિ પણ આવી જ રીતે અર્પિત થઈ છે. પણ તેમાં બેફામ પણું નથી હોતું. અન્યથા ભાવ ભ્રષ્ટ થઈ જવાય મન માન્યું કરવાની વાત અને છુટ આમા મળતી નથી. પ્રભુ મન માન્યુ સુખદ ન કરી શકે પણ આ જીવની સામર્થ્ય નથી.

આચાર્યને ત્યાં પ્રસ્તાવ થતા તો ત્યાં ભગવન્નામ લેવા અને કીર્તનની વિધિ મંગલા ચરણ છે. આમ અન્ય ગાયનો ગવાતા નહીં અને વૈષ્ણવો ઉપસ્થિત થઇને ગુણગાન કરતા તેમજ કયારે કોઇ કળાકારનું સન્માન પણ કરવામાં આવતું આજના કલાકારોમાં ભક્તિ ભાવના કે ધર્મ જેવું હોતું નથી માટે તેમનું માન મર્યાદા વિહોણુ કરી શકાય નહીં.

તાળા ખુલતા જ કીર્તનની શરુઆત થાય છે. અને તેની આજ્ઞા શંખનાદ સાથે જ હોય છે. આવી જ રીતે અન્ય સેવાની શરૂઆતમાં કીર્તન માટે સુચના અપાય છે. આ પદ્ધતિ વેદની યજ્ઞ પરમ્પરામાં અમુક ઋચાનુ કે દેવનું ગાન કરવાની સુચના આપવા પ્રમાણે કરવામાં આવે છે. શ્રી વિઠ્ઠલેશ્વરે અપાર કરુણા કરી આને સર્વ સુલભ સેવા પ્રકારથી કરી આપ્યું.

માટે અષ્ટ છાપના કીર્તનકારોએ ગુણગાન કરતા જણાવ્યું છે. "શ્રી વલ્લભ પ્રભુ કરુણા સાગર જગત ઉજાગર ગાઇએ." આ કરુણા સાગર અન્તર ઉર્મીનો પ્રાદુર્ભાવ શ્રીપ્રભુ ચરણ છે અને આમ આચાર્ય વન્દનાથી સેવામાં કીર્તન રમ્ભ થાય છે. શ્રી યમુના થકી તનુનવત્વ મળે છે અને સેવાપયોગી દેહની પ્રાપ્તિ તેમ જ લીલા દર્શનની સામર્થ્ય પ્રાપ્ત થાય છે માટે તેમની સ્તુતિ કરવામાં આવે છે. કીર્તન કે અન્ય કોઈ પણ સેવા તિલક રચણામૃત લીધા વિના થતી નથી.

શૌચાદિ ક્રિયા કરી સ્નાન કર્યા વિના કીર્તન ન થાય અને જો લઘુશંકા કરવા જવું પડે તો માર્જન કરી હાથ ધોઇને જ કીર્તનના પુસ્તકનો સ્પર્શ કરી શકાય. તેને તિલક પણ થાય છે, તેમજ કીર્તનકારોને પણ ઉત્સવમાં તિલક કરવાની વિધિ છે. એ આચાર્યને તિલક કરાયા પછી જ થાય છે. આર્તિ કરીને તેમને પુસ્તક ઉપર લગાડેલ કુમકુમ અપાય છે. ત્યારબાદ મુખ્ય સેવક અને અન્યને તિલક થયા પછી વૈષ્ણવ પ્રસાદી કુમકુમથી તિલક કરે અને તેનું કુમકુમ આપણા ઘરમાં પ્રભુનું પ્રસાદી હોય તેનાથી તિલક થાય. રોજ ચરણામૃત માટે પાત્ર (કસેડી) હોય તેમાંથી સેવામાં જતા પહેલા ચરણોદક લેવું તેનાથી અન્તઃકરણની શુદ્ધિ થાય પછી સેવામાં હાથ ખાસા કરીને સેવા શરૂ થાય છે. હાથ કે અન્ય વસ્તુ વારંવાર મોઢામાં નાખવી નહીં. નખનો સ્પર્શ જળને ન થાય માટે ઝારી ભરતી વખતે સાવધાની રાખવી. કરવામા પણ તેટલું જ જળ ભરવું જે હાથ રાખતા નખ ન લાગે. તેના માટે કરવા ઝારી વિગેરેમાં ગળા જેવી કંબુ આકૃતિ રખાય છે અને ઝારી

ભરતા શબ્દ થાય તેનાથી ખબર પડી જાય કે હવે આગળ જલ નાખવુ નહીં. તેનું વસ્ત્ર ન પલળે અને અંધારામાં પણ ખબર પડી જાય છે. મથુરાધીશની પ્રણાલીમાં ઝારીના માટલામાં જ ઝારી ભરવાને માટે અવકાશ રખાય છે અને નવનીત પ્રિયાજીની પ્રણાલિકા માંદાંડીવાળો ડોઇયો અને શ્રીનાથજીમા કળશ જેવો લોટો વપરાય છે. ઝારી ઠાલવવાની માટલી અલગ હોય છે. અને તેમા ઝારી ઠાલવીને ફરી જળ નાખી તે ખાસા કરવી. ત્યારબાદ ભરવી જોઇએ. પાત્રો સવાર સાંજ માંજવા જોઇએ તેનું માર્જન કર્યા વિના કામમાં ન લેવાય. અમુક વાસણો ઉપર માટી પણ લગાડાય છે જેનાથી સામગ્રી દાઝી ન જાય તેનું રક્ષણ થાય છે. આમાં સ્તંદિલ લેપનની પ્રણાલી આવી જાય છે. યથા સમય વાસણ તપાવવા જોઇએ.

આમ આચારની પરમ્પરા છે તેમા હાઈજન જેવી ભાવના ભલે કરો પણ આવી ભાવનાથી શુદ્ધિ થતી નથી. દેહનું અનુસંધાન થાય અને દેહ રક્ષાની વસ્તુ પ્રધાન થાય છે જ્યારે સદાચારમાં અંતઃકરણની નિર્મળતા અને વસ્તુના દોષો દુર થવાની વાત અંતરમાં ઉદય પામે છે. હાઇજન વાળાઓને ચોખવટ સાથે નિસ્બત છે. પણ સદાચારમાં તેમની આસ્થા હોતી નથી તો ઇન્દ્રિયો પણ છૂટાછેડા લઇ બેફામ વર્તે છે.

આ ભાવનાનો ભેદ છે. તેના થકી ફળ ભેદ થાય છે. માટે ભાવના થકી ભ્રષ્ટ થનારી અને આચાર વિહીનની શુદ્ધિ વેદથી પણ થતી નથી આમ જણાવામાં આવ્યુ છે. સેવા વેઠ નથી તેમ શ્રમ પણ નથી, પણ આનન્દાત્મક બ્રહ્મની અમલ ક્રિયાઓ થકી અનેરો અનુભવ કરવાનો પ્રકાર છે. સ્નેહની પ્રધાનતા અને આલમ્બન મા ભગવાન સ્વયં કારણરુપ છે. માટે અન્ય પ્રકાર તેની સાથેજ સંકળાએલા છે. શુદ્ધ સ્નેહ મા થાક નથી લાગતો અને આનન્દનો અનુભવ થાય છે. આમા માત્સર્યાદિ દોષો બાધક છે. આમ જોતા જેવી રીતે રાસ પંચાધ્યાયીના પાઠની ફળશ્રુતિ મા કામ (વાસના) ના હ્રદય રોગથી મુકત થવાય છે તેમજ કીર્તન તથા અન્ય લીલામા આવતા પદોનુ ચિંતન કરતા મન નિર્મળ બને છે. આમા પરમ્પરાનો ખ્યાલ ન હોય તો વાસનાથી પતન થાય છે. જેમ ભગવલ્લીલાને લોક લીલા માનનારની ગતિ છે. માટે શ્રીકૃષ્ણ અલૌકિક પ્રભુ છે આમ આચાર્યશ્રી જણાવે છે. સેવાની વસ્તુમા અલૌકિક ભાવના હોય તો જડતા દુર થાય અને આમ ન હોય તો અન્યથા ભાવ આવે અને વસ્તુની અપેક્ષા વધે આજની ભાવના તેનુ પ્રત્યક્ષ પ્રમાણ છે. માટે આચાર્યો અને વૈષ્ણવોને તેનાથી અલગ રહેવાની જરુર છે અને પરમ્પરા સમજવાની જરુર છે.

પ્રણાલીને વખોડવી તે આજનો સુધારો ભલે હોય પણ આ સંપ્રદાયની મર્યાદા નથી. અને નિર્મર્યાદિત જીવન પશુતુલ્ય છે. જેમાં માતા, પિતા, ભાઇ, બહેન, ગુરુજન તથા મોટાઓનો વિચાર હોતો નથી. દાયકા મા કાયદાના ભુકકા બોલાઈ જાય છે અને નવા નવા નિયમો પણ માનવને નૈતિકતા આપવામા અસમર્થ નિવડે ત્યારે તેને પરિવર્તન કે ફેશન

અને ચેન્જેસના નામોથી સંબોધવામા આવે છે. વસ્તુતઃ પરમ્પરા પાછળ રહેલા હેતુઓ જાણવા પ્રયાસ કરવો જોઇએ. મકાનમા કયા કેટલો ભાર મુકવાથી તે મજબુત રહેશે તે જાણવુ અને તેનુ નિયમન કરવુ પડે છે તેમજ આ આચાર અને પરમ્પરાનુ સ્વરુપ છે. આનુ પાલન સર્વ અંશે ન બને તો પણ જાણવાની જરુર છે. સ્વધર્મનુ આચરણ યથાશકિત કરવાનો આચાર્યોપદેશ છે. તેના માટે જે જોગવાઈ કે સગવડ કોઇને આચાર્ય કરી આપે તે વ્યવસ્થા છે પણ તે સાર્વત્રિક સાર્વદેશિક હોતી નથી તે અપવાદ શાસ્ત્રનુ સ્વરુપ છે તેને નિસર્ગ ન માની શકાય. આવી શાસ્ત્ર મર્યાદાઓ છે. ધર્માચાર્ય તેનુ મનન કરીને વ્યવસ્થા આપે છે. જો આમ ન કરવા મા આવે તો અનાચાર વધે. અહિયા આ પ્રશ્નજ અસ્થાને છે કે તેને આમ આજ્ઞા આપી તો મને કેમ નથી મળતી. આવી ભાવના હોય તો આજ્ઞા લેવાની જરુર નથી પછી શેઠિયાઓની માફક વર્તન કરવુ યોગ્ય છે. આ શિષ્યની પ્રણાલી નથી. જયપુરના રાજાને યજ્ઞ કરવાનો અધિકાર નોહતો અને બીકની કલ્પનાથી પંડિતો કબુલ થયા પણ એક વિદ્વાન તેનો વિરોધ કરી રાજછોડી કોટા આવી ગયા. આ પંચનદી પરિવારની વાત છે. કાલ્પનિક નથી. તેમજ શેઠની લાલચમા થયુ હોય કે અભિમાન મા, તે ધર્મ નથી. તેને અને પરમ્પરાને લાગે વળગે નહીં. ખોડિયો થયેલ વ્યકિત સગવડ માગે તેવી સગવડ તો ખોડિયાનેજ અપાય અને તેવુ જોઇએ તો ખોડિયા બનવુ યોગ્ય છે.

આચાર્યના અને ભગવાન ના બે સ્વરુપ છે એક દૈવોદ્ધારક અને બીજુ સર્વોદ્ધારક આ સર્વોદ્ધારક સ્વરુપ તેમની વિશેષતા છે તેમા નિયમાદિ ભંગ નથી તેમના સામર્થ્યનુ બોધક કાર્ય છે. જેમ મસાણમાં ચિતા ઉપર રોટલા શેકી ખાતા ગૈષ્ણુવની સદ્ગતિ કરી તેનો આ અર્થ થાય નહીં કે બધા લોકો મસાણ મા રોટલા શેકીને ખાય આવા લોકોના ઉચ્છિષ્ટ થી કોઇનો કોઢ મટશે નહીં પણ તેની થવાની શકયતા છે. આમ પાપનુ અનુસરણ પણ ન થાય. અને આવા દાખલાઓ અપવાદે બને છે તેના થકી આટલુજ સુચન મળે છે કે આવા હીન જીવોનો ઉદ્ધાર પણ થાય છે આત્મા મા તાપ થાય અને આવી ભાવના આવે કે આચાર્ય આ પતિત દશામાં પણ મને યાદ કરે છે? જો આવો તાપ ન થાય તો તેના ઉદ્ધારની વાત પણ ઉપસ્થિત થતી નથી. અજામીલના દાખલા મા પણ આવીજ વાત છે.

◆

“પ્રભુ સમીપ”

ચલી પ્રાત નહાત નવ દૂલહનીયા બન બ્રજનાર ।
ચલત ચાલ ચિત્તવની, નૂપુરકી ધ્વનિ બાજ રહી અતિ ઘની ।
ચલી શામ ડગર, નંદ ભવનદ્વાર, ચલી શામ નિકટ ।
મુખ દેખન લાલકો, પ્રિય પ્રાણકો ।

— ગો. દામોદર લાલજી બાવાશ્રી કલોલ

આ માસના ઉત્સવ

તા. ૧૨–૬–૮૩ જેઠ સુદ ૧ રવિવાર ચંદ્ર દર્શન ગંગા દશહરા પ્રારંભ. પનઘટ, જલક્રિડા, શ્રીયમુનાજીના પદ પૂનમ સુધી બોલાય.

ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી) નો પ્રાકટ્ય દિન (બીજનો ક્ષય છે તેથી આજે.)

તા. ૧૪–૬–૮૩ જેઠ સુદ ૪ મંગળવાર

ગો. ચિ. શ્રીકુંજરાયજી (યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરવલી–જામખંભાળીયા) નો પ્રાકટ્ય દિન નિ. લી. ગો. શ્રી ત્રિકમરાયજી મહારાજ (કોટ) નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૧૫–૬–૮૩ જેઠ સુદ ૫ બુધવાર

ગો. ચિ. શ્રીપુરુષોત્તમજી બાવાશ્રી (કાંકરોલી) તથા ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (જામનગર) નો પ્રાકટ્ય દિન–નિ. લી. ગો. શ્રી રશ્મિકાર યોગીશ્રી ગોપેશ્વરજી મહારાજશ્રીનો પ્રાકટ્ય ઉત્સવ. (સં. ૧૮૩૬)

તા. ૧૯–૬–૮૩ જેઠ સુદ ૯ રવિવાર

નિ. લી. ગો. શ્રી ગિરધરજી (શ્રી દ્વારકેશજી) મહારાજ શ્રી (કોટા)નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૨૦–૬–૮૩ જેઠ સુદ ૧૦ સોમવાર. ગંગા દશહરા શ્રી યમુનાજીનો ઉત્સવ.

તા. ૨૧–૬–૮૩ જેઠ સુદ ૧૧ મંગળવાર નિર્જલા એકાદશી વ્રત ભીમ અગીયારસ.

ગો. ચિ. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા) નો પ્રાકટ્ય દિન.

તા. ૨૩–૬–૮૩ જેઠ સુદ ૧૩ ગુરુવાર. સ્નાનનું જળ ભરવું તેનું અધિવાસન કરવું.

નિ. લી. ગો. શ્રી ગિરધારીજી મહારાજ શ્રી (નાથદ્વારા) નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૨૪–૬–૮૩ જેઠ સુદ ૧૪ શુક્રવાર.

ગો. ચિ. શ્રી વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી) નો પ્રાકટ્યદિન, શિક્ષા પત્રના ટિકાકાર શ્રી ગોપેશ્વરજી મહારાજ શ્રી (સં. ૧૬૪૯)નો પ્રાકટ્ય ઉત્સવ. સ્નાનયાત્રા–જ્યેષ્ઠાભિષેક (જ્યેષ્ઠા નક્ષત્ર આજે હોવાથી.)

તા. ૨૫–૬–૮૩ જેઠ સુદ ૧૫ શનિવાર

ગો. શ્રી ગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી–જામખંળીયા) નો પ્રાકટ્ય દિન. નિ. લી. ગો. શ્રી જીવનલાલજી મહારાજ શ્રી (કાશી) નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૨૬–૬–૮૩ જેઠ વદ ૧ રવિવાર. ગો. ચિ. શ્રી મથુરેશજી બાવાશ્રી (વીરમગામ) નો પ્રાકટ્ય દિન.

તા. ૨૯–૬–૮૩ જેઠ વદ ૪ બુધવાર ગો. ચિ. શ્રી ગિરધરલાલજી બાવાશ્રી (કામવન) નો પ્રાકટ્ય દિન.

તા. ૧–૭–૮૩ જેઠ વદ ૬ શુક્રવાર ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીનો પ્રાકટ્ય દિન.

શ્રી ઘનશ્યામલાલજી મહારાજ શ્રી (માંડવી) નો પ્રાકટ્ય દિન.

તા. ૭–૭–૮૩ જેઠ વદ ૧૨ ગુરુવાર યોગિની એકાદશી વ્રત.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી
અનુવાદક : શ્રી ધીરજરામ શાસ્ત્રી
શુદ્ધાદ્વૈત વિશારદ

(ગતાંકથી ચાલુ)

કાલાવયવાનામેવ તત્રોક્તત્વાત્ । તૈર્વિશિષ્ટસ્તુ કાલોભગવચ્ચેત્રરૂપો યોઅયં કાલાસ્તસ્ય તેઅવ્યક્તબન્ધોચેષ્ટામાહુચેષ્ટતે યેન વિશ્વમ્ । નિમેષાદિર્વત્સરાન્તો મહીયાન્ । ઇતિ વાક્યાત્ । એવ મિચ્છારૂપઃ સન્ ભેદરૂપયા તયા સચ્ચિદાનંદાનપિ ધર્મત્વેન ભિનત્તિ તે ચધર્મરૂપેણ સ્વયં ભિદ્યમાનાઃ સ્વાશ્રયમપિ ધર્મિત્વેન ભિંદંતિ । તદા સ ભગવાન સર્વતઃ પાણિપાદાન્તો ભવતિ સાકારત્વં ચાયદ્યતે । ભાષ્યપ્રકાશે શ્રી પુરુષોત્તમાચાર્યાઃ ।

'ઐક્ષત' આ ઇચ્છાનું કાલ વિશેષણ છે. માટે તે ઇચ્છાની સાથે પેદા થયો છે. અને તેની સાથે જ તિરોભૂત પણ થાય છે. અગર "નિમેષા જિજ્ઞિરે વિદ્યુત પુરુષાદધિ" આ કાલવિર્ભાવને બોધન કરવાવાળી શ્રુતિની અનુસાર એવી શંકા થાય કે કાલનો સંભવ (ઉત્પત્તિ) પછી થયો છે, તો તે પણ ઠીક નથી. કારણ કે આ શ્રુતિમાં કાલના જે અવયવો છે તેનો જ માત્ર સંભવ પશ્ચાત્ (પછી) કહ્યો છે, પરંતુ નિમેષાદિ વ્યવહાર રહિત સમષ્ટિરૂપ કાલ તો ભગવાનની ચેષ્ટા છે. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે 'હે ભગવાન ! આ જે કાલ છે તે આપની ચેષ્ટા છે. અને એનાથી સમગ્ર વિશ્વ ચેષ્ટાને પામે છે. માટે નિમેષાદિવિભાગરહિત કાલ અન્ય કાર્યની પૂર્વમાં રહે છે. આવી રીતે ઇચ્છારૂપ ભગવાન તે ભિન્ન થયેલી ઇચ્છા દ્વારા પોતાના સત્, ચિત્ત તથા આનંદધર્મીને પણ ધર્મભાવે જુદા કરી દે છે. ધર્મરૂપે ભિન્ન થયેલાં તે ત્રણે ધર્મો નિજાશ્રયને (પોતાનાં આશ્રયને) ધર્મીરૂપે અલગ કરે છે. અર્થાત્ ધર્મરૂપે ભિન્ન થયેલા તે સત્ ચિત્ અને આનંદધર્મી પોતાના આશ્રયને ધર્મીરૂપે 'અક્ષરબ્રહ્મ' કહેવડાવે છે. એજ અક્ષરબ્રહ્મ, અવ્યક્ત, ધામ, પદ અને બૃહત્ નામોથી વ્યવહારાય છે અને તે જ અક્ષર બ્રહ્મ અનેક કર, ચરણ, મસ્તક, મુખ, નેત્ર, કર્ણાદિમાન્ પુરુષ એ નામથી વિખ્યાત છે.

એ જ પુરુષ "સહસ્ત્રશીર્ષા પુરુષઃ" વિગેરે શ્રુતિ તથા 'સર્વતઃ પાણિપાદં તત્સર્વતો-અક્ષિશિરોમુખમ્' ઇત્યાદિ સ્મૃતિઓ દ્વારા વર્ણિત છે. (વર્ણન કરાયો છે.) અને એ જ પુરુષ (અક્ષર) જગદ્રુપતાને પામે છે. તો હવે પુરુષોત્તમ ભગવાન જ "ધર્મીરૂપ" 'ધર્મરૂપ' અને 'કાર્યરૂપ' આ ત્રણે રૂપો થયાં. એ ત્રણેનો ધર્મ ધર્મીભાવથી અને કાર્ય કારણભાવથી અભેદ જ છે. આ ત્રણે સ્વરૂપ પૂર્ણ શબ્દથી વ્યવહરાય છે. યદ્યપિ એ ત્રણે રૂપ એક છે.

એ અભિન્ન છે, છતાં પણ આપની (ભગવાનની) બહુ ભવનેચ્છાથી પરસ્પરમાં ઉત્તમાધમભાવ તો રહેજ છે. નહિ તો બહુભવન જ સિદ્ધ ન થઇ શકે.

તાનિ ત્રીણ્યપિ રૂપાણિ પૂર્ણ શબ્દે નોચ્યન્તે । અદઃ પરોક્ષં જ્ઞાનૈકઘનં અક્ષરં બ્રહ્મ પૂર્ણ નિરંતર માકાશવદ્વ્યાપિ । ઇદં પરિદૃશ્યમાન્ સદ્રૂપં ક્ષરં બ્રહ્મ અચ્યતે પૂજ્યતે, પૂર્વોકતાભ્યાં ક્ષરાક્ષરાભ્યાં સેવ્યતે । એવં જ્ઞાનદેઃ ફલમાહ પૂર્ણ સ્યાનુપદોકતસ્ય પૂર્ણ જ્ઞાનાદિ ધર્માનાદાય તત્પ્રસાદેન પ્રાપ્ય પૂર્ણ મેવાવશિષ્યતે તત્સાયુજેન તદભિન્નો ભવતિ । એવં ધર્મરૂપેણ શકિતરૂપેણ નાના ભવતીતિ બહુસ્યા મિત્યસ્ય કાર્યમ્ । અતઉચ્ચનીચ ભાવઃ પ્રકર્ષ પદાર્થઃ । સચ ધર્મભેદેન ભવતીતિ ભૂમ્ન આનંદ રૂપસ્ય સર્વોત્કૃષ્ટત્વંતતો નીચભાવશ્ચિદ્રુપસ્યા ક્ષરસ્યતતોપિ સદ્રુપસ્યક્ષરસ્ય અત એવ અક્ષરાત્ પરતઃ પર ઇતિ । ભાષ્ય પ્રકાશે શ્રી પુરુષોત્તમાચાર્યાઃ ।

આ ત્રણે પૂર્ણ સ્વરૂપોનું શ્રુતિમાં આવી રીતે વર્ણન કર્યું છે.

પૂર્ણમદઃ પૂર્ણમિદ પૂર્ણાત પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

અર્થાત્ અચિંત્યાપરોક્ષ, જ્ઞાનઘન, આ અક્ષરબ્રહ્મ પૂર્ણ છે. અર્થાત્ આકાશની માફક વ્યાપક છે અને આ પુરોદ્રશ્યમાન સદ્રૂપ (જગદ્રુપ) ક્ષર બ્રહ્મ પણ પૂર્ણ છે, અર્થાત્ પૂર્વવત્ છે. તથા પૂર્ણાત અર્થાત્ બંને પૂર્ણરૂપોમાં (ક્ષર તથા અક્ષરમાં) વ્યાપ્ત રહેવાવાળા 'પૂર્ણભૂત' પૂર્ણાનંદ (પુરૂષોત્તમ ભગવાન) પુર્વોકત પુર્ણસ્વરૂપો વડે (ક્ષરાક્ષર) સેવિત છે. અહીં 'અચ્યતે' એ 'અચ ઇત્યેકે,' આ ધાતુથી કર્મમાં પ્રત્યય કરી પુજાર્થક 'અચ' ધાતુનું રૂપ છે.

(ક્રમશઃ)

* * *

ગ્રંથ પ્રકાશન

મન પ્રબોધ : લેખક ભકત કવિશ્રી ગોપાલદાસજી વ્યારાવાળા વિવેચક પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ પ્રકાશક શ્રી દ્વારકેશ સ્મારક સમિતિ, માધવ ભવન પોરબંદર ન્યોછાવર છ રૂપીયા.

આ ગ્રંથની રચના વ્રજભાષા–પંદ્યમાં છે તેમાં શ્રી ગુંસાંઈજીના ચતુર્થકુમાર શ્રી ગોકુલેશ પ્રભુનું સ્વરૂપ અને અનન્ય ભાવે સ્વરૂપમાં દ્રઢાશકિત માટે મનને પ્રબોધ આપે છે. મૂળ ગ્રંથ સામાન્ય જન સમાજને સમજવો કઠિન હોવાથી પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ પરિશ્રમ લઈ સરલ ગુર્જર ભાષામાં વિવેચન દ્વારા સમજવામાં સુલભતા કરી આપતાં ગ્રંથ વસાવવા લાયક અને ભગવદ્ વાર્તામાં ઉપયોગી બન્યો છે.

✓

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

(લેખાંક પાંચમો)

અનુવાદક : **પ.ભ. મગનભાઇ તન્ના**
બી.એ. (ઑનર્સ) કોવિદ

નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજજનાર્દન ।
પાપમેવાશ્રયેદસ્માન્હત્વૈતાનાતતાયિનઃ ॥૩૬॥

હે જનાર્દન, ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમોને શી પ્રસન્નતા થાય ? આ આતતાયીઓને મારીને અમને પાપ જ લાગે. ॥૩૬॥

હે જનાર્દન, સર્વે અવિદ્યાનો નાશ કરનાર, જ્ઞાનદૃષ્ટિ રહિત આ ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમોને શી પ્રસન્નતા થાય ? કોઇજ નહિ. એમ અર્થ છે.

હે જનાર્દન, એવા સંબોધનથી આપના એવા અમોને તેમ કરવું ઉચિત નથી, એવો ભાવ સૂચવાયો છે.

તેઓ ધૃતરાષ્ટ્રના પુત્રો તો એ પ્રમાણે તને જોતા નથી. તેથી તેઓનું તે પ્રમાણે કરવું ઉચિત છે, એમ ધાર્તરાષ્ટ્ર એવા શબ્દથી સૂચવાયું છે. અથવા અમારા એવા ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને આપને શી પ્રસન્નતા થાય ? અહીં એવો ભાવ છે. લૌકિક ભાવથી તો તેઓ અમારા જ છે. તેઓને મારવામાં અમોને તો આનંદ ન જ થાય. એમ છે ત્યારે આપની પ્રસન્નતા માટે તેઓ હણવાને યોગ્ય છે. અમારે તો ગમે તે રીતે આપ જ ખુશી થાઓ એમ કરવું યોગ્ય છે.

અરે, તેઓ આતતાયી છે, એમ હોય તો—

આગ લગાડનાર, ઝેર આપનાર તેમ જ જેમના હાથમાં શસ્ત્રો છે તેવા, ધનનો નાશ કરનાર ભૂમિ પડાવી લેનાર, સ્ત્રીનું હરણ કરનાર, નિશ્ચયપૂર્વક એ છ આતતાયી છે.

આવતા આતતાયીને વિચાર્યા વિના હણવો જ જોઇએ. આતતાયીનો વધ કરવામાં હણનારને કોઇ પણ દોષ લાગતો નથી. વગેરે વાક્યોથી પ્રસન્નતા થાઓ, અથવા દરેક રીતે ઉપર કહેલા બધા જ દોષોથી તેઓ યુક્ત છે, એમ હોવાથી હણવા યોગ્ય જ છે તેઓ તો પોતાના પાપે જ હણાવાના છે, તું નિમિત્ત માત્ર થા, એમ હોય તો 'પાપમેવાશ્રયેત્' એવા શબ્દોથી કહે છે. આ આતતાયીઓને હણીને અમોને પાપ જ લાગે. અને વળી, આતતાયીને મારવામાં દોષનો અભાવ તો ધર્મશાસ્ત્રના વિચારથી અથવા અર્થશાસ્ત્રના વિચારથી વર્ણવાયો છે, પણ ભક્તિશાસ્ત્રના વિચારથી વર્ણવાયો નથી. ભક્તિમાર્ગ કરતા તે બંનેનું (ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનું) દુર્બળપણું છે, તેથી તેઓને મારવામાં અમને પાપ જ લાગે. અને પાપથી ભગવાન સાથેનો સંબંધ ન રહે. આથી જ 'જેમનાં પાપ નષ્ટ થયાં છે, તેવા મનુષ્યોના' એમ વર્ણવાયું છે. ।।૩૬।।

તસ્માન્નાર્હા વયં હંતુ ધાર્તરાષ્ટ્રાન્સ્વબાંધવાન્ ।
સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ।।૩૭।।

તેથી અમારા બંધુઓ ધૃતરાષ્ટ્રના પુત્રોને હણવાને અમે યોગ્ય નથી. કારણ કે હે માધવ, સ્વજનોને મારીને અમે શી રીતે સુખી થઇએ ? ।।૩૭।।

તેથી અમે આપના હોવાથી તેઓને મારવા અમોને ઉચિત નથી, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે. તેથી અમે અમારા બંધુઓ ધૃતરાષ્ટ્રના પુત્રોને હણવાને યોગ્ય નથી, એમ અર્થ છે.

હે માધવ, સ્વજનોને હણીને અમે શી રીતે સુખી થઈશું ? એમ અર્થ છે.

'અમે' એમ કહીને ભગવાનનું પોતાનું મધ્યપાતિત્વ (પોતામાં સમાવિષ્ટ હોવાનું) કહેલ છે. તેથી અમારું આપના સંગમાં જ સુખ રૂપ પણું છે, આપ જ અમારા સ્વજન છો, એમ જણાવેલ છે. તેથી સ્વજનના અપરાધથી સ્વજનનો નાશ થાય. અમારા તો આપ જ 'સ્વજન' છો, એમ કહ્યું છે. આપના સંબંધના અભાવમાં અમે શી રીતે સુખી થઈશું ? એમ સૂચવાયું છે.

હે માધવ, એવા સંબોધનથી અમોને લક્ષ્મી વગેરેની અપેક્ષા નથી, એમ જણાવાયુ છે. ।૩૭

યદ્યપ્યેતે ન પશ્યંતિ લોભોપહતચેતસઃ
કુલક્ષયકૃતં દોષં મિત્ર દ્રોહે ચ પાતકમ્ ।૩૮।

જોકે લોભથી ભ્રષ્ટ થયેલા મનવાળા આ બધા કુળનો નાશ કરનારા દોષને અને મિત્રદ્રોહમાં રહેલા પાતકને જોતા નથી. ।૩૮।

અરે, જેઓ સ્વજન પણું વગેરેના વધના દોષને વિચાર્યા વિના પ્રવૃત્ત થયા છે તેઓતું નિવૃત્ત થયેલો છતાં તને હણશે. એથી તું પણ વિચાર્યા વિના જ તેઓને માર, એમ શંકા કરીને 'યદ્યપ્યેતે વગેરે શબ્દોથી બે શ્લોક વડે કહે છે :-

લોભથી જેઓનું મન ભ્રષ્ટ થઈ ગયું છે તેઓ, આ ધૃતરાષ્ટ્રના પુત્રો, કુળનો ક્ષય કરનારા દોષને જોકે જોતા નથી અને મિત્રના દ્રોહમાં રહેલું જે પાપ છે તેને જોતા નથી, તો પણ પાપ તો લાગવાનું જ છે, એમ અર્થ છે. ।।૩૮।।

કથં ન જ્ઞેયમસ્માભિઃ પાપાદસ્માન્નિવર્તિતુમ્ ।
કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિર્જનાર્દન ॥ ૩૯ ॥

હે જનાર્દન, કુળનો નાશ કરનારા દોષને જોનારા અમારે આ પાપમાંથી પાછા વળવાને કેમ ન જાણવું જોઈએ ? ।।૩૯॥

હે જનાર્દન, અવિદ્યાનો નાશ કરનાર એવા આપના સ્વરૂપને જાણનારા કુળનો ક્ષય કરનાર દોષને જોનારા અને લોભથી દૂષિત નહિ થયેલા મનવાળા, એવા અમારે આ પાપમાંથી પાછા વળવાને કેમ ન જાણવું જોઈએ ? જાણવું જ જોઈએ, એમ અર્થ છે. ॥૩૯॥

કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોઽભિભવત્યુત ॥૪૦॥

કુળનો નાશ થાય છે ત્યારે સનાતન કુળધર્મો નાશ પામે છે. વળી ધર્મ નાશ પામે ત્યારે સમગ્ર કુળમાં અધર્મ વ્યાપી જાય છે ।।૪૦।।

એ પ્રમાણે કહીને કદાચ લૌકિક સ્નેહને વશ થઈને જ નિવૃત થયેલો ગણશે, નહિ કે પાપ સ્વરૂપ જ્ઞાનથી, અધર્મ છે એવી બુદ્ધિથી એમ શંકા કરીને 'કુલક્ષયે' વગેરે શબ્દોથી શરૂ કરીને પાંચ શ્લોકથી સમર્થન રૂપે કુળના ક્ષયના દોષને ફરીથી કહે છે :-

(અનુસંધાન પાના ૨૪ ઉપર)

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

બાલબોધ

(શ્રીદેવકીનંદન ચરણકૃત 'પ્રકાશ' વ્યાખ્યાનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક બીજો)

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

વાચકોને વિનંતી

વંદે શ્રીકૃષ્ણ દેવમ્ । શ્રીયમુનાષ્ટક ઉપર પૂ. પા. શ્રી વિઠ્ઠલેશજીની વિવૃતિ અને તેના ઉપરનાં પૂ. પા. શ્રીહરિરાયજી અને પૂ. પા. શ્રીપુરુષોત્તમજીનાં ટિપ્પણનાં ગુજરાતી ભાષાંતર પુરાં થયાં. ગયા અંકમા શ્રીબાલબોધ ગ્રંથનો પૂ. પા. શ્રી સ્યામમનોહરજી મહારાજનો લખેલ ગ્રંથ પરિચય અપાયેલ.

હવે ષોડશ ગ્રંથમાંના બીજા ગ્રંથ 'બાલબોધઃ' ઉપરના પુ. પા. શ્રીદેવકીનંદનજીના 'પ્રકાશ'નો ગુજરાતી અનુવાદ મૂળ 'બાલબોધઃ' સાથે શરૂ થાય છે. પુ. પા. શ્રીદેવકીનંદનજી પુ. પા. શ્રીવિઠ્ઠલેશજીના પૌત્ર છે. પ્રારંભ કરતાં ઉલ્લેખાયેલ 'પ્રકાશ' શબ્દ આ ગ્રથ ઉપરનો પ્રકાશ જ છે, તે પ્રકાશ જ આપણને 'બાલબોધ'માં રહેલું રહસ્ય બતાવશે આશા છે કે, સર્વે પુષ્ટિજનોને તે આનંદદાયક બની રહેશે.

આમાં મૂળ 'બાલબોધઃ', તેનું ગુજરાતી ભાષાંતર અને તેના ઉપરની 'પ્રકાશ' નામે ટીકાનું ગુજરાતી ભાષાંતર આવશે તેથી અંકોનો સંગ્રહ કરીને બંધાવી લેવાથી એક અમૂલ્ય ગ્રંથ વસાવી શકાશે. એવમસ્તુ મંગલમ્ ।

જે ચમત્કૃતિ આંતરિક અંધકારનો નાશ કરનારી કહેવાયેલી છે, તે જ શ્રીઆચાર્ય ચરણશ્રીની (શ્રીમદ્વલ્લભાચાર્યજીની) પ્રભા મારી વાણીને શોભાવો. ॥૧॥ જે આશ્રયવાળાઓના ઈશ કેવળ શ્રી વિઠ્ઠલનાથજી છે, તેમના આશ્રયે શ્રી ગોપીજનવલ્લભ (ભગવાન શ્રીકૃષ્ણ) વિના ઉપાયે પ્રસન્ન થાય છે. ॥૨॥ પિતૃચરણકમળોને ભક્તિપૂર્વક વારંવાર નમસ્કાર કરીને સ્વમતિ અનુસાર ત્રણ રીતે 'બાલબોધ' વિષે વિચાર કરાય છે. ॥૩॥ ભક્તિમાર્ગમાં ફળ શ્રીકૃષ્ણ છે. તેનો (તે ફળનો) આસ્વાદ જ દુર્લભ છે, આથી જ અન્ય મતોમાં જીવોનો અનુરાગ થાય છે. ॥૪॥ તેનાથી પ્રેરાયેલા રુદ્રે કલિયુગમાં (કેટલાક) મતોને કહેલા છે, જેથી માનવોનું સ્વાતંત્ર્ય ખાસ કરીને પ્રગટ થતું નથી. ॥૫॥ તે તે ફળની પ્રશંસા જ તે તે ઠેકાણે નિરૂપાય છે. તેથી મોહવશ થઈને લોકો માત્ર તેની આસપાસ ભમ્યા કરે છે. ॥૬॥ આથી કદાચ તે શ્રીકૃષ્ણના ભજનને મેળવે તો ફળના અભાવે દૈવસૃષ્ટિ સર્વથા વ્યર્થ થાય. ॥૭॥ અને તો તે 'દૈવી સંપદ્વિમોક્ષાય' (દૈવી સંપત્તિ મોક્ષને માટે છે, એમ શ્રી ગીતામાં કહેવાયેલ) ઉક્તિ વિરોધમાં જાય. આથી જ કરુણા કરીને શ્રીમદ્વલ્લભાચાર્યજીએ 'બાલબોધઃ'ની રચના કરી છે. ॥૮॥ અહીં અઢાર પુરાણોનું, સ્મૃતિઓનું અને ભગવાનનાં વચનોનું પણ પ્રામાણ્ય દર્શાવવું તે હેતુ

છે. ॥૯॥ આદ્ય લોકથી પ્રારંભ અને અંતે અર્ધ શ્લોકથી ઉપસંહાર કર્યો છે. એવી રીતે બધા મળીને સાડીઓગણીસ શ્લોક કહેલા છે. ॥૧૦॥

હવે મતાંતરોમાં ચાર પુરુષાર્થનું ફળ આપવાપણું હોવાના કથનથી, તેની ઇચ્છાથી જીવોની પ્રવૃત્તિરૂપ ભકતનો અનાદર, અને ભકિતના દ્વેષી જનોએ તેના માર્ગ પ્રકટ કરવાને કહેલા ચાર પુરુષાર્થને અપુરુષાર્થ હોવાનું સમર્થન કરીને, કંઇક પોતાના મતને કહેવાને, પ્રારંભમાં વિઘ્નના અભાવને માટે, મંગલ સહિત 'નત્વા' એવા શબ્દથી કહે છે.

નત્વા હરિં સદાનંદં સર્વસિદ્ધાંતસંગ્રહમ્ ।
બાલપ્રબોધનાર્થાય વદામિસુ વિનિશ્ચિતમ્ ॥૧॥

સદાય આનંદસ્વરૂપ શ્રીહરિને (શ્રીકૃષ્ણને) નમસ્કાર કરીને અજ્ઞ જનોને યથાર્થ જ્ઞાન આપવા માટે અત્યંત નિર્ધારિત એવા 'સર્વ-સિદ્ધાંત સંગ્રહ' (બધાના નિશ્ચિત મતોનો સારાંશ) હું કહું છું. ॥૧॥

સદા હરિને નમન કરીને 'સર્વસિદ્ધાંત સંગ્રહ' હુ કહું છું. એ પ્રમાણે પદોનો સંબંધ છે. હરિ એવા શબ્દથી દુઃખના અભાવપૂર્વક પુરુ કરવા માટે, દક્ષતાપુર્વક વ્યકત કરવાની શકિતથી ઉત્તમ રીતે પ્રારંભાયેલામાં વિઘ્નનો અભાવ સૂચવ્યો છે. સદાનંદ એવા શબ્દથી કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ' એ નિરુકિત પ્રમાણે સુખ રૂપ શ્રીકૃષ્ણ કહેવાયા છે. તેનાથી દુઃખનો અભાવ અને સુખ–એ બે પુરુષાર્થ વિના વિઘ્ને સિદ્ધ થાય છે. તેથી કરીને તેમને (ભગવાન શ્રીકૃષ્ણને) નમન કરીને, એમ કહ્યું છે. પોતાના સિદ્ધાંતનો ગળાઇને આવેલ હેતુ હવે પછી નકકી કરવાને માટે 'હું સર્વ સિદ્ધાંત સંગ્રહ કહું છું.' એવા શબ્દોથી આરંભ કરે છે. સર્વે સિદ્ધાંતોને એકત્ર કરીને હું કહું છું, એમ અર્થ છે. અથવા તે બધામાં આ પ્રમાણે યોગ્ય છે, તેવી રીતનું જ્ઞાન જેના વડે થાય છે તેવા પ્રકારનો ગ્રંથ, એમ અર્થ છે. જોકે તે શાસ્ત્રોથી તે તે મતની પુરી જાણકારી થાય છે. તો પણ તેના વકતાના પાખંડને કારણે તે ભ્રાંતિયુકત જ હોય છે. તેમાં રહેલો હેતુ 'તથૈવેશ્વર શિક્ષયા–તે જ પ્રમાણે ઇશ્વરની પ્રેરણાથી એવા શબ્દોથી આગળ (ત્રીજા શ્લોકમાં) કહેવાશે અહીં તો તેમાંથી નિવૃત્ત થતાં પહેલાં એવા પ્રકારના જ્ઞાનમાં યોગ્યતા કહી છે. અને

જેઠમાસ

જ્યેષ્ઠ માસ અતિ ઘામ બંઢી જલ વિહાર પ્રભુ કીનો. યમુના જલ ક્રીડા કરી મોહન ગંગા દશહરા કીનો; કુસુમન ભુસન કુસુંમ વસ્ત્રધરિ મોહિત સબહી કીનો, જ્યેષ્ઠ સ્નાન કરિ વેદ વિધિસો ઉત્સવ યમુનાકીનો.

ઈન્દ્ર દમન શ્રીનાથ દમન ગોપાલ જગત સુખકારી; દેવ દમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી. સબ જનકો સુખ દેત '**સત્ય**' હી કુંજ બિહારી.

શ્રી બાગરોદી બલદેવ પ્રસાદ શર્મા 'સત્ય'

— **નાથદ્વારા**

તે પણ ત્યાજ્યપણાથી, નહિ કે પસંદ કરવા યોગ્ય હોવાથી, પોતાના માર્ગના વિરોધી હોવાથી તે પ્રમાણે જાણવું. અરે, પ્રયોજન વગર એવા પ્રકારનો પ્રયાસ શા માટે ? આથી જ કહ્યું છે કે, 'બાલપ્રબોધનાર્થાય' અજ્ઞજનોને યથાર્થ જ્ઞાન આપવા માટે અજ્ઞાનીઓ કુદરતી રીતે જ અથવા શાસ્રની દૃષ્ટિએ શું હિતાવહ છે અને શું અનિચ્છનીય છે, તેનો નિર્ણય કરવાની શકિત વગરના હોય છે. કોઇ છેતરવા માટે ઇષ્ટમાં અનિષ્ટપણું અને અનિષ્ટમાં ઇષ્ટપણું દર્શાવી રહ્યા હોય છે ત્યારે તેનાથી ભ્રમણા પામેલા તેઓ તેને જ અનુસરે છે. વળી પાછું પિતા વગેરે તેના ગુણદોષનું વર્ણન કરે છે ત્યારે તેવા ભ્રમનો ત્યાગ કરીને તેમણે દર્શાવેલ પોતાના હિતનો માર્ગ તેઓ ગ્રહણ કરે છે, પરંતુ તેઓમાં બંને બાજુએ રહેલું સ્વભાવિક જ્ઞાન પ્રેરણા આપનારું હોતું નથી. પરંતુ અસરકારક રીતે કહેવાયેલા તેઓ સ્વભાવિક રીતે જ ભ્રમ રહિત થાય તો તેવા પ્રકારના તેઓ વિરોધ કરવાની શકિતવાળા હોતા નથી. તેવા, અસુરપણું વગેરે સ્વભાવદોષ વગરના, મોહ ઉપજાવનારી વિદ્યાથી અત્યંત ભ્રમમાં પડેલા, ભકિતમાર્ગને નહિ અનુસરનારા તે જીવો 'બાલ' કહેવાય છે. તેઓને આત્યંતિક રીતે પોતાના મતના જ્ઞાનનાં લક્ષણોવાળો બોધ, બોધને માટે ('પ્રબોધનાર્થાય'નો) એમ અર્થ છે. ફરીને તે ન થાય તે માટે 'બોધન' શબ્દમાં પ્રકર્ષ (આત્યંતિકતા) દર્શાવતો શબ્દ 'પ્રબોધનં' એમ કહ્યું છે. પિતૃઓની જેમ પોતાનું તે પ્રબોધન (યથાર્થ જ્ઞાન) આવશ્યક છે, એમ જણાવવાને માટે પણ તેઓનું બાલપણું કહ્યું છે. નહિ તો ફળના અભાવે દૈવી સૃષ્ટિ વ્યર્થ થાય. કહેવાયું છે કે, 'અને વિશિષ્ટ ફળ વગર દૈવી સૃષ્ટિ વ્યર્થ થાય.' કહેવાઈ રહેલું આ શું પ્રમાણસિદ્ધ છે કે પછી પોતાની બુદ્ધિથી કલ્પિત છે ? એના જવાબમા સુવિનિશ્ચિતમ્– આત્યંતિક નિર્ણય કરાયેલું, એમ કહે છે. વેદ વગેરેનાં પ્રમાણોથી ખરું હોય તેમ, અને ખાસ વિશિષ્ટતાથી પોતાનું (શ્રીમદ્વલ્લભાચાર્યજીનું) વાગધિપતિ પણું હોવાથી પોતાની બુધ્ધિથી નકકી કરારેલું એમ અર્થ છે. ॥૧॥

ધર્માર્થકામમોક્ષાખ્યાશ્ચત્વારોડર્થા મનીષિણામ્ ।
જીવેશ્વરવિચારેણ દ્વિધા તે હિ વિચારિતાઃ ॥૨॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ નામના જ્ઞાનીઓના ચાર પુરુષાર્થ છે. જીવ અને ઇશ્વરના વિચારથી તે અહીં બે પ્રકારે નિશ્ચયપૂર્વક વિચારેલા છે. ॥૨॥

એ ચાર જ્ઞાનીઓના પુરુષાર્થો છે, એમ અર્થ છે ખરું જોતાં તો પુરુષાર્થતાથી ભકિત માર્ગીય ધર્મ વગેરે જ ચાર (પુરુષાર્થો) ગણાય છે, નહિ કે બીજા 'હેતુ રહિત (ફળની અપેક્ષા વગરની) ભાગવતી ભકિત મોક્ષથી પણ અધિક છે. 'ઇત્યાદિ વચનોથી ભકિતનું જ દરેક રીતે અધિકપણું સંભળાય છે, બીજાઓની ધર્માદિ સંજ્ઞા માત્ર છે, એમ જણાવવાને માટે 'આખ્યાઃ' એવું પદ છે અને અપુરુષાર્થપણું દર્શાવવાને માટે 'પુરુષ' એવા પદના અભાવવાળું (માત્ર અર્થ એવું) પદ કહ્યું છે. 'મનીષિણામ્–જ્ઞાનીઓના' એવું પદ તેમાં બધાનો અધિકાર નથી. (માત્ર જ્ઞાનીઓનો અધિકાર છે), તેથી તે પ્રમાણે કહ્યું છે. ભકિતમાં તો 'દેવ, અસુર કે મનુષ્ય' એમ

નિર્દેશ હોવાથી, (ઉપર) કહેવાયેલા (અમુકનો જ અધિકાર હોવાના) દૂષણનો અભાવ સ્પષ્ટ છે. વળી કાળ વગેરેના અંગપણાથી અને તેની અશુદ્ધિના કારણે ધર્મ વગેરે પુરુષાર્થો તો માત્ર છીછરું જ્ઞાન છે; કારણ કે તેમાં સ્વરૂપની સિદ્ધિ નથી. ભકિત તો ભગવાનની એક માત્ર કૃપાજન્ય છે, તેમાં સ્વરૂપની સિદ્ધિ છે; પણ તેઓના (કાળ વગેરેના) અંગ હોવાનું નથી, કે નથી તેની અશુદ્ધિની બાધકતા; ઊલટાનું તેઓનું અનુરૂપપણું જ છે. તેથી કહ્યું છે કે, 'હે રાજન્, દોષના ભંડારરૂપ કલિમાં પણ એક મહાન ગુણ છે.' અને વળી એમ પણ કહેવાયું છે કે, 'ગુણોને જાણનારા, સારગ્રાહી, ઉત્તમ જનો કલિનો આદર કરે છે.' તેનાથી ભકિત જ પરમ પુરુષાર્થ છે, એમ નિરૂપાયું છે. અરે, વેદો એ તો ઇશ્વરનાં વાકયો છે, તેમાં પ્રતિપાદન કરાયેલાંની તથ્યતા કેમ નહિ? એમ જો હોય તો તેના જવાબમાં 'જીવેશ્વરવિચારેણ' વગેરે શબ્દોથી કહે છે :– તે ધર્મ વગેરે જીવવિચારથી અને ઇશ્વરવિચારથી એમ બે પ્રકારે જુદી જુદી રીતે વિચારાયેલ છે, એમ અર્થ છે. તેમાંથી જીવે વિચારેલાની જ અપુરુષાર્થતા છે, નહિ કે ઇશ્વરે વિચારેલાની, એવો ધ્વનિ (ગૂઢ અર્થ) નીકળે છે. ઇશ્વરે કહેલાંની તો પુરુષાર્થતા છે, પરંતુ મર્યાદામાં છે, એમ જાણવું; કારણ કે, પુષ્ટિમાર્ગમાં તેની અપેક્ષાનો પણ અભાવ છે. અહીં વપરાયેલો 'હિ' શબ્દ યોગ્ય અર્થ હોવાનું સૂચવે છે. પૂર્ણ જ્ઞાનવાળાએ વિચારેલ અને અલ્પજ્ઞાનવાળાએ વિચારેલ–બંનેનું એકમત હોવાનું શકય જ નથી; કારણ કે બંનેના ધ્યેય જુદાં જુદાં છે. ॥૨॥

◆

ધુતારપુર (કાલાવડ)મા અલૌકિક આનંદ

ધૂતારપુરમાં પ. ભ. કરસનદાસભાઈ મરજાદિના મનોરથના ફલસ્વરૂપ તા. ૪–૫–૮૩ થી ૧૧–૫–૮૩ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયેલ. માંડવી (કચ્છ)વાળા પૂ. પા. ગો. શ્રી અનીરૂદ્ધલાલજી મહારાજ (હાલબીરાજમાન હાલોલ) તથા શ્રી કીશોરચંદ્રજી મહારાજ (હાલ બીરાજમાન મુંબઈ–પાર્લા)ના સાનિધ્યમાં થયેલ. આ સુંદર કાર્યક્રમના પ્રારંભે તા, ૪–૫–૮૩ના દિને પૂ. આચાર્યશ્રી તથા શ્રીમદ્ ભાગવતજીના સામૈયા થયેલ. સાંજે સુંદરકુંજ બાંધેલ. રથમાં ઉભય આચાર્યશ્રી તથા શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજીના ચિત્રજી પધરાવી શોભાયાત્રા નિકળેલ. જેમાં કીર્તનોની રસલ્હાણ વહેવડાવવામાં આવેલ. દરરોજ પૂ. પા. આચાર્યશ્રીઓના વચનામૃતોનો લાભ વૈષ્ણવોને મળેલ. જેમાં દરેક વૈષ્ણવોએ નિત્યગ્રંથ પાઠ અવશ્ય કરવા જોઈએ એવી આચાર્યશ્રીએ ભારપૂર્વક આજ્ઞા કરેલ.

વ્યાસપીઠપર શાસ્ત્રીશ્રી દ્વારકાદાસ ધનેશ્વર ભટે (જેતપુર) બીરાજી અષ્ટસખાની વાણી, શોડષગ્રંથ, અને શ્રી વલ્લભાખ્યાન દ્વારા સ્વમાર્ગાનુસાર કથામૃતપાન કરાવેલ. –ધૂતારપુર વે. સમાજ.

પરમ વૈષ્ણવ શ્રી શંકરજી

લે. પ.ભ. શ્રી રૂપચંદ ખંડેલવાલ "ભૂપ"
"સાહિત્ય માર્તંડ"
(મુલ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ)

ભગવત્ ચર્ચાઓથી અધિક મહત્ત્વ વૈષ્ણવ ચર્ચાનું માનેલું છે. ભગવાન શંકરની સમાન વૈષ્ણવતા, અન્ય કોઇ વૈષ્ણવે નથી નિભાવી તે ધ્રુવ સત્ય છે. ભગવાનના શ્રીચરણોએથી નીકળેલ શ્રી ગંગાજીને આપે સાદર પોતાના મસ્તક પર ધારણ કરેલ છે. આપના રોમ રોમથી ભગવન્નામ નિકળતું રહે છે. એટલે મસ્તકની પાવન જટાઓમાં જ્યાં દિન રાત ભગવન્નામની પરમ દુલર્ભ ધ્વનિ નિકળ્યા કરે છે, આપે ગંગાજીને ત્યાં પધરાવ્યા શ્રી ગંગાજીને ભગવાનના ચરણો છોડીને આવવાનું કષ્ટ ન લાગે એ વિચારીને આશુતોષે, ભગવાનના પવિત્ર નામજાપ વાળી જટાઓમાં સ્થાન આપ્યું ગંગાજી ધન્ય બની ગયાં.

પરમ મંગલકારી શંકરજીની વૈષ્ણવતાની સીમા યા ગહેરાઇ માપી શકવી, સામર્થ્યની બાહર છે. ભગવાનને વૈકુંઠમાં રહેવું રૂચીકર લાગ્યું તો વૈષ્ણવ શિરોમણી શંકરે બધા વૈભવોનો ત્યાગ કરી, વૈરાગ્ય અપનાવી લીધો એ ચિતા ભસ્મ ધારીએ જોયું કે ગુલાબ, મોગરો, જુઇ, ચમેલા આદિના સુગંધી પુષ્પો પોતાના પ્રાણ પ્રેષ્ઠને પ્રીય છે તો તેઓએ પોતા માટે આકડા ઘતુરા આદિના પુષ્પો પસંદ કરી લીધાં. ભગવાનના ગળામાં વૈજયન્તી માલા શોભા દે છે તો તેઓના ગળામાં મુણ્ડ માલા શોભાયમાન છે. શ્રીમદ્ ભાગવતમાં 'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્' કહેવાયું છે એ આરાધ્યના વંશ શિરોમણી ચંદ્રને આપે મસ્તક પર ધારણ કરી રાખેલ છે. ભગવાન સાથે દેવતા, ગોપીઓ. ગાયો રહે છે તો પોતે પ્રેતાદિકો અને નાન્દિઓ (પોઠીઆ) નો સાથ પકડયો. પોઠીઆનો સાથ એ માટે કર્યો કે એ પ્રાણી, ભગવાનની પ્યારી ગાયોનો વંશ વધારે છે. શું કહીએ શ્રી શંકરજી મા જે વૈષ્ણવતા આપણને મલે છે તેવી અનુકરણીય અને આદરણીય વૈષ્ણવતાના દર્શન થવા અન્યત્ર અસમ્ભવ છે.

જયારે ભૂતલપર કૃપા કરી ભગવાન પધારે છે ત્યારે ત્યારે ભગવાન શંકર એઓનાં બાલ રૂપના દર્શનાર્થે અવશ્ય પહોંચી જાય છે. શ્રીરામ ના પ્રાકટય પુર્વે તો આપ બધાં દેવતાઓ સાથે ગર્ભસ્તુતિમાંજ પહોંચી ગયેલા પણ પ્રાકટય પશ્ચાત્ ચરણ સ્પર્શ અને દર્શનની જે મધુરત્તમ ઝાંખી આપના પધારવાની મળે છે, તેના સ્નેહ ભાવોને દેખીને હૃદય ગદ્ગદ્ થઇ જાય છે. આપે વિચાર કર્યો કે ગોલોકમાં પહોંચવાનો તો મને અધિકાર નથી પણ તેજ પ્રભુ આ સમયે અવધના ભવનમાં વિવશ અવસ્થામાં આનન્દ લઇ રહ્યાં છે. આ સમયે ચર્ણસ્પર્શની આજ્ઞા લેવાની પણ આવશ્યતા નથી, થોડા

શામ, દામ,થીજ કાર્ય થઇ જશે, આપે એક અતીશય વૃદ્ધનો વેશ ધારણ કર્યો, નાભી સુધી લહેરાતી શ્વેત દાઢી ખૂબ નીચે ઝુલતી જટાઓ અને શ્વેત ભમરો જે એમની અવસ્થાનો પરિચય દઇ રહી છે. બધી આવશ્યક સામગ્રી લઇને, આપ જેવા કે દર્શન યાત્રા પર નીકળવાવાળા હતા તે જ સમયે મહાભાગ કાગભુષુણ્ડીજી અચાનક પહોંચી ગયાં અને પુછવા લાગ્યા બાબા ! કઇ બાજુ ? 'આવો ભકત ભુષુણ્ડીજી, ખરે સમયે આવ્યાં' શંકરજીએ કહ્યું આપને તો ખબર જ છે કે શ્રીરામના રૂપમાં ભગવાનનું પ્રાકટય અવધમાં થયું છે.

હા, હા, પ્રાતઃ સ્મરણીય ! સારી રીતે ખબર છે, પણ સેવકને છોડીને એકલા પધારવાનું કારણ ? પ્રભે મને સાથે લઇ જશો ?

હા, હા, સુખેથી ચાલો મને શું વાંધો છે ? ચાલો, આમ બન્ને દર્શનાર્થી પોત પોતાના વેશમાં અયોધ્યા તરફ ચાલી નીકળ્યા.

શ્રી રામ ચરિતમાનસમાં એક દોહો એવો વિચીત્ર છે જેમાં ભગવાન શ્રીરામને, વીના પ્રણામ કર્યે અનેક આશિર્વાદ મલી રહ્યાં છે અને જ્યાં પ્રણામ કરે છે ત્યાં કોઇ આશીર્વાદ નથી મલતાં. આ દોરો વિશ્વામીત્ર પ્રસંગનો છે.

સૌપે ભૂપ ઋષિકી સુત. બહુ વિધિ દેઇ અસીસ. (અહીં પ્રણામ નથી)
જનની ભવન ગયે પુનિ, ચલે નાઇ પદસીસ. (અહીં આશીષ નથી)

કેવો વિચિત્ર પ્રસંગ છે, માં, જેના રોમ રોમ અહર્નિષ પોતાના પુત્રને આશીર્વાદ દેતા રહે છે, તે પોતાના, કઠીનતાથી પ્રાપ્ત થયેલ પુત્રને એક ઋષિની સાથે વનમાં અસુરોના સંહાર માટે જવાની આજ્ઞા માંગવા આવ્યા જોઇને પણ જલ્દી જાઓ રામ કહીને આશિર્વાદ પણ નથી દેતા આ સમસ્યા સુલઝાવવા માટે ગોસ્વામી તુલસીદાસજીને અલગ આ પદની રચના કરવી પડી.

અવધ આગમી એક આયો ।

કરતલ નિરખ કહત સબગુણ ગણ, બહુતન પચોપાયો બૂઢો બડો પ્રમાણિક બ્રાહ્મણ, શંકર નામ સુહાયો સંગ શિશુ શિષ્ય ! સુનત કૌશલ્યા, ભીતર ભવન બુલાયો પાંચ પખાર પુજી, દિયો આસન, અસન વચન પહીરાયો । મેલે ચરણચારૂ ચાર્યા. સુત, માથે, હાથ દિવાયો નખ શિખ બાલ વિલોકી વિપ્ર છબિ, નયનપુલક તન છાયો લૌ, લૌ, ગોદ કમલ કર નિરખત ઉર પ્રમોદન ન સમાયો જન્મ પ્રસંગ કહ્યો કૌતિક મીસ સીય સ્વયંવર ગાયો રામ ભરત, રિપુ વદન, લખન કો જય જશ સુયસ સુનાયો 'તુલસીદાસ' રનિવાર રહતબસ, ભયો સબકો મન ભાયો અન માન્યો મહિદેવ, અસીસત્ સાનંદ ભવન સિધાયો । (ક્રમશઃ)

લગ્ન પ્રસ્તાવ વધાઇ

મથુરા વાળા પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજીના જયેષ્ઠ પુત્ર ગો. ચિ. શ્રી યદુનાથજીના પુત્ર ચિ. પ્રબોધ બાવા શ્રી ના લગ્ન તા. ૧૬-૬-૮૩ ના રોજ નકકી થયા છે.

-: સ્થળ :-

ગો. શ્રી યદુનાથજી બાવા શ્રી
૫૯ એ, વિનીત કુંજ સોસાયટી, અલકાપુરી વડોદરા (ગુજરાત)

પુરૂષોત્તમ ક્ષેત્ર શ્રી જગન્નાથપુરીમાં પુ. પા. શ્રી પ્રથમેશજી દ્વારા શ્રી સોમયજ્ઞ અને પરિષદનું પૂર્વાંચલ સંમેલન.

પરમ પાવન તીર્થક્ષેત્ર શ્રી જગન્નાથપુરીમાં તા. ૨૭ એપ્રીલથી ૨ મે સુધી પ્રથમ પીઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી દિક્ષીત "શ્રી પ્રથમેશજી મહારાજ દ્વારા શ્રી સોમયાગ સમ્પન્ન થયો. આ પ્રસંગે આં. રા. પુ.વૈ. પરિષદની કાર્યકારિણી સમિતિની બેઠક તથા પુર્વાંચલ વિભાગના વૈષ્ણવોનું સંમેલન તા. ૧–૨ મે ૧૯૮૩ ના દિને યોજાએલ.

સંમેલન તથા શ્રી સોમયાગ શ્રી જગન્નાથજી મંદિરના ઉત્તર દ્વાર સન્મુખ આવેલ આશ્રમની વિશાળ જગ્યામાં સુંદર સમીયાણામાં યોજાએલ સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન તથા દિલ્હી, મુંબઈ, કલકત્તા, કટક આદિ સ્થળોએથી મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થીત રહેલ.

પરિષદની કાર્યકારિણી સમિતિ તા. ૧–૫–૮૩ના સવારે દશ વાગે તથા સાંજે એમ બે વખત મળેલ જેમાં વિવિધ બાબતો પરત્વે નિર્ણયો લેવાએલ. ખુલ્લુ સંમેલન તા. ૧–૫–૮૩ સાંજે ૫ વાગે. પ્રારંભ થયેલ પ્રારંભમાં પરિષદના મુંબઇ ખાતેના ઉત્સાહી કાર્યકર શ્રી અશોકભાઇ ઝવેરી જેઓ થોડા સમય પુર્વે દુબઇ–બહેરીન વીગેરે દેશોના પ્રવાસે ગયેલાં અને ત્યાં વસતાં વૈષ્ણવોમાં પરિષદ દ્વારા સંગઠન કરવા વિશે સુંદર પ્રચાર કાર્ય કરેલ તેનો અહેવાલ આપેલ. પરિષદના મંત્રી શ્રી ચીમનભાઇ શેઠે "નર્મદનો જમાનો" પાઠ જેમાં વૈષ્ણવોની લાગણી દુભવતું લખાણ છે તે રદ કરવા પરિષદે કરેલ રજુઆત ધ્યાનમાં લઇ શિક્ષણ મંત્રી શ્રી પ્રબોધભાઇ રાવલે તે પાઠ રદ કરવા વિધાન સભામાં ખાત્રી આપેલ. તે સામે કેટલાંક સાહિત્યકારો દ્વારા વિરોધી ઝુંબેશ થઇ રહી છે અને તે પાઠ ચાલુ રખાવવા પ્રયાસો થઇ રહ્યા. તે સામે વૈષ્ણવોને સાવધાન થઈ સંગઠીત બની મક્કમપણે રજુઆત ચાલુ રાખવા જણાવેલ. શ્રી મનોહરભાઇ શ્રોફે "ભકિત વિધિંની" પ્રચાર વાહન અંગેનો અહેવાલ આપેલ ત્યારબાદ શ્રી જગન્નાથપુરીના વિદ્વાન શાસ્ત્રી પદમશ્રી પંડીત શદાશિવરથ શર્મા એ શ્રી વલ્લભાચાર્યજીનો વિશિષ્ટ ભકિત માર્ગ એ વિષય પર પ્રવચન કરેલ તેઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ન હોવા છતાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથોનો સારો અભ્યાસ ધરાવે છે તેમજ શ્રી મહાપ્રભુજી એ પ્રકટ કરેલ

શ્રી વલ્લભ સુધા

વાર્ષિક લવાજમ રૂ. ૧૦/- આજીવન રૂ. ૧૫૧/-

* શરનામું બદલો, અથવા રેપર પરના આપના શરનામામાં કંઇ ફેર હોય તો તુરત કાર્યાલયને લખી જણાવો.

* લવાજમ મોકલતી વખતે ગ્રા. નં. તથા આપનુ પુરૂ નામ શરનામું અવશ્ય લખો.

* પરિષદની શાખા ગામે ગામ સ્થાપી સંગઠન મજબૂત કરો.

* આપના તરફથી લવાજમ ભરી પુ. આચાર્યશ્રીને કે સ્નેહી વૈષ્ણવોને "શ્રી વલ્લભ સુધા" ભેટ મોકલો.

"શ્રીપુરૂષોત્તમ સહસ્ત્ર નામ" ગ્રંથનો નિત્ય પાઠ કરે છે, તેઓ પ્રાચિન સાહિત્ય સંશોધક રીસર્ચ-સ્કોલર છે, તેમણે શ્રીમહાપ્રભુજીએ શ્રીજગન્નાથજી ભગવાન સન્મુખ વિદ્વત સભામાં પ્રતીપાદન કરેલ સિદ્ધાન્ત, જેને શ્રી જગદિશ પ્રભુએ 'એકોશાસ્ત્ર દેવકીપુત્ર ગીત'-શ્લોકથી અનુમોદન કરેલ એ પ્રસંગ અંગે સંશોધન કરી પુરાતન તાડ પત્રમાં લીખીત પુરાવાએ તથા શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીએ એજ વિષયમાં પુનઃ વિદ્વત પરિષદમાં નિર્ણયો આપેલ તે વિષયના મુળ અમૂલ્ય તાડ પત્રો પોતા સંગ્રહમાંથી દર્શાવેલા.

ઉમેરઠવાળા પ. ભ. શ્રી નીરંજનભાઈ શાસ્ત્રીજીએ ખુબ વિદ્વત્તાપુર્ણ શૈલીમાં શ્રી સોમયજ્ઞની વિશિષ્ઠતા અને કાર્ય પદ્ધતી સમજાવેલ.

તા. ૨-૫ ૮૩ સોમવારે સવારે શ્રી સોમયાગનું અવભૃથ સ્નાન કરવા પુ. પા. આચાર્યશ્રી પ્રથમેશજી મહારાજ પુ. શ્રી વહુજી પુ. શ્રી લાલમણીજી બાવા તથા વિશાળ સંખ્યામાં વૈષ્ણવો શોભાયાત્રાના સ્વરૂપે યજ્ઞ મંડપથી પ્રારંભ થઇ પુરીના સમુદ્ર કીનારે ગયેલ જ્યાં યજ્ઞના આચાર્યો એ વૈદિક વિધી કર્યા બાદ પુ. આચાર્યશ્રી સાથે સહુએ સમુદ્ર સ્નાન કરેલ તેજ દિવસે સાંજે પરિષદના સંમેલનની બીજી સભા મલેલ જેમાં પરિષદના સંગઠન મંત્રી શ્રી પં. દ્વારકાપ્રસાદ પાટોદીઆ, શ્રી મનોહરભાઈ શ્રોફ, ગોકુલદાસ સોની (રાજકોટ) શ્રી દ્વારકાદાસ રાણા (કલકતા) શ્રી રમણભાઇ (ઘાટકોપર) તથા બીજા અનેક કાર્યકર્તાઓએ વિવિધ વિષય પર પોતાના મંતવ્યો દર્શાવેલાં ત્યાર બાદ પરિષદના સ્થાયી ફંડ માટે અપીલ થતાં આજીવન સદસ્યતા (રૂ. ૫૦૧) તથા સંરક્ષક સદસ્યતા (રૂ. ૫૦૦૧) ના સ્વરૂપે લગભગ ૫૧૦૦૦ રૂપીઆ ના વચનો તત્કાળ મલેલ અને આ ઝુંબેશ સહુ પ્રતિનિધીઓ પોત પોતાને ત્યાં ચાલુ રાખે તેવું નકકી થયેલ. ત્યારબાદ પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી એ સંગઠન દ્વારા સ્વધર્મ પાલન અને વૈષ્ણવોમાં આત્મીયતા અંગે સુંદર પ્રેરક વચનામૃતો કરેલ બાદમાં આશ્રય પદગાન સાથે કાર્યક્રમ પુરો થયેલ. વૈષ્ણવોને ઉતરવાની મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા બાગડી ધર્મશાળા તથા ભાટીઆ ધર્મશાળામાં ખુબ વ્યવસ્થીત સુંદર હતી. કાર્યક્રમને સફલ બનાવવામાં પરિષદના મુંબઇ શાખાના કાર્યકરો એ કલકતા ના વૈષ્ણવો સાથે ખભે ખભા મીલાવી સહયોગ આપેલ. કલકતા થી પુરી નજીક હોઇ કલકતાના વૈષ્ણવોએ તો આ પ્રસંગ પોતાને ત્યાંનોજ ગણી પ્રારંભથી પુર્ણાહુતી સુધી બધી વ્યવસ્થામાં અગ્રભાગ લીધેલો.

◆

પૃષ્ઠ પ્રકાશન સહાયક :-

પ. ભ. શ્રીમતિ પુરીબેન મોતીચંદ માંડલીયા રાજકોટના સદૈન્ય સર્વે વૈષ્ણવને જય શ્રીકૃષ્ણ

"બાલ ધર્મ શિક્ષા"

લેખક **શ્રી ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

માતા પિતાની સેવા

પુર્વે મિથિલા નગરીમાં એક મહાજ્ઞાની ભકત પારધિ રહેતો હતો. એનો યશ સાંભળી એની પાસે જ્ઞાન લેવા કૌશિક ઋષિ મિથિલા નગરીમાં ગયા. અહિં અસંખ્ય જ્ઞાની ભકતો નિવાસ કરતા હતા. તેમાંએ આ પારધિનું નામ તો સર્વમાં જાણીતું હતું. પુછતાં પુછતાં ખાટકીવાડામાં તે પારધિને ઘેર જઇને તેના મુખથી ઘણું જ્ઞાન સાંભળ્યું.

કૌશિક ઋષિ તો તેના જ્ઞાનને જાણીને બહુ જ ચકિત થઈ ગયા. એટલે પારધિ બોલ્યો–મહારાજ ! મેં આપને અત્યાર સુધી જે કંઇ કહ્યું તે મેં મુખેથી સંભળાવ્યું પરંતુ હવે હુ તે તમને સર્વ ધર્મનો સાર નજરે નજર જણાવું છુ તે તમારી આંખોથી જ જોઇ લ્યો. એમ કહીને કૌશિક ઋષિને પોતાના ઘરમાં લઈ ગયો. ત્યાં સ્વચ્છ–સુંદર અને વિશાળ ઓરડામાં તેના માતા પિતા એક ઉત્તમ આસન પર બેઠાં હતાં. પારધિએ તેમનાં દર્શન કરી ચરણમાં મસ્તક નમાવી સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. માતા પિતાએ આશીર્વાદ આપ્યો.

પછી તે પારધિએ કૌશિક ઋષિને કહ્યું કે મારા દેવ કહો, વેદ કહો, જે કહો તે આ મારાં માતા પિતા છે. મારો પુત્ર, મારી સ્ત્રી અમે સર્વ એમની સેવામાં હંમેશા તત્પર રહીએ છીએ. હું મારે હાથે એમને સ્નાન કરાવું છું–જમાડું છું. માટે હે ઋષિ ! મારૂં તો એવું માનવું છે કે કલ્યાણની ઇચ્છા હોય તેમણે માતા પિતાની સેવા કરવી માતા પિતાના વિચારને અનુસરી જે કાર્ય કરે તે ઉત્તમ એમના કહ્યા પછી કરે તે મધ્યમ અને શ્રદ્ધા વિના કાર્ય કરે ને બહુ વાર લગાડે તે કનિષ્ઠ અને જે તેમની આજ્ઞા માને જ નહિ, તેમને ગણે જ નહિ એ પુત્ર તો પ્રત્યક્ષ નરક જ અધમમાં અધમ જ છે. આ પ્રમાણે ભાગવતમાં કહ્યું છે.

માટે વિદ્યાર્થી બાળકોએ સવારમાં શ્રદ્ધા પુર્વક માતા પિતાની સેવા કરવી, તેમને પ્રણામ કરવા બીજા પણ બંધુ વગેરે વડિલો હોય તેમને માન આપવું, વંદન કરવું, એ આપણા આર્યોનો મુખ્ય નીતિ ધર્મ છે. આ રીતી અત્યારે તો ઘણું ખરૂં નાશ જ પામી છે. પરંતુ કોઈ કોઇ સ્થળે લીસોટા જેવું જોવામાં આવે છે. કોઇ શુભ પ્રસંગ હોય તો વૃદ્ધો વડિલોને પ્રણામ કરો એમ કહેતાં તેમ કંઇક કરવામાં આવે. છતાં આજકાલનાં બાળકો પ્રણામ કરવામાં શરમ લાજ સમજે છે પશ્ચિમની રીતિનું અનુકરણ થવાથી આપણી પ્રાચીન ધર્મ ભાવના ભૂલાતી જાય છે. એ ખરેખર શોક કરવા જેવું છે. માટે વિદ્યાર્થી બંધુઓએ પોતાની પ્રાચીન ધર્મ ભાવનાને વિસારવી નહિ અને દરરોજ પ્રભુને પ્રણામ, ગુરુને નમન, માતા પિતા અને વડિલોને વંદન કરીને પછી પોતાના કામની શરૂઆત કરવી.

* * *

પૃષ્ઠ પ્રકાશન સહાય માત્ર રૂ. ૫૧/–

ભરી હજારો વૈષ્ણવોને ભગવદ્દસ્મરણ કરો

આં. રા. પુ. વે. પરિષદ દ્વારા સ્વમાર્ગિય સિદ્ધાન્ત પ્રચાર માટે ઉપયોગી પ્રચાર વાહન '**ભક્તિવર્ધિની**" બસ સુંદર સુવિધાયુક્ત તૈયાર થઈ જતાં તેનો વિમોચન સમારોહ ગત તા. ૧૭ એપ્રીલ રવીવારે વડોદરા મુકામે યોજાએલ. તૃતીય પીઠાધિશ્વર પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજના વરદ હસ્તે 'ભક્તિવર્ધિની પ્રચાર વાહનનું વિમોચન થયેલ. પૂ. પા. શ્રી ઈન્દીરાબેટીજીએ પણ સમારોહમાં પધારી આશિર્વાદ પ્રદાન કરેલ. કાર્યક્રમનું સંચાલન પરિષદના મંત્રીશ્રી ચીમનભાઈ શેઠ (કપડવંજ) દ્વારા થયેલ.

(પાના નં. ૧૩થી ચાલુ)

સનાતન એટલે પ્રાચીન, પરંપરાથી પ્રાપ્ત થયેલ, કુળધર્મો, જ્યારે કુળનો ક્ષય થાય છે ત્યારે આત્યંતિક રીતે – ફરીને ઉદય ન થાય તે રીતે નાશ પામે છે. તેથી અમે પૃથાના પુત્રો, પૃથાના સંબંધથી આપે અંગીકાર કરેલા, એમ અમારો પરંપરાગત ધર્મ, આપની ભક્તિ, તેનો નાશ કરનાર પાપથી અમારે વિશેષ કરીને (યુદ્ધથી) નિવૃત્ત થવું તે ઉચિત છે, એવો ભાવ છે.

અરે, અત્યારે ધર્મનો નાશ થાય તોપણ આગળ પ્રહલાદ વગેરેની જેમ કોઈ પણ ભક્ત કદાચ થાય, ત્યારે ધર્મ ફરીને ઉદ્ભવ પામશે. તેથી શૌર્ય અને ક્ષાત્રધર્મના નાશ કરતાં યુદ્ધ કરવું જ ઉચિત છે, એમ કહે છે. 'ધર્મે નષ્ટે'.... વળી જ્યારે ધર્મનો નાશ થાય છે ત્યારે બાકી રહેલ સમગ્ર કુળમાં અધર્મ ફેલાઇ જાય છે, એમ અર્થ છે. ॥૪૦॥

(ક્રમશઃ)

॥ શ્રી વલ્લભ ॥

સં.-પ્રો-જીવનલાલ જોશી

ચોરાસી ભગવદીય શ્રી વલ્લભના શરણાગત જે જે દેશમાં જેટલા અદ્યાપિ બિરાજે છે તે દેશમાં ગણતી સુદ્ધાં ભક્ત કવિશ્રી દયારામ ભાઈએ લખ્યાં છે તેહેની વિગત

નોંધ :– આ રીતનું વ્યવસ્તિત સર્જન-વિભાજન, શ્રી દયારામભાઈના પહેલાં અને પછી પણ કોઈએ કર્યું હોય એવું જાણવામાં નથી.

૫ શ્રી-વ્રજમંડળમાં
૭. શ્રીજીદ્વારમાં
૨. શ્રી-જગન્નાથ સમીપ-
૪. શ્રી-ગૌડદેશમાં
૩. શ્રી-કાશીપુરીમાં-
૧૨. શ્રી-અયોધ્યા મંડળમાં-
૯. શ્રી-હરિદ્વાર-પ્રયાગ વચ્ચે-
૩. શ્રી-અવંતિકા માલવ દેશ મળીને-
૮. શ્રી-વિઠ્ઠલ પુંઢરીનાથથી તે ઝાડખંડી પર્યંત-
૭. શ્રી-રામેશ્વરથી તે **બારામલ્હાર** પર્યંત-
૧૭. ગુર્જર ખંડ પેટલાદ લગી- બિંદુ સરોવર, નારાયણ સરોવર-
૨. સિંધ દેશમાં-
૧. શ્રી દ્વારકાનાથમાં (શ્રી-દ્વારિકામાં)
૪. સોરઠ દેશમાં-

૮૪ **કુલ**

એ ચોરાસી ભગવદીય ઉત્તમ લક્ષણો કરી ઓળખવા

(દ–હ–પ્ર–પૂ–૭૦૬; છીંટનો નાનો ગુટકો)

⁂

પૃષ્ઠ પ્રકાશન સહાયક :–

પ. ભ. શાંતાબેન સુખલાલ પાંઉના સવિનય જય શ્રીકૃષ્ણ
હ. શ્રી સુખલાલ મુલચંદભાઇ રાજકોટ.

એપ્રિલ-મે ૮૩ અંક ૧-૨ના અનુસંધાને

શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યો

અમદાવાદના

૩૧ શ્રી સોની રાધેશ્યામજી પુનમચંદ
૩૨ ,, સોની બજરંગદાસ સૂરજમલ
૩૩ ,, સોની રૂપચંદજી મથુરાદાસ
૩૪ ,, સોની ભવરલાલ રામકીશનજી
૩૫ ,, સોની બ્રહ્મસ્વરૂપજી ચંપકલાલજી
૩૬ શ્રી સોની ઓમપ્રકાશજી બદ્રીપ્રસાદજી
૩૭ ,, સોની પ્રકાશજી રામલાલજી
૩૮ ,, કાશીનાથભાઈ રાજકોટવાળા
૩૯ ,, સોની વ્રજલાલ માધવજી
૪૦ ,, સોની પ્રાણજીવનદાસ વીરજીભાઈ

પોરબંદરમાં શ્રી દ્વારકેશ જયંતિ

નિ. લી. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનો ૮૪મો પ્રાકટ્યોત્સવ ચૈત્ર સુદ ૧૫ તથા ચૈ. વ. ૧ એમ બે દિવસ ઉજવાયો. તા. ૨૭ એપ્રીલ રાત્રે 'સંગીત સભા' અધ્યક્ષ પૂ. ગો. શ્રી રસીકરાયજી મહારાજ તા. ૨૮ એપ્રીલ સવારે શ્રી....ને પલના ફૂલમંડળી સર્વોત્તમજીના પાઠ તથા રાત્રે **વધાઇ-કિર્તન અધ્યક્ષ પૂ. ગો. શ્રી માધવરાયજી મહારાજ**

* * *

પોરબંદરમાં શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ ખૂબ ધામધૂમથી ચૈ. વ. ૧૦ તથા ૧૧ એમ બે દિવસ ઉજવાયો. ચૈ. વ. ૧૦ના માધવભવનમાં પુ. શ્રી માધવરાયજી મહારાજશ્રીની સન્મુખ શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠનો કાર્યક્રમ થયે . ચૈ. વ. ૧૧ રવીવારે સાંજે ૫ વાગે શ્રી મહાપ્રભુજીના બેઠકેથી શોભાયાત્રા શ્રી મહાપ્રભુજીના ચિત્રજી પધરાવી શહેના મુખ્ય માર્ગો પર થઈ માધવભવનમાં પહોંચેલ મંગલવાદ્ય અને બહેનોએ કલશ ભરેલા અત્યન્ત ઉલ્લાસીત વાતાવરણમાં શોભાયાત્રા માધવભવનમાં સભાનારૂપમાં પરિવર્તિત થયેલ. પુ. પા. શ્રી માધવરાયજી મહારાજશ્રીએ ઉત્સવ નાયકના દિવ્યચરિત્રો વિશે સુંદર વચનામૃત કરેલ પ્રારંભમાં પુ. મહારાજશ્રી તથા ચી. ગો. શ્રી કનૈયાલાલજી બાવાએ વધાઇગાન કરેલ. વૈષ્ણવોની હાજરી ખુબજ સારી હતી. સભાનુ સંચાલન વૈશ્વાનરના તંત્રીશ્રી પ્રેમલાલભાઈ મેવચાએ કરેલ.

પનઘટ લીલાનું ધોળ

[રાગ–ચાલો તો શ્રીજી જઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને]

હું તો જલ ભરવાને ગઈ 'તી રે,
સરખી સાહેલી સાથે રે. ૧
મેં તો નવરંગ ચુંદડી ઓઢી રે,
કંચનની ગાગર માથે રે. ૨
મારગમાં મોહન જોયા રે.
સજનીનાં મન મોહ્યાં રે. ૩
વાંકલડું જોઈને ચાલ્યાં રે,
તીક્ષ્ણ બાણ લગાવ્યાં રે. ૪
હું તો પનઘટ મારગ ભૂલી રે,
પ્રગટી પ્રીત અમુલી રે. ૫
જો સાસુ મારી જાણે રે,
ઝાઝાં મેણાં મારે રે. ૬
જેઠાણીને કોઈ કહેશે રે,
હાલ સંદેશા દેશે રે. ૭
નિત્ય ઘરમાં થાશે કજિયા રે.
કહેશે ક્યાં વહુ વસિયા રે. ૮
મારી દેરાણી મચકારી રે,
વચન સુણાવે ભારી રે. ૯
મારી નણદલ છણકા કરશે રે,
કાન પિયુના ભરશે રે. ૧૦
ત્યારે પિયુજી મારા ખીજે રે,
કોઈ વાતે નવ રીઝે રે. ૧૧
તે દુ:ખડાં તો સહી લેશું રે,
વણ બોલ્યાં પણ રહેશું રે. ૧૨
ગિરધરની પ્રીત ન તોડું રે,
ગાંઠ કદાપિ ન છોડું રે. ૧૩
'કુમુદિની'નો રસિયો નાથ રે,
રમશું તેની સાથ રે. ૧૪

–ગો. શ્રી રત્નપ્રભાવહુજી
(કુમુદિની) પોરબંદર.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ સંચાલિત ગુજરાતી માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૨ : અંક ૪ જુલાઇ, ૧૯૮૩ * શ્રીવલ્લભાબ્દ ૫૦૫ * વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-

"જીવ દીન છે"

જે પાપ વડે જ પોષાય, તે દીન અને હીન હોય જ. દીન એટલે કંઇ પણ કરવાને અશકત જીવ, સ્વતંત્ર પણે કશું જ કરી શકવાને અશકત હોવાથી તે દીન છે. દીનનો ધર્મ ભગવદ્ આશ્રય છે. એ રીતે સર્વ સાધનો વડે હીન, સર્વ રીતે પરાધીન, પાપ વડે પીન અને દીન એવા જીવનો એક માત્ર આધાર પ્રભુ છે. દીન જીવ પ્રભુનો દઢાશ્રય કરી તે ઉપર જ અવલંબિત રહે તો કૃતાર્થ થાય.

—શ્રી હરિરાયજી

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે,રાજકોટ ૩૬૦૦૦૧

॥ શ્રી હરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો
રાજા કૃષ્ણદેવ પ્રતિ ઉપદેશ

અનુવાદ : ગો. વા. પ. ભ. શ્રી હિરાલાલ મોહનલાલ પરીખ –ખંભાત

દૈવત્વેન ગુરોરનુગ્રહ વશાજ્જાતા પ્રપત્તિર્યદા,
સકપુંડ્રાદિ વિધારયેત્ પર જયન્ત્યેકાદશીના વ્રતમ્,
ધર્મં ભાગવતં ચરેત્ હરિકથા માચાર્ય ભકતાર્ચનં,
પાપં તદ્વિમુખાનનર્પિત ભુજિં ચાન્યા શ્રયંવર્જયેત્. ૧

જ્યારે ગુરુના અનુગ્રહને લીધે, ભાગ્યવશાત્ પ્રભુ શરણ પ્રાપ્ત થાય, ત્યારે માલાતિલક ધારણ કરવા, મોટી જયન્તિ, એકાદશીના વ્રત કરવાં, શ્રદ્ધા ભાવ યુકત અથવા ભગવત્સંબંધિ ધર્મ પાળવો, આચાર્ય અને ભકતનાં પૂજન કરવાં.

પ્રભુથી વિમુખ એવાઓનો સંગ પ્રભુને અર્પણ કર્યા વિનાનું ભોજન, પ્રભુ વિના બીજાનો અશ્રય એ પાપરૂપ છે માટે તે સર્વનો ત્યાગ કરવો. ૧

આશ્રિત્યાશ્રમ ધર્મમત્ર ભવતા સ્થેયં પ્રજા રક્ષતા,
સેવ્યઃ શ્રીરમણઃ સદાહરિજનૈઃ કાર્યાધિકા સંગતિઃ,
આજીવ્યં વિદ્રુષાં વિધાય જગતાં યોજયાશ્ચતે શિક્ષણે,
દીનાનાં દયયા નયેન વિનયૈઃ કીર્તિર્વિધેયાચલા. ૨

પ્રજાનું રક્ષણ કરતા વર્ણાશ્રમના ધર્મ પાળીને રહેવું, નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનનું સેવન કરવું, પ્રભુ ભકતોની સાથે વધારે સંગતિ કરવી, જગતમાં વિદ્વાનોને જીવન પર્યંત રાખીને અને તેમને ધર્મનો બોધ આપવા સારૂ યોજવા જોઇએ.

ગરીબો તરફ દયા ભાવથી જોવું, નીતિ શાસ્ત્ર પ્રમાણે વિનયથી વર્તવું, તેમ કરી અચલ કીર્તિ પ્રાપ્ત કરવી. ૨

॥ શ્રીહરિ: ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૨ : અંક ૪
જુલાઈ, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

સ્તુત્ય પગલું

ગુજરાતના રાજયપાલશ્રીએ એક અધ્યાદેશ દ્વારા ગુજરાતના પશુધનની રાજ્ય બહાર નિકાશ બંધી જાહેર કરી એક આવકાર પાત્ર પગલું ભર્યું છે. દેશની સંસ્કૃતિનું રક્ષણ; આર્થિક, સામાજીક ઉન્નતિ અને ખેતીને સમૃદ્ધ બનાવવા ઉપરાંત મૂંગા પ્રાણીઓના આર્શિવાદ મેળવવામાં આ અધ્યાદેશથી મદદ મલશે કારણ કે દેવનાર જેવા જંગી કતલખાને જતાં હજારો મૂંગા પશુઓને આનાથી બચાવી શકાશે. 'પરિષદ'ની ગૌવંશ વધ બંધીની માંગણીને લક્ષમાં લઈ સત્તાવાળાઓ વર્તમાન કાયદા, નિયમોનું ચુસ્તપાલન કરાવે તો પણ ધણુ કાર્ય થઈ શકે, અબોલ પ્રાણીઓ પર સંપૂર્ણ દયા ભાવ રાખવો તે જગતના બધાં ધર્મોને સ્વીકૃત વાત છે. દરેક સત્તાવાળાઓ પોતાનો માનવ ધર્મ સમજી જીવ હિંસા અટકાવવા કાયદાનું કઠોરતાથી પાલન કરાવે તેવી સમાજ અપેક્ષા રાખે છે. ગાય ! ગોપાલ પ્રભુની પ્યારી ગાય ! ! જગતના તાત ખેડૂનો વ્હાલો બળદ, જીવનભર માનવપર ઉપકાર કરનારની હિંસા માનવ માત્રને શરમાવે છે. આવો ! આપણે પરિષદના નેજા નીચે એકત્ર થઈ ગામેગામ ગૌરક્ષા સંગઠન રચી આદર્શ ગૌશાળા બનાવી સશકત અશકત, ગાય, બેલને, પાલન કરી માનવી તરીકેની ફરજ બજાવીએ.

-સંપાદક

॥ શ્રીહરિઃ ॥

આપણી પરમ્પરાનું મહત્વ

લે. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ

પરમ્પરાની વિશિષ્ટતાને અનુસરનારા લોકોને તેનુ જ્ઞાન અને તેની પાછળના હેતુની માહિતી હોવી જોઇએ. અપરસમાં કોરા વસ્ત્રો જેમાથી કાંજી કાઢીને ધોયેલા હોય તે કહેવાય છે.

ગળી અને સ્ટાર્ચ વાળા કપડાના વસ્ત્રો પણ ન બનાવવા જોઈએ. ફાગણના વસ્ત્રો પણ ધોઈ ને પિછવાઈ વિગેરે સિદ્ધ કરવી. કોરી એકલાઈથી સખડી ભોગ ધર્યા પછી તે અપરસમાંથી બાહેર ન કાઢી શકાય. ચરુ અને પુરોડાષમાં ચરુ સખડી થાય છે. અને ઘી વાળુ પુરોડાષ થાય છે. આમ વેદમાં વિધિ છે. પાક રાજેશ્વર ગ્રંથ મા છ પ્રકારના પાક માનવામા આવ્યા છે. તેમાં તાન્દુરનો પાક સેવા મા આવતો નથી તે પાછળથી શેકવાની પ્રણાલી મા આવ્યુ છે. તળવુ, ઉકાળવુ, ભુંજેલુ, પુટપાક, જેમ ચણા શેકાય છે તેવી વિધિની સામગ્રી આવે છે. આટલી વિધિ આપણામા ગ્રહણ કરાઇ છે. અથાણા વિગેરે પાકથી નોખા છે. તેમજ નાગરી અનસંખડી છે. સતવો દુધઘરની શ્રેણી મા આવે છતા તે અલગ છે. આમ અન્નનુ ગ્રહણ કર્યા પછી પાણી પીવુ અને ત્યારબાદ મુખશુદ્ધિ વેદની વિધિમા આચમનની સાથે આવે છે.

આમ પાક : સપ્ત વિધસ્મૃતઃ ની વિધિમા વેદ વિહિત ક્રિયાજ સેવામા અપનાવવામા આવી છે. સાત પ્રકારના પાકમા અમુક વિધિ તાન્દુર જેવી તેમા આવતી નથી. આજે જે પુરી વિગેરે દુધ ઘરમા બનાવાય છે તેની મર્યાદા આધુનિક છે પણ તેવી વસ્તુ દુધમા બાંધવા માત્રથી દુધઘર થતી નથી. તેના માટે પય, પકવમા પય શબ્દ જળ માટે વપરાયો નથી, તે દુધમાટે વપરાયો છે. અને તેમાથી દુધ ઘરનો પ્રકાર શરુ થયો છે. નાગર બ્રાહ્મણો સતવાને નાગરી તરીકે કરી બાહેર ગામ જતી વખતે લઇ જતા તેના જ પ્રકારથી નાગરી શબ્દ અહિંયા આવ્યો પણ તે અનસખડીમા ગણાશે. જેમ વ્રજમા વૈષ્ણવ કે બાળકો ટોકરીમા અનસખડી (જે સખડી ન હોય) તેવી વસ્તુ કન્તાન (વલકલવસ્ત્ર) સણનુ તેમા બેવડી બાંધેલી વાંસની ટોકરીમા પ્રસાદ લઇ જતા તેને ટોકરી કહેવાતી તે ભાથુ અમુક વિસ્તારમા લઇ જઇ શકાય. સખડી ન લઇ જવાય અને વાસી થાય કે બગડે તેવી પ્રસાદી વસ્તુની વહેચણી કરી દેવી.

સ્વયંપાકની પદ્ધતિ જુની અને વૈદિક છે અને તેવીજ રીતે મર્યાદી સમાજ પણ સ્વયંપાકી હોય છે. આચાર્ય પરમ્પરામા તેમના પત્નિ રસોઇ સિદ્ધ કરે તેવી પરમ્પરા હતી અને આ શ્રી વલ્લભાચાર્યના સમયથી ચાલી આવે છે. તેઓશ્રી અગ્નિહોત્રી હતા. પાછળ પણ આચાર્યો બ્રમ્હચર્ય અને ત્યારબાદ ચતુર્થી હવન કર્યા પછી ગૃહયાગ્નિ રાખતા હતા. આમ આચાર્ય સ્થાનમા લગભગ પંચાગ્નિ રહેતી હતી. આજે તેવા પ્રકારને અન્યાશ્રમ મનાય છે. આ આચાર્યની માન્યતા વિરુદ્ધ જણાય છે. પુષ્ટિ સૃષ્ટિની આ અવિચારિત પ્રદર્શનીય બાબત છે.

ચોક પુરવા હળદર અને ખડીમાટી વપરાય છે આ બન્ને વસ્તુ વેદના યજ્ઞ મણ્ડપોની વિધિમા જોવાય છે.

કર્મરુપ ભગવાન પોતેજ છે. જો આમ ન હોય તો જીવ તેમની સાધનોથી સેવા ન કરી શકે. સાધન સંપત્તિથી શ્રીહરિ પ્રસન્ન થતા નથી આમ શિક્ષાપત્રમા શ્રીહરિરાયજી જણાવે છે. જે શ્રી વલ્લભાચાર્યની વાણી નુ વિસ્તૃત વર્ણન છે. તેમજ સેવા થકી સદાચારને સહુ અનુસરી શકે આ વાત સંઘજીભાઈ મોચીની વાતમા જામનગરના ચરિત્રમા સ્પષ્ટ છે.

સેવામા વિહિત પાઠો કરવા અને વૃથાલાપ ન કરવો આ પ્રણાલી મનના નિગ્રહ માટે છે. આમ મુખરતા દોષથી બચી શકાય છતા આજે વાણી પુરતો વિચાર પણ ઓછો જ છે. તોછડી ભાષાની વપરાશ વધુ થવાથી આ આમન્ય તુટતા સમાજને વિનય અને વિવેકનું વર્તન કેમ કરવુ અને શા માટે કરવુ તેની વિટમ્બણા છે.

નિરધારેલી વસ્તુને તે નામથી જ ઓળખાય અને તેની મર્યાદા હોય તોજ તેનો ઉપયોગ સારો થાય નહીતર વસ્તુના ઉપયોગ અને વર્તનમા વિકૃતિ આવે છે તે આજે જોઇ શકાય છે. શ્રી ઠાકોરજીને સમર્પણ કરવાની વસ્તુ કેવળ જડ નથી. તે ભાવાત્મક અને સ્વરુપાત્મક છે એમ માનીને પ્રસાદી વસ્તુનુ ગ્રહણ કરાયુ હોય તો જ બુદ્ધિ નિર્મળ થાય, અન્યથા વિકૃત બને.

સેવા કરનાર નોકરી માનીને પ્રસાદનો ઉપયોગ કરે છે તેવાઓની વિચાર સરણી આજે હવેલી કે મંન્દિરોમા જોવા મળે છે.

આમ યગ્યભાગ અને પ્રસાદમા અન્તર છે. મહાપ્રસાદ સ્વચ્છ સ્થાનમાં પધરાવવો આ સન્માન અને સ્વચ્છતા બન્ને છે. કેવળ સ્વચ્છતા હોય અને સન્માન ન હોય તો આજની શારીરિક સ્વચ્છતા અને ફેશન જેવી વાત થાય. આદર બુધ્ધિની વિશેષતા સાવ

પૃષ્ઠ પ્રકાશન સહાયક :- પ. ભ. વિજ્યાબેનના જયશ્રીકૃષ્ણ.
હા. સોની ભોગીલાલ શીવલાલ (રાજકોટ) ના ભગવદ્સ્મરણ.

અલગ છે અને તેનાથકી ભાવનામા તેનો પ્રભાવ સ્વતંત્ર જોવા મળે છે. પ્રકાર ભેદ અને વિચાર ભેદથી વસ્તુના ફળમા ભેદ આવે છે. અને તેના પરિણામો પણ જોવાય છે. માટે મહાપ્રસાદ અને જે વસ્તુ પ્રસાદી નથી તેની અલગ વ્યવસ્થા વિવેકથી કરવામા આવી છે. આમ મન અને શરીરની કેળવણી સાથે વ્યવસ્થામા અનુકુળતા આવે છે. પ્રસાદ થકી કેવળ પેટજ ભરવાની વાત નથી તેની પાછળ બુદ્ધિ નિર્મળ બને અન્તર પવિત્ર થાય અને સેવા માટે શકિત પ્રાપ્ત થાય આ ભાવના આમા સમાએલી છે. ખાવા ખાતર ભકતો ખાતા નથી સેવા ના માટે જીવન ભગવાનનીં કૃપા થકી તેમના પ્રસાદથી ટકાવવા માટે પ્રભુના પ્રસાદનુ સેવન કરે છે. પ્રસાદ થકી અન્તઃકરણ અને દેહ શુદ્ધ થાય છે. આવી ભાવના મનમાં રાખી પ્રસાદ લેવો જોઇએ. પ્રસાદ થકી જ સેવોપયોગી દેહ બને છે. મહા પ્રસાદના સેવનથી મનનો મેલ ધોવાય આસુરાવેશથી બચવાનો આ એકજ ઉપાય છે. ડગલેને પગલે વળગતો દુઃસંગ ત્યારે જ દુર થશે. સેવા પરાયણ જીવન માટે વિચારો ત્યારેજ ઉત્પન્ન થશે. આમ મહાપ્રસાદની મહિમાનુ ચિત્તમા ચિત્તન કરીને જમવુ જોઇએ. તે ભગવાનની કૃપા સ્વરુપે આપણને પ્રાપ્ત થાય છે. તે પ્રસાદનો આદર મનમા રાખવો. કેવળ ખાવાની દ્રષ્ટિએ અને સ્વાદની ખાતર તેનું સેવન ન કરવુ જોઇએ. સ્વાદ માટે સેવનથી ઇન્દ્રિયોના અધ્યાસો વધે,

વ્રત અને ઉપવાસમા નિર્ધારેલ પ્રસાદ લેવો યોગ્ય છે. શ્રી મહાપ્રભુએ જગદીશમા મહાપ્રસાદની સ્તુતિ હાથમા રાખીને રાત્રિમા કરી અને સવારે તેનાથી પારણા કરી હતી. આ સનાતન પરમ્પરાનો અંગીકાર કરી આપણને અનુસરવા માટે દાખલો સ્થાપિત કર્યો છે. આમ જો વર્તન ન કરવામા આવે તો દેહ પોષણ કરવાનો પાખંડ થાય પણ પ્રસાદ સેવન ન થઈ શકે. પાખણ્ડથી અપવિત્ર બુદ્ધિ બને છે. મનમા ભગવદાશ્રય છુટી જાય છે અને કેવળ દેખાવથી દૈન્ય જતુ રહે છે.

અનન્ય નિષ્ઠાને સાચવતા દુરાગ્રહ રાખવો નહીં અનન્યતા એ આરાધનાને પ્રકાર છે દુરાગ્રહ નથી. દુષ્ટ આગ્રહથી મલિનતા આવે છે. આજની વર્તણુંકમા આવો જ પ્રકાર તરી આવતા રાગ દ્વેષ અને કલેશ વધ્યા છે. શ્રી દયારામભાઇએ બતાવેલા વૈષ્ણવના ગુણો અને તેના લક્ષણ તેમજ કર્તવ્યનો વિચારપૂર્વક પાઠ કરવો આ સાહિત્યને સંસ્કૃત ન જાણતી વ્યકિત પણ વાંચી અને સમજી શકે છે. સિદ્ધાન્તના ઘોળમા આપણા માર્ગના સિદ્ધાન્તોનું વર્ણન છે. તેનુ ચિન્તન કરવુ જોઇએ. સેવા પરાયણ અને સાંચુ જીવન તોજ જીવી શકાય છે. પરમ્પરાનુ મહત્વ સમજવા માટે પણ નિર્મળ બુધ્ધિની જરૂર છે. તેવી બુદ્ધિ આપણને સિધ્ધાન્તો થકી પ્રાપ્ત થાય છે. સિધ્ધાંતો કેવળ બોલવાનુ તત્ત્વજ્ઞાન નથી પણ આચરવા માટે બૌદ્ધિક તત્વનો વિકાસ કરવા સારુ છે. આચાર અને વિચારના સમન્વય તેનાથી સાધી શકાય છે.

પૃષ્ઠ પ્રકાશન સહાયક :– ગો. વા. ગંગામાં તથા ગો. વા. ઓધવજી જાદવજીના જયશ્રીકૃષ્ણ.
હા. સોની મોહનલાલ ઓધવજીભાઈ ઢોલરાવાળાના ભગવદ્સ્મરણ.

બુદ્ધિની સ્થિતિ વિચિત્ર છે અને તેને સ્થિર રાખવી કઠિન છે. તેના માટે જ આચાર્યશ્રી સેવા અને સ્મરણની આજ્ઞા કરે છે. સેવા એ રચનાત્મક પક્ષ છે અને સ્મરણ વિચારાત્મક પક્ષ છે, બન્નેમા સ્થિરતા આવે તો જીવનમા સન્દેહ ન આવે અને ઉદ્વેગો ન થાય. આવા પ્રકારથી અભિમાનની નિવૃત્તિ કરવી જોઈએ. અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવાને જ સ્વભાવ વિજયની વાત થકી આચાર્યશ્રી આપણને સિદ્ધન્તો સમજાવે છે. અભિમાની માં તો સિદ્ધાન્તને સમજવાની શકિત પણ રહેતી નથી ત્યારે ભકિતની કલ્પના પણ ન કરી શકાય. **મોઢાની વાતથી જીવનની સમજ પડતી નથી. અન્તઃ કરણથી જે આરાધના થાય છે તેનો જ પ્રભાવ જીવન ઉપર દૃઢ રહે છે.**

જે લોકો પરમ્પરામા ફેર બદલની વાત કરે છે તેમને પ્રકૃતિની પરમ્પરાને વિચારવી જોઇએ. જડ વસ્તુઓ પણ પોતાના સિદ્ધાન્ત ઉપરજ ચાલે છે. જો આમ ન હોત તો પૃથ્વી નો પ્રલય થઈ જાત જીવન ટકી શકત નહીં દેહની બનાવટની એજ પરમ્પરા જળવાત નહીં આમ પરમ્પરાની મહત્તા જડ ચેતન બધા મા છે.

* * *

અષાઢ માસ

પ્રથમ મહિના અષાઢ ઉત્તરે બરસા ઋતુ આઈ,
રથ કો ઉત્સવ સાજ ચાર વિધ ભોગ ધરાઇ;
દર્શન ચાર ભોગ કે કરિ કે રાગ મલ્હાર જુ ગાઇ,
વિવિધ ફુલ શૃંગાર કિયે પુનિ સબ સુખદાઈ.
વલ્લભલાલ લાડિલે મોહન ગિરિ ગોવર્ધન ધારી
દેવદમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી
સબ જન જન કો સુખ દેત **'સત્ય'** હી કુંજ બિહારી

– બાગરોદી બલદેવ પ્રસાદ શર્મા 'સત્ય' – નાથદ્વારા

પૃષ્ઠ પ્રકાશન સહાયક :- સોની વિઠ્ઠલદાસ ઠાકરશીભાઇના જયશ્રીકૃષ્ણ.
હા. સોની પોપટલાલ વિઠ્ઠલદાસ (રાજકોટ)ના ભગવદ્સ્મરણ.

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

(લેખાંક છઠ્ઠો)

અનુવાદક : પ.ભ. મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ) કોવિદ

અધર્માભિભવાત્ કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ ॥૪૧॥

હે શ્રીકૃષ્ણ, અધર્મ વ્યાપી જવાથી કુળની સ્ત્રીઓ અત્યંત દૂષિત થાય છે. સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે હે વાર્ષ્ણેય (હે વૃષ્ણિકુલોત્પન્ન શ્રીકૃષ્ણ), (પ્રજા) વર્ણસંકર ઉત્પન્ન થાય છે, ॥૪૧॥

તેથી આગળ પણ કોઇ તેવો (ભકત) નથી થતો, એમ 'અધર્માભિભવાત્' વગેરે શબ્દોથી કહે છે:– અધર્મથી વ્યાપ્ત કુળની સ્ત્રીઓ વ્યભિચારાદિ દોષવાળી થાય છે, એમ અર્થ છે. સ્ત્રીઓ દોષવાળી થાય છે ત્યારે પ્રજા વર્ણસંકર થાય છે.

'હે વાર્ષ્ણેય' એમ સંબોધન કરવામાં સત્કુલમાં જન્મેલાંઓનું કુળમાં તેવા હોવું (દૂષિત હોવું) અનુચિત છે, એમ સૂચવ્યુ છે. ॥૪૧॥

સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।
પતંતિ પિતરો હ્યેષાં લુપ્તપિંડોદકક્રિયાઃ ॥૪૨॥

વર્ણસંકર (પ્રજા) કુળનો નાશ કરનારાઓના અને કુળના નરકને માટેજ છે; એમના પિંડદાન અને શ્રાદ્ધ તથા તર્પણક્રિયા જેમનાં નાશ પામ્યાં છે તેવા–પિતૃઓ નરકમાંજ પડે છે. ॥૪૨॥

વર્ણસંકર પ્રજાથી નરકમાં જ જવું પડે, એમ 'સંકરઃ' વગેરે શબ્દોથી કહે છે :– વર્ણસંકર પ્રજા કુળને નરકે લઇ જાય છે. 'એવ' શબ્દથી પાપ ભોગવી લીધા પછી નરકમાંથી બચાવ વગેરેનો અભાવ સૂચવ્યો છે. આવા કુલઘાતીઓના પિતૃઓ સ્વધર્મ દ્વારા મેળવેલા અજાદિ લોકમાંથી પતનને પામે છે. 'હિ' શબ્દથી આ અર્થ યોગ્ય છે, એમ કહ્યું છે. જેઓની પિંડોદક ક્રિયા લોપ પામી છે તે તેઓના પતનનું કારણ છે. ॥૪૨॥

દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ ।
ઉત્સાદ્યંતે જાતિધર્માઃ કુલધર્માશ્ચશાશ્વતાઃ ॥૪૩॥

કુળનો નાશ કરનારાઓના, વર્ણસંકર કરાવનારા આ દોષોથી જાતિના ધર્મો અને શાશ્વત કુલધર્મો નાશ પામે છે. ॥૪૩॥

અને વળી કુળઘાતીઓને નરક પ્રાપ્ત થાય જ છે, એમાં શું કહેવાનું હોય ? કારણ કે તેઓના સંબંધથી ભૂમિ ઉપર બધે જ ધર્મનો નાશ થાય છે, એમ કહે છે. 'દોષૈરેતૈઃ' એટલે વર્ણસંકર કરાવનારા એવા કુલઘાતી-

એના દોષોથી જાતિધર્મો અને શાશ્વત કુળધર્મો નાશ પામે છે, એમ અર્થ છે. 'ચ' કારથી આશ્રમ વગેરેના ધર્મો પણ નાશ પામે છે, એમ સ્વીકારાય છે. ॥૪૩॥

ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।
નરકે નિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥૪૪॥

હે જનાર્દન, નષ્ટ થયેલા કુળધર્મોવાળા મનુષ્યોનો નક્કી નરકમાં વાસ થાય છે, એમ અમે સાંભળ્યું છે. ॥૪૪॥

એ પ્રમાણે સર્વ ધર્મના લોપથી બધાંને નરકલોક મળે છે, એમ 'ઉત્સન્નકુલધર્માણામ' વગેરે શબ્દોથી કહે છે :-

હે જનાર્દન, નષ્ટ થયેલ કુળના ધર્મોવાળા મનુષ્યોનો નક્કી નરકમાં વાસ છે, એમ અમે સાંભળ્યું છે, એમ અર્થ છે.

હે જનાર્દન, એમ સંબોધન કરીને, આપના સંબંધ વગરના જનો નરકવાસી થાય છે. અવિદ્યાના સંબંધથી એમ થાય છે, એમ સૂચવ્યું છે ॥૪૪॥

અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ ।
યદ્રાજ્યસુખલોભેન હંતું સ્વજનમુદ્યતાઃ ॥૪૫॥

અરે, ખેદની વાત છે કે, અમે મોટું પાપ કરવાનો નિશ્ચય કર્યો છે; કારણ કે રાજ્યસુખના લોભથી સ્વજનોને હણવાને અમે તૈયાર થયા છીએ. ॥૪૫॥

અરે, જો તેવા પ્રકારની બુદ્ધિ હોય તો પહેલાં શા માટે યુદ્ધ કરવાનો નિર્ણય કર્યો? એની શંકા કરીને જવાબમાં કહે છે : પહેલાં અમે અજ્ઞાનથી નિશ્ચય કર્યો હતો, એમ પશ્ચાત્તાપ કરે છે. 'અહો બત'... બત શબ્દ ખેદ બતાવવા વપરાય છે. અમે મોટું પાપ કરવા માટે નિશ્ચય કર્યો છે, એમ અર્થ છે.

પાપના સ્વરૂપને 'યદ્રાજ્ય' વગેરે શબ્દોથી કહે છે :- જે કારણથી રાજ્યસુખના લોભથી સ્વજનોને મારવાને તૈયાર થયા છીએ એમ અર્થ છે. 'અહો' શબ્દ આશ્ચર્ય બતાવે છે, કારણ કે રાજ્યસુખ તો સ્વજનોની સાથે જ અથવા સ્વજનોને માટે છે, તેઓને હણવાને તૈયાર થયેલા છીએ, એમ આશ્ચર્ય છે. ॥૪૫॥

યદિ મામપ્રતીકારમશસ્રસ્ત્રસ્રપાણયઃ ।
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્ ॥૪૬॥

જો હાથમાં હથિયારવાળા ધૃતરાષ્ટ્રના પુત્રો સામે નહિ થનાર, શસ્ત્ર રહિત મને યુદ્ધના મેદાનમાં હણે તો મારું વધારે કલ્યાણ થાય. ॥૪૬॥

અરે, જો તું નહિ હણે તો તેઓ તને હણશે જ, એમ જો હોય તો 'યદિ મામ' વગેરે શબ્દોથી કહે છે. અંધનાં સંતાનો ધૃતરાષ્ટ્રના પુત્રો જો પ્રતિકાર કર્યા વિના, શસ્ત્ર રહિત એવા મને હાથમાં શસ્ત્રવાળા તેઓ હણે તો મારું વધારે કલ્યાણરૂપ થાય. એમ અર્થ છે. પહેલાં કરેલ નિર્ણય પ્રાયશ્ચિત્ત રૂપ થાય, એમ અર્થ છે. નહિ હણવા ઇચ્છતા એવા મને જો તેઓ હણે તો કલ્યાણરૂપ થાય. અને આપની સમક્ષ મરવામાં વધારે

પૃષ્ઠ પ્રકાશન સહાયક :- ગો. વા. ગંગામાં મોહનલાલના જયશ્રીકૃષ્ણ.
હા. ઠા. જમનાદાસ મોહનલાલ (રાજકોટ)ના ભગવદ્સ્મરણ.

કલ્યાણરૂપ થાય, એવો ભાવ છે. ॥૪૬॥

સંજય ઉવાચ–

એવમુક્ત્વાઽર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥૪૭॥

સંજયે કહ્યું, એ પ્રમાણે કહીને શોકથી ઉદ્વિગ્ન મનવાળો અર્જુન બાણ સહિત ધનુષ્યને છોડીને યુદ્ધભૂમિમાં રથ ઉપર (ભગવાનની) સમીપમાં સ્થિર થઇ ગયો. ॥૪૭॥

પછી તેણે શું કર્યું ? એવી અપેક્ષાએ સંજય કહે છે :– એ પ્રમાણે કહીને યુદ્ધના મેદાનમાં રથ ઉપર રહેલો અર્જુન, યુદ્ધનો આરંભ ભકિતમાં અંતરાયરૂપ હોવાથી, રાજ્યની આંતરિક આકાંક્ષા વગરનો, ભગવાનનો ઉત્તર નહિ હોવાથી, ભકિત અને જ્ઞાનને કારણે શોકથી ઉદ્વિગ્ન મનવાળો થઇને બાણ સહિત ધનુષ્યનો ત્યાગ કરીને ભગવાનની સમીપમાં સ્થિર થઇ ગયો, એમ અર્થ છે. ॥૪૭॥

એ પ્રમાણે શ્રીમહાભારતમાં ભીષ્મપર્વમાં આવેલ ઉપનિષદ, બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રરૂપી શ્રીભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં અર્જુનવિષાદયોગ નામનો પહેલો અધ્યાય પૂરો થયો ॥૧॥

એ પ્રમાણે આ અધ્યાયમાં અર્જુનના વિષાદમાં લોકશાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન હેતુપૂર્વક કહેવાયું છે. આર્ત્ત અધિકારની અગ્રિમ અધ્યાયના આરંભમાં જ સિદ્ધિ છે, એવી શંકાને પણ સ્થાન નથી. ત્યારે આ અધ્યાયનું પ્રયોજન શું છે ? એવી શંકાના નિવારણમાં કહે છે :– કૃપાનો પ્રભાવ દર્શાવવાને માટે આ અધ્યાયનું પ્રયોજન છે.

આથી જ પદ્મપુરાણમાં ગીતામાહાત્મ્યમાં કહ્યું છે કે, તેથી આગ્રમ અધ્યાયનો જે કોઈ પાઠ કરે, જે કોઈ તેનું સ્મરણ કરે, આ અધ્યાયનો અભ્યાસ કરે તો ભવસાગર તરવો અત્યંત સરળ થઇ જાય. એ પ્રમાણે ફળ કહેવાયું છે. તેનાથી ઉપોદ્ઘાત અને સંગતિ બંને સમજી શકાશે.

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપરની ‘અમૃતતરંગિણી’ નામે ટીકામાં પહેલો અધ્યાય પૂરો થયો. ॥૧॥

* * *

“ શોધ ”

ચંચલ નયની ચંદ્રમુખી, ચલી મુખ દેખન લાલકો ।
ચંચલ લાલ ચિત્તવન, નયન વિશાલ કી ।
ચંચલ ચલત ચાલ ચિત્તવની, ચુમ રહી ચાલ સુનૈયની ॥

– ગો. શ્રી દામોદરલાલજી બાવાશ્રી, કલોલ.

પૃષ્ઠ પ્રકાશન સહાયક :– પ. ભ. દિવાળીબેન મથુરદાસલાલજીના જયશ્રીકૃષ્ણ.
હા. નારાયણદાસ મથુરદાસ કેશરીઆના ભગવદ્સ્મરણ.

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

બાલબોધ :

(શ્રીદેવકીનંદન ચરણકૃત 'પ્રકાશ' વ્યાખ્યાનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ત્રીજો)

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

તે આગળ 'અલૌકિકાઃતુ' વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે :–

અલૌકિકાસ્તુ વેદોકતા! સાધ્ય સાધન સંયુતાઃ ।
લૌકિકા ઋષિભિઃ પ્રોકતાસ્તથૈરેશ્વરશિક્ષયા ।।૩।।

વેદમાં કહેવાયેલા, સાધ્ય અને સાધનના સંબંધવાળા (પુરુષાર્થ) તો અલૌકિક છે અને તે જ પ્રમાણે ઇશ્વરની પ્રેરણાથી ઋષિઓએ કહેલા (પુરુષાર્થ) તો લૌકિક છે. ।।૩।।

વેદમાં કહેવાયેલા એટલે કે ઇશ્વરે વિચારેલા તે (પુરુષાર્થ) અલૌકિક છે અને લૌકિક ધ્યેય વગરના છે, એમ અર્થ છે. બીજાંઓનું અલૌકિકપણું જુદું પાડવાને માટે 'તુ' શબ્દ કહેલ છે. અરે, વેદમાં 'યજ્ઞાત્મક ધર્મ' છે, અને તેનાં 'સ્વર્ગની ઇચ્છાવાળાઓ અગ્નિષ્ટોમ નામે યજ્ઞ કરે.' વગેરે વાકયોથી તે સ્વર્ગલોકજ, એ પ્રમાણે તેનું અલૌકિકપણું શી રીતે ગણાય ? એમ હોય તો તેના જવાબમાં કહે છે :– ખરું છે. વેદમાં સ્વર્ગ શબ્દથી સ્વર્ગલોક એમ કહેવાયું નથી. જે મહા મુશ્કેલીથી પણ પ્રાપ્ત થતું નથી, પરંતુ પ્રાપ્ત થયા પછી જે સુખપૂર્ણ હોય છે, અભિલાષાઓથી મેળવેલા તેવા સુખના સ્થાનને 'સ્વર્ગ' એવા નામથી કહેવું યોગ્ય છે. 'લક્ષણા પ્રવેશ'માં 'સ્વર્ગ' શબ્દની એવી વ્યાખ્યા કરાયેલી છે. પરંતુ આત્મસુખ જ ખરેખરું સુખ છે અને તે અલૌકિક છે, એમ અહીં અકથિત રખાયેલું છે. એ નિબંધમાં વિસ્તારથી સ્પષ્ટ કરાયું છે, તે માટે તેમાંથી જાણવું જોઇએ.

અરે, એ પ્રમાણે પણ ફળની અલૌકિકતા આવે છે. પરંતુ સ્વરૂપતઃ યાગ વગેરેનું અથવા તેનાં સાધનોનું અલૌકિકપણું છે, એમ કહેવું યોગ્ય નથી; કારણ કે તેમાં પોનાના કાર્યને સાધવાનું છે. આથી 'સાધ્યસાધનસંયુતાઃ' વગેરે શબ્દોથી કહે છે. યોગ વગેરે સાધવા યોગ્ય છે, અને તેનાં સાધનો સાથે જ તે અલૌકિક છે, એમ અર્થ છે. યજ્ઞ વિષ્ણુનું સ્વરૂપ છે, એમ શ્રુતિમાં કહ્યું છે. સાધન સહિતનો યજ્ઞ ભગવદ્રૂપ હોવાથી એ પ્રમાણે કહેવાય છે, એવો ભાવ છે. તેવું નિબંધમાં પણ કહેવાયું છે : '(યજ્ઞ) અને તેનાં સાધનો પ્રયાજ, શરવો (ચાટવો) વગેરે, તે હરિરૂપ છે. આથી જ અર્થનું પણ, ધર્મનું સાધન હોવાને કારણે અલૌકિકપણું છે, એમ જાણવું. તેને નહિ સાધનારની, નાશ એ જ હેતુ હોવાથી, અપુરુષાર્થતા જ છે. અર્થ એ ધર્મનું સાધન છે, 'ધર્મ જ અર્થ વડે પ્રાપ્ત કરવો,' એમ

નિબંધમાં નિરૂપાયું છે. તેથી ધર્મથી અર્થ, અર્થથી કામ, કામથી મોક્ષ, એવો ક્રમ અહીં સ્વીકારાયો નથી. કામશાસ્ત્રથી તો વૈરાગ્ય ઉત્પન્ન કરીને, તે મોક્ષસાધક છે, એમ વિચારણા છે.

અરે, જેવી રીતે ધર્મનું સધન હોવાથી અર્થની અને મોક્ષનું સાધન હોવાથી કામની કામની પુરુષાર્થતા છે, તે જ પ્રમાણે આત્મસુખનું સાધન હોવાથી ધર્મની પણ પુરુષાર્થતા છે, એની મેળે નહિ. આથી (ધર્મ, અર્થ અને કામ) એ ત્રણમાંથી કોની વિશેષતા છે? એમ હોય તો કહે છે :– વેદમાં બે કાંડ છે, તેમાં પૂર્વકાંડમાં યજ્ઞાત્મક ધર્મ સાક્ષાત આત્મસુખનું સાધન હોવાથી પુરુષાર્થતા છે, એમ મહત્વ અપાય છે. તે પ્રમાણે ઉત્તરકાંડમાં સાક્ષાત મોક્ષનું સાધન હોવાથી જ્ઞાનનું પણ મહત્ત્વ છે. એ પ્રમાણે પરંપરાથી એક બાજુ સાધન અર્થ છે, બીજી બાજુ કામ અર્થ છે. એ પ્રમાણે (ધર્મ અને જ્ઞાન એ) બેમાંથી સ્પષ્ટ રીતે, પરંપરાથી વિભાજિત ધર્મની વિશિષ્ટતા છે. કામની વિષયસુખરૂપતા છે, તેને આધારે તે પ્રમાણે વર્ણવાયેલ છે. ખરી રીતે તો આત્મસુખ અને મોક્ષ એ બે જ પુરુષાર્થ છે, એવો નિશ્ચિત મત છે. અને તે પ્રમાણે તત્ત્વદીપમાં ‘ દુઃખનો અભાવ અને સુખ એ બે જ પુરુષાર્થ માન્યા છે,’ એમ કહ્યું છે. આથી મોક્ષ અને કામની સ્પષ્ટરૂપે પુરુષાર્થતા છે. તેનું સાધન હોવાથી ધર્મની પુરુષાર્થતા છે. અને ધર્મનું સાધન હોવાથી અર્થની પુરુષાર્થતા છે. એ પ્રમાણે પરંપરાથી પુરુષાર્થતા સિદ્ધ છે. અહીં ‘કામ’ શબ્દથી ‘આત્મસુખ’ કહેવાયેલું છે. વિષય સંબંધી પુરુષાર્થતા સ્પષ્ટ રીતે સિદ્ધ નથી.

જીવે વિચારેલ (પુરુષાર્થ)ને ‘લૌકિકાઃ’ વગેરે શબ્દોથી કહે છે. – ઋષિઓએ કહેલા તે લૌકિક, એમ અર્થ છે. એ વિષય જીવની બુદ્ધિ પ્રમાણે વર્ણવાયેલો છે. અરે, તેઓ (ઋષિઓ) પણ વેદના અર્થને જાણનારા છે, ઈશ્વરે વિચારેલાથી અન્યથા શી રીતે કહે ? અને વળી તેઓએ કહેલાનું મૂળ પણ વેદમાં જ છે. આ પ્રમાણિકતાના સંબંધમાં ઊલટું થાય. એમ શંકા કરીને ‘તથૈવેશ્વરશિક્ષયા’ વગેરે શબ્દોથી કહે છે. જેવું તેઓ (ઋષિઓ) કહે છે, તેવો જ નિયામક એવા ઇશ્વરનો પ્રેરણાના હેતુરૂપ ઉપદેશ છે, તેનાથી તે પ્રમાણે છે, એમ અર્થ છે. ‘એવ’ શબ્દથી બીજી રીતે પ્રેરણા કે કથન જુદું પડાય છે. ઉપદેશનું પ્રયોજન તો, “અને હે રુદ્ર, હે મહાબાહુ, આપ મોહશાસ્ત્રોની રચના થાય એમ કરો,” એમ અહીં નિરૂપાયું છે. ખરી રીતે તો વેદના રહસ્યની જાણકારી જ્ઞાનવાન હોય તેઓને પણ દુર્લભ છે; કારણ કે (શ્રી ભાગવતજીના પ્રારંભમાં જ) કહેવાયું છે કે, “જેમણે બ્રહ્માજીને માટે, જેમાં વિદ્વાનો અને ઋષિઓ પણ મૂંઝાય છે એવા વેદનો મનોમન વિસ્તાર કર્યો.” આથી ઇશ્વર સિવાયનાએ વિચારેલ હોવાથી તેઓનો અસ્વીકાર સુચવ્યો છે. ॥૩॥

લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ વેદાદાદ્યા યતઃ સ્થિતાઃ ।
ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ।૪।

ત્રિવર્ગસાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે ।
મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃ સ્વતઃ ।૫।

દ્વિધા દ્વે દ્વે સ્વત સ્તત્ર સાંખ્યયોગૌ પ્રકીર્તિતૌ ।
ત્યાગાત્યાગ વિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિત ।૬।

પહેલા પ્રકારના અલૌકિક પુરુષાર્થો વેદના આધારે પ્રચલિત છે, તેથી લૌકિક પુરુષાર્થોને જ હું અધિકતાથી કહીશ. ધર્મશાસ્ત્રો, નિતિશાસ્ત્ર અને કામશાસ્ત્રો અનુક્રમે ધર્મ, અર્થ અને કામને સાધી આપનાર છે, એમ હોવાથી તેનો નિર્ણય (અહીં) કહેવાતો નથી. મોક્ષની બાબતમાં લૌકીક રીતે ચાર શાસ્ત્રો છે, તે પરતઃ (મોક્ષ) અને સ્વતઃ (મોક્ષ) એમ બે પ્રકારે છે. તેમાં સ્વતઃના ત્યાગ અને અત્યાગ એવા બે વિભાગથી સાંખ્ય અને યોગ કહેવામાં ત્યાગ વર્ણવાયો છે.

॥ ૪, ૫, ૬ ॥

લૌકિક પુરુષાર્થોને હું અધિકતાથી કહીશ એમ અર્થ છે. 'તુ' શબ્દ બીજી બાજુએ અલૌકિકના કથનની અપેક્ષાનો અભાવ સૂચવે છે. તેમાં 'વેદાદ્યાઃ' વગેરે શબ્દોથી ઔચિત્ય દર્શાવે છે. જે હેતુથી પ્રથમ પ્રકારના ઇશ્વરે વિચારેલા પુરુષાર્થ વેદમાં વિદ્યમાન છે, અને તેનાથી પ્રચલિત છે, તેથી તેને છોડીને લૌકિક પુરુષાર્થો કહેવાય છે, એવો ભાવ છે. વળી 'સ્થિતાઃ' એવા શબ્દથી ગતિની રુકાવટનું સૂચન કરાયું છે; કારણ કે તેમાં ધાતુનો અર્થ તેવા પ્રકારનો છે. તેમજ હાલમાં તેની પ્રવૃત્તિના અભાવે તેનું કથન હેતુ વગરનુ છે, એમ કહ્યુ છે. આથી લૌકિકના કથનમાં પણ પુરુષાર્થનો નિર્ણય આવશ્યક નથી, એમ 'ધર્મશાસ્ત્રાણિ' વગેરે શબ્દોથી કહે છે. મનુ વગેરેનાં ધર્મશાસ્ત્ર, નીતિ એટલે નીતિનું પ્રતિપાદન કરનાર અર્થશાસ્ત્ર, અને વાત્સ્યાયન વગેરેનાં કામશાસ્ત્ર, દરેક એક એકને, એમ અનુક્રમે ધર્મ, અર્થ અને કામ એ ત્રણને સાધી આપનાર છે. અહીં આપેલા બે ચકારથી તે તે સંબંધી નિર્ણયગ્રંથો પણ લેવાય છે, એ કારણે, પ્રયોજનના અભાવે તેનો નિર્ણય અહીં કહેવાતો નથી, એવો ભાવ છે. મોક્ષનો નિર્ણય આવશ્યક હોવાથી 'મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ' વગેરે શબ્દોથી કહે છે. જીવવિચારિત લૌકિક મોક્ષ વિષયે તેને સાધી આપનારાં ચાર શાસ્ત્રો છે, એમ અર્થ છે. જો કે ધર્મશાસ્ત્રો ઘણાં છે, તો પણ દેશ વગેરેના આચારના ભેદથી વિરોધના અભાવે તેનો નિર્ણય કરાય છે. મોક્ષ પણ પુરુષાર્થરૂપ છે, એ રીતે તેને ચાર પ્રકારે કહેવામાં ભ્રમ થાય છે, તે યોગ્ય નથી. તેવા ભ્રમને ટાળવાને માટે નિર્ધાર કરાય છે. એવો ભાવ છે. તેની ચતુર્વિધિ વ્યવસ્થાને 'પરતઃ' 'સ્વતઃ' એવા શબ્દોથી કહે છે. મોક્ષના પરતઃ અને સ્વતઃ એવા બે પ્રકાર છે. તે બંનેનાં બબ્બે શાસ્ત્રો છે, એમ અર્થ છે. અહીં આ અર્થ છે :– સ્વતઃ મોક્ષનાં સાધક બે શાસ્ત્રો છે અને પરતઃ મોક્ષનાં સાધક પણ બે શાસ્ત્રો છે. જેમાં શાસ્ત્રોકત રીતિથી સાધનનું આચરણ કરતાં જીવ કૃતાર્થ થાય છે, તે સ્વતઃ શાસ્ત્ર કહેવાય છે. અને જેમાં કહેવાયેલી રીતે સાધન ન કરવા છતાં જીવ કોઇની કૃપાથી કૃતાર્થ થાય છે (અથવા સાધન કરવા ઉપરાંત જીવ કોઇની કૃપાથી કૃતાર્થ થાય છે.) તે પરતઃશાસ્ત્ર કહેવાય છે. બંને પ્રકારનાં શાસ્ત્રોમાં બે બે પ્રકારનાં શાસ્ત્રો હોવાથી ચાર પ્રકારનાં શાસ્ત્રો થાય છે. અથવા પરતઃ અને સ્વતઃ એવા બે પ્રકારનાં

લૌકિક મોક્ષનાં બે બે શાસ્ત્રો છે. આ અર્થમાં આવો ભાવ છેઃ– લૌકિક મોક્ષ જ સ્વરૂપતઃ સ્વાશ્રય અને પરાશ્રય, એવા બે પ્રકારનો છે. જેમાં

અવિદ્યાની નિવૃત્તિ થતાં અદ્વૈત બ્રહ્મ ભાસે છે, તેમાં જીવ અને બ્રહ્મના અભેદથી પ્રતિબિંબ ન્યાયે જીવ સ્વાશ્રયે મોક્ષ કહેવાય છે. અને વળી જેમાં અવિદ્યાની નિવૃત્તિ થતાં શુદ્ધ જીવ પરબ્રહ્મમાં લય પામી જાય છે, તેમાં અવિદ્યાની નિવૃત્તિ થવા છતાં ભેદના સ્વીકારથી પરાશ્રય મોક્ષ એમ કહેવાય છે. તેનું પણ પ્રતિપાદન કરનારાં બે બે શાસ્ત્રો છે, એ પ્રમાણે મોક્ષના બે શાસ્ત્રનો 'સ્વસ્તત્ર' એવા શબ્દોથી ઉલ્લેખ કરે છે. તેમાં સ્વતઃ શાસ્ત્રને ઉચિત સાંખ્ય અને યોગ ઉત્કૃષ્ટતાથી કહેવાયેલાં છે, એમ અર્થ છે. જોકે "જે સ્થાન સાંખ્ય દ્વારા મળે છે તે સ્થાન યોગ દ્વારા પણ મેળવી શકાય છે." એવા (શ્રીમદ્ ભગવદ્ ગીતાના) વાકયથી બંનેનું ફળ એક જ છે, તેથી જુદાઇ કહેવી ઉચિત નથી. તો પણ જીવે વિચારેલ હોવાનું કહેવાઇ રહેલ હોવાથી, તે પ્રમાણે તે બંને શાસ્ત્રનો ભેદ 'ત્યાગાત્યાગ વિભાગેન' વગેરે શબ્દોથી સ્થાપિત કરાય છે. સાંખ્યમાં ત્યાગ છે અને યોગમાં અત્યાગ છે, એ પ્રમાણેના વિભાગથી ભેદ છે, એમ અર્થ છે. તે જ 'સાંખ્યે ત્યાગઃ' એવા શબ્દોથી સ્પષ્ટ કરે છે. સાંખ્યમાં ત્યાગને મુકિતનું સાધન ગણ્યું હોવાથી ત્યાગની આત્યંતિક રીતે પ્રશંસા કરેલી છે, એવો અર્થ છે. સાંખ્યમાં જ નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક (સાચું જ્ઞાન) પ્રતિપાદિત દસ્તાવે અને વૈરાગ્ય ઉત્પન્ન થતાં બધાંનો પરિત્યાગ કરે છે અને પરિત્યાગથી તે મુકત થાય છે, એવો ભાવ છે. ॥૪, ૫, ૬॥

* * *

શ્રીવલ્લભસુધા

- દરેક કેલેન્ડર માસના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.
- **વાર્ષિક લવાજમ રૂ. ૧૦**
- **આજીવન લવાજમ રૂ. ૧૫૧**
- કાર્યાલયમાં અથવા સેવાભાવી કાર્યકરને લવાજમ ભરી પાકી પહોંચ મેળવી લો.
- લવાજમ મોકલતી વખતે 'નવા ગ્રાહક' અથવા "જુના ગ્રાહક" સ્પષ્ટ લખશો, ગ્રા. નંબર અવશ્ય લખવો.
- કાર્યાલયમાં નોંધાએલા બધાં ગ્રાહકોને દર મહીનાની ૩જી તારીખે ચોકસાઈ પુર્વક એકી સાથે અંક રવાના થાય છે. ૧૦ તારીખ સુધીમાં અંક ન મલે તો પોતાને ત્યાંની પોષ્ટઓફીસમાં પ્રથમ તપાસ કરવી. ત્યારબાદ કાર્યાલયને લખવા વિ.
- શ્રીવલ્લભસુધાનું લવાજમ રૂ. ૧૦ દરેકવર્ગના લોકો લાભ લઈ શકે તે હેતુથી રાખેલ છે, વાસ્તવમાં ખર્ચ તેથી થોડુ વધુ આવે છે. શ્રીવલ્લભસુધા ને સુંદર શુશોભીત કરવા – વિકસાવવા આપનાથી બનતો સહકાર, સૂચનો, અવશ્ય મોકલો.
- પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧/– એક પૃષ્ઠના ભરી હજારો વૈષ્ણવોને ભગવદ્‌સ્મરણ કરાવો, અને નામ સેવામાં મદદ રૂપ બનો.

જન્મદિન લાલકો ફીર આયો

વિદ્યમાન પુ. ગો. બાલકોના જન્મદિનની વધાઈ

રાગ-દેવગંધાર

શ્રી ગોકુલ યુગ યુગ રાજ કરો.
યહ સુખ ભજન પ્રતાપ તેજતે છિન ઇતઉત ન ટરો ।। શ્રી ગોકુલ....
પાવન રૂપ દિખાય મહાપ્રભુ પતિતન પાપ હરો, ।
વિશ્વ વિદિત દીની ગતિ પ્રેતન કયોંન જગત ઉધ્ધરો ।। શ્રી ગોકુલ....
શ્રી વલ્લભ કુલ કમલ અમલ રવિ યશ મકરંદ ભરો ।
નંદદાસ પ્રભુ ષડગુણ સંપન્ન શ્રી વિઠ્ઠલેશ વરો ।। શ્રી ગોકુલ...

અ. સુ. ૩ બુધ ૧૩-૭-૮૩ ગો. શ્રી મથુરેશજી મહારાજ (મુંબઇ) તથા ગો શ્રી કૃષ્ણકાન્તજી બાવા (મુંબઇ) નો જન્મ દિન

અ. સુ. ૫ ગુરૂ ૧૪-૭-૮૩ ગો. શ્રી મુકુન્દરાયજી મહારાજ (મુંબઈ) નો જન્મદિન

અ. સુ. ૮ રવિ ૧૭-૭ ૮૩ ગો. ચિ. શ્રી બાલકૃષ્ણ લાલજી બાવા (જામનગર) તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી-શ્રી ગોકુલ) નો જન્મ દિન

અ. સુ. ૧૧ બુધ ૨૦-૭-૮૩ ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવા (કામવન) તથા ગો. ચિ. શ્રી લલિત ત્રિભંગજી બાવા મુંબઈ નો જન્મદિન

અ. સુ. ૧૪ શનિ ૨૩-૭-૮૩ ગો. શ્રી દેવકીનંદનજી (નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમારજી બાવા (મથુરા) નો જન્મ દિન

અ. સુ. ૧૫ રવિ ૨૪-૭-૮૩ ગો. ચિ. શ્રી રઘુનાથલાલજી બાવા (જામનગર) નો જન્મદિન

અ. વ. ૩ ગુરૂ ૨૮-૭-૮૩ ગો. શ્રી નટવર ગોપાલજી મહારાજ (વેરાવલ-દ્વારકા) નો જન્મદિન

અ. વ. ૪ શુક્ર ૨૯-૭-૮૩ ગો. ચિ. શ્રી શરદ કુમારજી બાવા (કોટા) તથા ગો. ચિ. શ્રી ગોપેશ્વરજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રી મુરલીધર લાલજીબાવા (મુંબઇ) નો જન્મદિન

અ. વ. ૫ શનિ ૩૦-૭-૮૩ ગો. શ્રી દામોદર લાલજી મહારાજ (માંડવી) તથા ગો. ચિ. શ્રી દેવકીનંદનજી બાવા (શ્રી ભાગવત કુમારજી) (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ) નો પ્રાકટય દિન

અ. વ. ૬ રવિ ૩૧–૭–૮૩ ગો. ચિ. શ્રી ચન્દ્રગોપાલજી બાવા (માંડવી) નો જન્મદિન

અ. વ. ૮ મંગળ ૨–૮–૮૩ ગો. ચિ. શ્રી રસીકરાયજી બાવા (જામનગર)નો જન્મદિન

અ. વ. ૯ બુધ ૩–૮–૮૩ ગો. ચિ. શ્રી કનૈયાલાલજી બાવાશ્રી કામવન નો જન્મદિન

અ. વ. ૧૧ શુક્ર ૫–૮–૮૩ ગો. શ્રી બાલકૃષ્ણ લાલજી બાવાશ્રી (સુરત) તથા ગો. શ્રી વિઠલેશરાયજી મહારાજ (ઇન્દોર) તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (જુનાગઢ) નો જન્મદિન

અ. વ. ૧૩ રવિ ૭–૮–૮૩ ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. શ્રી શૈલેશકુમારજી મહારાજ (પોરબંદર) નો જન્મદિન

અ. વ. અમાસ સોમ ૮–૮–૮૩ ગો. ચિ. શ્રી હિરણ્ય ગર્ભજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન

શ્રી મદ્‌વલ્લભરાજકુમાર સર્વે ગો. આચાર્યોના જન્મદિને મંગલ વધાઇ સહ આં. રા. પુ. વૈ. પરિષદ, શ્રી વલ્લભ સુધા પરિવાર ના સાષ્ટાંગ દંડવત્

આ માસનાં આવતા નિત્ય લીલાસ્થ પુજ્ય ગો. આચાર્યશ્રીઓના પ્રાકટયોત્સવ

અષાડ સુદ ૨ મંગળ ૧૨–૭–૮૩ ગો. શ્રીગોપાલલાલજી મહારાજ (કામવન) તથા ગો. શ્રી મગનલાલજી મહારાજ (વેરાવળ)નો પ્રાકટયોત્સવ.

અ. સુ. ૩ બુધ ૧૩–૭–૮૩ ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (કામવન)નો પ્રાકટયોત્સવ.

અ. સુ. ૭ શનિ ૧૬–૭–૮૩ ગો. શ્રી પન્નાલાલજી મહારાજ (માંડવી)નો પ્રાકટયોત્સવ.

અ. સુ. ૮ રવિ ૧૭–૭–૮૩ ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (પોરબંદર)નો પ્રા. ઉત્સવ.

અ. સુ. ૧૨ ગુરૂ ૨૧–૭–૮૩ ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (અમરેલી)નો પ્રા. ઉત્સવ.

અ. સુ. ૧ સોમ ૨૫–૭–૮૩ ગો. શ્રી ગોકુલેશજી મહારાજ (જુનાગઢ)નો પ્રા. ઉત્સવ.

અ. વ. ૮ મંગળ ૨–૮–૮૩ ગો. શ્રી યદુનાથજી મહારાજ (સુરત)નો પ્રા. ઉત્સવ.

અ. વ. ૧૦ ગુરૂ ૪–૮–૮૩ ગો. શ્રી વ્રજરત્નલાલ મહારાજ (નડીઆદ) નો પ્રા. ઉત્સવ.

અ. વ. ૧૩ રવિ ૭–૮–૮૩ ગો. શ્રી કૃષ્ણરાયજી મહારાજ (ઇન્દોર)નો તથા ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (કાંકરોલી)નો પ્રાકટય ઉત્સવ.

વધાઇ રાગ કલ્યાણ

રુચિર પદકમલ શ્રી વલ્લભાધીશકે રેન ઔર દિવસ નિજ સિરસિધરિયે ।।
ગહેત દઢબાંહજિહિંકાન શ્રીનંદસુત પત્રફલ પુષ્પ સેવાનુસરિયે ।।
શ્રી વિઠ્ઠલ ગિરિધરન હિત પ્રકટલક્ષ્મણ સુવન ભકત કે ભવન મેં વાસ કરિયે ।।

◆

વ્રતોત્સવ

તા. ૧૧-૭-૮૩ અષાડ સુદ ૧ સોમવાર ચંદ્રદર્શન, રથયાત્રા, પુષ્ય નક્ષત્ર આજે હોવાથી.

તા. ૧૨-૭-૮૩ અષાડ સુદ ૨ મંગળવાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આસુર વ્યામોહ લીલા (સં. ૧૫૮૭)

તા. ૧૪-૭-૮૩ અષાડ સુદ ૫ ગુરુવાર ગ્રીષ્મ ઋતુ પૂરી થઈ. શ્રી દ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ.

કૃષ્ણ વરણ ચારો ભુજા, રાજત હે સુખસદ્મ,
ધરે શ્રી દ્વારકાનાથજી શંખ ચક્ર ગદા પદ્મ.

તા. ૧૫-૭-૮૩ અષાડ સુદ ૬ શુક્રવાર શ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. કસુંબા છટ્ટ. દક્ષિણના શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ. વર્ષાઋતુની શરૂઆત થઇ ભાદરવા સુદ ૧૦ સુધી.

તા. ૧૯-૭-૮૩ અષાડ સુદ ૧૦ મંગળવાર બેંગણ દશમ.

તા. ૨૦-૭-૮૩ અષાડ સુદ ૧૧ બુધવાર દેવશયની એકાદશી. ચાતુર્માસ વ્રતારંભ.

તા, ૨૪-૭-૮૩ અષાડ સુદ ૧૫ રવિવાર વ્યાસ (ગુરુ) પૂર્ણિમા કચોરી પૂનમ, ચાતુર્માસ નિયમ આરંભ જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો.

તા. ૨૭-૭-૮૩ અષાડ વદ ૨ બુધવાર, હિંડોળા પ્રારંભ

તા. ૨૯-૭-૮૩ અષાડ વદ ૪ શુક્રવાર શ્રી ગોકુલનાથજી (ગોકુલ)નો તથા શ્રી ગોકુલ ચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ.

તા. ૨-૮-૮૩ અષાડ વદ ૮ મંગળવાર જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

તા. ૪-૮-૮૩ અષાડ વદ ૧૦ ગુરુવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

તા. ૫-૮-૮૩ અષાડ વદ ૧૧ શુક્રવાર કામિકા એકાદશી વ્રત.

તા. ૮-૮-૮૩ અષાડ વદ ૦)) સોમવાર હરીયાળી અમાસ-દિવાસો.

॥ શ્રી હરિ ॥

પરદુઃખે દાઝે ઘણા હોજી.... તાદશીજન તેને જાણીએ

જુનાગઢ, પોરબંદર અને તેના આસપાસના મોટા વિસ્તારોને અતીવૃષ્ટિથી અકલ્પ્ય નુકશાન થયું છે. જાન અને માલની ખુવારીએ લોકોને બેબાકળા કરી મૂક્યા છે. આવા દુઃખીજનોની વહારે ધાવાનો પ્રત્યેક માનવનો સહજ ધર્મ છે તેમાં વળી વૈષ્ણવો તો વિશેષ કરૂણવાન છે. ચાલો સહુ મળી પુરપીડીતોના આંસુ લુછવા ભગવદ્ ઇચ્છાએ જે કંઇ બની આવે તે પ્રયત્ન કરીએ. સુખ અને દુઃખના વારાફેરાના સાંસારીક કર્મને કોઇ મીટાવી શકતું નથી પણ દુઃખી લોકોના ધ્રુજતા હૃદયોને હૈયારીરૂપ બનવાની કોશિશ સહુએ કરવી જ જોઇએ. અન્ન, વસ્ત્ર અને દ્રવ્યથી યથાશકિત મદદ પુરી પાડવાનો આપણો સહુનો સહીયારો પ્રયત્ન, દુ;ખી લોકોને ટેકો પુરો પાડી જગતમાં માનવતા, વૈષ્ણવતાને ઉજવલ બનાવશે.

।। શ્રી હરિઃ ।।

ગ્રંથ પરિચય

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી કૃત શ્રી આણુભાષ્ણ ગ્રંથનું પુ. પા. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીની ભુમિકા સાથે નવિન પ્રકાશન થયેલ છે તેનો વિશદ પરિચયલેખ પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી લખેલ અત્રે આપેલ છે.

અણુભાષ્ય શ્રીવલ્લભાચાર્યનો સારગર્ભિત વેદાન્ત ગ્રન્થ છે. સૂક્ષ્મ વિવેચન અને વૈદિક માન્યતાના પ્રમાણ સાથે ભારતીય સહિત્યની એકવાકયતા આ વાણીમા આવી જાય છે.

આના પ્રથમ ત્રણ સૂત્ર ઉપર પાંચ ટીકાઓ પ્રકાશિત થએલી છે. અન્ય આચાર્યો ચાર સૂત્ર તરીકે આ સૂત્રોની ચતુસૂત્રી વર્ણવે છે જયારે શ્રી વલ્લભાચાર્ય આને ત્રણ સૂત્ર-માનીને ત્રિસૂત્રીની વ્યાખ્યા કરે છે.

આમ વ્યાખ્યાન કરવાથી ગ્રન્થ અને સુત્રોની સંગતિ યથાર્થ રુપે આવી જાય છે. ડા. ભણ્ડારકર અને થીબોનુ આ મન્તવ્ય છે કે શ્રી વલ્લભાચાર્યની આ વ્યાખ્યા-ભાષ્યનુ વિવેચન સુત્રોનુ પ્રમાણિક વિવેચન છે.

વેદવ્યાસના મતમા બ્રહ્મવાદની રૂપરેખા આનાથી સ્પષ્ટ સમજાય આટલુ જ નહીં પણ આનાથકી અનેક શાસ્ત્રોની સગતિ પણ આપણને પ્રાપ્ત થાય છે. આવી ભાષ્યશૈલીમા આપણા શાસ્ત્રોનું સમન્વય થઈ જાય છે. તેનાથી આપણને શ્રીકૃષ્ણના પરબ્રહ્મ તત્વનો પ્રત્યક્ષ બોધ થાય છે.

ભગવાન્ વિરૂદ્ધધર્માશ્રયી છે આ બાબત શાસ્ત્રોના ઉંડાણમા જોવાથી સ્પષ્ટ થઇ જાય છે. જો આમ ન સ્વીકારવામા આવે તો અનેક વેદની શ્રુતિઓ અને શાસ્ત્રોની સંગતિમા વિરોધાભાસ થાય.

વેદની વર્ણનશૈલીને અનુસરતી આ ભાષ્યની પદ્ધતિ શ્રીવલ્લભાચાર્યની લાક્ષણિકશૈલી પોતેજ બની જાય છે. અન્યને આમા અન્ય આભાસ થાય તે સ્વાભાવિક હોઇ શકે પણ વૈદિકવિધિ ને અનુસરતા ક્રમમાં આ નવાઇની વાત નશી.

આચાર્ય શ્રીશ્યામમનોહરજી શ્રી દીક્ષિતજીએ ભાષ્યની ભૂમિકા લખીને જે નવીન શૈલીથી જીવ અને બ્રહ્મ આદિની સમજ માટે અદ્યતનશૈલી મા ચાર્ટ જેવુ બનાવ્યુ તેનાથકી આપણને વૈદિક શૈલીના ક્રોનોલોજિકલ ક્રમને સમજવામા સરળતા થશે.

વૈદિક સિદ્ધાન્ત પ્રમાણે “આધિ–દૈવિક, આધ્યાત્મ–અધિભૂત” આ પ્રણાલીને અનુસરીને ઉપનિષદ્ પરતત્વનું વિવેચન કરે છે. જ્યારે અન્યત્ર અધ્યાત્મના પછી અધિદેવની માન્યતા કરવામાં આવી છે. શૂન્યવાદના ખણ્ડન માટે આ એક સામાન્ય અને મક્કમ પગલુ હોય છતા વૈદિક વિચાર સરણીથી આ ભિન્ન ઇચ્છિત પ્રણાલી છે. બૌદ્ધ વિચારોનું વિવેચન અને તેનું વિશ્લેષણાત્મક વિવેચન કર્યા બાદ શ્રીકુમારિલ ભટ્ટે ખણ્ડન કર્યુ હતુ તે સાહિત્ય બૌદ્ધ તર્કોના વિતણ્ડાને સારી રીતે નિરર્થક સિદ્ધ કરે છે. આ સાહિત્યને જોવાની લોકરુચિ હજુ જાગી નથી. પણ શ્રીવલ્લભનુ સાહિત્ય અને વાદ ગ્રન્થોની રક્ષા માટે સાવધ થવુ પડશે. આપણા દેશમા આ કમનસીબી છે કે આવુ મહત્ત્વનું સાહિત્ય કાળનો કોળિયો થતુ આવ્યું છે અથવા પરદેશી લોકોને લાભ આપતું આવ્યું છે. આપણે ત્યાં આવા સાહિત્યના શ્રોતા અને વકતા બન્ને દુર્લભ થતા જાય છે. અને જે પ્રાપ્ત છે તેમા અહંની માત્ર વધવાથી લોકસમ્પર્ક નથી થતો અને તે આ દિશામા લોકેષણા જાગ્રત નથી કરતા.

પ્રધાનપીઠાધીશ્વરની અજ્ઞાથી અણુભાષ્યનુ મુદ્રણ થયુ અને આચાર્ય શ્રી શ્યામમનોહરજી એ પરિશ્રમ લઈ ભૂમિકાથકી સારો અને હૃદયગ્રાહી ઉપક્રમ કર્યો છે તેના માટે તેમને મારા આશીર્વાદ છે. આપના વદર હસ્તે સંપ્રદાયની આવી અમૂલ્ય સેવા થતી રહે તો જન સામાન્યમા એક દિવસે આ મહાન્ તત્વબોધ પ્રત્યે રુચિ જાગ્રત થશે.

શ્રી વલ્લભસુધા મા આ ભૂમિકાનુ પ્રકાશન આપ સહુની જાણ માટે પ્રસિદ્ધ કરવામા આવે છે તેને અને અન્ય ગ્રન્થ સાહિત્ય ને આપ સંભાળીને રાખશો અને પરિષદની દરેક શાખામાં એક પુસ્તકાલયની સ્થાપના કરી તે ગ્રન્થોની રક્ષા સાથે તેમના વાંચન અને શ્રવણના માટે વિદ્વાનોને આમન્ત્રિત કરીને અવગાહન કરશો તો મહદ્ ભાગ્યશાળી થશો.

ધર્મમાં દીક્ષા લેવીએ અન્ય વાત છે અને ધર્મનુ જ્ઞાન એ ફળ છે. ફળનુ રસાત્મક તત્વ શ્રીહરિ પોતે છે. નામ અને રુપ આ તેમનાજ સ્વરુપ છે. આચાર્યશ્રી નિબન્ધમા આ વાત સ્પષ્ટ કરે છે.

પરિષદની અનેક શાખાઓ મળી એક સુજ્ઞ વિદ્વાને રાખી તેમનાથી આવા અધ્યયનના વર્ગો ચલાવે અને ઉનાળામાં ગરમીની રજાઓમા શિબિરોનુ આયોજન કરીશકાય તો લોકોને આચાર્યશ્રીની વાણી અને તેની મહાન ભાવનાનુ અવગાહન થશે. અન્તઃકરણની નિર્મળતા અને ભગવદ્ ભાવની આ સશકત પૃષ્ઠભૂમિ ભાવને સ્થિર કરશે જેનાથકી ભાવાત્મા ભગવાન આપણા ઉપર કૃપા વિચારશે.

આમ ભગવદ્ જ્ઞાનની ચર્ચામા વૈષ્ણવ સમાજ અભિમાનથી મુકત રહેશે તો પરમફળ મળશે. અભિમાનથી અને બીજાને અણસમજુ માનવાથી ભગવદ્ જ્ઞાનની સિદ્ધિ થશે નહીં અને તેનુ ભાવાત્મક સ્વરુપ ભગવાન જે અનુગ્રહથી જીવને સ્વીકાર કરે છે તેમની પ્રસન્નતા સાધી શકાશે નહીં.

આચાર્યશ્રી આ વાત આપણને ધર્મ પુરુષાર્થ સમજાવતા સ્પષ્ટ જણાવે છે. વસ્તુતઃ આપણા માર્ગ મા ધર્મની વિલક્ષણ વ્યાખ્યા કરવાનો મુળ હેતુએજ છે કે લોક વેદાતીત શ્રી હરિ સ્વયમ્ ધર્મરુપે પણ સ્વેચ્છાંએ પ્રકટ થયા છે અને તેઓજ લોકવેદથી પરે અલૌકિક ધર્મરુપે પણ પ્રકટ છે.

આમ ધર્મ અને ભગવાનની પ્રાપ્તિ તેમની ઇચ્છા સિવાય થવી સંભવ નથી. આપની સમક્ષ આ આચાર્યશ્રીનુ ચિન્તન મૂકતા અમોને આનન્દ થાય છે. આશા છે આપ સહુ હળીમળીને આ અમૃતતત્વથી પરે મહાન સુધાનુ રસપાન કરી આનન્દિત થશો એવી આશા છે.

—ગો. ર. પ્રથમેશ

“બાલ ધર્મ શિક્ષા”

લેખક: **શ્રી ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

શૌચ

શૌચ એટલે મલ ત્યાગ કરીને શરીરને શુદ્ધ કરવું તે પ્રથમ તો મલ ત્યાગ ગામની બહાર જઈ જંગલમાં કરવામાં આવતો તેથી હાલ પણ શૌચને કેટલાક જંગલે જવાનું અથવા ઝાડે જવાનું કહે છે. ગામડામાં હજુ ગામ બહાર ઝાડી જેવું જંગલ હોય ત્યાંજ જવામાં આવે છે. મોટાં નગરોને ઉદ્દેશીને આપણે અત્યારે વિચાર તેવો કરીએ તો કદાચ લોકો આપણને હસી કાઢે અને મૂર્ખ પણ કહે પરંતુ ધ્યાન પુર્વક વિચાર કરીએ તો જંગલમાંજ શૌચ કરવામાં કેટલું સ્વાતંત્ર્ય છે, કેટલું સુખ છે. જ્યારે આ પ્રમાણેની વ્યવસ્થા હતી ત્યારે રોગ ન્હોતા, શરીરમાં દુર્બળતા ન્હોતી, આવી પરતંત્રતા પણ ન્હોતી, જો કદાચ સફાઈ કર્મપ્રારી હાલના જમાના પ્રમાણે સત્યાગ્રહ કરે અને જાજરુઓ સાફ ન કરે તો તમારી કેવી દુર્દશા ! એ સમયે તમને પ્રાચીન વ્યવસ્થાનું સ્મરણ થાય અને તેમાં કેટલું સ્વાતંત્ર્ય તથા સુખ છે એનું ભાન આવે.

જ્યારે જંગલમાંજ શૌચ જવા જતાં ત્યારે સવારમાં બહારની શુદ્ધ હવા લેવાથી આરોગ્ય વધતું, જંગલી પ્રાણીઓનો ઝાઝો ડર નહોતો પણ જેમ જેમ આપણે સગવડો કરતા ગયા, તેમ તેમ આપણી અગવડો વધતી ગઈ લક્ષ્મી નાશ પામવા લાગી પરાધીન બનતા ગયા, નિર્માલ્ય આવ્યું, ભય વધ્યો, શૌર્ય ચાલ્યું ગયું, અને માટીથી હાથ ધોવાને બદલે ચરબીના બનેલા સાબુથી શુધ્ધિ કરતા શીખ્યા. જે માટીમાંથી અન્ન ઉત્પન્ન થયું જેનાથી વીર્ય અને શરીર બંધાયું તો તેવાં શરીરોની શુદ્ધિ માટીથી જેવી રીતે થાય તેવી રીતે બીજાથી તો નજ થઈ શકે. માટે શરીર શુદ્ધ કરવામાં જેટલી સરલ અનુકૂલ માટી છે, તેટલા સાબુ હોય !

પરંતુ આપણામાં પાશ્ચાત્ય ભાવનાઓનું સામ્રાજ્ય જામતું જાય છે, એટલે તેનું અનુકરણ કરીને આપણે આપણા મૂલ વિચારો છોડતા થયા. એથી નાહકના ખોટા ખર્ચોમાં વધારો થઇ દેશ પાયમાલ થતો જાય છે. તો પણ આપણી આંખો ખુલતિ નથી. અને ચરબીવાળા વિલાયતી સાબુઓ વાપર્યા જ કરીએ છીએ.

આપણે સ્વદેશી સ્વદેશીની બૂમો પાડયા કરીએ, વિદેશીનો ત્યાગ કરો એમ કહીએ છતાંએ આપણે જ અપવિત્ર સાબુઓ, એ સિવાય બીજી અનેક અપવિત્ર વસ્તુઓને વાપરી આપણો ધર્મ, આપણું સત્વ ગુમાવી બેઠા તે આપણાથી છોડાતું નથી.

જો કે આવા મોટા શહેરોમાં દુર ભૂમિમાં મલ ત્યાગ કરવા જવું એ અશકય જેવું છે, છતાં તેમ નહિ કરવાથી આપણી આંતર વ્યવસ્થા છેક બગડી ગઇ છે, એ તો સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી. આપણે માત્ર શરીરની શુદ્ધિ માટે જ યત્ન કરતા નથી, પણ બીજો ગંભીર અશય સમાયેલો છે. શરીર શુદ્ધ થાય તો જ મન શુધ્ધ બને અને મન શુધ્ધ થતાં હૃદય શુધ્ધ થાય. આમ અંતઃકરણની સારી શુદ્ધિ થયા સિવાય તેમાં પ્રભુનો નિવાસ થતો નથી, માટે આપણે બાહ્ય શુદ્ધિની વિશેષ કાળજી રાખવાની જરૂર છે. શરીરની શુદ્ધિ પણ ધર્મભાવનાએ જ કરવાની છે. જેથી મલત્યાગ કર્યા પછી શુદ્ધ માટીથી વારંવાર બન્ને હાથ, પગ ધોઇ સ્વચ્છ કરી કોગળાઓ પણ કરીને પછી દંત ધાવન-દાતણ કરવું.

❖

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**
શુદ્ધાદ્વૈત વિશારદ

આવી રીતે પૂર્વાર્ધમાં સેવનનું નિરૂપણ કરી તેના ફલનું નિરૂપણ કરે છે. જે સમય પૂર્વોક્ત પૂર્ણદ્વય અર્થાત ક્ષરાક્ષરસ્વરૂપ બંને પૂર્ણ, પોતાના સેવ્ય તે પૂર્ણજ્ઞાનાદિ ધર્મોને પ્રાપ્ત કરે છે, તે સમયે સાયુજ્ય પામી પૂર્ણમાત્ર (પૂર્ણાનંદ માત્ર) અવશિષ્ટ રહે છે. અર્થાત ભગવત સાયુજ્યને પામે છે. અહીં 'સાયુજ્ય' શબ્દના બે અર્થ થાય છે. એક તો એ કે પૂર્ણાનંદ, પરબ્રહ્મ, પુરૂષોત્તમ, શ્રીકૃષ્ણ ભગવાન ક્ષરાક્ષરના સેવનથી પ્રસન્ન થઈ તેઓને પોતાના ધર્મો બક્ષી તેમની સાથે ક્રીડા કરે છે. તે સમયે, તે બંન્ને પૂર્ણાનંદના સાયુજ્યને પામે છે, આવો અર્થ છે. અને બીજો અર્થ એ છે, કે પ્રલયકાળમાં જ્યારે પૂર્ણાનંદ ભગવાન અંતઃ (અંદર અર્થાત સ્વરૂપમાં) ક્રીડા કરવાની ઇચ્છા કરે છે તે વખતે તેની કૃપાથી તે પૂર્ણશબ્દવાચ્ય ક્ષરાક્ષર પુરૂષ, પૂર્ણાનંદના જ્ઞાનાદિપૂર્ણ ધર્મોને પ્રાપ્ત કરી સાયુજ્યને પામે છે. અર્થાત ક્ષર પુરૂષ અક્ષરમાં અને અક્ષર પૂર્ણાનંદ પુરૂષોત્તમમાં લય પામે છે. ત્યારે એક ભગવાન જ માત્ર અવિશષ્ટ (બાકી) રહે છે. એ જ વાત શ્રીમદ્‌ભાગવતમાં કહી છે કે :–

નષ્ટે લોકે દ્વિપરાર્દ્ધાવસાને મહાભૂતેષ્વાદિભૂતંગતેષુ વ્યક્તેઅવ્યક્તં કાલવેગેન યાતે ભવાનેકઃ શિષ્યતેઅશેષસંજ્ઞ : ।।

આવી રીતે પરમકારણ તે પુરૂષોત્તમ ભગવાન સ્વયં એક છે, છતાં પણ ધર્મરૂપથી, શકિતરૂપથી, તથા ધર્મીરૂપથી અનેક પ્રકારે થઇ પછી કાર્યરૂપે અનેક પ્રકારે થાય છે. આ 'બહુસ્યાં' એ ઇચ્છાનું કાર્ય છે અને કાર્યનો જનનગત જે ઉચ્ચનીચ ભાવ છે, તે 'પ્રજાયેય' એનું કાર્ય છે. તે ઉચ્ચનીચ ભાવ ઐચ્છિક છે અને ધર્મભેદથી થાય છે, માટે જ સર્વ ધર્મયુકત, પૂર્ણ જ્ઞાનાદિમાન, પૂર્ણ સચ્ચિદાનંદ, પુરૂષોત્તમ ભગવાન સર્વોત્કૃષ્ટ છે

તથા સેવ્ય છે. અને ચિદ્ઘન અક્ષરબ્રહ્મ, મધ્યમ છે તથા સદ્રપ ક્ષર બ્રહ્મનો આ બંન્ને સ્વરૂપોથી ઐચ્છિક ભેદ છે એજ કાર્યાવસ્થાનો ઉચ્ચનીચ ભાવ યુકત સ્વરૂપ ભેદ શ્રીમદ્ ભગવત ગીતામાં કહયો છે કે

દ્વાવિમૌ પુરૂષો લોક ક્ષર શ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થો અક્ષર ઉચ્યતે ।। ૧ ।।

ઉત્તમ પુરૂષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ।। ૨ ।।

યસ્માત્ક્ષરમતીતો અહંમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરૂષોત્તમઃ ।। ૩ ।।

દ્વાવિમૌ પુરૂષાવિતિ, યસ્માત્ ક્ષરમતીતોહમિત્યાદી ચ શ્રુતિસ્મૃતયો બ્રહ્મણઃ પરત્વ પ્રતિપાદયન્તિ । એવં ત્રિરૂપઃ સન શકિતત્રય રૂપેણાવિભવતિ । તત્ર સદંશસ્ય ક્રિયારૂપા શકિતઃ ચિદ્રુપસ્ય વ્યામોહિકા શકિતઃ । આનંદ રૂપસ્ય જગત્કારણ ભૂતા માયા । એતત્ક્રિય રૂપા શકિતઃ સચ્ચિદાનંદસ્ય ભાવત્વતલાદિવાચ્યા । અત એવ સદંશભૂતેષ્વષ્ટાવિંશતિતત્વેષુ તત્વમિતિ વ્યપદેશઃ । ભાષ્ય પ્રકાશે શ્રી પુરૂષોત્તમાચાર્યા ।

અર્થાત લોકમાં ક્ષર અને અક્ષર આ બે પુરૂષ છે, અર્થાત પરબ્રહ્મનાંજ એ બે સ્વરૂપાન્તર છે, બધું જગત ક્ષર સ્વરૂપ કહેવાય છે, અને કૂટસ્થ અર્થાત અવ્યકત રહેવાવાળું અક્ષર બ્રહ્મ કહેવાય છે, પરંતુ ઉત્તમ પુરૂષ તો એ બંન્નેથીએ અન્ય છે જેને પરમાત્મા કહે છે અને જે સમગ્ર બ્રહ્માંડોમાં વ્યાપ્ત રહી સર્વ ત્રિલોકીને ધારણ કરે છે, જે આનંદાદિ ધર્મોદ્વારા હું ક્ષર સ્વરૂપથી અતીત અને અક્ષરથી ઉત્તમ છું, માટે જ હું લોક અને વેદમાં પુરૂષોત્તમ એ નામથી પ્રસિદ્ધ છું. આજ શ્રુતિસ્મૃતિઓનો આશય લઈ શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણે સ્વકૃત સિદ્ધાંત મુકતાવલીમાં બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો કહ્યાં છે કે,–

પરબ્રહ્મ તું કૃષ્ણો હિ સચ્ચિદાનંદકં બૃહત્ । દ્વિરૂપં તદ્ધિં સર્વં સ્યાદેકં તસ્માદ્ વિલક્ષણમ્ અર્થાત્ ધર્મીરૂપ, ધર્મરૂપ, અને કાર્યરૂપ, આ ભગવાનનાં ત્રણ ઐચ્છિક સ્વરૂપ છે. તેમાં ધર્મીસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન્ પરબ્રહ્મ છે, સત્, ચિત્, તથા આનંદ, ધર્મરૂપ અક્ષરબ્રહ્મ છે. અને સદ્રુપ બધું જગત્ ક્ષરબ્રહ્મ કહેવાય છે.

આવી રીતે તે ભગવાન અનેક પ્રકારે વ્યક્ત થઇ પછી શક્તિરૂપથી પણ વ્યક્ત થાય છે. આનંદાત્મમાં ભગવાનની સર્વભવન સામર્થ્યરૂપ માયા શક્તિ છે, એજ સમગ્ર વિશ્વનું કારણ છે. ચિદ્રુપ અક્ષરની વ્યામોહિકા માયાશક્તિ છે. સચ્ચિદાનંદ ભગવાનની આ બધી શક્તિઓ સત્ત્વ, સત્તા, ચિત્ત્વ, ચિત્તા વગેરે ભાવપ્રધાન 'ત્વતલાદિ' પ્રત્યયોથી કહેવા લાયક છે. એ માટે જ સદંશભૂત અઠ્ઠાવીસ તત્ત્વોનુ 'તત્ત્વ' એવું નામ આપવામાં આવ્યું છે.

ચિદ્ઘન, પરોક્ષ અક્ષરબ્રહ્મની વ્યામોહિકા શક્તિ પોતાનાં ચિદંશને વ્યામોહિત કરે છે. તે માટે વ્યામોહિત વ્યાકુલ તે ચિદંશ પ્રાણ બુદ્ધયાદિનું અવલંબન કરે છે. માટે જ તેનું જીવ એ નામ થાય છે. હવે પૂર્વોક્ત સૃષ્ટિક્રમના લખવાથી એ સિધ્ધ થઇ ગયું કે ભગવાને જ સ્પષ્ટ રમણેચ્છાથી ઉચ્ચનીચભાવ થવા માટે પોતાના ચિદંશોનાં આનંદાંશનો તિરોભાવ કર્યો અને ત્યારપછી જનનગત ઉચ્ચનીચભાવ થવા માટે તેજ જીવોમાં મુક્તિ સંસ્કાર (દૈવત્વ) અને બંધ સંસ્કાર (આસુરત્વ) સ્થાપિત કર્યો. આસુર સંપત્તિ બંધ કરાવનારી છે. અને દૈવી સંપત્તિમોક્ષ સમર્પે છે.

ભગવાન શ્રી વાસુદેવે કહ્યું પણ છે–'દૈવી સંપદ વિમોક્ષાય નિબંધાયાસુરીમિતા' આસુર સંસ્કારવશ આ જીવને અવિદ્યા લાગે છે, અથાત્ વ્યુચ્ચરણ તથા આનંદાંશના તિરોધાન પછી દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, અંતઃકરણધ્યાસ, અને સ્વરૂપ વિસ્મૃતિ આ પંચપર્વાત્મિકા અવિદ્યા આ જીવને લાગે છે, તે વખતે અવિદ્યાબદ્ધ આ જીવ દેહાદિ ધર્મોને 'હું સ્થૂળ, હું કૃશ, હું સુખી તથા હું દુઃખી છું', વિગેરે અભિમાનથી પોતાને સમજી લે છે એજ સંસાર છે. વાસ્તવમાં જીવ ભગવદંશ છે, તે બદ્ધ, દુઃખી વગેરે થઇ શકતો નથી અને એજ અવિદ્યાને વશ થઇ જન્મમરણાદિ ફળવાળા અને શ્વેત, કૃષ્ણ (શુભાશુભ) કર્મો કરે છે.

'દ્વૌ ભૂતસર્ગૌ લોકેઅસ્મિન્ દૈવ આસુર એવ ચ' આ ભગવદ્વચનને અનુસાર આ લોકમાં બે પ્રકારની જીવસૃષ્ટિ છે, એક દૈવસૃષ્ટિ અને બીજી આસુરી સૃષ્ટિ, શાસ્ત્રોમાં કહેલાં આચરણોનું નિર્ભય થઇ અનુષ્ઠાન કરવું, અંતઃકરણને શુદ્ધ રાખવું અર્થાત્ રાગદ્વેષ, માયા, જુઠો વ્યવહાર, વગેરે મળીને દૂર કરી અંતઃકરણને ભગવતપ્રાદુર્ભાવ થયા લાયક નિર્મળ બનાવવું. ભગવન્માહાત્મ્યજ્ઞાન પૂર્વક ભગવાનમાં અનન્ય પ્રેમ કરવો, જે પદાર્થોમાં પોતાનું સ્વત્વ (પોતાપણું) છે, તે (અન્નવસ્ત્રાદિ)માંથી કઇ ભાગ બીજાઓને આપવો, બ્રાહ્ય ઇંદ્રિયોને દમવી, દૈવયજ્ઞ, પિતૃયજ્ઞ, ઋષિયજ્ઞ, ભૂતયજ્ઞ, વિગેરે ધર્માચરણ કરતાં રહેવું. ભગવચ્છાસ્ત્રોનું શ્રવણ તથા અધ્યયન કરવું, બને ત્યાં સુધી ટાઢ, તડકો. સુખ દુઃખાદિને સહન કરવું, મનમાં બુરાભાવોનો પરિત્યાગ કરવો, શાંતિ રાખવી, પરોક્ષમાં કોઇના દોષો પ્રગટ ન કરવા, પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, સન્મુખ રહેલા વિષયોમાં લાલચ ન કરવી, મીઠો અને કોમળ વર્તાવ રાખવો, અનુચિત કાર્યોમાં લજ્જા રાખવી, મતલબ વગર બોલવું

નહિં. અથવા કંઈ કંઇ પ્રકારની શરીરચેષ્ટા ન કરવી, ધીરજ, ચતુરતા, ક્ષમા તથા પવિત્રતા રાખવી તથા કોઈનો પણ દ્રોહ ન કરવો, નિરહંકારી રહેવું, આ બધું દૈવી જીવોનાં લક્ષણો છે એ જ વાત અભયં સત્વસંશુદ્ધિઃ ઇત્યાદિ શ્લોકો દ્વારા શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્‌ગીતમા કહી છે,

અને જે જીવ પોતે પોતાને લોકમાં પ્રસિધ્ધ કરવા ચાહે, ધન, સ્વજન, કુળ, વિદ્યા, વિગેરેનો મદ રાખતો હોય, પ્રત્યેક સમયમાં ક્રોધ રાખતો હોય, બધાથી વાંકો જ ચાલતો હોય, પોતાની સિવાય દુનિયામાં કોઇને પણ પૂજ્ય ન સમજતો હોય, અને પોતે કર્તવ્યાકર્તવ્ય જ્ઞાનશૂન્ય થઇ અર્થાત્ કર્તવ્ય કે અકર્તવ્ય જ્ઞાન વગરનો બનીને પણ બીજાની અવજ્ઞા કે નિંદા કરતો હોય, તેઓને આસૂર જીવ સમજવા એજ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું કે :-

દંભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારૂષ્યમેવ ચ ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદમાસુરીમ્ ॥

અર્થાત્- હે, પૃથાપુત્ર અર્જુન ! દંભ ધર્મધ્વજીપણું) દર્પ, એકદમ અભિમાન, ક્રોધ, ક્રૂરતા, અજ્ઞાન, આ બધા દોષો આસુરસૃષ્ટિમાં જન્મ લેવાવાળાઓનેજ પ્રાપ્ત થાય છે ઇત્યાદિ તેમાં પણ દૈવી જીવો બે પ્રકારના છે. મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય જેઓ વેદોકત મર્યાદામાં રહી, વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ, અને નિષ્કામ ભકિત (અનન્ય ભગવત્પ્રેમ) રૂપ, પંચપર્વા વિદ્યા દ્વારા સાયુજ્ય મુકિત (અક્ષર સાથે એકતા)ની પ્રાપ્તિ કરે છે. તેઓને મર્યાદામાર્ગીય જીવ કહે છે. અને આ જન્મમાં કેવળ ભકિતદ્વારાજ ભગવતપ્રાપ્તિ કરે છે, અથવા કેવળ ભગવદનુગ્રહ માત્રથી ભગવત્ પ્રાપ્તિ કરે છે, તેઓને પુષ્ટિમાર્ગીય જીવ કહે છે. સાયુજ્ય મુકિતના બે અર્થ થાય છે, એક બ્રહ્મમાં મળી જવું તે, અને બીજો અર્થ બ્રહ્મની સાથે રહી આનંદોપભોગ કરવો તે, અમે આ વિષયનું વિસ્તાર સહિત વિવેચન પુષ્ટિ સ્વરૂપ નિરૂપણમાં કરીશું.

(ક્રમશઃ)

ગોલોકવાસ

અ, ભા. પુ. વૈ. પરિષદ હીરકમહોત્સવ સમિતિના અધ્યક્ષ તથા પરિષદની રાજકોટ શાખાના ઉપપ્રમુખ શ્રી જીવનલાલ લાલજીભાઈ રાણપુરાના માતુશ્રી ૫ ભ. ઉજમમાં તા. ૨૫-૬-૮૩ના રોજ ભગદ્‌ચરણારવિંદ પામ્યા છે. શ્રી જીવનભાઈ અને શોક સંતપ્ત પરિવાર પ્રતિ હાર્દિક સમવેદના. —સંપાદક

જુન ૮૩ અંક ૩ ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન સભ્યોની નામાવલી

અમદાવાદ ક્રમ ૪૧ થી ૪૯

૪૧. શ્રી સોની મુળજીભાઈ હરિલાલ
૪૨. શ્રી શાંતિલાલ પી. સોની
૪૩. શ્રી સોની અનિલકુમાર પ્રભુદાસ
૪૪. શ્રી સોની ગોપાલદાસ નરભેરામભાઈ
૪૫. શ્રી અમરસિંહ મોતીચંદ બારભાયા
૪૬. શ્રી પારેખ જ્વેલર્સ
૪૭. શ્રી ટપુભાઈ દયાળજી
૪૮. શ્રી સોની મણિલાલ જેઠાભાઈ
૪૯. શ્રી અગ્રવાલ નૈમેષ કાંતિલાલ
૫સ. શ્રી શાંતિલાલ પી. શાહ, મુંબઈ

સમાચાર ❋ ❋ પ્રસ્તાવ ❋ ❋ મનોરથ

મોરબી :– આં. રા. પુ. વૈ. પરિષદ મોરબી શાખાની સામાન્ય સભા તા. ૨૨–૫-'૮૩ ના રોજ મળેલ જેમાં નિચે મુજબ હોદેદારેની વરણી કરવામાં આવેલ.

પ્રમુખ :– શ્રી અશ્વિનભાઈ લાલજીભાઈ કંસારા. ઉપ-પ્રમુખ :– સોની મણીલાલ મગનલાલ.
મંત્રી –– દોશી કિરીટકુમાર ચંદુલાલ. સહમંત્રી :– કંસારા મંગળદાસ જગજીવનદાસ.
ખજાનચી :– સોની વનેચંદ પ્રાણજીવનભાઈ.

જામનગર :– પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના અલૌકિક મનોરથ સ્વરૂપ શ્રી મદનમોહનલાલજીને તા. ૨૦–૫–૮૩ ના દિને છપ્પનભોગ અરોગાવાયો. હજારો વૈષ્ણવોએ દર્શન પ્રસાદનો લાભ લીધો. તા. ૨૨–૫–૮૩ ના શુભ દિને પૂ. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજના પૌત્ર ચિ. ગો. શ્રી રસિકરાયજીબાવાનો યજ્ઞોપવિત પ્રસ્તાવ તથા તા. ૨૪–૫–૮૩ શુભ દિને પૂ. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજના ચતુર્થ લાલજી ચિ. ગો. શ્રી શ્યામ મનોહરલાલ બાવાના શુભ લગ્નનો પ્રસ્તાવ અત્યન્ત આનંદોલ્લાસથી સંપન્ન થયો પુ. ગો. આચાર્યશ્રીઓ તથા વૈષ્ણવોના મોટા સમુદાયે ઉપસ્થિત રહી આનંદ લીધેલ.

પોરબંદર :– નિ. લી. ગો. શ્રી મુરલીધરજી મહારાજશ્રીના તૃતીય તથા ચતુર્થ લાલજી પુ ગો. શ્રી ચંદ્રગોપાલજી તથા પુ. ગો. શ્રી શરદકુમારજીના શુભ લગ્ન પ્રસ્તાવ તા ૨૬–૫–૮૩ ના દિને સાનંદ ઉજવાયા. પુ. ગો. આચાર્યશ્રી તથા વૈષ્ણવોની બહોળી ઉપસ્થિતિ હતી.

વડોદરા :– મથુરાવાળા પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજના જ્યેષ્ઠ પુત્ર ગો. શ્રી યદુનાથજીના લાલજી ચિ. ગો. પ્રબોધબાવાનો લગ્ન પ્રસ્તાવ તા. ૧૬–૬–૮૩ ના રોજ પુ. ગો. બાલકો તથા વૈષ્ણવ વૃન્દની ઉપસ્થિતીમાં સુસમ્પન્ન થયો.

પાનવડ :– પાનવડમાં સંવત ૧૯૩૦માં શ્રી વલ્લભદાસ શાહ પર કૃપા કરી તૃતીય પિઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે પધરાવી આપેલ શ્રી દ્વારકાધિશ પ્રભુનો નંદમહોત્સવ. મનોરથ વર્તમાન તૃતીય પિઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજીની અધ્યક્ષતામાં અત્યંત ઉલ્લાસથી સંપન્ન થયો. તા. ૪–૬–૮૩ ના મંદિરનો સુવર્ણ મહોત્સવ. સર્વોત્તમ નગરનું ઉદ્ઘાટન તથા નંદમહોત્સવ પુ. મહારાજશ્રી દ્વારા સંપન્ન થયેલ. ઉત્સવના ત્રણ દિવસો ગામના તથા બહારગામના બધા વૈષ્ણવોને સમુહમાં પ્રસાદ લેવળાવવાની સુંદર વ્યવસ્થા હતી.

રાજકોટ :– સુરત, વડોદરાવાળા પુ. પા. ગો. શ્રી મથુરેશ્વરજીના લાલજી ચિ. ગો. શ્રી દ્રુમિલકુમારજીના વચનામૃતો તા. ૨૭ તથા ૨૮ મે '૮૩ના રોજ શ્રી બાલકૃષ્ણલાજીની હવેલીએ યોજાએલ તથા 'શ્રી વલ્લભાચાર્યજીનું તત્વજ્ઞાન' એ વિષય પર જાહેર પ્રવચન તા. ૨૯-૫–૮૩ ના દિને પંચનાથ મંદિરમાં થયેલ. વૈષ્ણવો તથા ઈતર ધર્મપ્રેમી જનતાની ઉપસ્થિતી સારી હતી.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

શિક્ષા શ્લોક

કાશીમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીગંગાજીના હનુમાન ઘાટ ઉપર સાત દિવસ પરમહંસાશ્રમમાં સ્થિતિ કરી; સં. ૧૫૮૭ ના અષાઢ સુદ ૨–૩ ના દિને કૌપીન આચ્છાદન માત્ર ધારણ જલમાં પ્રવેશ કરવા તત્પર થયા તે વખતે આપશ્રીના બન્ને પુત્રો, શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજી વૈષ્ણવ પરિકર સહિત ત્યાં પધાર્યા ને પુછ્યુ કે અમારૂં શું કર્તવ્ય છે. ત્યારે આચાર્યશ્રીએ શિલા ઉપર ખડીથી શિક્ષાના જે સાડાત્રણ શ્લોક લખ્યા તેનું ગુજરાતી સમશ્લોકી પ્રસ્તુત છે.

–સંપાદક

કરી વિનતિ પ્રભુ ચરણે મલી સંગે સહોદરથી,
કહો શ્રીતાત શું કરવું ? અમારે કર્મ આદરથી. ૧
અનશન પૂર્ણ વ્રત માસે, કર્યું ને મૌન વ્રત ધારી,
થયા શ્રીમહાપ્રભુ જયારે, લખ્યા છે શ્લોક વિચારી. ૨
"થશો જો બહિર્મુખ કોઇ પ્રકારે તો તમો જાશો,
પ્રવાહ કાલથી સઘળા દેહચિત્ત આદિમાં થાશો. ૩
કરી જેથી હમેશાં કૃષ્ણ સન્મુખ થઈ બની રહેજો,
અલૌકિક તે ગુણો ઉત્તમ, મતિ એવી કરી કહેજો. ૪
નથી લૌકિક પ્રભુ હરિ તે, જે લૌકિક કર્મ મન ધરશે,
બધા અહિંના કર્યા પરલોકના ભાવે કૃપા કરશે. ૫
હરિ ગોપીશ સેવા યોગ્ય છે, સૌ કાર્ય કરનારા,
સુલભ શ્રીકૃષ્ણ પ્રભુ વલ્લભ હ્રદયમાં ભાવ ધરનારા. ૬
શ્લોક ત્રણ અર્ધ આ પુરા ભરેલા ભાવ સિદ્ધાંતે,
'મગન' મનથી લખ્યા, વલ્લભશ્રીએ છે સર્વ પદ અંતે. ૭

આ શ્લોક આચાર્યશ્રીએ લખ્યા તે વખતે ત્યાં ભગવત્ પ્રાદુર્ભાવ થયો અને નીચેનો દોઢ શ્લોક કહ્યો.

"ધરો વિશ્વાસ મ્હારામાં કૃતાર્થી સર્વ સઘળાને. ૮
સોચનાદિ કંઈ કદિ કરવો, સિદ્ધ સઘળું હરિ કરશે.
ગોપી પ્રિય તે સકલમાં છે, **'મગન'** હ્રદયે શરણ ધરશે." ૯

–મગનલાલ વેલજી સેવક

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

શ્રીમદ્ ભાગવતનો સાર

કારિકા-

સાકારં બ્રહ્મ શુદ્ધં હિ માયા તચ્છકિત સત્તમા;
તયા સર્વત્ર સંમોહઃ સાક્ષાત્ ભકિતશ્ચ મોચિકા.
-શ્રીમદ્ વલ્લભાચાર્યજી

બ્રહ્મ સાકાર છે અને શુદ્ધ છે, માયા સંબંધ રહિત છે, આનંદ માત્ર કર ચરણ વગેરે અવયવો છે. માયા ભગવાનની ઉત્તમ શકિત છે. તે માયા વડે સર્વને મોહ થાય છે. અને ભકિત તે મોહમાંથી છોડવનાર છે આખા શ્રીમદ્ ભાગવતનો સાર આવી જાય છે.

* * *

વર્ષ ૨ : અંક ૫ * ઓગષ્ટ, ૧૯૮૩
શ્રીવલ્લભાબ્દ ૫૦૫ * વાર્ષિક લવાજમ રૂ. ૧૦/-

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦૦૦૧

॥ શ્રી ગટ્ટુલાલજી મહારાજના વચનામૃત ॥

એક દિવસે બ્રહ્માજીએ શ્રી કૃષ્ણને પૂછ્યું કે હે મહારાજ ! તમે મને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી છે. વળી તમે મારા ઉપર પ્રસન્ન થઇને કહો છો કે તું માગ, પણ હે મહારાજ ! મને તમારી માયાનો પાર જડતો નથી અને તમે કહો છો કે સૃષ્ટિ કર. પણ હે મહારાજ ! તમારા સ્વરૂપની કોઈને ખબર પડતી નથી, તો સૃષ્ટિ કેમ પ્રગટ કરવી તે કહો.

ત્યારે ભગવાન કહે છે કે આ જગતમાં મારી માયાનો પાર જડતો નથી તે કેમ જે આ જગતમાં હું ભેગો પણ છું અને જગતથી જુદો પણ છું. તે કોઈ અલૌકિક દૃષ્ટિથી જોશે અને કોઇની સાથે વિરૂદ્ધ નહીં કરે તે મારા સ્વરૂપને જાણશે અને હું પણ તેના ઉપર પ્રસન્ન થઇશ. માટે સર્વેના કર્તા એક હું જ છું. અને જે જીવને હું કૃપા કરીને મારું સ્વરૂપ જણાવીશ તે જાણશે. એ રીતે સર્વેનો કર્તા મને જાણજો.

હવે જ્યારે આ જીવને પોતાનું ધાર્યું થાતું નથી, ત્યારે તે શોક કરે છે અને પોતાનું ધાર્યું થાય છે ત્યારે પ્રસન્ન થાય છે. માટે લાભ થયે હર્ષ ન કરવો, હાની થયે શોક ન કરવો તેને મારો ભગવદીય જાણવો.

મારી ઇચ્છા વિના કંઇ બનતું નથી, ત્યારે આ જીવ હર્ષ શોક કરે છે તે કેવળ અજ્ઞાન જાણવું. માટે આ જીવ પોતાને કર્તા માનીને બેઠો છે તે છોડીને એક મને જ કર્તા માને ત્યારે કામ થાય.

પૂર પિડીત બાંધવાને સહાય કરો.

આં. શ. પુ. વૈં. પરિષદ આયોજીત પૂર પિડીત
સહાયતા ફંડમાં તન, મન, ધનથી સહયોગ આપો.

શ્રી વલ્લભ સુધામાં પૃષ્ઠ પ્રકાશન સહાયના રૂ. ૫૧) ભરી
હજારો વૈષ્ણવોને ભગવદ્ સ્મરણ કરો

॥ શ્રીહરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

❖

વર્ષ ૨ : અંક ૫
ઓગષ્ટ, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

સૌરાષ્ટ્રનું રેલ સંકટ અને સહાયતા કાર્યો.

તા. ૧૮ થી ૨૨ જુન સુધી "સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદે સામાન્ય જીવન છીન્ન ભીન્ન કરી મૂકયું. કેટલાંયે ગામોમાં મોટા ભાગના મકાનો ધરાશાયી બન્યાં સૌંકડો લોકો અને હજારો પશુઓ મૃત્યુ પામ્યાં, બચ્યાતેની ઘરવખરી અને આજીવીકાના સાધનો નાશ પામ્યાં. માર્ગ વ્યવહાર, વિજળી, સંદેશા વ્યવહાર ખોરવાતાં હાલાકીમાં અતિશય વધારો થયો. પરંતુ ભારત ભૂમિમાં માનવ ધર્મની મહેંક હજુ એવીને એવી છે. ઠેર ઠેર આ સમાચાર સાંભળાતા સહૃદયી લોકોના દીલ દ્રવિ ઉઠ્યાં. અને સરકારી રાહે તેમજ અનેક સંસ્થા દ્વારા સહાયની સરવાણી વહેવાં લાગી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્યો, આં. રા. પુ. વૈ. પરિષદ અને અન્ય સંસ્થાઓ પુર પિડીત બાંધવોના આંસુ લુછવાં, તેમને થાળે પાડવા સહાય કરવાં તુરત જ દોડી ગયાં.

* પુ. પા. ગોસ્વામીશ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીએ તા. ૨૦-૬-૮૩ ના જામનગરથી રાહત સામગ્રી તથા વૈષ્ણવોનું જુથ લઈ જુનાગઢ, શાપુર, વંથલી, સ્વયં પધારી જરૂરવાળાને ઘઉં, ચોખા, વાસણ, કપડાં વિગેરેનું વિતરણ કરાવ્યું. જામનગરના અગ્રણી વૈષ્ણવો શ્રી જેઠાલાલ રૂગનાથ, ગોકુલદાસભાઈ રાજાણી, લક્ષ્મીદાસભાઈ વડવા, ગીરધરભાઈ ધ્રૂવ, ઉમેદભાઇ કંસારા, ગોવિંદભાઈ ભાયાણી, ગોવિંદભાઈ પટેલ, વગેરેએ ખૂબ જ જહેમત લીધી. હજુ વિશેષ વસ્તુ, રોકડ આદિ એકત્ર કરવાનું ચાલું છે.

* તા. ૨૮-૬-૮૩ ના રોજ રાજકોટ મુકામે "પરિષદ" શાખાના ઉપક્રમે યોજાએલ. સભામાં પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી બાવા (કામવન) એ પૂર પિડીતોને સહાય કરવા વૈષ્ણવોને હાકલ કરી.

* જેતપુરના વૈષ્ણવ સમાજે પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રીની પ્રેરણાથી શ્રી ગોવિંદ પ્રભુ ટ્રસ્ટના નેજા હેઠળ, લોટ, ચોખા, ગોળ, કપડાં, વાસણ વગેરે જીવન જરૂરી ચીજો વૈષ્ણવો પાસેથી એકત્ર કરી પૂર પિડીતોને પહોંચાડી જેની અંદાજે કીંમત ૩૦ થી ૩૫ હજાર રૂપિયા થયેલ. હજુ પુ. બાવાશ્રી વિશેષ સહાય એકત્ર

કરાવવા પરિશ્રમ લઈ રહ્યા છે.

* તા. ૫–૭–૮૩ થી પાંચ દિવસ પુ. પા. શ્રી ઈન્દિરાબેટીજીએ પુર ગ્રસ્ત વિસ્તારોનો પ્રવાસ કરી લોકોને આશ્વાસન આપ્યું અસર ગ્રસ્તોની પુરી માહીતિ માટે મોજણી કાર્ય શરૂ કરાવ્યું અને સહાય એકત્ર કરવા પોતે પરિશ્રમ લઈ રહ્યાં છે.

* બિલખા અને આજુબાજુ વિસ્તારોમાં ખૂબ નુકશાન થતાં, બિલખાના વૈષ્ણવોએ તાત્કાલિક રાહત રસોડું શરૂ કરી લોકોને ભોજનની સગવડ કરી આપી. ત્યાં બીરાજમાન પુ. ગો. આચાર્યશ્રીએ આ કાર્યની પ્રેરણા આપેલ.

* તા. ૧૦મી જુલાઈના રોજ પરિષદના કેન્દ્રીય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ રાજકોટ આવ્યાં રાહત કામ અંગે ચર્ચા વિચારણા કરી પરિષદની રાજકોટ શાખાના મંત્રી ડાયાભાઈ કંસારા તથા કપડવંજના શ્રી કીરણભાઈ કાંટાવાલા સાથે જુનાગઢ ગયાં ત્યાં શ્રી હરસુખભાઈ, શ્રી વલ્લભભાઈ આદિ સાથે ચર્ચા વિચારણાં કરી પુર ગ્રસ્ત વિસ્તારોનો પ્રવાસ કરી વળતાં પોરબંદર, જામનગર, રાજકોટ બીરાજતાં પૂ. ગો. આચાર્યશ્રીઓ પાસે પરિસ્થિતિની ચર્ચા કરી.

* "પરિષદ દ્વારા દેશભરમાંથી પુર પિડીતોને સહાય એકત્ર કરવાનો કાર્યક્રમ પરિષદના કેન્દ્રીય પ્રધાન મંત્રીએ પરિપત્ર દ્વારા જાહેર કર્યો.

* પોરબંદરવાળા પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી તથા પુ. પા. શ્રી માધવરાયજી મહારાજશ્રી એ પુર ગ્રસ્તોને સહાય કરવા વૈષ્ણવોને હાકલકરી. પુ. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીએ જુનાગઢ આદિ સ્થળોનો પ્રવાસ કરી શ્રી વલ્લભાચાર્યજી જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા સહાયતા કાર્ય શરૂ કર્યું.

* પુ. પા. ગો. શ્રી હૃષીકેશજી મહોદયની આજ્ઞાનુસાર આં. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખાના ઉપક્રમે પૂર હોનારતમાં જે માનવો હરિ: શરણ થયાં છે તેના આત્માનિ શાન્તીને માટે નવિ હવેલીમાં અષાડસુદિ એકાદશી ને દિને જપ સ્તોત્ર પાઠનો કાર્યક્રમ રાખીને "માનવતા દિન" અને માનાંજલી દિન મનાવવામાં આવેલ હતો તેમજ પૂરપિડીત સહાયતા ફંડમાં રૂ. ૧૪૧૧/- નો ફાળો એકત્ર કરવામાં આવેલ હતો.

* ગો. શ્રી પુરૂષોત્તમલાલ બાવા (શ્રી પંકજબાવા) શ્રી એ રાજકોટના પોતાના નવા નિવાસ સ્થાને આપના અનુજ ગો. ચિ. શ્રીલલીતબાવાના જન્મદિન પ્રસંગે એક વિશાળ સભાનું આયોજન તા. ૧૯–૭–૮૩ ના દિને કર્યું જેમાં રાજકોટના પુ. ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ; શ્રી પંકજબાવા મુંબઈ–ધોરાજીવાળા શ્રી હૃર્ષીકેશજીબાવા, સુરત, જેતપુરવાળા શ્રી કલ્યાણરાયજી બાવાના માનવતા અંગે વિશદ્ વચનામૃતો થયાં, શ્રી પંકજબાવાએ તા. ૨૦ જુલાઈના રોજ, રાસ, ગરબા, કીર્તન વિગેરેનો વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ પોતાના ખર્ચે યોજી એ નિમીત્તે બધી ભેટ પુર પિડીત સહાય કાર્યઅર્થે એકત્ર કરી જેમાં દશ હજારની રોકડ રકમ ઉપરાંત અનાજ, કપડાં, વાસણ વગેરે મળી બીજા દશ હજારની રૂા. ની વસ્તુઓ એકત્ર થઈ. તે પુજય બાવાશ્રીએ અસર ગ્રસ્તોને પહોંચાડી.

* પરિષદ દ્વારા બહાર પડેલ પત્રિકા મુજબ તા. ૨૦મી જુલાઈએ માનવતા દિન અને પુરમાં હરિ: શરણ થયેલાઓની આત્મશાંતિ અર્થે સ્તોત્રપાઠનો કાર્યક્રમ "માનાંજલિ" દિન ગામેગામ મનાવ્યો. રાજકોટમાં શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીએ પુ. પા. શ્રી પુરૂષોત્તમ લાલજી (શ્રી પંકજબાવા) ના અધ્યક્ષપદે યોજાએલી સભામાં શ્રી યમુનાષ્ટક શ્રીસર્વોત્તમજીના પાઠ થયાં. બાદમાં રાજકોટ શાખાના ઉપપ્રમુખ જીવનભાઈ રાણપુરા મંત્રી

ડાયાભાઈ કંસારા સહમંત્રી ગોકળદાસ સોનીએ પુર પિડીત સહાય કોષમાં ફાળો આપવા અપીલ કરી. પુ. બાવાશ્રીએ સર્વે વૈષ્ણવોને માનવતા કાર્યમાં શકય સહકાર આપવો તે સૌની સામાન્ય ફરજ છે તે જણાવ્યું. પરિષદ દ્વારા બધેથી મળીને પાંચ લાખનું ફંડ એકત્ર કરી જેમના મકાનો અથવા રોજગારના સાધનો નાશ પામ્યાં છે તેવા વૈષ્ણવોને સહાયભૂત થવા આયોજન કરેલ છે,

આ અંગે રોકડ રકમ બેન્ક દ્વારા મોકલવા જણાવ્યું છે.

શ્રી ચીમનભાઇ શેઠ
સંયોજક પૂર પિડીત સહાયતા સમિતિ.
આં. રા. પુ. વૈ. પરિષદ (ગુજ. પ્રદેશ)
શેઠવાડા બજાર રોડ, **કપડવંજ.** (ગુજરાત) ૩૮૭૬૨૦

કપડાં, વાસણ, અપરસમાં પહેરવાના કંતાનવસ્ત્ર, તિલક ચરણામૃત કંઠીમાલા ધોળપદ સ્તોત્રના પુસ્તકો વિગેરે જેવી ઉપયોગી ચીજ વસ્તુઓ મોટી સંખ્યામાં એકત્ર કરી નિચેના સરનામે મોકલવા જણાવાયું છે.

શ્રી જીવનલાલ લાલજીભાઇ રાણપુરા
ઉપપ્રમુખ આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા.
ઠે. દેરા શેરી સામે, સોની બજાર, **રાજકોટ.** ૩૬૦-૦૦૧

* * *

શ્રી વલ્લભ સુધાના ગયાં વર્ષના થોડા અંકો બચેલ છે. અભ્યાસી વાંચકો (જે નવા ગ્રાહકો થયા છે) તેમને રૂ. સાત ન્યોછાવરના મ. ઓ. થી પુરા નામ શરનામા સહીત મોકલવાથી ગયાં વર્ષના ઉપલબ્ધ ૭ અંકો મોકલી શકાશે જેમાં શ્રીયમુનાષ્ટક પરની વિવૃત્તી તથા ટીકા પ્રાપ્ત થશે. તુરત જ મંગાવો.

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસા. આકાશવાણી સામે **રાજકોટ**

।। શ્રી હરિ ।।

આપણી પરમ્પરાનું મહત્વ

લે. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ

આજે કાલિકાલના પ્રભાવથી લોકો આચાર ને આભડછેટ કહીને નિન્દાકરે છે, પણ આચાર ઇન્દ્રિય નિગ્રહ અને સેવાપયોગી દેહ માટે આવશ્યક છે. વેદમાં સહુથી પ્રથમ ધર્મની જિજ્ઞાસાનો ઉલ્લેખ છે અને તેની શરુઆત આચાર થકી થાય છે. આચારથી અન્તઃકરણ અને દેહ નિર્મળ થાય છે. આવા પવિત્ર મન અને તન થકીજ ભગવત્સેવા અને ભગવદ્ભાવની સ્થિરતા રહે છે. જો આચાર થકી પવિત્ર મન અને તન ન હોય તો તેમાં દેહના અધ્યાસો વધે અને લોકો ધર્મ તથા કર્મ વિહોણા થઇ જાય છે.

આચાર આપણી જાતની શુદ્ધિ માટે છે. લોકોથી ધૃણા કરવા માટે નથી. જો કોઈ શ્રીયમુનાના જળનું પાનકરે તો તેને યમના ત્રાસો ભોગવવા પડતા નથી. આ કહેવાનો તાત્પર્ય એજ છે કે પાપથકી અપવિત્ર દેહ યમના ત્રાસ ભોગવે અને તેમાં ભગવદ્ભાવ કે ધર્મ પ્રત્યે રુચિ થાય નહીં. પાપથી કષ્ટ થાય છે. આસુરીવૃત્તિ વાળા તેવા કષ્ટને સુખમાની ને વાસનામા પ્રવૃત્તિ કરે છે. તેવા જીવો મનની શાન્તિ માટે મથ્યાં કરે છે, અનેક પ્રકારના દેહ સુખ માણે છે, છતા તેમને સુખ અને શાન્તિ મળતા નથી. આમ હોવા છતા તેઓ આનાથી છુટી શકતા નથી. અસુરો અને દુર્યોધન જેવાની આવીજ સ્થિતિ હતી.

નાણાની પાછળ દોડતા લોકો ધર્મ અને સદાચારમાં આસ્થા રાખવામા અશકત થઇ જાય છે. વાસના અને દેહના અધ્યાસોની બાધા થાય ત્યારે ધર્મના બંધનો રુચિકર નથી. લાગતા નિયમો આવીભોગરુચીમાં પાલવે નહીં માટે લોકો સદાચારની નિન્દાકરે છે. પૈસા પાછળ દોડતી મનની વૃતિઓ પ્રભુ સુખ અને આચારની મહત્તા સમજવામાં અપૂર્ણ છે. તેવાઓના માટે ધર્મનો ઉપદેશ નકામો છે. ધર્મની જીજ્ઞાસા પુર્વ જન્મના સુકૃતથી ઉત્પન્ન થાય છે. અને ધર્મનું આચરણ પ્રભુની કૃપાથીજ સંભવે છે.

ધર્મની મશ્કરી કરનારા પોતેજ પાંગળા હોય છે. તેઓમાં મકમ શ્રદ્ધા રહેતી નથી અભિમાન ડગલેને પગલે આવિ જાય છે. અભિમાન થાય તો અધુરા પાત્રમાં થાય છે. પોતાની ખામીને અભિમાન થકી સંતોષવા કરતા દીનતાથી સેવા પરાયણ થઇ જીવનની પુર્ણતા આચાર સાથે પ્રાપ્ત કરવી તે શ્રેષ્ઠ છે. આચારનુ પાલન પોતાની શકિત અનુસાર કરવુ, તેવી આચાર્યશ્રીની આજ્ઞા છે. પણ જે લોકો આચારની નિન્દા કે મશ્કરી કરતા હોય છે તેઓને ધાર્મિક બોધ ઉંડાણમાં થતો નથી કોઇ કારણથી આપણાથી આચાર ન પાળી શકાય તો પણ તેનુ જ્ઞાન રાખવુ અને મનમાં તેવા આચારની મર્યાદા પ્રત્યે ઉંચી ભાવના રાખવી જોઇએ. આચારથી ઇન્દ્રિયોનો નિરોધ થઇ શકે. જો મનનો નિરોધ કરવો હોય તો વાણીનો નિરોધ

કરવાનો અભ્યાસ કરવો જોઇએ. મનનાં નિરોધથી બધી ઇંદ્રિયોનો નિરોધ શકય બને છે. અન્તઃકરણપ્રબોધ ગ્રન્થમાં શ્રી વલ્લભાચાર્ય આ સુચના કરે છે.

આ બાબતમાં આમ સમજવાની જરૂર છે કે કાયદાનું પાલનકરાવનારા મનનોં નિરોધ કરાવી શકતા નથી, છતાં આચરણનો નિરોધ ફરજીયાત કરાવે છે. કાયદા થકી મનનો નિરોધ ન થાય તો પણ તેની અગત્ય સમાજમાં છે. ક્રિયાનો નિરોધ કરીને સમાજમાં વિધિ અને વિધાન થકી લોકોને નિયંત્રણમાં રાખવામાં આવે છે. હવે અહીંયા એ દલીલ નકામી છે કે તે માણસ મનની ભાવના શુદ્ધ નથી રાખતો, તેના વિચારો ખરાબ છે માટે કાયદાનો અંકુશ તેના માટે નકામો છે. દૂષિત ભાવનાને વ્યકિત અમલમાં ન લાવી શકે તેટલું પણ સમાજની શિસ્ત અને શાન્તિ માટે ઘણુ છે. આવીજ રીતે આચારને પ્રથમ ધર્મ તરીકે ઓળખાવ્યો છે. શ્રીવલ્લભાચાર્ય પણ પ્રથમ આચાર અને પછી વિચારથી રહેવાની આજ્ઞા ભગવત્સેવા માટે કરે છે. વાર્તા સાહિત્યમાં આ બાબતની સુચના જીવના દાખલાઓની સાથે અપાઈ છે અને તેમનાં થકી આચાર અને વિચારની વિવેકવાળી સરળવ્યાખ્યા આપણને પ્રાપ્ત થાય છે.

આચારની વ્યવસ્થામાં બાહ્ય અને આન્તર બન્ને પ્રકારની શુદ્ધિની વિધિ છે. બહારની શુદ્ધિનો હેતુ પણ આન્તર શુદ્ધ કરવા માટે છે. આજે દેખાવની શુદ્ધિ ને સ્વચ્છતા માનનારા લોકોએ વિચાર કરવો જોઇએ કે ધર્મનાં આચારનું મહત્વ ડોળ નથી પણ એક જીવન નિર્માણની વ્યવસ્થા છે. શિસ્ત અને વિચારોની વ્યવસ્થા માટે દેહનાં નિયંત્રણની આ વ્યવસ્થા છે. જેમ કર્મફળના ઉંડા પ્રત્યાઘાતો થાય છે તેમજ આચારની પ્રણાલિકાનાં પણ જીવનમાં પ્રત્યાઘાતો થાય છે તેનાથી દેહનાં અધ્યાસો ઓછા થાય અને તેની બાધા જીવનને ખોરમ્બે ન ચડાવી દે તેની જોગવાઇ છે.

હોટલમાં આજે દેખાવ પુરતી સ્વચ્છતા છે પણ આન્તર શુદ્ધિ નથી, ત્યારે ધર્મનાં આચારને ડોળ કહેનારા આવા આચારને ડોળ કેમ નથી કહેતા જેમા મોજમજા સિવાય આદર્શ છે જ નહીં. આવી પ્રણાલીને અનુસરતા લોકો ધર્મની મર્યાદાનાં અંકુશમાં રહી શકે નહીં. તેમને અગવડ લાગે અને મનનાં નિરોધની સાથે સાધના અઘરી પડવાથી તેની વ્યવસ્થાનાં મૂળમાં વિચાર કર્યા વિના મશ્કરી કરીને વાત ઉડાવવા જેવા વિતંડાઓનો આશ્રય સેવે છે. દરેક ક્રિયાની પાછળ એક વિચાર અને પવિત્ર ભાવના સદાચારમાં હોય છે. વેદમાં પણ આ કર્મ કઈ ભાવના અને શ્રદ્ધાથી પ્રેરાઈને કરું છું તેની સ્પષ્ટતા જોવા મળે છે.

કર્મફળ અને તેના પ્રત્યાઘાતોની વિવેચના જ ગીતાનાં કર્મયોગનો વિષય છે. જ્યોતિષ શાસ્ત્રમા પણ કર્મની વ્યવસ્થા થકી જીવનમાં આવતા સુખદુખોની વાત વિચારાઇ છે. આજે જીવનમાં ભોગવવાના ફળ અને તેના કારણમાં કર્મ જ કારણ માનવામાં આવ્યું છે. વિશ્વની રચના જો કર્મ પ્રધાનજ હોય તો તેની પાછળ એક વ્યવસ્થા છે જેનું

વ્યવસ્થિત સ્વરુપ "મેથોડિકલ અને કોનોલોજિકલ ઓર્ડરમાં સેટ છે" વ્યવસ્થિત અને પધ્ધતિસર છે. માટે ધર્મમાં પ્રથમ આચારની વાતનો સમાવેશ થાય છે. આમ આચારનાં બે વિભાગ છે. એક લૌકિક અને બીજો અલૌકિક છે. લોકમાં પણ આચાર અને વહેવારનું અનુસરણ અલૌકિક માટે કરવું આ શ્રી વલ્લભાચાર્ય સેવામાર્ગ થકી જણાવે છે. આચારની સામાન્ય વ્યવસ્થા સર્વ લોકોને સુલભ હોય તેવા સાધનો ઉપર અવલમ્બે છે અને તેવા સાધનો પ્રકૃતિવતી આપણને સહજ પ્રાપ્ત થાય છે. વિશેષ વ્યવસ્થામાં સાધનનો પ્રકાર, દ્રવ્યના વિનિયોગની વિધિ છે જેમાં સાધનોનો અન્યથા વિનિયોગ ન થાય તેનો વિચાર છે. આ હેતુ થકી જ એક તુમ્બડા વાળા વૈષ્ણવ અને દામોદરદાસ સંભલ વાળાના આચારમાં તફાવત છે. સાધનની વ્યવસ્થા આચારની મર્યાદામા રહી અંગીકાર કરવી જોઇએ **"આ જ શ્રેષ્ઠ પરંપરા છે."**

પરમ્પરાને વખોડવાથી વાતની સિધ્ધિ થતી નથી. એકટેરિયા જેવા જન્તુ પણ પોતાની પરમ્પરાનાં ક્ષેત્રમા જ સક્રિય હોય છે. સદાચારની સરખામણી વિજ્ઞાન સ.થે થઈ શકે છે પણ તેના થકી તેની પાછળનો હેતુ અને ભાવના સાકાર થતી નથી. આ જડવાદી વિચારસરણીનું દુષણ છે. સદાચાર આમના થકી જ ઘવાય છે. મારો દેહ સ્વસ્થ રહે અને ભોગ માટે રહે તે લૌકિકભાવના છે અને મારા દેહની સ્વસ્થતા સેવામાટે રહે આ દિવ્ય ભાવના છે.

વિદ્વાનો અને અન્ય જનોને સદાચાર જોતા ઉશ્કેરાટ થાય, કેમ કે એના ધકી એક પતિત પણ શુધ્ધ જીવન ગાળીને, ભલે તે ઓછું સમજે, તે પોતે ભવ્યતાથી ઉભો રહી શકે છે. નાણાકીય અને વિદ્યાકીય બન્ને વ્યવસ્થાથી પૂર્ણજનો સદાચાર આગળ નબળા પડવાથી પણ ચિડાઇ જાય છે. છતા સદાચારની પાછળ આવો હેતુ હોતોનથી. વેદમાં "અથાતો ધર્મ જિજ્ઞાસા"નું સૂત્ર આ હેતુથી પોકારેલું છે. આ જીવનની વ્યયસ્થા છે અને વાસ્તવિક અવસ્થાનું ભાન કરાવે છે. જીવન સાથે જ આ બાબત સંકળાએલ છે. આચારમાં ત્યાગની ભાવના પણ આવી જ જાય છે. જે આપણી પરમ્પરામાં નથી તેનો ત્યાગ સ્વાભાવિક રુપે થઇ જાય છે. આમ કરવા માટે ઘૃણા કે હીનભાવનાની જરુર રહેતી નથી. અન્યથા તો આ બન્નેથી જ, માનવ સંતોષ માણે છે. આ ત્યાગનો પ્રકાર ઉન્નત નથી. માટે વૈષ્ણવોના આચરણમાં સહજ ત્યાગ સેવોપયોગી થઇને આવી જાય છે. આચાર્યની વાણી અને વિવેચનમાં ગ્રન્થો થકી આ બાબત સ્પષ્ટ થઇ જાય છે. ધર્મની પરિભાષાની સાથે આચરણ સંકળાએલુ

પૃષ્ઠ પ્રકાશન સહાયક :– ગો વા. સોની આણેકચંદ મોતીચંદ તથા
ગંગાબેન માણેકચંદ (વંથલી)ના જયશ્રીકૃષ્ણ

હા. સોની રતીલાલ ગોરધનદાસ (ગોંડલ) ના ભગવદ્દસ્મરણ.

હોવાથી વહેવાર અને વિચાર બન્ને આવી જાય તે સ્વાભાવિક છે. આમ જોતા વહેવાર અને ધર્મને નોખા ન કરી શકાય તેમજ વિચાર અને આચાર ને પણ અલગ ન પાડી શકાય આ વાત સમજાય છે. આવી રીતે ધર્મમાં ગૃહસ્થ આદિનો સમાવેશ વૈદિકકાળથી જ ચાલ્યો આવે છે જેને શ્રી વલ્લભાચાર્ય સેવા અને સદાચારના સમન્વય થકી સરસ રીતે રજુ કરે છે. ભગવદીય સાહિત્ય આનું સરળ વિવેચન છે જે ભાવાત્મક રૂપે સુબોધ થઈ જાય છે. આમ હોવા છતાં તેની ભાષા પંડિતોની નથી માટે તેની પાછળ નિહિત મહત્વનું આપણને ઉપરથી વિચારવાથી જ્ઞાન થઇ શકતું નથી. શ્રીહનુમાનજી દરિયો ઓળંગી ગયા પણ તેનાથકી તેની ગંભીરતા સમજાઇ નહીં. આમ આ પરાક્રમ તો છે પણ ઊંડાણ જોવા માટે તો મન્દરાયલ પર્વતની જેમ આપણે તેના તળિયામાં ઉતરવુ પડશે. આચરને આભડછેડ ન માનતા તેની વાસ્તવિકતાને સમજવાની જરૂર છે. આભડછેટ જ જો માનવી હોય તો પોતાના શરીરમા પણ તેવા જ તત્વો છે અને તેનાથી આભડછેટ માની શકાય છે. વસ્તુતઃ આચાર તેના ઉપર આધાર રાખતો નથી. આમ જો હોત તો તેનુ ફળ પ્રવિત્રતામાં ન મળત. આ બાબત આપણને જણાય છે. કેમ કે પવિત્રતાથી ઘૃણાનો લેશમાત્ર સબન્ધ હોય નહીં.

આચાર અને વિચાર જ વિવેકનું સર્જન કરે છે. પ્રપંચથી અટકવું અને ભગવાનમાં આસકિત રાખવી આ વાતની પ્રથમ ભૂમિકા આચારથી સર્જાય છે. આપણા માર્ગમાં સદાચાર અને પદાર્થની શુદ્ધિ ધર્મશાસ્ત્ર ઉપર જ આધાર રાખે છે અને આનો સબન્ધ સઘળી સનાતન પરમ્પરાથી છે. અન્તર એટલુ જ છે કે આપણે તેની સાથે સંકળાએલા છીએ અને તેનુ કારણ સેવા અને મર્યાદા છે. સેવામા પદાર્થ અને અન્ય વાતોની શુદ્ધતા જોઇએ તે વાત આપણને પારમ્પરાનાં સંગ્રહ રૂપમાં શ્રી પુરુષોત્તમજી લેખવાળા સમજાવે છે. દ્રવ્યમાં શુદ્ધિ સંગ્રહ ગ્રન્થના મંગલાચરણમાં આપ જણાવે છે કે,

“નત્વા શ્રી વલ્લભાચાંર્યાન હરિ–સેવોપકારિકા”
બાહ્યાભ્યન્તરી, દ્રવ્યશુદ્ધિરત્ર વિચાર્યતે.”

શ્રીવલ્લભાચાર્યને નમન કરી ને હરિસેવા મા ઉપકારક દ્રવ્યની શુદ્ધિ ઉપર વિચાર કરુ છું. આ દ્રવ્ય શુદ્ધિની બાબત આચાર્ય શ્રી વલ્લભ નિબન્ધમાં વિવેચન કરે છે પણ આજે બુદ્ધિ દોષથી આ વાત તેમાં સમજાતી નથી માટે તેવા લોકો પણ આને સમજી શકે તેના માટે આ પ્રયત્ન કર્યો છે.

આમ આપણો વૈદિક સદાચાર પણ સેવાના અંગરુપ છે. કેમકે વેદ દ્વારા પણ આપણે પ્રભુને જ ઓળખવા જોઇએ. આ ગીતાનો ઉપદેશ છે. આમ ધર્મનો સ્વીકાર શ્રીહરિના માટે જ કરવો જોઈએ આ ભગવદીય ભાવ છે. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગનો અંગીકાર પણ આચાર્યશ્રી તે મર્યાદામાં રહીને જ કરે છે. આ વાત શ્રી મત્પુરુષોત્તમજી સ્પષ્ટ જણાવે છે. સેવાનાં અંગ શિવાય અન્ય સદાચાર અને શિષ્ટ પરમ્પરાનું ગ્રહણ ભગવદીય કરતા નથી.

આ શ્રુતિરુપા અને ઋષિરુપાના વાકયોથી પ્રમાણિત થાય છે. તે ભગવાનની શ્રીઅંગથકી પ્રકટ થયેલી સૃષ્ટિ છે. માટે તે અંગિસૃષ્ટિ છે અને જ્ઞાન તથા કર્મ અંગ સૃષ્ટિ છે. ભગવાન અને ભકતોનો સમ્બન્ધ જ નહી પણ શાસ્ત્ર અને વેદ આદિનો અને પ્રભુનો સમ્બન્ધ સાક્ષાત્ રુપે આપણને આના થકિ સમજાય છે. અન્યથા આવા દિવ્યભકતો સિવાય ભગવદ્ રસનો સાકાર સ્વરૂપ રાસ દ્વારા પ્રકટ ન થઇ શકત. માટે જ આચાર્યશ્રી જણાવે છે, જો આમ ન હોત તો વેદ અને તેના અંગરુપ કર્મ અને જ્ઞાન દેખાવ માત્ર, કાલ્પનિક સત્તાવાળા જ રહી જાત અને તેનાં થકી તે અનિત્યજ હોત તો નિત્ય બ્રહ્મનો સ્પર્શ તે કેમ કરી શકવાનાં હતાં. આમ વિરોધ ને શાસ્ત્રીયતાથી દુર કરીને કર્મનિ પણ બ્રહ્મરુપતા પુષ્ટિમાર્ગના વૈદિક સદાચારમાં જ જોવા મળે છે મીમાંસાનો ખુલાસો આટલો સરળ અને લોકભોગ્ય તેમજ સંપૂર્ણ થતો નથી. આચાર્ય શબ્દનો અર્થ જ આચાર સાથે દૃઢ સબન્ધની સૂચના કરે છે. “આચાર્યવાન્ પુરુષો વેદ” આ વેદની શ્રુતિ અહિયાજ સાર્થક થાય છે. ઉદારતા જ નહી પણ મહોદારતા તો એ છે કે આચાર્યશ્રી આવોજ સદાચાર સ્ત્રી, શુદ્ર જ નહીં પણ પંચમવર્ણને પણ પ્રદાન કરે છે. અન્યથા તાજ અને અન્ય લોકો સેવા ન કરી શકત. આમ ધર્મનું પહેલું પગથિયું સરળતાથી સેવામાર્ગ દ્વારા જીવને આચાર્યશ્રીએ સહેજમાં ચડાવી દીધો. આ વાત પ્રેમની જ પ્રધાનતા અને પ્રેમલક્ષણા ભકિત થકી આવી જાય છે. આમ પ્રેમ દ્વારા પણ વિષય અને વાસનાના રોગથી મુકત થવાની વાત મહાકવિ શ્રીનન્દદાસ “પ્રેમ બિના સબ પચિમરે વિષય વાસના રોગ, સખા સુન શ્યામ કે” આ રોલાં છન્દમા રળીયામણી રીતે રજુ કરે છે.

પ્રેમ થકી દુસ્તર કાર્ય પણ સરળ બની જાય આ વાત વિજ્ઞાનથી પણ વિશેષ મનોવિજ્ઞાન સમ્મત છે. માનસ શાસ્ત્રની વિવેચનામાં આવો સદાચાર દેખાતો નથી ત્યાં તો માનવીય પ્રવૃત્તિનું જ વિવેચન જોવા મળે છે. તેની જડવાદિતા ભોગમૂલક છે માટે તેના રોગથી મુકત કરાવતી નથી. તેમના આરોગ્યની પરિભાષા ભોગમાં પ્રવૃત્તિમાત્ર છે. આપણા આરોગ્યની પરિભાષા આનાથી અનેરી છે. **માટે સદાચારને વૈજ્ઞાનિક સમર્થનની જરૂર નથી પણ વિજ્ઞાન ને સદાચાર અને ધર્મના સમર્થન થકી વિવેકથી સ્વીકારી શકાય છે.** આમ ન કરવાથી સાધનવાળી બુદ્ધી જીવને અવળે માર્ગે દોરવી લઈ જાય છે. આજે ઘણા લોકો આવો પ્રશ્ન કરે છે કે જ્યાં આચાર ન નભે તો શું કરવુ. ? આ પ્રશ્ન જો આચારમાં નિષ્ઠા હોય તો તેવાઓને વાર્તા સાહિત્યથી પ્રેરણા મળશે કે અપરસમાં જળ અને બીરી લેનાર વ્યકિત સેવા માટે અમુક અંશે આચારની શિથિલતા કરે તો ક્ષતિ નથી. “સ્વધર્માચરણમશકત્યા, વિધર્માચ્ચ નિવર્તનમ્” આની વ્યાખ્યાથી આ વાતનું સમાધાન થઇ જાય છે. પણ શકિતને ભકિતમાં દગો આપવો નહીં. આ બાબત ખાસ ખ્યાલમાં રાખવાની છે.

મર્યાદામાં આચારનું પાલન સ્વાર્થ માટે કરવાની વાત છે અને પુષ્ટિમાં તેનું પાલન સ્નેહપ્રધાન ભક્તિ માટે છે. સ્નેહ માટે મહાન સદાચારના સેવનની ભાવનાથી આપણને શ્રમ થતો નથી કેમકે સ્નેહનું સ્વરુપ સ્વયંશ્રમ નિવારક છે, ત્યારેજ ભક્તિથી આલ્હાદ મળી શકે છે. આચારમાં પડતી અગવડોનો વિવેક પ્રાપ્ત કરવાની વાત પણ તૈતરીય ઉપનિષદમા આવે છે. હે શિષ્ય અથવા અન્તેવાસી જો તને કર્મ અને વૃત્તમાં કે ક્યાંયપણ વિચિકિત્સા દેખાતી હોય તો, ત્યાં જે બ્રાહ્મણો આલુક્ષ, સમ્મર્શિ અને ધર્મકામ હોય તેને પૂછી અને તેનાં થકી પ્રમાણ લઈને કાર્ય કરજે. આમાં મનમાનીતુ કરવાની વાત આવતી નથી આ સ્મરણીય છે. આમ આપણે ત્યાં ભગવદીય અને આચાર્યો પાસેથી આ બાબતમાં ખુલાસો લેવાની વાત આવી જાય છે. આની વ્યવસ્થા એક અવસ્થાવિશેષ માટે છે, પણ તે ધર્મની અને આચારની મશ્કરી કે પ્રમાદ માટે નથી, તેમજ તેવી વ્યવસ્થા સીમિત ક્ષેત્ર પુરતી હોય છે. જેમ કાયદાના ક્ષેત્રીય અને સાર્વદેશિક બે સ્વરુપો આપણે જોઈ શકીએ છીએ. આ માનવીય વ્યવસ્થાની વાત છે. ધાર્મિક પ્રણાલિમા આત્માનુ શાસન છે તેમા શક્તિ કે હથિયારની જરુર નથી. લોકમાં તો તેવી વ્યવસ્થા શક્તિ અને દંડ સિવાય જળવાય નહીં. સ્વેચ્છાએ નિયંત્રણ સ્વીકારવુ તે મહાનતા છે. ભયથી સ્વીકારવુ તે દૈવીય છે અને બન્નેથી ન સ્વીકારવુ તે દાનવતા ,છે અને ભક્તિથી સ્વીકારવુ તે આધિદેવીક ભગવદીયતા છે.

ભગવદીય ધર્મના નિયામક શ્રીહરિ સ્વયં છે. તેમજ સંસારના નિયામક તે 'અન્યસ્વરુપે હોય છે. તેમાં અનુગ્રહનો આત્મીયબોધ ગૌણ બની જાય છે. જો આમ ન હોત તો લીલા અને સૃષ્ટિમાં જે વિચિત્ર અને વિશેષ વિવિધતા છે તેના રસની અનુભૂતિ જીવ ન કરી શકત. આમ સદાચાર સરસ અનુભવની મધુરપ્રણાલિકા તરીકે પ્રેમલક્ષણાભક્તિ દ્વારા વિકસ્યો છે. આ ભાવના પાછળ આપણા સદાચાર અને પરમ્પરાની પાછળ વસ્તુની સ્વરુપાત્મકતાનો બોધ મળે છે અને લોકમાં તેની જડતાનો ઉપયોગ છે માટે લોકધર્મની પ્રાર્થના કરનારી વેદની શ્રુતિઓ માટે ભાગવત મા "શ્રુતયઃ ઉચુ આમ જણાવ્યુ છે અને ભગવદ્ ધર્મની વિવેચનામાં તેમના પ્રસંગમાં 'ગોપ્યઃ ઉચુ" આમ ઉલ્લેખ થી વેદવ્યાસ કરે છે. આ વાત સમાધિભાષાની વિશેષતા છે જેનો ગૂઢ અર્થ શ્રી વલ્લભાચાર્ય પ્રકટ કરે છે. આમ મર્યાદામાં આચાર અને વિચાર બન્નેનાં સ્વરુપાત્મક દર્શન થઈ શકે છે. મીમાંસામાં કર્મની નિત્યતા આવી સરસ શૈલીમાં વિકસતી ન હોવાથી કઠિન છે અને તેનાથી બ્રહ્મબોધનો પ્રકાર ગૌણ છે અને અન્ય દષ્ટિમાં વેદ પણ કલ્પિત કે નિત્ય નથી અથવા માયિક હોય તો પણ વેદથી ભગવત્તત્વ બોધ થાય નહીં, અને વિરોધ આવે ત્યારે વિષમતા લાગે અને અહિંયા વિરુદ્ધધર્માશ્રયી બ્રહ્મ છે.

આમ આપણી પરમ્પરા અને સદાચારમાં પણ અભેદવાદ, શુધ્દાદ્વૈત બ્રહમવાદની ક્રિયાત્મકતા અને સેવાની સરસ કાન્તકમનીયતા થકી પ્રકાશિત થયો છે. અને આમાં છુ, છુ, છુ, ની વાત કહી

મશ્કરી કરનારનો સ્વરૂપ છી, છી, છી, જેવો ઉપહાસ છે અને બીભત્સરસના દર્શન કરવા મળે છે. સમાજને એકસુત્રમાં પરોવવાની વાત કરનારા આવી બાબતને પણ નીરસ નજરે જુવે ત્યારે ભગવદીય દ્રષ્ટિની સૂષ્ટિ આમાં શ્રધ્ધાથી રસતત્વની અન્યથા ખ્યાતી જોઇને મોઢુ મલકવી લે તો નવાઇ નથી.

શ્રીમહાપ્રભુ (કર્માપ્યેક સ્તસ્યદેવસ્ય સેવા) આમ કહી એકજ શબ્દમાં સમસ્ત ને સેવાપયોગી બનાવવાની વિધિ અને વિવેક સમજાવે છે. આપણા સમાજમાં આજે આ બાબતમા વિચાર કરવાની આવશ્યકતા છે. આપણા સદાચારની વૈદિક અને આર્ષ પરસ્પરા માટે ભક્તજનોએ દ્રવ્યશુધ્ધિનો અનુવાદ વાંચવો જોઇએ અને સર્વનિર્ણયપ્રકરણુની વિવેચના સાથે, નિત્યસેવાવિધિ અને લીલાના ચિન્તન થકી શાસ્ત્રની વ્યવસ્થા સમજવાની જરુર છે. આભડ છેટ પવિત્ર ન કરીશકે અને તે હોટલોમાં આત્મીયતાથી વિકસી છે. માટે સમાજમાં વિખવાદ અને વિવાદો વધ્યા છે, ઉન્નતિ ને ઇર્ષ્યાની નજરે જોઇ ને ચકલીએ વાંદરાને શીખામણ આપી કે મારાંપાસે તો હાથ પણ નથી અને હું વરસાદ થી બચવા ને માળો બનાવી શકુ છું તો તમને તો હાથ વિગેરે સહુ આપ્યુંછે છવાં શામાટે પલળો છો તો આ શીખામણ ની દક્ષિણામાં તે વાંદરાએ પોતાના હાથે શકિતનો ઉપયોગ કરી તેનો માળો ભાંગીનાખ્યો કે જા હવે તું પણ પલળતી જા. મને શિખામણ આપવા આવીહતી ને ?. આમ આપણે આપણા સદાચાર નો માળો તોડવાની જરુર નથી પણ તેનો ઉપયોગ સમજવાની જરુર સેવા અને સ્મરણ માટે છે.

ગો. ર. પ્રથમેશ

વધાઈ

શ્રી મહા પ્રભુજીની ચોર્યાશી બેઠક પરિક્રમા

સર્વે પુષ્ટિ માર્ગીય વૈષ્ણવોને સૂચિત કરવામાં આવે છે કે મુંબઇ મોટા મંદિરવાળા હાલ ધોરાજી નવી હવેલીમાં બિરાજતાં પૂ. પા. ગો. શ્રીં હૃષિકેશજી મહોદયે જનાના સહિત પોતાના માથે બિરાજતા નિધિ શ્રી બાલકૃષ્ણલાલ પ્રભુને સાથે પધરાવી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની ભારત ભરની ૮૪ બેઠકોની પરિક્રમા બસ દ્વારા કરવાનો નિર્ણય કરેલ છે.

આ પરિક્રમાનો પ્રારંભ સંવત ૨૦૪૦ના ફાગણ સુદ તા. ૪–૩–૮૪ના શ્રી નવી હવેલી ધોરાજીથી થશે. તો આ અલૌકિક પરિક્રમમાં જોડાવા તથા બેઠકોમાં વિવિધ મનોરથો મનાવવાનો લાભ લેવા ઇચ્છતા વૈષ્ણવોને નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા અનુરોધ કરવામાં આવે છે.

શ્રી સુખીયાજી
નવી હવેલી, પાટણવાવ રોડ.
ધોરાજી. (સૌરાષ્ટ્ર) ૩૬૦૪૧૦

✓

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :- **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક સાતમો)

અધ્યાય બીજો

સંજય ઉવાચ–

તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ ।
વિષીદંતમિદં વાક્યમુવાચ મધુસૂદનઃ ॥૧॥

સંજયે કહ્યું, તે પ્રમાણે દયાથી ભરેલા, આંસુભરેલી આકુળવ્યાકુળ આંખોવાળા, ખેદ કરી રહેલા તેને (અર્જુનને) મધુસુદન–શ્રીકૃષ્ણે આ વાકય કહ્યું. ॥૧॥

શોક રૂપી સાગરમાં અત્યંત ડૂબી ગયેલા પાર્થને (અર્જુનને) અત્યંત દયાળુ એવા શ્રી કૃષ્ણે પોતાનો છે એવા ભાવથી પોતાનાં સાંખ્ય અને યોગ (ના બળ) વડે બહાર કાઢયો.

આગળના અધ્યાયમાં કહેવાયું છે કે, 'શોકથી ઉદ્વિગ્ન મનવાળો અર્જુન બાણ સહિત ધનુષ્યનો ત્યાગ કરીને (ભગવાનની) સમીપમાં સ્થિર થઇ ગયો. પછી શું થયું ? એવી આકાંક્ષામાં 'તં તથા' વગેરે શબ્દોથી સંજય કહે છે:–

પોતાનામાં પ્રવેશેલા વિષાદવાળા, આંસુથી ભરેલ વ્યાકુળ આંખો વાળા, તે પ્રમાણે ખિન્ન થતા અર્જુનને પહેલાં કહ્યું છે તે પ્રમાણે મધુસૂદન એટલે સર્વને મારવા સમર્થ એવા શ્રીકૃષ્ણે કૃપા પૂર્વક હવે આ વાકય કહેતાં કહ્યું કે :- ॥૧॥

શ્રીભગવાનુવાચ–

કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।
અનાર્યજુષ્ટમ સ્વર્ગ્યમકીર્તિકરમર્જુન ॥૨॥

શ્રીભગવાને કહ્યું, હે અર્જુન, આર્યોથી નહિ સેવાયેલ, સ્વર્ગમાં નહિ લઇ જનાર, કીર્તિને નહિ આપનાર, આ ખેદ તને કસમયે કયાંથી ઉત્પન્ન થયો ? ॥૨॥

'કુતસ્ત્વા' વગેરે ભગવાને કહેલ વાકયો જ કહે છે વિષમે એટલે કસમયે આ યુદ્ધના ઉત્સાહનો સમય છે, નહિ કે દયાનો, એવા આ સમયે, હે અર્જુન, તને આ ખેદ કયાંથી આવી પડયો ? અર્થાત્ આ મોહ તને કયાંથી પ્રાપ્ત થયો ? સ્વૈચ્છિક અજ્ઞાનના કારણે ભગવાને આને ખિન્નતા કહેલ છે. કશ્મલ એટલે ખેદ શબ્દને ત્રણ વિશેષણથી વિશેષ રૂપે સમજાવે છે 'અનાર્યજુષ્ટમ્' એટલે જેઓમાં આર્યપણું નથી, તેમનાથી સેવાયેલ, અસ્વર્ગ્યમ્ એટલે જેનાથી સ્વર્ગ પ્રાપ્તિ થતી નથી તેવો તેનાથી તે ધર્મ વિરોધી છે, એમ કહ્યું છે અને 'અકીર્તિકરમ્' એટલે કીર્તિનો નાશ

કરનાર, તેનાથી ક્ષાત્ર ધર્મનો નાશ કરનાર છે, તેથી કુળધર્મનો વિરોધી હોવાનું કહ્યું છે

ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરંતપ ॥૩॥

હે પૃથાના પુત્ર અર્જુન, નપુંસકપણાને તું પામ નહિ. એ તારામાં શોભતું નથી. હે શત્રુને તપાવનાર અર્જુન, તુચ્છ હૃદયના દુર્બળપણાને ત્યજી દઇને તું ઊભો થઈ જા. ॥૩॥

આ તારો ધર્મ ઉચિત નથી, એમ કહે છે.

હે ક્ષત્રિયકુળમાં જન્મેલા પાર્થ (અર્જુન), ક્લૈબ્યને એટલે નપુંસકધર્મરૂપ કાયરપણાને તું પામ નહિ. આ તારામાં શોભતું નથી. ક્ષુદ્ર એટલે તુચ્છ એવું તે અક્ષુદ્રમાં ન હોય ! હે શત્રુને તપાવનારા અર્જુન, હૃદયની દુર્બળતાને ત્યજીને ઊભો થઈ જા, યુદ્ધને માટે સાવધાન થા, એમ અધ્યાહાર છે. ॥૩॥

અર્જુન ઉવાચ—

કથં ભીષ્મમહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન ।
ઈષુભિઃ પ્રતિયોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન ॥૪॥

અર્જુને કહ્યું, હે શત્રુનો નાશ કરનાર શ્રીકૃષ્ણ, યુદ્ધમાં હું બાણો વડે ભીષ્મ અને દ્રોણની સામે શી રીતે લડું ? હે મધુ નામના દૈત્યને હણનાર શ્રીકૃષ્ણ, તેઓ બંને પૂજ્ય છે. ॥૪॥

એ પ્રમાણે ઉત્તેજક ભગવાનનું વાકય (ક્લૈબ્યં મા સ્મ ગમઃ) સાંભળીને, હું કાયરતાથી યુદ્ધમાંથી હઠી જતો નથી, પરંતુ ધર્મબુદ્ધિથી (હું યુધ્ધ ઈચ્છતો નથી), એ પ્રમાણ, અર્જુને 'કથમ્' વગેરે શબ્દોથી શરૂ કરીને ૭ શ્લોકથી ભગવાનને વિનતિ કરી છે.

હે મધુસૂદન, મધુ દૈત્યને મારવાથી, અથવા મથુરાની સ્થાપના કરવાથી મધુસૂદન કહેવાયા છે. હે ભકતોના પરિપાલક, હું યુધ્ધમાં ભીષ્મ અને દ્રોણની વિરુધ્ધમાં બાણો વડે શી રીતે યુધ્ધ કરું ? વિરોધી થઈને તેઓની સામે શી રીતે લડું ? એમ અર્થ છે. ભીષ્મ ભકત હોવાથી મારવા ઉચિત નથી. દ્રોણ પણ ગુરુ હોવાથી મારવા અનુચિત છે. એ પ્રમાણે 'દ્રોણં ચ' શબ્દો વડે જણાવ્યું છે.

પહેલાં કહેવાયેલા પ્રકારે ભીષ્મ અને દ્રોણ પૂજવાને યોગ્ય છે. અરિસૂદન એટલે શત્રુનો સંહાર કરનારા, હે અરિસૂદન, એવા સંબોધનથી એ બંને ભક્ત અને દ્વિજ છે, પણ શત્રુ નથી, તેથી મને મારવાને માટે કેમ પ્રેરો છો ? એમ જણાવ્યું છે. ॥૪॥

ગુરૂનહત્વા હિ મહાનુભાવાન્
શ્રેયો ભોકતું ભૈક્ષ્યમપીહ લોકે ।
હત્વાર્થકામાંસ્તુ ગુરૂનિહૈવ
ભુંજીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ॥૫॥

કારણ કે, મહાનુભાવ વડીલોને નહિ મારીને આ લોકમાં ભીખથી મેળવેલું અન્ન પણ ખાવા માટે વધુ સારું છે. ધનની કામનાવાળા વડીલોને હણીને તો લોહીથી ખરડાયેલ ભોગોને અહીંયાં જ હું ભોગવું (મારે ભોગવવા પડે)

ગુરુઓને મારવા કરતા ભિક્ષાટન શ્રેયસ્કર છે, પણ તેઓને મારવાથી રાજ્યના ભોગ શ્રેયસ્કર નથી, એમ 'ગુરૂન' શબ્દથી કહે છેઃ- ગુરુઓને એટલે ભીષ્મ, દ્રોણ વગેરેને માર્યા વિના આ લોકમાં ભિક્ષાન્ન ખાવું પણ શ્રેયસ્કર

છે, એમ અર્થ છે, કારણ કે તેઓ મહાનુભાવ છે. મહાનુભાવો એટલે મહાનનો ભગવાનનો અનુભવ કરાવનારા, એમ અર્થ છે. આ લોકમાં તેવી રીતે ભોજ્ય પદાર્થથી પરલોકમાં સુખ થાય, એમ 'ઇહલોક' એવા શબ્દથી જણાવાયું છે. તેઓને મારવાથી તો પરલોકમાં દુઃખ જ થશે, એટલું જ નહિ, પરંતુ આ લોકમાં જ નરકાદિ જેવાં દુઃખ થશે, એમ કહે છે.

'હત્વા' …….. અર્થની કામનાવાળા ગુરુઓને હણીને તો અહીંયાં જ રુધિરથી ખરડાયેલા ભોગો મારે ભોગવવા પડે. ।।૫।।

ન ચૈતદ્વિદ્મઃ કતરન્નો ગરીયો
યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ ।
યાનેવ હત્વા ન જિજીવિષામ –
સ્તેઽવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ ॥૬॥

વળી અમે એ નથી જાણતા કે, અમે જીતીએ અથવા કદાચ અમને તેઓ જીતે, એ બેમાંથી કયું અમારે માટે વધારે મહત્વનું છે? અથવા તો જેઓને હણીને અમે જીવવા જ ઇચ્છતા નથી, તેઓ–ધૃતરાષ્ટ્રના પુત્રો સામે ઊભા રહેલા છે. ।।૬।।

વળી અધર્મનો અંગીકાર કરીને પણ તે પ્રમાણે કરવું જોઇએ, અને જો અમારો જય જ થાય તો અમારું પણ તેવું જ્ઞાન નિશ્ચિત થઈ જાય, એમ કહે છે.

'ન ચૈતદ્વિતિ' …. અમે એ પણ જાણતા નથી કે અમારે માટે એમાંથી કયું અધિક મહત્વનું છે ? કાં તો અમે તેઓને જીતીએ અથવા તેઓ અમોને જીતે, અમારા મતે તો અમારા વિજય કરતાં તો તેઓનો વિજય જ અધિક મહત્ત્વનો છે, તેમ લાગે છે, એમ કહે છે.

'યાનેવ' …. જેઓને મારીને અમે જીવવાને પણ ઇચ્છતા નથી, તેઓ જ આ ધૃતરાષ્ટ્રના પુત્રો, કાકાના પુત્રો, અમારા ભાઇઓ, સામે જ યુદ્ધને માટે ઊભા છે. આથી તેઓને હણીને અમે શું કરીશું? એમ અર્થ છે. ।।૬।।

કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ
પૃચ્છામિ ત્વાં ધર્મસંમૂઢચેતાઃ ।
યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે
શિષ્યસ્તેઽહં શાધિમાં ત્વાં પ્રપન્નમ્ ।।૭।।

દીનતાના દોષથી દૂષિત થયેલ સ્વભાવવાળો અને ધર્મની બાબતમાં વિશેષ મૂઢ થયેલ ચિત્તવાળો હું આપને પૂછું છું કે, જે નિશ્ચિત વધુ સારું હોય તે મને કહો. હું આપનો શિષ્ય છું, આપને શરણે આવેલ મને ઉપદેશ આપો. ।।૭।।

એ પ્રમાણે પોતાનો અભિપ્રાય દર્શાવીને તેની દોષરૂપતાને કહેતાં ભગવાનની આજ્ઞાને માનનારો (અર્જુન) કાર્પણ્યદોષોપહત સ્વભાવઃ વગેરે શબ્દોથી કહે છેઃ—

કાર્પણ્ય એટલે બંધુઓને મારવા ઉચિત નથી, એવા જ્ઞાન રૂપ જે દોષ છે, તેનાથી ક્ષત્રિયોનો શૌર્ય વગેરેથી યુક્ત સ્વભાવ જેમનો દૂષિત થયો છે તેવો હું આપને પૂછું છું. અરે, દૂષિત સ્વભાવવાળા હતોત્સાહને વળી પ્રશ્ન પૂછવાથી શું ? આથી કહે છે ધર્મસંમૂઢચેતાઃ એટલે ધર્મમાં એટલે ધર્મના જ્ઞાનની બાબતમાં જેનું મન અત્યંત મૂઢ થઇ ગયું છે તેવો.

તેઓને મારવાનાં આપની પ્રસન્નતા છે કે નહિ મારવામાં, અથવા તો આમાંથી જે શ્રેયસ્કર હોય, આપની પ્રસન્નતારૂપ હોય, તે મને નિશ્ચિતરૂપે કહો. હું આપનો મિત્ર નથી, પણ શિષ્ય છું, આપને શરણે આવેલો છું, તેથી ધર્મની જિજ્ઞાસાથી આપ મને ઉપદેશ આપો. ।।૭।।

ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્
યચ્છોકમુચ્છોષણ મિન્દ્રિયાણામ ।
અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધં
રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ ।।૮।।

પૃથ્વી ઉપર શત્રુ રહિત, સમૃદ્ધ રાજ્યને અને દેવોના અધિપતિપણાને પ્રાપ્ત કરીને પણ ઇંદ્રિયોનું શોષણ કરનાર જે મારો શોક છે તેને દુર કરે તેવું ખરેખર હું જોતો નથી. ।।૮।।

અરે, મિત્રતાથી અને શરણાગત હોવાથી આપની ઈચ્છા પ્રમાણે જ મારે કરવું જોઇએ એમ હોય તો 'ન હિ' વગેરે શબ્દોથી કહે છે.

ભુમિ ઉપર શત્રુ રહિત એટલે અદ્વિતીય અને બધી સંપત્તિવાળું રાજ્ય મેળવીને અન્યત્ર, દેવોનું આધિપત્ય એટલે ઇંદ્રના જેવું ઐશ્વર્ય મેળવીને પણ ઇન્દ્રિયોને અતિ શોષી લેનારા એવા અભિલાષને પૂરનારું કંઇ પણ નથી, તેથી જે મારો શોક દૂર કરે તેવું કંઇ હું જોતો નથી. આથી હું શું નિવેદન કરું ? એવો ભાવ છે. 'હિ' યોગ્યતાના અર્થમાં છે; કારણ કે ઇંદ્રિયોની તૃપ્તિ મુશ્કેલ છે. ।।૮।।

સંજય ઉવાચ –

એવમુક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરંતપ
ન યોત્સ્ય ઇતિ ગોવિંદમુક્ત્વા તુષ્ણીં બભૂવહ ।।૯।।

સંજયે કહ્યું, હે પરંતપ (ધૃતરાષ્ટ્ર), એ પ્રમાણે હૃષીકેશ એવા શ્રીકૃષ્ણને કહીને, હું યુદ્ધ નહિ કરું, એમ ગોવિંદને (શ્રીકૃષ્ણને) કહીને ખરેખર અર્જુન ચૂપ થઇ ગયો. ।।૯।।

એ પ્રમાણે કહીને અર્જુને શું કર્યું તે 'એવમુક્ત્વા' વગેરે શબ્દોથી કહે છે.

ગુડાકેશ એટલે અર્જુન હૃષીકેશ એટલે ઇંદ્રિયોના પ્રેરક શ્રીકૃષ્ણને, એ પ્રમાણે કહીને ગોવિંદ એટલે ભકતોનું પરિપાલન કરનાર શ્રીકૃષ્ણને 'હું યુદ્ધ નહિ કરું' એમ કહીને ચૂપ થઇ ગયો.

'હ' શબ્દ આશ્ચર્યના અર્થમાં છે. ભગવાનના કહેવા છતાં પણ રાજ્યની કામનાવાળો થયો નહિ એટલે ઉત્કૃષ્ટ તપ જેનું છે તે, એવું સંબોધન, શ્રીકૃષ્ણના સન્મુખ જીવિતને ત્યજીને આપના જનો કૃતાર્થ થશે, એવા અભિપ્રાયથી છે. આથી જ પાર્થનાં (પૃથાના પુત્ર અર્જુનનાં) અસ્ત્રોથી પાવન થયેલા જનો શ્રેષ્ઠ ગતિને પામ્યા, એનું એ પ્રમાણેનું વચન ગવાય છે. ।।૯।।

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

બાલબોધ :

(શ્રીદેવકીનંદનચરણકૃત 'પ્રકાશ' વ્યાખ્યાનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ચોથો)

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(સાંખ્યમાં દેહ અને ઇંદ્રિયોના સમૂહને સંઘાત કહેલ છે.) અરે, સંઘાત વિદ્યમાન હોવા છતાં, માત્ર ત્યાગથી શી રીતે મુક્તિ સંભવે ? એવી શંકાના જવાબમાં ત્યાગથી મુક્તિનો પ્રકાર 'અહંતામમતાનાશે' વગેરે શબ્દોથી કહે છે.

અહંતામમતાનાશે સર્વથા નિરહંકૃતૌ
સ્વરૂપસ્થો યદા જીવ કૃતાર્થઃ સ નિગદ્યતે ॥૭॥
તદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેઽપિ નિરૂપતિ ।
ઋષિભિર્બહુધા પ્રોક્તા ફલમેકમબાહ્યયતઃ ॥૮॥

જયારે અહંતા અને મમતાનો નાશ થઇ જાય છે અને સર્વથા અહંકાર રહિત સ્થિતિમાં જીવ પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ રહે છે, ત્યારે તે જીવ કૃતાર્થ થયો, એમ કહેવાય છે. ॥૭॥

તે માટેની પ્રક્રિયા ઋષિઓએ અનેક રીતે કહેલી છે, અને કોઇ કોઇ પ્રક્રિયા પુરાણમાં પણ નિરૂપાયેલી છે. આંતરિક રીતે એટલે કે સાંખ્યમાં કહેવાયેલી રીતે તેનું ફળ એકસરખું જ છે. ॥૮॥

સંસાર અહંતા અને મમતાને કારણે રચાયો છે. તેમાં અવિદ્યાથી જીવ બંધનમાં પડેલો હોય છે. સાંખ્યશાસ્ત્ર પ્રમાણે આત્મ અને અનાત્મના સાચા જ્ઞાનથી અવિદ્યા નિવૃત્ત થાય છે. અવિદ્યાની નિવૃત્તિ થતાં તેના કાર્યરૂપ સંસાર પણ નષ્ટ થાય છે. પછી સંઘાતથી પોતે ભિન્ન હોવાના ભાવે આત્મજ્ઞાન થાય છે. એમ હોવા છતાં જયાં સુધી અહંકારની નિવૃત્તિ થતી નથી, ત્યાં સુધી પૂર્ણ રીતે મુક્તિની શકયતા નથી, એવા અભિપ્રાયથી 'સર્વથા નિરહંકૃતૌ' વગેરે શબ્દોથી કહે છે. :–

સર્વથા એટલે સર્વ પ્રકારે, દરેક રીતે 'હું કાંઇ જ કરતો નથી' (એવા ગીતાજીના વાકય પ્રમાણે) અહંકારનો અભાવ થતાં, એમ અર્થ છે. તેનાથી 'સ્વરૂપસ્થઃ' વગેરે શબ્દોથી મુક્તિનું સ્વરૂપ કહે છે. જયારે જીવ બધાંનો પરિત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે ત્યારે, એટલે કે, સ્વાત્મ જ્ઞાનમાં એક માત્ર નિષ્ઠાવાળો થાય છે ત્યારે, તેવી અવસ્થાને પામેલો હોય તો જ તે જીવ કૃતાર્થ થયો, એમ કહેવાય છે, એવો અર્થ છે. ખરી રીતે તો

બ્રહ્મલાભનો મોક્ષપદ, મુક્તિ, એવો અર્થ હોવાથી, તેના અભાવે તે મુક્ત નથી, એવો ભાવ છે; કારણકે પુનર્જન્મ અનિવાર્ય છે. શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધમાં કહ્યું છે કે, મહામુશ્કેલીએ પરમ પદ સુધી પહોંચીને આપનાં (ભગવાન શ્રીકૃષ્ણનાં) ચરણ કમલનો અનાદર કરનારાઓ તેનાથી અધોગતિને પામે છે. તે જ પ્રમાણે તત્ત્વદીપ ઉપરની વિવૃતિમાં 'જ્ઞાની બીજે જન્મે પણ જ્ઞાની થઇને જન્મે છે.' એમ કહ્યું છે. ।।૭।।

અરે, એમ છે ત્યારે જીવે વિચારેલ સાંખ્યનું પ્રામાણ્ય શી રીતે ગણાય ? એવી અપેક્ષાએ 'તદર્થમ્' વગેરે શબ્દોથી કહે છે:

તદર્થમ્ એટલે કહેવાયેલી રીતે મોક્ષને માટે કોઇ કોઇ પ્રક્રિયા પુરાણમાં પણ કહેવાયેલી છે, એમ અર્થ છે. તેવાથી પુરાણનો આધાર હોવાથી તેનું પ્રામાણ્ય છે, એવો ભાવ છે 'પુરાણને (ભગવાનનુ) હૃદય માનેલું છે.' એ પ્રમાણેના વાકયથી પુરાણના આધાર રૂપ તેને જીવવિચારિત શી રીતે કહેવાય ? એમ હોવાથી 'ઋષિભિઃ' વગેરે શબ્દોથી કહે છે :–

ઋષિઓએ તે પ્રક્રિયા પોતાના વિચારથી જુદા જુદા અનેક પ્રકારે કહેલી છે. આથી તે પ્રમાણ છે. એવો અભિપ્રાય છે. તેમાં હેતુ 'તથૈવેશ્વરશિક્ષિયા' એવા શબ્દોથી પહેલાંજ પ્રદર્શિત કરાયેલો છે. તો પછી સાધનના પ્રકારોના ભેદથી પણ ફળ જુદું જુદું આવે, એવી શંકાના જવાબમાં 'ફલમેકમ્' એમ નથી પણ ફળ એકસરખુ જ છે. એમ કહ્યું છે પુરાણમાં કહેવાયેલા સાંખ્યનું ફળ બે પ્રકારનું છેઃ પહેલાં આત્મદર્શન એ એક, અને પછી જ્ઞાન દ્વારા મોક્ષ એ બીજું જીવે વિચારેલા સાંખ્યનું આત્મદર્શન એવું એકજ ફળ છે, બીજું નહિ, એમ અર્થ છે. તેમાંય 'અબાહ્યતઃ' એવા શબ્દથી વિશેષ કહે છેઃ બાહ્ય એટલે બહિર્મુખ, નિરીશ્વર (ઇશ્વર નથી એમ માનવાનું) અને નિષિદ્ધ કર્મથી સારી રીતે પોષાયેલું સાંખ્ય (અબાહ્યતઃ એટલે) તેનાથી ભિન્ન, પુરાણના આધારવાળા સાંખ્યથી કહેવાયેલું ફળ, બાહ્ય નહિ પણ આંતરિક છે, એવો ભાવ છે ઊલટી રીતે તે વેદવિરોધી હોવાથી તેવા પ્રકારથી નરકને પામે. તત્વદીપમાં તેવું જ કહ્યું છે કે, દુરાચારથી પોષાયેલ, ધર્મહીન યોગ અને સાંખ્ય નરકમાં લઇ જનાર છે.

અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ ।
યમાદયસ્તુ કર્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા ।।૮।।

અત્યાગમાં યોગમાર્ગ જાણીતો છે, અને ત્યાગ પણ મનથી જ છે. તેમાં યમ નિયમ વગેરે કરવાં જ જોઇએ અને યોગ સિદ્ધ થાય છે ત્યારે કૃતાર્થતા કહેવાય છે. ।।૮।।

એ પ્રમાણે સ્વતઃશાસ્ત્રમાં એકને કહીને હવે 'અત્યાગે યોગમાર્ગઃ' એવા શબ્દોથી બીજાને કહે છે. ત્યાગના અભાવમાં યોગમાર્ગ છે, એમ અર્થ છે. અરે, ત્યાગ વગર યોગ શી રીતે સિદ્ધ થાય ? એવી શંકાના જવાબમાં 'ત્યાગોઽપિ' એવા શબ્દોથી કહે છે :– ત્યાગનો પૂર્ણપણે નિષેધ નથી. મનથી તો બધું જ ત્યજાયેલું હોય છે, નહિ તો યોગ સિદ્ધ થતો નથી. મનથી બધાંનો પરિત્યાગ સિદ્ધ થાય છે ત્યારે બહારના ત્યાગની આવશ્યકતા રહેતી

નથી, એમ 'એવ' શબ્દથી તેની ભિન્નતા કહેલી છે. આ અર્થ યોગ્ય છે, એમ દર્શાવવા 'હિ' શબ્દ કહ્યો છે.

અરે, મન ચંચળ હોવાથી બહારના ત્યાગના અભાવમાં શી રીતે તેનો વિરોધ થાય ? તેથી જ કહ્યું છે કે, યમ નિયમ વગેરે કરવાં જ જોઇએ. યમ બાર પ્રકારના છે, તે શ્રી ભાગવતજીના એકાદશ સ્કંધમાં 'અહિંસા' શબ્દથી શરૂ કરીને 'દ્વાદશ સ્મૃતાઃ' સુધીમાં કહેવાયેલ છે. (અહિંસા, સત્ય, અસ્તેય–ચોરી ન કરવી, અનાસક્તિ, લજ્જા, અસંચય–જરૂરીયાતથી વિશેષ ધનનો સંચય ન કરવો તે, આસ્તિકતા, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભયતા એ બાર યમ છે અને આંતરબાહ્ય પવિત્રતા, જપ, તપ, હોમ, શ્રદ્ધા, આતિથ્ય, મારી પૂજા (શ્રીકૃષ્ણની પૂજા), તીર્થાટન, પરહિતવૃત્તિ, સંતોષ અને આચાર્યસેવા એ બાર નિયમ છે.) 'આદિ' શબ્દથી તંત્રમાં કહેવાયેલા શમ, દમ વગેરે સમજવાં. જ્યારે તેનું આચરણ થાય છે ત્યારે મન સ્થિર થાય છે, એવો ભાવ છે. આથી જ કપિલદેવે કહ્યું છે કે, પાપાચારમાં આસક્તિવાળા મનને, તીવ્ર ભક્તિયોગ અને વિરક્તિથી તેમ જ યમ નિયમ વગેરે યોગના માર્ગો દ્વારા ધીમે ધીમે વશ કરવું. ભક્તિથી અને ભગવાન સિવાયના વિષયોમાં અણગમાથી, ભક્તિમાર્ગ દ્વારા મનને વશ કરવાનું કહીને યમ નિયમ વગેરે યોગમાર્ગ દ્વારા પણ મનને વશ કરાય છે, એમ કહ્યું. આથી જ યોગના માર્ગો દ્વારા અવશ્ય કરવા યોગ્ય હોવાથી 'કર્તવ્યાઃ' એવું વિશેષણ છે. 'તુ' શબ્દથી કાર્યના અભાવવાળો પક્ષ છોડી દેવાય છે; કારણ કે બીજી રીતે તેની સિદ્ધિ નથી. તેનાથી શું ? એવા પ્રશ્નના જવાબમાં 'સિદ્ધે યોગે કૃતાર્થતા' વગેરે શબ્દોથી કહે છે. તેનો અર્થ યોગ સિદ્ધ થતાં કૃતાર્થ થાય છે, એમ છે. એ પ્રમાણે શી રીતે ? એમ જો પ્રશ્ન થાય તો તેના જવાબમાં કહે છે : જીવનભર યોગાભ્યાસ કરાય છે ત્યારે સ્વાત્મજ્ઞાનનો ઉદય થાય છે. કારણ કે, "આ જ પરમ ધર્મ છે કે જે યોગથી આત્મદર્શન થાય છે."

વૈષ્ણવ જનતા સાવધાન

શ્રી અતુલભાઈ જમનાદાસભાઈ તન્ના મુંબઇથી જણાવે છે કે કેટલાક તકસાધુઓ અમદાવાદમાં શ્રીનાથજીનું પુષ્ટિ માર્ગીય મંદિર બનાવી રહયા છીએ અને તેને માટે અમોને દ્રવ્યની તથા સોના ચાંદીની જરૂર છે તેમ ધર્મના નામે બનાવટ કરી રહયાનું અમારા જાણવામાં આવ્યું છે તેમજ તેઓ પોતાને નાથદ્વારાટેમ્પલ બોર્ડનો સહયોગ છે તેમ જણાવે છે.

પ્રધાનપીઠાધીશ્વર ગો. તીલકાયમહારાજશ્રી તથા ટેમ્પલબોર્ડના અધીકારીઓનો સંપર્ક સાધતાં માલુમ પડયું છે કે, આવું કોઇ શ્રીનાથજીનું મંદિર બનાવવા આજ્ઞા, અનુમતિ, કે સહયોગ ટેમ્પલબોર્ડ કે પૂ. આચાર્ય શ્રી તરફથી અપાએલ નથી તો વૈષ્ણવ જનતા આવા દંભી તકસાધુઓથી ચેતે.

એવું વાક્ય કહેવાયું છે. તેના ફળરૂપ યોગબળ વડે દેહ છૂટી જાય છે ત્યારે અવિદ્યાથી તે મુક્ત થાય છે, પરંતુ એનો અર્થ એ છે કે, આથી અધિક ફળ નથી. માત્ર યોગથી સાધવામાં આવતો આ જ મોક્ષ છે. એ જ પ્રમાણે તત્વદીપમાં પણ કહ્યું છે કે, માત્ર યોગથી પણ જેના પાપસ્થાનોનાં કર્મ ભસ્મીભુત થયાં છે તેવો અને યોગબળ વડે દૃષ્ટિ ઉપર વિજય પ્રાપ્ત કરનાર લિંગદેહને ભેદીને મોક્ષને પ્રાપ્ત કરે છે. અહીં પણ બ્રહ્મપ્રાપ્તિના અભાવે કૃતાર્થતા નથી, એવો ભાવ છે. ।।૯।।

એ પ્રમાણે બે સ્વતઃ શાસ્ત્રોને કહીને હવે બે પરતઃ શાસ્ત્રોને 'પરાશ્રયેણ' એવા શબ્દોથી કહે છે.

પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોડપિ નિરૂપ્યતે ।
બ્રહ્મા બ્રાહ્મણતાં યાતસ્તદ્રૂપેણ સુસેવ્યતે ।।૧૦।।

પરાશ્રયથી પણ મોક્ષ બે પ્રકારે કહેલ છે, તે પણ કહેવાય છે. બ્રહ્માજીએ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું છે, તે રૂપે તે સારી રીતે સેવાય છે. ।।૧૦।।

પર શબ્દથી વિષ્ણુ અને શિવ કહોયા છે. તે બેના આશ્રયથી, તેમનાં ભજનથી મોક્ષ બે પ્રકારે છે. તે શાસ્ત્રની ભિન્નતાથી તે બે પ્રકારનો થાય છે. તે પણ અહીં કહેવાય છે, એમ અર્થ છે. 'તુ' શબ્દ સ્વાશ્રયપક્ષથી ભિન્ન હોવાનું દર્શાવે છે. સ્વાશ્રય કરતાં પરાશ્રયની અધિકતા ભક્તિમાર્ગમાં સિદ્ધ થશે, તે કારણે અહીં તેના અભાવથી 'અપિ' શબ્દથી અનાદર સૂચવાયો છે. અરે, તો પછી બ્રહ્માજીએ શો અપરાધ કર્યો છે ? ગુણાવતાર હોવાથી (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) ત્રણેયમાં સમાનતા છે, તો તેનાથી પણ શા માટે મુક્તિ નહિ ? એવા પ્રશ્નના જવાબમાં 'બ્રહ્મા' વગેરે શબ્દોથી કહે છે. બ્રહ્માજીએ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું છે, એમ અર્થ છે. જેવી રીતે બ્રાહ્મણ નિરંતર પોતાનાં વર્ણાશ્રમ વગેરેનાં શાસ્ત્રોક્ત કર્મ કરતાં કરતાં પોતાનું હિત સાધે છે અને બીજાઓના હિતની વિરુદ્ધ પણ તે હોતું નથી, તેવી જ રીતે બ્રહ્માજી પણ ભગવાનની અજ્ઞાથી સર્જનના વિશિષ્ટ ધર્મરૂપ કર્મ કરે છે. તે જો મોક્ષનું પ્રદાન કરે તો બધાંની મુક્તિ થઇ જાય. અને જો એમ થાય તો સૃષ્ટિનો સમૂળગો નાશ થઈ જાય. આથી મોક્ષ આપવાને સમર્થ હોવા છતાં તેઓ મોક્ષનું દાન કરતા નથી, એવો ભાવ છે. વળી 'તદ્રૂપેણ' એટલે સૃષ્ટિકર્તા સ્વરૂપે તે ઉત્તમ પ્રકારે સન્માનાય છે, પરંતુ પ્રજાની કામનાથી, નહિ કે બીજી રીતે, એટલું વિશેષ કહેવું જોઇએ; કારણ કે 'પ્રજાની કામનાવાળા પ્રજાપતિને' એવુ એક વાક્ય છે. ।।૧૦।। (:ક્રમશ)

◆

"ને ભૂલવુ"

ભગવાનના દીધેલા તમે, ભગવદીય કહેવાવ છો !
જેણે તમને દીધેલા છે, એને જ ભૂલી જાવ છો !
–ગો. શ્રી દામોદરલાલજી બાવાશ્રી કલોલ

“દયારામ-જીવન-દર્શન”

સંપાદક :- **પ્રો. જીવનલાલ જોશી**

શ્રી દયારામભાઈ વિચરિત અનુભવમંજરીમાં આવતા, વ્રજભાષામાં અને રસાવલી (રોલા) છદમાં રચાએલા, એમના રસભીના અને ભાવભીના જીવનની સાક્ષી પૂરતા વિવિધ પ્રસંગોને અનુરૂપ એમના હાથે લખાએલા છૂટક પાનિયામાંનું ગદ્ય જુદા જુદા સમય અને વયનું.

એ બધાં છૂટક પાનિયાં તેને તે સ્વરૂપમાં અમારી પાસે સુરક્ષિત છે. તેને સપ્રસંગ સ્થાન અપાશે. જેથી સૌ પુષ્ટિમાર્ગના પારસમણિ, કોડીલા, કોહીનુર શ્રી દયારામભાઈના આધિદૈવિક જીવનનાં દર્શન કરી શકે. અનુભવી શકે. એ તો જેનું અહોભાગ્ય તેને તે પ્રાપ્ત થાય. (સંપાદક જીવનલાલ જોશી.)

॥ શ્રી ગુરુ ગોપીજન વલ્લભાય નમઃ ॥ મન-પ્રબોધ

હે માહારા મન ! તું નિરંતર ચિંતાઓ શી વાતનો કરે છે ? પુષ્ટિમારગમાં તું આવ્યો. **શ્રી વલ્લભજી** સરખા સમરથ **ગુરુ** મળ્યા છે. તેમની પરિપૂર્ણ કૃપા છે. તેમણે તુને શ્રીજીની સાનિધ્ય બ્રહ્મ સંબંધ કરાવ્યાં છે.

તે પ્રમાણે શ્રીનાથજી કૃપાબલ જણાવે છે. ને શ્રીમુખે જુગલ સ્વરૂપ બોલીને તું ને પોતાનો કહ્યો છે. પુષ્ટિ પ્રેમલક્ષણા ભકિત આદ્યે સકળ શ્રીજીએ શિવાદીકને દુરલભ તે વરદાનમાં ફળ શ્રીમુખે આપ્યું છે. શ્રીગુરુએ પોતાનો કરીને અત્યંત કૃપા કરી છે. તે રીતે ભગવદીઓએ પણ કરી છે. હજુ પ્રત્યક્ષ અનુભવ જણાવે છે.

જુગલ સ્વરૂપ “તારા હૃદેમાં સદા વિરાજીએ છીએ’-એમ શ્રીમુખ કહ્યું છે. “તને કશું પાપ પ્રતિબંધ નહીં લાગવા દઈએ’-એમ કહ્યું છે. “હાવાં ફરી બીજો અવતાર ધરવો નથી;” ‘દેહાંતે અમારી લીલામાં આવેશ,” પ્રભુએ કહ્યું છે.

“તારાં સઘળાં ઋણ દોષ ગુના માફ કર્યા છે, “તારા સઘળા કુળનો ઉધ્ધાર અમો કરીશે’ તે પણ કહ્યું છે.

તારો હાથ શ્રીજીએ પ્રત્યક્ષ ઝાલીને, “નહીં મુકીએ, સદા પ્રતિપાલના કરીશે” કહ્યું છે-“સરવ કાંઈ અમારું કર્યું થાય છે. તું કશી ચિંતા નાં કરેશ’ શ્રીજીએ કહેલું છે, તુંને જ.

શ્રી સ્વામિનીજીએ, તુને, પોતાનું કુમકુમ, તુને, ભાલે તિલક કરીને, પોતાનું વસ્ત્ર, તથા પુષ્પની માળ, તથા સ્તનપાન, તથા પોતાનો શ્રીમુખે કહ્યો છે. પોતાનો ઘરનો કહયો. છે. સકળ સુખનું દાન કર્યું છે તારે શી ચિંતા છે ?

‘તે પ્રતાપ પણ પ્રત્યક્ષ તું દેખે છે. નવી અનુપમ રચના કરાવીને ગુણગાન કરાવે છે. તુંને પોતા બરાબર પૂજાવે છે. જગતમાં જશ પણ રુડો આપ્યો છે. ભરણપોષણ સારી રીતે કરે છે. તું કેંશ જે મારો સ્વભાવ ખોટો છે, તે તો તારા હાથમાં નથી. પ્રભુને હાથે છે, ફેરવે તો શી વાર છે ? પણ, દીનતા માટે રાખ્યો છે. તારાં સંચિત તો પ્રભુએ બાળ્યા છે. ક્રિયમાણ પણ લાગશે નહીં એમ બોલ્યા છે. પ્રારબ્ધ પણ સ્વલ્પ ભોગવાવે છે. ‘પોતે

આત્મસાત કર્યો છે માટે કશું કલંક નહીં લાગે. 'પ્રત્યક્ષ શ્રીમુખે મિત્ર કહ્યો છે તથા પોતાની સ્ત્રી કહી છે' તે સરવ તારું સારું જ કરશે.

શ્રીમુખ દેખાડીને શ્રીજમુનાપાન, ગંગાસ્નાન આદ્યે તીરથ ઘણાં કરાવ્યાં છે. લૌકિક મનોરથ પણ પૂર્યા છે. આધિ–વ્યાધિ પીડે છે તે પણ ગુણ કરતા હશે. નિશ્ચે જાણજે.

તારી ઉપર, શ્રીમહાપ્રભુજી તથા શ્રીગોસ્વામીજી, તથા શ્રીગુરુદેવજી, તથા સરવ વલ્લભકુળ, તથા સરવ ભગવદીય, તથા સરવના શૃંગાર શ્રીજી, તથા શ્રીસ્વામીનીજી અતિ પ્રસન્ન છે. 'ત્યારે તું ચિંતા કરે છે તે શોભતી નથી. મોટાના વચનમાં વિશ્વાસ રાખ. પોતાની અધમતા વિચારવી. દીનતા રાખવી. સરવના આદ્ય રૂપ શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે. માટે દઢ વિશ્વાસ રાખવો. મનમાં આળસ ન રાખવુ. પ્રમાદને દૂર કરવો. સતત સેવા પરાયણ રહેવું. રાત–દિવસ સ્મરણમાં વિતાવવાં. અખંડ સત્સંગ કરવો. ચાતક જેવા ટેકી બનવું. અન્યાશ્રયને છાંયે ન જવું. પતિવ્રતા અને પરકીયાનું જીવન જીવવું. એથી બેડો પાર. ખંડિતાના ભાવે રાચવું. તુંને વધારે શું કહું ? થોડામાં સમજ. સમજીને જીવ. જીવીને અનુભવ તુને સાક્ષાત થશે પછી તું ઉદ્વેગ રાખે તે નકામો. નાહકની ચિંતા શા કામની ?

પ્રત્યક્ષાનુભવ

એકવાર શ્રીમદનમોહનજીએ દરશન આપ્યુને ઘણીવાર લગી વાતો કરીઓ, તે બધીઓ તો સાંભરતી નથી કાંઇ એક સાંભરે છે, તે લખું છું. મેં કહ્યું, જે "પ્રભુ ! તમે મારો હાથ ઝાલો, હું તમારી દાસી છું." તે સાંભળીને, પોતે મારો હાથ ઝાલ્યો ને મુખે બોલ્યા જે. "તું તો મારી દાસી થૈ ચુકી છે." ત્યારે, મેં કહ્યુ જે, "મેં તમારી સેવા નથી બણી તે ઘણો સંતાપ કરું છુ" ત્યારે, આપે પણ કહ્યું જે, "હા નથી બણી" ત્યારે મે કહ્યું જે, "કયારે કરાવશો ?" ત્યારે, આપે કહ્યું જે, "તું કે'શ ત્યારે." ત્યારે મેં કહ્યું જે, **આજથી અખંડ સેવા સ્મરણ મુને** તમારું કરાવો સદા આનંદમાં પરમાનંદમાં પૂર્ણાનંદમાં કૃપાનંદમાં નિમગ્ન થૈને, તન્મય બનીને સેવા કરું, એવું કરો જે સેવા–સ્મરણ સત્સંગ વિના મેં રહેવાય જ નહીં તે સાંભળીને પોતે મારે માથે હાથ મેલ્યો ત્યારે મેં 'પતીતપાવનાદિ બે ચાર નામ લીધાં ને રહી ગયો. ત્યારે પોતે કહ્યું જે, "આમ રહી શું જાય છે ? એમ ઘણાં એક લીધા કર, મને ગમે છે." ત્યારે કોઇ એક પૂછયું જે, એની ઉપર આવડી કૃપા કયમ છે ?" ત્યારે પોતે કહ્યું જે, "એના રસ વડે હું ઘણા દાઢા ભીજયો છું એનો રસ લઇને રસવશ–રસબસ થયો છું એના ભાવે ભાવવશ થયો છું માટે, મુને પ્રિય છે." એમ કહ્યું.

(ક્રમશઃ)

વ્રતોત્સવ

શ્રા. સુ. ૧ મંગળવાર તા. ૯-૮-૮૩ ચંદ્રદર્શન.

શ્રા. સુ. ૩ ગુરૂવાર તા. ૧૧-૮-૮૩ શ્રી ઠકુરાણી ત્રીજ.

શ્રા. સુ. ૫ શનિવાર તા. ૧૩-૮-૮૩ શ્રીનાથજીની ઉર્ધ્વ ભુજાના દર્શન (સં. ૧૪૬૫), નાગપાંચમ.

શ્રા. સુ. ૯ બુધવાર તા. ૧૭-૮-૮૩ બગીચાનોમ, નેગનો બગીચો, શ્રી ગોવિંદલાલજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

શ્રા. સુ. ૧૧ શુક્રવાર તા. ૧૯-૮-૮૩ પવિત્રા પુત્રદા એકાદશીવ્રત, પવિત્રાં સાંજે ભોગમાં ધરવા.

શ્રા. સુ. ૧૨ શનિવાર તા. ૨૦-૮-૮૩ પવિત્રા બારસ શ્રી ગુરૂદેવને પવિત્રા ધરાવવા.

શ્રા. સુ. ૧૩ રવિવાર તા. ૨૧-૮-૮૩ કંટોલા તેરસ ટોંડના ઘનાનો ઉત્સવ.

શ્રા. સુ. ૧૫ મંગળવાર તા. ૨૩-૮-૮૩ રક્ષાબંધન, શ્રી ઠાકોરજીને રાખી, સવારે શ્રૃંગારમાં ધરાવવી.

શ્રા. વ. ૨ ગુરૂવાર તા. ૨૫-૮-૮૩ હીંડોલા વિજય.

શ્રા. વ. ૭ મંગળવાર તા. ૩૦-૮-૮૩ છઠ્ઠી પૂજન શયનમાં. શ્રી વિષ્ણુસ્વામી પ્રાકટ્યોત્સવ.

શ્રા. વ. ૮ બુધવાર તા. ૩૧-૮-૮૩ **શ્રી કૃષ્ણ પ્રાદુર્ભાવ મહોત્સવ, જન્માષ્ટમીવ્રત**, ભાવાત્મક મહારાત્રી.

શ્રા. વ. ૯ ગુરૂવાર તા. ૧-૯-૮૩ **શ્રી નંદ મહોત્સવ**.

શ્રા. વ. ૧૧ શનિવાર તા. ૩-૯-૮૩ અજા એકાદશીવ્રત.

શ્રા. વ. ૧૩ સોમવાર તા. ૫-૯-૮૩ દ્વાપર યુગાદિ તિથિ દાન આદિ માટે શ્રેષ્ઠ.

શ્રા. વ. ૦)) બુધવાર તા. ૭-૯-૮૩ પીઠોરી-કુશગ્રહણી અમાસ.

ભા. સુ. ૨ ગુરૂવાર તા. ૮-૯-૮૩ એકમનો ક્ષય છે. શ્રી રાધાજીની વધાઇ બેસે, શ્રી બલદેવજી જયંતી, શ્રી વરાહ જયંતી.

શ્રાવણ માસ

સાવન મન ભાવન ઝુલવત પ્રીતમ સંગ પ્યારી,
સહચરી સંગ અનેક વિવિધ રંગ પહરે હેં સારી;
કુંજ નિકુંજ મનોહર ઝૂલા ઝૂલવત બ્રજનારી,
હાંડી ઉત્સવ તીન બગીચા રાખી રસ ભારી.
પુષ્ટિ પવિત્રા હેમ હિંડોલા ઝૂલે ગિરિધારી,
દેવદમન શ્રી નાથ ગોવર્ધન દર્શન દે ભારી,
સબ જનકેં સુખ દેત **'સત્ય'** હી કુંજ બિહારી.

—શ્રી બાગરોદી બલદેવપ્રસાદ શર્મા 'સત્ય'
—નાથદ્વારા

જન્મદિન લાલકો ફીર આયો

વિદ્યમાન પુ. ગો. બાળકોના જન્મદિનની વધાઈ

વધાઇ-રાગ ગોરી

ધન ધન શ્રી વલ્લભજુકે નંદન શ્રી વિઠ્ઠલચરણ સદાનિજ પાલન ॥
જુગપદ કમલ બિરાજમાન અતિ મહિમા બહુત સદાગુણ ગાવન ॥૧॥
સેવા કરો ભજો મતિ દ્દઢ હોઈ ત્રિવિધ ભાંતે કે તાપ નસાવન ॥
છીત સ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ બરખત કૃપા સબેજીય ભાવન ॥૨॥

શ્રા. સુ. ૧ મંગળ ૯-૮-૮૩ ગો. ચિ. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી તથા ગો. ચિ. શ્રીમનમોહનજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

શ્રા. સુ. ૫ શનિ ૧૩-૮-૮૩ ગો. શ્રી વિઠ્ઠલેશ રાયજી મહારાજ (મુંબઇ કાંદીવલી) નો જન્મદિન.

શ્રા. સુ. ૬ રવિ ૧૪-૮-૮૩ ગો. શ્રીત્રિલોકીભૂષણજીમહારાજ (કોટા) નો જન્મદિન (સાતમનો ક્ષય હોવાથી આજે)

શ્રા. સુ. ૯ બુધ ૧૭-૮-૮૩ ગો. ચિ. શ્રી ગીરધરજી (શ્રી મીલનકુમારજી) બાવાશ્રી (કોટા-જતીપુરા)નો જન્મદિન.

શ્રા. સુ. ૧૧ શુક્ર ૧૯-૮-૮૩ ગો. ચિ. શ્રીગીરધરલાલજીબાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

શ્રા. સુ. ૧૨ શનિ ૨૦-૮-૮૩ ગો. શ્રી ગોપીનાથજી મહારાજશ્રી (મુંબઈ) તથા ગો. ચિ. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ) તથા ગો. ચિ. શ્રીમધુરેશકુમારજી બાવાશ્રી (મથુરા-પોરબંદર) નો જન્મદિન.

શ્રા. વ. ૩ શુક્ર ૨૬-૮-૮૩ ગો. ચિ. શ્રી ગોપાલલ્લાલજી બાવાશ્રી (કામવન) તથા ગો. શ્રીદાનીરાયજી મહારાજશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રા. વ. ૧૧ શનિ ૩-૯-૮૩ ગો. ચિ. શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ)નો જન્મદિન.

શ્રા. વ. ૧૨ રવિ ૪-૯-૮૩ ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (કડી-કોટા)નો જન્મદિન.

શ્રા. વ. ૧૩ સોમ ૫-૯-૮૩ ગો. શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી-જામખભાલીયા) નો જન્મદિન.

ભા. સુ. ૨ ગુરૂ ૮-૯-૮૩ ગો. ચિ. શ્રી નવનીતલાલજીનો બાવાશ્રી (કામવન) નો જન્મદિન (એકમનો ક્ષય હોવાથી આજે)

ભા. સુ. ૪ શનિ ૧૦-૯-૮૩ ગો. ચિ. શ્રી રસીકવલ્લભજી બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

શ્રીમદ્ વલ્લભરાજકુમાર, સર્વે ગો. આચાર્યશ્રીઓના જન્મદિને, આં. રા. પુ. વૈ. પરિષદ્, શ્રીવલ્લભ સુધા, ના સર્વે કાર્યકરોના મંગલ વધાઇ સહ સાષ્ટાગદંડવત્ પ્રણામ.

આ માસમાં આવતાં નિત્યલીલાસ્થ પુ. ગો. આચાર્યશ્રીઓના પ્રાકટ્યોત્સવ

શ્રીવલ્લભ શ્રીવલ્લભ શ્રીવલ્લભ ગુણ ગાઊં ।।
નિરખત સુંદર સ્વરૂપ બરખતહરિરસ અનુપ દ્વિજવર
કુલભૂપ સદાં બબબલબલજાઊં ।।૧।।
આગમ નિગમ કહેત જાહિ સુન નર મુનિ ન લહે તાહિ–
સકલ કલા ગુણનિધાન પૂરણ ઉર લાઊં ।।
ગોવિંદ પ્રભુ નંદનંદન શ્રી લક્ષ્મણ સુત જગત વંદન–
સુમિરત ત્રૈતાપ હરત ચરણ રેણુ પાઊં ।।૨।।

શ્રા. સુ. ૨ બુધ ૧૦–૮–૮૩ નિ. લી. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (મુંબઇ)નો પ્રાકટય ઉત્સવ.

શ્રા. સુ. ૩ ગુરુ ૧૧–૮–૮૩ નિ. લી. ગો. શ્રીદામોદરલાલજી મહારાજ (ચાંપાસેની) નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૧ બુધ ૨૪–૮–૮૩ નિ. લી. ગો. શ્રીગોવર્ધનલાલજી મહારાજ (નાથદ્વારા)નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૫ રવિ ૨૮–૮–૮૩ નિ. લી. ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (મુંબઇ)નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૮ બુધ ૩૧–૮–૮૩ નિ. લી. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (ગોકુલ) તથા નિ. લી. ગો. શ્રી મુરલીધરલાલજી મહારાજ (બેટનો) પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૯ ગુરૂ ૧–૯–૮૩ નિ. લી. ગો. શ્રી વ્રજેશજી મહારાજ (જામનગર) તથા નિ. લી. ગો. શ્રી કૃષ્ણજીવનજી (શ્રી ગીરધરજી) મહારાજ (મુંબઇ)નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૧૦ શુક્ર ૨–૯–૮૩ નિ. લી. ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ (બોરીવલી) નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૧૨ રવિ. ૪–૯–૮૩ નિ. લી. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ચાંપાસેની) નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૧૪ મંગળ ૬–૯–૮૩ નિ. લી. ગો. શ્રી કાકાવલ્લભજી મહારાજ (સંવત ૧૭૦૩) તથા નિ. લી. ગો. શ્રી ગોપાલલાલજી (લાલા લહેરી) મહારાજ (સં. ૧૯૧૦) નો પ્રા. ઉત્સવ.

શ્રા. વ. ૦)) બુધ ૭–૯–૮૩ નિ. લી. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મુંબઇ)નો પ્રા. ઉત્સવ.

ભા. સુ. ૪ શનિ ૧૦–૯–૮૩ નિ. લી. ગો. શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (મુંબઇ) નો પ્રા. ઉત્સવ.

શુદ્ધાદ્વૈત દર્શનનો લેખ આ અંકે અનિવાર્ય કારણસર આપી નથી શકાયો. –સંપાદક

॥ શ્રી હરિ: ॥

શ્રી વલ્લભ સુધાનો સને ૧૯૮૨-૮૩ના વર્ષનો હિસાબ

આવક		ખર્ચ	
૬,૫૫૮-૦૦	વાર્ષિક લવાજમ	૧૦,૩૮૩-૦૦	પ્રકાશન
૨,૨૬૬-૦૦	પ્રકાશન સહાય	૧૨૨-૫૦	પરચુરણ
૩૦૧-૦૦	છુટક અંક વેંચાણ	૫૮૦-૩૦	કન્ટિજન્ટ સ્ટેશનરી
૩૭૬-૦૦	વ્યાજ	૩૦૪-૦૦	મુસાફરી
		૬૮૮-૨૫	તાર ટપાલ
૯૫૦૧-૦૦			
૨,૫૭૭-૦૫	ઘટાડો સરવૈયામાં લઈ ગયા.		
૧૨,૦૭૮-૦૫		**૧૨,૦૭૮-૦૫**	

તા. ૩૧-૩-૮૩ના રોજનું સરવૈયું

૮,૨૫૫-૦૦	આજીવન સદસ્ય લવાજમ	૧,૩૫૮-૧૦	સીટીઝન્સ કો. ઓ. બેંક સેવીંગ ખાતે
૨,૬૭૧-૦૦	સને ૧૯૮૩-૮૪નું લવાજમ	૩૮૨-૪૦	રાજકોટ નાગરિક સહકારી બેંક સેવીંગ ખાતે
		૬,૦૦૦-૦૦	રાજકોટ નાગરીક સહકારી બેંક ફીક્સ્ડ ડીપોઝીટ
		૨,૫૭૭-૦૫	આવક ખર્ચ ખાતે
		૧૦,૭૧૭-૫૫	
		૬૦૮-૪૫	શ્રી પુરાંત
૧૦,૯૨૬-૦૦		**૧૦,૯૨૬-૦૦**	

-શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સામાત.

જુલાઇ ૮૩ અંક ૪ના અનુસંધાને શ્રીવલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૫૧. શ્રી મનસુખલાલ માવજીભાઈ રાણપરા–રાજકોટ
૫૨. ,, વિઠ્ઠલદાસ વી. કારાણી–વિલે પાર્લે
૫૩. ,, પરસોતમદાસ હરિભાઈ–ઘાટકોપર
૫૪. ,, ઠા. જે. જે. એન્ડ કું.–રાજકોટ
૫૫. ,, લક્ષ્મણદાસ ગોરધનદાસ–બાંદરા
૫૬. શ્રી દામોદરદાસ રામજીભાઈ દાવડા–રાજકોટ
૫૭. ,, ડો. અશ્વિનભાઈ સી. શાહ–અંધેરી
૫૮. ,, જમનાદાસ ભુરાભાઈ વાછાણી–રાજકોટ
૫૯. ,, પરસોતમદાસ ભુરાભાઈ વાછાણી–રાજકોટ
૬૦. ,, કંસારા જયસુખલાલ ગોકળદાસ–રાજકોટ

આ. રા. પુ. વૈ. પરિષદની થાનગઢ શાખા દ્વારા એક વિજ્ઞપ્તિમાં જણાવાયું છે કે “થાનગઢમાં પુષ્ટિમાર્ગીય મંદિર કે. પૂ. ગો. બાળકો કે વૈષ્ણવોને ઉતરવાની કોઈ સગવડ કે ધર્મપ્રચાર માટે કોઈ સ્થળ નથી. આથી શ્રી મહાપ્રભુજીની અસીમકૃપાથી અને પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની કૃપા પ્રેરણાથી થાનગઢ ગામે શ્રીવલ્લભાચાર્ય સત્સંગ ભવનનું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં શ્રીમહાપ્રભુજીનું મંદિર, પુસ્તકાલય, પાઠશાળા તથા અન્ય સુવિધાઓ માટે યોજના છે.

જમીન મેળવી ફરતી કંપાઉન્ડ વોલ તથા પ્લીન્થ બે રૂમ અંડર ગ્રાઉન્ડ બનાવવાનું સ્લેબ સુધીનું કામ થયું છે આટલાં કામમાં રૂ. પીસ્તાલીસ હજારનો ખર્ચ થઈ ચૂક્યો છે. વિશેષ કાર્ય પુરૂં કરવા હજું વિત્તસેવા રૂ. એક લાખની જરૂર છે તેના માટે એક યોજના નિચે મુજબ રાખેલ છે.

રૂા. ૫૦૦/–ની એક એવી બસો રસીદ ડ્રો યોજના હેઠળ નોંધવામાં આવશે. બસો રસીદ નોંધાઈ જતાં બસો નંબરનો પૂજ્યપાદ મહારાજશ્રીના સાનિધ્યમાં ડ્રો કરવામાં આવશે. ડ્રોમાં જે નંબરની ચીઠ્ઠી આવશે તેનું નામ હોલ ઉપર લખવામાં આવશે.

એટલે લકી નંબરવાળાને રૂા. ૫૦૦/–માં હોલ ઉપર નામ લખાવવાનો મોટો લાભ પ્રાપ્ત થશે. આમ, એક હોલ ઉપર નામ લખાવવા માટે સામાન્ય રીતે પચીસ–પચાસ હજારની સખાવત કરનારને પ્રાપ્ત થતો લાભ કોઈપણ ભગવત્ કૃપા પાત્ર વૈષ્ણવને પ્રાપ્ત થઈ શકશે.

ડ્રો યોજના હેઠળના બાકી ૧૯૯ વૈષ્ણવોના નામ સંસ્થાના ખાસ બોર્ડ ઉપર તેમના જયશ્રીકૃષ્ણ સાથે લખવામાં આવશે. રૂા. ૫૦૦/–થી નીચેની કોઈપણ ભાવભેટ સ્વીકારવામાં આવે છે રૂા. ૧૦૧ સુધીના નામો જનરલ બોર્ડ ઉપર લખવામાં આવશે. ડ્રો. યોજના હેઠળના બસો વૈષ્ણવોને ડ્રોની તારીખ નિશ્ચિત થયે તેમને ડ્રોમાં હાજરી આપવા વિનંતી કરવામાં આવશે.

તો સર્વ વૈષ્ણવ સમાજને આ કાર્યમાં ઉદાર ભાવનાથી સેવા મોકલાવી સહયોગી બનવા નમ્ર વિનતી.

આપની સેવા રોકડા, બેન્ક ચેક અથવા ડ્રાફ્ટ “આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ” થાનગઢ શાખાના નામથી નીચેના સરનામે મોકલવા સાદર અને સપ્રેમ નમ્ર વિનંતી.

આપની સેવા મોકલવાનું સરનામું :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
થાનગઢ શાખા
થાનગઢ–૩૬૩૫૩૦. (ગુજરાત)

લી.
કનુભાઈ ન. દવે (પ્રમુખ)
આં. રા. પુ. મા. વૈષ્ણવ પરિષદ
થાનગઢ શાખા

SHREE VALLABH SUDHA　　Regd. No. G/RJ. 212

“રસ–સ્વરૂપ–શ્રીયમુનાજીને”

(ભાવાત્મક–સર્જન)

“શ્રીયમુનાજીનું ધોળ–રાગઃ કાલીંગડો.”

તમો સાચાં રે માહારાં શ્રીયમુનાજી મા,
હું તમારી સેવના કરેશ, મોરી મા.
માને સોળે શૃંગાર ધરાવેશ સ્નેહે;
માજી દાસી તમારી ઠરેશ મોરી મા (૧)

ભાત–ભાતની સામગ્રી કરીને,
માને ભાવથી ભોગ ધરેશ, મોરી મા,
જલ અચવાઈ, સુગંધીની બીડી લેઈ,
આનંદે ઊભી રેહેશ. મોરી મા (૨)

આરતી ઉતારી, ઓવાળીને, પ્રેમે પ્રણામ કરી;
વાળી વાળી વારણાં હું લેશ; મોરી મા,
માનું નિર્મળ નામ રૂપાળું રટીને,
મારા સકળ સંતાપ હરેશ, મોરી મા (૩)

માનાં પરમ પવિત્ર ચરિત્ર ચિંતન કરી,
દુસ્તર ભવ હું તરેશ; મોરી મા,
માનું નખશીખ સુંદર રૂપ નિહાળી,
મારું ઉર આનંદે ભરેશ; મોરી મા (૪)

માના જ્યાં જ્યાં મનોહર ગુણલા ગવાશે;
ત્યાં ત્યાં શ્રવણ કરતી ફરેશ, મોરી મા,
દયા–સખી કહે માજી; તમારી કૃપા વડે;
ગિરિધર પિયુને વરેશ મોરી મા (૫)

–ભક્ત કવિ શ્રી દયારામભાઇ

* * * *

નોંધ :–સર્જકના હૈયે ઉભરાતા ભાવનાં દર્શન–ભાવ સુભગ–પ્રાસાદિક વાણીમાં સલુણી શૈલીમાં શ્રી વલ્લભ સુધા માટે ખાસ.

(સં. **જીવનલાલ જોષી**)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तोहिसन्मार्गरक्षका

દશદિગન્ત વિજય ગો. શ્રી પુરૂષોતમજી મહારાજ

卐  卐

પ્રાકટ્ય સંવત ૧૭૨૪ ભાદરવા શુદ ૧૧

વર્ષ ૨ : અંક ૬ * સપ્ટેમ્બર, ૧૯૮૩ * શ્રીવલ્લભાબ્દ ૫૦૫

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦/- * આજીવન રૂા. ૧૫૧/-

પુષ્ટિમાર્ગ પ્રાકટ્યદિન પ્રસંગે પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજનો સંદેશ

હાલમાં ગુજરાત સરકાર પાસે “નર્મદનો જમાનો” એ પાઠ પાઠ્યક્રમમાંથી કઢાવવાનો આગ્રહ કરી તે રદ કરાવવામાં પરિષદનો સફળતા મલી તે સમ્બધમાં આપણે જાગરૂક રહેવું જોઈશે; કેમકે નર્મદના જીવનના બે પાંસા છે.

અને સુધારાની વકીલાત કરવાવાળા તેના જીવનના એતથ્યને છુપાવવા ચાહે છે જેમાં તેણે સ્પષ્ટ કર્યું છે કે સુધારવાદના નામ પર જે થયું તે ઠીક નહોતું. વળી તેના એક સંપ્રદાયવિશેષ અંગેના લેખ પરજ જોર દેવું સાહિત્યની ગરિમા તો નથીજ તેના વિચાર દયાનન્દ અને સ્વામીનારાયણથી માંડી બધાને માટે લખેલ છે.

આ વિષયમાં વાસ્તવિકતાને સમજ્યાવીના કેટલાંક સામાયિકોના સમ્પાદકો, સ્વધર્મ યા કર્તવ્યનો વિવેક કર્યા વીના જ રૂપીઆ કમાવાને માટે એવા પત્રકારત્વ તરફ વળ્યાં જેમાં પીળાં પત્રકારત્વનો સમાવેશ થાય છે. ધર્મની આલોચનાજ કર્તવ્ય નથી. વ્યકિત અને ધર્મની કસોટી પર ધર્મની મર્યાદાનું ઉચ્ચ સ્થાન છે. પ્રસ્તુત લેખમાં અમે એ મંત્રની સમીક્ષા અને વ્યાખ્યાત્મક લેખ આપી રહ્યાં છઈએ જેની વૈષ્ણવ જગતને જાણકારીહોવીઆવશ્યક છે.

યદ્યપી મંત્રને ગુપ્ત મનાય છે તો પણ આપત્તિ કાળમાં એવો આગ્રહ ઉચિતનહોતો એ તથ્ય હોવા છતાં એપણ એક તથ્ય છે કે વીકટોરીઅન ન્યાય તો પૂર્વ નિર્ધારિત હતો સ્પષ્ટ છે કે વિલ્સનનું ધનદાન અને લોકોને વિલાયત મોકલવાનું પ્રલોભન અપૂર્વ હતું સરકારી નીતિનુંજ અંગ હતું.

આ વિષયમાં ભારતિય સંસ્કૃતીના વિરૂદ્ધ થયેલ વ્યાપક ષડયંત્રની રૂપરેખા અમો આલેખમાં ક્રમશઃ પ્રકાશિત કરવાનો પ્રયાસ કરિ રહ્યાં છઈએ જેની સંગતી “લાયબલ કેસ” અને લોકોને ગોમાંસ ભક્ષણ કરવા પ્રેરિત કરવાથી પણ કયાંય ઉંડે સુધી છે. જેનું સંકલન શ્રીમાન દાલમીયાના સંગ્રહમાંથી કરેલ છે અતઃ અમો તેમના પ્રતિ આભાર વ્યકત કરીએ છીએ. સાથો સાથ વૈષ્ણવજનતાને અનુરોધ કરીએ છીએ કે દેશની સાંસ્કૃતી અને સ્વધર્મની રક્ષમાટે સંગઠીત થઈ હંમેશા જાગૃત રહે.

આજ આપણા ધર્મને ઘણુ ઘણુ કરવાનું છે અને તે આપણુંજ કર્તવ્ય છે. સમાજની અનેક સમસ્યાઓનું સમાધાન સેવા અને સમર્પણની સાચી ભાવના વગર નહીં થઈ શકે. પરિષદના સંગઠનની સેવા એક એવીજ સાધના અને આરાધના છે જેમાં સત્યનિષ્ઠાથી સહુએ પોતાનું યોગદાન કરી જીવન સાર્થક બનાવવાનું છે.

નિરાધાર, અનાથબાળકો વિવશ ધર્માન્તરણ કરે છે. ગરીબોમાં અસામાજીક તત્વો પાંગરે છે. જે ગરીબો માટે ભગવાન શાકના પાંદડા અરોગી સન્તુષ્ટ થયાંતા. અકિંચનોની આરાધના પરમેશ્વરને અવનીપર અવતરીત થવા પ્રેમપરવશ બનાવીદે છે આ બધું આપણા ધર્મે પ્રભુની લીલાદ્વારા આપણને પ્રેરણા પ્રદાન કરી છે.

આપણા સમાજે જ હવે આત્મવિવેકથી વીચારવાનું અને કર્તવ્ય તરફ અગ્રેસર થવાનું છે.

આપ પવિત્રા એકાદશી અને અનુગ્રહ માર્ગના પ્રાકટ્ય ઉત્સવ પર શ્રી હરીના વરણ સાથેજ સ્વધર્મ પાલન અને પરિષદની સેવાનો શુભ સંકલ્પ લઈને દેશની સંસ્કૃતિ, ધર્મ, સભ્યતાને બચાવવા માટે કૃતકાર્ય બનો અને આપણા ધર્મની સર્વોદ્ધારક ગરિમાને પ્રતિષ્ઠીત કરો એવી આશા અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે સાથે સહુને શુભ દિવસની વધાઈ અને મંગલકામના વ્યકત કરું છું.

ભવદિય, **ગો. ૨. પ્રથમેશ**
(મૂળ હિન્દી લેખનું ગુજ. ભાષાંતર)

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तोऽहिसन्मार्गरक्षकः

દશદિગન્ત વિજય ગો. શ્રી પુરૂષોતમજી મહારાજ



પ્રાકટ્ય સંવત ૧૭૨૪ ભાદરવા શુદ ૧૧

વર્ષ ૨ : અંક ૬ * સપ્ટેમ્બર, ૧૯૮૩ * શ્રીવલ્લભાબ્દ ૫૦૫

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦/- * આજીવન રૂ. ૧૫૧/-

પુષ્ટિમાર્ગ પ્રાકટ્યદિન પ્રસંગે પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજનો સંદેશ

હાલમાં ગુજરાત સરકાર પાસે "નર્મદનો જમાનો" એ પાઠ પાઠયક્રમમાંથી કઢાવવાનો આગ્રહ કરી તે રદ કરાવવામાં પરિષદનો સફળના મલી તે સમ્બધમાં આપણે જાગરૂક રહેવું જોઈશે; કેમકે નર્મદના જીવનના બે પાંસા છે.

અને સુધારાની વકીલાત કરવાવાળા તેના જીવનના એતથ્યને છુપાવવા ચાહે છે જેમાં તેણે સ્પષ્ટ કર્યું છે કે સુધારવાદના નામ પર જે થયું તે ઠીક નહોતું. વળી તેના એક સંપ્રદાયવિશેષ અંગેના લેખ પરજ જોર દેવું સાહિત્યની ગરિમા તો નથીજ તેના વિચાર દયાનન્દ અને સ્વામીનારાયણથી માંડી બધાને માટે લખેલ છે.

આ વિષયમાં વાસ્તવિકતાને સમજયાવીના કેટલાંક સામાવિકોના સમ્પાદકો, સ્વધર્મ યા કર્તવ્યનો વિવેક કર્યા વીના જ રૂપીઆ કમાવાને માટે એવા પત્રકારત્વ તરફ વળ્યાં જેમાં પીળાં પત્રકારત્વનો સમાવેશ થાય છે. ધર્મની આલોચનાજ કર્તવ્ય નથી. વ્યકિત અને ધર્મની કસોટી પર ધર્મની મર્યાદાનું ઉચ્ચ સ્થાન છે. પ્રસ્તુત લેખમાં અમે એ મંત્રની સમીક્ષા અને વ્યાખ્યાત્મક લેખ આપી રહ્યાં છઈએ જેની વૈષ્ણવ જગતને જાણકારીહોવીઆવશ્યક છે.

યદ્યપી મંત્રને ગુપ્ત મનાય છે તો પણ આપત્તિ કાળમાં એવો આગ્રહ ઉચિતનહોતો એ તથ્ય હોવા છતાં એપણ એક તથ્ય છે કે વીકટોરીઅન ન્યાય તો પૂર્વ નિર્ધારિત હતો સ્પષ્ટ છે કે વિલ્સનનું ધનદાન અને લોકોને વિલાયત મોકલવાનું પ્રલોભન અપૂર્વ હતું સરકારી નીતિનુંજ અંગ હતું.

આ વિષયમાં ભારતિય સંસ્કૃતીના વિરૂદ્ધ થયેલ વ્યાપક ષડયંત્રની રૂપરેખા અમો આલેખમાં ક્રમશઃ પ્રકાશિત કરવાનો પ્રયાસ કરિ રહ્યાં છઈએ જેની સંગતી "લાયબલ કેસ" અને લોકોને ગોમાંસ ભક્ષણ કરવા પ્રેરિત કરવાથી પણ કયાંય ઉંડે સુધી છે. જેનું સંકલન શ્રીમાન દાલમીયાના સંગ્રહમાંથી કરેલ છે અત: અમો તેમના પ્રતિ આભાર વ્યકત કરીએ છીએ. સાથો સાથ વૈષ્ણવજનતાને અનુરોધ કરીએ છીએ કે દેશની સંસ્કૃતી અને સ્વધર્મની રક્ષમાટે સંગઠીન થઈ હંમેશા જાગૃત રહે.

આજ આપણા ધર્મને ઘણુ ઘણુ કરવાનું છે અને તે આપણુંજ કર્તવ્ય છે. સમાજની અનેક સમસ્યાઓનું સમાધાન સેવા અને સમર્પણની સાચી ભાવના વગર નહીં થઈ શકે. પરિષદના સંગઠનની સેવા એક એવીજ સાધના અને આરાધના છે જેમાં સત્યનિષ્ઠાથી સહુએ પોતાનું યોગદાન કરી જીવન સાર્થક બનાવવાનું છે.

નિરાધાર, અનાથબાળકો વિવશ ધમાન્તરણ કરે છે. ગરીબોમાં અસામાજીક તત્વો પાંગરે છે જે ગરીબો માટે ભગવાન શાકના પાંદડા અરોગી સન્તુષ્ટ થયાંતા. અકિંચનોની આરાધના પરમેશ્વરને અવનીપર અવતરીત થવા પ્રેમપરવશ બનાવીદે છે આ બધું આપણા ધર્મે પ્રભુની લીલાદ્વારા આપણને પ્રેરણા પ્રદાન કરી છે.

આપણા સમાજે જ હવે આત્મવિવેકથી વીચારવાનું અને કર્તવ્ય તરફ અગ્રેસર થવાનું છે.

આપ પવિત્રા એકાદશી અને અનુગ્રહ માર્ગના પ્રાકટય ઉત્સવ પર શ્રી હરીના વરણ સાથેજ સ્વધર્મ પાલન અને પરિષદની સેવાનો શુભ સંકલ્પ લઈને દેશની સંસ્કૃતિ, ધર્મ, સભ્યતાને બચાવવા માટે કૃતકાર્ય બનો અને આપણા ધર્મની સર્વોદ્ધારક ગરિમાને પ્રતિષ્ઠીત કરો એવી આશા અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે સાથે સહુને શુભ દિવસની વધાઈ અને મંગલકામના વ્યકત કરૂં છું.

ભવદિય, ગો. ૨. પ્રથમેશ
(મૂળ હિન્દી લેખનું ગુજ. ભાષાંતર)

॥ શ્રીહરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સૌરાષ્ટ્રનું રેલ સંકટ અને સહાયતા કાર્યો (૨)

ગયાં અંકના આપૃષ્ઠપર સૌરાષ્ટ્રમાં આવેલ વિનાશક પુર અને તેના સહાયતા કાર્યો, જેની આગેવાની પૂ. ગો. આચાર્યશ્રીઓએ લીધી છે. એઓશ્રીના અને વૈષ્ણવ સમસ્તના કાર્યોનીયત્ કીંચીત પ્રાપ્ત માહિતી રજુ કરેલ. પરિષદના મહામંત્રી શ્રીઝાલાનીજી, મંત્રી શ્રીચીમનભાઈ શેઠ, પરિષદની રાજકોટ શાખાના કાર્યકરો આદિની અપીલને ભારત ભરમાંથી યોગ્ય પ્રતિભાવ સાંપડયો છે.

દેશના ખુણે ખુણે વસતા વૈષ્ણવોએ પરિષદની પુરપિડીત સહાયતા સમિતિને ફુલ નહીં તો ફુલની પાંખડી યત્કીચીત્ સહાય મોકલવા પ્રયાસ કર્યો છે તે સંતોષ પ્રેરે છે. છતાં ધારી રકમના લક્ષ્યાંકને પહોંચવા હજુ પ્રયાસો ચાલુ છે. અને ચાલુ રહેવા જોઈશે. ખરી કામગીરી હવે શરૂ થશે. હજારો મકાન પડી ગયાંછે તેમને મકાન સમા કરાવવાની મદદ ભાદરવા માસ વિત્યેજ આપવિ શરૂ થઈ શકશે, કેમકે હજુ વરસાદનુ જોર ખુબજ છે.

દરમ્યાન મુંબઈ (મુલુન્ડ) વાળા પૂ. પા. ગો. શ્રી રમેશકુમારજી તથા વિરમગામ અમદાવાદવાળા પૂ. પા. ગો. શ્રી કનૈયાલાલજી બાવાશ્રી ખુબ પરિશ્રમ લઈ તા. ૩ થી ૫ ઓગસ્ટ સુધી પરિષદના ધર્મ પ્રચાર વાહન "ભકિત વર્ધીની"માં પુરગ્રસ્ત વિસ્તારોના પ્રવાસે પધારી અસરગ્રસ્ત વૈષ્ણવોને ખૂબ આશ્વાસન આપી નુકશાનીનો જાતે અંદાજ જાણવા પ્રયાસ કરેલ. આપશ્રી સાથે મુંબઈ ઘાટકોપરના શ્રી અરવીંદભાઈ ,શ્રી માનસિંહભાઈ, શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી ગોરધનભાઈ, તથા પાર્લાના પરિષદ શાખાના મંત્રી શ્રીચંદ્રકાન્તભાઈ શેઠ પણ આવેલા આપશ્રીએ શાપુર, વંથલી, માણાવદર, મેઘપુર, નાવડ, સાંતલપુર, બાંટવા, આણંદપુર, મેવાસા, બીલખા, નાંગલપુર, વી. ગામોની મુલાકાત લઈ લોકોની મુશ્કેલીઓ અંગે વીચારણા કરેલ આપશ્રીએ રાજકોટ, ગોંડલ, જુનાગઢ, શાપુર, બીલખા, વી. સ્થળોએ જાહેર સભાને સંબોધતાં લોકોને કાર્યરત થવા અપીલ કરેલ અને માત્ર ધનનીજ મદદ નહીં પણ બધી રીતે લોકોના દુ:ખમાં સહભાગી થવા અપીલ કરેલ.

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

◆

વર્ષ ૨ : અંક ૬
સપ્ટેમ્બર, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

તા. ૨૮ થી ૩૦ ઓગષ્ટ સુધી પરિષદના મંત્રીશ્રી ચીમનભાઈ શેઠ **અમદાવાદના** પ. ભ. શ્રી શાન્તિલાલ નાગરદાસ બાંભણીયા, રાજકોટના શ્રી કસ્તુરભાઈ કંસારા રાજકોટ શાખાના મંત્રીશ્રી ડાયાભાઈ શ્રી જેયન્તીભાઈ પડીયા જુનાગઢના શ્રી હરસુખભાઈ આદિ મલી પૂરગ્રસ્ત ક્ષેત્રોનો પ્રવાસ કરી. ગુજરાત-સૌરાષ્ટ્ર તથા ઈન્દોર, પીપરીયા વિગેરે સ્થળોએથી આવેલ અનાજ, તથા વસ્ત્રોનું વિતરણ કરેલ. પરિષદ દ્વારા સહાય પહોંચાડવાની પ્રવૃત્તિ ચાલુ રહેલ છે.

એક મોડેથી મળેલ અહેવાલ અનુસાર જુનાગઢ જીલ્લાની પુર હોનારતમાં અસર પામેલાઓને આશ્વાસ આપવા પુ. વા. શ્રી પ્રભુજી બાવાશ્રી વડોદરાથી પધારી અનેક ગામોનો પ્રવાસ કરેલ. તેમજ માણાવદર, બાંટવા વગેરે સ્થળોએ જાહેર સભા સંબોધી પૂર–પિડીતોને સહાય કરવા હાકલ કરેલ.

શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી જીવનભાઈ જોષીના યુવાન પુત્ર શ્રી કૃષ્ણકાંતભાઈ જોષી (ઉં. વ. ૨૭) નું તા. ૨૫–૮–૮૩ના રોજ અકસ્માત ડૂબી જતાં અવસાન 'થયું છે.

શ્રી જીવનભાઈ જોષી ઉપર આવી પડેલ. આ અસહ્ય ભૌતિક દુ:ખના પ્રસંગે શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, સંપાદક–વ્યવસ્થાપક મંડળ ઉંડી સહાનુભૂતી વ્યકત કરેલ છે. શ્રી જોષીજી અને તેમના કુટુંબીજનોને આ દુ:ખ સહન કરવા પ્રભુ ધૈર્ય પ્રદાન કરે.

ગઢા કયાં આવ્યું ?

વર્તા સાહિત્યમાં ગોસ્વામી શ્રી મદ્ વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) ના દ્વિતીય વિવાહ ની બેઠક 'ગઢા' ગામ માં છે એવો લેખ છે પણ ગઢા નામનું કોઈ શહેર અથવા રેલ્વે સ્ટેશન પ્રકાશમાં ન રહ્યું હોઈને ઘણાપુષ્ટિમાર્ગીયવૈષ્ણવો, ઈચ્છા હોવા પણ આ પુણ્ય સ્થલના દર્શન આદિથી વંચિત રહીજાય છે. ઘણા દર્શનર્થી યાત્રાળુ વૈષ્ણવ અહીં આવ્યા ત્યારે તેમની પાંસેથી સાંભળવા મલ્યું કે અમને તો અહીં શ્રી ગુંસાઈજીની બેઠકજી છે તેની ખબરજ ન્હોતી એટલે આવશ્યક લાગ્યું કે આ સ્થળની જાણકારી આપણા સામયિકો દ્વારા પ્રકાશિત થવી જોઈએ.

મધ્યપ્રદેશના એક મુખ્ય શહેર **જબ્બલપુર** ના જ એક ભાગનું નામ 'ગઢા' છે. મુંબઈથી **વારાણસી અગર અમદાવાદથી** વારાણસી જતી ટ્રેનમાં જબલપુર મેઈન લાઈનપર આવેછે. જબલપુર સ્ટેશનથી ગઢા, ત્રણચાર કીલોમીટર દૂર છે. ત્યાં જવા માટે સરકારી બસ તેમજ પ્રાઈવેટ વાહનો કાયમ મલે છે. ચારેતરફ વૃક્ષો અને પહાડીઓ ની પ્રાકૃતિક શોભા યુકત આ રમણીય સ્થળ શ્રીમત્ પ્રભુચરણના દ્વિતીય વિવાહના બેઠકજીનું છે. જયાં આપ લગભગ અઢી વર્ષ બીરાજેલાં.

અહીં શ્રી ગુંસાઈજીની સેવા સુયોગ્ય મુખીયાજીદ્વારા નિત્ય થાયછે. સખડી ભોગ આવેછે. એટલે આગન્તુક વૈષ્ણવોને પ્રસાદ આદિની સગવડ થઈ શકે છે.

સમસ્ત વૈષ્ણવોના ચરણોમાં જબલપુરના વૈષ્ણવોનું કરબધ્ધ નિવેદનછે કે સુવિધા અનુસાર અહીં પધારી દર્શન આદિનો લાભ લેશોજી અને અમો પામર જીવોને સેવાનો સુયોગ દેવાની કૃપા કરશો.

વિશેષ માહિતી માટે પત્રવ્યવહાર:–પ.ભ. રૂપચંદ ખંડેલવાલ.
૫૬૮, છોટા ફુહારા. જબલપુર મધ્યપ્રદેશ પીન. ૪૮૨૦૦૨

અનિવાર્ય કારણોસર આ અંક એક સપ્તાહ મોડો પ્રસિદ્ધ થયો છે તો વાંચકો ક્ષમા કરે–વ્યવસ્થાપક.

॥ શ્રીહરિઃ ॥

શ્રીયમુના નવવિલાસમહોત્સવ શા માટે ?

લે. પૂ. પા. ગો. **શ્રી પ્રથમેશજી મહારાજ**

[કેટલાંએક વર્ષો પૂર્વે મુંબઈમાં 'પરિષદ' ના આશ્રયે નવરાત્ર માં શ્રીયમુના નવવિલાસ નો કાર્યક્રમ પ્રારંભ થયેલ. સામાન્ય રીતે શકિત ની આરાધના તરીકે મનાતા નવરાત્રની પુષ્ટિમાર્ગીય-ભાવનાથી ઉજવણી કરવાથી જીવો અન્યાશ્રય દોષથી બચી શકે. ઘણા કીસ્સાઓમાં સાધારણ વૈષ્ણવ કુટુંબના બહેનો શકિત નું આરાધન કરવાની નેમથી નહી પણ નવરાત્ર માં ગરબે રમવાના આનંદ માટે દેખાદેખીથી જોડાય છે, દેવી પુજન આરાધનની ખાસ ભાવના હોતી નથી આવર્ગને આ દિવસોમાં પુષ્ટિમાર્ગોકત રીતે શ્રી યમુનાજીનાપાઠ અને શ્રીદયારામભાઈની મધુર ભગવદ્ ભાવયુકત ગરબીઓ દ્વારા સાત્વિક ભાવથી આનંદ માણવામલે તો સર્વે જીવો અન્યાશ્રયથી બચી શકે. જે આજના સમયમાં તાતી જરૂરીઆતછે, પ્રારંભમાં મુંબઈમાં યોજાએલ કાર્યક્રમો વખતે કોઈદ્વારા ઉઠાવાએલા સિધ્ધાન્ત અંગેના પ્રશ્નના નિરાકરણ રૂપે લખાયેલો આ લેખ બહુ સંખ્યક વૈષ્ણવો ને ઉત્તમ માર્ગ નિર્દેશન આપતો હોઈ અત્રે સંગ્રહ કરેલ છે, – સંપાદક]

શ્રી યમુના નવ વિલાસ મહોત્સવનાં અંગે સિદ્ધાન્તનો પ્રશ્ન આવ્યો અને તે પણ કુંભની જેમ દરેક વ્યકિતને સિદ્ધાન્તની પીડા પીડિત કરતી હોય એમ જાણવા મળે છે.

જો આટલો જ સિદ્ધાન્તનો આગ્રહ હોત તો આજે આવી સ્થિતિ પ્રત્યક્ષ થાત ? એજ પ્રશ્ન વિચારવાનો છે.

આ બધા પ્રશ્નોમાં સિદ્ધાંતના આગ્રહથી વધુ, સંગઠનને તોડવું અને મનસ્વી આચરણને પ્રોત્સાહન આપવાની જ પ્રેરણા મુખ્ય છે.

કીર્તન સાહિત્યમાં આશ્વિન માસમાં નવરાત્રના પ્રકારમાં વિલાસનાપદો ગવાય છે. તેમજ દાનથી લઇને શરદ સુધી સમાજની પરંપરા પણ હતી. તેમજ ચૈત્રમાં ગણગોરમાં પણ કીર્તન અને શૃંગારની સેવામાં પરમ્પરા છે તેમજ પ્રભુને સામગ્રી સમર્પવાની પણ પ્રણાલિ આચાર્ય બાળકોએ સમજવી જોઇએ તેમજ વૈષ્ણવોએ સ્વસિદ્ધાન્તનું વાંચન અને સત્સંગ કરવાની જરૂર છે.

ગોપિકાઓએ કાત્યાયની વ્રતમાં વ્રત ચર્ચા કરીને શ્રીયમુનાની આરાધના કરી છે રેણુકાજીથી સ્વરૂપ સિદ્ધ કરી પૂજન કર્યું જે વ્રતચર્ચાના પ્રસંગમાં સુબોધિનીજીથી સિધ્ધ થાય છે. ત્યારબાદ ભગવાનનું વરણ શ્રુતિરૂપા અને રૂષિરૂપાઓએ કર્યું. તેમાં "કાયંત્યાજ યતીતિ કાવ્યા એમ દેહાધ્યાસની નિવૃત્તિ કરનાર અને પ્રભુને પ્રાપ્ત કરવા માટે જે શોભનકાસનું સર્જન કરે તેને જ કાલંભ્રદ્રયતીતિભદ્રકાલી' આમે આ દેવતાવાચક શબ્દો હોવા છતાં શ્રીમહાપ્રભુ સર્વભાવથી શ્રીયમુનાના જ ગુણાનુવાદની પ્રશસ્તિ અને સેવોપયોગી દેહને આપનાર સકલ સિદ્ધિદાત્રી તેમને જ માને છે. પુષ્ટિભકિતમાં "નમો દેવી યમુને" આ શ્રી વિઠલેશ્વરની અષ્ટપદીથી શ્રીયમુનાજી ભગવદ્ગુણ સમાન ધર્મવાળા છે તેને નમન કરી સ્તુતિ કરવાનો નિર્દેશ છે. એમ શ્રીહરિરાયજીની યમુનાષ્ટકની ટીકામાં પણ સ્પષ્ટ છે. તેમજ શાકતધર્મના તામસીભાવોને સ્વીકાર કરતા વૈષ્ણવજનો શ્રીયમુના મહોત્સવમાં શ્રી દયારામભાઈની ગરબીઓથી પ્રભુનું આરાધન કરે તેમાં અસૈધ્ધાન્તિક શું છે ? જયારે "પુરાણેષુપિ સર્વેષુ તત્તદ્રૂપો હરિસ્વીય" અને સર્વભાવથી વ્રજાધિપનું સ્મરણ કરવું તે કેમ અયોગ્ય છે ?

શ્રીયમુનાનું પૂજન આચાર્યવંશજો પણ કરે જ છે અને સમાન ગુણધર્મ તેમજ શક્તિ અને શાકતમાનમાં જો અભેદ હોય તોજ બ્રહ્મવાદનો સિધ્ધાંત સ્થિર થઈ શકે તેમાં સિદ્ધાન્ત વિરૂદ્ધ કહેવું, શું સિદ્ધાન્ત જ્ઞાનનો પરિચય કહી શકાય ? તેમજ માતૃકાદિ પુજન ષષ્ઠીકર્મમાં આચાર્ય બાળકો શા માટે કરે છે ? તે પણ "અભિનવજાતસ્ય નંદકુમારસ્ય" આ શબ્દોની સાથે નંદાલયમાં જ ઉપાધ્યાય ષષ્ઠીપુજન કરાવે છે અને મંત્રાક્ષતા વિગેરે થાય છે તેનાથી સ્પષ્ટ છે કે વેદવિરોધી શાકતમત અભીષ્ટનથી પણ મુખ્ય સ્વામિનીની ઉપાસનામાં કયાંય આચાર્યશ્રીનો વિરોધ હોય તો તેઓએ જણાવવો જોઇએ. મૂલ નક્ષત્રમાં સરસ્વતીનું આવ્હાન અને શ્રવણમાં વિસર્જન આશ્વિન માસમાં જ કરાય છે, અને શ્રીમહાચાર્યચરણોકત સુબોધની સિદ્ધિ માટે ઉપાધ્યાય સરસ્વતિશયનમાં શ્રીમદ્ભાગવતાદિ ગ્રંથોનું પુજન કરાવતા આવ્યા છે. તેની આચાર્યપીઠમાં તેમને દક્ષિણા અપાય છે તેમાંથી જાણી શકાય છે. શ્રીયમુનાની પુજનવિધિ તો પ્રાચીન છેજ તેમજ વેણુનાદનો પ્રારંભ અને મુરલીના પદો પણ કીર્તન સેવા વિધિમાં જ છે. ત્યારે આ ઉત્સવનો ઉપક્રમ અસૈદ્ધાન્તિક કેમ છે ? આચાર્ય ચરણની ભાગવત્ દશમસ્કંધસુબોધિની માં 'રાધસ' શબ્દમાં મુખ્ય શકિતરૂપે તેમને ગણાવેલ છે તે પણ સ્વકીયારૂપે. "પતિ પત્ની આભવતાં" આ શ્રુતિ વાકયોના અર્થમાં સઆત્માનં સ્વયમ્ કુરૂત" શબ્દ છે તેનું જ પ્રામાણ્ય છે અહિંયા શ્રીસ્વામિની પરકીયા નથી જ તે અષ્ટછાપના પદો તેમજ નાગરીદાસજીના પદોથી પણ સ્પષ્ટ છે. શ્રી હરિરાયજીએ જે મુખ્ય શકિત સ્તોત્ર કર્યો છે નીચે એ પ્રમાણે છે.

મુખ્ય શક્તિ સ્તોત્ર :

આ સ્તોત્ર મોટા મંદિરથી પ્રસિદ્ધ કરાયેલ બૃહદ સ્તોત્રમાં જ છે.

जयति सदा सा राधा हरिहृदये वा विलक्षणा दर्शे ।
प्रतिबिंबितेव दृष्टा बिंबपरोक्षे वयस्याभिः ।। १ ।।

व्रजपति हृदय सरोजे सदाबसंती प्रिया राधा ।
कमलालयेव लोकेरलौकि लोकत्रयातीता ।। २ ।।

वक्षसि लक्षणमिषतो लक्ष्मीमुपरिस्थिता तनुते ।
यद्गोपनाय सततं सा जयति स्वामिनी राधा ।। ३ ।।

श्रीवत्सेन बिभर्ति स्फुटौ बहिः सर्वथा लक्ष्मीम् ।
यामंतःस्थितिरूपां औधयितुं राधिका जयति ।। ४ ।।

हरि हृदय प्रतिबिंबित निज रूप प्रेक्षणा मोदा ।
तत्रास्थितमीक्षंती प्रियमतिविमना मनस्यावते ।। ५ ।।

दृगनिज दत हरिरूपं विलौक्यंती बहिः स्वं च ।
विरहे विस्मित चित्ता जयति सदा स्वामिनी राधा ।। ६ ।।

जयति सदा यन्नाम स्वयं निकुंज स्थितौ नाथः ।
मंत्रमिव प्राप्त्यर्थं सा जयतिस्वामिनी राधा ।। ७ ।।

यत्सहितो गोपीनां हृदयांभोधो सदाक्रीडाम् ।
कुरुते भाव तरंगेर्जयति हरेरर्धमंगं सा ।। ८ ।।

यम्द्भुज दंडावृत्तियुत कंठा कृष्ण स्य नील मेघस्य ।
वहति पुरंदर धनुष्यावृत सा शोभां प्रभोश्यामे ।। ९ ।।

यद्रूप स्मरणा हित संस्कारः कामिनी कांतः ।
भजति जितेंद्रिय तायाः पदं हरिः सा सदा जयति ।।१०।।

हरति हरेरपि चेतस्तथापि न हरिर्हरतियस्याः ।
न क्षण भेद सहिष्णुः सा वृषभानोः सुता जयति ।।११।।

जयतिजिता खिल युवती परिवृढ दृढ संभ्रमञ्चिता ।
न क्षण रमण विमुक्ता दोषविमुक्ताश्रया सततम् ।।१२।।

भावतनो भावात्मा स्थिता स्वभावेन भाविता सततम् ।
श्री वल्लभाभिधाने तद्रूपा वा सदा जयति ।।१३।।

श्री वल्लभ संश्रयणादेतत्करुणायुतानां हि ।
कृष्णः करोति शीघ्रं निज फल दानं न संशयः क्वचित् ।।१४।।

શ્રી હરિરાયજીના આ સ્તોત્રથી અને સુબોધિનીજીના વિચારથી ફલદાનશ્રીયમુનાજી દ્વારાજ થાય છે. શ્રીયમુનાજીના પદોમાં અષ્ટછાપના ભકતમહાનુભાવો શ્રીયમુનાને ભાગ્ય અને પ્રભુનું સૌભાગ્ય આપનાર તરીકે વર્ણવે છે. તેમજ યવાંકુર (જવારાનું) આરોપણ જે સેવામાં થાય છે તેમજ દશેરાના દિવસે જવારા ધરાવે છે. તેમા તે જ યવાંકુરો આવે છે. અહિંથી કૃષ્ણતુર્યપ્રિયાનું સ્વતંત્ર સેવન નથી, ભગવદ્રુપમાં જ સ્વામિનીભાવથી ચતુર્થયૂથના અધિપતિરૂપેજ થાય છે. તેમજ દશેરામાં જે ગોમયની (ગોબરની) થેપડીઓ આવે છે તેનાથી રૂપચતુર્દશીનાં સ્નાનનું જળ ગરમ કરવામાં આવે છે. આ પ્રકારે સેવા વિધીમાં વેણુનાદથી જ રાસનો ઉપક્રમ થાય છે. જેમ લોકમાં વેદ નિયામક છે તેમજ વેણુ, જેનાથી વિષયાનંદની નિવૃતી થાય ને બ્રહ્માનન્દપણ અલ્પગણાય તેવા, પૂર્ણ બ્રહ્મની લીલામાં નિયમનકર્તા અને નાદાત્મક છે. પણ શ્રીગુસાંઇજીથી લઇને શ્રીહરિરાયજી વિગેરે આચાર્યો સ્વામિની કે શ્રીયમુનાનું સ્વતંત્ર સેવન ન સ્વીકારતાં પ્રભુની જ સાથે તેની સેવાની ભાવના કરે છે. અન્યથારીતે સ્વતંત્ર સેવા નથી થતી તેની પુષ્ટિ ગંગદશમીની પ્રણાલિમાં મળે છે તેમજ શ્રીસ્વામિનીને પંચામૃત સ્નાન નથી થતા અને જ્યાં સ્વામિનીસ્વરૂપ શ્રીઠાકોરજી સાથે બિરાજતું હોય ત્યાં પણ કેવળ દુધથીજ સ્નાન થાય છે. પંચામૃતના મંત્રો અને ભાવના બન્ને આ સ્પષ્ટ કરે છે. શ્રીયમુના મહોત્સવમાં શાકતપદ્ધતિને અનુસરતાં કેવળ યમુનાષ્ટકના પાઠ તથા ભગવદ ગુણગાનને અસૌદ્ધાન્તિક કેમ કહી શકાય તે વિચારવા જેવું છે. શ્રીમહાપ્રભુજીએ જે પ્રભુની છ શકિતનું વર્ણન કર્યું છે તેમાં પણ સ્વતંત્ર રીતે નથી તેમજ “નિરોધસ્યાનુ શયનમ આત્મનઃ સહશકિતભિઃ આમાં પ્રભુમાં નિરોધ શ્રીયમુનાજી કરાવે છે તેવી જ ભાવના છે. તાંત્રિક પ્રકારથી કોઈ પ્રણાલિકા ન કરવા છતાં વૈષ્ણવો જો શ્રી દયારામભાઈ વિગેરેના ધોળ સ્મરણ કરે તેમાં કયો સિદ્ધાંત ભંગ થાય છે ?

આ પ્રસંગમાં શ્રીવલ્લભાચાર્ય સુબોધિનીમાં જે ભાવ અભિવ્યકત કરે છે તેનું નિરીક્ષણ કરીએ.

“નિરસ્ત સામ્યાતિશયેન રાધસા સ્વધામનિ બ્રહ્મણિરંસ્યતે નમઃ” (ભા. ૩–૪–૧૪)
“સુબોધિની, “કાચિદ ભગવતઃ સિદ્ધિરસ્તિ રાધસ શબ્દ વાચ્યાન તાદશીસિદ્ધિઃ કવચિદન્યત્ર, નવાતતોઽપ્યધિકા તયા સિદ્ધ્યા ભગવાન સ્વગૃહે એવ રમતે.”

આનો આશય એજ છે કે ભગવાનની “રાધસ” શબ્દથી સૂચન કરાયેલી કોઇ એક અનેરી શકિત છે તેની સમાનતાવાળી સિધ્ધી અન્યત્ર કયાંય નથી અને તેનાથી અધિક કોઇ સિધ્ધિ કહેવામાં આવી છે. તે ભગવાન “અક્ષર બ્રહ્મ” પોતાના ધામમાં નિજગૃહમાં રમણ કરે છે. તેમજ આત્મનિષ્ઠ રસને તેના દ્વારા પ્રકટ કરે છે. ભગવદીય રસની પ્રાપ્તિ એનાથી જ થાય છે.

શ્રી ગુસાંઈજી, ચતુઃશ્લોકી રાધાજીની પ્રાર્થનામાં પણ “કૃપયતિયદિરાધા બાધિતા શેષ બાધા” એ પ્રમાણે શ્રીસ્વામિની દ્વારાજ અશેષબાધાઓની નિવૃત્તિ અને તેમની કૃપાથી જ

ભગવદ્રસની પ્રાપ્તિનો પ્રકાર દર્શાવે છે એમ બાધાની નિવૃત્તિના પ્રકારમાં, નજાતુ યમયાતના સકલસિદ્ધિ હેતુ મુદા, મુકુંદરતિવર્ધિની આ બધી સામર્થ્ય આચાર્યશ્રી યમુનાષ્ટકમાં જ દર્શાવે છે. અષ્ટછાપના પદોમાં આના જ આધારે “ભક્ત પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની” ‘ભક્ત પ્રતિપાલ જંજાલટારે. “ભાગ્ય સૌભાગ્ય શ્રીયમુનેજી દેહી” આ બધા પદો સવારે ગવાય છે તે સેવા પ્રકારમાં સ્પષ્ટ છે. તેમજ “રાધા અધરસુધા વિના હરિને બીજું કાંઇનવભાવેજી’ શ્રીગોપાળદાસજીના નવાખ્યાનમાં પણ છે. છતાં સેવાની યોગ્યતા તો શ્રીયમુનાજીના વરદહસ્તે પ્રાપ્ત થાય છે. તેમાં સ્વામીનીજીના સ્વતંત્ર ભજનની વાત ઊભી થતી નથી. ચારેયૂથોમાં અને તેની અધિષ્ટાત્રિયોમાં સ્વામિની ભાવ જ છે. લીલાના પ્રકારમાં વિભેદ દેખાવા છતાં શક્તિ અને શક્તિમાનમાં ભેદ છે જ નહીં અને તેનાથી સિદ્ધાન્તની દૃષ્ટિએ, અલૌકિક શક્તિ ભક્તિ કરતાં સાત્વિક શ્રીયમુનાની સાત્ત્વિક ઉપાસના વૈષ્ણવો માટે ફલદાયક છે તેથી અહિંયા સ્વામિનીની ઉપાસનાનો ઉલ્લેખ નહીં કરી શકાય પણ શ્રીયમુનાની જ ઉપાસના સેવાની સામર્થ્ય અને પ્રભુ પ્રીતિ માટે કરવી તેજ વ્રજાંગનાની પરંપરાથી સિદ્ધ છે. આ પ્રસંગમાં વધુ ઉલ્લેખ ન કરતાં મુખ્ય સંકેત જ કરવો યોગ્ય છે. **તેમજ વૈષ્ણવોના સાધન પ્રકારમાં દૂષિત મનોરંજનની પ્રવૃત્તિ સાથે જ ભગવન્નામ સ્મરણ તેમજ ભક્તિની ભાવ ધારાથી દુર્ગુણોથી મુક્ત થાય એ વાંછનીય છે.**

મદ્યપાન કરીને અથવા બીજી મનોવૃત્તિથી ગરબા કરવાં કરતાં આમાં સિદ્ધાંતની હાનિ દેખાતી નથી. જ્યાં સુધી સિદ્ધાન્તનો પ્રશ્ન છે બધા જ આચાર્યવંશજો એ તે પ્રમાણે અનુસરવું જોઈએ તેવી જ રીતે વૈષ્ણવજનોને પણ ગંભીર અભ્યાસ કરવાની જરૂર છે.

છતાં અભિમાનથી વિદ્યા કે ભક્તિ પ્રાપ્ત થાય નહીં. શ્રીમદ્‌વલ્લભાચાર્ય નિબંધમાં સ્પષ્ટ કરે છે કે જે સાત્ત્વિક, ભગવદ્‌–ભક્ત અને મુક્તિના અધિકારી છે તેના માટે જ શાસ્ત્રાર્થનું વર્ણન કરું છું. આ રીતે તામસજઘન્યવૃત્તિથી લોકોને દૂર રાખવામાં સિદ્ધાન્ત સાધક છે બાધક નથી. આ સ્પષ્ટ જણાશે. મારી દૃષ્ટિએ બીજા સંગીતની અને કળાની સાધના કરતા સેવાપરક સાધના ઉત્તમ અને ચારિત્ર્યનું સરજન કરનારી છે.

આશા છે જીજ્ઞાસુજનો વિચાર કરશે. ગો. ર. પ્રથમેશ

॥ શ્રી મુખ્ય શક્તિ સ્તોત્રમ્ ॥

[આર્યા]

જયતિ સદા સા રાધા, હરિ હૃદયે યા વિલક્ષણાદર્શે;
પ્રતિબિમ્બિ તેવ દૃષ્ટા બિમ્બપરોક્ષે વયસ્યાભિઃ ॥૧॥

એશ્રીરાધાજી સદા વિજ્ય પામે છે કે જે વિલક્ષણ અરીસા રૂપ શ્રીહરિના હૃદયમાં પ્રતિબિંબત થયાં હોય તેમ બિંબના પરોક્ષ સમયમાં સખીઓથી જોવાયેલાં છે. ૧

[ઉપગીતિ]

નિજપતિ હૃદય સરોજે સદા વસન્તી પ્રિયા રાધા;
કમલાલયેવ લોકૈરલોકિ લોક ત્રયાતીતા. ।।૨।।

પોતાના પ્રિય હૃદય કમલમાં સદા નિવાસ કરતાં પ્રિયા રાધિકાજીને લોકોએ એવાં જોયાં કે જાણે અલૌકિક (લોકત્રયાતીત) કમલમાં વસનારા લક્ષ્મીજી જ હોય ! ૨

વક્ષસિ લક્ષણ મિષતો લક્ષ્મીમુપરિસ્થિતાં તનુતે;
યદ્ગોપનાય સતતં સા જયતિ સ્વામિની રાધા. ।।૩।।

જે શ્રી સ્વામિનીજી ઠાકોરજીના હૃદયમાં બિરાજે છે તેમને છાનાં (ગુપ્ત) રાખવા સારુ દક્ષિણાવર્ત રોમાવલિના બહાનાથી ઉપર વક્ષઃ સ્થળમાં રહેલાં લક્ષ્મીજીને પ્રભુ પ્રત્યક્ષ કરી રહ્યા છે, તે સ્વામિનીજી શ્રીરાધા સદા વિજયને પામે છે. ૩

શ્રી વત્સેન બિભર્તિ સ્ફુટાં બહિઃ સર્વથા લક્ષ્મીમ્;
યામન્તઃસ્થિતિરુપાં બોધયિતું રાધિકા જયતિ. ।।૪।।

પ્રભુ અંદર બિરાજતાં જે શ્રી સ્વામિનીજીને જણાવવા સારુ શ્રીવત્સના ચિન્હથી લક્ષ્મીજીને બહાર ખુલ્લાં ધારણ કરે છે તે રાધિકાજી સદા જય પામે છે. ૪

હરિ હૃદય પ્રતિબિમ્બત નિજરુપ પ્રેક્ષણા મોદા;
તત્રાસ્થત મીક્ષન્તી પ્રિયમતિ વિમના મનસ્યાસ્તે. ।।૫।।

શ્રી હરિના હૃદયમાં પ્રતિબિંબત પોતાના રૂપને જોવાના આનંદ વાળા, પણ ત્યાં પ્રિયને ન રહેલા જોતાં શ્રી સ્વામિનીજી મનમાં અતિ ઉદાસીન રહે છે. ૫

નિજ હૃદ્ગત હરિરુપં વિલોકયન્તી બહિઃ સ્વં ચ;
વિરહે વિસ્મિત ચિત્તા જયતિ સદા સ્વામિની રાધા. ।।૬।।

પોતાના હૃદયમાં બિરાજતા શ્રી હરિના રૂપને અને બહાર પોતાના રૂપને જોતાં, વિરહથી વિસ્મિત ચિત્તવાળાં શ્રી સ્વામિની રાધા સદા વિજય પામે છે. ૬

જપતિ સદા યન્નામ સ્વયં નિકુંજ સ્થિતો નાથઃ;
મન્ત્રમિવ પ્રાપ્ત્યર્થં સા જયતિ સ્વામિની રાધા. ।।૭।।

નિકુંજમાં બિરાજતા પ્રભુ સ્વયં પ્રાપ્તિને માટે મંત્રની માફક જેમના નામને જપે છે તે શ્રી સ્વામિનીજી રાધા વિજય પામે છે. ૭

યત્સહિતો ગોપીનાં હૃદયામ્ભોધૌ સદા ક્રીડામ;
કુરુતે ભાવ તરંગૈર્જયતિ હરેરર્ધમંગં સા. ।।૮।।

જે શ્રી સ્વામિનીજી સહિત ગોપીઓના હૃદય–સમુદ્રમાં પ્રભુ સદા ભાવરૂપી તરંગોથી ક્રીડા કરે છે. શ્રી હરિના અર્ધ અંગ રૂપ તે શ્રી સ્વામિનીજી વિજય પામે છે. ૮

[આર્યા]

યદ્ ભુજ દંડાવૃતિયુત કંઠા કૃષ્ણસ્ય નીલ મેઘસ્ય:
વહતિ પુરંદર ધનુષાવૃતસ્ય શોભાં પ્રભૌ શ્યામે. ।।૯।।

જે પ્રભુના ભુજ દંડથી આવૃત કંઠ વાળા શ્રી રાધાજી શ્યામ પ્રભુના ઇન્દ્રધનુષથી વીંટાયેલ-કાળા મેઘની શોભાને ધારણ કરે છે. ૯

[ઉપગીતિ]

યદ્રુપ સ્મરણા હિત સંસ્કારઃ કામિની કાન્તઃ;
ભજતિ જિતેન્દ્રિયતાયાઃ પદં હરિઃ સા સદા જયતિ. ॥૧૦॥

જે શ્રી સ્વામિનીજીના રૂપના સ્મરણનો જેને સંસ્કાર પડી ગયો છે તેવા અનેક કામિનીના કંત શ્રી હરિ જિતેંદ્રિય પણાના પદને ભજે છે તે શ્રી સ્વામિનીજી સદા વિજય પામે છે. ૧૦

હરતે હરેરપિ ચેતસ્તથાપિ ન હરિર્હરતિ યસ્યાઃ;
નક્ષણ ભેદ સહિષ્ણુઃ સા વૃષભાનોઃ સુતા જયતિ. ॥૧૧॥

જે શ્રી હરિ ભગવાનના ચિત્તનું હરણ કરે છે તથાપિ શ્રી હરિ જેના ચિત્તને હરિ શકતા નથી તેમ જેના ક્ષણ માત્રના ભેદ (વિરહ) ને સહી શકતા નથી તેવાં શ્રી વૃષભાનુનાં પુત્રી શ્રી રાધાજી વિજય પામે છે, ૧૧

જયતિ જિતાખિલ યુવતી પરિવૃઢ દઢ સંભ્રમ શ્ચિત્તા;
નક્ષણ રમણ વિમુક્તા દોષ વિમુક્તાશ્રયા સતતમ્. ॥૧૨॥

સમસ્ત યુવતિઓના પતિ પ્રભુના મજબૂત ભમતા ચિત્તને જેણે જીત્યું છે, ક્ષણ પણ જે રમણ પ્રભુથી વિમુક્ત નથી, તેવાં દોષ રહિત શુદ્ધ આશ્રયવાળાં શ્રી રાધાજી હંમેશાં વિજય પામે છે. ૧૨

[આર્યા]

ભાવતનૌ ભાવાત્માસ્થિતા સ્વભાવેન ભાવિતા સતતમ્;
શ્રી વલ્લભા ભિધાને તદ્રુપા વા સદા જયતિ. ॥૧૩॥

સ્વભાવથી હમેશાં ભાવના કરેલાં જે પ્રેમતનુપ્રભુમાં પ્રેમ સ્વરૂપા થઇને રહ્યાં છે અને શ્રીવલ્લભ નામના શ્રીમહાપ્રભુજીમાં જેના રૂપે છે તે શ્રી રાધિકા સદા વિજય પામે છે. ૧૩

[ઉપગીતિ]

શ્રી વલ્લભ સંશ્રયણાદેતત્કરુણા યુતાનાં હિ;
કૃષ્ણઃ કરોતિ શીઘ્ર નિજ ફલ દાન ન સંશયઃ કવાપિ. ॥૧૪॥

શ્રી મહા પ્રભુજીના આશ્રયથી આ શ્રી સ્વામિનીજીના કૃપા યુકત ભગવદીયોને શ્રી કૃષ્ણભગવાન ફલનું દાન તુરત જ કરે છે, એમાં કયાંય પણ સંશય નથી. ૧૪

ઇતિ શ્રી હરિદાસોદિત શ્રીમુખ્યશકિતસ્તોત્રં સંપૂર્ણમ [આ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ ગો. વા. શ્રી કાશીરામ કરસનજી શાસ્ત્રીજીનો છે.]

✓

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક આઠમો)

તમુવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત ।
સેનયોરુભયોર્મધ્યે વિષીદંતમિદં વચઃ ॥ ૧૦ ॥

હે ભરતકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર, હૃષીકેશે (શ્રીકૃષ્ણે) જાણે કે હસતા હોય તેમ બંને સેનાઓની વચ્ચે વિષાદ કરી રહેલા તેને આ વચન કહ્યું:–॥૧૦॥

પછી ભગવાને શો ઉત્તર આપ્યો ? એવી આકાંક્ષાથી 'તમુવાચ' વગેરે શબ્દોથી કહે છે:–

હૃષીકેશ એટલે શ્રીકૃષ્ણે વિષાદ કરી રહેલા અર્જુનને જાણે કે હસતા હોય તેમ બંને સેનાઓની વચ્ચે જે હવે કહેવાનાં છે તે આ વચન કહ્યાં :–

પોતાનું કહેલું નહિ કરનાર પોતાના જનો પ્રત્યે ફરીને કહે છે; હે ભારત, એવા સંબોધનમાં વિશ્વાસ બેસાડવાનો હેતુ છે. ॥૧૦॥

શ્રીભગવાનુવાચ–

અશોચ્યાનન્વ શોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પંડિતાઃ ॥૧૧॥

શ્રી ભગવાને કહ્યું, જેઓનો શોક કરવો ન જોઇએ, તેઓનો તેં શોક કર્યો છે અને તું પંડિતના જેવી વાતો કરે છે. પંડિતો મરેલાંનો અને જીવતાંનો શોક કરતા નથી. ॥૧૧॥

પહેલાં શાસ્ત્રાર્થજ્ઞાનથી બુદ્ધિને સ્થિર કરીને પછી ભક્તિનો ઉપદેશ કરવો યોગ્ય છે, એથી પહેલાં સર્વ શાસ્ત્રમાં કહેલ જ્ઞાન કહીને ભક્તિનો ઉપદેશ કરતાં આત્મ અને અનાત્મ જ્ઞાનને માટે 'અશોચ્યાન્' વગેરે શબ્દોથી ભગવાન આત્મ–અનાત્મ જ્ઞાન વિષે કહે છે :–

તું જેનો શોક ન કરવો જોઈએ તેનો શોક કરે છે; કારણ કે તેઓ અસુરાવેશી છે, ભૂમિનો ભાર ઉતારવાને માટે મારે હણવા યોગ્ય જ છે. તેઓ ભક્ત પણ નથી. વળી તેઓનો શોક કરીને તું પંડિતાઇની વાતો કરે છે, તેઓની જ તું વાતો કર્યા કરે છે, પણ તું સમજતો નથી; કારણ કે એજ પંડિત છે કે જેઓ મારી ઇચ્છાથી જ બધું થાય છે, એવા જ્ઞાનવાળા છે. આથી જેઓએ પોતાના પ્રાણ છોડયા છે, તેઓની પરલોકમાં શી ગતિ થશે અને જેઓ જીવિત છે તેઓનો યોગક્ષેમ શી રીતે થશે, તેનો શોક તેઓ કરતા નથી. વળી શ્રુતિ પણ કહે છે કે, આ પરમાત્મા જ જેને ઊંચે લઇ જવા ઇચ્છે છે, તેઓની પાસે ઉત્તમ કાર્યો કરાવે છે અને આ જ પરમાત્મા જેનું પતન કરવા ઇચ્છે છે તેની પાસે દુષ્ટ કાર્યો કરાવે છે. આથી મેં કરેલી બાબતમાં શા માટે શોક કરવો યોગ્ય છે ? એવો ભાવ છે. ॥૧૧॥

ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ ।
ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥૧૨॥

કયારેય હું નહોતો, તું નહોતો, આ રાજાઓ નહોતા, એમ પણ નથી; અને વળી

હવે પછી આપણે બધા નહિ હોઇએ, એમ નથી જ. ॥૧૨॥

અશોચ્ય (શોક કરવા યોગ્ય ન) હોવાનું કારણ તેઓ ભકત નથી તે છે, એમ કહીને ફરીને અશોચ્યતામાં આંતરિક હેતુ છે, તેમ 'ન તુ' વગેરે શબ્દોથી કહે છે :–

આવા પ્રકારનો હું; જેવો તું મને જોવાનો છે તેવો, કયારેય પણ નહોતો, એમ નથી, પરંતુ એવા પ્રકારનો સદાય જ હતો એટલે કે સદાય છું, એવો અર્થ છે. આ શબ્દો વડે પોતાનું (ભગવાનનું) નિત્યપણું કહ્યું છે.

અરે, આપનું નિત્યપણું છે, તેમાં આ લોકો શા માટે શોક કરવાને યોગ્ય નથી? તેના જવાબમાં કહે છે :–

તું ન હતો, અને આ રાજાઓ નહોતા એમ નથી, પરંતુ એ બધી મારી લીલા હોવાથી નિત્ય જ છે, એમ અર્થ છે. તેનાથી અસુરોનું મરણ પણ નિત્ય જ છે, એમ અર્થ છે. માયા જ છે, તેથી એ પ્રમાણે આ રાજાઓ શોક કરવાને યોગ્ય નથી, એવો ભાવ છે.

અરે, હું યુદ્ધમાં મરણ પામીશ, એમ હોય તો ભગવાનનાં ચરણનો વિયોગ થશે, અથવા અધર્મના આચરણથી તે પ્રમાણે થશે, તેનો હું શોક કરું છું. એમ હોય તો તેના જવાબમાં 'ન ચૈવ' વગેરે શબ્દોથી કહે છે.

'અતઃ પરમ્' એટલે વર્તમાન કાળ પછી (હવે પછી) આપણે બધા નહિ હોઇએ, એમ નથી. પરંતુ આપણે હોઇ શું જ એ પ્રમાણે બધાનું નિત્યપણું હોવાથી બધા અશોચ્ય (શોક ન કરવા યોગ્ય) છે. એમ હોવાથી તારે શોક કરવો યોગ્ય નથી, એવો ભાવ છે. ॥૧૨॥

દેહિનોઽસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।
તથા દેહાન્તર પ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ ૧૩

જેવી રીતે જીવાત્માના આ શરીરમાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા થાય છે, તેવી જ રીતે બીજા શરીરની પ્રાપ્તિ થાય છે, તેમાં ધીર પુરુષ (ભકતજન) મોહ પામતો નથી. ॥૧૩॥

માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખ દુઃખદાઃ ।
આગમાયાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥૧૪॥

હે કુંતીપુત્ર અર્જુન, ઇંદ્રિયોની વૃત્તિ અને તેના વિષયો સાથેના સંબંધો તો શીત, ઉષ્ણ, સુખ અને દુઃખ આપનારા, આવનારા જનારા અને અનિત્ય છે. હે ભરતકુલોત્પન્ન અર્જુન, તેઓને તું સહન કરી લે. ॥૧૪॥

અરે, અમે એકત્ર જ થઇશું, એ સત્ય છે, પરંતુ ફરીને અલૌકિક દેહ આવો જ હશે કે નહિ, એવા સંદેહથી હું શોક કરું છું, એવી આકાંક્ષાથી 'દેહિનઃ' વગેરે શબ્દોથી કહે છે :– જેવી રીતે જીવના આ દેહમાં કૌમાર, યૌવન અને વૃદ્ધ એમ ત્રણ વ્યવસ્થા કાળે કરીને થાય છે; તેવી જ રીતે ભગવાનની ઇચ્છાથી ભગવદીયની દેહાંતરપ્રાપ્તિ એટલે અલૌકિક બીજા દેહની પ્રાપ્તિ થાય છે, એમ અર્થ છે. તે ધીર એટલે ભકત બીજા દેહની પ્રાપ્તિને માટે મોહ પામતો નથી, એમ અર્થ છે. અરે, હવે પછી દેહની પ્રાપ્તિ પણ થશે, પરંતુ અમુક સમયે થાય છે. દુઃખ ભોગવવાની સહનશકિત નહિ હોવાથી

હું શોક કરું છું, એમ હોય તો તે બાબતમાં 'માત્રાસ્પર્શાઃ' વગેરે શબ્દોથી કહે છે :–

હે કૌન્તેય (હે કુંતીપુત્ર અર્જુન), હે પરમ સ્નેહી, ઇંદ્રિયોની વૃત્તિ અને ઇંદ્રિયોના વિષયો સાથેના સંબંધો શીત, ઉષ્ણ, સુખ અને દુઃખ આપનારા હોય છે. અહીં આ અર્થ છે :–

ઇંદ્રિયોની વૃત્તિને સ્પર્શેલાં જલ, તાપ વગેરે શીત અને ઉષ્ણને આપનારાં છે. તેવી જ રીતે મિત્ર સાથેનો સંયોગ, વિયોગ વગેરે પણ સુખ અને દુઃખ આપનાર છે. સંયોગમાં પોતાને સુખ થાય છે અને વિયોગમાં દુઃખ થાય છે. તેમાં રહેલાં સુખ, દુઃખ વગેરેનો વિચાર કરવો ન જોઈએ, પરંતુ મિત્રના સુખના વિચારથી પોતે તે સહન કરવું તે જ ઉત્તમ છે અને તે જ યોગ્ય જ છે. આથી તેઓ સ્થિર નથી, એમ કહે છે.

'આગમાપાયિનઃ' એટલે આવે છે અને જાય છે, અને તેથી જ તે અનિત્ય છે. આથી તેઓને તું સહન કરી લે. હે ભારત. એવા સંબોધનથી તને આ જ ઉચિત છે, એમ દર્શાવેલું છે. ।।૧૩-૧૪।।

યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ ।
સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ।।૧૫।।

કારણ કે, હે પુરુષશ્રેષ્ઠ, જેને સુખ અને દુઃખ સમાન છે, તેવા ધીર પુરુષને (ભકતને) એ ઇંદ્રિયોની વૃત્તિ અને તેના વિષયો સાથેના સંબંધો) સતાવતા નથી, તે (પુરુષ) મોક્ષને માટે યોગ્ય થાય છે. ।।૧૫।।

અરે, એને સહન કરવાથી શું ફળ? એવી આકાંક્ષાથી 'યં હિ ન વ્યથયન્ત્યેતે' વગેરે શબ્દોથી કહે છે અહીં પુરુષર્ષભનો અર્થ સ્વતંત્ર મોક્ષની સિદ્ધિ પ્રકટાવવાને સમર્થ, એવો છે. હે પુરુષ શ્રેષ્ઠ અર્જુન, જે પુરુષને સુખદુઃખ, વિયોગ સંયોગ સમાન છે, એવા પ્રકારના ધીર પુરુષને એટલે સુખદુઃખાદિ સહન કરવા સમર્થ છે તેને, એ ઇંદ્રિયોની વૃત્તિ અને તેના વિષયો સાથેના સંબંધો સતાવતા નથી, તે પુરુષ મોક્ષને યોગ્ય છે અથવા મોક્ષપદને માટે ભકિતને યોગ્ય છે; ભકિતનો ઉદય થવાની યોગ્યતાને પામે છે, એમ અર્થ છે. સુખ અને દુઃખને સમાન ગણવાની કામનાથી તેને બધું આનંદરૂપ જ લાગે છે, એમ સૂચવ્યું છે. ।।૧૫।।

નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ
ઉભયોરપિ દૃષ્ટોઽન્તસ્ત્વનયોસ્તત્ત્વ દર્શિભિઃ ।।૧૬।।

લૌકિકનુ અસ્તિત્વ નથી અને અલૌકિકનો નાશ નથી. વળી આ બંનેનું ભગવાનનાં દર્શનને યોગ્ય એવા ભગવદીય જનોએ ફળ પણ જોયું છે. ।।૧૬।।

અરે, દુઃખ વગેરે સહન કરવાથી તો આ દેહનો નાશ જ થાય. દેહના નાશથી મોક્ષની તો અપેક્ષા જ ન રહે, તો પછી દુઃખ સહન કરવાથી શું થાય? એવી આશંકા કરીને 'નાસતઃ' વગેરે શબ્દોથી કહે છે :–

અસત્ એટલે લૌકિકનો અલૌકિક ભાવ (અસ્તિત્વ) નથી અને સત્ એટલે અલૌકિકનો ભગવત્સત્તાત્મકનો અભાવ (નાશ) નથી, એમ અર્થ છે. અહીં ગોપીજનો ઉદાહરણરૂપ છે.

એક ગોપી ગૃહમાં પુરાઈ રહી છે, બીજી ગોપી ભગવાનની રાસલીલામાં ગયેલી છે, તે 'ઉભયોરપિ' શબ્દોથી કહે છે :– 'તુ' શબ્દ આપનાં દર્શનની રુકાવટના અર્થમાં છે. આ બંનેનો પણ તત્વદર્શી જનોએ એટલે ભગવાનનાં દર્શનને યોગ્ય એવા ભગવદીય જનોએ તેનું ફળ જોયું છે, એમ અર્થ છે. તું પણ જો તે પ્રમાણે ઇચ્છતો હો તો સુખદુઃખ વગેરેને સહન કર. એમ કરવાથી ભગવદ્ યોગ્ય દેહ વગેરેનો નાશ થશે નહિ, એવો ભાવ છે. ।।૧૬।।

અવિનાશિ તું તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્ ।
વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ ।।૧૭।।

જેના વડે આ બધું વ્યાપ્ત છે, તેને જ તું અવિનાશી જાણ. આ અવ્યયનો નાશ કરવાને કોઈ શક્તિમાન નથી. ।।૧૭।।

અરે, અલૌકિક દેહ હોવાથી દેહનો નાશ ન હો, પરંતુ તેના સંબંધવાળા સમર્પિત સેવા આદિ યોગ્ય પદાર્થોનો નાશ થાય અને તેથી પ્રબળ પાપનો ભય થાય છે, તેનો શોક કરું છું એમ હોય તો 'અવિનાશિ તુ' વગેરે શબ્દોથી કહે છે :–

જે ભાવાત્મક ભગવદીય દેહથી આ બધું વ્યાપ્ત છે, તેવું સેવા કરવાને યોગ્ય વસ્તુ તે અલૌકિક શરીર નાશ રહિત છે, એમ તું જાણ.

તુ શબ્દ નાશની શકયતાનો અભાવ સૂચવે છે. આ અવ્યય સ્વરૂપનો વિનાશ કરવાને પાપ આદિ ઉપાધિજન્ય કાલ વગેરે કોઈ શક્તિમાન નથી, એમ અર્થ છે. ।।૧૭।।

◆

શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર-સિહોર દ્વારા શ્રી ગુંસાઈજીના સેવક, ૨૫૨ વૈષ્ણવોની અલૌકિક વાર્તા–સપ્તાહનું આયોજન તા. ૧૧ થી ૧૭ ઓગષ્ટ સુધી રાખેલ વકતા પ. ભ. વ્રજલત્તાબેન શાસ્ત્રી. આજ સંસ્થાદ્વારા પવિત્રા એકાદશી દ્વાદર્શીની સુંદર ઉજવણી થયેલ શ્રી સર્વોત્તમજીના પાઠ ધોળ–પંદગાન આદિ કાર્યક્રમ થયેલ.

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

બાલબોધ :

(શ્રીદેવકીનંદનચરણકૃત 'પ્રકાશ' વ્યાખ્યાનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક પાંચમો)

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

આથી આદ્ય એવા બ્રહ્માજીથી તે ચારેય પુરુષાર્થના દાતા થવાય નહિ, એમ કહે છે

તે સર્વાર્થા ન ચાઽઽદ્યેન શાસ્ત્ર કિંચિદુદીરિતમ ।
અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ ॥૧૧॥
વસ્તુનઃ સ્થિતિસંહારૌ કાર્યૌ શાસ્ત્રપ્રવર્તકૌ ।
બ્રહ્મૈવ તાદૃશં યસ્માત્ સર્વાત્મકતયોદિતૌ ॥૧૨॥
નિર્દોષ પૂર્ણગુણતા તત્તચ્છાસ્ત્રે તયોઃ કૃતા ।
ભોગ મોક્ષ ફલે દાતું કતૌ દ્વાવપિ યદ્યપિ ॥૧૩॥
ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ।
લોકેઽપિ યત્પ્રભુર્ભુંકતે તન્ન યચ્છતિ કર્હિચિત ॥૧૪॥

એ ચારેય પુરુષાર્થો અને એ સંબંધી કોઇ શાસ્ત્ર પણ બ્રહ્માજીએ કહ્યું નથી. આથી શિવ અને વિષ્ણુ જગતના હિતકારક છે ॥૧૧॥ વિદ્યમાન જે કાંઇ છે તેનું પાલન અને સંહાર કરવાનું કાર્ય અને શાસ્ત્રના પ્રવર્તક તેઓ બે છે. બ્રહ્મ જ તે તે રૂપે થયેલ છે; કારણ કે સર્વાત્મક પણાથી તેઓ બેનું વર્ણન થયેલું છે. ॥૧૨॥ તેઓ બેની નિર્દોષતા અને ગુણપૂર્ણતા તે તે શાસ્ત્રમાં કહેવાયેલી છે. જોકે ભોગ અને મોક્ષ બંને પ્રકારનાં ફળ આપવાને તેઓ બંને શકિતમાન છે, તોપણ– ॥૧૩॥ શિવ ભોગના દાતા છે અને વિષ્ણુ મોક્ષના દાતા છે, એવો દૃઢ નિશ્ચય છે. લોકમાં પણ રૂઢ છે કે, જેને માલિક ભોગવે છે, તેનું પ્રદાન તે બીજાને ક્યારેય કરતો નથી. ॥૧૪॥

બ્રહ્માજીથી તે ચારેય પુરુષાર્થ આપવા શકય નથી. ચકારથી કદાચ અર્થ અને કામ હિરણ્ય કશિપુ વગેરેને અપાયાં તેમ, તેમનાથી આપવાં યોગ્ય થાય પરંતુ તે બેમાં પુરુષાર્થતા નથી; કારણ કે તે નાશ ના હેતુ રૂપ છે, એમ જણાવાયું છે. મોક્ષ તો નહિ જ, એમ ફલિત થાય છે. અરે, બ્રહ્માજીએ પ્રતિપાદન કરેલ વૈખાનસમત અનુસાર વિષ્ણુ ભજનથી જો મોક્ષ હોય તો શા માટે બ્રહ્માજીથી નહિ આના જવાબમાં શાસ્ત્ર કિંચિદુદીરિતમ વગેરે શબ્દોથી કહે છે. કેવળ શાસ્ત્રપ્રવર્તક હોવાથી મોક્ષદાતા છે, એમ કહેવું સંભવિત નથી. તેમ હોય તો વધારે પડતું કહેવાય. એ પ્રમાણે બ્રહ્માજી મોક્ષદાતા છે, તેનો નિષેધ કરીને બાકીના બે (શિવ અને વિષ્ણુ) મોક્ષદાતા છે, એમ 'અત' શબ્દથી કહે છે. જે કારણે બ્રહ્માજી મોક્ષદાતા નથી, એ કારણે શિવ અને વિષ્ણુ સૃષ્ટિના હિતકારક છે અને પુરુષાર્થના દાતા છે, એમ અર્થ છે. જો કે આ બેય પોતપોતાનાં કાર્યપરાયણ છે, તો પણ વિષ્ણુનું કાર્ય પાલન કરવાનું હોવાથી, 'તેમાં અધિક જોડાયેલ રહે, પરંતુ તેનાથી કશી હાનિ નથી,' એ ન્યાયે મોક્ષદાનમાં કાંઇ પણ ક્ષતિ નથી. શિવનું કાર્ય તો સંહાર કરવાનું છે, તેની પરસ્પર સંગતિ હોવાથી ત્રણ પુરુષાર્થના

દાનમાં કાંઇ પણ ક્ષતિ નથી. પરંતુ મોક્ષના દાનમાં નાશ કરવો શકય નથી, એમ કાર્યની વિરુદ્ધ હોવાથી ક્ષતિ છે. આથી તેનું આગળ (શ્લોક ૧૪માં) 'ભોગઃ શિવેન' વગેરે શબ્દોથી નિરાકરણ થશે. ॥૧૧॥

તેઓ બેનું (શિવ અને વિષ્ણુનું) વિશેષ કાર્ય પણ 'વસ્તુનઃ' એવા શબ્દોથી કહે છે. દરેક વસ્તુની સ્થિતિ અને સંહાર એ બે તેઓ બેનાં કાર્યોને બદલે 'વસ્તુસ્થિતૌ ચ સંહારે કાર્યે' એવો પાઠ પણ કયાંક મળે છે. તેનો અર્થ એમ લેવાય કે, સૃષ્ટિનું પાલન કરવું અને સૃષ્ટિનો નાશ કરવો, એ બે કાર્યના તેઓ બે નિયામક છે. વળી તેઓ બે પોતપોતાના ગુણના અને અધિકારશાસ્ત્રના પ્રવર્તક પણ છે. અરે, તે શાસ્ત્રોમાં તેઓ બેનું સર્વાત્મકપણું કહેવાયેલું છે, તેથી તેમને એક એક કાર્યના કર્તા શી રીતે કહેવાય ? એવા પ્રશ્નના જવાબમાં 'બ્રહ્મૈવ' વગેરે શબ્દોથી કહે છે :– જે હેતુથી તેવા દેખાતા બ્રહ્મ જ તે તે કાર્ય કરવાને માટે તે તે (શિવ અને વિષ્ણુ) રૂપે પ્રસિદ્ધ છે, અને તે તે નામે તેઓ જાણે કે ભિન્ન હોય તેમ લાગે છે. પણ વાસ્તવિક રીતે એમ નથી. આથી તે તે ઠેકાણે સર્વાત્મકપણાથી તેઓ બેને વર્ણવેલા છે, એમ અર્થ છે. અને એ કહેવાયેલા હેતુથી જ ત્યાં ત્યાં તેઓ બેની નિર્દોષતા અને ગુણપૂર્ણતા સિધ્ધ થયેલી છે, એમ અર્થ છે. વસ્તુતઃ નિર્દોષ ગુણપૂર્ણતા અને સર્વાત્મક પણું પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું જ છે, એવો નિર્દેશ છે. તે જ પ્રમાણે શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કધમાં (૧–૨–૨૩) કહેવાયું છે કે, "એક જ પરમાત્મા આ જગતની સ્થિતિ વગેરેને માટે હરિ, બ્રહ્મા અને શિવ એવાં નામ ધારણ કરે છે." દશમ સ્કંધમાં પણ (૧૦–૨–૨૮) કહેવાયુ છે કે, "આપની માયાથી ઢંકાયેલા મનવાળાઓ આપને વિવિધરૂપે જુએ છે, પરંતુ જેઓ જ્ઞાની છે તેઓ બધાંમાં આપનાં જ દર્શન કરે છે." આથી જ તે બંનેનું પોતપોતાના ગુણને અનુરૂપ ફલદાતા હોવાનું 'ભોગમોક્ષફલે' એવા શબ્દોથી કહે છે. જો કે શિવ અને વિષ્ણુ બંને ભગવાનના ગુણાવતાર છે અને તેથી ભોગ અને મોક્ષનું ફળ આપવાને તેઓ બંને શકિતમાન છે, તો પણ તેઓના ગુણના વિચારથી શિવ દ્વારા ભોગ સિદ્ધ થાય છે અને વિષ્ણુ દ્વારા મોક્ષ સિદ્ધ થાય છે, એવો નિશ્ચય યોગ્ય છે. તેમાં પણ તેઓનું કર્તાપણું નથી, કરણપણું જ છે, તેથી ત્રીજી વિભકિતથી (શિવેન, વિષ્ણુના) એ રીતે દર્શાવાયું છે. કર્તાપણું તો સર્વત્ર ભગવાનનું જ છે, એવો સહજ સિદ્ધાંત છે. મુચુકુંદ પ્રતિ દેવોએ પણ કહ્યું છે કે, મોક્ષના દાતા એક માત્ર વિષ્ણુ જ છે. (શ્રીભાગવતજી ૧૦–૫૧–૨૦ : દેવોએ મુચુકુંદ પ્રતિ કહ્યું છે કે, હે રાજન્, આપનું કલ્યાણ થાઓ, કૈવલ્ય મોક્ષ સિવાય આજે અમારી પાસેથી ઇચ્છા હોય તે વરદાન માગી લો. મોક્ષ આપવા માટે તો એક માત્ર ઇશ્વર, અવિનાશી ભગવાન વિષ્ણુ જ સમર્થ છે.) 'તેમાં મનુષ્યોનું ખરેખર શ્રેય સત્ત્વગુણયુકત વિષ્ણુથી થાય,' તેમાં 'શ્રેયાંસિ' એવું બહુવચન છે, એટલે તેઓ સાત્ત્વિક જ કહેવાયા છે; કારણ કે, મોક્ષનું બહુપણું અસંગત છે. વળી જ્યાં વિષ્ણુથી મોક્ષ, એમ કહ્યું છે ત્યાં વિષ્ણુ પદ પરુષોત્તમ પદનું વાચક છે, એમ કોઈ કોઇ

ઠેકાણે સમજવું. જો તેવી શાસ્ત્રની રીતિથી ગુણાવતારપરક તેઓ કહેવાય તો મોક્ષ પદનો અર્થ ત્યાં 'લય' થવો જોઇએ; કારણ કે, શ્રીમદ્ ભગવદ્ગીતામાં (૭–૨૩) કહ્યું છે કે, દેવોને પૂજનારા દેવોને પામે છે (એટલે દેવોમાં લયને પામે છે–દેવરૂપ થઇ જાય છે). તે જ પ્રમાણે નિબંધમાં પણ કહેવાયું છે કે, "સાયુજ્ય મોક્ષની કામનાથી આદિમૂર્તિ શ્રીકૃષ્ણ જ સેવવા યોગ્ય છે, એમનાથી જ નિર્ગુણ મુકિત છે. અન્યની સેવાથી મળે તે સગુણ મુકિત છે." અરે, બંનેનું સમાનતાથી અભેદપણું હોવાથી બંનેથી મુકિત કેમ નહિ? એવા પ્રશ્નના જવાબમાં કહે છે કે, જ્ઞાનથી મુકિત છે, એમ બધાં શાસ્ત્રોથી સિદ્ધ છે. વળી સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, એવા ગીતાજીના (૧૪–૧૭) વાકયથી તે ગુણના અધિષ્ઠાતા દ્વારા તે સુલભ છે, એમ કહેવાયું છે. ભોગ જ્ઞાનનો વિરોધી છે, તેથી જ્ઞાન થવું પણ દુર્લભ છે; તમોગુણ પણ જ્ઞાનનો વિરોધી છે; તેથી તે ગુણના અધિષ્ઠાતાથી જ્ઞાન દુર્લભ છે, એમ કહેવાયું છે. તમોગુણ ભોગનું મૂળ છે, તેથી તમોગુણથી ભોગ મળવો સુલભ છે. અરે, તે તે શાસ્ત્રોમાં જ્ઞાન પ્રાપ્તિ સુલભ છે, એમ જો કહેવાય તો તેના જવાબમાં કહે છે. ભલે, બહુ સારું, એમ અમે કહીશું. 'બેય શકિતમાન છે,' એમ યોગ્ય હોવાનું પહેલાં જ કહેવાયું છે. તેટલાથી અમને કશી હાનિ નથી; કારણ કે બંનેનો સાથે અસ્વીકાર છે. એ પ્રમાણે જીવે વિચારેલ મોક્ષનું ચાર રીતે પ્રતિપાદન કર્યું. તેમાંના અનીશ્વરપણે વિચારાયેલનો અસ્વીકાર પણ અર્થથી કહ્યો જોકે ભગવદીયો મોક્ષની અભિલષા વગરના છે, અને તેથી તેમને માટે કહેવાયેલું આ બહુ યોગ્ય નથી. તો પણ પાક્ષિક દોષનું પણ નિરાકરણ થવું જોઇએ, એ ન્યાયે કદાચ કોઇનીયે તેમાં સ્વીકાર્ય બુદ્ધિ થાય તો પ્રમાણસિદ્ધ છતાં તેમ ન હો, એવા આશયથી જીવની ભ્રાંતિથી કલ્પાયેલા તે ચારેય એમ કહ્યું. આથી એને જોનારાઓ તેમાં પડશે નહિ, એવો નિશ્ચિત અર્થ છે. અરે, ભકિત માર્ગમાં મોક્ષ ઇચ્છનીય, નથી, તેથી ભજન સિવાય મોક્ષ આપવા માટે વિષ્ણુ અપેક્ષિત નથી પરંતુ વિષયોની ભગવત્સેવામાં ઉપયોગિતા હોવાથી તેના અભાવે મોક્ષના દાતા તરીકે શિવ અપેક્ષિત છે, એમ જો કોઇ કહે તો, તેના જવાબમાં 'લોકેડપિ' એવા શબ્દોથી કહે છે પ્રભુ એટલે સેવકોના માલિક શ્રીકૃષ્ણ, જે ભકતના સંબંધવાળી વસ્તુ છે તેને સ્વયં આરોગે છે, તે વસ્તુ કયારેય શિવ આપતા નથી, એમ અર્થ છે. એમ છે ત્યારે ભગવાન ભકતોની ઇચ્છા પૂરી કરનારા છે. બધું જ મારા ભકિતયોગથી મારો ભકત તુરત પ્રાપ્ત કરે છે, એવું વાકય છે. અથવા ઇચ્છિત આપી શકે તેમને ભકતોથી ભજાય. આથી શ્રીકૃષ્ણ સિવાયની ભકિતની અપેક્ષા ભકતો માટે સર્વથા અનુચિત છે, એવો ભાવ છે. આથી જ નિરપેક્ષતા ભકિતનું અંગ છે, અને "તેથી નિરપેક્ષ એવા મારી ભકિત તૃષ્ણા રહિતોને પ્રાપ્ત થાય," એમ ભગવાને પણ કહ્યું છે. વળી જે માણસ તારી પાસેથી કંઇક મેળવવાની ઇચ્છા કરે છે, તે આશ્રિત નથી, પરંતુ તે વેપારી છે, એવાં વચનથી જ્યાં લૌકિક હિત સાધવાને માટે ભગવાન સાથેનો સંબંધ પણ દોષ રૂપ છે, ત્યાં બીજી અપેક્ષા

ઓનું પણ તેમ જ છે, તેમાં શું કહેવાનું હોય ? તેથી પોતાનાનું બધું જ હરિ સ્વયં સ્વીકારી લે છે અને પછી રૂપાંતરિત કરીને પાછું આપે છે, એમ આ સિદ્ધાંતનું રહસ્ય છે. કારણકે 'હરિ' કલ્પનાતીત છે, અવર્ણનીય છે, એવો કેટલાકનો દૃઢ નિશ્ચય છે; એવું વચન પણ છે. ॥ ૧૨, ૧૩, ૧૪ ॥

વળી ભગવદીય સિવાયનાં પણ તેનાથી ધ્યેયની સિદ્ધિ પ્રાપ્ત કરી શકતાં નથી; જેના વડે ભકતોની બાબતમાં પણ તેમ કહી શકાય. પરંતુ કોઈકને જ સિદ્ધિ મળે છે, એમ 'અતિપ્રિયાય' વગેરે શબ્દોથી કહે છે :–

અતિપ્રિયાય તદપિ દીયતે કવચિદેવ હિ ।
નિયતાર્થપ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ ॥૧૫॥
પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાંછ્રમઃ ।

અતિ પ્રિય હોય તેને તે પણ અપાય છે, પરંતુ ક્યારેક જ. અનિવાર્ય વસ્તુના પ્રદાનથી 'તેમના હોવું' અને 'તેનો જ આશ્રય' (કારણરૂપ) હોય છે. ॥૧૫॥ દરેકને આ એક એક સાધન છે, અને બીજાને માટે જે શ્રમ તે મહાન છે.

તેથી જે અપાય છે, તે અતિ પ્રિય જનને, પોતાના આત્યંતિક ભકતને અપાય છે, નહિ કે જેને તેને, એમ અર્થ છે. તેવા પ્રકારનો છતાં જો અપરાધી હોય તો કોપ જ કરે છે, પરંતુ ક્ષમા કરતા નથી. કદાચિત્, તેમાં એવો આશય છે કે, તેમાં પણ નિયમ નથી, એમ કહ્યું છે. 'કવચિત્ એવ' એટલે ક્યારેક જ, નહિ કે સર્વત્ર. હિ શબ્દ અર્થની યોગ્યતા બતાવે છે. "જેઓ મને જે રીતે ભજે છે," એવા ગીતાજીના (૪–૧૧) વાક્ય અનુસાર જેવી રીતે ભકતોને નિશ્ચિત કરાયેલું ફળ ભગવાન આપે છે, તેવી રીતે બીજો કોઈ ફળ આપવાને શકિતમાન નથી; કારણ કે ફળ આપવાને બીજા અસમર્થ છે. "નિષ્કામ હોય કે ઘણી કામનાવાળો હોય, અથવા મોક્ષની કામનાવાળો હોય કે અત્યંત બુદ્ધિશાળી હોય (તેઓ બધાએ) તીવ્ર ભકિતયોગ વડે પરમ પુરૂષને ભજવા." એ પ્રમાણે સર્વે કામનાઓ પુરી કરનાર ભગવાનનું ભજન જ કહેવાયેલ છે.

અરે, શિવનું વસ્તુનું દાતાપણું નિશ્ચિત કે અનિશ્ચિત ગમે તે હો, પરંતુ તેમાં શું પ્રાપ્ત કરાયું ? તેના જવાબમાં 'નિયતાર્થ-પ્રદાનેન' વગેરે શબ્દોથી કહે છે :– જો વસ્તુ આપવાનું તેમને માટે અનિવાર્ય છે, એમ હોય તો ભગવદીયોના અર્થનું પણ તદીયપણું (ભગવાના હોવું તે) તેણે પ્રાપ્ત કર્યું, એમ કહી શકાય; કારણ કે તેમાં બાહ્ય વિરોધ દેખાતો નથી. અરે, અર્થનું જો તેમ હોય તો તેમાં શી અડચણ ? તેના જવાબમાં 'તદાશ્રય' વગેરે શબ્દોથી કહે છે :– તેના અર્થ પ્રદાનના સંકલ્પમાં ભગવદીયોની તેવી અપેક્ષામાં તેનો જ આશ્રય થાય, એમ અર્થ છે; કારણ કે વેદ વગેરેમાં નિષેધ છે, એમ કહ્યું નથી. "બધા ધર્મોને છોડીને મારે એકને શરણે આવ", એમ ગીતાજીમાં (૧૮–૬૬) કહ્યું છે. 'મારા સિવાય કોઈને તેઓ જાણતા નથી, અને હું પણ તેમનાથી જરાય અજાણ નથી.' એમ પણ કહેવાયું છે. વળી ભગવદીય સિવાયનાં માટે મોક્ષની અપેક્ષામાં વિષ્ણુનું ભજન અને ભોગની અપેક્ષામાં શિવનું ભજન, એમ નિશ્ચિત છે. ॥૧૫॥

◆

આ માસના ઉત્સવ

તા. ૧૧–૯–૮૩ ભાદરવા સુદ ૫ રવિવાર.

ઋષિ પંચમી દ્વિતિય સ્વરૂપોત્સવ શ્રી ચંદ્રાવલિજીનો પ્રાકટ્ય દિન.

તા. ૧૨–૯–૮૩ ભાદરવા સુદ ૬ સોમવાર.

શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ. ગો. ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત)નો પ્રાકટ્ય દિન.

તા. ૧૩–૯–૮૩ ભાદરવા સુદ ૭ મંગળવાર.

ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ શ્રી (સુરત)નો પ્રાકટ્ય દિન.

તા. ૧૪–૯–૮૩ ભાદરવા સુદ ૮ બુધવાર

શ્રી રાધાષ્ટમી. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજશ્રી (કાંદીવલી)નો પ્રાકટ્ય દિન.

તા. ૧૫–૯–૮૩ ભાદરવા સુદ ૯ ગુરુવાર.

નિ. લી. ગો. શ્રી મુરલીધર લાલજી મહારાજશ્રી (ચાંપાસેની)નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૧૬–૯–૮૩ ભાદરવા સુદ ૧૦ શુક્રવાર.

નવનાગરીના પદ બોલાય.

તા. ૧૭–૯–૮૩ ભાદરવા સુદ ૧૧ શનિવાર.

પરિવર્તિની–દાન એકાદશી વ્રત દાનના પદ ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રી કૃષ્ણચંદ્રજીનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. લેખવાળા ગો. શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ (સં. ૧૭૨૪) ભકત કવિ શ્રી દયારામભાઇ જયંતિ (સં. ૧૮૩૩) શરદ ઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી.

તા. ૧૮–૯–૮૩ ભાદરવા સુદ ૧૨ રવિવાર.

શ્રીવામન જયંતિ વ્રત નિ. લી. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા નિ. લી. ગો. શ્રી અનિરુદ્ધલાલજી મહારાજશ્રી (નડીઆદ)નો પ્રાકટ્ય ઉત્સવ.

તા. ૨૧–૯–૮૩ ભાદરવા સુદ ૧૪ બુધવાર.

અનંત ચતુર્દશી ગો. ચિ. શીશીરકુમારજી બાવાશ્રી (કામવન) નો પ્રાકટ્ય દિન.

તા. ૨૨–૯–૮૩ ભાદરવા સુદ ૧૫ ગુરુવાર.

પૂર્ણિમા સાંજીનો પ્રારંભ સાંજીના પદ ભાદરવા સુદ ૧૫થી અમાસ સુધી ગવાય છે.

તા. ૨–૯–૮૩ ભાદરવા વદ ૧ શુક્રવાર

શ્રી બાલમુકુન્દજીનો પાટોત્સવ – શ્રી લાડુબેટીજી મંદિર, મુંબઈ, આજથી મુરલીના પદ અમાસ સુધી અને ભોગમાં કારખાનાં પદ વિજયાદશમી સુધી બોલાય.

તા. ૨૫–૯–૮૩ ભાદરવા વદ ૩ રવિવાર

ગો. ચિ. શ્રી ચન્દ્રેશકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન તથા નિ. લી. ગો. શ્રી ગોવર્ધનલાલજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા નિ. લી. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (મથુરા)નો પ્રાકટય ઉત્સવ

તા. ૨૬–૯–૮૩ ભાદરવા વદ ૪ સોમવાર

ગો. ચિ. ચંદ્રગોપાલજી બાવાશ્રી (સુરત)નો પ્રાકટય દિન.

તા. ૨૭–૯–૮૩ ભાદરવા વદ ૫ મંગળવાર

શ્રી હરિરાયજીનો પ્રાકટયોત્સવ (સં. ૧૬૪૭)

તા. ૨૯–૯–૮૩ ભાદરવા વદ ૭ ગુરુવાર

નિ. લી. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (શેરગઢ)નો તથા નિ.લી.ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (સુરત)નો પ્રાકટય ઉત્સવ.

તા. ૩૦–૯–૮૩ ભાદરવા વદ ૮ શુક્રવાર

શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠપુત્રશ્રી ગોપીનાથજીના લાલ શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટયોત્સવ (સં. ૧૫૮૭)

નિ. લી. ગો. શ્રી મુરલીધરલાલજી મહારાજશ્રી (કોટા)નો પ્રાકટય ઉત્સવ.

તા. ૧–૧૦–૮૩ ભાદરવા વદ ૯ શનિવાર

ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવા શ્રી (કામવન)નો પ્રાકટય દિન

તા. ૨–૧૦–૮૩ ભાદરવા વદ ૧૦ રવિવાર

નિ.લી.ગો. શ્રી નૃસિંહલાલજી મહારાજશ્રી (મુંબઇ)નો પ્રાકટય ઉત્સવ

તા. ૩–૧૦–૮૩ ભાદરવા વદ ૧૨ સોમવાર

ઇન્દિરા એકાદશીવ્રત શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠપુત્રશ્રી ગોપીનાથજીનો પ્રાકટયોત્સવ (સં. ૧૫૬૭) નિ.લી.ગો. શ્રી ગિરધરલાલજી મહારાજશ્રી (શેરગઢ)નો પ્રાકટય ઉત્સવ.

તા. ૪–૧૦–૮૩ ભાદરવા વદ ૧૩ મંગળવાર

શ્રી ગુંસાઇજીના ત્રીજા લાલ શ્રી બાલકૃષ્ણલાલજીનો પ્રાકટયોત્સવ (સં. ૧૬૦૬)

તા. ૬–૧૦–૮૩ ભાદરવા વદ અમાસ ગુરુવાર

સાંઝીની સમાપ્તિ. કોટની આરતિ. ગો. ચિ. શ્રી બાલકૃષ્ણજી (મિથિલેશકુમારજી) બાવા શ્રી (મુંબઇ)નો પ્રાકટય દિન.

ભાદરવો માસ

ભાદવ રૈન અંધેરી પ્રગટે યશુદાનંદ દુલારે
નંદ મહોત્સવ બડો રૂપ કરી પલનામેં બૈઠારે
ગોપી ગોપ નંદ વલ્લભકુલ નાચત હેં સારે
ગીત વાદ્ય ધુન સુન સબ જનકે કાટે અઘ ભારે.
ચન્દ્રાવલિ લલિતા શ્રીરાધા વામનદાન સુખારી,
દેવદમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી,
સબ જનકોં સુખ દેત 'સત્ય' હી કુંજ બિહારી.

— શ્રી બાગરોહી બલદેવ પ્રસાદ શર્મા
'સત્ય' – નાથદ્વાર

" વામન જયંતિ "

વામનજીનો અવતાર ભાદરવા સુદ બારસને દિને શ્રવણ નક્ષગમાં મધ્યાન્હ સમયે થયો. વામન ભગવાને બલિરાજાનો નિગ્રહ કર્યો, શુદ્ધ બ્રાહ્મણ ધર્મનો પુનરુદ્ધાર કર્યો, ઇન્દ્રને સ્વર્ગનું રાજય સ્થીર કરી આપ્યું, દાનવોને પાતાળમાં પહોંચાડયા અને ધર્મૈક રક્ષણરુપી શુદ્ધ બ્રાહ્મણ્ય પ્રકટ કરી નિજ બ્રાહ્મણત્વવ્યાપ્ય જાતિત્વ વિશિષ્ટ આચાર્યત્વનો જગતને પરિચય કરાવ્યો.

બલિરાજાએ આત્મનિવેદન કર્યું પ્રપત્તિ માર્ગનો સ્વીકાર કર્યો, પ્રપત્તિમાર્ગ શરણમાર્ગનું આચાર્યત્વ શ્રીમદ્ ગોપીજનને પ્રાપ્ત છે, તથાપિ આત્મનિવેદનનો સુસ્પષ્ટ આદર્શતો વામન અવતારમાં બલિરાજાએ વામન ભગવાનને કરેલા આત્મ નિવેદનમાંજ દેખાઇ આવે છે. એ પરાક્રમ તો વામન ભગવાનનુંજ માનવું જોઇએ. આથીજ વામન જયંતિને પુષ્ટિ માર્ગમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે.

* * *

" વૈષ્ણવ કામ "

અવળે માર્ગે તું ના જા, વૈષ્ણવ તારૂં નામ છે., સત્સંગ અને સેવા કરવી, એતો તારૂં કામ છે.

ગો. શ્રી દામોદરલાલજી બાવા કલોલ.

દયારામ જીવન દર્શન

સંપાદક : પ્રો. **જીવનલાલ છ. જોશી**
એમ. એ. એડવોકેટ, સાહિત્યરત્ન.

નિજ અનુભવની કિંચિત સ્મૃતિ । શ્રી ગુરુગોપીજન વલ્લભાયનમઃ । અથ મન પ્રબોધ ।

હે મન ! તૂં અખંડ ચિંતા શી વાતની કરે છે ?–

તુંને શ્રી ગુરુદેવે આત્મસાત કરીને, શ્રી હસ્ત કમલ તથા યુગલ ચરણ કમલ તારે મસ્તકે મૂકીને, સકલ અપરાધ માફ કર્યા છે. સકળ પાપ તાહારાં ભસ્મીભૂત થૈ ગયાં, શ્રીમુખે કહ્યું છેજે, "તાહારા હૃદેમાં અખંડ શ્રીજી વિરાજો, અને હાવાં પુનહાં (પુનઃ) જન્મ નથી." વળી, સ્વરૂપાંતરે કરીને કહ્યું છે જે, "વળી, કદાપિ તુંથી પાપ થશે તો અમે આળીશેં. કશોજ. પ્રતિબંધ તુને લાગવા જ નહીં દેઇએ.તુંને સંસારથી અમે તાર્યો. એ નિશ્ચે."

"તાહારા સકળ કુળનો ઉધ્ધાર અમે કરીશેં, –**શ્રી મહાપ્રભુજી**એ શ્રીમુખે કહ્યું છે જે, "અમે તારા હૃદેમાં આજથી બિરાજ્યા" એમ કહીને, નિજ ચરણારવિંદ તારા હૃદે ઉપર થાપ્યો છે."

શ્રીનાથજીએ પણ, તારો હસ્ત ઝાલીને કહ્યું છે જે, "તું માહારી સ્ત્રી છે, અતિશેજ મુને પ્રાણતુલ્ય પ્રિય છે; તુને કદાપિ ન્હૈ મૂકું– તાહારા કાળજામાં અમે યુગલસ્વરૂપ અખંડ વિરાજીએ છીએ."

વળી, સ્વામિનીજીએ, તુંને પોતાનો દાસ (દાસી) જાણી, પોતાની દાસી કહીને સર્વાધિક પુષ્ટ પ્રેમલક્ષણા દઢભક્તિનું વરદાન આપ્યું છે. પોતાનું પ્રસાદી વસ્ત્ર તથા કંઠની માળા પુષ્પની તથા પોતાના ભાલનું કુમકુમ પોતાને શ્રીહસ્તે તૂંને તિલક કર્યું છે. નિજ સૌભાગ્યનું દાન કર્યું છે; પદમારૂપે સ્તનપયપાન કરાવ્યું છે, ચરણકમલ તથા શ્રીહસ્તકમલ જુગલ સ્વરૂપે તુજ શિર ધર્યા છે.

શ્રીજીએ વળી કહ્યું છે જે, "તૂં કશી વાતની ચિંતા નાં કરેશો સઘળી વસ્તુ અમારી ઇચ્છાથી જ થાય છે. તૂં તો સાક્ષવત સર્વત્ર થઈ રહે. એક અમારી સાથે જ મિત્રાઇ તૂં તો રાખ. તૂં તો અમારો છે. તારી તરફનું જે કાંઇ જેને કહેવું ઘટશે તે અમે કહીશે; તૂંથી ઠીક નહિ પડે."

વળી, શ્રીસ્વામિનીજીએ શ્રીમુખે પ્રસન્ન થઇને આશિરવાદ દીધો છે જે, "હાવાં તારે કશો પદાર્થ દુર્લભ નથી, અમારી કૃપાએ તૂં અમારો છે."

વળી, શ્રીઠાકોરજી આગળ પણ પોતે તારો પક્ષપાત કર્યો છે; તથા શ્રીગોસ્વામીજીએ પણ.

તથા શ્રીઠાકોરજીએ કહ્યું છે જે, "આ દેહાંતે અમારી લીલામાં તું આવેશ (આવીશે')" દંપતીએ પ્રત્યક્ષ દરશણ (દર્શન) પણ આપ્યા છે. અતિ અંતરંગની ગણતીમાં તુંને ગણ્યો છે તે તુંને અનુભવ છે- "તારો આપ્યો સર્વ પદાર્થ અંગીકાર કરીએ છીએ." એમ શ્રીમુખે કહ્યું છે તે પ્રમાણે કરે છે. ક્ષણે ક્ષણે સહાયભૂત થાય છે. તે તૂં નિત્ય અનુભવ કરે છે. "પોતાનું ચક્ર તારા રક્ષણને અરથે તુંને પ્રત્યક્ષ આપ્યું છે."

વળી, શ્રીજીએ શ્રીમુખે એમ કહ્યું છે જે, તૂને કૃપા કરવામાં કશી બાકી તો રાખી નથી ને વળી, કૃપા કરીશે જ કરીશે જ" એમ કહ્યું છે.

તે પ્રમાણે પ્રત્યક્ષ શ્રીમદાચાર્યકુલ, ભગવદી પણ અતિશે કૃપા રાખે છે.

વળી, શ્રીનાથજીએ શ્રીમુખે કહ્યું છે કે, તુંથી ગમે તેટલા અનંત અપરાધ કદી બનશે તદપિ અમે એકો પણ (એકપણ) માનીશેં જ નહીં ને તુંને અમથી દૂર કદાપિ નહીં કરીશે.

ને અમે દ્વારા શ્રીજીની સેવા પરિપૂરણ તાહારી જાણ જે થઇ છે. એમ શ્રીગુરુદેવે શ્રીમુખે કહ્યું છે. એ સઘળી વાતનો દૃઢ વિશ્વાસ રાખીને ચિંતા તજવી-શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પણ છે.

શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય તુંને છે તેથી અધિક થશે તે આશીર્વાદ પણ મહદકુળે દીધો છે. ને તુને ઉદ્વેગ સંતાપ સદા રહે છે તે પણ ભગવદનુગ્રહ છે લૌકિક સુદ્ધાં. તે પણ કહ્યું છે; મોટાંએ

શ્રીવલ્લભકુળે તુંને તથા તાહારી વાણીને, તથા તેહેના ગાયક એ ત્રણેને કૃતારથ કહ્યા છે.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

(જુલાઈ ૮૩ના અંકથી આગળ)

અદ્વૈતમતમાં જીવનું સ્વરૂપ

અદ્વૈતવાદી જીવસ્વરૂપનું નિરૂપણ કરતી વખતે ઉપોદ્ધાતમાં કહે છે કે :— 'યુષ્મદસ્મત્પ્રયગોચર યોર્વિષયવિષયિણોસ્તમઃ પ્રકાશવદ્વિરૂદ્ધસ્વભાવયોરિતરેતર ભાવાનુપપત્તૌ સિદ્ધાયાં તદ્ધર્માણામપિ સુતરામિતરેતર ભાવાનુપપત્તિરિત્યતોઅસ્મિત્પ્રત્યયગોચરે વિષયિણિ ઈત્યાદિ. શાંકરભાષ્યમ્ ।

યુષ્મત્પ્રત્યયગોચર દેહ અને અસ્મદ્ પ્રત્યય ગોચર આત્મા, આ બન્ને પરસ્પર જડ, ચૈતન્ય હોવાથી, અંધકાર અને પ્રકાશની માફક બીલકુલ વિરૂદ્ધ ધર્મવાળા છે. માટે તે બેનો અન્યોન્યભાવ અયુક્ત છે, અને તેના ધર્મોનો તો પરસ્પર અન્યોન્યભાવ તદ્દન જ અયુક્ત છે. એ માટે અસ્મત્પ્રત્યયનો વિષય જે (ચૈતન્યમય) આત્મરૂપ વિષય, તેમાં યુષ્મત્પ્રત્યયના વિષયો (દેહ, ઇંદ્રિય વિગેરે જડ અનાત્મ વસ્તુ)નો તથા તેઓનાં ધર્મોનો અધ્યાસ (અતથામાં તથાત્વજ્ઞાન) તથા એનાથી ઉલટી રીતે વિષયમાં વિષયી તથા તેના ધર્મોનો અધ્યાસ મિથ્યા છે એ યુકત જ છે. છતાં પણ ધર્મ અને ધર્મી જે અત્યંત ભિન્ન છે, તેઓનો પરસ્પરનો ભેદ નહિ સમજવાથી અન્યોન્યમાં અન્યોન્યસ્વરૂપ અને એકબીજાના ધર્મોનો અધ્યાસ તથા સત્યાનૃતનો મેળ કરી 'હું મારું આ મિથ્યાજ્ઞાન નિમિત્તક વ્યવહાર ચાલી રહ્યો છે. અતથામાં વિરૂદ્ધમર્મવાળી વસ્તુની કલ્પના કરી લેવાને જ અધ્યાસ કહ્યો છે અને એ જ અધ્યાસને અવિદ્યા તથા અજ્ઞાન કહેવામાં આવે છે. 'જેમ શુકિતમાં ચાંદીનું ભાન. એનાથી વિરૂદ્ધ અર્થાત્ તે અવિદ્યાથી અલગ કરી વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરી લેવાનો વિદ્યા કહે છે, જેમ સુવર્ણમાં સુવર્ણપણાનો નિશ્ચય થવો.

તમે તમવિદ્યાખ્યમાત્માનાત્મનોરિતરેતરાધ્યાસં પુરસ્કૃત્ય સર્વે પ્રમાણ પ્રમેયાદિ વ્યવહારા લૌકિકા વૈદિકાશ્ચ પ્રવૃત્તાઃ સર્વાણિ ચ શાસ્ત્રાણિ વિધિપ્રતિષેધમોક્ષ ણિ ઈત્યાદિ શાં. ભા. ઉપોધ્ધાત (૨) નહીન્દ્રિયાણ્યનુપાદાય પ્રત્યક્ષા દિવ્યવહાર સિદ્ધિ તે ચાધિષ્ઠાન મન્તરેણેન્દ્રિયાણાં વ્યવહારઃ સિદ્ધયતિ નચાધ્ય સ્તાત્મભાવેન દેહેન કશ્ચિદ્ વ્યાપ્રીયતે નચૈત સ્મિન્સર્વસ્મિન્ન સત્યસંગસ્યસ્યાત્મનઃ પ્રમાતૃત્વ મુપયદ્યતે ન ચ પ્રમાતૃત્વમન્તરા પ્રમાણ પ્રવૃત્તિરસ્તિ તસ્માદ

વિદ્યાવદ્વિષયાણ્યેવ પ્રત્યક્ષાદીનિ પ્રમાણાનિ શાસ્ત્રાણિ ચ પશ્વાદિભિશ્ચા વિશેષાત્ત । ઈત્યાદિ શાં. ભા. ૧-૧-૧ । પરમાર્થતસ્તુ ન જીવો નામ બુદ્ધયુપાધિ સંબંધ પરિકલ્પિત સ્વરૂપ વ્યતિરેકેણાસ્તિ । ન હિ નિત્ય મુકતસ્વરૂપાત્સર્વજ્ઞાદીશ્વરાદન્યશ્ચેતનો ધાતુદ્વિતીયો વેદાન્તાર્થ નિરૂપણાયામસ્તિ । શાં. ભા. ૨-૩-૩૧.

આ અવિદ્યા નામના અધ્યાસને આગળ કરી અર્થાત્ આત્માનાત્મવસ્તુના પરસ્પરના અદયાસને લઈ બધા જ લૌકિક અને વૈદિક પ્રમાણ પ્રમેયાદિનો વ્યવહાર પ્રચલિત છે. (ચાલુ છે) અને સર્વ વિધિનિષેધ તથા મોક્ષ કહેવાવાળાં શાસ્ત્રોને પણ એવી જ રીતે સમજો અર્થાત્ મિથ્યા જાણો. દેહ તથા ઇન્દ્રિય વિગેરેમાં 'હું અને મારૂં' આ અભિમાનરહિત આત્માનું પ્રમાતાપણું થઇ શકતું નથી અને આત્મભાવ જેમાં અધ્યસ્ત નથી એવાં દેહાદિથી કોઇપણ કોઇ વ્યાપાર કરતું નથી. આ બધું ન હોય તો અસંગ આત્મા પ્રમાતા થઇ શકતો નથી, અને પ્રમાતા વગર પ્રમાણની પ્રવૃત્તિ નથી, માટે જ પ્રત્યક્ષાદિ પ્રમાણો તથા વેદ, સ્મૃતિ, પુરાણાદિ બધાં શાસ્ત્રો માત્ર અવિદ્વાન પશુસદશ અજ્ઞાનીઓને માટે જ છે. એ જ અધ્યાસના સમૂલ નાશ માટે સમગ્ર વેદાંતાદિ શાસ્ત્રોનો પ્રારંભ થયો છે, જયારે આત્મા સિવાય સમગ્ર પ્રમાણપ્રમેયાદિ અને જડજીવાદિ પ્રપંચ અધ્યાસ માત્ર છે, તો એ સિદ્ધ થાય છે કે જીવ પણ કલ્પનામાત્ર છે. સમગ્ર સૃષ્ટિપ્રતિપાદક શ્રુતિઓ પણ અવિદ્યાકલ્પિત ઇશ્વરનિમિત્તક, અજ્ઞાનોપાદાનક (ઇશ્વર જેનું નિમિત્તકારણ, અને અજ્ઞાન (અવિદ્યા) જેનું ઉપાદાન કારણ સૃષ્ટિમાં સાવકાશ સમજવી અર્થાત્ ત્યાં તે શ્રુતિઓની સાર્થકતા છે, જીવ પણ બુદ્ધયુપાધિપરિકલ્પિત સ્વરૂપની સિવાય બીજું કઇ પણ નથી. અર્થાત શુધ્ધ, બુધ્ધ, મુકત આત્મા ચેતન બ્રહ્મજ અવિદ્યાવચ્છિન હોવાથી 'જીવ' કહેવાય છે, વસ્તુતઃ નિત્ય મુકત શુધ્ધ બ્રહ્મની સિવાય અન્ય ચેતન પદાર્થ વેદાંતાર્થ નિરૂપણ કરવા માટે દેખાતો નથી. અવિદ્યાવચ્છિન્ન ચેતન જ જીવ કહેવાય છે, ખરી રીતે જીવ બીજો કોઇ પદાર્થ નથી. અદ્વૈતવાદીઓમાં જીવ વિષે અનેક મતો છે, કોઈ કહે છે કે અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ જીવ છે, બીજા કહે છે કે મલિનસત્વા માયામાં પ્રતિબિંબ જ જીવ છે ત્યારે તૃતીય વર્ગનો એવો મત છે કે અધ્યાસ માત્ર જ જીવ છે, ઇત્યાદિ, અસ્તુ (ઠીક) વાસ્તવમાં નિત્ય, સત્ય, બીજો, કોઇ જીવ પદાર્થ નથી. એમાં તો કોઇ પણ વિરૂધ્ધ નથી. તેઓ આવી પોતાની કલ્પનામાં સર્વ ખલ્વિદં બ્રહ્મ નેહ નાનાસ્તિક કિંચન 'નાન્યોઅતોસ્તિ દ્રષ્ટા નાન્યોતોઅસ્તિ શ્રોતા' ઇત્યાદિ શ્રુતિઓનું પ્રમાણ દેખાડે છે, જ્યારે જીવ જ કલ્પના માત્ર છે તો પછી તેનાં કતૃત્વ, જ્ઞાતૃત્વ વિગેરે ધર્મો પણ દુરાપાસ્ત છે માટે જ શાંકરમાયાવાદી લોકો જીવને કલ્પિત અધ્યસ્ત, પ્રતિબિંબ આભાસ અભોકતા, અકર્તા, અજ્ઞાતા, જ્ઞાનમાત્ર અને વ્યાપક માને છે. (ક્રમશઃ)

ઓગસ્ટ-૮૩ અંક ૫ ના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૬૧. શ્રી વલ્લભદાસ ગોરધનદાસ-જેતપુર
૬૨. ,, નરેન્દ્ર જ્વેલર્સ-રાજકોટ
૬૩. ,, સોની પ્રાણજીવનભાઈ રૂગનાથ રાજકોટ
૬૪. ,, કુંવરજી જગજીવન કંસારા-રાજકોટ
૬૫. ,, ખત્રી ચમનલાલ મોનજીભાઈ-રાજકોટ
૬૬. શ્રી અમૃતલાલ બ્રધર્સ-રાજકોટ
૬૭. ,, ડો. સી. આર. બાલધા-રાજકોટ
૬૮. ,, જમનાદાસ મુળજીભાઈ દાવડા-રાજકોટ
૬૯. ,, પુષ્ટિમાર્ગીય વૈ. પુસ્તકાલય-રાજકોટ
૭૦. ,, રવિન્દ્ર બટુકભાઈ સોમૈયા-રાજકોટ

* * *

શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

સેવા પાત્ર બનો

પ્રાણી માત્ર સ્થાવર જંગમ તે પ્રભુનું મંદિર છે. શ્રી ભગવાને ભાગવતમાં કહ્યું છે કે આ સર્વે જગત છે તે મારૂં ક્રીડા કરવાનું સ્થાન છે, માટે સર્વ જગતમાં હું વસું છું, તેથી કોઈપણ મારા મંદિરને બાળશો નહિ.

હવે બાળવું તે શું ?

કોઈપણ પ્રાણી માત્રને કઠણ વચન કહેવું નહિ. વળી કોઈના. ઉપર દ્વેષબુદ્ધિ રાખવી નહિ. કદાચિત કોઈ વખત મનમાં દ્વેષ આવે, તો તે જ્ઞાન વડે કાઢી નાંખવો. માટે સર્વ પ્રાણીમાત્ર કીડીથી માંડીને હાથી પર્યંતને વિષે અમૃત દષ્ટિએ કરીને જોવું ત્યારે એ જીવ મારીસેવાને પાત્ર થાય અને જો પાત્ર થયા વિના મારી સેવા કરશે તો તે ફલરુપ નથી, તેથી હું તેના ઉપર પ્રસન્ન થતો નથી. માટે આ જીવ સેવાનું પાત્ર થાય તો તે મને પ્રિય લાગે એમ ભગવાને કહ્યું છે.

"દાન લીલાનું ધોળ"

અમે આવ્યા તમારે આશરે, અલબેલાજી,
હવે શું કરીએ જઈ સાસરે, અલબેલાજી, ૧

ફેરા તણું ફળ એ મળ્યું, અલબેલાજી,
મન ગમતું મુજને મળ્યું, અલબેલાજી. ૨

હીરલો લાધ્યો હાથમાં, અલબેલાજી,
તમે શોભો સૈયરના સાથમાં, અલબેલાજી. ૩

તમારૂં શ્યામળું અંગ અડશોમાં, અલબેલાજી,
ગુણવંતીને લાંછન લગાડશોમાં, અલબેલાજી, ૪

જો જાણશે મારી માવડી, અલબેલાજી,
કાન્હા સાથે પ્રીત શી આવડી, અલબેલાજી. ૫

અમે કાજળ આંજશું આંખમાં, અલબેલાજી,
તમો નેણાંની ચોટો નાંખોમાં, અલબેલાજી. ૬

હું તો દાન નહિ આપુ દોકડો, અલબેલાજી,
અમે જવાબ આપીશું રોકડો, અલબેલાજી. ૭

હું બીવરાવી બીહતી નથી, અલબેલાજી,
હું ઓશીયાળી કોઈની નથી. અલબેલાજી. ૮

હું ઓશીયાળી પ્રભુ તમ તણી, અલબેલાજી,
શ્રી **'વલ્લભ'** ના સ્વામી છે ધણી. અલબેલાજી. ૯

–ભક્ત કવિશ્રી વલ્લભદાસ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

ઓગસ્ટ-૮૩ અંક ૫ ના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૬૧. શ્રી વલ્લભદાસ ગોરધનદાસ-જેતપુર
૬૨. ,, નરેન્દ્ર જ્વેલર્સ-રાજકોટ
૬૩. ,, સોની પ્રાણજીવનભાઈ રૂગનાથ રાજકોટ
૬૪. ,, કુંવરજી જગજીવન કંસારા-રાજકોટ
૬૫. ,, ખત્રી ચમનલાલ મોનજીભાઈ-રાજકોટ
૬૬. શ્રી અમૃતલાલ બ્રધર્સ-રાજકોટ
૬૭. ,, ડો. સી આર. બાલધા-રાજકોટ
૬૮. ,, જમનાદાસ મુળજીભાઈ દાવડા-રાજકોટ
૬૯. ,, પુષ્ટિમાર્ગીય વૈ. પુસ્તકાલય-રાજકોટ
૭૦. ,, રવિન્દ્ર બટુકભાઈ સોમૈયા-રાજકોટ

* * *

શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત
સેવા પાત્ર બનો

પ્રાણી માત્ર સ્થાવર જંગમ તે પ્રભુનું મંદિર છે. શ્રી ભગવાને ભાગવતમાં કહ્યું છે કે આ સર્વે જગત છે તે મારૂં ક્રીડા કરવાનું સ્થાન છે, માટે સર્વ જગતમાં હું વસું છું, તેથી કોઈપણ મારા મંદિરને બાળશો નહિ.

હવે બાળવું તે શું ?

કોઈપણ પ્રાણી માત્રને કઠણ વચન કહેવું નહિ. વળી કોઈના. ઉપર દ્વેષબુદ્ધિ રાખવી નહિ. કદાચિત કોઈ વખત મનમાં દ્વેષ આવે, તો તે જ્ઞાન વડે કાઢી નાંખવો. માટે સર્વ પ્રાણીમાત્ર કીડીથી માંડીને હાથી પર્યંતને વિષે અમૃત દૃષ્ટિએ કરીને જોવું ત્યારે એ જીવ મારીસેવાને પાત્ર થાય અને જો પાત્ર થયા વિના મારી સેવા કરશે તો તે ફલરુપ નથી, તેથી હું તેના ઉપર પ્રસન્ન થતો નથી. માટે આ જીવ સેવાનું પાત્ર થાય તો તે મને પ્રિય લાગે એમ ભગવાને કહ્યું છે.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

"દાન લીલાનું ધોળ"

અમે આવ્યા તમારે આશરે, અલબેલાજી,
હવે શું કરીએ જઈ સાસરે, અલબેલાજી, ૧

ફેરા તણું ફળ એ મળ્યું, અલબેલાજી,
મન ગમતું મુજને મળ્યું, અલબેલાજી. ૨

હીરલો લાધ્યો હાથમાં, અલબેલાજી,
તમે શોભો સૈયરના સાથમાં, અલબેલાજી. ૩

તમારૂં શ્યામળું અંગ અડશોમાં, અલબેલાજી,
ગુણવંતીને લાંછન લગાડશોમાં, અલબેલાજી, ૪

જો જાણશે મારી માવડી, અલબેલાજી,
કાન્હા સાથે પ્રીત શી આવડી, અલબેલાજી. ૫

અમે કાજળ આંજશું આંખમાં, અલબેલાજી,
તમો નૈણાંની ચોટો નાંખોમાં, અલબેલાજી. ૬

હું તો દાન નહિ આપુ દોકડો, અલબેલાજી,
અમે જવાબ આપીશું રોકડો, અલબેલાજી. ૭

હું બીવરાવી બીહતી નથી, અલબેલાજી,
હું ઓશીયાળી કોઈની નથી. અલબેલાજી. ૮

હું ઓશીયાળી પ્રભુ તમ તણી, અલબેલાજી,
શ્રી '**વલ્લભ**' ના સ્વામી છે ધણી. અલબેલાજી. ૯

–ભક્ત કવિશ્રી વલ્લભદાસ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સ્વધર્મનિષ્ઠ વૈષ્ણવોનું સંગઠન કરી શ્રીમદ્વલ્લભાચાર્યજીના દિવ્ય સિદ્ધાન્તોનો પ્રચાર–પ્રસાર, સાચીસમજ આપવા સતત પ્રયત્નશીલ છે.

* શું આપ હજુ સુધી 'પરિષદ'ના સભ્ય બન્યા નથી?
* શું આપના ગામાંમાં પરિષદની શાખા નથી?
* શુ આપને ત્યાં પરિષદના પ્રકાશનો પહોંચતા નથી?

આવો! પરિષદના ધ્વજ નિચે એકત્ર થઇ પૂ. આચાર્ય બાળકોની આજ્ઞાનુસાર સેવાનીષ્ઠ જીવન જીવવા પ્રયત્ન કરીએ, પરિષદ સહુને આવકારે છે.

卐

વર્ષ ૨ : અંક ૭ * ઓકટોબર, ૧૯૮૩ * શ્રીવલ્લભાબ્દ ૫૦૫

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦/ * આજીવન રૂા ૧૫૧/-

અથ ચતુરાત્માષ્ટકમ્

લેખક : **શ્રી ગોપીલાલ મુખીયા**
(શ્રી ગોવિંદ) કોવિદ

ઋગ્વેદો રાધિકા હિ, યજુર્વેદશ્ચ યામુનઃ ।
ઋષિરૂપાઃ સામવેદો, હ્યથર્વોઽગ્નિકુમારિકાઃ ॥૧॥

શ્રુતિરૂપા હિ વેદાત્મા, કૃષ્ણગીતા કુમારિકાઃ ।
યમુના વ્યાસસૂત્રાત્મા, ભાગવતં ચ રાધિકા ॥૨॥

સંકર્ષણઃ શ્રુતિરૂપાઃ, વાસુદેવો હિ રાધિકા ।
કાલિંદી કામદેવાત્મા, અનિરુદ્ધઃ કુમારિકાઃ ॥૩॥

ચંદ્રાવલી ચક્રરૂપા, શંખઃ શ્રીયમુના મતા ।
પદ્મિની રાધિકા પૂર્ણા, ગદારૂપા કુમારિકા ॥૪॥

શ્રીરાધિકા હિ સત્યાત્મા, ત્રેતાયામગ્નિપુત્રકઃ ।
દ્વાપરે શ્રુતિરૂપા હિ, કાલિંદી તુ કલૌ યુગે ॥૫॥

સાલોક્યં શ્રુતિરૂપાઃ સામીપ્યં તુ કુમારિકાઃ ।
સારૂપ્યં યમુના દેવી, સાર્ષ્ટિં શ્રીરાધિકા મતા ॥૬॥

રામસ્તુ ઋષિરૂપાશ્ચ, શ્રીનૃસિંહસ્તુ રાધિકા ।
કૃષ્ણા કૃષ્ણજયંતી ચ, શ્રુતિરૂપા હિ વામનઃ ॥૭॥

ધર્માર્થકામમોક્ષાખ્યાઃ, પુષ્ટિ ભાવરસાત્મિકાઃ ।
ઋષિરૂપાઃ શ્રુતિરૂપાઃ, કાલિંદી રાધિકા મતા ॥૮॥

ચંદ્રાવલી વિઠ્ઠલેશો, વલ્લભાગ્નિશ્ચ રાધિકા ।
ગોકુલેશો હિ યમુના, રઘુનાથોઽગ્નિપુત્રકાઃ ॥૯॥

નિબંધાત્મા હિ યમુના, શ્રીરાધાત્મા સુબોધિની ।
ગાયત્રાભાષ્યઃ શ્રુત્યાત્મા, અણુભાષ્યઃ કુમારિકાઃ ॥૧૦॥

કુમારિકાશ્ચ કાલિંદી, રાધા ચંદ્રાવલી મતાઃ ।
ગ્રંથાત્મા ષોડશકલઃ, પુષ્ટિમાર્ગે પ્રમાણિતઃ ॥૧૧॥

શ્રીવલ્લભં વિઠ્ઠલેશં, ગિરિધરં ગોકુલાધિપમ્ ।
ચતુરાત્મહરિરાયં પુષ્ટિસ્થં પ્રણતોઽસ્મ્યહમ્ ॥૧૨॥

◆

પુષ્ટિમાર્ગમાં ઋગ્વેદ શ્રીરાધિકાજી છે, યજુર્વેદ શ્રીયમુનાજી છે, સામવેદ ઋષિરૂપાઓ છે અને અથર્વવેદ અગ્નિકુમારિકાઓ છે. ॥૧॥

વેદો શ્રુતિરૂપા છે, શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા કુમારિકાઓ છે. વ્યાસસૂત્રો શ્રીયમુનાજી છે અને શ્રીભાગવતજી રાધિકાજી છે. ॥૨॥

સંકર્ષણ શ્રુતિરૂપા છે, વાસુદેવ શ્રીરાધિકાજી છે, પ્રદ્યુમ્ન શ્રીકાલિંદીજી છે અને અનિરુદ્ધ કુમારિકાઓ છે ॥૩॥

ચક્રરૂપે શ્રીચંદ્રાવલીજી છે, શંખ રૂપે શ્રી યમુનાજી છે, પૂર્ણ પદ્મરૂપે શ્રીરાધિકાજી છે અને ગદારૂપે કુમારિકાઓ છે. ॥૪॥

સત્યયુગ શ્રીરાધિકાજી છે, ત્રેતાયુગ શ્રી અગ્નિકુમાર છે, દ્વાપરયુગ શ્રુતિરૂપાઓ છે અને કલિયુગ શ્રી કાલિંદીજી છે. ॥૫॥

સાલોક્ય મુક્તિ શ્રુતિરૂપા છે, સામીપ્ય મુક્તિ કુમારિકાઓ છે, સારૂપ્ય મુક્તિ દેવી શ્રીયમુનાજી છે અને સાર્ષ્ટિ મુક્તિ રાધિકાજી મનાયાં છે. ॥૬॥

રામજયંતી ઋષિરૂપા છે, નૃસિંહ જયંતી શ્રી રાધિકાજી છે, કૃષ્ણજયંતી શ્રીયમુનાજી છે અને વામન જયંતી શ્રુતિરૂપાઓ છે. ॥૭॥

પુષ્ટિભાવના રસસ્વરૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરુષાર્થો અનુક્રમે ઋષિરૂપાઓ, શ્રુતિરૂપાઓ, કાલિંદીજી અને શ્રીરાધિકાજી મનાયેલાં છે. ॥૮॥

શ્રીવિઠ્ઠલેશજી ચંદ્રાવલીનું સ્વરૂપ છે, અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી રાધિકાનું સ્વરૂપ છે, શ્રીગોકુલેશજી યમુનાજીનું સ્વરૂપ છે અને શ્રી રઘુનાથજી અગ્નિપુત્રકોનું સ્વરૂપ છે. ॥૯॥

નિબંધ શ્રીયમુનાજીનું રૂપ છે, સુબોધિનીજી શ્રી રાધિકાજીનું રૂપ છે, ગાયત્રીભાષ્ય શ્રુતિરૂપાઓનું અને અણુભાષ્ય કુમારિકાઓનું રૂપ છે. ॥૧૦॥

કુમારિકાઓ, કાલિંદી, શ્રી રાધાજી અને ચંદ્રાવલીજી એ ષોડશગ્રંથોરૂપે પુષ્ટિમાર્ગમાં પ્રમાણભૂત મનાયેલ છે. ॥૧૧॥

પુષ્ટિમાર્ગમાં રહેલા શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલેશજી, શ્રીગિરિધરજી અને શ્રીગોકુલેશજી તેમજ એ ચારેયના આત્મસ્વરૂપ શ્રી હરિરાયજીને હું નમસ્કાર કરું છું. ॥૧૨॥

◆

॥ શ્રીહરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન,
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**
❋
વર્ષ ૨ : અંક ૭
ઓકટોબર, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫,
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

પુષ્ટિમાર્ગ સંસ્કાર શિબિર

શ્રીમદ્‌વલ્લભાચાર્ય દ્વારા પ્રવર્તિત શુદ્ધાદ્વૈતદર્શન અને પુષ્ટિમાર્ગ એટલે શું ? તે કયા સિદ્ધાન્તો પર આધારિત છે. વર્તમાન સ્થિતિમાં તેની મહત્તા શું ? પુષ્ટિમાર્ગનો માનવજાતિ માટે સંદેશ શું ?......વિગેરે જાણવાની જીજ્ઞાસા આજના યુવાન વર્ગમાં છે.

તે દૃષ્ટિથી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ઈન્દોર શાખા તથા વૈષ્ણવ મિત્ર મંડળ દ્વારા ઈન્દોર મુકામે ૧૯ ઓકટોબરથી ૨૩ ઓકટોબર સુધીનો પાંચ દિવસનો અભ્યાસ વર્ગ શ્રીપુષ્ટિમાર્ગ જ્ઞાન શાળા 'સંસ્કાર-શિબીર" નું આયોજન કરવામાં આવેલ છે.

શિબિરમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનું જ્ઞાન, કિર્તન, ચારિત્ર્ય નિર્માણ, સંસ્કાર, યોગાસન, તેમજ ઈતિહાસ વિગેરેની પૂ. ગો. પ્રથમેશજી પૂ. ગો. શ્રી વિઠલેશરાયજી પૂ. ગો. શ્રી કલ્યાણરાયજી પૂ. ગો. શ્રી ગોકુલોત્સવજી પૂ. ગો. શ્રી દેવકીનન્દનજી વિગેરે આચાર્યો તથા સંપ્રદાયના માનનિય ભગવદીયો દ્વારા શિક્ષા આપવામાં આવશે.

ઉપરોકત શિબિરમાં આઠ ધોરણ ઉપરના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે. સૌરાષ્ટ્ર વિભાગમાંથી જેમને જોડાવાની ઈચ્છા હોય તેઓએ રાજકોટના વૈષ્ણવ પરિષદના મંત્રીશ્રી ડાયાભાઈ કસ્તુરચંદ કંસારાનો સંપર્ક સાધવો. ઠે. કંસારા બજાર, રાજકોટ.

વિશેષમાં માહિતી માટે.
સંસ્કાર શિબીરના વ્યવસ્થાપકશ્રીને નીચેને સરનામે પત્ર લખવો.

શ્રી દિલીપકુમાર નીમા
ફોન નં. ૩૯૯૭૮ તથા ૨૨૬૪૨
૪૦, મોતી મહલ, હુકમચંદ માર્ગ.
ઇન્દૌર. (મધ્ય-પ્રદેશ) પીન : ૪૫૨-૦૦૨

॥ શ્રીહરિઃ ॥

ચિંતન અને મનન

પુ. પા. ગો. **શ્રી પ્રથમેશજી મહારાજ**

આજના સમયમાં વૈષ્ણવો પોતાના સ્વરુપ અને સ્વધર્મ ને વિચારી ને ક્લેશ અને ઝગડા **થી** દુર રહીને સંપ્રદાયની સેવા એકતાથી કરે તો જ આ માર્ગ ટકી શકશે. કલિયુગનો પ્રવેશ આજે વધુ પ્રમાણમાં છે. ભગવદ્ ભાવના ટકાવી રાખવી મુશ્કેલ છે. એ ત્યારેજ ટકી શકશે જ્યારે આપણો સમાજ મનનો સંયમ કરીને એકતાની સાધના કરવા માટે શ્રી વલ્લભાચાર્ય ની વાણી ને કઇક અંશ મા અનુસરતો થશે.

દરેક સ્થાન માં પક્ષો બન્યા છે, અને આ જૂથવાદ સેવા માટે ન હોઈ કેવળ કલહનું કારણ બનીને કુસંપ ઉપજાવે છે. ભગવદ્ ભકતોના ગુણોનું ચિન્તન કરવુ અને સત્સંગ કરતા તેની વિશેષતા સમજવી તથા મનમાં વિચાર કરીને જાતને જ સુધારવા માટે અન્તઃકરણ ને સમજાવવાની સાધના કરવી જોઇએ.

શુધ્ધ મનમાંજ પ્રભુ નો આવેશ થાય છે. રાગદ્વેષ તો આપણા ધર્મમા બાધક છે. અને તેનાથી જેટલુ દુર રહેવાય તેટલું સારું છે. શ્રી મહાપ્રભુ ની વાણી ને વિવેક થી મનન કરીને જીવન મા ઉતારવા માટે સાધના શિબિરોનું આયોજન કરવું જોઇએ. આમા એક, બે, કે ત્રણ દીવસનો કર્યક્રમ રાખી મનની શુધ્ધી કરવાને મળવુ અને જેના પ્રત્યે જે દ્વેષ આદિ મનમાં હોય તે તેનાથી ક્ષમા યાચના કરીને કાઢી નાખવાનો પ્રયાસ કરવો. આમ કરતા સંભવ છે તે વ્યકિત ખરાબવાણી પણ બોલે અને તેને સહન કરવાનો પ્રયાસ કરવો. વિવેક, ધૈર્ય અને આશ્રય ની સાચવણી માટે તે ગ્રંથ ઉપરવિદ્વાન પાંસેથી વ્યાખ્યા સાંભળવી.

અણગમો હોવા છતા મનથી તેમને નજીક લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. વૈષ્ણવો જો માર્ગ ને સોધવાને તત્પર બનશે તો તેને કોઇપણ તોડી શકશે નહીં આ વાત મનમા સમજવાની જરૂર છે. સત્યના પરિણામો માં વાર લાગે છે. અને તેમાજોઇતી ધીરજ ભગવાન અને ભગવદીયના આશ્રય થી ટકીશકે છે. સત્સંગમા પણ ભાગલા અને ભંગાણ થવાનુ કારણ સત્સંગની વાસ્તવિકતાને સમજવાની બેદરકારી છે. શુધ્ધ મન થી ગમેતેની વૃત્તિ બદલાઇ

પૃષ્ઠ પ્રકાશન સહાયઃ– ગો. વા. પ. ભ. લાલજીભાઇ દયાળજી રાણપુરાના જયશ્રીકૃષ્ણ
હા. શ્રીજીવનલાલ લાલજીભાઇ (રાજકોટ) ના ભગવદ્ સ્મરણ

શકે છે. આમ ચિન્તન થી પણ સંભવ છે. આવું ચિન્તન સાચા મનથી થવુ જોઇએ. એકાન્તમાં કરવુ અને પ્રભુ તથા શ્રીમહાપ્રભુ નું સ્મરણ કરીને જ શરુ કરવું. મનનો પ્રભાવ વધુ વેગવાળો છે અને આપણી ભાવના શુધ્ધથતાં બીજાને પણ અસર થવાની છે. અનુષ્ઠાન વિગેરે માં પણ મનનું ચિન્તન ફળરૂપ બને છે. સેવામા પણ તે કારણ રૂપ છે. ચિત્તને પરોવવાની વાત આચાર્યશ્રીની વાણીમાં છે સેવા માટે આ અગત્યની છે તેમજ આ મનની સાધના છે.

ધર્મનો ઉપયોગ વહેવાર માં નિષ્કપટ ભાવથી કરિએ તો શાન્તિ અને આનંદ મળે છે. ઉપરથી વાણીમાં વહેવારુ થવા કરતા મનની શુધ્ધતાનો પ્રયાસ કરવો યોગ્ય છે. આમ મનમાં બિરાજતા પ્રભુનું સુખપણ વિચારી શકાય અને ભગવાનમાં અનુરાગ પણ વધે છે. આજે દરેક મંદિર કે સંસ્થામા કૂલેશ અને અન્ય બાબતોએ ધર્મના મૂળ સ્વરૂપની હાનિ કરી છે. મનનો નિગ્રહ, શ્રી હરિના અનુગ્રહ થી મૌન ચિન્તન કરવાથી અને મનની વાત કરવાથી થઇશકે છે. શ્રી વૃજજનોએ આનો દાખલો બેસાર્યો છે. આ કેવળ પ્રેમની ઘેલછા નહોતી આની પાછળ મોટુ ડહાપણ ભર્યું છે. આવુ ચિન્તન કરવાથી તેની સ્પષ્ટતા સમજાશે. સ્નેહ તો સમાધાન અને ચિત્ત ને પરોવામા પરમ કારણરૂપ હોયજ છે. તેને વાસનાથી મુકત કરિયે તો તેમા અલૌકિક ગુણો પોતેજ પ્રકટે છે.

સેવા કર્યા પછી ભાવના કરવાનો પ્રકાર આજ વાત સુચવે છે. ભકત જનોએ આમ પોતાનો સંદેશો ભગવાનને આપ્યો હતો, આપણે પણ એકતનો સંદેશો આપી શકિએ છીએ. અન્તરયામી પ્રબળ છે અને તે જીવનમા પલટો લાવશે. આ બાબત શાસ્ત્રમાં મનન અને ચિન્તન તથા નિદ્દિધ્યાસનનાં પ્રકારથી સમજાવવામા આવી છે. ભકિતમાર્ગમાં તેનો અનેરો પ્રકાર ભકતોના લીલા ચિન્તનની પ્રકટયો છે. વિરહશબ્દનો અર્થ કેવળ દુખી થવાનું નથી. આ એકાન્ત ચિન્તનની પરમ્પરા છે. પણ આજે તેને સમજવામા ભુલ કરતા લોકો વિમુખ બનિજાય છે. આમાં (સેવા પથતયારથેયમ)ની વાત છોડી દેવાથી આ સ્થિતિ થાય છે. આ મનની શિથિલતાથી સિધ્ધાઇ દેખાડવાના પ્રયાસો થાય તે અજુગતા છે. સેવામાં મન અને તન બન્નેની સક્રિયતા જોઇએ તેમજ ચિન્તનથી મન નિર્મળ ન થવાનુ કારણ, માનસિક વિકારોની સ્થિતિ ઉંડાણમા હોય તો આવુ બનીશકે છે. માટે શ્રી હરિનુ ચિન્તન કરીને મન નિર્મળ કરવાની વાત જણાવી છે. વિષયના વિષ તેમના થકીજ દુર થઇશકે.

લીલા ચિન્તનનું ધોળ અને અન્ય પ્રકારો છે જે સરળતાથી આ વાત સમજાવે છે. છતાં મન માં ન બેસવાનું કારણ એ જ હોઇશકે કે સસ્તુ લખેલુ સમજાય માટે તે

પૃષ્ઠ પ્રકાશન સહાય :— ગો. વા. પ. ભ. ઉજમબા લાલજીભાઇ રાણપુરાના જયશ્રીકૃષ્ણ
હા. શ્રી જીવનલાલ લાલજીભાઇ (રાજકોટ) ના ભગવદ્ સ્મરણ

સારહીન માની ને છોડી દેવામાં આવે છે. અને લોકો વહેવારૂ રીતે કહે છે. અરે આમા કઇ મોટીવાત છે. આ અણસમજનું કારણ છે. મશ્કરી વાતને ઉડાડી દે, તેમજ આવીસ્થિતિમાં ગમ્ભીરતત્વ ઉડીજાય છે.

શ્રીમદ્ આચાર્યના દર્શનને, સેવા અને સદ્દાચારના પરિપ્રેક્ષ્યોથી જોવાય તો જીવનનું કલ્યાણ થાય તેમજ લોકમાં પણ સુખ અને શાન્તિ અનુભવાય તેમ છે. સારી રીતે સમજવાનું જે છે તે આવોજ આદેશ છે. સ્વધર્મ ને આત્મધર્મ તરીકે તો શું પણ દેહધર્મ તરીકે પણ લોકો બરાબર સમજવાની તસ્દી લેતા નથી. માટે આવા વાતાવરણથી દુર રહીને સંસ્થા અને સ્વધર્મની સેવા ચિન્તન કરતાં કરવી યોગ્ય છે. આવી રીતે સાંજના અથવા રાતના ચિન્તન સુખદ થાય છે. કેમકે વાતાવરણમાં શાન્તિ હોય છે તેમજ તે પરોઢિયામાં પણ કરી શકાય છે. આપણા માર્ગમાં આ સ્મરણનો પ્રકાર કહેવાયો છે. આવુ ચિન્તન સવારે સ્નાન પછી કરવું યોગ્ય છે અથવા મોઢું ધોઇ ચરણામૃત લઇને કરવું જોઇએ. સેવા કરનારને સેવાનો પ્રથમ વિચાર કરી રાતનાં ચિન્તન કરવું જોઇએ. આવી પ્રણાલી કીર્તન અને અન્ય સાહિત્યમાં પ્રદર્શિત છે. આમ લાંબા સમય સુધી અભ્યાસ કરવો જોઇએ કેમકે આપણી મનસ્થિતિ આજે તેવી યોગ્ય હોતી નથી. આમા વાતાવરણનો ચાલતા ફરતા પ્રભાવ આવી જાય છે. ચરણોદક લેતી વખતે તેના મહાત્મ્યનું પ્રથમ મનન કરવુ અને પછી મનથી ચિન્તન કરવું યોગ્ય છે.

આમ જીવનમાં સાચો પલટો ડોળકર્યા વિના લાવી શકાય સેવા છે. થકી અને અન્ય વાતોથી આ રસ્તો ભકિત માર્ગમાં આચાર્યશ્રીએ લીલાના ચિન્તનો ઉપદેશ આપી સરળતાથી શ્રીસુરદાસને શિખડાવ્યો હતો. તે મહાન હતા તો સહેજમા સમજીગયા આપણને વિલમ્બ થશે. વૃજજનો ની વાણી "ઉધો મન ન ભયે દસબીસ" આ પદ થી કોઈ મન દસ કે વીસ હોતા નથી પણ તેની સ્થિતિ અને તેની સ્થિર ભાવનાનું દિગ્દર્શન થાય છે. મન માંથી દસવીસ નિકળી જાય તો તેમા અનેરી સામર્થ્ય આવે છે. આમા યોગિઓ તેને બીજેરસ્તે વાળે છે અને ભકતો નો માર્ગ ભિન્ન છે. આટલુ આપણા સમાજમાં આજે સમજવાની જરૂર છે તો ગૈષ્ણવતા સચવાશે. **ગો. ર. પ્રથમેશ**

* * *

પૃષ્ઠ પ્રકાશન સહાય :- ગો. વા. પ. ભ. હરિભાઇ દામોદરભાઈ કંદોઈના જયશ્રીકૃષ્ણ હા. શ્રી પરસોતમદાસ (બચુભાઇ) હરીભાઇ મોરબીવાળા (ઘાટકોપર) ના ભગવદ્ સ્મરણ

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક નવમો)

અન્તવન્ત ઇમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।
અનાશિનોઽપ્રમેયસ્ય વસ્માદ્યુધ્યસ્વ ભારત ॥૧૮॥

નાશ રહિત. અપ્રમેય અને અવિનાશી જીવાત્માનાં આ શરીરો અંતવાળાં કહેવાયેલાં છે, તેથી હે ભરતકુલોત્પન્ન અર્જુન, તું યુદ્ધ કર ॥૧૮॥

અરે, દેહાદિનો નાશ પ્રત્યક્ષ અનુભવાય છે, તેનું રૂપ શું છે ? એવી શંકા કરીને 'અંતવન્તઃ' વગેરે શબ્દોથી કહે છે :–

નિત્ય એટલે જન્મમરણ રહિત જીવને પ્રકટેલી અભિલાષાથી પ્રાપ્ત થયેલ અને માયાના સંબંધવાળા, ચોમેર દેખાતા ભીષ્મ વગેરે બધાના આ લૌકિક દેહો અંતવાળા કહેવાયેલા છે, એમ અર્થ છે.

વિનાશ રહિત, અપ્રમેય (હજારો ઉપાયથી) પણ સમજી શકાય નહિ તેવો), ભગવાનના સંબંધવાળો, જીવનો દેહ એથી ઊલટું અંતવાળો નથી, એમ અર્થ છે.

બધાના દેહો અંતવાળા છે, એવા કથનમાં તો પહેલાં કહેવાયેલાં વચનો વડે વિરોધ આવે, તેથી જ તેઓમાં ભિન્નપણું દર્શાવવાને માટે જ 'ઇમે' (આ) એમ પ્રભુએ કહ્યું છે. તેથી એઓને મારવાથી પાપની શક્યતા નથી, 'તું યુદ્ધ કર' એમ કહેવાનો એવો અર્થ છે. 'હે ભારત' એવું સંબોધન, કહેલ વચનમાં વિશ્વાસ બેસાડવા માટે છે; કારણ કે સત્કુલમાં જન્મેલાને એ પ્રમાણેના ભગવાનના વાક્યમાં વિશ્વાસ હોય છે. ॥૧૮॥

ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।
ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ।૧૯।

જે એને (આત્માને) હણનાર માને છે અને જે એને (આત્માને) હણાયેલો માને છે, તેઓ બંને જાણતા નથી કે આ (આત્મા) હણતો નથી અને હણાતો (પણ) નથી ॥૧૯॥

અરે, એમ છતાં જીવ ભગવાનનો અંશ હોવાથી શી રીતે હણી શકાય ? તેથી 'યઃ યેનમ' એવા શબ્દોથી કહે છે :–

જે એને હણનારો માને છે અને જે એને હણાયેલો માને છે, તે બંને નથી જાણતા કે આ (આત્મા) હણતો નથી કે હણાતો નથી. મારી ઇચ્છાથી જ બધું થાય છે, એવો ભાવ છે. ॥૧૯॥

ન જાયતે મ્રિયતે વા કદાચિન્–
નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો
ન હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥

પૃષ્ઠ પ્રકાશન સહાય :– ગો. વા. પ. ભ. સમજુબેન હરીભાઇ કંદોઇ ના જયશ્રીકૃષ્ણ હા. શ્રી પરસોતમદાસ (બચુભાઇ) હરીભાઇ મોરબીવાળા (ઘાટકોપર–મુંબઇ) ના ભગવદ્ સ્મરણ

આ (આત્મા) કયારેય જન્મતો નથી કે મરતો નથી, અથવા ઉત્પન્ન થઇને ફરીથી થનાર નથી. આ (આત્મા) અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણાય છે ત્યારે તે હણાતો નથી. ।।૨૦।।

મારવું વગેરે સંભાવના તો જન્માદિ ભાવ હોય છે ત્યારે થાય છે, તે જ નથી, એમ 'ન જાયતે' વગેરે શબ્દોથી કહે છે:-

જન્મનો અભાવ નિરૂપાયો છે અથવા કયારેય મરતો નથી, એવા શબ્દોથી મરણનો નિષેધ નિરૂપાયો છે. આ ઉત્પન્ન થઇને ફરીને થનારો નથી. તેમાં આ ભાવ છે:- મારી ક્રીડા માટે સૃષ્ટિમાં જે ભાવથી પહેલાં જે રીતે દશ્યમાન થયો, તે રીતે તે જ ભાવથી ફરીને થશે નહિ, તેથી જે માટે મેં ઉત્પન્ન કર્યા, તે જ મારી પ્રીતિને માટે કરવું જોઇએ, નહિ તો જન્મ વ્યર્થ થાય.

'ભૂત્વા' (ઉત્પન્ન થઇને) એમ કહ્યું હોવાથી જન્મની શંકા થાય, તેને માટે કહે છે :- અજ એટલે ઉત્પન્ન થતો નથી, મારો અંશ હોવાથી એવો અર્થ છે. એવા પ્રકારનો જ આ છે, એમ 'નિત્ય' વગેરે શબ્દોથી કહે છે:- વળી તે શાશ્વત એટલે મારામાં જ રહેલો નિરંતર એકભાવાત્મક છે. અને પુરાણો એટલે સર્વદા એ પ્રમાણે મારી સેવાને માટે દાસરૂપ, પહેલાં પણ નવો જ એમ અર્થ છે. જે માટે કહેવાયું છે તે 'ન હન્યતે' એવા શબ્દોથી કહે છે:- જયારે શરીર હણાય છે ત્યારે તેમાં રહેલો આ જીવ તે (શરીર) હણાય છે ત્યારે હણાતો નથી. એમ અર્થ છે. હન્યમાને એટલે (દેહનો) અંત આવે છે ત્યારે, લૌકિક દેહમાં રહેલા (આત્મા)નો અંત થતો નથી. એમ અર્થ છે. 'હન્યમાને' શબ્દથી તેને માટે ઉત્પત્તિ સૂચવી છે. તેથી ભગવદિચ્છાનુરૂપ કરવાથી અતિ ભ્રમથી થયેલો દોષ નહિ લાગે, એવો ભાવ છે. ।।૨૦।।

વેદાવિનાશિનં નિત્યં ય એનમજમવ્યયમ્ ।
કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ ।૨૧।

હે પૃથાના પુત્ર અર્જુન, જે પુરુષ એને વિશેષ વિકાર રહિત, સદાય એકરૂપ, જન્મ રહિત, નાશ રહિત જાણે છે, તે પુરુષ કેવી રીતે (કયા સાધનથી) કોને હણાવે અને કોને હણે ? ।।૨૧।।

અને વળી મરણ વગેરે બુધ્ધિમાં થતું દોષરૂપ અજ્ઞાન જ આનું કારણ છે, એમ 'વેદાવિનાશિનમ્' વગેરે શબ્દોથી કહે છે :-

'અવિનાશિનમ્' એટલે વિશેષ વિકાર રહિત, 'નિત્યમ' એટલે સદાય એકરૂપ, 'અજમ' એટલે જન્માદિ રહિત, મારા વડેજ લીલાર્થે તે પ્રમાણે કરાયેલ, 'અવ્યયમ' એટલે નાશ આદિ રહિત, એવો જે એને જાણે છે તે પુરુષ કયા સાધનથી, પોતે પ્રેરક બનીને અન્ય વડે કોને હણાવે ? કોઇને નહિ, એમ અર્થ છે. અને પોતે કોને હણે ? કોઇને નહિ, એમ અર્થ છે. ।।૨૧।।

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરોડપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણા.
ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ।।૨૨।।

પૃષ્ઠ પ્રકાશન સહાયક :- ૫. ભ. રંભાબેન વાલજીભાઇ પલાણ ના જયશ્રી કૃષ્ણ
હા. ભીખાલાલ વાલજીભાઈ પલાણ (રાજકોટ) ના ભગવદ્ સ્મરણ

જેવી રીતે મનુષ્ય જીર્ણ વસ્ત્રો ત્યજીને બીજા નવાં ધારણ કરે છે, તેવી જ રીતે દેહી (જીવાત્મા) જીર્ણ શરીરોને ત્યજીને બીજાં નવાં (શરીરો) માં પ્રવેશ કરે છે. ।।૨૨।।

અરે, ભગવાનની ક્રીડા અર્થે સર્જાયેલ દેહ વગેરેનું મારણ પણ દોષરૂપ જ છે, તેથી હું શોક કરું છું. એમ હોય તો તેના જવાબમાં 'વાસાંસિ' વગેરે શબ્દોથી કહે છે.

જેવી રીતે જીર્ણ કામમાં ન આવે તેવાં વસ્ત્રોને છોડીને નવાં–કામમાં આવે તેવાં બીજા પહેલાંનાં વિશિષ્ટ લક્ષણો વગરનાં વસ્ત્રો પુરુષ ધારણ કરે છે; તેવી જ રીતે જીર્ણ–મારી ક્રીડામાં ઉપયોગી નહિ તેવાં શરીરોને છોડીને અન્ય નવાં મારી ક્રીડાને માટે અસાધારણ રસ ઉત્પાદક શરીરોમાં દેહી (જીવાત્મા) પ્રવેશ કરે છે–મારી ઇચ્છા વડે મેળવે છે, એમ અર્થ છે. ।।૨૨।।

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુત ।૨૩।

એને (આત્માને) શસ્ત્રો કાપતાં નથી, એને અગ્નિ બાળતો નથી, એને જળ ભીંજવતાં નથી અને પવન સૂકવી શકતો નથી ।।૨૩।।

તેથી ત્યજવા યોગ્ય દેહને ત્યજી દેવા છતાં અવિનાશી વગેરે ધર્મવાળો હોવાથી એને શસ્ત્રો વગેરે કાપતાં નથી, એમ 'નૈનં છિન્દન્તિ' વગેરે શબ્દોથી કહે છે :– એને શસ્ત્રો કાપતાં નથી, કારણ કે તે ઘનરૂપ નથી. એને અગ્નિ બાળતો નથી, કારણ કે તે સૂકો હોવાના ગુણ વિનાનો છે. એને જળ ભીજવી શકતાં નથી, મૃદુ હોવાથી ઢીલો કરી શકતાં નથી; કારણ કે તેમાં કઠિનતાનો અભાવ છે. પવન સુકવી શકતો નથી, કારણ કે તે પ્રવાહી નથી, એમ અર્થ છે. તેથી શસ્ત્રો વગેરે ફેંકવા છતાં એને કંઈ પણ થવાનું નથી. આ બધુ પણ મારી ક્રીડા રૂપ છે, તેથી મારા સંતોષને માટે યુદ્ધ વગેરે કરવાં, એવો ભાવ છે. આ બધું તે પ્રમાણે કરવામાં મારી ઇચ્છા જ કારણ રૂપ છે, એવો ભાવ છે. તેથી ભગવાનની ઇચ્છા જ બધાંના સ્વધર્મ પ્રમાણે આચરણમાં શકિત છે. અને તેથી જ શ્રીમદ્ ભાગવતજીમાં (૩–૫–૪૨) કહેવાયું છે કે, મારા ભયથી આ વાયુ વાય છે, વગેરે ।।૨૩।।

અચ્છેદ્યોડયમદાહ્યો ડયમકલેદ્યોડશોષ્ય એવ ચ ।
નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોડયં સનાતનઃ ।૨૪।
અવ્યકતો ડયમચિન્ત્યો ડયમવિકાર્યો ડયમુચ્યતે ।
તસ્માદેવ વિદિત્વૈન નાનુશોચિતુમર્હસિ ।।૨૫।

આ (આત્મા) છેદન ન થઈ શકે તેવો છે. આ (આત્મા) બાળી ન શકાય તેવો, ભીંજવી ન શકાય તેવો અને વળી સૂકવી ન શકાય તેવો છે. આ (આત્મા) અવિનાશી, વ્યાપક, સ્થિર ભાવવાળો, સર્વદા એકરૂપ અને અનાદિ છે. ।।૨૪।।

આ (આત્મા) લૌકિક ઇંદ્રિયોથી ગ્રહણ ન થઈ શકે તેવો છે. આ (આત્મા) મનથી પણ કલ્પી શકાય નહિ તેવો છે. આ (આત્મા) વિકાર રહિત કહેવાય છે. તેથી એને એ પ્રમાણે જાણીને શોક કરવાને તું યોગ્ય નથી. ।।૨૫।।

આ છેદન આદિ ધર્મવાળાઓ પણ મારી ઇચ્છા વિના તેમ કરતા નથી. અને મારી ઇચ્છાથી જ ત્યજવા યોગ્ય દેહ વગેરેમાં તે પ્રમાણે કરે છે. આથી તું પણ આમાં અચ્છેદ્ય આદિ ગુણોને જાણીને પ્રવૃત્તથા, એમ કહીને અચ્છેદ્ય આદિગુણોને'અચ્છેદ્ય' વગેરે શબ્દોથી કહે

છે. આ (આત્મા) અચ્છેદ્ય આદિ ગુણવાળો છે, એમ અર્થ છે. અચ્છેદ્ય આદિ ગુણવાળો હોવાનાં કારણ કહે છે :– અવિનાશી, વ્યાપક સ્થિર ભાવવાળો, સર્વદા એકરૂપ, અનાદિ, લૌકિક ઇંદ્રિયોથી ગ્રહણ ન થઇ શકે તેવો, મનથી પણ અગમ્ય, વિકાર રહિત અથવા કર્મથી પણ અવિકારી છે. આ (આત્મા) સર્વત્ર વ્યાપક હોવાથી પ્રત્યક્ષતાથી કહેવાયેલ છે. વેદો પણ તે રૂપે કહે છે, એમ અર્થ છે. જે માટે આ કહ્યું, તે 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે. તેથી તેને પહેલાં કહેવાયેલ ગુણ વાળો જાણીને તું શોક કરવાને યોગ્ય નથી. ।।૨૪, ૨૫।।

અથ ચૈનં નિત્ય જાતં નિત્ય વા મન્યસે મૃતમ્ ।
તથા પિત્વં મહાબાહો નૈનં શોચિતુ મર્હસિ ।૨૬।

અને વળી હે મહાબાહુ (અર્જુન) એને નિત્ય જન્મેલો અથવા નિત્ય મરેલો તું માને તો પણ તું આ પ્રમાણે શોક કરવાને યોગ્ય નથી ।।૨૬।।

એ પ્રમાણે વિદ્વત્તા ભર્યો સિધ્ધાંત કહીને સામાન્ય સમજના સિદ્ધાંતથી પણ શોક કરવાને તું યોગ્ય નથી, એમ 'અથ ચ' વગેરે શબ્દોથી કહે છે. 'અથ' શબ્દ બીજી રીતે, એવા અર્થમાં છે. આ પ્રમાણે તે તે દેહની સાથે જન્મેલો અને વળી તેના મરણમાં મરેલો તું માને તો પણ એનો શોક કરવાને તું યોગ્ય નથી. કારણ કે તું મહાબાહુ છે, એમ કહેવાનો આ અર્થ છે :– આ (આત્મા) અવિનાશી છે, તેનો જન્મ અને તેનું મરણ એવું જ્ઞાન દેહાધ્યાસથી જ છે. તેમ છે ત્યારે પોતના બાહુબળ વગેરેનો નાશ ક્યાં રહ્યો ?।।૨૬।

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદપરિહાર્યેર્થે ન ત્વં શોચિતુમર્હસિ ।૨૭

જન્મેલાનું મૃત્યુ નક્કી જ છે, અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ન અટકાવી શકાય તેવી બાબતમાં તું શોક કરવાને યોગ્ય નથી ।।૨૭।।

અરે, પોતાની જોડનો ન હોવાના કારણે નિર્બળ પ્રત્યે તો શોક કરવો જોઇએ જ, એમ હોય તો 'જાતસ્ય' વગેરે શબ્દોથી કહે છે. જન્મેલા દેહનું મૃત્યુ નક્કી છે, મરેલાનો જન્મ નક્કી છે, એમ અર્થ છે. અહીં આ અર્થ છે :– જેણે જન્મ લીધો છે તેનું મૃત્યુ નિર્માણ થયેલું છે. તેનું તેના વડે જ મૃત્યુ નિશ્ચિત છે. તેથી જેઓના મોત તારાથી થવાનાં નિર્માયાં છે, તે પણ તેમ જ થશે. તેથી જે જે જેમ ઇશ્વરથી નિર્મિત છે, તે તે તેમ જ થશે. એ પ્રમાણે સર્વથા થવાનું જ છે તે બાબતમાં તું શોક કરવાને યોગ્ય નથી, એમ અર્થ છે. 'હિ' શબ્દ આ અર્થ યોગ્ય છે, તેમ બતાવે છે. ઇશ્વરે નિર્માણ કરેલું હોય તે અન્યથા કરવાને કોણ સમર્થ છે ? ।।૨૭।।

◆

"સુવાક્ય"

સુખમાં પ્રભુ યાદ આવે ત્યારે સમજવું કે પ્રભુ અમને સંભારે છે.

ગો. શ્રી દામોદરલાલજી બાવાશ્રી-કલોલ

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

બાલબોધ :

શ્રી દેવકીનંદન ચરણ કૃત 'પ્રકાશ' વ્યાખ્યાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક :– પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક છઠ્ઠો)

પરંતુ તે બંને અપેક્ષાઓ એકથી સિદ્ધ થતી નથી, એમ 'પ્રત્યેકં સાધનં ચ એતત્' એવા શબ્દોથી કહે છે. આ વિષ્ણુનું ભજન અને આ શિવનું ભજન, એમ એક મોક્ષનું સાધન છે અને બીજું ભોગનું સાધન છે. પરંતુ બંનેનું એક સાધન નથી, એમ અર્થ છે. તેથી બંનેની આકાંક્ષાવાળાઓએ ભગવાનનો જ આશ્રય લેવો, એમ સૂચવાયું છે.

અરે, ભક્તિમાર્ગમાં સ્વર્ગ, મોક્ષ અને નરક શબ્દ પણ સમાન અર્થ દર્શાવનાર છે, એવા વાક્યથી બંનેમાં અપેક્ષા ન હોવાથી તેમના આશ્રયથી શું ? તેથી 'દ્વિતીયાર્થે' વગેરે શબ્દોથી કહે છે. એક લૌકિક મોક્ષ પહેલાં ચાંર રીતે કહેવાયેલો છે. બીજો તો અલૌકિક ભક્તિમાર્ગીય છે. તે માટેનો શ્રમ, તે માર્ગનાં સાધન અને આચરણનાં લક્ષણરૂપ છે, તે મહાન છે. એટલે કે પહેલાં કહેવાયેલ કરતાં તે સાધનની દૃષ્ટિએ, ફળની દૃષ્ટિએ સ્વરૂપની દૃષ્ટિએ પણ ઉત્કૃષ્ટ છે, એમ અર્થ છે. અહીં આ હેતુ છેઃ વિષ્ણુનું સાત્વિકપણું હોવાથી તેમાં લય તે સાત્ત્વિક મોક્ષ છે. જ્યાં ફળ સદોષ હોય ત્યાં સાધન પણ તેવું જ અને વધુ સરળ હોય ભક્તિમાર્ગમાં તો નિર્દોષ અને પૂર્ણગુણયુક્ત, અલૌકિક દેહધારી શ્રીકૃષ્ણ એ ફળ છે, સાધન પણ તેઓશ્રીમાં નિષ્ઠાયુક્ત, નિષ્કપટ પ્રેમ છે. અને એ 'મન્નિષ્ઠં નિર્ગુણં સ્મૃતમ્' (મારામાં નિષ્ઠાવાળાને નિર્ગુણ–એમ કહેવાયેલ છે.) એવા વાક્યથી તાદૃશ જ છે.

અને એ ફલદશામાં જ છે, એમ પ્રથમ અધિકારમાં જીવોનું સ્વાભાવિક રીતે દોષવાળા હોવું અને તેમાંથી નિવૃત્તિનો પ્રકાર 'જીવાઃ સ્વભાવતઃ દુષ્ટાઃ' વગેરે શબ્દોથી કહે છે.

જીવાઃ સ્વભાવતઃ દુષ્ટા દોષાભાવાય સર્વદા ॥૧૬॥
શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિદ્ધ્યતિ ।
મોક્ષસ્તુ સુલભો વિષ્ણોર્ભોગશ્ચ શિવતસ્તથા ।૧૭।
સમર્પણેનાઽઽત્મનો હિ તદીયત્વં ભવેદ્ધ્રુવમ્ ।

જીવો સ્વભાવથી જ દોષવાળા છે. દોષના નાશને માટે હંમેશાં શ્રવણ વગેરે પ્રેમથી કરવાં, તેથી બધું જ સિદ્ધ થાય છે. વળી વિષ્ણુથી મોક્ષ સુલભ છે અને તે જ રીતે શિવથી ભોગ સુલભ છે. ॥૧૬, ૧૭॥ આત્મસમર્પણથી જ તદીયપણું (ભગવાનના હોવાપણું) અવશ્ય પ્રાપ્ત થાય.

(જીવો) સ્વભાવથી જ દોષવાળા છે, નહિ કે સ્વરૂપથી; કારણ કે તે ભગવાનના અંશ છે, એમ અર્થ છે. 'મમૈવાંશો જીવલોકે' (મૃત્યુલોકમાં જીવ મારો જ 'અંશ છે.) એવું (ગીતાજીમાં ૧૫–૭) ભગવાનનું વચન છે. અથવા 'અંશો નાના વ્યપદેશાત' (જીવ અંશરૂપ છે; કારણ કે તેઓમાં વૈવિધ્ય છે, એમ નિરૂપાયું છે.) એમ વેદાંતસૂત્રમાં કહ્યું છે.

અરે, લૌકિક મોક્ષ જીવવિચારિત હોવાથી તેનો અસ્વીકાર યોગ્ય જ છે, પરંતુ વેદોકત છે તે ઈશ્વરવિચારિત હોવાથી તેનો સ્વીકાર કરવો ઉચિત છે. આથી 'દ્વિતીયાર્થે' વગેરે શબ્દોથી કહે છે. બીજો વૈદિક મોક્ષ છે, તેને માટે શ્રમ ઘણો વધારે છે, એમ અર્થ છે. તેથી, અતિ કષ્ટથી સાધ્ય હોવાથી તેના કથનથી શું ? એવો ભાવ છે. તેનાથી લૌકિક, વૈદિક અને ભકિતમાર્ગીયમાં ક્રમથી શત્રુ, ઉદાસીન અને મિત્ર ભાવો કહેવાયેલા છે. તો પછી કોના સંબંધમાં શું કરવું ? જો એમ હોય તો 'જીવાઃ' વગેરે શબ્દોથી કહે છે. જીવો સ્વભાવથી જ દોષવાળા છે, એમ અર્થ છે. (અને વળી) જીવો કુદરતી રીતે ભગવાનના અંશ છે તેથી, તેમ જ સહજ રીતે ભગવાનના દાસ છે તેથી, ભગવાનની સેવાનાં લક્ષણવાળા સ્વધર્મનો અભાવ તે તેનો સ્વભાવદોષ કહેવાય છે. આથી તેઓના સ્વભાવદોષના નાશ માટે ભગવાનનું શ્રવણ–કીર્તન આદિ નિરંતર કરવાં જોઇએ. સ્વભાવિક દોષના નિવારણ માટે તે સાધન છે. તેનાથી કયો પુરુષાર્થ સિદ્ધ થાય ? તેવા પ્રશ્નના જવાબમાં 'તતઃ' વગેરે શબ્દોથી કહે છે. 'તતઃ' એટલે દોષની નિવૃત્તિ પછી, શ્રવણ વગેરેથી અથવા ભગવાનમાં પ્રેમ પ્રકટે ત્યારે તેનાથી જ તેઓનાં ઐહિક અને પારલૌકિક બધાં કાર્ય સિદ્ધ થાય છે, કંઇ પણ કાર્ય કરવાનું બાકી રહેતું નથી, એમ અર્થ છે.

અરે, પારલૌકિક શબ્દથી મોક્ષ કહેવો જોઇએ. કારણ કે "શ્રીકૃષ્ણનાં કીર્તનથી બંધનમાંથી મુકત થઇને પરમ પદને પામે," એવું વચન છે. એમ છે ત્યારે મોક્ષની અપેક્ષા કેમ નહિ ? તેના જવાબમાં કહે છેઃ ઠીક છે. 'કીર્તનાત્ એવ' માં 'એવ શબ્દથી મોક્ષમાં કીર્તન સિવાયનું સાધન ભગવાનથી દૂર કરનારું છે, એમ સુચવ્યું છે. પરંતુ કીર્તનનું એક માત્ર ફળ મોક્ષ છે, એમ સુચવ્યું નથી. એમ હોવાથી પ્રેમ રહિત, મોક્ષનું સાધન માનીને કરેલ કીર્તનનું મોક્ષ જ ફળ છે. પ્રેમ સહિત, મોક્ષનું સાધન માન્ય વિના કરેલાં કીર્તનનું તે ફળ નથી, એમ નિર્ણય છે. નહિ તો ભગવાન એમ કેમ કહે કે, "મારા સેવન સિવાય, સાલોકય, સાર્ષ્ટિ, સામીપ્ય, સ્વરૂપ્ય, તેમ જ એકત્વ અપાતું હોય તોપણ તેનું ગ્રહણ તાદ્દશી જનો કરતા નથી." તેનાથી ભગવાન પણ તાદશી જનોને ભજન સિવાયનું ફળ આપતા નથી, એમ સુચવ્યું છે. અને વળી સર્વાત્મભાવથી તદીયપણું (ભગવાનના હોવું તે) એ જ ભકિતમાર્ગમાં મોક્ષ શબ્દનો સાચો અર્થ છે. તેને જ અન્ય લૌકિક વિશિષ્ટતાથી પારલૌકિક એમ કહેવાય છે. આથી અપ્રાપ્ત કશું જ રહેતું નથી. શ્રી ભાગવતમાં પણ "ભગવદીયતાથી જ બધા અર્થ પરિપૂર્ણ થાય છે," એમ કહ્યું છે. પદ્મપુરાણમાં પણ કહ્યું છે કે, "વૈષ્ણવોનો જન્મ કર્મનાં બંધનને કારણે નથી. વિષ્ણુનું દાસત્વ એ જ મોક્ષ, એમ પંડિતો કહે છે."

અરે, તદીયપણું તો ભગવાનના એક માત્ર અનુગ્રહથી જ સાધ્ય છે; કારણ કે શ્રુતિમાં પણ કહ્યું છે કે, "આ (ભગવાન) જેને પસંદ કરે છે, તેના વડે જ તે પ્રાપ્ત કરવા યોગ્ય છે," આથી પોતાની કરણીથી સાધવા યોગ્ય શ્રવણ વગેરેથી તે શી રીતે સિદ્ધ થાય ? તેના જવાબમાં 'મોક્ષ' વગેરે

શબ્દોથી કહે છે. કહેવાયેલી રીતે વિષ્ણુથી મોક્ષ અને શિવથી ભોગ સુલભ છે. તેમ જ સમર્પણથી એટલે કે પોતાના આત્માથી માંડીને સર્વસ્વના નિવેદનથી જીવનો તદીયપણાનાં લક્ષણવાળો મોક્ષ થાય, એમ અર્થ છે. 'ધ્રુવમ્' એટલે નિશ્ચિત, અહીં કશી અશકયતા નથી એવો ભાવ છે. 'હિ' શબ્દ આ અર્થ યોગ્ય છે, એમ બતાવે છે; કારણ કે તદીપત્વ ન હોવાનાં કારણોનો અભાવ છે.

અરે, સમર્પણ તેનું સાધન છે, તેમાં શ્રવણ વગેરેનું કથન છે, તે વ્યર્થ થશે અને તે માત્ર એક અનુગ્રહથી જ પ્રાપ્ત છે, તેવું સિદ્ધ નહિ થાય, એમ કોઇ કહે તો ? ના, એમ નહિ. શ્રવણથી માંડીને સખ્ય સુધી પહોંચેલાનું સમર્પણ સંભવે છે, બીજી રીતે નહિ; કારણ કે પરસ્પર કાર્ય અને કારણમાં સંબંધ રહેલો છે. આથી તેનું સાધન હોવાથી શ્રવણાદિનું કથન સુયોગ્ય છે, વળી આત્મનિવેદન પોતાની કરણીથી સાધ્ય નથી; કારણ કે તે શ્રવણાદિથી પેદા થાય છે. પરંતુ તે ભગવાનના એક માત્ર અનુગ્રહથી સાધ્ય છે, જેથી શ્રવણાદિ બધું તેમના અનુગ્રહરૂપ જ છે, અને ભકિતહેતુનિર્ણયમાં તે પ્રમાણે નિરૂપાયું છે, તેથી બધું જ પ્રશંસનીય છે.

અરે, તદીયપણું મોક્ષથીયે પ્રશંસનીય શી રીતે છે ? અન્ય જન્મમાં ભિન્ન ગતિનો સંભવ હોવાથી, તેવી વિશિષ્ટતાનો અભાવ શકય છે. એમ કોઇ કહે તો તેના જવાબમાં કહે છે. ઠીક છે, જેવી રીતે મોક્ષ પ્રાપ્ત થતાં પુનરાગમન ટળી જાય છે, તેવી જ રીતે અહીં તદીયતા સિદ્ધ થાય છે ત્યારે ફરીને આવવાનું રહેતું નથી. એ પ્રમાણે પુનર્જન્મ નહિ, એવું તેનું લક્ષણ હોવાથી તેમ માનવું યોગ્ય નથી. પ્રભુશ્રીથી પણ કહેવાયું છે કે, જેઓ પત્ની, ઘર, પુત્ર, આપ્તજન, પ્રાણ, ધનાદિ, સર્વશ્રેષ્ઠ આ બધું છોડીને મારે શરણે આવેલા છે, તેઓને ત્યજવાને હું શી રીતે શકિતમાન થાઉં ? 'હિત્વા' શબ્દથી સમર્પણ પછી સ્ત્રી વગેરેમાં મમત્વનો સર્વથા ત્યાગ કહ્યો છે, નહિ કે જ્ઞાનમાર્ગીય ત્યાગ. તેમાં તો વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેઓમાં અસદ્બુદ્ધિ થવાથી તેમનો પરિત્યાગ પોતાને માટે જ છે, પરંતુ ભગવદર્થે નથી. તેમ છે ત્યારે પોતાના ભારના અભાવથી બંધનમાંથી છૂટયો, તેને માટે ભગવાન 'તેને ત્યજવાને હું શી રીતે શકિતમાન થાઉં ?' એમ કેમ કહે ? આથી આત્મનિવેદન કરનારને ભગવાન કદાપિ ત્યજતા નથી, એમ સિદ્ધ છે. એ પ્રમાણે સાધન સહિત ભકિતમાર્ગીય મોક્ષ, પ્રમાણો આપીને સિદ્ધ કર્યો. જો કે મોક્ષનાં લક્ષણો સિદ્ધ થતાં પણ અમોને કંઇ પણ વધુ બડાઈ આવી જતી નથી; તો પણ "વધુ બંધબેસતું થવું તેમાં કંઇ નુકસાન નથી", એ ન્યાયે, અથવા "દુર્જનો પણ સંતોષાઓ", એ ન્યાયે, તે પ્રમાણે કહ્યું. ખરેખર તો મોક્ષમાં અક્ષરબ્રહ્મનું અજ્ઞાત અમૃતપાન છે. અહીં તો તેથીયે અધિક પરમાનંદનો અનુભવ સ્પષ્ટ છે. એ પ્રમાણે મહાન તફાવત છે.

અરે, નિવેદન કર્યા વિના પણ કેટલાક ભગવાનના આશ્રિતો થઇને રહે તો તેઓની શી ગતિ થાય ? એવા પ્રશ્નના જવાબમાં 'અતદીયતા' વગેરે શબ્દોથી કહે છે :–

અતદીયતયા ચાપિ કેવલશ્ચેત્સમાશ્રિતઃ ॥૧૮॥

અને તદીયતા રહિત પણ કેવળ આશ્રય કરીને રહેલો હોય તો ? ॥૧૮॥

તદીયત્વ વિના પણ કેવળ આશ્રય કરીને રહેલો હોય તો ? તેના જવાબમાં કહે છે કે એવી પરિસ્થિતિમાં કેવળ આશ્રયથી પણ તેની ગતિ થાય જ છે; કારણ કે, હે પાર્થ, મારો જ આશ્રય લઈને સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો, જેઓ અધમ કુળમાં જન્મેલાં હોય તેઓ પણ પરમ ગતિને પામે છે, એમ (ગીતાજી ૯–૩૨) ભગવાનનું વચન છે. તેટલાથી તદીયપણાનાં લક્ષણવાળો મોક્ષ સિદ્ધ થતો નથી; કારણકે તેમાં સમર્પણનો અભાવ છે. અથવા ગતિની પ્રાપ્તિમાં તેમનો આશ્રય રહે તો નથી. કારણ કે તેનો બંનેમાં નિષ્ઠાવાળો ધર્મ છે. અને સાધનપણાથી સ્વીકાર થતો હોય છે. આથી આ ભકિતમાર્ગ ફળ રૂપ નથી, પરંતુ સાધનરૂપ જ છે. ભગવાન શ્રીકૃષ્ણની ચરણરજને પ્રાપ્ત કરેલાઓ યોગની સિદ્ધિને કે પુનર્જન્મ નહિ, તેમ, ઇચ્છતા નથી. કારણ કે સ્વર્ગ, મોક્ષ અને નરકમાં, એવા કથનમાં વિરોધ છે. ॥૧૮॥

અરે, જીવોમાં કુદરતી રીતે જ જ્ઞાનનો અભાવ છે. તેથી તદાશ્રય અને તદીયત્વ બંને શી રીતે સિધ્ધ થાય ? એવી શંકા કરીને 'તદાશ્રય' વગેરે શબ્દોથી કહે છે :–

તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિંચિંત્સદાઽઽચરેત્ ।
સ્વધર્મમનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમન્યથા ।
ઇત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ।૧૯½।

તેમનો આશ્રય અને તદીયપણાની બુદ્ધિથી સ્વધર્મનું પાલન કરતાં કંઈક નિરંતર આચરવુ જોઈએ, નહિ તો બમણો ભાર થશે. એ પ્રમાણે બધું કહ્યું. એનું જ્ઞાન થતાં ફરીથી ભ્રાંતિ થશે નહિ. ॥૧૯½॥

ઇતિ શ્રીમદ્‌ગૈશ્વાનરાવતાર શ્રી વલ્લભાચાર્ય ચરણવિરચિતો બાલબોધઃ સંપૂર્ણઃ ।

એ પ્રમાણે ગૈશ્વાનર–અવતાર શ્રીવલ્લભાચાર્ય ચરણવિરચિત બાલબોધઃ સંપૂર્ણ થયો.

તેમનો આશ્રય અને તદીયતાની બુધ્ધિથી જ્ઞાનને માટે કંઈક આચાર્યની સેવારૂપ સાધન નિરંતર આચરવું જોઈએ, એમ અર્થ છે. તેનાથી જ તેની સિધ્ધિ છે, બીજી રીતે નહિ તેથી 'સ્વધર્મ' વગેરે શબ્દોથી તે અવશ્ય કરવાનું કહે છે. “સ્વધર્મનું આચરણ કરનાર લોકો શ્રેયને માટે શકિતમાન થાય છે,” એવું વચન છે. તેથી, સ્વધર્મ આચરતાં તે તે માર્ગનું ફળ પ્રાપ્ત થાય છે, નહિ કે તેનું આચરણ કર્યા વિના, એમ સિધ્ધ છે. ભકિતમાર્ગમાં સ્વધર્મ મુખ્ય છે. સ્વધર્મ એટલે ભગવાનની સેવાજ છે, તે સેવા કરવી જોઈએ, એવો ભાવ છે. “ગુરુને શરણે ગયેલો પુરુષ જાણે છે,”એમ શ્રુતિ કહે છે. શ્રીમદભાગવતમાં (૧૧–૧૩–૨૭) પણ કહ્યું છે કે, “આચાર્યને મારા સ્વરૂપ જ જાણવા, ક્યારેય તેનો અનાદર કરવો નહિ. સામાન્ય માનવી સમજીને તેમના ગુણોમાં દોષ જોવા નહિ. ગુરુ સર્વ દેવરૂપ છે.” અને બીજું પણ, “સાક્ષાત ભગવાન સ્વરૂપ, જ્ઞાનરૂપી પ્રકાશ આપનાર ગુરુમાં જેમની ભકિત પ્રકટે નહિ તેમનું સાંભળેલું હાથીને શુધ્ધ કરવા જેવું હું માનું છું.” પુરાણમાં પણ કહ્યું છે કે, “હરિ રોષે ભરાય તો ગુરુ રક્ષક થાય, પરંતુ ગુરુ રોષે ભરાય તો કોઈ રક્ષક થાય નહિ. તેથી-બધા જ પ્રયત્નોથી ગુરુની

જ કૃપા મેળવવી.” આથી, ગુરુકૃપા વિના અન્ય સાધન કરવા છતાં તેની નિષ્ફળતા “ભારદ્વૈગુણ્યમ્” વગેરે શબ્દોથી કહે છે. બીજી રીતે તે (સાધન) નહિ કરવામાં બમણો ભાર થાય, એમ અર્થ છે. ફળના અભાવે કરેલું સાધન અને તે નહિ કરવાથી થતો દોષ, એ બે ભાર છે. જે કહેવાયું તેનો ‘ઇતિ’ શબ્દથી ઉપસંહાર કરતાં કહે છે:– ઇતિ શબ્દ સમાપ્તિ દર્શાવે છે.

જે કહ્યું તે રીતે, જેટલું કહેવા યોગ્ય હતું તેટલું બધું કહ્યું, એમ અર્થ છે. અરે, તેનાથી શું ? તેના જવાબમાં ‘નૈતજજ્ઞાને’ વગેરે શબ્દોથી કહે છે. એનું જ્ઞાન થતાં, પહેલાં થયેલો ભ્રમ નાશ પામે છે. ગયેલો ભ્રમ ફરીને પાછો નહિ આવે, એમ અર્થ છે. ॥ ૧૯½ ॥

ચાર પ્રકારનો લૌકિક મોક્ષ સદોષ હોવાથી તેનું નિરારણ કર્યું. આથી તો અલૌકિક મોક્ષ ઇશ્વરવિચારિત હોવાથી સ્વીકાર્ય છે. ॥૧॥ અંતમાં આ જ અર્થ છે કે, આ ગ્રંથ સફળ થયો. એ પ્રમાણે આચાર્યશ્રીએ કૃપા કરીને બાલબોધ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. ॥૨॥ વિવિધ મતોમાં રૂઢ થયેલી ભ્રાંતિ અને ગહન એવા સ્વમાર્ગથીચલિત થતી જનતાની ખૂબ સ્થિરતાને માટે જ્યાં અગ્નિસ્વરૂપ શ્રીમદવલ્લભાચાર્યજીએ પોતાનો મત ‘બાલબોધ’માં દર્શાવ્યો છે, તેને માટે તદીય જનો આપશ્રીમાં અવશ્ય વિશ્વાસ કરો. ॥૩॥

આથી વિશેષ –

આ કલિમાં, બંનેમાં તન્મતિવાળાં ભકતોનું સર્વસ્વ, પુષ્ટિજનો માટે મોક્ષપ્રદ, શ્રીમત લક્ષ્મણજીના પુત્રે આ રચના કરેલી છે. અને દીક્ષિત એવા શ્રીમદ વિઠ્ઠલેશજીનાં ચરણકમળમાં આસકિતવાળા અને ઉન્મત્ત ભ્રમર જેવા મારા વડે–શ્રીમદ દેવકીનંદનજીએ ‘શ્રી બાલબોધ’ ઉપરની આ વિવૃતિ કરી છે. (એ પ્રમાણેનું અધિક પદ્ય અમોને મળેલું છે.)

ઇતિ શ્રી દેવકીનંદનચરણકૃતૌ બાલબોધ પ્રકાશઃ સમાપ્તઃ ॥

એ પ્રમાણે શ્રી દેવકીનંદનચરણકૃત બાલ બોધ ઉપરનો પ્રકાશ સમાપ્ત થયો.

વિશેષ –

શ્રીતારાપંડિતના બે પદ્યો

નિજ જનોના ઉદ્ધારને માટે દેવો અને માનવોથી પુજાયેલ, કપટમાનુષી દેહ ધારણ કરેલા પ્રસિદ્ધ વિઠ્ઠલેશજીના વંશમાં જન્મેલા, પિતા રઘુનાથજી અને માતા જાનકીજીના પુત્ર જે છે તે આ જગદીશ્વર દેવકીનંદનજી આ વિશ્વમાં જય પામે છે. ॥૧॥

તેઓશ્રીની આજ્ઞાથી, આદરણીય અને કીર્તિવંતા તેઓશ્રીએ રચેલ બાલબોધ ઉપરનો આ પ્રકાશ છે. આ રમ્ય ગ્રંથ સંસારની ગ્રંથિનો નાશ કરનાર અને સેવવા યોગ્ય છે, એમ તારાપંડિતે લખ્યું છે. ॥૨॥

(એ પ્રમાણેનાં બે અધિક પદ્ય અમોને મળેલાં છે.)

* * *

વ્રતોત્સવ

તા. ૭-૧૦-૮૩ આસો સુદ ૧ શુક્રવાર નવરાત્ર આરંભ, જવારા વાવવા રાસના પદ બધા સમયમાં બોલાય કરખાના પદ ભોગમાં તથા નવ વિલાસ, રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેન ભોગ વખતે બોલાય.

તા. ૧૫-૧૦-૮૩ આસો સુદ ૧૦ શનિવાર વિજયા દશમી (દશાહરા) અંકુરાર્પણ (જવારા ધરાવવા)

તા. ૧૬-૧૦-૮૩ આસો સુદ ૧૧ રવિવાર પાશાં કુશા એકાદશી વ્રત.

તા. ૧૯-૧૦-૮૩ આસો સુદ ૧૩ બુધવાર શ્રી બાલકૃષ્ણલાલજીનો પાટોત્સવ (સુરત)

તા. ૨૧-૧૦-૮૩ આસો સુદ ૧૫ શુક્રવાર શરદ પૂનમ, રાસોત્સવ, ફલાત્મક મહારાત્રિ, શ્રી રણછોડજી (ડાકોર) નો મેળો કાર્તિક સ્નાનારંભ

તા. ૨૨-૧૦-૮૩ આસો વદ ૧ શનિવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ શ્રી ગોવધનલીલાના પદની શરૂઆત.

તા. ૨૮-૧૦-૮૩ આસો વદ ૭ શુક્રવાર શ્રી રણછોડજી (ડાકોર) નો ષોડશોપચાર.

તા. ૧-૧૧-૮૩ આસો વદ ૧૧ મંગળવાર રમા એકાદશી વ્રત

તા. ૨-૧૧-૮૩ આસો વદ ૧૨ બુધવાર વાઘબારશ ગોવત્સ દ્વાદશી.

તા. ૩-૧૧-૮૩ આસો વદ ૧૩ ગુરુવાર ધન તેરસ રૂપ ચૌદશ અભ્યંગ (ચૌદશનો ક્ષય છે.)

તા. ૪-૧૧-૮૩ આસો વદ અમાસ શુક્રવાર દિવાળી હટડી કાન જગાવન લક્ષ્મીપૂજન

તા. ૫-૧૧-૮૩ સં. ૨૦૪૦ કારતક સુદ ૧ શનિવાર નૂતન વર્ષારંભ ગોવર્ધન પૂજા અન્નકૂટ ઉત્સવ અન્નકૂટની આરતી વખતે ઇન્દ્રમાન ભંગના પદ શરૂ કરી સાતમ સુધી બોલાય

તા. ૬-૧૧-૮૩ કારતક સુદ ૨ રવિવાર ભાઇ બીજ યમ દ્વિતીયા.

આસોમાસ

કુવાર દાનમિસ બન ઘેરે દધિમાખન માંગે,
ગોપીનાથ રસિક બાલક સંગ સાંઝી રસ પાગે;
કોટિકોટિ સુખ નવ વિલાસ કરી વિજયા દશમ સુહાગે
મહારાસ રચિ શરદ રાતિમેં વ્રજજન સુખ લાગે
રસિક શિરોમણી રાસ રસેશ્વર વલ્લભકૃપા વિહારી
દેવદમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી
સબ જનકો સુખદેત “**સત્ય**” હી કુંજ બિહારી.

— શ્રી બાગરોદી બલદેવ પ્રસાદ શર્મા ‘સત્ય’ નાથદ્વાર

જન્મદિન લાલકો ફીર આયો

વિદ્યમાન પૂ. ગો. બાલકોના જન્મદિનની વધાઇ

વધાઇ-રાગ દેવગંધાર

શ્રીવલ્લભ ગૃહ સદા વધાઈ ।
જા કે ગૃહ પ્રકટે શ્રી વિઠ્ઠલ તાતે મહાનિધિ પાઈ ।।
ભકિત ભાગવત કથા કીર્તન મહામહોત્સવ પ્રગટ ગુંસાઈ ।।
કલ્પવૃક્ષ ફલ ફલિત મનોહર નંદસુવન વસંત સદાઈ ।।
પરમ ભજન પુરુષોત્તમ લીલા પ્રકટ બ્રહ્માદિક ગાઈ ।।
લાલ ગોવરધન ધર કી પદરજ **પરમાનંદ દાસ** બલ જાઈ ।।

આસો સુદ ૧ શુક્ર તા. ૭-૧૦-૮૩ ગો. ચિ. પ્રણયકુમારજી બાવા (મથુરા)નો જન્મ દિન.

આસો સુદ ૩ રવિ તા. ૯-૧૦-૮૩ ગો. શ્રી રસિક વલ્લભજી મહારાજ (વિલેપાર્લે) નો જન્મ દિન.

આસો સુદ ૭ ગુરુ તા. ૧૩-૧૦-૮૩ ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઈ) નો જન્મ દિન.

આસો સુદ ૯ શનિ તા. ૧૫-૧૦-૮૩ ગો. ચિ. રવિકુમારજી બાવા (મથુરા) નો જન્મદિન.

આસો સુદ ૧૦ રવિ તા. ૧૬-૧૦-૮૩ ગો. ચિ શ્રી વિજયકુમારજી (શ્રી દામોદર લાલજી) બાવા (કોટા) નો જન્મદિન.

આસો સુદ ૧૧ સોમ તા. ૧૭-૧૦-૮૩ ગો. ચિ. શ્રી ગોપિકાલંકારજી બાવા (મુંબઇ) નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૧૯-૧૦-૮૩ ગો. ચિ. શ્રી શીશીરકુમારજી બાવા (વિલેપાર્લે) નો જન્મદિન.

આસો વદ ૧ શનિ તા. ૨૨-૧૦-૮૩ ગો. ચિ. શ્રી અનુરાગજી બાવા (સુરત) નો જન્મદિન.

આસો વદ ૩ સોમ તા. ૨૪-૧૦-૮૩ ગો. ચિ. શ્રી વિનયકુમારજી બાવા (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ મંગળ તા. ૨૫-૧૦-૮૩ ગો. ચિ. શ્રી લાલજીબાવા (કામવન નો જન્મદિન.

આસો વદ ૭ શુક્ર તા. ૨૮-૧૦-૮૩ ગો. ચિ. શ્રી વ્રજવલ્લભજી બાવા (માંડવી) નો જન્મદિન.

આસો વદ ૯ રવિ તા. ૩૦-૧૦-૮૩ ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજીબાવા (વીરમગામ) નો જન્મદિન.

આસો વદ ૧૦ સોમ તા. ૩૧-૧૦-૮૩ ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) તથા ગો. ચિ. મધુસૂદન લાલજી બાવા (અમદાવાદ) નો તથા ગો. ચિ. શ્રી કનૈયાલાલજી બાવા (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

આસો વદ ૧૧ મંગળ તા. ૧–૧૧–૮૩ ગો. ચિ. શ્રી મુરલીધરલાલજી બાવા (કામવન) નો જન્મ દિન.

આસો વદ ૧૨ બુધ તા. ૨–૧૧–૮૩ ગો. ચિ. શ્રી કલ્યાણરાયજી બાવા (કામવન) નો જન્મ દિન.

આસો વદ ૧૪ ગુરુ તા. ૩–૧૧–૮૩ ગો. શ્રી જયદેવલાલજી મહારાજ (વીરગામ)નો જન્મ દિન (ચૌદશનો ક્ષય છે જેથી આજે)

કારતક સુદ ૧ શનિ તા. ૫–૧૧–૮૩ ગો. ચિ. શ્રી ગોકુલેશજી બાવા (કામવન) નો જન્મ દિન.

કારતક સુદ ૨ રવિ તા. ૬–૧૧–૮૩ ગો. ચિ. શ્રી વિઠ્ઠલનાથજી બાવા (ગોકુલ) નો જન્મ દિન.

કારતક સુદ ૩ સોમ તા. ૭–૧૧–૮૩ ગો. ચિ. શ્રી યમુનેશકુમારજી બાવા (બોરિવલી જામખંભાલીયા) નો જન્મ દિન.

કારતક સુદ ૪ મંગળ તા. ૮–૧૧–૮૩ ગો. ચિ. શ્રી ભૂષણજી બાવા (માંડવી) નો જન્મ દિન.

કારતક સુદ ૫ બુધ તા. ૯–૧૧–૮૩ ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી બાવા (જુનાગઢ)નો જન્મ દિન.

કારતક સુદ ૬ ગુરુ તા. ૧૦–૧૧–૮૩ ગો. ચિ. શ્રી ભરતકુમારજી બાવા (મથુરા પોરબંદર) નો જન્મ દિન.

શ્રી વલ્લભકુલભૂષણ, સર્વે પૂ. શ્રી ગો. બાલકોના જન્મદિને.આં. રા. પુ. વૈ. પરિષદના સર્વે કાર્યકરો શ્રી વલ્લભ સુધાના સંપાદક–વ્યવસ્થાપક મંડલના અનંત વધાઈ સહ સાષ્ટાંગ દંડવત્.

◆

પ્રભુ કેવા છે ?

શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

જેની સોળ વર્ષની અવસ્થા છે તથા પીળાં પીતાંબર પહેર્યાં છે. કાનને વિષે મકરાકૃત કુંડલ ધર્યા છે અને મેઘશ્યામ સુંદર સ્વરૂપ છે. વળી તેજ પ્રભુ વૈષ્ણવને ઘેરે બાલભાવે કરીને બિરાજે છે તે વૃજભક્તના યુથના અધિપતિ છે, તે શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કૃપા કરીને વૈષ્ણવને માથે પધરાવી દીધા છે, માટે તે પ્રભુથી કોઈ મોટો નથી, તેથી તેની સેવા સાવધાન થઈને કરવી.

આ માસમાં આવતા નિત્ય લીલાસ્થ
પૂ. ગો. આચાર્યશ્રીઓના પ્રાકટયોત્સવ

આસો સુદ ૧૩ બુધ તા.૧૯–૧૦–૮૩ ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (જુનાગઢ)નો પ્રાકટયોત્સવ.

આસો વદ ૩ સોમ તા. ૨૪–૧૦–૮૩ ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (મુંબઇ)નો પ્રાકટયોત્સવ.

આસો વદ ૫ બુધ તા, ૨૬–૧૦–૮૩ ગો, શ્રી વ્રજનાથજી મહારાજ (જામનગર)નો પ્રાકટયોત્સવ.

આસો વદ ૯ રવિ તા. ૩૦–૧૦–૮૩ ગો. શ્રી મગનલાલજી મહારાજ (સુરત)નો પ્રાકટયોત્સવ.

આસો વદ ૧૩ ગુરુ તા. ૩–૧૧–૮૩ શ્રી વ્રજપાલલાલજી મહારાજ (મથુરા)નો પ્રાકટયોત્સવ.

કારતક સુદ ૧ શનિ તા. ૫–૧૧–૮૩ ગો. શ્રી ગોવર્ધનેશજી (મુરલીધરજી) વેરાવળનો પ્રાકટયોત્સવ.

કારતક સુદ ૨ રવિ તા. ૬–૧૧–૮૩ ગો. પુરુષોત્તમલાલજી મહારાજ (જુનાગઢ)નો પ્રાકટયોત્સવ.

કારતક સુદ ૩ સોમ તા. ૭–૧૧–૮૩ ગો. શ્રી પ્રદીપકુમારજી મહારાજ (મથુરા)નો પ્રાકટયોત્સવ.

કારતક સુદ ૬ ગુરુ તા. ૧૦–૧૧–૮૩ ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ (અમરેલી)નો પ્રાકટયોત્સવ.

વધાઈ–રાગ દેવ–ગંધાર

જય શ્રીવલ્લભ દેવ ધની
રાસ વિલાસ કરત ગોવર્ધન મુરતિ લલિત બની ।।
પુરુષોત્તમ મુખ કમલ વિકાસિત રસિકન મુકુટ મણી ।।
વરણ નિવેદન દે નિજ જનકો કૃપા કરી જુ ઘની ।।
શ્રી ભાગવત સુધા નિધિ મથકે બાની નિગમ ભણી ।।
લીલા સૃષ્ટિ સિંધુ સબ પુષ્ટિ દૈવી નિજ અપણી ।।
શ્રી વિઠ્ઠલ પ્રકટિત પરમાનંદ ભજન પ્રચાર બની ।।
શ્રી યમુના પુલિન કેલી વૃન્દાવન ગિરિધર ગુણિત ગુની ।।

◆

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

અદ્વૈતાભિમત જીવનિરૂપણનું ખંડન

માયાવાદીઓનું આ બધું કહેવું માત્ર વાકછલ છે અથવા બુદ્ધિવાદ માત્ર છે. માયાવાદીઓએ કલ્પેલી જીવની સમાલોચના તો અમે આગળ જઈ બહુ સારી રીતે કરીશું પણ પહેલાં આ તેના પૂર્વોક્ત ઉપોદ્ઘાતનું જ વિવેચન કરીએ છીએ.

કોઈ પણ સાધ્યને સિદ્ધ કરવા માટે અથવા કોઈ પદાર્થને સમજાવવા માટે લોકમાં શાસ્ત્રવાદ અને બુદ્ધિવાદ આ બન્ને સાધનો પ્રસિદ્ધ છે. પોતાની બુદ્ધિથી કલ્પાયેલી કોઇ પણ કલ્પનાને લઇ તેને અનેક યુક્તિઓ દ્વારા દ્રઢ કરવી અને શાસ્ત્રનાં વાક્યોનો પણ સમન્વય તેજ કલ્પનામાં કરી લેવા ચાહવું આ બુદ્ધિવાદનું કાર્ય છે. બુદ્ધિવાદમાં તર્કોનું (યુક્તિ) પ્રધાનસ્થાન છે· અને શાસ્ત્રોને તો તે યુક્તિઓની પાછળ પાછળ જ દોડવું પડે છે. ક્યાંક ક્યાં તો વિચારોને તેની હામાં હાજી અવશે થઇને પણ કરવી પડે છે. અર્થાત્ બુદ્ધિવાદમાં તર્કો ઉપર જ વિશેષ નિર્ભર રહે છે. શાસ્ર તો ગૌણ પડી જાય છે. અગર કોઈ જગ્યાએ શાસ્ર વાક્યોનો અર્થ તેઓના આશયને મળતો ન આવે તો તે લોકો તે જગ્યાએ તે શાસ્ત્ર વાક્યોનો અર્થ પલટાવી પોતાના આશયને અનુસાર બનાવી લે છે. તે વાકછલને તે લોકો લક્ષણારૂપે મઢી દે છે. આ બુદ્ધિવાદનો ઉપયોગ આજકાલ વકીલ, બેરીસ્ટર, લોક ખૂબ કરી જાણે છે, પરંતુ શાસ્ત્રને જ પ્રધાન માની અથવા પરમ ઉચ્ચ પ્રમાણ માની ચાલવાવાળા ભગવન્માહાત્મય જાણનારા, પરમ આસ્તિક, તત્ત્વવેત્તા લોકો શાસ્ત્રવાદને જ ઉચ્ચાસન આપે છે. તેઓ શાસ્ત્રના અક્ષરે અક્ષરને સત્ય અને કલ્યાણકારી સમજે છે, અને લૌકિક યુક્તિઓને તો તેઓ તુચ્છ સમજી અવગણના કરે છે. હા, કોઇ કોઇ વખતે શાસ્ત્રવાક્યોને યથાવત સમજાવવા માટે શાસ્ત્રીય યુક્તિ આપવામાં આવે છે. પરંતુ પોતાના શાસ્ત્રીય મતની સિદ્ધિ કરતી વખતે લૌકિક યુક્તિઓને જરાપણ સ્થાન આપતા નથી કારણ કે નૈષા તર્કેણ મતિરાપનેયા તર્કા પ્રતિષ્ઠાનાત અલૌકિકાસ્તુ યે ભાવા ન તાંસ્તર્કેણ યોજયેત વિગેરે શ્રુતિ, સૂત્ર સ્મૃતિઓમાં તત્ત્વનિશ્ચય કરતી વખતે યુક્તિઓને લડાવવા સાફ સાફ નિષેધ કર્યો છે. શ્રીમદ્ ભાગવતમાં પણ ભગવાન વેદવ્યાસજીએ કહ્યું છે કે 'ન સૂરયો હિ વ્યવહારમેંત

તત્ત્વાવમર્શેન સહામનન્તિ' અર્થાત ભગવન્માહાત્મ્યવેત્તા વિદ્વાન પુરુષો આ લૌકિક વ્યવહાર (યુક્તિ) ને વેદોક્ત તત્ત્વવિચારની સાથે મેળવતા નથી, અથવા પ્રતિષ્ઠા નથી દેતા, અર્થાત્ સ્થાન આપતાં નથી. અદ્વૈતાભિમાની માયાવાદીઓને ત્યાં તો તર્ક ઉપર જ પૂર્ણ આધાર છે. તેઓ વેદાદિશાસ્ત્રોનો પણ લોકદ્રષ્ટાનુસારાજ અર્થ કરે છે, તેમને ત્યાં શાસ્ત્ર ગૌણ થઈ જાય છે. વેદને પણ તે લોકો યુક્ત માન આપતા નથી. વેદને પણ ક્યાંય ક્યાંય તો વાક્યભંગ્યતરથી જુઠો, ધૂર્ત, છળથી બોલવાવાળો કહી નાંખ્યો છે. પરંતુ તત્ત્વવેત્તાઓના મુકુટમણિ, પૂજ્યપાદ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ તો વેદને સાક્ષાત ઇશ્વર માને છે. વેદના એકે એક અક્ષરને તો તેઓ ઇશ્વર વાક્ય સમજી શિરોમાન્ય માને છે, લોકદ્રષ્ટાનુસાર વેદનો અર્થ કરવો એ આપશ્રીને મહાન અપરાધ લાગે છે, આપશ્રીનું કહેવું છે કે.

અલૌકિકો હિ વેદાર્થો ન યુક્ત્યા પ્રતિપદ્યતે ।
તપસા વેદયુક્ત્યા ચ પ્રસાદાત પરમાત્મનઃ ॥
અણુભાષ્ય

બીજી પણ આજ્ઞા છે વેદોક્તાદણુમાત્રે અપિ વિપરીત તું યદ્‌ભવેત્ તાદશં વા સ્વતંત્ર ચેદુભયમૂલતો મૃષા, તત્વદીપ નિબંધઃ

અર્થાત–વેદ અને વેદાંતનો અર્થ અલૌકિક છે તે માત્ર લૌકિક યુક્તિઓથી જાણી શકાય તેમ નથી, પરંતુ તપ, વેદાનુકૂલ તર્ક અને પરમાત્માનો અનુગ્રહ આ ત્રણ સાધનોથીજ જાણી શકાય છે. વેદોક્તથી વિરૂદ્ધ જે કંઇ હોય અથવા તાદ્દશ (વેદ વિરૂધ્ધ સદ્રશ) અને પોતાનો મનમાન્યો વિષય તે બધુંજ મૂલતઃ અપ્રમાણ છે. બ્રહ્મ પુનર્યાદશ વેદાન્તેષ્વવગતં તાદશમેવ મન્તવ્યં અણુમાત્રાન્યથા કલ્પનેપિ દોષઃ સ્યાત્ । અણુભા. ૧–૧–૧ બ્રહ્મ જેવું વેદાંતમાં કહેવાયું છે. તેવુંજ માનવું. અણુમાત્ર પણ અન્યથા માનવાથી અથવા કલ્પના દોડવવાથી અપરાધ લાગે છે.

યોન્યથા સંતમાત્માનં અન્યથા પ્રતિપદ્યતે ।
કિં તેન ન કૃતં પાપં ચૌરેણાત્માપહારિણા ॥

વધાઈ

શ્રી વ્રજયાત્રા સં. ૨૦૪૦

પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી વી. મહારાજ (ખંભાલીયા– મુંબઈ– હાલ બીરાજમાન રાજકોટ) ની આજ્ઞા આશિર્વાદ સહ ચિ. ગો. શ્રી રાજીવલોચનજી બાવા, ચિ. ગો. શ્રી ગોવિંદરાયજી બાવા, ચિ. ગો. શ્રી ગોપિકાલંકારજી બાવાની સંયુકત અધ્યક્ષતામાં સ. ૨૦૪૦ ના ભાદ્રપદ માં **શ્રી વ્રજયાત્રા લીલીપરિક્રમા** નું આયોજન ભગવત્કૃપા થી થયેલ છે. પષ્ટિમાર્ગિય સમગ્ર વૈષ્ણવ સમાજ ને આ યાત્રામા સમ્મિલિત થવા અને આ અલૌકિક અવસરનો લાભલેવા હાર્દિક આમંત્રણ છે. :– આજ્ઞાથી :– **શ્રી વ્રજયાત્રા – આયોજક સમિતિ**

અર્થાત–જે કોઇ અન્યથાસ્થિત આત્માને (ભગવાનને) અન્યથા જ અર્થાત્ વિરૂધ્ધ રીતે જ સ્વીકારે છે તો તે ભગવાન અને ભગવન્માહાત્મ્યને છુપાવનાર ચોરે કયો અપરાધ નહિ કર્યો કહેવાય ? અર્થાત તેણે બધાં પાપો કર્યાં છે.

અધ્યાસવાદનો, પૂર્ણ ભાર યુકિતઓ ઉપર છે. યદ્યપિ હું કૃશ છુ, હું સ્થૂલ છું, દુઃખી છું, મનુષ્ય છું, બ્રાહ્મણ છું, વિગેરે વ્યવહારો જુઠા છે, અધ્યાસ માત્રથી ચાલી રહ્યાં છે પરંતુ એવું કયાં કહ્યું છે કે પ્રમાણ, પ્રમેય, વેદ, શાસ્ત્ર, જીવ, ઇશ્વર બધાં માત્ર કલ્પિત છે, જુઠાં છે ? એવું કહેવું માત્ર બુધ્ધવાદ જ છે. અધ્યાસની આડ લઇ સર્વ પ્રપંચને મિથ્યા કહી નાંખવો એ કેવલ વાકછલ નહિ તો બીજું શું ? શાંકર ભાષ્યના યૌકિતક ઉપોદ્ઘાતમાં યુષ્મદસ્મત્પ્રત્યય ગોચરયોઃ અહીંથી લઇ તમે તમેવંલક્ષણમધ્યાસં પંડિતા અવિદ્યા ઇતિ મન્યન્તે અહીં સુધી હું અને મારૂં ઇત્યાદિ ઉલટી સમજને જ જુઠી કહીં છે અને એ વાત ઠીક પણ છે, શાસ્ત્રીય છે, કારણકે શાસ્ત્રોમાં લખ્યું છે કે જીવ વ્યામોહિકા માયાને વશ થઇ દેહ, ઇન્દ્રિય, અંતઃકરણાદિના ધર્મોને પોતાના સમજે છે અને તેજ ઇન્દ્રિયાદિને પોતાનું સ્વરૂપ સમજે છે. અને એજ અધ્યાસ (ઉલટી સમજ) અસત્ય છે. પરંતુ આગળ જઇ જે એવું લખે છે કે તસ્માદ વિદ્યા વદ્વિષયાણ્યેવ પ્રત્યાક્ષાદીનિ પ્રમાણાનિ શાસ્ત્રાણિ ચોત અર્થાત અવિદ્વાનોને માટે જ પ્રત્યક્ષાદિ પ્રમાણ તથા વેદાદિ શાસ્ત્રો છે. એ કયા વેદાદિ પ્રમાણોથી લખે છે ? અગર અધ્યાસ યુકિતથી એ કહેતા હોય તો પણ ઠીક નહિ કેમ કે અધ્યાસ છે ઉલટી સમજ, અને જીવને ઉલટી સમજ થવાથી બધાં શાસ્ત્રો વિગેરે પ્રમાણો જુઠા છે, એ કઇ દુનિયાનો કાયદો કહેવાય છે. દેવદત્ત પોતાની ભૂલથી અગર આંબાના ઝાડને લીંબડો માની બેસે અને આંબાનો ધર્મ મીઠાસ વગેરે લીંબડામાં સમજવા લાગે તો શું તે આમ્ર અને નીંબ (લીંબડો) તથા આંબાના ધર્મો જુઠા છે કદાપિ નહિ, માત્ર લોકો તેને જ મૂર્ખ કહેશે, પણ તે વૃક્ષોને અસત્ય માનશે નહિ. (ક્રમશઃ)

વધાઈ

શ્રી વૃજયાત્રા સં. ૨૦૪૧ – સને ૧૯૮૫

શ્રી ગોકુલેન્દુ પ્રભુની કૃપાથી પંચમપીઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રી (કામવન) એ સં. ૨૦૪૧ સને ૧૯૮૫માં ભદ્રપાદ માસમાં શ્રી વ્રજયાત્રા ઉઠાવવાનો નિરધાર કર્યો છે.

ઘણાવર્ષો પછી પંચમપીઠાધીશ્વરની પરિક્રમાં ઉઠી રહી હોય આપશ્રીની છત્રછાયામાં આ યાત્રામાં જોડાવા સર્વ વૈષ્ણવોને અલૌકિક અવસર પ્રાપ્ત થયો છે.

સંપર્ક :–
શ્રી અધીકારીજી.
શ્રી ગોકુલચંદ્રમાજીની હવેલી ફોન નં. ૩૮
કામવન (રાજસ્થાન) પીન ૩૨૧૦૨૨

પૂ. પા. શ્રી નવનીતલાલજી બાવાશ્રી
શ્રી છબીલાજીની હવેલી.
ફોન નં. ૩૮૬૮૯
ભાવનગર પીન ૩૬૪૦૦૧

આ રહસ્ય માત્ર ગોપીજનો જ સમજી શકયા છે. ખરા પતિવૃતા તો માત્ર ગોપીજનો જ છે. એનો સમાન કોઇ થયા નથી અને થવાના પણ નથી અને ગોપીજનોના આવા દિવ્ય અલૌકિક ભાવને આપણે સમજી શકીયે ત્યારે જ ગોપીજનોનો દિવ્ય લીલાનો વિચાર પણ કરી શકયે। અન્યથા તો એ સર્વને માટે દુર્લભ છે.

એના માટે સર્વ પ્રથમ તો એ વાત ક્ષણભર પણ ભુલવાની નથી કે 'આ સર્વ ભગવાનની લીલા છે.' અને ભગવાન સચ્ચિદાનંદમય દિવ્ય અને અજન્યા છે. અવિનાશી છે. સનાતન છે. સુંદરતાની પરિસિમા છે; એવી જ રીતે શ્રી વ્રજલલનાઓ પણ શ્રી ભગવાનની સ્વરૂપ ભૂતા અને શ્રીરાધાજી (શ્રી સ્વામિનીજી) કાય વ્યુહ રૂપા છે. સર્વ એની અતરંગ શકિતયો છે. આ સર્વનો સંબંધપણ દિવ્ય અને નિત્ય છે. સ્નેહભાવથી આ દિવ્ય અલૌકિક લીલા સ્થુળ શરીર અને સ્થુળ મનથી પરેની વસ્તુ છે.

આ દિવ્ય મધુર પ્રસંગ બહુજ સંક્ષેપમાં ત્રણ-ચાર શ્લોકમાંજ કહેવાનો છે. એથી વિશેષ નહીં અને એ પણ બહુ જ નીચી કક્ષામાં રહીને વિશેષ આપણો અધિકાર નથી એ અધિકાર છે માત્ર શ્રી શુકદેવજી અને આનંદ પરમાનંદ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીનો કે જેના હ્રુદયમાં અખંડ સમસ્ત ભગવદ્ લીલાઓ પ્રકટ બિરાજે છે.

જ્યારે હ્રુદયમાં ભૌતિક વિષયની કોઇ કલ્પના જ રહેતી નથી. સંસારની વિસ્મૃતિ થઇ જાય છે. અને એક માત્ર ભગવાનને માટે જ ચિત્ત વ્યાકુળ બની જાય છે. ત્યારે જ આ અધિકાર પ્રાપ્ત થાય છે.

ભકત જ્યારે આવી ઉચ્ચ કક્ષાએ પહોંચે છે ત્યારે ભકતને ભગવાનનાં મિલનનો યોગ થાય છે, અને ભગવાન વેણુનાદ દ્વારા ભકતને બોલાવે છે, અને આ વેણુનાદ પણ એવા જ ભકતો સાંભળી શકે છે કે, જે તદ્દન નિષ્કામ ભગવદ્ પ્રેમી છે.

વ્રજમાં વેણુંનાદ થયો તે દિવ્યનાદ દેવ લોક પર્યંત પહોંચ્યો અને દેવતાઓ સ્થંભીત થઈ ગયા.

આ વેણુનાદ અત્યારે પણ શ્રી મહાપ્રભુજી અને આપના વંશ જ શ્રી ગુરૂદેવ અને તાદશિ ભગવદિયોના સત્સંગમાં પ્રકટ બિરાજે છે, પણ આપણે અહંતા-મમતારૂપી બંધનમાંથી મુક્ત થઇ શકીયે ત્યારે જ સાંભળી શકીયે.

શરદ પુર્ણિમાંની રાત્રીમાં જે વેણુનાદ પ્રકટ થયો તે પણ દરેક સાંભળી શકયા નથી જે માત્ર ભગવાનને મળવા માટે આતુર હતા. જેના હ્રુદય નિર્મળ હતા, પ્રભુ મિલન સિવાય અન્ય કોઇ અભિલાષા ન હતી, એ જ આ વેણુંનાદ સાંભળી શકયા છે, આ વેણુંનાદ તો પ્રભુ પ્રત્યેનું નિમંત્રણ હતું. ગોપીજનોએ અધિકાર પ્રાપ્ત કરી ચુકયા હતા. ભગવાને એ પ્રમાણેનું વરદાન પણ આપ્યું હતું.

વેણુનાદ થયો ત્યારે શું થયું ? તેનું સુંદર વર્ણન શ્રીમદ્ ભાગવતમાં છે.

નિશમ્ય ગીતં તદનંગવર્ધનં
વ્રજસ્ત્રિયઃ કૃષ્ણગૃહીતમાનસાઃ ।
આજગ્મુરન્યોન્ય લક્ષિતોદ્યમાઃ
સ યત્ર કાન્તો જવલોલકુંડલાઃ ॥
(૧૦–૨૯–૪)

ભગવાનના ખરા વિરહી ભકતોની આવી સ્થિતી હોય છે. આ પરમ કોટિની અવસ્થા છે.

વેણુનાદ પ્રકટ થયો ગોપીજનોયે શ્રવણકર્યો કેવો હતો એ વેણુનાદ ? અનંગવર્ધક' આ સંસારમાં આપણે જે કોઈ પ્રાકૃત વસ્તુઓ જોઈએ છીએ, એમાંની કોઇ પણ વસ્તુ અનંગ એટલે કે અંગ વગરની નથી પ્રકૃતિ સ્વયં અનંગ એટલે કે અંગ વગરની નથી. અને આવી કોઈ અંગવાળી વસ્તુ તો ગોપીજનોના મનમાં હતી જ નહીં તો પછી અનંગ કોણ છે ? એક માત્ર ભગવાન જ છે, બીજું કોઇ અનંગ છેજ નહીં. પ્રભુને પ્રાકૃત મનુષ્યની માફક અંગ નથી, પણ આનંદ સ્વરૂપ શ્રી અંગ યુકત ભગવાન સાકાર સ્વરૂપ છે.

આ અનંગ એટલે પ્રેમની વૃધ્ધિ કરવાવાળો વેણુનાદ ગોપીજનોના કર્ણમાં પ્રવેશ થયો.

(ક્રમશ:)

અમાદાવાંદમાં દિ. ૧૭ તથા ૧૮ સપ્ટેમ્નેર દાન એકાદશી વામનદ્વાદશીના દિને પૂ પા. પ્રથમપીઠાધીશ્વર શ્રી રણછોડચાર્યજી મહારાજ પ્રથમેજીના વચનામૃતોનો કાર્યક્રેમ યોજાએલ ૧૭ મી શનિવારે સાંજે સાડા પાંચ વાગે શ્રીવલ્લભ સદનમાં યોજાંએલ કાર્યક્રમમાં પ્રરંભમાં શ્રીયુત કે. કા શાસ્ત્રીજીએ કાર્યક્રમની રૂપરેખા આપેલ બાદમાં શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળાએ વૈષ્ણવોના ઘરનું વાતાવરણ અને યુવાનોની ધામીક ફરજ એ વિષય પર મનનીય વ્યાખ્યાન આંપેલ.

પૂ. પા. શ્રી પ્રથમેશજીએ જીવનમા સ્વધર્મપાલન અમે સંગઠનના મહત્વ પર એક કલાક વચનામૃતો કરેલ.

પૂ. પા. ગો. શ્રી વ્રજરાયજી મહારાજે (અમદાવાદ) પણ પ્રાસંગીક પ્રવચન કરતાં પરિષદના સંગઠનના કાર્યમાં પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ જે તત્પરતાથી કાર્ય કરી રહેલ છે તે મુજબ સર્વેને સંગઠન મજબુત બનાવવા બનતું બધું કરી છૂટવા આજ્ઞા કરેલ,

આશ્રય પદગાન પ્રો. શ્રી શાન્તીભાઈ બાંભણીઆએ કરેલ. આ પ્રસંગે પરિષદના મંત્રીઓ દ્વારકાપ્રસાદ પાટોદીયા, શ્રી ચીમનભાઈ શેઠ, તથા પરિષદના અનેક સક્રીય કાર્યકર્તા ઉપસ્થિત રહેલ.

તેજ દિવસે રાત્રે ૯ વાગે મણીનગરમાં શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીએ પૂ. શ્રી પ્રથમેશજીના વચનામૃતો થયેલ બન્ને સ્થળે વિશાળ સખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહી પૂ. આચાર્યશ્રીના વચનામૃતોનો લાભ લીધેલ.

તા. ૧૮ રવિવારે નારણપુરા વૈ. મંડલ દ્વારા પૂ. શ્રી પ્રથમેશજી મહારાજના વચનામૃતોનો કાર્યક્રમ યોજાએલ તેમજ સાંજના શ્રીવલ્લભ સદનમાં વિશાળ સભા થયેલ

આ કાર્યક્રમથી અમદાવાદમાં પરિષદના કાર્યમાં ખૂબ વેગ આવેલ છે.

સપ્ટેમ્બર ૧૯૮૩ના અંકના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૭૧. શ્રી ટી. કે. કામદાર–રાજકોટ
૭૨. ,, પ્રભુદાસ નરભેરામ સોનેજી–રાજકોટ
૭૩. ,, કંસારા પોપટલાલ ખેતસી–રાજકોટ
૭૪. ,, નાનાલાલ છગનલાલ રાણપરા–રાજકોટ
૭૫. ,, ડાયાભાઈ લક્ષ્મણભાઈ–રાજકોટ
૭૬. શ્રી કંસારા ધીરજલાલ અમૃતલાલ–વઢવાણ સીટી
૭૭. ,, કાંતિલાલ વ્રજલાલ પાવાગઢી–વઢવાણ સીટી
૭૮. ,, કંસારા ચતુરદાસ કલ્યાણભાઈ–વઢવાણ સીટી
૭૯. ,, નંદલાલ સવદાસ રંગાણી–ઘાટકોપર
૮૦. ,, નાથાલાલ વિઠ્ઠલદાસ દાવડા–મુંબઈ

જુનાગઢ : તા. ૨૮–૨૯ ઓગષ્ટના રોજ પરિષદના મંત્રીશ્રી ચીમનભાઈ શેઠની આગેવાની હેઠળ પૂરપિડીતોને સહાય કરવા કપડવંજ–અમદાવાદ-રાજકોટ–જુનાગઢના વૈ.ની એક ટુકડીએ એક હજાર કીલો અનાજ તથા લગભગ પંદર હજારના કપડાનું વીતરણ કર્યું. સંમીલીત હતાં શ્રી ચીમનભાઈ શેઠ પરિષદ કેન્દ્રીયમંત્રી (કપડવંજ) શ્રી શાન્તીલાલ બાંભણીયા (અમદાવાદ) શ્રી ડાયાભાઈ ડેલાવાળા (મંત્રી રાજકોટ શાખા) શ્રી જયન્તીભાઈ પડીઆ શ્રી કસ્તુરભાઈ કીર્તનીયા (રાજકોટ) શ્રી હરસુખભાઈ રાજપરા (પ્રમુખ જુનાગઢ શાખા) શ્રી જયેન્દ્રભાઈ રાજપરા શ્રી પોપટભાઈ જોબનપુત્રા (જુનાગઢ) જુનાગઢમાં આં. રા. પુ. વૈ. પરિષદની શાખાના ઉપક્રમે દર એકાદશીએ સત્સંગ યોજાય છે. જેમાં શ્રી સર્વોતમજીના પાઠ આદિ વિવિધ કાર્યક્રમ રહે છે. પવિત્રા એકાદશીના દિને પ્રભાતફેરીનું આયોજન રાખેલ તેમજ 'વૈષ્ણવ યુવક મંડલ'ની રચના કરવામાં આવી છે.

રાજકોટ : શ્રી લાલકૃષ્ણલાલજી સત્સંગ મંડળ, રાજકોટના સંનિષ્ઠ સેવક પ. ભ. શ્રી ગોકળદાસ બાપા સોની (મોવૈયાવાળા)નો તા. ૧૦-૯–૮૩ના રોજ ગોલોકવાસ થતાં મંડલના ઉપક્રમે પ. ભ. શ્રી ધનજીભાઈ ભીમજીભાઈના પ્રમુખસ્થાને મળેલ સભામાં શ્રદ્ધાંજલી અર્પવામાં આવેલ.

ભાવનગર : શ્રી વલ્લભસદન સંસ્થાના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી નવનીતલાલજીબાવાશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૨૭–૨૮ ઓગસ્ટના બે દિવસ અયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન થયેલ જેમાં વૈધશ્રી રામસીંહજી ગોહીલે સેવાઓ આપેલ તેમજ અગ્રગણ્ય વૈ.ની હાજરીમાં આયુર્વેદિક કેન્સર રીસર્ચ સેન્ટર બાંધવા ચર્ચા વિચારણા થયેલ સંચાલન શ્રી વિઠ્ઠલદાસભાઈ બાપોદરાએ કરેલ.

પોરબંદર : પૂ પા. ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં **શ્રી કૃષ્ણજન્માષ્ઠમી** મહોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવાયો. સાંજના કવિસમ્મેલન થયેલ જેમાં પૂ. મહારાજશ્રી પૂ. અ. સૌ. ચંદ્રાબેટીજી. તથા અનેક કવિજનોએ ભાગ લીધેલ.

મુંબઇ : આં. રા. પુ. વૈ. પરિષદ વિલેપારલે શાખા દ્વારા તા. ૨૭-૯-૮૩ના શ્રી હરિરાયજી મહાપ્રભુનો પ્રાકટયોત્સવ ખૂબઆનંદ પૂર્વક ઉજવાયો આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના વચનામૃતો તથા કીર્તન આદિનો કાર્યક્રમ યોજેલ. તથા તા. ૨૮–૯–૮૩ થી ૬–૧૦–૮૩ સુધી નિત્ય બપોરના **'શ્રી વલ્લભાખ્યાન'** પર સત્સગના કાર્યક્રમમાં શાસ્ત્રીજી જયવલ્લભ ધનેશ્વર ભટ્ટે શુદ્ધ પુષ્ટિ તત્વદ્વારા શ્રાવણ કરાવેલ.

"નવરાત્રિ ગરબો"

શ્રી વલ્લભ વિઠ્ઠલ ગુણ ગાઉં કે, નિત્ય પ્રતિ પ્રેમશું રે લોલ;
એઉનાં ચરણકમલ ચિત્ત લાઉં કે, એવા નેહશું રે લોલ. ૧

નવ ભાવના નૌતમ ખેલ તે, છે નવરાત્રના રે લોલ;
તેના નિત પ્રતિ નૌતમ ભોગ કે, છે બહુ ભાંતના રે લોલ. ૨

નિર્ગુણ જુથ તણો નહિ પાર કે, શોભા અતિ ઘણી રે લોલ;
સર્વે જુથ માંહે સરદાર, શ્રી રાધા મુગટ મણિ રે લોલ. ૩

પડવે પ્હેલું માન્યૂં પર્વ કે, (શ્રી) રાધા સહી રે લોલ;
પ્હેલા ખેલ તણાં તે મુખિયાં શ્રી ચન્દ્રવલી કહી રે લોલ. ૪

લીધાં પાન ફૂલ પકવાન કે, ચાલ્યાં **વૃંદાવનમાં** રે લોલ;
આવ્યાં કુંજ ભવનને દ્વાર કે, મોદ બહુ મનમાં રે લોલ. ૫

દર્શન વૃન્દા દેવી કેરૂં, કીધૂં છે ત્હાં રે લોલ;
દેખૂં નન્દકુંવર આ વનમાં, માય! માગૂં ઈહાં રે લોલ. ૬

ઘર ઘરથી આવી વ્રજનાર કે, શૃંગાર કરી બહુ રે લોલ;
ગરબે રમવા શરદની રાત કે, જુથ મલ્યાં સહુ રે લોલ. ૭

પ્રભુજી પધાર્યા એણે કામ કે, કોટિ કામ વારણે રે લોલ;
રસભરી રમતા જુવે વ્રજનાર કે, કુંજને બારણે રે લોલ. ૮

કુંજ વિહારી કુંજ વિલાસ કરી, પૂરી આશ છે રે લોલ;
'શોભા' જોઇ વસો ચિત્ત માંહે, કહે હરિદાસ છે રે લોલ. ૯

–શ્રી શોભામાજી

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहिसन्मार्गरक्षकाः

શ્રી વલ્લભ સુધા

અરી ચલ દૂલ્હે દેખન જાઇ
સુંદર શ્યામ માધુરી મૂરતિ અખિયાં નિરખ સિરાંઇ
જુરી આઇ વ્રજનારિ નવેલી, મોહન દિશ મુસકાઇ
મોર બન્યો સિર, કાનન કુંડલ મરવટ મુખહિ સુહાઇ
પહરે વસન જરકસી, ભૂષણુ અંગ અંગ સુખદાઇ
તેસી બની બરાત છબીલી જગ મગ રંગ ચુચાઇ
ગોપ સભા સરોવર મેં ફૂલ્યે કમલ પરમ લપટાઇ
નંદદાસ ગોપિન કે દૃગ અલી દેખન કો અકુલાઇ

વર્ષ ૨ : અંક ૮ * નવેમ્બર, ૧૯૮૩ * શ્રી વલ્લભાબ્દ ૫૦૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૦/- * આજીવન રૂ. ૧૫૧/-

'શ્રી વલ્લભ સુધા' ૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦૦૦૧

પૂર પિડીત સહાયતા કાર્યો-પ્રવાસ

રાજકોટ :- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પુરપીડિત સહાયતા સમિતિનાં ઉપક્રમે ગોઠવાયેલ સભામાં વૈષ્ણવ પરિષદના ધર્માધ્યક્ષ ગો. શ્રી પ્રથમેશજી એ બોલતાં જણાવેલ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સેવા એ સહજ ધર્મ સ્વીકારેલ છે, દરેક જીવો પ્રભુનાં જ અંશરૂપ હોય વૈષ્ણવ જ ગણાય તેમા જ્ઞાતિ કે જાતિના ભેદભાવ હોતાં નથી આપણાં કોઈપણ બાંધવના દુઃખમાં સહાયરૂપ બનવું તે આપણી સહજ કર્તવ્ય નિષ્ઠા છે.

ગો. શ્રી પ્રથમેશજીએ વૈષ્ણવોને સંબોધતા જણાવેલ કે સ્વધર્મને સ્મરણ કરીને વૈષ્ણવ પરિષદનાં સંગઠન અને વ્યવસ્થામાં સાથે જોડાઈ સમાજ સેવા કરવા અનુગ્રહ કર્યો હતો વિશ્વને શ્રીકૃષ્ણનું સ્વરૂપ ગણીને કાર્ય કરવાથી લીલા વૈશિષ્ઠનાં આનંદનો અનુભવ કરી શકાશે.

વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય મંત્રા શ્રી ચીમનભાઈ શેઠ, સૌરાષ્ટ્ર વિભાગનાં કન્વીનર શ્રી ડાયાભાઈ ડેલાવાળા તેમજ ગુજરાતનાં સંયોજકશ્રી શાંતિભાઈ બાંભણીયાએ પ્રસંગોચિત વકતવ્ય રજુ કરેલ.

બીલખા :- તા. ૬-૧૦-૮૩ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત પુરપીડિત સહાયતા સમિતિનાં ઉપક્રમે બીલખા મુકામે ગોઠવયેલ સભામાં પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીએ વૈષ્ણવોનાં સ્વરૂપનું સ્મરણ કરાવ્યું હતું કે પુષ્ટિભકતો ભગવાનનો પણ શ્રમ દૂર કરવામાં પોતાનું સુખ સમજે છે. અને ભગવાન પુષ્ટિભકતોનીએ ભાવનાને વશ છે.

આ સભામાં વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ, તથા સૌરાષ્ટ્રના કન્વીનર શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ પોતાનું વકતવ્ય રજુ કરેલ.

સભાને અંતે પુરપીડિત સહાયતા સમિતિનાં સંયોજક શ્રી નટવરભાઈ શાહ સાથે જોડાએલ ગુજરાત પ્રદેશ તથા મુંબઈના કાર્યકરોનાં હસ્તે સહાયતા અંગેની રકમનાં બેન્ક ડ્રાફ્ટ જરૂરીયાતવાળા કુટુંબોને વિતરણ કરવામાં આવેલ.

જુનાગઢ :- આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ધર્માધ્યક્ષ પ્રથમ પીઠાધીસ્વર પુજ્યપાદ ગો. શ્રી ૧૦૮ રણછોડાચાર્યજીએ તા. ૧-૧૯-૮૩ ના રોજ જુનાગઢમાં રાત્રે બ્રહ્મપુરીમાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના કાર્યકરોને તથા જાહેર જનતાને ઉદ્‌બોધન કર્યું હતું. પ્રારંભિક પ્રવચન ડૉ. શ્રી ધીરુભાઈ શાહે કરીને અતિથીઓનું સ્વાગત કર્યું હતું. શ્રી ચીમનભાઈ શેઠે (કેન્દ્રીય મંત્રી આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ) વૈષ્ણવજનોની સંગઠન શકિતનો અને ધર્મસંસ્થાની સેવામય જાગૃતિનો ખ્યાલ આપ્યો હતો. શ્રી પોપટલાલ જમનાદાસ જોબનપુત્રાએ જુનાગઢ શાખાનો અહેવાલ રજુ કર્યો હતો. રાજકોટના શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ (રાજકોટ શાખાના મંત્રી) સૌરાષ્ટ્ર પૂરપીડિતના કન્વીનર તરીકે પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા. શ્રી વલ્લભ સુધાના પ્રકાશન અંગે શ્રી ગોકળદાસ ગગુભાઈ સોનીએ વિસ્તૃત સમજ આપી હતી. ગુજરાત વિભાગના કન્વીનર પ્રો. શ્રી શાંતિલાલ બાંભણીયાએ વૈષ્ણવ સેવા માર્ગની જાગૃતિના પ્રેરક વિચારો વ્યકત કર્યા હતા. શ્રી મગનભાઈ બીલખાવાળાએ પૂરપીડિતોના સહાયના કાર્ય બદલ આભાર પ્રદર્શિત કરી આં. રા. પુ. વૈ. પરિષદમાં સંગઠીત થવા અપીલ કરી હતી. ત્યારબાદ પ્રથમ પીઠાધીસ્વર પુજ્યપાદ ગો. શ્રી ૧૦૮ પ્રથમેશજી પોતાના પ્રવચનમાં કહ્યું કે ધાર્મિક મંદિરો સંસ્થાથી પ્રચાર થશે પણ ધર્મનો ઉદ્ધાર નહીં થાય આ ટીકા નથી પણ હકીકત છે ધર્મનો જીવનમાં ઉપયોગ શું ? શ્રીમદ્ વલ્લાભાચાર્યજી પરિણામો સ્વીકારે છે. ધર્મ સર્વેશ્વરને પ્રિય છે. તે પતીતનો ઉદ્ધાર કરે છે તે પતીતના ચિંતન માટે નથી લીલા નિત્ય છે નવીન છે. આજે આજની સંસ્કૃતિ કે સભ્યના અનિત્ય છે. નિત્ય અને અદ્યતન આદર્શ પર વલ્લભીયતા છે. સેવામાં પ્રમાદન ચાલે. પ્રભુતામાં મદ ન ચાલે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ અકિંચનોની સેવાનું મૂલ્ય સમજાવ્યું છે. પુષ્ટિ સંપ્રદાય જીવનની કલા શીખવે છે. ધર્મ એજ જીવન છે. એક શ્વાસ લેવાની પ્રક્રિયા છે.

શ્રી વલ્લભ યુવક મંડળના ઉપપ્રમુખ શ્રી ભુવનેશભાઈ કક્કડે સમારંભનું સંચાલન કર્યું હતું અને છેલ્લે શ્રી હરકિશનભાઈ એન. શેઠે આભારદર્શન કરેલ.

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

॥ શ્રીહરિ: ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* શ્રી મગનભાઇ લા. તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિદ
* શ્રી રવજીભાઇ પ. પટેલ

⁂

વર્ષ ૨ : અંક ૮
નવેમ્બર, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

નુતન વર્ષે સાદર ભગવદ્ સ્મરણ

વિક્રમ સંવત ૨૦૪૦ ના પ્રારંભે પૂ. પા. આચાર્યશ્રીઓના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ અને **શ્રી વલ્લભ સુધા** ના સર્વે વાંચક, સ્નેહી વૈષ્ણવવૃન્દને નવા વર્ષની હાર્દિક વધાઇસહ ભગવદ્ સ્મરણ.

વિતેલાં વર્ષ દરમ્યાન ભગવદ્ કૃપાથી શ્રી વલ્લભસુધાનું પ્રકાશન નિયમીત થતું રહ્યું છે. અને સભ્ય સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. તે આનંદનો વિષય છે. પરંતુ હજી પૂર્ણ સંતોષ થાય તે પ્રમાણમાં શ્રીવલ્લભસુધાના સભ્યો બધાં જ પ્રદેશમાં નથી થયાં તે માટે અમો પ્રયત્નશિલ છઇએજ. આપ સર્વે વૈષ્ણવોના સહકારથી શ્રીવલ્લભસુધા ઘેર ઘેર પહોંચતું થશે જ એવી શ્રદ્ધા છે.

પરિષદનું સંગઠન આ સમયમાં અનિવાર્ય જરૂરીયાત છે. જ્યારે ધર્મ, સંસ્કૃતિ અને દેશ રક્ષાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે સ્વધર્મપરાયણ, નિસ્પૃહ અને સંગઠીત વૈષ્ણવો જ એ કાર્ય કરી શકશે.

ગૌરક્ષાનો પ્રશ્ન પણ આજે આપણને કર્તવ્યનો સાદ દઇ રહ્યો છે. નવા વર્ષમાં આપણે સ્વધર્મ, સંસ્કૃતિ અને ગોરક્ષા કરવા કૃત સંકલ્પ બનીએ અને તે માટે ગામે ગામ પરિષદની શાખા સ્થાપી બધાં વૈષ્ણવો સંગઠીત બનીએ. નવા વર્ષમાં સર્વેને ભગવદ્ભાવમાં વૃધ્ધી તથા શ્રી હરિ, ગુરૂ, વૈષ્ણવની કૃપા પ્રાપ્ત થાય એવી શુભકામના.

શ્રીવલ્લભસુધા સંપાદક-વ્યવસ્થાપક મંડલ.
ના સવિનય ભગવદ્સ્મરણ

॥ શ્રીહરિઃ ॥

શ્રવણ અને સત્સંગ

પુ. પા. ગો. **શ્રી પ્રથમેશજી મહારાજ**

સત્સંગ અને શ્રવણમા અનેક પ્રકારો છે. છતાં શ્રવણ બે જાતનુ છે. એક તો જેને સાંભળિએ તેમા ખામી જોવાની દાનત હોય અને સાંભળનાર પ્રત્યે આપણો અણગમો હોય તથા તેના દોષનો વિચાર કરવો. આ સ્થિતિમા શ્રવણ અને સત્સંગ ફળે નહીં. શ્રીમદ્-ભાગવતમા વકતા અને શ્રોતાના પ્રકારો બતાવ્યા છે તેમજ શ્રીમહાપ્રભુ આનું વિવેચન જળભેદ ગ્રન્થમાં પણ કરે છે છતાં આપણી સમક્ષ વિચાર કરવા માટે શ્રીભાગવતનો પ્રકાર સૂત અને શૌનકના પ્રસંગમાં સમજાવે છે.

સત્સંગમાં ગમે તે બેઠા હોય છતા તે વાર્તા તો શ્રીહરિનીજ કહે છે. આ વાત મનમા રાખીને પ્રથમ મન પવિત્ર કરવું જેનાથી વકતાના દૂષણો ઉપર મન ન જાય, અને આપણને વધુ આવડે છે તેવું અભિમાન પણ ન રાખવું તો જ આ સત્સંગમાંથી સાર લઇ શકાય છે. સન્તની વાણી સ્પષ્ટ ન હોવા છતાં તેમના ભાવોની અસર અને વિચારોની અસર પંડિત કરતા ઉંડી થાય છે તે વાત આપણે વિવેકાનન્દના પ્રસંગ જેવા અનેક પ્રસંગોમાં જોઇ શકીએ છીએ.

વાર્તા સાહિત્યમા શ્રવણ અને સત્સંગના પ્રકારો સંસ્થાકીય દૃષ્ટિથી નથી થયા પણ તે સ્વતઃ સારી સ્થિતિ કરાવનારા છે. આવી સ્થિતિથીજ સંસ્થા અને સ્વધર્મ સચવાય છે. માટે ભગવદ્ વાર્તાના પ્રકારમાં વિશેષતા છે અને શ્રી હરિરાયજીની પહેલા પણ આચાર્યશ્રી-વલ્લભ અને શ્રી વિટ્ઠલેશ્વર આવી ચર્ચા કરતા હતા. આવા મહાન આચાર્યોની સમક્ષ જીવનુ કોઇ ગજુ હોય નહીં છતા તેમને સાંભળવાનો આ પ્રકાર સાવ જુદોજ હતો. પોતાના પ્રાણથી પ્રિયની વાત કોઇપણ કહે છે તેની વાતમાં સાંભળતા તેના સ્વરુપનુ ચિન્તન ન કરતા પરમ પ્રેમાસ્પદની છબિનું જ મનન અને ચિન્તન કરે છે. આ વાત ભ્રમરગીતમાં સ્પષ્ટ કરવામાં આવી છે. ભલે આપણોજ શત્રુ હોય પણ જો તે વાર્તા કરતો હોય તો તેને શ્રદ્ધાથી સાંભળો તો મનનો મેલ ધોવાઇ જશે. આમ કરવાથી તેની વાણીનો અનુચિત પ્રભાવ નહીં થાય અને સ્વધર્મનુ જ ભાન થશે. આ વાત સત્સંગમા ધ્યાન રાખવા જેવી છે. પરધર્મ માટે વિચારથી જ વાત સાંભળી બુદ્ધિને ભ્રમણા ન થાય તેનું ખાસ ધ્યાન રાખીને સાંભળવો જોઇએ.

સમાજમાં સધર્મિની વાત કહેવાની વાત નો હેતુ આવોજ છે. અન્યથા સાધના અને આરાધનામાં ભટકી જવાય અને જીવનમાં સાર જતો રહે. ગમતી કે અણગમતી બન્ને વાતો વ્રજજનોએ સાંભળી છે અને તેનાથી તેઓની ભગવાનમા આસકિત ઓછી થવાના સ્થાને વધી છે. આ પ્રસંગ આપણને પ્રેરણા આપે છે.

શૌનક ઋષિઓના મનમાં આવીજ હું પણાની ભાવના આવી હતી તેના થકી તેમનુ શ્રવણ ઉચ્ચ કક્ષાનુ થયું નોહતું વ્રજજનોનો પ્રકાર આનાથી તદ્દન જુદો છે. ત્યાં તો શ્રવણમયતાનાં દર્શન થાય છે. આવી ભકિત તો આપણને ન સિદ્ધ થાંય કેમકે આપણા મનમા તેવી વાત નજ આંવી શકે. માટે તેઓનુ મન અને તન બધાજ અલૌકિક છે તેનુ વર્ણન આચાર્યો કરે છે.

આપણી સ્થિતિમાં શ્રવણ માટે સાધનાની જરૂર છે. તે સહજ નથી સિદ્ધ થતું આ સાધનામા શ્રદ્ધા પ્રધાન છે. તેમજ વાસના અને પૂર્વગ્રહ રહિત શ્રવણ કરવું જોઇએ. ભગવદ્ મણ્ડલી આપણા વૈરીને ત્યાં થાય તો ન બોલાવે તો પણ અપમાન સહન કરીને જવાથી અભિમાનની નિવૃત્તિ થાય છે. આવા પ્રસંગમાં એવા સ્થાને બેસવું જેમાં તેને અડચણ ન થાય. અને નિસ્પૃહ ભાવથી સમાજમાં કીર્તિનો સાંભળવા. આ ત્યારે જ શકય થાય કે જ્યારે સત્સંગમાં અનેશ્રવણમાં આસકિત ઉપજે એની પહેલા યથમતિ સત્સગ કરવા જવાની ધગશ રાખવી. મનમાં દીનતા હોય તો વકતાને અભિમાન ન આવે અને સાંભનારને તે વાત ફળરુપ થાય માટે સાવધાન રહેવાની વાત કહી છે. અભિમાન થકી આનન્દ તત્વનો બોધ થતો નથી અને તે વાત પણ અસર વિનાની થઇ જાય છે. પોતાના બાળકના ભાવ જેમ વડીલો સાંભળી સમજી જાય છે તેમજ સ્નેહ હોય અને શ્રદ્ધા હોય તો ધર્મ સમજાય અને સત્સંગ મનમાં આવે આ વાત સેવાના પ્રકાર સાથે કહેવાનું ખાસ કારણ છે.

મનામાં અનુભવ કયારે થાય જ્યારે તે સ્વરુપમાં પરોવાઇ જાય અમ તેનુ ચિન્તન ચેતના દ્વારા પ્રભુના આનન્દ સ્વરુનુ સ્પર્શ સ્વરુપમા કરે. આમ કરવાથી સહાનુભવ થાય છે. આવી સ્થિતિ ક્ષણોમા જ આવે છે. કલાકો માટે તો જીવનમાં તેવી વાતની સંભાવના માટે પુષ્કળ આરાધના જોઇએ. આમ આજે ચોમેરથી આવુ ચિન્તન શકય નથી માટે પ્રથમ ભાવાત્મક ચિન્તનની વાતની સ્પષ્ટતા કરવામા આવી છે. શ્રવણમાં શુદ્ધતા આવે તો ભલે વકતાને તે તત્વ ન જણાય પણ શ્રોતા તેની સાથે આત્મસાત્ થઇ શકે છે. આ વાત કથા પ્રસંગોના વિવેચનોથી સ્પષ્ટ થાય છે.

અલૌકિક મનની સિદ્ધિ પહેલાં શ્રવણમાં મન લગાડવાનો આગ્રહ રાખવાની વાત અભ્યાસ માટે છે. મનમાં સંકલ્પ અને વિકલ્પ નિકળી જાય તો શ્રવણમાં એકાગ્રતા આવે. આમ મન પરોવાય તેવી વિધિ છે. શ્રવણમાં મન ઉંચુ નીચુ થયા કરે છે અને જો તેમાં એકાથતા આવે તો તેમાથી સંકલ્પ વિકલ્પો જતા રહે છે. આમ થયા વિના એકાગ્રતા આવતી નથી. ઘણા લોકો સાંભળતી વખતે સમજવાનો ડોળ કરે છે તેનાથી તે જાણે છે આમ તો સમજી શકાય પણ શ્રવણમાં તન્મયતા આવતી નથી.

જેમ રાગ વગાડતી વખતે સ્વરની આઁસ જોવાય છે તેમજ આવી સ્વરની ઝીણવટને સમજવા માટે કાન તરફ મન કેન્દ્રિત થાય તોજ સ્વરની મેળવણીની સમજ અને રાગનો

આનન્દ અન્તરથી આવે. આમ તો રાગથી રંજન થાય છે અને તે સામાન્ય રીતે પણ થઇ જાય છે. આ શ્રવણનો આછો પ્રકાર છે. વાસ્તવિક શ્રવણ તો મન ઉપર પ્રભાવ પાડે છે. કેવળ મનોરંજન નથી હોતું. આજે સામાન્ય રીતે મનને આનન્દ આવે તેવુ શ્રવણ કરવામાં આવે છે. આવા શ્રવણમાં તન્મયતાનો અભાવ હોય છે માટે તેની ઉંડી અસર થતી નથી.

ભકિતમાં પ્રથમ શ્રવણ ભકિત છે અને તેની પ્રાથમિકતાનો હેતુ ગમ્ભીર સ્થિરતાની આમાં જરૂર હોય છે. તેમજ ગમ્ભીર બાબતો અને વિવેચન સાંભળવાનો બોજો મન અને મગજ સહન કરી શકે તથા તેમા નીંદર ન આવે તેવો અભ્યાસ થવો જોઇએ. સાંભળવા સાથે સમજવાનો પ્રયાસ કરવાની આવશ્યકતા હોય છે. આવું કરવામાં મનની શુદ્ધતાની સાથે સ્થિરતાની જરૂર છે.

વેણુનાદ સાંભળી વ્રજજનો અને પશુ પક્ષીઓ પણ તન્મય થયા. મુનિઓની આન્તર સમાધી કરતા બાહ્ય સમાધી થઇ ગઇ. અન્તરનું એકાન્ત હોવાથી બીજી વસ્તુઓ બાધક બનતી નથી. એકાન્ત સમાધી તો ભંગ થયા પછી ક્રોધ વિગેરેનું કારણ બની જાય છે. માટે પ્રભુએ સ્વજનોને પોતાના નાદમાં ખુલી સમાધીની સાધના સહેજે પ્રદાન કરી હતી. આ અનુગ્રહનો જ પ્રકાર છે. નિરોધની લીલા અને સર્વે ઇન્દ્રિયોનો સન્યાસ આમા વિશેષપ્રકારે થયો હોય તે પ્રત્યક્ષ જણાય છે. આના થકી મનની ચંચળતા દુર થઈ. તેના થકી ઇન્દ્રિયો વશમાં આવી અને તેનો વિનિયોગ ભગવાનમાં થવાથી વિષય–વાસનાનું વિષ નિકળી ગયું જેમ વિષથી વ્યકિત બેભાન થઈ જાય છે તેમજ વિષયોની પાછળ પણ ભાન ભુલાઇ જાય છે.

આવુ થવાથી શ્રવણ પણ બરોબર થઇ શકતું નથી. વાંચનમાં શ્રવણ કરેલી વસ્તુનો વિચાર કરવાથી તેની દૃઢતા મનમાં આવે છે. દેહના અધ્યાસો ઓછા થાય છે. આ વિચારનો પ્રભાવ છે. જે શ્રવણથકી થાય છે. સાંભળનારના કાનમાં જ સર્વશકિત અને ઇન્દ્રિયોની ગતિ ચાલી જાય છે. લોકમાં પણ એવુ બને છે તેની વિશેષતા આપણે સમજી શકતા નથી. તેમજ આનો ઉપયોગ યોગ્ય સ્થાને કરી શકતા નથી ભકત કવિયો આની [વિશેષતા બતાવે છે. શ્રવણમાં સત્સંગની વાત વાર્તા સાહિત્યમાં સ્પષ્ટતાથી સમજાવી છે. આમ સત્સંગમાં પણ હાથ, પગ, ધોઇને ચરણામૃત લઇને બેસવુ યોગ્ય છે. અને મનને તેમાં પરોવાની કોશીશ કરવી જોઇએ. મન લાગે ત્યાં સુધી ધીરજથી સાંભળવું.

પેગડે પગ અને બ્રહમ, ઉપદેશ આજે કલિકાળમાં થાય નહીં. આના માટે તો યોગ્યતા જોઇએ. કાન પવિત્ર કરવાની ભાવનાથી પણ મનનો નિરોધ શ્રવણમાં થતો નથી. તેમજ ચિત્તમાં શાન્તિ જોઇએ. મેલાવડામાં આવુ આજે શકય નથી. આવા પ્રસંગો આકર્ષણ પૂરતા કામના છે. જેના થકી રુચિ પેદા કરી શકાય અથવા ધાર્મિક જનોની એકતા સ્થપાય તેમાં આનો અંશમાત્ર ઉપયોગ કરી શકાય. આને શ્રવણની સાધના કહી શકાય નહીં. શાસ્ત્રમા આ બન્ને પ્રકાર ભિન્ન બતાવ્યા છે.

શ્રીવલ્લભાચાર્ય આનુ વિવેચન કરી સમજાવે છે. અને તેના અભ્યાસ માટે સેવા અને કથાને પરસ્પર ઉપયોગી માને છે. ચિન્તન અને શ્રવણમાં પણ એક ક્રિયા છે. આ ક્રિયા આચરણમાં આવે તો સિધ્ધ થાય માટે સેવાની વિશેષતા દર્શાવી છે. જીવનને લગતા કાર્યો ભગવદ્ સબન્ધવાળા કરવાનું સુચન આને અનુલક્ષીને કરવામાં આવ્યું છે. વેર ભાવનાથી અનેક સત્સંગ મણ્ડલોની સ્થાપના ન કરતા મતભેદ દુર કરવાનો જ પ્રયત્ન કરવો જોઇએ અને આ ત્યારેજ બને જ્યારે આપણે જાતે ત્યાં જઇને શ્રવણ કરીએ. એક ઘરમાં રહેતા મળતા લોકોને નજીક આવાનો અવસર મળે છે. આમજ ભકતોને આ અવસર સેવામાં સહાયક થઇ શકે છે.

ભકત જીવનમાં સેવા હળીમળીને કરવાનો નિર્દેશ છે. આમ વ્યકિત એક બીજાની નજીક સેવા ભાવનાથી આવે છે. તેમજ પ્રભુનુ શ્રમનિવારણ પણ થાય છે. આજે લોકમા કેવળ ભૌતિક સબન્ધ હોવાથી આપણે બીજાને ત્યાં શા માટે જવું આવો વિચાર આવે છે અને બાધકમા પ્રભુને સેવાર્થે ત્યાં પધરાવી શકતા નથી, કેમકે તેને વેઠ લાગે છે. આવુ સમજવાથી લોકની લાગણી વધે છે. અલૌકિક સબંન્ધ બન્ધાતા નથી. માટે શ્રવણમાં આ વાત સ્પષ્ટતાથી બતાવી છે. આમ વિચારતા શ્રવણ પણ સાધન અને ફળ આ બે પ્રકારનું હોય છે. જેમ સાંભળવાથી સ્નેહ અને રુચિ થાય અને પરિચય પછી તેની વાત, શ્રવણની અસર જુદી જ હોય છે. આમ ભગવાનથી પણ પરિચય કરવો અને ધર્મથી પણ પરિચય સાધવો જોઇએ. આમ ઉપદેશનો અર્થ પ્રભુની નજીક જવાનું થાય છે. અને વિવેક પણ ઉપયોગી છે. માટે વિવેક અને ધૈર્યને ભકિતના સાધન બનાવ્યા છે. આ બન્ને મનથી સંબન્ધ રાખે છે. શ્રવણ પણ મનથી સંબન્ધવાળું છે.

મનનો સંબન્ધ બધા સ્થળોથી રહે છે. તેમજ ધર્મનો સંબન્ધ પણ વ્યાપક છે. અને ભકિતનું ક્ષેત્ર પણ વ્યાપક છે. માટે વિધિ તો રસ્તો દેખાડવા માટે જ ઉપયોગી બતાવી છે. શ્રવણ કરવા છતા મનમાં તો એકજ વાત બેસે તેમજ સંસારમાં બધું સાંભળતા હોવા છતાં ભકતો વિચલિત થતા નથી. આ વાત શ્રી વલ્લભાચાર્ય વિગતથી સમજાવે છે. આજે આવી મનઃસ્થિતિ બનાવવાનો પ્રયત્ન કરવો સહુને ઉપયોગી છે. આચાર્યશ્રીની વાણી થકી આ વાત હૃદયમા વસાવવી જોઇએ. વાણીનો પ્રભાવ મહાપુરુષોમાં હોય છે. વાણી અગ્ની છે. શ્રવણથી માટે જ દોષો દુર થાય છે. જરુરછે શ્રવણની વિશેષતા સમજી ને તેના યોગ્ય બનવાની અને આ પોતે જ એક આરાધના છે. જેના થકી પ્રભુ પાસે જવાનો માર્ગ પ્રાપ્ત થાય છે. અને ધર્મ પણ આજ પ્રકારે મનમાં આવે. માટે આગ્રહ રાખી શ્રવણ અને સત્સંગ કરવાનો નિર્દેશ અપાયો છે.

✓

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોતમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૦મો)

અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।
અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥૨૮॥

હે ભારત, અક્ષર બ્રાહ્મ જેમની ઉત્પત્તિ પૂર્વે છે એવાં, મધ્યે દેખાતું જગત છે એવાં અને અક્ષર બ્રહ્મમાં જ લય પામી જનારાં શરીરો છે, તેમાં શોક શો ? ॥૨૮॥

અરે, ઇશ્વરે ઉત્પન્ન કરેલા દેહોનો નાશ કરવો યોગ્ય નથી, એમ શંકા કરીને દેહોની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના વિચારથી પણ, 'અવ્યક્તાદીનિ' વગેરે શબ્દોથી શોકનો અભાવ દર્શાવે છે. જેઓની ઉત્પત્તિ પૂર્વે અક્ષર બ્રહ્મ છે, તેવાં શરીરો છે. વ્યકત એટલે દેખાતું જગત મધ્યમાં સ્થિતિરૂપ છે, એટલે કે ઉત્પત્તિ અને લયની મધ્યે રહેલાં છે અને અક્ષર બ્રહ્મમાં જ લય પામી જનારાં છે, તેવાં શરીરો છે. તેમાં શી ચિંતા ? એમ અર્થ છે અહીં આ અર્થ છે: જેમનાથી ઉત્પત્તિ છે તેમનામાં જ નાશને પામનારાં છે, તેમાં પોતાનો શોક ઉચિત નથી, એમ અર્થ છે. પોતાની પણ, તેઓને માર્યા પછી નરક વગેરેની શકયતા નથી; કારણ કે ઉત્પત્તિના સ્થળમાં જ પોતાનો પણ નાશ થશે. ॥૨૮॥

આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેન
 માશ્ચર્યવદ્વદતિ તથૈવ ચાન્યઃ ।
આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શ્રુણોતિ
 શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કાશ્ચિત્ ॥૨૯॥

કોઇ એને આશ્ચર્યની જેમ જુએ છે, તેમ જ બીજો આશ્ચર્યની જેમ વર્ણવે છે. અને અન્ય એને આશ્ચર્યની જેમ સાંભળે છે. વળી સાંભળીને પણ એને કોઇ ખરેખર જાણતો જ નથી. ॥૨૯॥

અરે, જો એમ હોય તો વિદ્વાનો પાપ કરવાથી નરકની સંભાવના છે, એમ માનીને શા માટે શોક કરે છે ? એમ શંકા કરીને જવાબમાં 'આશ્ચર્યવત' વગેરે શબ્દોથી કહે છે. એને કોઇ આશ્ચર્યની જેમ જુએ છે. શાસ્ત્રાર્થના જ્ઞાનથી નિત્ય, અવ્યકત વગેરે રૂપે જાણનાર, જન્મ વગેરે ભાવ જોવાથી આશ્ચર્યથી માયારચિત ઇંદ્રજાળની જેમ જુએ છે, એમ અર્થ છે.

તેઓના જન્મ વગેરે ભાવ તો મારી ઇચ્છાથી મારી ક્રીડાને અર્થે છે, એમ હોવાથી આશ્ચર્યની જેમ, એમ કહ્યું. તેમ જ મારી માયાથી મોહ પામેલા કોઇ આશ્ચર્યની જેમ વર્ણવે છે, બીજાઓને જણાવે છે, એવો અર્થ છે. અને બીજો, સ્વતઃ જ્ઞાન રહિત શ્રોતા આશ્ચર્યની જેમ સાંભળે છે. સાંભળ્યા છતાં એને આ યથાર્થ છે, એમ ચોકસ કહી શકાય એ રીતે તે જાણતો નથી. આ ત્રણમાંથી નિશ્ચયપુર્વક કોઇ જાણતો નથી, તેથી અજ્ઞાનથી તેઓ પણ શોક કરે છે, એવો ભાવ છે. ॥૨૯॥

દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત ।
તસ્માત્સર્વાણિ ભૂતાનિ નત્વં શોચિતુમર્હસિ ।૩૦।

હે ભારત (અર્જુન) આ આત્મા બધાના શરીરમાં હંમેશાં વધ ન થઇ શકે તેવો છે. તેથી બધાં પ્રાણીઓને શોચવાને તું યોગ્ય નથી. ।।૩૦।।

પહેલાં કહેલાનો ઉપસંહાર કરતાં 'દેહી' વગેરે શબ્દોથી શોક ન કરવાનું સૂચવે છે.

બધાના દેહનાં રહેલો દેહી (આત્મા) વધ ન થઈ શકે તેવો છે. તેથી બધાં પ્રાણીઓને શોક કરવાને તું યોગ્ય નથી; કારણ કે દેહ જન્મે છે, નહિ કે દેહી.

"ભારત" એવા સંબોધનથી તું તેવો જ્ઞાનવાન છો, એમ જણાયું છે. ।।૩૦।।

સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ ।
ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ।૩૧।

વળી સ્વધર્મને વિચારીને પણ વિચલિત થવાને તું યોગ્ય નથી; કારણ કે ધાર્મિક યુદ્ધથી બીજું ક્ષત્રિયોનું સદ્ભાગ્ય નથી. ।૩૧।

એ પ્રમાણે આત્માના સ્વરૂપના જ્ઞાનથી શોક ન કરવો જોઇએ, એમ કહીને સ્વધર્મથી પણ શોક ન કર, એમ 'સ્વધર્મમપિ' વગેરે શબ્દોથી કહે છે.

સ્વધર્મ એટલે ક્ષત્રિયોના ધર્મનો વિચાર કરતાં પણ તુ કંપાયમાન થવાને યોગ્ય નથી. ક્ષત્રિયોનો આજ ઉત્તમ ધર્મ છે, એમ 'ધર્મ્યાત્' વગેરે શબ્દોથી કહે છે.

ધર્મ્ય યુદ્ધથી બીજું ક્ષત્રિયને માટે શ્રેય નથી. ક્ષત્રિયોનો પરલોક વગેરે પણ આનાથી જ છે. ।।૩૧।।

યદૃચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ્ ।
સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ
લભન્તે યુદ્ધમીદૃશમ્ ।।૩૨।।

હે પાર્થ (અર્જુન), ભગવાનની ઇચ્છાથી પ્રાપ્ત થયેલ અને ખુલ્લું કરાયેલ સ્વર્ગના દ્વાર સમું આવું યુદ્ધ ભાગ્યશાળી ક્ષત્રિયો પ્રાપ્ત કરે છે. ।।૩૨।।

તેથી આવું યુધ્ધ ભાગ્યશાળી જ પ્રાપ્ત કરે છે, એમ 'યદૃચ્છયા' વગેરે શબ્દોથી કહે છે. ભગવાનની ઇચ્છાથી પ્રાપ્ત થયેલ, ખુલ્લું કરાયેલ સ્વર્ગનુ દ્વાર હોય એવું યુધ્ધ ભાગ્યશાળી ક્ષત્રિય મેળવે છે. આવા પ્રકારનું યુધ્ધ ભાગ્યશાળીને, ભગવાનની ઇચ્છાને અનુરૂપ હોવાથી અને ભગવાનનું સાંનિધ્ય હોવાથી મળે છે, એવો ભાવ છે. ।।૩૨।।

અથ ચેત્ત્વમિમં ધર્મ્યં સંગ્રામં ન કરિષ્યસિ ।
તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા
પાપમવાપ્સ્યસિ ।।૩૩।।

હવે જો તું આ ધર્મયુકત યુધ્ધ કરીશ નહિ તો પછી પોતાના ધર્મને અને કીર્તિને ગુમાવીને તું પાપને પામીશ. ।।૩૩।।

એ પ્રમાણે સ્વધર્મને જોતાં, મારાથી કહેવાયેલ યુદ્ધ નહિ કરવામાં તને બાધક થશે, એમ 'અથ ચેત્' વગેરે શબ્દોથી કહે છે.

અથ એટલે હવે પછી, સ્વધર્મનો વિચાર કર્યા પછી પણ આ મારી સન્મુખ ધર્મ્ય, મારી આજ્ઞારૂપ યુધ્ધ જો તું નહિ કરીશ તો સ્વધર્મ અને કીર્તિને ગુમાવીને તું પાપને પામીશ, એમ અર્થ છે. ।।૩૩।।

અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્ ।
સંભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે ।।૩૪।।

લોકો તારી કદી નાશ નહિ થનારી અપકીર્તિને કહેશે અને વળી સન્માન્યની અપકીર્તિ મરણથી પણ વિશેષ છે. ।।૩૪।।

વળી, પાપથી પરલોકનો નાશ જ થશે, એટલું જ નહિ પરંતુ આ લોકમાં પણ અપકીર્તિ થશે, એમ "અકીર્તિં ચાપિ" વગેરે શબ્દોથી કહે છે. લોકો પણ તારી અપકીર્તિ સદાય ટકી રહે તેવી કહેશે. "ભૂતાનિ" એમ નપુંસકલિંગમાં કહેવાથી, તે પ્રમાણે નહિ કહેવા યોગ્ય પણ કહેશે, એમ દર્શાવ્યું છે.

અરે, અપકીર્તિ કહેવાથી શું થાય ? તેના જવાબમાં 'સંભાવિતસ્ય' વગેરે શબ્દોથી કહે છે. સન્માનનીયની યુદ્ધ વગેરેમાં અપકીર્તિ મરણથી પણ અધિક છે, એમ અર્થ છે. ।।૩૪।।

ભયાદ્રણાદુપરતં મંસ્યતે ત્વાં મહારથાઃ ।
યેષાં ચ ત્વં બહુમતો ભૂત્વા
યાસ્યસિ લાઘવમ્ ।।૩૫।।

મહારથીઓ તને ભયથી યુદ્ધથી વિરમેલો માનશે, ઉપરાંત જેઓનો તું આદર યુક્ત થઇને, તેઓની તુચ્છતાને પામીશ. ।।૩૫।।

અરે પહેલાં જેઓએ શૌર્ય નિહાળ્યું છે, તેઓ તો તેમ કહેશે નહિ, પરંતુ અજ્ઞાત જનો જ તેમ કહેશે. તેઓના કહેવાથી શું થાય ? તેના જવાબમાં 'ભયાત્' વગેરે શબ્દોથી કહે છે: જેઓ મહારથીઓ છે તેઓ તને રણમાંથી ભયથી નિવૃત્ત થયેલો માનશે. મને ભય નથી, તેથી તેઓના માનવાથી શું થાય ? તેના જવાબમાં 'યેષાં ચ ત્વમ્' થી શરૂ કરીને દોઢ શ્લોકથી કહે છે: તું જેઓનો બહુ આદર પામેલો હતો, તેવો થઇને હવે તું તું તુચ્છતાને પામીશ. ।।૩૫।।

અવાચ્યવાદાંશ્ચ બહૂન્વદિષ્યન્તિ તવાહિતાઃ
નિંદંતસ્તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ।૩૬।

વળી તારા સામર્થ્યને નિંદનારા તારા શત્રુઓ અનેક નહિ કહેવા જેવાં વચનો કહેશે તેનાથી વિશેષ દુઃખરૂપ ખરેખર શું હોઇ શકે ? ।।૩૬।।

વળી તારા સામર્થ્યને નિંદનારા તારા શત્રુઓ અનેક નહિ કહેવા જેવાં વચનો કહેશે 'નુ' નિશ્ચયના અર્થમાં છે. તેનાથી વિશેષ દુઃખરૂપ શું હોય ? કંઈ જ નહિ, એમ અર્થ છે. ।।૩૬।।

હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્
તસ્માદુત્તિષ્ઠ કૌંતેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ ।।૩૭।।

કાં તો હણાયેલો તું સ્વર્ગને પામીશ, અથવા જીતીને તું પૃથ્વીને ભોગવીશ તેથી હે કુંતીપુત્ર અર્જુન, યુદ્ધને માટે જેમણે નિશ્ચય કર્યો છે એવો તું ઊભો થઈ જા. ।।૩૭।।

અરે, યુદ્ધમાં મરવાની શકયતા છે ત્યારેઅને દુઃખની શકયતા છે ત્યારે અપકીર્તિ વગેરેથી શું ? એમ હોય તો 'હતો વા' વગેરે શબ્દોથી કહે છે. 'વા' એટલે વિકલ્પે, હણવાની શકયતાના અભાવે કદાચ જો હણાયો તો સ્વર્ગને મેળવીશ, અથવા જીતીને દુઃખ વગેરેની શકયતામાં પણ પૃથ્વીને ભોગવીશ ત્યારે દુઃખની નિવૃત્તિ થઇ જશે, એવો ભાવ છે. તેથી યુદ્ધને માટે નિશ્ચય કરીને તું ઊભો થઇ જા, એમ અર્થ છે. ।।૩૭।।

સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।
તતો યુદ્ધાય યુજયસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ।૩૮।

લાભ અને હાનિને, જય અને પરાજયને સુખ અને દુઃખને સમાન ગણીને, પછી યુદ્ધને

માટે તું જોડાઇ જા, એ રીતે તું પાપને પામીશ નહિ. ॥૩૮॥

મેં પહેલાં પાપની સંભાવના કરેલી, તેની શી ગતિ થાય ? એમ શંકા કરીને 'સુખદુઃખે' વગેરે શબ્દોથી કહે છે. સુખ અને દુઃખ દેહનાં છે, લાભ અને હાનિ રાજયનાં છે, જય અને પરાજય કીર્તિનાં છે. સમાન ગણીને એટલે કે હર્ષ અને વિષાદ વગરનો થઇને, તે પછી મારી આરી આજ્ઞાનો વિચાર કરીને યુધ્ધને માટે જોડાઇ જા, એમ કરવાથી તું પાપને પામીશ નહિ, એમ અર્થ છે. ॥૩૮॥

એષા તેડભિહિતા સાંખ્યે બુધ્ધિયોગે ત્વિમાં
શૃણુ બુદ્ધયા યુકતો યયા પાર્થ કર્મબંધ
પ્રહાસ્યસિ ॥૩૯॥

હે પૃથાના પુત્ર અર્જુન, આ સમજ તને સાંખ્યના સંબંધમાં કહી, હવે કર્મયોગના સંબંધમાં આને તું સાંભળ, જે જ્ઞાનશકિતથી યુકત થયેલો તું કરેલા કર્મના પાપને છોડશે ।૩૯।

એ પ્રમાણે સાંખ્ય એટલે આત્મજ્ઞાનના ગુણધર્મ વાળો ઉપદેશ કરીને 'એષા' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. 'એષા' એટલે આ, પહેલાં કહી તે સમજ, તારી બુદ્ધિને આત્મ અને અનાત્મનું જ્ઞાન પ્રકટાવનાર સાંખ્યમાં દોરવાને માટે કહી. સાંખ્ય ભગવાનનું એક કુંડળ (કાનનું આભરણ) છે. અને તે વિપ્રયોગના રસ રૂપ છે, તેમ હોવાથી તેમાં ભગવાન સંબધી આત્મજ્ઞાનથી સંતોષ થતો નથી. તેથી આત્મજ્ઞાનની સમજ વર્ણવી, એમ અર્થ છે. તેના જ્ઞાનને માટે જ આનું શ્રવણ કરવા છતાં જો તને જ્ઞાન ન થાય તો, કર્મયોગથી મોહની નિવૃત્તિ થશે, એમ હોવાથી તું કર્મયોગ સાંભળ, એમ ' યોગે ' વગેરે શબ્દોથી કહે છે.

કર્મયોગ સંબંધી તું આ સમજને સાંભળ, જે જ્ઞાનશકિતથી યુકત થઇને, હે પૃથાના પુત્ર, હે મારા ભકતોમાં શ્રેષ્ઠ અર્જુન, કરેલાં કર્મનાં પાપને તું છોડીશ, એમ અર્થ છે. ત્યાગમાં શ્રેષ્ઠતા છે, ફરીને તેવા પ્રકારના ભાવનો ઉદય થશે નહિ. ॥૩૯॥

❖

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

સિદ્ધાંતમુકતાવલી

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પહેલો)

[ગતાંકમાં શ્રી બાલબોધ ઉપર પૂ. પા. શ્રીદેવકીનંદનચરણકૃત 'પ્રકાશ' વ્યાખ્યાનું ગુજરાતી ભાષાંતર પૂરું થયું, હવે ષોડશ ગ્રંથમાંના ત્રીજા ગ્રંથ 'સિદ્ધાંતમુકતાવલી' ઉપરની ટીકાનું ગુજરાતી ભાષાંતર શરૂ કરતાં પહેલાં પૂ. પા. શ્રી શ્યામમનોહર મહારાજશ્રી દ્વારા સંપાદિત મૂળ સંસ્કૃત ટીકા સહિતના ગ્રંથના પ્રારંભે પૂ. પા. શ્રી શ્યામમનોહર મહારાજશ્રીએ આલેખેલ 'ગ્રંથ પરિચય'નુ ગુજરાતી ભાષાંતર અહીં આપેલ છે. –સંપાદક]

ગ્રંથપરિચય

કહેવાય છે કે, સિદ્ધાંત મુક્તાવલી શ્રીમહાપ્રભુજીએ અચ્યુતદાસ સનોઢિયાને માટે લખી હતી. એક કિંવદંતી અનુસાર આ રચના વિ. સં. ૧૫૫૫માં જતિપુરામાં કરેલી હતી.

બાલબોધવાળા નારાયણદાસ અને આ અચ્યુતદાસના વર્તનમાં ઘણી બાબતોમાં સમાનતા પણ છે અને નિર્દેશ કરી શકાય તેવો તફાવત પણ છે. નારાયણદાસને શ્રીમહાપ્રભુજીએ સ્વરૂપસેવા પધરાવવાનો ઇન્કાર કરી દીધો હતો જ્યારે અચ્યુતદાસને શ્રીગોવર્ધનધરની સેવામાં નિયુક્ત કરવા ઇચ્છતા હતા. નારાયણદાસનું વ્યાવૃત્તિમય (અનેક ભ્રમણાઓથી ઘેરાયેલું) જીવન હોવાના કારણે તેમનાથી સ્વરૂપસેવા નિભાવવાની શક્યતા નહોતી. જ્યારે અચ્યુતદાસના વર્તનના અવલોકનથી તેમની વૃત્તિ સર્વથા અવ્યાવૃત્ત (કશી જ ભ્રમણા વગરનું) જીવન જીવવાની દેખાઇ આવતી હતી. આથી તનુવિત્તની સેવા અથવા ગૃહસેવાના પ્રકારના નિર્વાહનો તો પ્રશ્ન જ નહોતો તેથી ગોવર્ધનધરની કેવળ તનુજા સેવા કરવાને બદલે તેમણે સીધું જ શ્રી મહાપ્રભુજી પાસેથી માનસી સેવાનું વરદાન જ માગી લીધું. જેવી રીતે નારાયણદાસને સ્વરૂપ–સેવાના અનુકલ્પ (મુખ્ય સેવાવિધિની અવેજીમાં ગુરુજીની આજ્ઞા અનુસાર કરવાનો ગૌણ સેવાવિધિ) શ્રીહસ્તાક્ષરની સેવા દ્વારા ઉત્કટ ભાવનું દાન મળ્યું, તેવી જ રીતે અચ્યુતદાસને પ્રથમ તનુવિત્તજા સેવા અને પછી માનસી સેવાના સિદ્ધાંત માન્ય ક્રમ વગર સીધી જ ફલરૂપા માનસી સેવાનું દાન શ્રી મહાપ્રભુજીએ કરી દીધું.

સિદ્ધાંત મુક્તાવલી તથા સંબંધિત વાર્તાનું અવલોકન કરવાથી સમજાય છે કે, જેવી રીતે વિરાટ સ્વરૂપના સાક્ષાત્કાર સમયે શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે કંઇક એક મીઠો વિવાદ થઈ ગયો હતો, તેવો જ મીઠો વિવાદ શ્રીમહાપ્રભુજી અને અચ્યુતદાસ વચ્ચે થયેલો હોવો જોઇએ, શ્રીકૃષ્ણ પોતાના વિરાટ સ્વરૂપની મહત્તા અને તેની દેવદુર્લભતા સમજાવી રહ્યા હતા, પરંતુ અર્જુનનું એમ કહેવાનું હતું કે, ગમે તેમ હોય, તેમને આ સ્વરૂપનાં નહિ, પરંતુ સૌમ્ય માનુષ સ્વરૂપનાં જ દર્શન વધારે મનભાવન લાગે છે. તેવી જ રીતે અચ્યુતદાસને પણ નામનિવેદન કરાવ્યા પછી શ્રીમહાપ્રભુજી તેમને ગોવર્ધનધરની સેવામાં નિયુક્ત કરવા ઇચ્છતા હતા ‘તુમ ગોવર્ધનધરકી સેવા કરો !’ ત્યારે અચ્યુતદાસે શ્રી મહાપ્રભુજીને દંડવત કરીને વિનતિ કરી ‘મહારાજ, મોપર ઐસી કૃપા કરો જો એકાંતમેં બૈઠિકે માનસી સેવામેં મન લાગે !’ ત્યારે આચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું. “અચ્યુતદાસે તેનું પાન કરીને, હાથ આંખે અને મસ્તક પર લગાવીને, હૃદય સાથે લગાડયો, તેથી અચ્યુતદાસનાં નેત્ર અલૌકિક થઈ ગયાં, અને લીલાનાં દર્શન કરવા લાગ્યા....”

આમ તો “અથવા સ્વામીના અભિપ્રાયમાં સંશય હોય તો પ્રભુનાં ગુણગાન કરીને કંઇક માગવાથી શું થાય ? બધે ઠેકાણે રહેલું બધું જ, તેમ જ સર્વ સામર્થ્ય તેમનું જ છે.” (વિવેકધૈર્યાશ્રય) એ સિદ્ધાંત બધા જ શરણાગત જીવો ઉપર લાગુ થાય જ છે. તેમ છતાં પણ સ્નેહના આવેશમાં ભક્ત ક્યારેક ક્યારેક કાંઇ ને કાંઇ માગી જ લે છે, ભગવાનને પણ

કૃપાના આવેશમાં તે દેવું જ પડે છે; કેમ કે "પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે, એવી નિર્ધારણા છે." (સિદ્ધાંતમુકતાવલી) તેમાં નિરૂપાયેલી અનુગ્રહશીલતા અથવા ભકતપરવશતાનું રહસ્ય કેટલાક ભકતોને હાથ લાગી જાય છે. એ પ્રમાણે જેઓ પ્રભુના સ્વભાવનો લાભ લઇ લે છે, તેવા અગ્રગણ્ય ભકતોમાં અચ્યુતદાસ પણ એક છે.

"ત્યારે શ્રીઆચાર્યશ્રીજીએ સિદ્ધાંતમુકતાવલીની રચના કરી અને તેનું પઠન કરાવ્યું. પરિણામે તેઓ માનસીમાં મગ્ન થયા. તેઓ ગોવિંદકુંડની પાસે ગુફામાં રહેતા. નેત્રો પ્રેમરસથી ભરેલાં રહેતાં. તેમને દર્શન દેવાને શ્રી ગુંસાઇજી હંમેશાં પધારતા. મર્યાદા રાખવા માટે ઉપરથી એવો ભાવ હતો, પરંતુ શ્રી ગુંસાઇજી દર્શન કરવાને પધારતા હતા, જેનાથી શ્રી ગુંસાઇજીને શ્રી આચાર્યજીનો અનુભવ થતો હતો. અચ્યુતદાસનાં નેત્રોમાં શ્રી મહાપ્રભુજી ઝળકી રહેતા." (ભાવપ્રકાશ) વસ્તુતઃ પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ નિયામક છે, – ભકિતનો તેમ ભગવાનનો પણ, ભકતની સાધનામાં તેમ જ ભકિતના ફલદાનમાં પણ, – અનુગ્રહ જ નિયામક છે !

અચ્યુદાસે છીનવીને કે ઝપટીને અપવાદરૂપે જે અધિકાર મેળવી લીધો હતો, તેનો કોઇ અવળો અર્થ ન લઇ બેસે, તેથી શ્રી મહાપ્રભુજી પોતાની સૈદ્ધાંતિક સ્થિતિ આ ગ્રંથમાં સ્પષ્ટ કરતા હોય એમ પ્રતીત થાય છે.

કૃષ્ણસેવા આપણા પુષ્ટિમાર્ગીય જીવોનુ સનાતન કર્તવ્ય છે. જયારે આ કૃષ્ણસેવા માનસીરૂપમાં પરિણમે છે ત્યારે તે સેવાની શ્રેષ્ઠ અવસ્થા છેઃ કારણ કે ચિત્તનું ભગવાન શ્રીકૃષ્ણની સાથે તન્મય કરવાને માટે સ્વયં પોતાનાં તન અને ધન કૃષ્ણસેવામાં જોડી દેવા જોઇએ. હવે સાંસારિક દુઃખો દુર થવાની એક વાત બાકી રહી. તે તો આ કૃષ્ણસેવામાં મળતો ભજનાનંદનો આનુષંગિક લાભજ છે, કેમકે, બ્રહ્માનંદમાં અનુભવાતો અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે જયારે ભજનાનંદ તો પરબ્રહ્મ અગણિત સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણની સેવા દ્વારાજ મળી શકે છે.

આ અક્ષરબ્રહ્મ સમથ જગતનાં રૂપોનું ઉપાદાન કારણ છે અને તેથી તે સર્વરૂપ પણ છે, તથા સર્વવિલક્ષણ પણ છે. જગતના કારણના સ્વરૂપની બાબતમાં અનેક પ્રકારના વિવાદ દેખાઇ આવે છે. દાખલા તરીકે વિવર્તવાદી લોકો જગતને માયિક માને છે. પ્રકૃતિ પરિણામવાદી જનો તેને પ્રકૃતિતા સત્વ, રજ અને તમોગુણોનું પરિણામ માને છે. આરંભવાદીઓ સૂક્ષ્મ પરમાણુઓથી નિર્માયેલું માને છે. મીમાંસકો અનુસાર જગત જેવું આજે દેખાય છે તેવું જ સર્વદા હતું અને રહેશે, એમ માનતા હોવાથી તેના કર્તાના રૂપમાં પરમાત્માને તેઓ માન્ય કરતા નથી. શ્રૌત મત અનુસાર, જો કે માયા પ્રકૃતિ, પરમાણુ અદષ્ટ કર્મ, વાસના અથવા સ્વભાવ વગેરે બધાં રૂપોમાં અક્ષરબ્રહ્મજ જગતનું એકમાત્ર કારણ બને છે. આથીજ અક્ષરબ્રહ્મ સર્વરૂપ હોવા છતાં પણ સર્વવિલક્ષણ છે.

અધિભૌતિક ગંગાજલ કે જે ગ્રીષ્મમાં ઘટે જે છે અને વર્ષામાં વધે છે, વળી આધ્યાત્મિક તીર્થરૂપા ગંગા કે જેમનો ગ્રીષ્મ કે વર્ષાની

સાથે કોઇ જ સંબંધ નથી તેની જેમ જગત અને પરબ્રહ્મનાં પરસ્પર સ્વરૂપોને સમજવાં જોઇએ. આધિભૌતિક રૂપમાં મર્યાદામાર્ગીય વિધિ અનુસાર, તીર્થરૂપા ગંગાના તટ ઉપર તીર્થવાસ કરનારાઓને મનોવાંછિત ફળ દેનારી માનવામાં આવેલી છે. તેવી જ રીતે જગતનાં બધાં જ નામ-રૂપ અક્ષરબ્રહ્મનાં આધિભૌતિક રૂપ છે, પરંતુ તેનાથી યે વિલક્ષણ એવું અક્ષરબ્રહ્મનું એક આધ્યાત્મિક રૂપ છે, જે મર્યાદામાર્ગીય જ્ઞાનીઓને માટે ઉપાસ્ય તથા મોક્ષની પ્રાપ્તિ કરાવનારું રૂપ છે.

ગંગાનાં આ બે આધિભૌતિક તથા આધ્યાત્મિક રૂપો સિવાય એક ત્રીજું આધિદૈવિક રૂપ પણ કયારેક કયારેક ભકતોને તેમની ભકિતના આવેશમાં એક મૂર્તિમતી દેવીના રૂપમાં અનુભવાય છે. આ આધિદૈવિક રૂપ બધાંને ચક્ષુથી ગ્રાહ્ય નથી હોતું. આ તો તેઓને પ્રત્યક્ષ થાય છે કે જેઓની–ગંગાના આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક બધાં રૂપોમાં તીવ્ર ભકિતને કારણે–અભેદબુદ્ધિ સિદ્ધ થઇ જાય છે. અભેદબુદ્ધિ સિદ્ધ થતાં આધિભૌતિક રૂપમાં પણ સર્વત્ર આધિદૈવિક રૂપના જેવો વ્યવહાર સંભવિત બની જાય છે.

ગંગાના આધિભૌતિક રૂપ જલની જેમ આ સમગ્ર જગત છે, ગંગાના આધ્યાત્મિક તીર્થરૂપની જેમ અક્ષરબ્રહ્મને સમજવું જોઇએ, અને ગંગાના આધિદૈવિક રૂપ મૂર્તિમતી દેવીની જેમ શ્રી કૃષ્ણને સમજવા જોઇએ.

જેવી રીતે જગત ત્રિવિધ એટલે સત્ત્વ, રજસ્, તમોગુણાત્મક છે, તેમ જ તેના નિયામક દેવતા પણ ત્રિવિધ વિષ્ણુ–બ્રહ્મા–શિવ મનાય છે. એવી જ રીતે અક્ષરબ્રહ્મ એકવિધ છે, કારણ કે તેના નિયામક–અધિદેવ પણ પરબ્રહ્મ શ્રીહરિ એક જ છે. આથી અક્ષરબ્રહ્મમાં રહેલ બ્રહ્માદિ સઘળા દેવતાઓના નિયામક પણ શ્રીહરિ જ છે. શ્રીહરિ દ્વારા અધિકાર પામ્યા હોવાના કારણે જ આ દેવતાઓ પણ મનોવાંછિત ફળ આપવાને સમર્થ થાય છે. જયાં સુધી પુષ્ટિ ભકતોનો પ્રશ્ન છે ત્યાં સુધી તેમનું તો બધુંજ મનોવાંછિત ઐહિક કે પારલૌકિક ફળ પરમાનંદરૂપ શ્રીકૃષ્ણથી જ નિશ્ચયપુર્વક પરિપુર્ણ થઈ જાય છે.

આથી બ્રહ્મવાદને સારી રીતે સમજીને કેવળ શ્રીકૃષ્ણમાં જ પોતાની બુધ્ધિ જોડવી જોઇએ.

બ્રહ્મવાદ અનુસાર બધા જીવાત્મા અક્ષર બ્રહ્મનો અંશ છે, અને આથી જ તેઓ બ્રહ્માત્મક છે. પરંતુ અવિદ્યાજન્ય અહંતા મમતાવાળી બુદ્ધિને કારણે બ્રહ્માત્મકપણાનો બોધ આપમેળે આપણને થઈ જતો નથી. જેવી રીતે આકાશને એક ચાળણીમાંથી જોવામાં આવે તો ચાળણીનાં છિદ્રો આકાશનાં અનેક છિદ્રોની જેમ દેખાશે. એવી જ રીતે અહંતા–મમતાની ચાળણી દ્વારા અનુભવાયેલ હોવાથી અખંડ અક્ષરચૈતન્ય પણ આપણને ખંડશઃ વ્યકિતચેતનાના રૂપમાં ભિન્ન ભિન્ન અનુભવાય છે.

વ્યકિત ચેતનાંની બ્રહ્માત્મતાનો બોધ કેવળ અહંતા મમતાની ઉપાધિ દુર થવા માત્રથી થઈ જતો નથી, પરંતુ પરબ્રહ્મના ધામરૂપ વ્યાપક અદ્વૈત અખંડ અક્ષરબ્રહ્મનું જ્ઞાન થાય તો જ તેવો બોધ થવાની શકયતા

છે. પોતાની બ્રહ્માત્મકતાનો બોધ થઇ જવાથી અક્ષરબ્રહ્મમાં વિરાજમાન પરબ્રહ્મ પુરૂષોતમ શ્રીકૃષ્ણનાં દર્શન શકય બની જાય છે જેવી રીતે ગંગાના તીર ઉપર તીર્થવાસ કરનારા ભકતો પોતાની તીવ્ર ભકિતને કારણે આધિદૈવિક સ્વરૂપ મૂર્તિમતી ગંગાનાં દર્શન પ્રાપ્ત કરી લે છે, તેમજ આધ્યાત્મિક અક્ષર બ્રહ્મમાં નિવાસ કરનારા ભકતો તેના આધિદૈવિક સ્વરૂપ શ્રીકૃષ્ણનાં દર્શન પ્રાપ્ત કરી લે છે.

માહાત્મ્યના જ્ઞાન વગર સાંસારિક વૃત્તિથી જેઓ કૃષ્ણભજનમાં પ્રવૃત્ત થાય છે, તેઓનું ભગવાન સાથેનું અંતર ઘટતું નથી. જેમ કોઇ ગંગાનો ભકત ગંગાના તટથી દુર રહેવાને કારણે, ગંગાજલનાં સ્નાન, આચમન. અર્ચનથી વંચિત રહે છે અને તે કારણે તે દુઃખી રહે છે, તેમજ મહાત્મ્યજ્ઞાન (અને/અથવા સુદૃઢ સર્વતોધિક સ્નેહ)ના અભાવમાં કૃષ્ણભજનમાં પ્રવૃત્ત રહેવા છતાં કાંઇ ને કાંઇ ક્લેશ તો થાય છે, પરંતુ કૃષ્ણભજન કયારેય વ્યર્થ જતું નથી આથી જન્માંતરે પણ કોઇ ને કોઇ વખતે મહાત્મ્યજ્ઞાન અને/અથવા સુદૃઢ સર્વતોધિક સ્નેહ પ્રકટ થશે અને જીવાત્મા તથા પરમાત્મા શ્રીકૃષ્ણ વચ્ચેનું અંતર ઘટશે જ, એ નિશ્ચિત છે,

આથી જગતની સંઘળી ઝંઝટ છોડી દઇને પુષ્ટિના પ્રશસ્ત પથ ઉપર ચાલતાં ચાલતાં પુષ્ટિજીવે શ્રીકૃષ્ણનું જ નિરંતર ચિંતન કરતાં રહેવું જોઇએ. શ્રીકૃષ્ણે પોતાના આધિદૈવિક રસાત્મક આનંદમય સ્વરૂપથી બધા વ્રજભકતોમાં પરમાનંદનો સાગર પ્રકટાવ્યો છે અને પોતાના તે આત્મીય આનંદના સાગરમાં શ્રીકૃષ્ણ સનાતન લીલાવિહાર કરે છે. એવા વ્રજભકતોમાં લીલાવિહાર કરનારા શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ આપણે સદાય ચિંતન કરવું જોઇએ.

પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં પુષ્ટિ જીવોના બે અવાંતર ભેદ શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિ બતાવાયેલ છે, તે પ્રમાણે મિશ્રપુષ્ટિવાળા જીવોમાં પ્રવાહી જીવ કયારેક કયારેક કોઇ લૌકિક પ્રયોજનને વશ થઇને પણ કૃષ્ણભજનમાં પ્રવૃત્ત થઇ જાય છે. એવા પ્રવાહપુષ્ટિવાળા જીવોને માટે કૃષ્ણભજન સર્વથા પીડિત થઈ જાય છે, તેમ છતાં જેઓ બધા જ કલેશોને સહન કરતાં કરતાં કૃષ્ણભજનમાં લાગ્યા જ રહે છે, તેમને અધવચ્ચે છોડી દેતા નથી, તેમના તમામ લૌકિક આવેશ સર્વથા નષ્ટ જાય છે.

સ્વયં પોતાના આત્મસ્વરૂપના તથા પોતાના ભજનીય પરમાત્માના પણ ઉચિત શાસ્ત્રીય જ્ઞાન વિના ભજનમાં પ્રવૃત્ત થઇ જનારા ભકત પુષ્ટિજીવ પણ હોઇ શકે છે અને મર્યાદાજીવ પણ હોઈ શકે છે. કયારેક કયારેક મર્યાદામિશ્રિત પુષ્ટિના જીવને પણ 'મર્યાદાભકત' કહેવાય છે. તેવા સામાન્ય રીતે 'મર્યાદાભકત'નો અર્થ કેવળ મર્યાદામાર્ગીય ભકિતમાન જીવ જ થાય છે.

મર્યાદામિશ્રિત પુષ્ટિભકત પ્રારંભિક અવસ્થામાં ભકિતરહિત શાસ્ત્રીય જ્ઞાનવાળા પણ હોઇ શકે છે તથા શાસ્ત્રીય માહાત્મ્યજ્ઞાનના અભાવમાં પણ ભકિતમાન હોઇ શકે છે.

જ્ઞાનરહિત મર્યાદાપુષ્ટિભકતે પોતાનું ચિત્ત ભગવાનમાં લાગ્યું રહે તે માટે ભગવાનની પૂજા, ઉત્સવ વગેરેની પ્રક્રિયામાં તત્પર રહેવું

જોઈએ. ભક્તિરહિત જ્ઞાનવાન મર્યાદામિશ્રિત પુષ્ટિભક્તે દાસ્યભાવપ્રદાયિની ગંગાના તટ ઉપર, સ્નેહ પ્રકટાવવા માટે શ્રી ભાગવતજીના ઊંડા અભ્યાસમાં લાંબા સમય સુધી તત્પર રહેવું જોઇએ. આ બંને પ્રકારના મિશ્રપુષ્ટિવાળા ભક્તોને જ્યારે ભગવાનના વિશેષ અનુગ્રહનો પ્રકાશ મળે છે ત્યારે તેઓ પુષ્ટિમાર્ગને ખોળી કાઢે છે અને પહેલાં કહેવાયેલ તનુવિત્તજા સેવાના ક્રમે અંતે તેઓને માનસી સેવા સિધ્ધ થઈ જાય છે.

જેઓ કેવળ મર્યાદામાર્ગીય જીવ હોય છે તેઓ પણ ભક્તિરહિત જ્ઞાનવાન અથવા જ્ઞાનરહિત ભક્તિમાન હોઇ શકે છે. આ બંને પ્રકારના જીવોને સાયુજ્ય મળે છે, પરંતુ તફાવત એ છે કે, ભક્તિરહિત જ્ઞાનવાન જીવ જ્ઞાનમાર્ગીય પ્રક્રિયા દ્વારા આધ્યાત્મિક અક્ષરબ્રહ્મમાં સાયુજ્ય-લય પ્રાપ્ત કરે છે, જ્યારે મર્યાદાભક્ત દાસ્યભાવપ્રદાયિની ગંગાની કૃપાથી આધિદૈવિક સ્વરૂપમાં મર્યાદાભક્તિમાર્ગીય સાયુજ્ય પ્રાપ્ત કરે છે.

મર્યાદામાર્ગીય સાધકની સાધનામાં દેશ-કાળ વગેરેનો નિયમ છે, પરંતુ પુષ્ટિભક્તિ તો દેશકાળના બંધનમાં નથી જ. પુષ્ટિમાર્ગમાં તો ભગવાનનો અનુગ્રહ જ કેવળ એકમાત્ર નિયમ અથવા બંધન છે. આથી જે દેશમાં અથવા જે કાળમાં ભગવાનનો અનુગ્રહ મળી જાય તે રીતે પુષ્ટિભક્તિ સર્વત્ર સર્વદા શક્ય છે.

આ રીતે અક્ષરબ્રહ્મમાં સાયુજ્યનું દાન કરનાર જ્ઞાનમાર્ગની તુલનામાં ભક્તિમાર્ગનો ઉત્કર્ષ પ્રત્યેક મુખાકૃતિમાં દેખાઇ આવે છે. આથી ભક્તિ સિવાય બધું જ લગભગ વ્યર્થ છે. ગંગાના તટ ઉપર તીર્થવાસ કરનારા પણ આધિદૈવિક ગંગાની બાબતે જો ભક્તિરહિત હોય તો ક્યારેક ને ક્યારેક ગંગાના આધ્યાત્મિક માહાત્યને ભૂલથી અથવા તેને માત્ર આધિભૌતિક જલ જ છે એમ માનીને, પોતાતાં દુષ્ટ કર્મોને કારણે, અંતમાં તેમના આધ્યાત્મિક લાભથી પણ વંચિત રહી જાય છે. એવી જ રીતે અધિદૈવિક કૃષ્ણના સ્વરૂપમાં સર્વથા ભક્તિના અભાવમાં, આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મમાં જ્ઞાનબળથી નિવાસ કરનારા વિમુક્તિની માન્યતાવાળા સાધક પણ વંચિત થઈને પુનઃ ભવપ્રવાહમાં અધઃપતનને પામે છે.

શ્રીભાગવતશાસ્ત્રનું આ ગુપ્ત રહસ્ય શ્રી મહાપ્રભુજીએ કેવળ અચ્યુતદાસને માટે પ્રકટ કર્યું નથી, પરંતુ બધા જ પુષ્ટિજીવોને—શ્રી મહાપ્રભુજીના સ્વકીયજનોને, તેમનાં કર્તવ્યના ઉપદેશ રૂપે બતાવી દીધું છે. તેને એક વાર બહુ સારી રીતે સમજી લેવાથી બધા પુષ્ટિજીવો પોતાના કર્તવ્ય સંબંધી બધા પ્રકારના સંશયોથી મુક્ત થઇ શકે છે.

પ્રસ્તુત સિધ્ધાંતમુક્તાવલીનું સંસ્કરણ વિ. સં. ૧૯૭૯માં પ્રકાશિત સંસ્કરણના ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે. તે પ્રથમ સંસ્કરણના સંપાદક હતા પુષ્ટિમાર્ગીય સાહિત્યસેવાના દ્વિતીય શ્રી પુરુષોત્તમજી શ્રીમૂલચંદ્ર તુલસીદાસ તેલીવાળા તથા શ્રીધૈર્યલાલ વ્રજદાસ સાંકળિયા પ્રકાશનભાર ભગવદ્ધર્મપરાયણ શ્રી રામદાસ રણછોડદાસ ઠાકરસીએ વહન કર્યો હતો એ બધા જ મહાનુભાવો પ્રત્યે, આ પુનઃ પ્રકાશનના અવસર પર અમે અમારી હાર્દિક કૃતજ્ઞતા અભિવ્યક્ત કરીએ છીએ. ઇતિ શમ્ ❋

વ્રતોત્સવ

કા. સુ. ૮ રવિવાર તા. ૧૩–૧૧–૮૩ ગોપાષ્ટમી.

કા. સુ. ૯ સોમવાર તા. ૧૪–૧૧–૮૩ અક્ષય નવમી, કુષ્માંડનવમી, સત્ય યુગાદીતિથિ, ગોવિંદાભિષેકોત્સવ. વિવહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય.

કા. સુ. ૧૦ મંગળવાર તા. ૧૫–૧૧–૮૩ શરદૃઋતુપૂરીથઇ.

કા. સુ. ૧૧ બુધવાર તા. ૧૬–૧૧– ૮૩ પ્રબોધિની એકાદશી વ્રત, તુલસી વિવાહ, રસાત્મક મહારાત્રિ, હેમન્ત ઋતુ શરૂ થઇ પોષ વદ ૮ સુધી. મંડપ ભોગસંધ્યમાં.

કા. સુ. ૧૨ તા. ૧૭–૧૧–૮૩ ગુરુવાર શ્રી ગુસાંઇજીના પ્રથમલાલ શ્રી ગિરિધરજી સં. ૧૫૯૭, તથા પંચમલાલ શ્રી રઘુનાથજી સં. ૧૬૧૧ નો ઉત્સવ ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કા. સુ. ૧૫ રવિવાર તા. ૨૦–૧૧–૮૩ પૂર્ણિમા. ચાતુર્માસ નિયમ સમાપ્તિ- ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કાં વ. ૧ સોમવાર તા. ૨૧–૧૧–૮૩ ગોપમાસ આરંભ. વ્રતચર્યા.

કા. વ. ૪ ગુરુવાર તા. ૨૪–૧૧–૮૩ શ્રી દાઉજી મહારાજકૃત છ સ્વરૂપનો ઉત્સવ,

કા. વ. ૮ રવિ તા. ૨૭–૧૧–૮૩ શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ સં. ૧૫૯૯

કા. વ. ૧૧ બુધ તા. ૩૦–૧૧–૮૩ ઉત્પત્તિ એકાદશી વ્રત.

કા. વ. ૧૩ શુક્ર તા. ૨–૧૨–૮૩ શ્રી ગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજી નો ઉત્સવ. સં. ૧૬૨૮

મા. સુ. ૫ શુક્ર તા. ૯–૧૨–૮૩ શ્રી મદન મોહનજીનો પાટોત્સવ કામવન

મા. સુ. ૬ શનિ તા. ૧૦–૧૨–૮૩ ચંપા છઠ્ઠ, સ્કંધ ષષ્ઠી.

કારતક માસ

કામી કૌતુકકિયો કૃષ્ણને ગોવન મથિ ફેરી, મઘવા પુની મેટિ ગોવર્ધન ગિરિવર વર પુજેરી, દીપદાન દે અન્નકૂટ રચિ ભાઈદૂજ મિલેરી, સાતઘોસ ઉનય ગોવર્ધન મઘવા શરન જુલેરી.

ગોપ અષ્ટમી દેવ દિવાલી અક્ષય ગિરિધારી, દેવદમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી સબજનકોં સુખદેત "**સત્ય**" હી કુંજ બિહારી.

શ્રી બાગરોદી બલદેવ પ્રસાદ શર્મા – નાથદ્વાર

* * *

વિદ્યમાન પૂ. પા ગોસ્વામી બાળકોના જન્મદિન

કારતક સુદ ૭ શુક્રવાર તા. ૧૨-૧૧-૮૩ ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઈ) તથા ગો. ચિ. શ્રી પુરુષોતમબાવા મુંબઈ નો જન્મદિન.

કારતક સુદ ૯ સોમવાર તા. ૧૪-૧૧-૮૩ ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી બાવા (મથુરા) નો જન્મદિન.

કારતક સુદ ૧૦ મંગળવાર તા. ૧૫-૧૧-૮૩ ગો. ચિ. શ્રી દ્વારકેશજી બાવા (કોટા) નો જન્મદિન

કારતક સુદ ૧૩ શુક્રવાર તા. ૧૮-૧૧-૮૩ ગો. શ્રી ગોવિંદરાય મહારાજ (કામવન) નો જન્મદિન

કારતક સુદ ૧૫ રવિવાર તા. ૨૦-૧૧-૮૩ ગો. શ્રી માધવરાયજી મહારાજ (પોરબંદર) નો જન્મદિન

કારતક વદ ૪ ગુરુવાર તા. ૨૪-૧૧-૮૩ ગો. ચિ. શ્રી દ્વારકેશજી બાવા (કાંકરોલી) તથા ગો.ચિ. શ્રી કમલેશકુમારજી બાવા (મુંબઈ) તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રજી બાવા (માંડવી) નો જન્મદિન

કારતક વદ ૭ શનિવાર તા. ૨૬-૧૧-૮૩ ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી જયદેવજી બાવા (કોટા) નો જન્મદિન

કારતક વદ ૮ રવિવાર તા. ૨૭-૧૧-૮૩ ગો. ચિ. શ્રી રાજેન્દ્રકુમારજી (મથુરા) નો જન્મદિન

કારતક વદ ૧૦ મંગળવાર તા. ૨૯-૧૧-૮૩ ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ) નો જન્મદિન

કારતક વદ ૧૧ બુધવાર તા. ૩૦-૧૧- ૮૩ ગો. શ્રી દ્વારકાધીશજી (શિશુકૃષ્ણજી) મહારાજ (મુંબઈ) નો જન્મદિન

કારતક વદ ૧૨ ગુરુવાર તા. ૧-૧૨-૮૩ ગો. ચિ. શ્રી વ્રજવલ્લભજી બાવા (જામનગર) તથા ગો. ચિ. વ્રજેન્દ્રકુમારજી (અમદાવાદ) નો જન્મદિન.

કારતક વદ ૧૩ શુક્રવાર તા. ૨-૧૨-૮૩ ગો. ચિ. શ્રી રમેશચંદ્રજી બાવા(મુંબઈ) તથા ગો. શ્રી ત્રિભંગીલાલજી મહારાજ (મુંબઈ) નો જન્મદિન.

માગશર સુદ ૨ મંગળવાર તા. ૬-૧૨-૮૩ ગો. ચિ. શ્રી શ્યામસુંદરજી બાવા (જામનગર) તથા ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવા (રાજકોટ) નો જન્મદિન.

માગશર સુદ ૪ ગુરુવાર તા. ૮-૧૨-૮૩ ગો. ચિ. શ્રી ગોકુળનાથજી બાવા (મુંબઈ) નો જન્મદિન.

નિત્ય લીલાસ્થ પૂજ્ય પાદ ગોસ્વાંમી બાલકોના પ્રાકટ્યોત્સવ.

કારતક સુદ ૭ શુક્રવાર તા. ૧૧–૧૧–૮૩ ગો. શ્રી લાલમણિજી મહારાજ (અમરેલી) નો પ્રાકટ્ય ઉત્સવ.

કારતક સુદ ૧૧ બુધવાર તા. ૧૬–૧૧–૮૩ ગો. શ્રી શ્યામસુંદર મહારાજ (મુંબઇ) નો પ્રાકટ્ય ઉત્સવ

કારતક સુદ ૧૪ શનિવાર તા. ૧૯–૧૧–૮૩ ગો. શ્રી જીવનલાલજી મહારાજ(કોટા) નો પ્રાકટ્ય ઉત્સવ.

કારતક વદ ૧ સોમવાર તા. ૨૧–૧૧–૮૩ ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા) નો પ્રાકટ્ય ઉત્સવ.

કારતક વદ ૭ શનિવાર તા. ૨૬–૧૧–૮૩ ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ (કોટા) તથા ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ (મથુરા) નો પ્રાકટ્ય ઉત્સવ. (સાતમનો ક્ષય છે તેથી આજે)

કારતક વદ ૮ રવિવાર તા. ૨૭–૧૧–૮૩ ગો. શ્રી રમણલાલજી મહારાજ (કામવન) નો પ્રાકટ્ય ઉત્સવ.

કારતક વદ ૧૪ શનિવાર તા. ૩–૧૨–૮૩ ગો. શ્રી જયદેવલાલજી મહારાજ (વીરમગામ) નો પ્રાકટ્ય ઉત્સવ.

માગસર સુદ ૫ શુક્રવાર તા. ૯–૧૨–૮૩ ગો. શ્રી જીવનજી મહારાજ (બડા મંદિર મુંબઇ) નો પ્રાકટ્ય ઉત્સવ.

◆

ગોપ અષ્ટમી લીલા

લે. **જાદવજી ખેરાજભાઈ સૂરત**

પ. ભ. શ્રી છિતસ્વામિએ ગાયું છે કે :

આગે ગાય પીછે ગાય ઇતગાય ઉતગાય,
ગોવિંદકો ગાયનમેં બસવોહી ભાવે. ।
ગાયનકે સંગ ધાવે, ગાયનમેં સચુપાવે,
ગાયનકી ખૂર રજ અંગપે લગાવેરી. ॥
ગાયન તે વ્રજ છાંયો, વૈકુંઠ વિસરાયો હૈ
'છિતસ્વામી' ગિરિધારી વિઠ્ઠલેશ વપુધારી,
ગ્વાલીયાકો ભેષધર, ગાયનમેં આવેરી ॥

ગાયોના રોમ-રોમમાં ગોપાલ વસી રહ્યા છે, તો શ્રીગોપાલકૃષ્ણના અણુ-અણુમાં ગો, પ્રેમ વસી રહ્યો છે, વ્રજમાં ગાયો વગર ગોપાલ પણ અપૂર્ણ લાગે ભારતમાં અદ્યાપિ પર્યંત ગો-સેવાનો આદર્શ જળવાઇ રહયો હોય તો તેના મુળમાં પ્રેરણા રૂપે નંદનંદન શ્રીકૃષ્ણ રહેલ છે.

વ્રજરાજ શ્રીકૃષ્ણે માત્ર વાણીથી નહીં પણ ક્રિયાથી પણ સંસારીયોને આદર્શ સમજાવ્યો છે કે કોઇપણ ભારતવાસિ ભલે એ મહાન રાજકુમાર હોય કે ગરીબ હોય, છતાં એનું પ્રથમ કર્તવ્ય ગો-સેવાનું છે. ગાયોની આબાદીની સાથે જ સમસ્ત વિશ્વની આબાદી છે, ગાયોના નાશથી આ વિશ્વનો પણ નાશ થઈ જશે.

શ્રીકૃષ્ણ-બલદાઉ ઘુંટુરણ ચાલતા હતા ત્યારથીજ એનો ગો-પ્રેમ વ્યકત થતો. બન્ને ભાઇયો ગૌશાળામાં પહોંચી જતા અને નંદબાવાની ગોદમાં બિરાજી ગાયોનું લાલન-પાલન જોઇ રહેતા.

નંદાલયમાં તો અનેક ગોવાળો હતા, છતાં શ્રીકૃષ્ણબલદાઉ ચાલતા શિખ્યા ત્યારથીજ વત્સચારણનું કાર્ય તેમણે સંભાળી લીધું હતું. શ્રીનંદયશોદાજીની ઇચ્છા તો ન હતી, અન્ય વડિલોનો પણ વિરોધ હતો છતાં શ્રીઠાકુરજીએ સ્નેહપૂર્ણ કાલી-કાલી વાણીથી વડિલોની આજ્ઞા મેળવીજ લીધી હતી. અને પોતે આદર્શ ગો-પાલક છે તે બતાવી આપ્યું હતું.

શ્રીકૃષ્ણ-બલદાઉ જે વત્સોને ચરાવતા હતા, તે વાછડીયો ચાર-પાંચ વરસ પછી પ્રથમ પ્રસુતા થઇ, અને તેની ગાયોમાં ગણના થવા લાગી એટલે એને મોટી ગાયોના ધણમાં દાખલ કરવામાં આવી, અને મોટા ગોવાળીયા એને વનમા ચરાવવા લઈ જવા તૈયાર થયા ત્યારે બીજી ગાયો તો વ્રંદાવન પ્રત્યે ચાલવા લાગી પરંતુ જે વાછરડીઓને શ્રીકૃષ્ણ-બલદાઉએ ચરાવી હતી અને પ્રથમ પ્રસુતા થઈ હતી તે ગાયો તો એક પગલું ચાલવા પણ તૈયાર થઇ નહીં એ ગાયો તો જાણે વનમાં વિચરવા લાગી કે "અમારા ગોવાળ આ કયા છે? અમારા ગોવાળ તો શ્રીકૃષ્ણ-બલદાઉ છે, એ અમને ચારવા લઈ જશે, ત્યારેજ જઇશું નહીંતર એક પગલુ પણ ભરશું નહી. મોટા ગોવાળોના બધાજ પ્રયત્નો વ્યર્થ ગયા અને એ પ્રથમ નવપ્રસુતા ગાયો તો શ્રીકૃષ્ણ બલદાઉને ઘેરીને ઉભી રહી ગાયો અને એના વત્સો એક દ્રષ્ટિથી શ્રીકૃષ્ણ બલદાઉ પ્રત્યે સ્નેહપૂર્ણ દ્રષ્ટિથી જોઇ રહયા છે. નેત્રોથી જાણે પોતાના પ્યારા બાળ-ગોપાળને પી રહ્યા હોય જીભથી ચાટી રહયા હોય એવા ભાવથી ભાન ભૂલ્યા જેવા બની ઉભા રહયા છે. ત્યારે શ્રીકૃષ્ણ-બલદાઉ પણ એવાજ ભાવ મુગ્ધ બની ગયા છે.

થોડા દિવસ અગાઉ બન્ને ભાઇયો નંદબાવા યશોદામૈયા અને શ્રીરોહિણીજીને ખુબ વિનવી ચુકયા છે; બાવા મૈયા હવે અમે નાના બાળકો નથી. અમને હવે ગો ચારણની આજ્ઞા આપો, પરંતુ વડિલોનો સ્નેહ, એમને રોકી રહયો છે. તમે હજી ગો-ચારણ યોગ્ય થયા

નથી. તમારી ઉમર હજી નાની છે. વિશાળ ગો-ધનને સંભાળવું એ તમારૂં કામ નથી થોડા વરસ હજી ધીરજ રાખો ગોપ સમાજના નિયમ મુજબ તમે ગાયોના ગોવાળ તો બનશોજ એટલુંજ નહીં, પરંતુ આ સમસ્ત ગો ધન તમારૂં જ છે ને સર્વસ્વ તમને સોંપીને અમારે શ્રીનારાયણના ચર્ણોમાં જવાનું છે. પરંતુ આટલી નાની ઉમરમાં તમને આવી જવાબદારી કેમ સોંપાય ? ગાયો તોફાન મસ્તી કરે અને તમને વગાડી બેસે તો તમારા જેવા સુકુમાર બાળુડાથી એ કેમ સહન થાય ? અને તમાર ઉપર કોઇ મુસીબત આવી પડે તો લોકો અમારી ઉપર ફિટકાર વરસાવે તો મારા લાલ અત્યારે તો તમારે આનંદથી ખેલવું આનંદ કરવો અને અમારી દ્રષ્ટિસમક્ષજ રહો એટલી અમારી અભિલાષા છે તમને દ્રષ્ટિ સમક્ષ રમતા જોઇને અમારા રોમ-રોમ શિતળ બની જાય છે. આપણે ત્યાં ઘણા ગોવાળો છે. ગો-ચારણની જવાબદારી એ સંભાળે જ છે, તમે તો સવારે-સાંઝે ગૌશાળામાં જઇને ગાયોનું લાલન-પાલન કરો તેમાં અમને વાંધો નથી થોડીવાર યમુના કિનારે વત્સોને લઇજાઓ તો પણ વાંધો નથી.

માતા-પિતાના સ્નેહની સામે તો વિશ્વના નિયંતાને પણ લાચાર થવું પડે છે. એટલે કૃષ્ણ-બળદાઉને પણ મૌન રહેવું પડયું. કારણકે અહીંતો એ શ્રીનંદ-યશોદાના લાડિલા લાલન બનીને પધાધાર્યાં છે ને ! એટલે પ્રભુતાનું મહાત્મ્ય તો અહીં હોય જ કયાંથી ?

છતાં શ્રીઠાકુરજીનો સંકલ્પ કદી મિથ્યા થતો નથી; એટલે શ્રીઠાકુરજીની અચિંત્યલીલાનો પ્રભાવ પ્રકટ થયો વડિલો ગોચારણ માટે જવાની આજ્ઞા આપતા નથી તો શ્રીઠાકુરજીએ ચરાવેલા બાળ વત્સોમાંથી મોટી થયેલી ગાયો પણ શ્રીકૃષ્ણબળદાઉને સાથે લીધા સિવાય એક ડગલું પણ અન્ય ગાયો સાથે ચાલવા તૈયાર નથી. ગોવાળોના સમસ્ત પ્રયાસો નિષ્ફળ ગયા. એટલે લાચાર બની નંદબાવા તથા અન્ય વૃદ્ધ ગોવાળો પાસે જઇને આ વાત કરી

બાવા, શ્રીકૃષ્ણ બળદાઉએ ચરાવેલી અને મોટીથયેલી વાછડીયો અન્ય ગાયો સાથે જવા તૈયાર નથી. બધીજ શ્રીકૃષ્ણ-બળદાઉને ઘેરીને ઉભી રહી છે. એતો, બન્ને ભાઈ સિવાય બીજા કોઇને ગાંઠતી નથી એટલે અમે લાચાર થઇ તમારી પાસે જાણ કરવા આવ્યા છીએ આપ સ્વયં આવીને ખાત્રી કરી શકો છો.

આ સાંભળીને નંદ-યશોદાજી, રોહિણિજી તથા અન્ય વડિલોને ખુબ આશ્ચર્ય થયું તે સર્વ ત્યાં ગયા. ખુબ પ્રયાસો કર્યા, પરંતુ એ ગાયોતો કૃષ્ણ-બળદાઉ પાસેથી એક ડગલુ પણ ખસતી નથી.

આ જોઈ એક વૃદ્ધ ગોપે કહ્યું તમારા બંન્ને પુત્રો જેના પ્રત્યે પ્યાર કરે છે ત્યાં સર્વત્ર આવુંજ જોવા મળે છે. તો મારી તો સલાહ છેકે, આજથીજ આ ગાયોને ચરાવવાનો કાર્યભાર કૃષ્ણ-બળદાઉને સોપી દેવો,. આપણી ઇચ્છા નહીં છતાં નારાયણની ઇચ્છાથી જ આવો પ્રસંગ ઉપસ્થિત થયો છે તો આપણે શંકા-કુશંકા કરવાનું કોઈ કારણ નથી આપ પ્રસન્નતા પુર્વકઆજ્ઞા આપો એજ ઇષ્ટ છે.

નંદ-ઉપનંદ વિગેરેની પણ આવીજ સલાહ હતી એટલે નંદબાવા કાંઇ બોલ્યા નહી છતાં મૂક પ્રસન્નતા બતાવી અને જ્યોતિષિને બોલાવવાની આજ્ઞા કરી

થોડીવારમાં જ્યોતિષિ હાજર થયા. નંદબાવાયે તેને કહ્યું:- “આપણા કૃષ્ણ-બળદાઉને સર્વ પ્રથમ ગો-ચરણ માટે મોકલવાનાછે, તો શુભ મૂહૂર્ત જોઇ આપો.

જ્યોતિષિ મહારાજે થોડીવાર ગણત્રી કરી પ્રસન્નતા પુર્વક જણાવ્યુ:- “નારાયણની કૃપા છે, બાવા અજેજ સર્વોતમ મૂહુરત છે મંગળ યશ પુર્ણ કારતક સુદી અષ્ટમી અને બુધવાર છે. શ્રવણ નક્ષત્ર છે એટલે એટલે આજનો દિવસ પરમ સૌભાગ્યશાળી છે. તો નારાયણનું નામ લઇ કાર્ય સિધ્ધ કરો.

આજેજ શ્રીરામ શ્યામ ગો-ચરણ માટેનો શુભ યોગ છે.

આ શુભ સમાચાર સાંભળી સમસ્ત વ્રજમંડલમા ઘર-ઘર પ્રત્યે આનંદની લહેરો વહેવા લાગી બારણે બારણે મંગળ કળશો મૂકયા. તોરણ બાંધ્યા સાથીયા પૂર્યા અનેક પ્રકારના વાજીત્રો વાગવા લાગ્યા. કોકિલ કંઠી વ્રજાંગનાઓ મંગળ ગીતો ગાવા લાગી.

ત્યારે નંદાલયની શોભા અને ઉત્સાહનું તો પુછવુંજ શુ? અનેક પ્રકારના સાજ-શ્રીંગાર, બંદનવાર દેવપુજન, શાસ્ત્રિય વિધાન મુજબ હોમ-હવન અને વેદ મંત્રો ગુંજવા લાગ્યા. સર્વત્ર આનંદની છોળો ઉછળવા લાગી. શ્રીકૃષ્ણ-બળદાઉને અનુપમ શ્રીગાર ધારણ કરાવ્યા. ત્યાર પછી બન્ને ભાઇઓએ આચાર્ય, નંદબાવા, યશોદાજી, રોહિણિજી, તથા અન્ય ગુરૂજનોને સ્નેહથી વંદન કર્યા અને અશીર્વાદ પ્રાપ્ત કર્યા.

વડિલોના આશિષ પ્રાપ્ત કરનાર સંતાનો હંમેશાં સુખી થાય છે.

આજના મંગળ પ્રસંગના ઉત્સાહમા નંદબાવાયે બ્રાહ્મણો, યાચકો વિગેરેને દાન-માનથી સંતોષ્યા. વિવિધ પ્રકારના મિષ્ટ ભોજનથી તૃપ્ત કર્યા. લાડિલા લાલનને સૌએ હૃદય પૂર્વક આશિર્વાદ આપ્યા.

અનેકોના આશિર્વાદ પ્રાપ્ત કરનારનું દુર્ભાગ્ય પણ સદ્ભાગ્યમાં ફેરવાઇ જાય છે. ત્યારે અન્યના આત્માને કકળાવનાર ના સમસ્ત સુકૃત્ય નાશ પામે છે. એના જીવનમાં કયારેય શાંતિ મળતી નથી.

ત્યારપછી શ્રીકૃષ્ણ બળદાઉ પુરોહિતજી સાથે ગો-પુજન કરવા પધાર્યા. બન્ને ભાઇયોએ ગાયોને કુમકુમ-અક્ષતથી ચાંદલા કર્યા. પુષ્પથી વધાવીને સ્નેહપુર્વક વંદન કર્યા. અને ગાયોની પરિક્રમ્મા કરી.

આવી અલોકિક લીલાના દર્શન કરી સ્વર્ગના દેવતાઓએ નંદનવનના પુષ્પોની વૃષ્ટિ કરી. જયજયકારથી નભોમંડળ ગૂંજી ઉઠયું ગોપી-ગ્વાલ હર્ષનાદ કરવા લાગ્યા. “નંદનંદન શ્રીકૃષ્ણકી જય રોહિણિ નંદન શ્રી દાઉજીકી જય” વ્રજરાજના લાડિલા સદા ચિરંજીવ રહો.

માતા-પિતા તથા ગુરૂજનોને વંદન કરી બન્ને ભાઇઓ ગોવૃંદ પાસે પધાર્યા; પરંતુ મા યશોદાના પ્રેમાવેશની સીમા નથી એ પોકારી-પોકારીને લાડીલા લાલનના સખાઓને સૂચના આપી રહ્યા છે “બેટા દાઉ, તું કનૈયાની આગળ ચાલજે. ઓમંગળા ઓશ્રીદામા !

તમે બન્ને લાલાઓની આજુબાજુ ચાલજો અને મારા લાલાઓની સંભાળ રાખજો ઓસહુગ્વાલબાલો તમે સાથેજ રહેજો. મારા બાળુડાને એકલા મુકશો નહી.

આ પ્રમાણે પ્રત્યેક સખાઓના હાથ પકડી પકડીને માતા સુચના આપી રહયા છે, માતાના હૃદયમાં સ્નેહની સાથે આશંકા અને અધિરાઇના ભાવો ઉછળી રહયા છે. મંગળ પ્રસંગનો વિચાર કરી નેત્રોના અશ્રુઓને રોકી રાખ્યા છે. છતાં તે પ્રકટ થઇ જાય છે ગોપના બાળકોનું જીવન તો ગાયોની સાથેજ હોયને !” શ્રીનારાયણ એની રક્ષા કરો.

શ્રીકૃષ્ણ–બલદાઉ ગોપ બાળકો સહિત ગો–ધન લઇને વૃંદાવનમાં પધાર્યા આજે વૃંદાવનની ભૂમિ પરમ મંગળમય બની રહી છે. આજથી આ ભૂમિમાં ગોચારણનો અધિકાર પ્યારા શ્યામ સુંદરનો છે. શ્રીવ્રજરાજકુમારના ધ્વજ, વજ્ર, અંકુશ, ઇત્યાદિક મંગળ ચિન્હો યુકત ચરણોથી આ ભૂમિ પરમ પાવન બની ગઇ છે.

વનના પશુ–પક્ષિયો વિગેરે અસંખ્ય જીવો વહાલા વ્રજરાજનંદનના દર્શન અર્થે દોડી આવ્યા છે. શ્રીકૃષ્ણ પણ કૃપા પૃર્ણ દ્રષ્ટિથી એ સર્વનું સન્માન કરી રહયા હોય તેમ મંદ મુસ્કયાન સહિત જોઇ રહયા છે. મંદ, સિતલ, સુગંધ યુકત વાયુ પણ સેવાબજાવી રહયો છે વૃંદાવનની સમૃદ્ધિ પણ સંપુર્ણ કળાથી ખિલી રહી છે. શ્રીયમુનાજી તરંગ રૂપી બાહુ ઉછાળતા પ્યારા શ્યામ સુંદરના ઓવારણા લઇ રહયા હોય તેવું જણાય છે. વૃંદાવનની ભૂમિ આજ પ્યારા રામ–શ્યામના મૃદુ ચરણોના સ્પર્શથી રોમાંચ અનુભવી રહી છે.

ગોપાષ્ટમીનો આવો પરમ મંગળમય દિવસ શ્રીઠાકુરજીની કૃપાથી અદ્યાપિ પર્યંત સમસ્ત ભારતમાં પરમ મંગળ ઉત્સવ રૂપે ઉજવાઈ રહયો છે. આંપણા પુષ્ટિમાર્ગમાં તો એનું વિશેષ મહત્વ છે.

આ પ્રમાણે શ્રીકૃષ્ણ બળદાઉજી ભૂતલ પર પ્રકટ થઈ ગાયોના ગોવાળ બન્યા ખૂલ્લા ચરણોથી વન–વનમાં ગાયોની સેવા અર્થે એની પાછળ–પાછળ ફર્યા, અને આપણને ગો–સેવાનો આદર્શ સમજાવ્યો છે.

શ્રીઠાકુરજીએ આપણને આપણા કર્તવ્યનું ભાન કરાવ્યું છે કે ભારત વાસિયો પોતાના જીવનમાં સુખ–શાંતિ અને સમૃદ્ધિની આશા રાખતા હોય તો ગો–સેવાને જીવનનો મુખ્ય ધર્મ બનાવવો પડશે. પ્રાણન્તે પણ ગો–સેવાને ભૂલવાની નથી નહીંતર કોઇ વિજ્ઞાન કે અન્ય સાધનથી ભારતનું રક્ષણ નહીં થાય.

ત્યારે અત્યારે આપણા ભારતમાં ગો–માતાની શું સ્થિતી છે તે કહેવાની જરૂર છે ખરી ? અરે પોતાને ગાયોના પુજક અને ગાયોને માતા માનવાવાળા આપણે ગાયોના ગોચર પણ ઝુંટવી લીધા છે. જે ગાય માતાએ આપણને દુધ પાઇને મોટા કર્યા એ માતાના મોઢાનો કોળીયો ઝુટવી લેતાં પણ આપણને સંકોચથ યો નથી ? અને એનું પ્રત્યક્ષ પરિણામ આપણે જોઇ રહયા છીયે કે કોઇના જીવનમાં કયાંઇ શાંતિ જણાતી નથી. હવે તો આપણે પ્રભુને વિનંતી કરીયે કે, ભારત વાસિયોને સદબુદ્ધિ પ્રદાન કરો અને પ્રભુ, આપ પણ “ભારતમેં ફિરસે આજા, ગો કે ચરાને વાલે.” ▣

ગ્રન્થ પ્રકાશન

૧. **શ્રી વલ્લભાખ્યાન:-** (ગો. શ્રી રમણલાલજી મહારાજ 'નિજજનદાસ'વિરચિત સટીક) ન્યોછાવર રૂા. ૧૨. પોસ્ટેજ અલગ.

૨. **ગુપ્તરસ-ત્રિવેણી:-** (શ્રીમદ્ વિઠ્ઠલેશપ્રભુચરણ વિરચિત સટીક ગ્રંથત્રયી નોછાવર રૂા. ૩, પોસ્ટેજ અલગ.

૩. **શ્રી રણછોડજી – છપ્પનભોગ વર્ણન:-** (શ્રી ગોપિકાલંકારજી (શ્રી મટુલાલજી) મહારાજ કૃત એવં શ્રી વ્રજરાયજી મહારાજ વિરચિત) નોછાવર રૂા. ૫, પોસ્ટેજ અલગ.

ઉપરોક્ત ત્રણે પ્રાચીને ગ્રન્થો ના સંશોધક-સંપાદક સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન લેખક વૈશ્વાનરનાતત્રી શ્રી પ્રેમલાલભાઇ ગો. મેવચા દ્વારા થયેલ અને વૈશ્વાનરમાં ક્રમશ: પ્રસિધ્ધ થયેલા તે અમૂલ્ય સાહિત્યને ગ્રન્થાકારે પ્રકાશિત કરતાં પુસ્તકાલયો તેમજ ભગવદ્ મંડલીમાં વસાવવાનું સુલભ કરેલ છે તેનો હાર્દિક સત્કાર કરતાં આનંદ અનુભવીએ છીએ.

પ્રાપ્તિસ્થાન- વૈશ્વાનર કાર્યાલય
ઝવેરીબજાર પોરબંદર – ૩૬૦૫૭૫.

વ્રતોત્સાવાવલી – ભાગ-૩ સંગ્રાહક :- શ્રી રવજીભાઇ પ. પટેલ

પ્રકાશક :- શ્રી સર્વોતમ સ્તોત્ર પ્રચારક મંડળ, ધોરાજી પૃષ્ઠ ૫૮૪+૨૪ ન્યોછાવર રૂા. ૨૮, પોસ્ટે જ પેકીંગ ખર્ચ અલગ.

આ અગાઉ વ્રતોત્સાવાવલી ગ્રંથના પહેલો, બીજો, ચોથો ખંડ પ્રાકશિત થઇ ચુકયા છે. વિવિધ સાહિત્યથી ભરપુર આ ગ્રંથના પ્રસ્તુત ત્રીજા ભાગને પુષ્ટિમાર્ગિય જ્ઞાન કોષ તરીકે ગણાવી શકાય તેવો છે. કક્કા વારી પ્રમાણે, સ્વમાર્ગીય પરિભાષાના શબ્દો લઇ તેનું વિશદ વિવેચન, ગ્રંથ ધોળપદ અને વાર્તા સાહિત્યના પ્રમાણ સહિત આચર-વિચાર, સેવા પ્રણાલી, ભાવના યુકત, સુંદર, રૂચીકર રીતે પ્રસ્તુત થયેલ છે. આ એકજ ગ્રંથના અવલોકનથી ઘણાબધા ગ્રંથોનું સંદોહન પ્રાપ્ત થઇ શકે તેવી સુંદર યોજના થયેલ છે. પુષ્ટિમાર્ગના પ્રત્યેક જીજ્ઞાસુ, પ્રત્યેક પુસ્તકાલય અને ભગવદ્મંડલીમાં અવશ્ય વસાવવા યોગ્ય છે.

કોટાવાળા નિ. લી- ગો. શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીના આશિર્વાદ થી પ્રારંભ થયેલ વ્રતોત્સવાવલીના ચારે ખડોનું પ્રકાશન તૈયાર થઇ જતાં હવે વિવિધ વિષયોનો સંગ્રહ

એકત્ર મલીશકે છે. પ્રસ્તુત ત્રીજા ખંડની પ્રસ્તાવના પુ. પા. ગો. શ્રી રસીકરાયજી મહારાંજ (પોરબંદર) એ આશિર્વાદ સહ લખેલ છે તેમજ પૂ. પા. ગો. શ્રી શરદકુમારજી (મથુરા) તથા પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી બોરીવલી–રાજકોટ ના આશિર્વચનો આ ગ્રંથને પ્રાપ્ત થયેલ છે.

પ્રાપ્તીસ્થાન ૧ શ્રી રવજી પ. પટેલ
ખાદિભંડાર પ્લોટ **ધોરાજી**
૨, ડો. ચુનિલાલ આર. બાલધા.
જ્યુબીલી ચોક **રાજકોટ**

કૃષ્ણ જયંતિ મહોત્સવ સ્મરણિકા

ભારતીય જ્ઞાનપ્રચારિણી સભા ટ્રસ્ટ, વડોદરા તરફથી પ્રકટ કરાયેલ કૃષ્ણજયંતી મહોત્સવ સ્મરણિકા' પ્રકાશિત થયેલ છે આ ' ભારતીય જ્ઞાન પ્રચારિણી સભા ટ્રસ્ટના અધ્યક્ષ પુ. પા. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહોદય છે ફોટા સાથે તેઓ શ્રીનો ટૂંક પરિચય 'સ્મરણિકા' માં ઉત્તમ રીતે અપાયો છે. સમગ્ર ભૂમંડલ ઉપર ' વલ્લભકુળ ' એક માત્ર એવું અદ્વિતીય કુળ છે કે જેમણે પુષ્ટિમાર્ગને પોતાના પ્રકાંડ જ્ઞાનપ્રદીપથી પ્રકાશવંતો રાખ્યો છે

પ્રસ્તુત સ્મરણીકમાં ' સંપાદકીય ' થી માંડીને બાવીશ જેટલા વિદ્વાન મહાનુભાવોના વિદ્વત્તાભર્યા લેખો,સ્તોત્રો અને કાવ્યોને સ્થાંન અપાયું છે, અને તે દ્વારા ભગવાન શ્રી કૃષ્ણનું અવતારકાર્ય, મહત્તા અને ' ઈશ્વરત્વ ' ટૂંકમાં પ્રકટ કરાયેલ છે. આ ' સ્મરણિકા ' એકેએક વૈષ્ણવજને વાંચવા, વિચારવા અને વસાવવા યોગ્ય છે. મૂલ્ય રૂા. ૫–૦૦.

પ્રાપ્તી સ્થાનઃ– ભારતીય જ્ઞાન પ્રચારિણીસભા ટ્રસ્ટ રાધા કૃષ્ણ કુંજ
રાજ મહેલ રોડ, મરીમાતાલેન
વડોદરા ૩૯૦૦૦૧

પ્રસિધ્ધ કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા અને કુ. વર્ષા પટેલે ગાયેલ, શ્રી હરિરાયજી કૃત નવ વિલાસ અને શ્રી શોભામાજી કૃત નવ ગરબાની કેસેટ બહારપાડવામાં આવિ છે.

ન્યોછાવર રૂા. ૩૦, પોસ્ટેજ અલગ.
પ્રાપ્તી સ્થાન ૧, પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર કંસારા બજાર **સીહોર**
૨, શ્રી રમેશભાઈ બાપોદરા લાઠીયાનોડેલો ખારગેટ **ભાવનગર**

॥ શ્રી હરિઃ ॥

મુંબઈ તા. ૨૧-૯-૧૯૮૩ અનન્ત ચતુર્દશી

યુષ્મસિગમધ્યૈ યત્ર ગાવો ભૂરિશૃંગા આયાસ

જગદ્ ગુરુ શ્રીમદનન્તશ્રી વિભુષિત શ્રી વલ્લભાચાર્ય ચરણાનામ

આશીર્વચનમ

આપણા ધર્મ પ્રાણ ભારતમાં ગોરક્ષાના સ્થાનપર ગોવંશની હત્યા થઇ રહી છે. એ મહત્વપૂર્ણ અને કાષ્ટદાયક સમસ્યા છે. આપણું કર્તવ્ય છે કે આપણે બધા, ગોશાલા તેમજ ગોસદન તથા ગોકુલ જેવી સંસ્થા બનાવીને ગોસેવામાં તત્પર બનીયે. અહીં આ વિષયમાં આન્તરાષ્ટ્રિય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદે નિર્ણય કર્યો અને વ્રજ પ્રદેશની અત્યારે આ સ્થિતિ છે કે શ્રી વૃંદાવનમાં જ ગોરક્ષાના સ્થાનપર ગોહત્યાના સમાચાર મળ્યા છે. આ સમાચારથી અન્તર્વ્યથાની લાગણી થાય છે. શ્રી સૂર સ્મારક મંડલે આને લક્ષ્યમાં રાખીને રુનકતા (મથુરા અને આગરા પાસે) માં ગોશાલાની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે અને સૂરદાસજીની સાથે જ આ સનાતન ધર્મની મહત્ત્વપૂર્ણ સેવા આનાથી સંપન્ન થશે. આપણા બધા વૈષ્ણેવ તેમજ સનાતની જનતાને અનુરોધ કરીએ છીએ કે આ પવિત્ર કાર્યમાં બધા સહયોગ પ્રદાન કરે. ગોરક્ષા તો ભગવાન શ્રીરામ તથા ભગવાન શ્રી કૃષ્ણ બન્ને દ્વારા થઇ છે.

વેદમાં પણ તેની મહાન સ્તુતિ અને મહત્ત્વ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આ સેવા પથમાં તો ગાય વગર સેવાજ સમ્પન્ન નથી થઈ શકતી. પરમ ગોભક્ત શ્રી શમ્ભુ મહારાજ આ દિશામાં પ્રયત્નશીલ છે. એમના દ્વારા શ્રીમદ્ ભાગવત પ્રવચન આ હેતુ માટે ગોપાષ્ટમીથી પ્રારંભ થશે. આમાં ગોરક્ષાર્થ આપ અલગ અનુદાન આપો એ અમારો હાર્દિક અનુરોધ છે. શ્રીમદ્ ભાગવત તો આદી, મધ્યમ અને અંતે શ્રીહરિઃ સર્વત્ર ગણાય છે, આ હેતુ માટે કાર્ય થઇ રહ્યું છે. આશા છે કે આપ સર્વે આમાં ઉદારતાથી સહયોગ સ્વધર્મ સમજીને દેશો.

સરંક્ષકા :

જગદ્‌ગુરુ શ્રી વલ્લલભાચાર્ય પ્રધાન પીઠાધીશ્વર તિલકાય
શ્રી ગોવિન્દલાલજી મહારાજ

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય પ્રથમ પીઠાધીશ્વર શ્રી રણછોડાચાર્યજી
મહારાજ પ્રથમેશ

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય દ્વિતીય પીઠાધીશ્વર શ્રી કલ્યાણ રાયજી
મહારાજ નાથદ્વારા

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય તૃતિય પીઠાધીશ્વર
શ્રી વ્રજેશકુમારજી મહારાજ કાંકરોલી

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય ચતુર્થ પીઠાધીશ્વર
શ્રી દેવકીનન્દનાચાર્યજી મહારાજ શ્રીમદ્‌ ગોકુલ

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય પંચમ પીઠાશ્વર
શ્રી ગોવિન્દલાલજી મહારાજ કામવન

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય ષષ્ઠ પીઠાધીશ્વર,
શ્રી કલ્યાણરાયજી હવેલી–વડોદરા

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય સપ્તમ પીઠાશ્વર
શ્રી ઘનશ્યામલાલજી મહારાજ કામવન

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય વંશાવતંસ શ્રી શ્યામનનોહરજી
મહારાજ દીક્ષિત ધર્માધ્યક્ષા :

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય વંશાવતંસ શ્રી કિશોરચન્દ્રજી
મહારાજ ધર્માધ્યક્ષ :

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય વંશાવતંસ શ્રી ગોપીનાથજી
મહારાજ બૃહન્મંદિર મુંબઇ

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય વંશાવતંસ શ્રી મુકુન્દરાયજી
મહારાજ બૃહન્મંદિર મુંબઇ

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય વંશાવતંસ શ્રી માધવરાયજી
મહારાજ બૃહન્મંદિર મુંબઇ
એવં અન્ય આચાર્યવર્ય્ય

નિત્ય લીલા પ્રવેશ

પોરબંદર–મંથુરાસ્થ પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી માધવરાયજી મહારાજશ્રીએ આસો વદ ૧ શનિવાર તા. ૨૨–૧૦–'૮૩ સવારે ૮ વાગે મથુરા મુકામે નિત્યલીલા પ્રવેશ કર્યાના સમાચાર મલતાં, આપશ્રીના વિયોગ દુઃખે વૈષ્ણવ સૃષ્ટીના હૃદયને અત્યંત આઘાત પહોંચ્યો છે.

માત્ર ૪૨ વર્ષ ૧૧ માસ ભૂતલને અંલકૃત કરનાર પુ. પા. શ્રી માધવરાયજી મહારાજશ્રીનું પ્રાકટ્ય, પોરબંદર મુકામે સંગીત સાગર, મહાનુભાવ ગો. શ્રીદ્વારકેશલાલજી મહારાજને ત્યાં સં. ૧૯૯૭ના કારતક સુદી ૧૫ તા. ૧૪ ૧૧–૧૯૪૦ દિવસે થયેલ.

આપશ્રી બાલ્યાવસ્થાથીજ અત્યંત પ્રતાપી સ્વરૂપના દર્શન કરાવતાં સેવારસીક; સાહિત્ય, સંગીત અને વિવિધ લલીત કલાઓના મર્મજ્ઞ આપશ્રી નાની વયથીજ "અગ્નીકુમાર" ત્રૈમાસિકનુ સંપાદન–પ્રકાશન કરતાં ઉપરાંત "નવપ્રકાશ" દ્વિમાસિક પણ પ્રકટ કરતા આપશ્રીને લેખનમાં ઉંડી અભિરૂચી હોઈ અનેક સૈદ્ધાન્તિક ગંભીર અધ્યયનાત્મક તથા વાર્તા–નિબંધના રૂપમાં સંખ્યાબંધ પુસ્તકોનું લેખન, સંપાદન કરેલ છે. ફોટોગ્રાફી તથા સીનેમેટોગ્રાફીનો પણ આપશ્રીને શોખ હોઇ "સુર સાધના" "ભગવાન વૈશ્વાનર" વગેરે ચલચીત્રોનું આપે નિર્માણ કરેલ.

અનેક સંગીતકારો, કવીઓ લેખકોના આપ આશ્રયદાતા હતાં વિવિધ ઉત્સવો પ્રસંગે કવી ગોષ્ઠી, સાહિત્ય સભા, સંગીત ગોષ્ઠી આદિનું આયોજન કરી કલાકારોને સન્માનતા.

અખીલ ભારતિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની સ્થાપના સમયથી જ આપશ્રીના પીતાશ્રી પુ. પા. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી તથા આપશ્રી સદાય 'પરિષદ'ને સુદૃઢ બનાવવ હરેક પ્રસંગે ઉપસ્થિત રહી આશિર્વાદ પ્રદાન કસ્તાં પરિષદના હિરક મહોત્સવ પ્રસંગે રાજકોટમાં આપેલ ઓજસ્વી પ્રવચન તથા ગયે વર્ષે પરિષદના કાર્યકર્તાના સમેલનનુ મુંબઇ મુકામે આપશ્રી એ ઉદ્દ્ઘાટન કરતાં કરેલ પ્રેરક પ્રવચન હંમેશ યાદ રહેશે.

સંપ્રદાયની મર્યાદાના રક્ષણ માટે આપ અહર્નિંશ તત્પર રહેતાં આપશ્રી સ્પષ્ટવકતા, નિર્ભીક લેખક અને મીલનસાર સ્વભાવના ગુણોનુ પ્રકટ દર્શન સદાય કરાવતાં.

વ્રજયાત્રાના દિવસોમાં મોટે ભાગે આપશ્રી વ્રજમાં–શ્રીગીરીરાજજીમાં આપના નિવાસસ્થાન 'રમણ કુંજ' માં તથા મથુરામાં શ્રી વલ્લભસદનમાં બીરાજતાં, એજ નિયમ મુજબ આ વર્ષે પણ વ્રજમાં પધારેલા શ્રી મથુરાજીમાં તા. ૨૨–૧૦–૮૩ ના સાંજના શરદોત્સવ કવિસમ્મેલન અને આપશ્રીના નવિન પુસ્તક 'વ્રજગરિમા' ના વીમોચનનો કાર્યક્રમ રાખેલ તેની પત્રીકા પોતાના સ્વહસ્તે એડ્રસ કરેલ 'શ્રી વલ્લભ સુધાના' તંત્રીને મલે છે તેજ દિવસે આપ નિત્ય લીલામાં પધારે છે. અહા ! જીવ ભગવદ્ સંકેતને શું સમજી શકે. કયા શરદોત્સવનું આપે આમંત્રણ આપ્યું ? 'જ્યાં નિત્ય રાસ બહુપેરેરે મધ્ય નાયક નિરતન્ત-ઘેરેરે" આ શાક્ષાત લીલામાં પધારવાનો સંકેત આપ્યો ? પત્રીકામાં લખ્યું છે આપની ઉપસ્થિતિ પ્રાર્થનીય છે' અહા ! જીવ પરનો કેટલો અનુગ્રહ ! વળી વ્રજ ગરિમાનું વિમોચન વ્રજસિમન્તીની ભાવપુરીત આપ વીના વ્રજની ગરિમાં કોણ વર્ણવી શકે ? યાદ આવતાં હૃદય ભરાઈ આવે છે પ્રત્યેક પ્રસગે શ્રીવલ્લભ સુધા ના કાર્યકરોને સૂચિત કરેજ, પોતાના નવિન પ્રકાશિત પુસ્તકો અચૂક મોકલેજ પોતાની આટલી મોટાઇ-વિદ્વત્તા અને છતાં નાનામાં નાના જીવો પર સ્નેહયુકત કરૂણા, શું શું યાદ કરીએ ? આજે 'સેવકની સુખ રાશ' આપ અંતર્ધ્યાન થતાં આપણું એ સુખ ઓછુ થયું છે.

આપશ્રીના ત્રણે લાલજી પૂ. પા. શ્રી મધુરેશજી પૂ. પા. શ્રી કનૈયાલાલજી પૂ. પા. શ્રી શ્યામસુંદરજી તથા બેટીજી પૂ. પા. અ. સૌ ચંદાબેટીજી. આપશ્રીના અનુજ પૂ. પા. શ્રી રસીકરાયજી મહારાજ એ સર્વે ના સન્મુખ આ પ્રસંગે અશ્રુ પુર્ણ નયને દંડવત્ કરીએ છીએ.

— શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ
— શ્રીવલ્લભસુધા સંપાદક વ્યવસ્થાપક મંડલ
— આં રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના સર્વે કાર્યકરો.

◆

રાસલીલા ગોપીજનના ત્યાગની પરાકાષ્ઠા

(શ્રીનાથદ્વારામાં હિંદી–પ્રવચન પર આધારિત)

સંકલન પ. ભ. **શ્રી જાદવજી ખેરાજભાઈ–સૂરત**

(ગતાંકથી આગળ)

કારણ કે ભગવાને પ્રથમથી જ જેના મન હરીલીધા હતા, એટલે ગોપીજનોના મન એની પાસે તો હતા જ નહીં. ગોપીજનો તો હતા ‘કૃષ્ણગ્રહિત માનસા’ પરંતુ જેઓ કૃષ્ણગૃહિત માનસા હતા નહીં એવાઓએ વેણુનાદ સાંભળ્યો નથી. કારણ કે તેઓ તો જગતની મોહજાળમાં ફસાયેલ હતા. એટલે જગતના ભૌતિક અવાજ સિવાય કાંઈ સાંભળી, શકતા ન હતા. કારણ કે શ્રીકૃષ્ણે એના મન હરી લીધા નથી.

એમ તો આપણું મન પણ આપણી પાસે કયાં છે ? આપણા મન તો સંસારના અહંતા મમતારૂપી કિચડમાં ફસાઇ ગયા છે. છતાં આપણા મન આપણને પોતાની ઇચ્છા મુજબ નચાવે છે. આવી સ્થિતિમાં આપણા મન આપણી પાસે નથી. છતાં આપણને અધોગતીના અંધારા ગર્તમાં ખેંચી જાય છે. જયાં દુર્ગંધ સિવાય બીજું કાંઇ જ નથી. પરંતુ એજ મન લૌકિક વાસનામાંથી મૂકત થાય. અને માત્ર શ્રી ભગવાનના ચરણોમાં જ લાગી જાય તો ગોપીજનોની માફક બેડો પાર થઇ જાય.

‘તા મન્મનસ્કા’ હવે શું થયું ?

ગોપીજનોના મન તો શ્રીકૃષ્ણ લઇ ગયા હતા ત્યારે શું ગોપીજનો મન વગરના બની ગયા હતા ? ના, શ્રી ભગવાને ગોપીજનોના મનને લઇ લીધા પછી એ ખાલી સ્થાનમાં ભગવાને પોતાનુ મન પધરાવી દીધું ‘તા મન્મન સ્કા’ નો આ અર્થ છે એટલે કે ગોપીજનો પાસે પોતાતા મન તો હતા જ નહીં. પણ એના સ્થાન પર શ્રી ભગવાનનું મન આવીને બિરાજી ગયું. આવા હતા શ્રીગોપીજનો ત્યારે આપણું મન તો ભૌતિક વાસનામાં ભટકી રહ્યું છે. તે જ્યાં સુધી નિષ્કામ બની શ્રી ભગવાનના ચરણોમાં સ્થિર નહીં થાય ત્યાં સુધી ગોપીજનોના ભાવની આપણે કલ્પના પણ કરી શકવાના નથી. ચોરાસી–બસો બાવન પૈકીના ભગવદીયો શ્રી વલ્લભાધિશ પ્રભુની કૃપાથી અવશ્ય એ કક્ષાયે પહોંચ્યા હતા. બાકી આપણા જેવા પ્રવાહી જીવોને તો એમનું સ્મરણ પણ એની કૃપાથી જ થાય છે.

ભગવાને જે વેણું વાદન કર્યું છે તે ‘અનંગ વર્ધક’ ગીત હતું. અનંગ પ્રેમ-ભગવદ્ પ્રેમને વધારનારૂં એ ગીત શ્રવણ કર્યા પછી ગોપીજનોની કેવી સ્થિતી થઇ ?

જેમ કોઇ લોભી માણસને ધનની અત્યંત લાલસા હોય, અને એને ખબર પડે કે અમુક જગ્યાએ પુષ્કળ ધન છે, જતાંની સાથેજ મળી જાય એમ છે, તો એ કોઇની સલાહ લેવા પણ રોકાશે નહી તેમ કોઇને સંગાથે પણ લેશે નહીં, એકલોજ જશે, એવીજ રીતે વ્રજ રત્નાઓ પણ “अन्यो न्यम अलक्षितांघमा”

કોઇને કહ્યું પણ નથી કે હું જાઉ છું તો તમે પણ ચાલો કોઇને શા માટે કહ્યું નહીં ? કારણકે એતો "કૃષ્ણ ગ્રહિત માનસા" હતા એટલે વેણુનાદ શ્રવણ થતાંની સાથે જ દોડી ગયા છે અને એવી ત્વરાથી કે પોતે રોકાવા ચાહે તો પણ રોકાઇ શકે નહીં, એમ દોડી ગયા છે. અને દોડતી સમયે જવ લોલ કુંડલા એના કાનના કુંડલો પણ હલવા લાગ્યા છે. જાણે નૃત્ય કરતા ન હોય ! વાસ્તવમાં ભૂષણ પણ એજ કહેવાય કે જે ભગવાનના દર્શન માટે ઉત્સુક હોય નહીતર માત્ર જડ ધાતુના ટુકડાજ છે, રત્ન એટલા પત્થર છે. અને ગોપી જનો પહુંચી ગયા છે જ્યા "यत्रसकान्त" જ્યા પોતાના કાંત શ્રીકૃષ્ણ હતા.

પ્રિયતમ–કાન્ત તો એકમાત્ર શ્રીકૃષ્ણજ છે. તે સિવાય અન્ય કોઇ નથી આપણે તો કોણ જાણે કેટલા કાન્ત બનાવી રાખ્યા છે કાંત–એટલે અન્યનો આશ્રય ? પણ ગોપીજનો તો પોતાના એક માત્ર કાન્ત શ્રી કૃષ્ણ પાસે પહોંચી ગયા છે.

અહીં પ્રશ્ન થાય છે કે ગોપીજનો પોતાના ગૃહકાર્યને વ્યવસ્થિત કરીને જ શ્રી કૃષ્ણ પાસે ગયા હશે ને ? ના, બધા કાર્યો છોડીનેજ શ્રી કૃષ્ણ પાસે દોડી ગયા છે એકલાજ ગયા છે. કારણકે એ તો "કૃષ્ણ ગ્રહિત માનસા" હતા શ્રીકૃષ્ણ મિલનની ઉત્સુકતા હતી. આવા આતુર–પ્રેમી ભકતાનું મન પ્રભુ સિવાય બીજે કયાં હોય ? શ્રીશુકદેવજી કહે છે કે કોઇ ગોપીજન ગોદોહન કરતા હતા. ગાયનું સ્તન હાથમાં હતું. નિચે દુધનું પાત્ર છે. બંસી ધ્વાની કાનમાં પ્રવેશ થયો અને ગો-દોહન છોડીને દોડવા લાગ્યા. અને પ્રભુ સમિપ પહોંચી ગયા. કોઇ ગોપીજનને ચુલા પર દુધ ગરમ કરવા મુકયું હતું. તે નિચે ઉતારવાનું પણ યાદ રહ્યું નથી અને પ્રભુ પાસે દોડી ગયા છે આ પ્રમાણે કોઈ ગોપીજન પોતાના બાળકને સ્તન પાન કરાવતા હતા, કોઈ પતિને જમાડતા હતા; આ પ્રમાણે જે જે કાર્ય કરતા હતા તે છોડીને વેણુનાદ થતાંજ પ્રભુ પાસે દોડી ગયા છે.

જ્યાં સુધી જગતની સ્મૃતિ છે. ત્યાં સુધી ભગવાનનો વેણુનાદ આપણે સાંભળી શકતા નથી ગોપીજનોને લૌકિક કાર્ય તો શું પણ પોતાના દેહનું પણ ભાન ન હતું. ભગવદ પ્રેમની આં ઉચ્ચ કક્ષા છે. સંસારને મનમાં રાખીને જે ભગવાન પાસે જાય છે એ યથાર્થમાં ભગવાન પાસે જતા નથી ? પણ સંસારમાં રમણ કરે છે. શ્રી શુકદેવજી આગળ કહે છે કે, ગોપીજનો વેણુનાદ શ્રવણ કરીને દેહાનુસંધાન પણ ભુલી ગયા હતા અને ભગવદ પ્રેમની લહેરોમાં ઉછળી રહયા હતા. પોતે આભુષણો પણ ઉલ્ટા–સુલ્ટા ધારણ કર્યા હતા એનું પણ ભાન રહ્યું નથી.

જ્યાં સુધી શ્રૃગારમાં આસકિત છે ત્યાં સુધી શ્રૃગારનું દાસત્વ છે. જ્યાં શ્રૃગાર શિરોમણી ભગવાન પ્રત્યે પ્રેમ જાગ્રત થાય ત્યારે ભૌતિક શ્રૃગારનું કોઈ મહત્વ નથી, લૌકિક શ્રૃગારની આસકિત છોડયા પછીજ અલૌકિક શ્રૃગાર સ્વરૂપ પ્રભુની પ્રાપ્તિ થાય છે જે પ્રેમી ભકતોના આત્માનો શ્રૃગાર છે.

ગોપીજનોયે બધુ ભુલીને ભગવાનને યાદ રાખ્યા છે.

આ રાસ પંચાધ્યાયીમાં પરમત્યાગ અને સર્વથી ઉચ્ચ કોટિનો સ્નેહ અને સમર્પણની

લીલાનુ વર્ણન છે ગોપીજનો અને શ્રીકૃષ્ણ દેખાવ પુરતા જ જુદા જણાંય છે શ્રીકૃષ્ણજ સર્વરૂપ બન્યા છે. અને સંસારને બતાવ્યુ છે કે ઉચ્ચ કોટિનો પ્રેમ કેવો હોય !

ઘણા અજ્ઞાનીયો એમ માને છે કે રાસ લીલામાં ભોગ અને શ્રૃગાર છે, એવા લોકો રાસલીલાને સમજયા જ નથી. પરંતુ વાસ્તવમાં તો એમાં સર્વસ્વ ત્યાગ અને પ્રભુ પ્રત્યે સમર્પણની જ ભાવના છે. લૌકિક ભોગ કે વાસનાની ગંધ પણ નથી ભૌતિકવાસનામાંથી મુકત થવા માટેની આ લીલા છે માત્ર પ્રભુના સુખની જ ભાવના છે સ્વસુખની તો કલ્પના પણ નથી

ગોપીજનો કોઇ ભૌતિક વાસનામાં અટકયા નથી કારણકે એતો “કૃષ્ણગૃહિત માનસા” હતા.

શરદપૂનમની રાત્રિ એ ભગવદ પ્રેમીભકતો માટેની ઉચ્ચ આદર્શ અને સર્વસ્વ સમર્પણનો સિધ્ધાંત બતાવનાર રાત્રિ છે. અને એ ધ્યેય વ્રજ સિમન્તનીયોએ પ્રાપ્ત કર્યો છે.

ગોપીજનોયે આવું અલૌકિક ફળ કેમ પ્રાપ્ત કર્યું ? એ પણ એક વિલક્ષણ વાત છે. ગોપીજનોને પ્રભુ પાસેથી કાંઇ પણ પ્રાપ્ત કરવાની અભિલાષા ન હતી કે–કોઇ ઇચ્છાથી પ્રભુ પાસે ગયા નથી પણ ગોપીજનોના હૃદયમાં વિશુધ્ધ ભગવદ પ્રેમનો સાગર હીલોળા લઇ રહ્યો હતો એ પ્રેમામૃતનું પાન કરવાની અભિલાષા શ્રી ઠાકુરજીને પણ થઇ. કારણ કે ગોપીજનોમાં પ્રેમ રસ છે તેનું પાન પ્રભુને પણ કરવાની ઇચ્છા થઇ અને પ્રભુની પ્રસન્નતા માટેજ ગોપીજનો પ્રભુ પાસે પધાર્યા છે. પોતાના સુખ માટે નહીં. પ્રભુની પ્રસન્નતામાંજ ગોપીજનોની પ્રસન્નતા છે. ગોપીપ્રેમનુ આ અદભૂત રહસ્ય છે. એટલેજ ગોપીજનોને પ્રેમની ધ્વજાકહયા છે. ભગવાન પાસે ભગવાન છે પણ ભગવદપ્રેમ તો વ્રજભકતો પાસેજ છે.

એટલામાટેજ ભગવાને ઉધ્ધવજીને પણ ગોપીજનો પાસે મોકલ્યા છે. ભગવદપ્રેમ ઉધ્ધવજીને ત્યાંજ મળ્યો છે. એથી ભગવદીયોએ ગાયું છે કેઃ–

“પ્રેમ નગરકો પેંડોહી ન્યારો,
કે જાને રાધા વ્રજગોપી કે જાને વહ કાનજી કારો. ।।

ગોપીજનોનો નિષ્કામ પ્રેમ અને રાસ લીલાના રહસ્યનો કોઇ અંત નથી કે એનુ વર્ણન કરવા કોઈ સમર્થ નથી. સાક્ષાત શ્રી કૃષ્ણપણ ગોપીજનોના પ્રેમનો પાર પામી શકયા નથી. તો અન્યની તો વાતજ શું ? આપણે તો આ લીલામાંથી રંચક ચચુપાત કરી સદભાગી બન્યા એ પણ ગોપીજનોની નિષ્કારણ કૃપાથીજ. નહીતર આપણો તો એટલો પણ અધિકાર નથી.

“વ્રજ ગોપીનકે પ્રેમકી, ધ્વજા બંધી અતી દુરી,
બ્રહ્માદિક વાંછીતરહે, જીનકે પદકી ધૂરી. ।।

◆

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**

(ગતાંકથી ચાલુ) અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

અદ્વૈતાભિમત જીવનિરૂપણનું ખંડન

'નહીન્દ્રિયાણ્યનુ' અહીંથી લઇ 'ન કશ્ચિદ્ વ્યાપ્રિયતે' અહીં સુધી તો ઠીક શાસ્ત્રાનુસાર લખ્યું, પરંતુ આગળ 'ન આત્મનઃ પ્રમાતૃત્વમુપપદ્યતે' આ પાછી પોતાની મનગઢંત કલ્પના કરવા મંડી પડયા. માની લો કે એક યજ્ઞદત્ત ભૂલથી આંબાને લીબડો સમજી રહ્યો છે. અથવા પોતે પોતાને રાજા માની રહ્યો છે, ત્યાં જરૂર તે તેની ઉલટી સમજ પણ છે, ઇંદ્રિયોથી જ પ્રત્યક્ષ વ્યવહાર પણ થઇ રહ્યો છે. અધ્યસ્ત દેહથી વ્યાપાર પણ કરી રહ્યો છે, બધું કંઈ છે, પરંતુ શું તે પ્રમાતા નથી? શું તે બીજી વાતોને સત્ય નથી સમજતો ? સમજે જ છે. એવી રીતે યદ્યપિ મોહવશ જીવને 'હું અને મારૂં' એવો અધ્યાસ થાય છે, છતાં પણ તે પ્રમાતા નથી એ બની શકતું નથી, અગર આત્માને પ્રમાતા ન માને તો પછી તેને આત્મજ્ઞાન પણ નથી થઇ શકતું, કારણ કે આત્મજ્ઞાન થતી વખતે પણ આત્માનું પ્રમાતૃત્વ માનવું જ પડશે. એવી રીત છે કે પ્રમાતા વગર જ્ઞાન થતું જ નથી. એ માટે અધ્યાસની આડ લઇ યુકિતથી પણ પ્રમાણ પ્રમેયાદિને તથા શાસ્ત્રોને કલ્પિત કહેવા એ માત્ર વાકછલજ છે. જે પ્રમાણોથી જીવને પ્રમાતા નથી માનતા તેનો તો અર્થ જ તે નથી, જેવો કે માયાવાદી કરે છે, એ અમે આગળ જઇ બહુ સારી રીતે સિદ્ધ કરી દેખાડીશું. સમગ્ર ઉપનિષદોમાંથી એકાદ બે શ્રુતિઓ લઇ તેનો મનમાન્યો અર્થ કરવો અને બાકી રહેલી શ્રુતિઓને અસંગત છોડી દેવી એમાં કોઈ પણ પ્રકારનો આધાર નથી, પ્રત્યેક શ્રુતિનો એવી રીતે અર્થ કરવો જોઇએ કે જેનાથી સર્વવિપ્લવ થતો અટકે, ભગવન્માહાત્મ્ય સિદ્ધ થાય અને ઉપનિષદ માત્રનો વિરોધ રહીત અર્થ કરી શકીએ.

'બ્રહ્મ નિધર્મક છે' આ યુકિતને લઇ અગર 'અસ્થુલમનમણુ' વિગેરે શ્રુતિપ્રમાણોથી જીવને પણ પ્રમાતા ન માનતા હોય તો પણ ઠીક નહિ કારણ કે 'પ્રાણીત ચ નિષેધ્યં ના પ્રતીત ન શ્રુતિપ્રતીતમ અણુ ભા. ૧–૧–૨ શ્રુતિઓમાં લોકમાં પ્રાકૃતદ્રષ્ટિથી પ્રતીત થતા ધર્મોનો જ બ્રહ્મમાં નિષેધ કર્યો છે પરંતુ જે ધર્મો પ્રાકૃત નથી, અથવા જે ધર્મોનું બીજે ઠેકાણે પોતે શ્રુતિ વર્ણન કરી ચૂકી છે. તે ધર્મોનો નિષેધ કરતી નથી. અગર એમ નહિ હોય તો વેદ પણ પ્રમત્તની માફક પ્રલાપ કરનારો થઇ જાય અને અપ્રમાણ થઈ જાય જે મનુષ્ય કયારે કઇ કહી નાખે અને કયારેક કંઇ બીજું જ કહેતો હોય તો બુદ્ધિમાન મનુષ્ય તેને પ્રામાણિક કહેતા નથી અને તેના વચનોને પ્રમતપલાપ કરી ઉપેક્ષે છે એવી જ રીતે અગર વેદ એક જગ્યાએ બ્રહ્મને સધર્મક કહે અને અન્યત્ર ધર્મનો નિષેધ કરે તો તે પ્રમત્તની માફક ઉપેક્ષ્ય કહેવાશે. [illegible]યની વિશેષ વિવેચના અમે ભગવત્સ્વરૂપ નિર્ણયમાં

કરીશું અહીં તો કેવળ એટલું જ કહેવું છે કે ‘બ્રહ્મ પ્રમાતા છે, અને એ માટેજ તેનો અંશ જીવ પણ પ્રમાતા છે જ ‘યદિ’–નાન્યોતોસ્તિ દ્રષ્ટેત્યાદિ શ્રુતિરૂપિ જીવાદિ સર્વ વિષય પદાર્થદર્શનાદિમત્વં સર્વદા ન્યસ્મિન્નિષેધતિ ન તુ પરિચ્છિન્નદર્શનમપિ યથા પાર્થ એવ ધનુર્ધર ઇત્યત્ર ન હિ પાર્થાદન્યો ન ધનુર્ધરઃ કિન્તુ યથા સ તથા નાન્ય ઇતિ વિદ્વન્મંડનમ ‘‘નાન્યોતોઅસ્તિ દ્રષ્ટા નાન્યોતોઅસ્તિ શ્રોતા’’ ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મની સિવાય કોઇ બીજો દ્રષ્ટા નથી અને કોઇ બીજો શ્રોતા નથી. માટે જીવમા પ્રમાતૃત્વાદિ ધર્મો થઇ શકતા નથી એ માટે અમારૂં વચન ઠીક છે આમ કહો તો પણ યુકત નથી કારણ કે “નાન્યોઅતોઅસ્તિ” આ શ્રુતિમાં જીવનાં સર્વદ્રષ્ટ્રત્વ, સર્વશ્રોતૃત્વ, વિગેરે ધર્મોનો જ નિષેધ કર્યો છે પણ કંઇ પરિચ્છિન્ન દર્શનનો નિષેધ કર્યો નથી. જેમ ‘પાર્થ એવ ધનુર્ધરઃ’ પાર્થજ ધનુર્ધર છે. આ વાકયમાં પાર્થ જેવો બીજો કોઇ ધનુર્ધર નથી એમ કહેવાય છે. પણ કંઇ એવો આશય નથી કે પાર્થને છોડી કોઇ ધનુર્ધારી જ નથી, તેવી જ રીતે ‘નાન્યોઅતો અસ્તિ’ વિગેરે શ્રુતિઓમાં જીવના પરિચ્છિન્ન દર્શનનો નિષેધ કરતાં નથી, પણ સર્વજ્ઞતાનો જ નિષેધ કરાય છે. તો પછી ઉપોદ્‌ઘાતના નચૈતસ્મિન સર્વસ્મિન્નસત્યસંગસ્યાત્મનઃ પ્રમાતૃત્વમુપપદ્યતે અર્થાત્ જીવ પ્રમાતા થઇ શકતો નથી. આ વાકય કેવળ વાકછલ અને કલ્પના માત્ર જ છે. અગર કહે કે બ્રહ્મની સિવાય બીજું કંઇ પણ નથી, માટે જ સર્વાભાવ હોવાથી જીવ કોઇનો પણ પ્રમાતા થઈ શકતો નથી તો પણ યુકત નથી કારણકે જગત નહિ તો પણ બ્રહ્મ તો છે, બસ જીવ બ્રહ્મનો પ્રમાતા છે. એમ માનો અને ખરી રીતે તો પૂર્વોકત શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, પ્રત્યક્ષ યુકિતઓથી જગત બ્રહ્માત્મક અને સત્ય સિદ્ધ થઇ ચૂકયું, છે માટે જ જીવનું પ્રમાતા પણું કોઇ પણ પ્રકારે હઠી શકતું નથી. અને તસ્માદ વિદ્યાવદ્‌વિષયાણિ એવ અર્થાત્ એટલા માટે પ્રત્યક્ષાદિ પ્રમાણો તથા વિધિ, પ્રતિષેધ અને મોક્ષ પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો પણ બધાં પશુ સમાન અજ્ઞાનીઓને માટે જ છે. આ વાકય પણ માત્ર બૌદ્ધવાદ જેવું જ લાગે છે. કારણકે વેદ, સ્મૃતિ, પુરાણોમાં અનેક જગ્યાએ ઉત્તમ બ્રહ્મજ્ઞાનીઓએ અનેકવાર શાસ્ત્રોપદેશ કર્યો તથા સાંભળ્યો છે, તો ભલા શું તે પશુ જેવા અજ્ઞાની હતા કે ? બીજાની વાત તો જવા દો, કહેતાં ડર લાગે છે કે ભગવાન કૌશલેન્દ્ર રામચંદ્રજી અને ગુરૂ વસિષ્ઠ, ભગવાન સદાશીવ અને નારદ એ બધાં માયાવાદીઓનાં અનુપદોકત વાકયને શું લાયક હતા ? હરિ, હરિ, હરિ અગર વેદાદિશાસ્ત્રો અજ્ઞાનીઓ માટે જ હોય અને તેઓને જ અધ્યસ્ત હોય તો શ્રીમદ્‌ભગવદગીતામાં અધ્યાસ સ્પર્શમાત્રરહિત શ્રીકૃષ્ણ ભગવાન એમ નહિ કહેત કે ‘વેદાંતકૃદ્વેદવિદેવચાહમ્’ અર્થાત્ વેદ વેદાંતાદિ શાસ્ત્રોનો રચનાર તથા જાણનાર હું જ છું,’ અને શ્રીમદ્‌ભાગવતમાં પૂર્ણ બ્રહ્મજ્ઞાતા શ્રીશુકદેવજી પણ આવી રીતે ન કહેત કે :–

પરિનિષ્ઠિતોઅપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।
ગૃહીતચેતા રાજર્ષે અ[illegible] તદધીતવાન ॥

[ક્રમશઃ]

ઓકટોબર ૧૯૮૩ના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૮૧ શ્રી તુલસીદાસ કાનજી દત્તાણી–મુંબઈ
૮૨ શેઠ મથુરદાસ દેવીદાસ માધવજી–મુંબઈ
૮૩ શ્રીકૃષ્ણ સંસ્કૃત પાઠશાળા–બેટ
૮૪ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ–મુંબઈ
૮૫ શ્રી કંચનલાલ છગનલાલ લીમડી–મુંબઈ
૮૬ શ્રી ઉમયાશંકર માયાશંકર–પોર્ટ ઓખા
૮૭ શેઠ હસમુખરાય મલકાન–મુંબઈ
૮૮ શ્રી ચંદુલાલ વલ્લદાસ–મુંબઈ
૮૯ સુશ્રી વિરમતીબેન ભગવાનદાસ–મુંબઈ
૯૦ શ્રીમતી માલતીબેન કૃષ્ણરાજ ગો. કાપડીયા–મુંબઈ

ધોરાજી તા. ૨–૧૦–૮૩ : આંતરરાષ્ટ્રીય પુ. વે. પરિષદની પુરપીડિત સહાયના સમિતિના ઉપક્રમે ધોરાજી મુકામે યોજાયેલ વૈષ્ણવોની સભામાં પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી એ વૈષ્ણવોને સંગઠિત સ્વરૂપમાં ગોઠવાઈ સેવાકાર્ય કરવા આગ્રહ કર્યો હતો. સંગઠિત રૂપમાં સેવા કરવાથી ઓછા પરિશ્રમે એને વધુમાં વધુ લાભ, પીડિતોને પહોંચાડી શકાય છે. નવા બંધાતા શ્રી વલ્લભ–નગરમાં વૈષ્ણવ જનતાએ પોતાની તનુજા સેવા–(શિારીરિકશ્રમ કાર્ય) દ્વારા જીવનને ધન્ય કરવું જોઈએ. મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજીએ તનુજી સેવાને અમુલ્ય દર્શાવીને સેવાદ્વારા શ્રમની પ્રતિષ્ઠિા કરી છે. આ પ્રસંગે સ્થાનિક કાર્યકરો શ્રી રવજીભાઈ પટેલે વલ્લભ–નગર યોજનાનો ખ્યાલ આપ્યો હતો. વૈષ્ણવ સમાજને એક સૂચનામાં જોડાઈને સેવા કરવાનો પરિષદના ગુજરાતના સંયોજક શ્રી શાંતિભાઈએ અનુરોધ કર્યો હતો. પરિષદના કેન્દ્રિય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે પુરપીડિત વિસ્તારમાં થયેલ કાર્યનો ખ્યાલ આપ્યો હતો અને કેન્દ્રિય કાર્યકારીણીના સભ્ય શ્રી ગોકળદાસભાઈ સોનીએ પરિષદના મુખપંત્ર અને સામયિક 'શ્રી વલ્લભ સુધા' ની પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો.

સૌરાષ્ટ્રના પુર ગ્રસ્ત વિસ્તારનાં મુશ્કેલીમાં મુકાયેલા બાંધવો ને આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તરફથી રૂા. ૭૫,૦૦૦ તા. ૧–૧૮–૮૩ નાં રોજ પુજ્યપાદ ગો. **શ્રી પ્રથમેશજીની** ઉપસ્થિતિમાં રામેશ્વર, બાદલપુર, સાંતલપર. મોટા હડમકિયા, બંધાળા, મેવાસા, સુખપુર, મંડલીકપુર, ખંભાળા, બીલખા, ઉમરાળા, મીતિ, શાપુર, બાટવા, વિગેરે ગામોમાં લોકોને પુરપીડિત સહાયતા સમિતિમાં સંયોજક શ્રી નટવરલાલ શાહના હસ્તે વિતરણ કરવામાં આવ્યું.

રોકડ રકમ ઉપરાંત અંદાજી ૫૦ હજારનાં કપડા તથા વાસણો તેમજ ૧૫૦૦ કિલો અનાજ નું પણ વિતરણ કાર્ય કરવામાં આવેલ હતું

ઉપરોકત રાહત કાર્યની ટુકડીમાં મુંબઈ શાખાના મંત્રી શ્રી વલ્લભભાઈ ઝવેરી, પરિષદના કેન્દ્રિય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ ગુજરાત પ્રદેશના સંયોજક શાંતિભાઈ બાંભણીયા, સૌરાષ્ટ્ર વિભાગના કન્વીનર તથા રાજકોટ શાખાના મંત્રી શ્રી ડાયાભાઈ કંસારા, કેન્દ્રીય કારોબારી સભ્ય ગોકુલદાસ સોની, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં પ્રો. ડો. હિમાંશુ ભટ્ટ, પ્રવિણભાઈ કોંન્ટ્રાકટર, લલિત કિશોર શાસ્ત્રિ અમદાવાદ, જયંતિભાઈ પડીયા રાજકોટ વિગેરે જોડાયા.

સાથોસાથ જુનાગઢ શાખા નાં નાનજીભાઈ મેખડીવાળા, વલ્લભભાઈ દલાલ, શ્રી વલ્ભભ યુવક મંડળ, બીલખા શાખાના મગનભાઈ મરજાદી, વગેરેના સહકાર વડે યોગ્ય જરૂરીયાતવાળાને વિતરણ કરવામાં આવેલ.

"ગોપાષ્ટમીનું ધોળ"

[રાગ–મારે ઘેર આવજે માવા સવારે ઢેબરૂં ખાવા]

વ્હાલાજીને ગાવડી વ્હાલી, ચારે વન વનમાં ચાલી રે.
ગાવડી સંગે ગોવિંદ ડોલે, ગોકુલ વૃંદાવન;
ગોરજ ગંગા સ્નાન કરે, વ્હાલો પ્રીતમ પ્રાણજીવન. ૧
બંસી બટ પર બંસી બજાવે, બોલાવે લૈ લૈ નામ;
કાળી કાજર ધોળી ધૂમર, જપે આઠે જામ. ૨
નામ સુણીને નટવર પાસે, આવે ટોળે ટોળ;
ઉંચે શ્રવણે આતુર દોડે, ભાવ ભરી ભરી અણમોલ. ૩
વ્હાલો વ્હાલ કરે બહુ ઝાઝા, મુખ પર ફેરે હાથ;
નેન ભરીને શ્રીમુખ નિરખે, સરવે ગાયોનો સાથ. ૪
યમુનાજીનાં જલ પીવરાવે ને, ન્હવરાવે નંદલાલ;
લીલું લીલું ઘાસ ચરાવે, ગાયો ને ગોપાલ. ૫
ગૌદોહનની ગૂઢ છે લીલા, જાણે ગોપીજન;
કાં તો જણાવે કૃપા કરીને, પોતે થઇ પ્રસન્ન. ૬
ગાવડી વ્હાલીને ગોરસ વ્હાલું, વ્હાલો સાચો સ્નેહ;
માખણરૂપી મનડાં ચોરે, **'નિજજન'** ભરિયા નેહ. ૭

–નિજજન.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન [illegible] મુદ્રણાલય લિ., રાજકોટ

'પરિષદ' પ્રવૃત્તી

આં. રા. પુ. વૈ. પરિષદ આયોજીત "શ્રીવલ્લભાશ્રય" ભવનનો શિલાન્યાસ (ધ્રોલ) તૈયાર થયેલ 'શ્રીવલ્લભાશ્રય' (થાનગઢ) તથા સૌરાષ્ટ્ર વિભાગનું સંમેલન (રાજકોટ)

આં. રા. પુ. વૈ. પરિષદ ધ્રોલ શાખાના આયોજન દ્વારા રચાનાર 'શ્રીવલ્લભાશ્રય' ભવન જેમાં પૂ. આચાર્ય બાલકોના ઉતારા પાઠશાળા પુસ્તકાલય આદિની સુવીધા માટે ધ્રોલના ભગવદ્ધર્મપરાયણ રાજમાતા સાહેબે પોતાના દરબારગઢના કંપાઉન્ડમાંથી જમીન અર્પણ કરતાં તે ભવનનો શિલાન્યાસ પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજીના કરકમલો દ્વારા તા. ૧૦-૧૧-૮૩ ગુરૂવારે સવારે સાનંદ સંપન્ન થયેલ આ પ્રસંગે ધ્રોલ વીસ્તારના વૈષ્ણવોનું સંમેલન પણ દરબારગઢના કંપાઉન્ડમાં વિશાળ સમીયાણામાં મળેલ. આ પ્રસંગે પૂ. આચાર્યશ્રીના પ્રેરક વચનામૃતોનો વિશાળ સંખ્યામાં વૈષ્ણવોએ લાભ લીધેલ. આ પ્રસંગે પરિષદના ઉપાધ્યક્ષ શ્રી શ્યામદાસજી (અમેરીકા) રાજકોટ શાખાના પ્રમુખ શ્રી જીવનભાઈ રાણપુરા સૌરાષ્ટ્રના સંયોજક શ્રી ડયાભાઈ કંસારા શ્રી વલ્લભ સુધાના સંપાદક રવજીભાઈ પટેલ, રાજકોટના શ્રી જયન્તીભાઈ પડીઆ વીગેરે ખાસ ઉપસ્થીત રહેલ. ધ્રોલ શાખાના પ્રમુખ શ્રી આણંદજીભાઈ સોની વયોવૃદ્ધ વૈષ્ણવ અગ્રણી શ્રી જમનદાસભાઈ પારેખ પરિષદના શાખાના મંત્રી શ્રી હરજીવનભાઈ આડેસરા વિગેરે એ કાર્યક્રમ સફળ બનાવવા ખુબ ઉત્સાહ પૂર્વક આયોજન કરેલ. ઉપરોકત ભવનના બાંધકામમાં સર્વેને પોતાના દૈવી દ્રવ્યનો વિનીયોગ કરાવવા હાર્દિક વિનંતી છે.

* આં. રા. પુ. વૈ. પરિષદ થાનગઢ શાખા આયોજીત શ્રીવલ્લભાશ્રય ભવનનું બાંધકામ કાર્ય પૂર્ણતાને આરે પહોંચેલ છે. પૂ. પા. શ્રીપ્રથમેશજી મહારાજ શ્રી તા. ૧૦-૧૧-૮૩ સાંજના પધારતાં થાનગઢ શાખાના અધ્યક્ષશ્રી તથા મંત્રીશ્રીની આગેવાની હેઠળ એક શોભાયાત્રાનું આયોજન થયેલ. રાત્રે ૯ થી ૧૦॥ 'શ્રીવલ્લભાશ્રય'માં પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના વચનામૃતોનો કાર્યક્રમ યોજાએલ જેમાં સ્થાનિક તથા તથા બહારગામના વૈષ્ણવોની સારી ઉપસ્થિતી રહેલ. તા. ૧૧-૧૧-૮૩ ના સવારે અનેક વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દિક્ષાનું પૂ. પા. આચાર્યશ્રી દ્વારા દાન થયેલ. કાર્યક્રમના આયોજનમાં થાનગઢ શાખાના પ્રમુખ શ્રી દવે સાહેબ મંત્રીશ્રી ગોપાલદાસભાઈ સચદેવ. શ્રી હીમતભાઈ, શ્રી પ્રેમચંદભાઈ, શ્રી મુકુન્દભાઈ તથા અન્ય વૈષ્ણવોએ ખૂબજ જહેમત ઉઠાવી બહુજ ટુંકા ગાળામાં 'શ્રીવલ્લભાશ્રય' ભુવનનું નમુનેદાર બાંધકામ તૈયાર કરાવેલ છે હજુ સભામંડપના બાંધકામ માટે દ્રવ્ય સહાયની ખાસ આવશ્યકતા છે. થાનગઢમાં માત્ર ૨૫-૩૦ કુટુંબોજ વૈષ્ણવોના હોવા છતાં થાનગઢના શાખાનું આ કાર્ય અત્યંત પ્રેરણાદાયક છે.

તા. ૧૧-૧૧-૮૩ના રોજ બપોરમાં પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગરમાં વૈષ્ણોના મોટા સમુદાયને પરિષદના સંગઠનમાં જોડાવા આજ્ઞા કરતાં બધે પરિષદની શાખાઓ સ્થાપવા નિર્ણય લેવાયેલો થાનગઢ તથા ઉપરોકત પ્રવાસમાં પરિષદના ઉપાધ્યક્ષશ્રી શ્યામદાસ (અમેરીકા) તથા પરિષદના ગુજરાત વિભાગના સંયોજક શ્રી શાન્તીભાઈ બાંભણીયા. વઢવાણના પ. ભ. લક્ષ્મીદાસભાઈ કંસારા રાજકોટના શ્રી જીવનભાઈ રાણપુરા શ્રી ડાયાભાઈ ડેલાવાળા વિગેરે સમ્મીલીત થઈ માર્ગદર્શન આપેલ.

* તા. ૧૨-૧૧-૮૩ આં. રા. પુ. વૈ. પરિષદની કેન્દ્રીય કાર્યકારીણીની મીટીંગ રાજકોટ મુકામે તા. ૧૨-૧૩ નવેમ્બરના રોજ શ્રી જશુભાઈ મંડાણમાં મળેલ. જેમાં પરિષદના કાર્યાધ્યક્ષ ડૉ. ગજાનનજી શર્મા, ઉપાધ્યક્ષ શ્રી શ્યામદાસજી, મહામંત્રી શ્રી કુમનદાસ ઝાલાની, કોષાધ્યક્ષ શ્રી મુકુન્દભાઈ શાહ સંગઠન મંત્રી પં. દ્વારકાપ્રસાદ પાટોદિઆજી, મંત્રીશ્રી ચિમનભાઈ શેઠ વીગેરે ખાસ ઉપસ્થિત રહેલ. તા. ૧૩ નવે. રવિવારના

[અનુસંધાન ટાઈટલ ૩ ઉપર]

॥ શ્રીહરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

✲

વર્ષ ૨ : અંક ૯
ડીસેમ્બર, ૧૯૮૩
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦ ૦૦૧

આપણું કર્તવ્ય

ગૌ રક્ષાનો પ્રશ્ન આજે આપણા માટે કર્તવ્યને સાદ દેતો પ્રાણ. પ્રશ્ન બની ગયો છે, વિવિધ સંસ્થાઓ દ્વારા ગૌરક્ષા માટે ભગીરથ પ્રયત્નો થઈ રહ્યાં છે. પણ જ્યાં સુધી આપણે સંપૂર્ણ જાગૃતા નહીં બતાવીએ ત્યાં સુધી આ પ્રશ્ન ઉકેલાવા આશા નથી. તાજેતરમાં વનસ્પતી ઘીમાં ગાયની ચરબી ની ભેળશેળનું ધૃણિત કૌભાંડ બહાર આવ્યું. અજાણતામાં લાખો લોકો ને ભ્રષ્ટ વસ્તુ ખવડાવવાનું જઘન્ય પાપ નાણાંની દોટમાં આંધળા બનેલ ભ્રષ્ટ વ્યાપારીઓ અને લાંચીયા અધીકારીઓએ આચર્યું. છતાં આપણી આંખ ઉઘડતી નથી આવિ ભેળશેળવાળી વસ્તુઓનો ઉપયોગ સદંતર બંધ કરી લોકોની ઠંડી તાકાતનો પરચો બતાવવાનો સમય હવે પાકી ગયો છે. વનસ્પતી ઘી ને બદલે શુધ્ધ તેલથી કામ ચાલી જ શકે છે. તેમજ ટુથપેષ્ટ. સાબુઓ, અને બીજા પ્રસાધનો જેમાં જેમાં ચરબીની ભેળશેળ હોવાનો સંભવ છે તેનો પ્રત્યેક માનવતાવાદીઓએ ત્યાગ કરવો જોઈએ, વ્યાપારીઓએ આવી ચીજો વેંચવીબંધ કરવી જોઈએ અને એમ કરી ભ્રષ્ટાચાર આચરનાર ના પગ નીચે રેલો પહોંચાડવો જોઈએ.

હવે અમારી વાત, શ્રી વલ્લભસુધાના પ્રકાશન ના પ્રારભકાળમાં જયારે આ પત્રીકાની આર્થિક સ્થીતી સંતુલીત કરવા માટે એક સ્થાયી ફંડ હોય જેના વ્યાજમાંથી પ્રકાશનમાં ખૂટતી રકમ મલી રહે તેવી યોજના મૂકાઈ ત્યારે પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે આજ્ઞા કરેલ કે "તાંતીવાળા ને ત્યાં વ્યાજે નાણા મૂકી તેમાંથી ખર્ચ ચલાવતાં જેમ શ્રી ઠાકોરજીએ અપ્રન્નતા પ્રકટ કરેલ તેવી આ વાત છે" અને તેથી એ વાત બંધ રાખેલ. શ્રી વલ્લભસુધા શુધ્ધ પુષ્ટિ-માર્ગીય સિધ્ધાંન્તોથી ભરપુર પહેલાં પાનાથી છેલ્લાપાના સુધી રહે તે માટે તેમાં કાંઈ ઈતરલખાણ, કે જાહેરાત પણ લેવાતી નથી. વૈષ્ણવો પોતાના ભગવદ્ સ્મરણ લખાવી પ્રકાશન સહાયતાંમાં ૫૧/- રૂપિયા આપે. એજ સામાન્ય રીતે આર્થિક પુરવર્ણીમાં મદદરૂપ બને છે આ સમયની મોંઘવારીમાં દશરૂપિઆ લવાજમમાં બારમહીને ત્રણસો પાના જેટલું સાહિત્ય આપતું આપણા માર્ગનું આ એકજ માસિક

(વધુ માટે જુઓ પાનું ૧૭)

ભગવાનની લીલાથી શાસ્ત્ર–જ્ઞાન

લેખક : પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીમહારાજ

શ્રી સુબોધિની ટીકામાં શ્રીવલ્લભાચાર્યજી એવો ઉલ્લેખ કરે છે કે ભગવાન પોતાની લીલાથી શાસ્ત્રનું જ્ઞાન પણ કરાવે છે. શાસ્ત્રનો ઉપયોગ વ્યવહારમાં થાય છે, તેનાથી અનુશાસન અને પરસ્પર સંબંધોની મધુરતાની સાથે કર્તવ્યનો બોધ થાય છે. કિન્તુ આપણે ભગવાનની લીલા તો સાંભળીયે અને ગાઇએ છીએ છતાં પણ તેમાંથી શાસ્ત્રનો બોધપાઠ નથી લેતા.

શાસ્ત્ર કેવળ અનુશાસન યા શાસન જ નથી કરતું તે કરૂણાથી પોતાના બનીને આપણને અનુશાસન આપે છે જે પ્રેમ અને શ્રદ્ધાથી આપણે સ્વીકારીએ છીએ. આવા ભારને માનવી હસતા હસતા સહન કરે છે અને પ્રસન્ન થાય છે. ભક્તિમાર્ગનું શાસન પણ કંઇક આવું જ પ્યાર ભર્યું છે.

ભગવાને વ્રજમાં પશુ અને પક્ષિઓ સાથે પ્રેમ કર્યો અને તેઓને પ્રેમ આપ્યો છે. આ આત્મિયતા પશુ–પક્ષિઓ સમજતાં હતા અને પોતાનો મૂક સ્નેહ તેઓ નિસ્સાધન હોવા છતા શ્રીકૃષ્ણને સમર્પિત કરતાં હતાં. ભગવાન કેવળ વાણીનો જ વ્યવહાર નથી કરતાં એમનો વ્યવહાર પોતાપણા પર આધારિત હોય છે ખગ–મૃગ, બધાં જ એમનાં પાસે રહેવા માંગતાતા અને એઓને પ્યાર કરતાં હતાં.

તેઓના મુરલી નાદે બધાંમાં અનુરાગ પેદા કરેલ હતો. કેવળ મનુષ્યનું જ મનોરંજન તેને નહીં કહી શકીએ, તે બધાંનું મનોરંજન કરી બધાને શિક્ષા આપતાં અને ધર્મથી નિર્ભય બનાવતાં હતાં. આજ તો આપણે ધર્મથી ભયભીત છઇએ. આશંકાઓથી ઘેરાએલાં છઇએ. ખૂબ દૂરથી જ જાતને સુરક્ષિત રાખવાની ચિન્તા કરીએ છીએ પણ એ પરિસ્થિતિમાં સંઘર્ષ કરી તેને હટાવતાં જ નથી.

આ ચિન્તા આ ગભરાટ આ કેવળ સ્વાર્થીપણું કેવું લાગે છે ? આમાં કોઇની સહાનુભૂતિની જરૂર નથી પડતી શું ? અને આવી જરૂર જ્યારે હોય છે ત્યારે તે રૂપીયાથી નથી ખરીદી શકાતી. જે લોકોના મનમાં એવી વાત આવી કે કોઇ પોતાનું હોય અને આપણું સુખદુઃખ વહેંચી લે, ત્યારે આ ભાવનાની પૂર્તિ ભગવાન જ છે. પણ આપણે એમના ઉપાસક શું કરી રહ્યા છીએ ? આચાર્યશ્રીએ સેવાને સ્નેહ પ્રધાન બતાવેલ છે અને તે સહજ છે. માટે જ વૈષ્ણવતા પણ સહજ હોય છે તેમ કહેવાયેલું છે. પરંતુ આજે તો તે વાત નથી દેખાતી જેવી યજ્ઞ કરવાવાળા બ્રાહ્મણોની મનોદશા હતી તેવી જ સેવા કરવાવાળાઓની બની ગઇ છે.

જ્યારે ગોપ બાળકોને ભૂખ લાગી અને તેઓએ પ્યારથી કહેલું અરે....કનૈયા અમને બહુજ ભૂખ લાગી છે કંઇક ઉપાય બતાઓ. કેટલો પ્યાર હતો આ કહેવામાં, પ્રભુ અમે પીડિત છઇએ પોતાની જ વાસનાથી, આપજ ઉપાય બતાવો. કિન્તુ આ કેવળ બાહરી ઉપચાર યા શિષ્ટચાર નહોતો. ભગવાન પણ એટલા

જ સહાજ ભાવથી કહે છે, ભૈયા જાવ, એ વિપ્રદેવોની પાસે જાવ જેઓ યજ્ઞ કરી રહ્યાં છે. તેઓને મારૂં નામ દઈને માંગીલો તેઓ તમને ભોજન દઇ દેશે. શાયદ આ ધર્મની એક પરિક્ષા હતી અને તેઓના જ્ઞાનની કસોટી, પણ તે ઉપાસકોએ બધાંનું પોષણ કરવાવાળા યજ્ઞ રુપ શ્રીહરીને કેવળ વિધિ અને સ્વાર્થની સીમામાંજ સમજેલાં હતાં. એ વિધિ વિધાનના અનુશાશનમાં પાવન પ્રેમના સ્થાનપર કઠોરતાં હતી. પાપ અને દંડનો ભય સ્વાર્થ સિદ્ધીની બાધાની ભાવના પર ટકેલ હતા. બધાને એક સૂકો ઉત્તર મલી ગયો. નહી અમે એમ ન કરી શકીએ. જ્યાં સુધી આ યજ્ઞ પૂરો ન થાય ત્યાં સુધી આમાંથી તમોને કંઇ નહી મલે સમજ્યાં ? અને બધાં નિશશ નીચે મોઢે પાછા આવી ગયાં ભૂખ. અને માંગવાની વિવશતાની સાથે વ્યથાનો સાગર ઉમટી પડયો. કહેવું શું હતું. એ તો પોતાની જ કથા કહી રહ્યા હતાં. છતાં વિવશતાથી શબ્દો નિકળ્યાતા, કનૈયા ! તેઓએ તો કંઇ ન આપ્યું....પરંતુ આપણને સંભળાવી દીધું. આવી જ છે આજની સેવા અને સંકીર્તનની વાત જે પોતે પોતાની જ સીમામાં રહી ગઇ છે. છતાં પણ ભગવાને તેઓને ફરીથી પ્રેરિત કર્યા, અરે સખા ! એમાં શું થઇ ગયું વિવશતામાં આ બધું સહન કરવું પડે છે. એતો તેઓના જ્ઞાનની પીછાન છે. તમે તો બધાં મલીને તેઓની પત્નિઓ પાંસે જાવ. જેઓમાં માતાનું મન છે અને પ્રેમ પૂરિત સરિતાનો સરસ પ્રવાહ વહી રહ્યો છે તેઓના માનસમાં. ઓલ્યા સુકા તમોને શું આપશે, જેઓ પાસે કંઇ છે જ નહી દેવા માટેનું, તેઓ તો લેવા બેઠા છે. એમાં જ તેઓના જ્ઞાનની પુર્ણતા સમજે છે એજ તેમના ધર્મ કર્મ, સદાચાર છે, જેમાં મન નથી હોતું. સમજ્યા ? પરંતુ ભોળા બાળકોના મુખ પર એક પ્રશ્ન ચિન્હ બની જાય છે, આમ કેમ ? પણ તેઓ કહી શકતાં નથી. એતો કેવળ સમજી શકે છે, કહે શું ? તો પણ કનૈયાની વાત તો બધું સહન કરીને પણ માનવી જ પડશે. કેમ કે તે આપણને પ્યાર કરે છે અમે તેના માટે બધું જ કરીશું માન, અપમાન, વ્યથા, અને આનંદ બધું હસતાં હસતાં સહિશું કેમ કે તે આપણો છે અને આપણે તેમના છઇએ. તે આપણી સાથે કપટ નથી કરતો. આ વાસનાની દુસહ પીડા નહોતી અને હોત તો પણ તેજ તેને મટાડી શકે છે, એવું એ અજાણ બાળકો પણ જાણતા હતાં કેમ કે તેમને ભરોસો હતો. વિશ્વાસ વિવશ યા પરવશ નહીં તે પણ એ ભગવાનની જેમ સ્વવશ છે. અથવા સ્વ યાને (પોતાનાઓના) વશમાં પોતાની મેળે છે. આ લાચારી નહીં પ્રેમ છે. એમાં આનંદની અનુભૂતિ છે જીવનનો થાકોડો અને વ્યથાની ઉદાસીન કથા માત્ર નથી.

બધાં મલીને ફરી ગયાં એ સીમન્તીનીઓ પાસે જેઓના મનમાં સ્નેહની સલિલા શ્રવિત થઈ રહી હતી ભોળા ભોળા ચહેરા અને પોતાપણાનો ભાવ છતાં એક આશંકા યુકત, અચકાતા અચકાતા કહેવાં લાગ્યા મૈયા, અમને કનૈયાએ તમારી પાસે મોકલેલ છે અમને બહુ જ ભૂખ લાગી છે. કંઇક ખાવાનું આપો સાંભળતાં જ હસી પડી તે લલનાઓ પ્રેમ છલકાઈ આવ્યો ચહેરા પર આવો, આવો આ લ્યો દહીં ભાત આમાં સંકોચની કઇ

વાત છે તમારૂં જ છે બેટા! લ્યો આ ખાઇલો ઉદાર હાથ લંબાયા. પોતાપણાથી સહજમાં દઇ દીધું તેમણે. ન આમા નર્કનો ભય ન તો કર્મ વિચ્છેદથી અધર્મનો ભયએમાં. આ હતો સેવાપયોગી ધર્મ સમજાવવા વાળો વિવેક જેથી જ્ઞાનની ગરિમા નહીં પ્રેમની પાવનતા અહજમાં સમજાઇ ગઈ. અભિમાનીઓ શું કરે ? એમને તો પોતાની કૃતિ અને જ્ઞાનનું જોર હતું બિચારા! મન્દભાગી બની ગયાં ચાલ્યાતા ભાગ્ય બનાવવા.

આજ આપણી સેવા ભાવના કંઇક આવી જ છે. આત્મ કેન્દ્રિત જેવી "ચ્યોરલી સેલ્ફ સેન્ટેડ" પક્ષોના કીચડમાં ફસાયેલી. સુકા સત્સંગમાં તરસ્યા શ્વાસ લઈ રહી છે. ભાવનાનું ભાન નથી હોતું કારણ કે તેમાં તો તરલતા હોય છે. આ અકકડપણાનો ત્યાં સમાવેશ નથી થઈ શકતો. લોકો કહે છે કે ધર્મની પરિભાષા સમજાઓ પરંતુ સ્પષ્ટ હોવા છતાં પણ નથી સમજી શકતાં. સેવાજેકરીરહ્યા છે. બધાં કર્મયોગી છે પણ કોના માટે ? ?

શું આજ છે એ વાત જે આપણને કહી હતી.

ગો. ર. પ્રથમેશ

* * *

મથુરા – પોરબંદર વાળા પુ. પા. ગો. શ્રી માધવરાયજી મહારાજ શ્રી ૨૨-૧૦-૮૩ ના રોજ નિત્યલીલાસ્થ થતાં અર્પાયેલ શ્રદ્ધાંજલિ

ધોરાજી – શ્રી પુષ્ટિ માર્ગીય ગૈષ્ણવ મંડળના ઉપક્રમે તા. ૨૫-૧૦-૮૩.

જુનાગઢ – આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય ગૈષ્ણવ પરિષદ શાખાના ઉપક્રમે તા.-૨૬-૧૦-૮૩

ગોંડલ – સમસ્ત વલ્લભીય ગૈષ્ણવ સમાજના ઉપક્રમે તા. ૨૭-૧૦-૮૩

રાજકોટ – આં. રા. પુ. ગૈ. પરિષદ રાજકોટશાખા તથા રાજકોટ ગૈષ્ણવ સમાજના ઉપક્રમે પુ. પા. શ્રી વલ્લભલાલજી મહારાજ શ્રીની અધ્યક્ષતામાં શ્રી જશુભાઈ મંડાણ ખાતે યોજાએલ સભામાં શ્રદ્ધાંજલિ અર્પાયેલ.

વડોદરાસ્થ પુ. પા. ગો. શ્રી મથુરેશજી બાવાશ્રીના વહુજી નો નિત્યલીલા પ્રવેશથતાં આં. રા. પુ. વૈ, પરિષદ જુનાગઢ શાખાના ઉપક્રમે શ્રદ્ધાંજલિ અર્પામેલ.

✓

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોતમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૧મો)

નેહાભિક્રમનાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥૪૦॥

અહીં પ્રારંભ કરેલાંનો નાશ નથી, દોષ (પણ) નથી. આ ધર્મનું થોડુંક પણ (આચરણ) મોટા ભયથી બચાવે છે. ॥૪૦)

અરે, કર્મમાં વિવિધતા છે અને તે કાલાદિથી સાધ્ય છે. કરેલાં કર્મમાં પૂર્ણતાનો અભાવ હોવાથી દોષયુકત છે. સંપૂર્ણતાનો અભાવ વગેરે કારણે ઊલટાનો દોષ વગેરેનો સંભવ હોવાથી બંધનની શકયતા કેમ નહિ ? એમ હોય તો ? વગેરે શંકાના જવાબમાં કહે છે :– યોગ ભગવાનનું બીજું કુંડળ (કાનનું આભરણ) છે. તે સંયોગાત્મક છે. યોગના સ્વરૂપનું અર્જુનનું અજ્ઞાન હોવાના કારણે, તેના જ્ઞાનને માટે તેનું સ્વરૂપ 'નેહાભિક્રમનાશઃ' વગેરે શબ્દોથી કહે છે.

ભગવાનના માર્ગે, ભગવદર્થે, ભગવાનની આજ્ઞારૂપે કર્મો કરવાં જોઇએ, પરંતુ ફલને સાધી આપનાર છે એમ માની કરવાં જોઇએ નહિ. તેથી પહેલાં કહેલી દોષની સંભાવના અહીં નથી. તેનું જ વર્ણન કરતાં કહે છે :–

અહીં મારી આજ્ઞાથી ક્રિયમાણ કર્મના પ્રારંભનો નાશ એટલે કે પ્રારબ્ધ કર્મનો નાશ નથી, તે નિષ્ફળ થતાં નથી, એમ અર્થ છે. અને દોષ પણ નથી. તેથી આ ધર્મનું થોડુંક આચરણ પણ મોટા ભયથી રક્ષણ કરે છે. અહીં આ ભાવ છે :– અન્યત્ર કરેલ કર્મની સફળતા અને પૂર્ણતાને માટે, 'જેમનાં સ્મરણથી' વગેરે શબ્દોથી જ્યાં ભગવાનનું સ્મરણ ઉપદેશાયું છે ત્યાં સાક્ષાત્ ભગવદર્થે કરેલાં કર્મોની નિષ્ફળતા શી રીતે સંભવે ॥૪૦॥

વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનંદન ।
બહુશાખા હ્યનંતાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ॥૪૧॥

હે કુરુનંદન અર્જુન, અહીં (ભકિતમાર્ગમાં) નિશ્ચિત સ્વરૂપવાળી એક જ બુદ્ધિ છે, પરંતુ અનિશ્ચિત્ હૃદયવાળાઓની બુદ્ધિઓ અનંત અને અનેક પ્રકારની હોય છે. ॥૪૧॥

વળી ફળને માટે કર્મ કરનારાઓની બુદ્ધિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. મારી આજ્ઞા પ્રમાણે કર્મ કરનારાઓની, મારામાં નિષ્ઠાવાળા હોવાથી એક નિશ્ચિત બુદ્ધિ હોય છે. એમ હોવાથી ભ્રમથી વિપરીતતાની શંકા નથી, એમ 'વ્યવસાયાત્મિકા' વગેરે શબ્દોથી કહે છે. હે સત્કુળમાં જન્મેલ કુરુનંદન અર્જુન અહીં ભકિતમાર્ગમાં નિશ્ચિત સ્વરૂપની એક ભગવાનની આજ્ઞાથી જ હું કરીશ, એવા સ્વરૂપની એક નિર્ણયવાળી બુદ્ધિ હોય છે. અવ્યવસાયીઓની એટલે કે બહિર્મુખ અને અનિશ્ચિત હૃદયવાળાઓની બુદ્ધિઓ અનંત હોય છે. વળી તે ફળના હેતુવાળી હોવાથી અનેક પ્રકારની હોય છે. તેમાં પૂર્ણતાનો અભાવ હોવાથી દોષ વગેરેની સંભાવના રહે જ, પરંતુ પૂર્ણતાને કારણે ભકતોમાં નિષ્ફળતા

કે દોષ વગેરેની સંભાવના નથી. આથી જ ભગવાને કહ્યું છે કે, મારે અર્થે કર્મ કરનારા પુરુષોનો કાલક્ષેપ કદાચ થાય તો પણ તેનું તે કર્મ ત્રણ કરોડ મહર્ષિઓ કરે છે. ॥૪૧॥

યામિમાં પુષ્પિતાં વાચં પ્રવદન્ત્યવિપશ્ચિતઃ ।
વેદવાદરતાઃ પાર્થ નાન્યદસ્તીતિ વાદિનઃ ॥૪૨॥

હે પાર્થ (અર્જુન), અજ્ઞાનીઓ જે આ લલચાવનારી વાણી છે તેને કહેનારા છે. તેઓ વેદની વાણીમાં જ પ્રીતિવાળા (અને વેદથી પર) બીજું કાંઇ નથી, એમ બોલનારા છે. ॥૪૨॥

અરે, એવી રીતે ઉત્તમ ફળવાળી છે, એમ જાણીને એ પ્રમાણે જ બધા બુદ્ધિને વ્યવસાયાત્મિકા કેમ કરતા નથી ? એમ શંકા કરીને જવાબમાં ‘યામિમામ્’થી શરૂ કરીને ત્રણ શ્લોકથી કહે કહે છે. જેઓ આ પુષ્પિતા એટલે ફળ વગરની વાણીને તિરસ્કરણીય પુષ્પોવાળી વેલની જેમ બહુ દૂરથી નહિ એમ જોયેલી રમ્ય કહે છે, એટલે ફળરૂપતાથી આત્યંતિકપણે વર્ણવે છે, તેઓમાં વ્યવસાયાત્મિકા (નિશ્ચયરૂપા) બુદ્ધિ ઉત્પન્ન થઇ શકતી નથી, એમ અર્થ છે.

અરે, તેઓ પણ શાસ્ત્રોક્ત જ્ઞાનવાળા છે શી રીતે એમ કહે ? એવી આકાંક્ષાવાળાઓને કહે છે :– “અવિપશ્ચિતઃ” એટલે મૂર્ખાઓ, અજ્ઞાનીઓ. તેઓનું મૂઢપણું વિશેષણોથી દર્શાવે છે. ‘વેદવાદરતાઃ’ એટલે વેદમાં કહેલાં ફળવાળાં કર્મ કરવાં તે યોગ્ય છે. નહિ કે નિષ્કામતાથી, એમ કહેનારાઓ, અને આથી જ બીજું નથી, એમ બોલનારા, એટલે કે વેદમાં કહેલ સિવાયનું અન્ય કર્મ ફળ નથી, એમ બોલવાના સ્વભાવવાળા ॥૪૨॥

કામાત્માનઃ સ્વર્ગપરા જન્મકર્મફલપ્રદામ્ ।
ક્રિયાવિશેષબહુલાં ભોગૈશ્વર્યગતિં પ્રતિ ॥૪૩॥

(અનેક પ્રકારની) કામનાઓવાળા, સ્વર્ગને જ શ્રેષ્ઠ માનનારા (અજ્ઞાનીઓ) જન્મરૂપી કર્મનાં ફળોને આપનારી, ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ સંબંધે (એ વેદવાણીને) વિશેષ પ્રકારની અનેક ક્રિયાઓવાળી કહે છે. ॥૪૩॥

અરે, તેઓનું એ પ્રમાણેનું કહેવું, કયા કારણથી છે, એવી આકાંક્ષાવાળાઓને ‘કામાત્માનઃ’ વગેરે શબ્દોથી કહે છે. તેઓ ‘કામાત્માનઃ’ એટલે અનેક કામનાઓથી ભરેલા છે. અરે, કામનાઓમાં તુચ્છ ફળ હોય છે, તેમાં તેઓ પ્રવૃત્ત થાય છે, એમ શી રીતે ? એવી શંકાના જવાબમાં ‘સ્વર્ગપરાઃ’ વગેરે શબ્દોથી કહે છે. ‘સ્વર્ગપરાઃ’ એટલે સ્વર્ગ જ શ્રેષ્ઠ છે, મોક્ષરૂપ છે. એમ જેઓ માને છે તેઓના સ્ત્રર્ગ વિષેના તેવા જ્ઞાનને માટે પહેલાં કહેલી ‘વાણી’ને જન્મકર્મફલપ્રદામ્’ વગેરે શબ્દોથી વિશેષતાથી કહે છે. ઉત્તમ કુળમાં જન્મ, ત્યાં ઉત્તમ કર્મ તેમ જ તેનાં ઉત્તમ ફળને આત્યંતિક રીતે આપે છે, તેવા પ્રકારની વાણીને તથા ભોગ અને

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
રળીયાતબેન પરસોતમ પારેખના જયશ્રીકૃષ્ણ. હ. જે. પી. પારેખ તથા મનસુખલાલ પી. પારેખ

ઐશ્વર્યની પ્રાપ્તિસંબંધે વિશેષ પ્રકારની અનેક ક્રિયાઓ જેમાં છે તેવા પ્રકારની ફળ આપનારી વાણીને તેઓ કહે છે. ॥૪૩॥

ભોગૈશ્વર્યપ્રસક્તાનાં તયાઽપહૃતચેતસામ્ ।
વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે ॥૪૪॥

ભોગ અને ઐશ્વર્યમાં અત્યંત આસક્તિવાળાઓની અને તે (વાણી) વડે હરાયેલાં મનવાળાઓની નિર્ણાયક બુદ્ધિ ભગવાનના ચિંતનમાં સ્થિર થઇ શકતી નથી. ॥૪૪॥

તે કારણે, ભોગ અને ઐશ્વર્યમાં અત્યંત આસક્તિવાળા અને તે વાણીથી હરાયેલાં ચિત્તવાળા, તેઓની બુદ્ધિ સમાધિમાં વ્યગ્રતાવાળો ભાવ હોવાથી, ભગવાનના ચિંતનમાં તેવી રીતે સ્થિર થઈ શકતી નથી, એવો અર્થ છે. ॥૪૪॥

ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।
નિર્દ્વંદ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ
આત્મવાન્ ॥૪૫॥

હે અર્જુન, વેદો ત્રિગુણ વિષયક છે. તું ત્રિગુણ વગરનો, દ્વંદ્વોથી રહિત, સદા સત્ત્વગુણમાં સ્થિત, યોગક્ષેમની ચિંતા વગરનો અને આત્મજ્ઞાનવાળો થા. ॥૪૫॥

અરે, તેઓ અજ્ઞાની છે કે જેઓ વેદમાં કહેલા વિષયમાં પ્રવૃત્ત થાય છે. પરંતુ સ્વર્ગ વગેરેનાં ફળના અભાવમાં વેદ શી રીતે સમજાવે? એવી શંકાના જવાબમાં "ત્રૈગુણ્યવિષયાવેદાઃ" વગેરે શબ્દોથી કહે છે :-

ત્રિગુણ સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા જીવો ત્રિગુણની સાથે સંબંધવાળા છે. તેમને માટે સ્વર્ગ વિગેરે ફળ આપનારાં કર્મોની સમજ આપનારા વેદો છે. પરંતુ ગુણાતીત સાક્ષાત ભગવાનની લીલાને યોગ્ય ભગવદીય સૃષ્ટિમાં રહેલા ભગવાનના ભક્તોને વિષય બનાવનારા વેદો નથી, એમ અર્થ છે. ભગવાનની લીલાસૃષ્ટિ તો નિર્ગુણા છે. આંથી જ વિધાતાની બીજી જ કોઇ સૃષ્ટિ આથી ભિન્ન છે, વગેરે શ્રીવરાહનાં વચન છે. ગુણાતિત પુરૂષોતમનું સ્વરૂપ તો વેદ વગેરેનો વિષય નથી જ. આથી જ શ્રુતિ 'નેતિ, નેતિ' કહે છે. અને 'યતો વાચો નિવર્તન્તે' (જ્યાંથી વાણી પાછી ફરે છે) વગેરે કહે છે. વેદો ત્રિગુણવિષયક છે, તેથી તું ત્રિગુણરહિત એટલે ભક્ત થા એમ અર્થ છે. ત્રણ ગુણો વગરનો અને ભગવાનમાં પ્રેમવાળો તું થા, એવો ભાવ છે. અથવા વેદો ત્રણ ગુણોને વિષય કરનારા છે, ત્રિગુણાત્મક સ્વરૂપનાં ફળોનું પ્રતિપાદન કરનારા નથી. તેથી તે પ્રમાણે બોધ આપનાર જે. એમ અર્થ છે, અરે, જો વેદો ત્રણ ગુણોને વિષય કરનારા હોય તો અજ્ઞાની એવા અમારી શી ગતિ? એવી શંકાના જવાબમાં 'નિસ્ત્રેગુણ્યઃ' વગેરે શબ્દોથી કહે છે:- ગુણાતીત થઇને એક ધર્મપરાયણ તું થા, એવો ભાવ છે. કયા સાધનથી એમ થવાય? એવી આશંકાના જવાભમાં 'નિર્દ્વંદ્વઃ' વગેરે શબ્દોથી કહે છે. નિર્દ્વંદ્વઃ એટલે સુખ–દુઃખ, હું-મારૂં, એવાં દ્વંદ્વો વગરનો તું થા, બધું ત્યજીને ભક્તિપરાયણ તું થા. પરંતુ એમ શી રીતે થવાય? એવી આકાંક્ષાવાળાને 'નિત્યસત્ત્વસ્થઃ' વગેરે શબ્દોથી કહે છે:-

સત્ત્વ ગુણ નિત્ય જેનાથી છે તે ગુણાતીતમાં સ્થિર રહેલો તું થા અને 'નિર્યોગક્ષેમઃ' એટલે શું? તેના જવાબમાં કહે છે કે સાધનાથી સાધ્ય, પરમ આપ્ત

વસ્તુની અભિલાષા તે યોગ, અને સ્વેચ્છાએ પ્રાપ્ત વસ્તુમાં આપ્ત જ્ઞાનથી સ્વીકાર તે ક્ષેમ, તેથી એટલે યોગક્ષેમથી રહિત, આત્મજ્ઞાનવાળો તું થા. એમ અર્થ છે. ॥૪૫॥

યાવાનર્થ ઉદપાને સર્વતઃ સંપ્લુતોદકે ।
તાવાન્ સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ॥૪૬॥

જળથી ભરેલા પાત્રમાં જેટલો અર્થ સરે છે તેટલો અર્થ ચારે બાજુથી એકઠા થયેલા જળાશયમાં સરે છે. તેવીજ રીતે સર્વે વેદોમાં કર્મનુ ફળ જે છે તે બ્રહ્મના સ્વરૂપને જાણનાર અને બ્રહ્મમાં નિષ્ઠાવાળાને પ્રાપ્ત થાય છે. ॥૪૬॥

અરે, વેદમાં કહેવાયું છે તેને ન કરવામાં ફલસિદ્ધિ શી રીતે થાય ? એવી શંકાના જવાબમાં 'યાવાનર્થ' વગેરે શબ્દોથી કહે છે. ઉદપાને એટલે જળથી ભરેલા પાત્રમાં જેટલો અર્થ સરે છે, તેટલો અર્થ ચારે બાજુથી એકઠા થયેલા જલાશયમાં પણ સરે છે. પરંતુ તેમાં જલને લાલવું જલપાત્રને સાચવવું વગેરેમાં અધિક કલેશ છે. તેજ પ્રમાણે વેદોમાં કહેવાયેલું કર્મફળ જેટલું વેદો દ્વારા પ્રાપ્ત થાય છે, તેટલુ જ બ્રહ્મના સ્વરૂપને જાણનાર અને બ્રહ્મમાં નિષ્ઠાવાળાને પ્રાપ્ત થાય છે. એમાં શ્રુતિનો વિરોધ પણ નથી. આથી જ શ્રુતિમાં કહ્યું છે કે, 'આનંદ બ્રહ્મણો વિદ્વાન', 'તમેવ વિદિત્વા અતિ મૃત્યુમેતિ' (બ્રહ્મના આનંદને જાણનાર કોઇથીયે ભય પામતો નથી. તેનેજ જાણીને મોક્ષને પામે છે.) ॥૪૬॥

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ ॥૪૭॥

તારો અધિકાર કર્મમાં જ હો, કર્મનાં ફળોમાં કયારેય ન હો, કર્મનુ ફળ મળે એવા હેતુવાળો તું ન હો, સકામ કર્મ કરવામાં તારો સંબંધ ન હો. ॥૪૭॥

અરે, જો એમ હોય તો કર્મ કરવાનો ઉપદેશ શા માટે ? એવી શંકા કરીને જવાબમાં 'કર્મણ્યેવાવિકારસ્તે' વગેરે શબ્દોથી કહે છે. તારો એટલે પોતાનું અને પરાયું, હું અને મારું એવા જ્ઞાનવાળાનો કર્મમાં જ અધિકાર છે. અહીં આવો ભાવ છે. જયાં સુધી પોતાનું અને પરાયું એવું જ્ઞાન છે ત્યાં સુધી કર્મનો ત્યાગ શકય નથી. આથી જ 'જયાં સુધી વૈરાગ્ય પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી કર્મો કરવાં,' એમ શ્રીમદ્ ભાગવતમાં (૧૧–૨૦–૯) કહ્યું છે. અરે, તો તો પહેલાં કહેવાનો બાધ આવે, એમ હોય તો, 'મા ફલેષુ' વગેરે શબ્દોથી કહે છે, 'ફલેષુ' એટલે વેદોમાં કહેવાયેલાં ફળોમાં કદાચન અને કયારેય, સાધનદશામાં પણ, કર્તવ્યરૂપ કામના મનમાં પણ નહો.

અરે, અજાણતાં કરેલા વિષના ભક્ષણથી મૃત્યુ જ નીપજે, તેમ કરેલાં કર્મનું ફળ, કામનાના અભાવમાં પણ મળે જ. એમ હોય તો 'મા કર્મફલહેતુઃ' વગેરે શબ્દોથી કહે છે: કર્મનાં ફળરૂપ ભોગવિલાસને ભોગવવા યોગ્ય દેહવાળો તું ન થા, એટલે તું થઇશ નહિ, એમ અર્થ છે. મારી આજ્ઞાથી, એવો ભાવ છે. વળી, તારો અકર્મમાં એટલે સકામ કર્મ કરવામાં સંબંધ ન હો, એમ વરદાન જ જ આપું છું, એવો ભાવ છે. ॥૪૭॥

◆

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રણીત

સિદ્ધાંતમુક્તાવલી

(શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરવિરચિત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક બીજો)

વાચકોને વિનંતિ

ધીમે ધીમે પણ ષોડશ ગ્રંથમાંના બે ગ્રંથોની ટીકાઓનું ભાષાંતર થઇ ચૂક્યું, એ આનંદની વાત છે. હવે ષોડશ ગ્રંથમાંના ત્રીજા ગ્રંથમાં સિદ્ધાંતમુક્તાવલી ઉપરની પૂ. પા. શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર, મૂળ શ્લોક અને તેના ગુજરાતી ભાષાંતર સાથે શરૂ થાય છે.

પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં ષોડશ ગ્રંથો અવશ્ય હોવા જોઈએ, એ હેતુથી મૂળ શ્લોક અને તેનું ગુજરાતી ભાષાંતર આપવામાં આવે છે, અને શ્લોક વાર તેની નીચે વિવૃતિ વગેરેનું ભાષાંતર શબ્દશઃ અપાય છે. માત્ર શ્લોકનો અર્શ વાંચી જવાથી તેમાં રહેલું ઉત્તમ રહસ્ય સમજી શકાશે નહિ. આ ઊણપ પૂરી કરવા માટે આપણા મહાન આચાર્યશ્રીઓએ આપણા ઉપર મહાન કૃપા કરીને ટીકાઓ લખી છે. આ ટીકાઓનું અત્યાર સુધીમાં ગુજરાતીમાં ભાષાંતર થયું નથી, તેમ જ અન્ય કોઇ ભાષામાં પણ તેનું ભાષાંતર અપ્રાપ્ય જ રહ્યું છે. માતૃભાષામાં થયેલું ભાષાંતર તેમાંનું રહસ્ય સમજવામાં ભારે ઉપયોગી થશે. અલબત્ત માતૃભાષામાં થયેલું ભાષાંતર વાંચવામાં પણ કંઇ ને કંઈ કઠિનતા તો લાગશે જ, પરંતુ તેનું ફરી ફરીને વાચન અને તેનો અભ્યાસ થતો રહેશે તો તે જરૂર સમજી શકાશે, એમાં શંકા નથી. ષોડશ ગ્રંથોનો અભ્યાસ પુષ્ટિમાર્ગમાં અનિવાર્ય છે. આ માટે સહેલો ઉપાય તો ગામમાં ઠેકઠેકાણે સત્સંગ મંડળો ચલાવવાં જોઇએ. સત્સંગ મંડળોમાં નિયમિત રીતે ષોડશ ગ્રંથો, સુબોધિનીજી, ચોરાશી અને બસો બાવન વૈષ્ણવોની વાર્તા, શિક્ષાપત્ર આદિ ગ્રંથોનું વાચન, સમજપુર્વક થવું જોઇએ, અને તે ફરી ફરીને વંચાવા જોઇએ. ઉપરાંત શંકાઓના સમાધાન માટે કે ન સમજાતી બાબતો માટે પુ. પા. આચાર્યશ્રીઓનો તેમ જ વિદ્વજ્જનોનો ખાસ લાભ લેવો તે ઘણું જ જરૂરી છે.

ઉપર્યુક્ત કાંર્યની સિદ્ધિ માટે પ્રત્યેક વૈષ્ણવે ઓછામાં ઓછું સત્સંગ મંડળમાં એક કલાક અને રાત્રે સૂતા પહેલાં એકાદ કલાક વાંચન–મનનં કરવું જ જોઇએ, અને એ રીતે એમાં 'વલ્લભ સુધા' સૌને ઉપયોગી થાઓ, એ જ અભ્યર્થના ! – સુજ્ઞેષુ કિં બહુના ! ....

* * *

પિતૃચરણકમળની પરાગને પ્રેમપુર્વક પ્રણામ કરીને, તેઓશ્રીની કૃપાથી વાણીરૂપી મોતીની પંક્તિને (સિદ્ધાંતમુકતાવલીને) અમે સ્પષ્ટ કરીશું. ।।૧।।

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાંતવિનિશ્ચયમ્ ।
કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ।।૧।।

શ્રી હરિને નમસ્કાર કરીને, પુષ્ટિના સિદ્ધાંતનો દઢ નિશ્ચય હું વિશિષ્ટતાથી કહીશ, હંમેશાં શ્રી કૃષ્ણની સેવા કરવી જોઇએ. માનસી સેવા શ્રેષ્ઠ માનેલી છે. ।।૧।।

'સ્વસિદ્ધાંત ઇતિ'.... હવે પછી કહેવાશે તે પ્રમાણે અનેક મતવાદીઓથી કહેવાતા પરસ્પર વિરૂદ્ધ સિદ્ધાંતોથી શાસ્ત્રાર્થમાં સંદેહ થાય છે. એમ હોવાથી તેનું નિરાકરણ કરવા માટે પોતાના પુષ્ટિસિદ્ધાંતરૂપ શાસ્ત્રાર્થનો નિર્ણય હું કહીશ, એમ અર્થ છે. તેને જ 'કૃષ્ણસેવા' વગેરે શબ્દોથી કહે છે. કૃષ્ણ, એવું ફલાત્મક નામ ઉચ્ચારીને, સ્વતઃ પુરુષાર્થથી સેવાકાર્ય એ પોતાનો પુષ્ટિસિદ્ધાંત છે. બાકીનો બીજો કોઇ પ્રકાર નથી, એમ દર્શાવાયું છે, સેવા એ જ સેવકનો ધર્મ છે, એ કથન પ્રમાણે બધા જીવોનું સ્વાભાવિક રીતેજ દાસપણું છે, એમ સૂચવાયું છે. આથી જ કર્મમાં છે તેમ અહીં કાળની મર્યાદા નથી, એમ 'સદા' વગેરે શબ્દોથી કહે છે છે. આવશ્યકતાના અર્થમાં કૃ ધાતુને ણ્યત્ એટલે ય પ્રત્યય લાગીને થયેલ કાર્ય શબ્દના કથનથી તે ન કરવાથી દોષિત થાય છે, એવો ભાવ સૂચવાયો છે તે સેવા ફલરૂપા છે અને સાધન રૂપા પણ છે. તેમાં માનસી સેવા તે શ્રેષ્ઠ ફલરૂપા છે, એમ અર્થ છે. તેવા પ્રકારની સેવા વ્રજસીમન્તિનીઓને ફલરૂપા થઇ છે. શ્રીભાગવજી (૧૧-૧૨-૧૨) માં ભગવાન ઉદ્ધવજીને કહે છે કે, મારામાં તન્મય બની ગયેલી ગોપીઓને પોતાની જાતની કે લોકપરલોક, પતિપુત્રાદિકની પણ સૂધબૂધ રહી નહોતી, વગેરે કથનથી તેવો જ ભાવ દર્શાવાયો છે. ।।૧।।

આજ સેવાનું સ્વરૂપ છે, એમ 'ચેતઃ' વગેરે શબ્દોથી કહે છે :–

ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધયૈ તનુવિત્તજા ।
તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।।૨।।

ચિત્તને ભગવાનમાં લીન કરી દેવું તે સેવા છે, તેની સિધ્ધિને માટે તનુજા અને વિત્તજા સેવા જરૂરી છે. તેનાથી સંસારનાં દુઃખો દૂર થઇ જાય છે અને બ્રહ્મનું જ્ઞાન થાય છે. ।।૨।।

કહેવાયેલી માનસી સેવાનાં બીજાં બે (તનુજા અને વિત્તજા) સાધન 'તત્' વગેરે શબ્દોથી કહે છે. દ્રવ્ય આપીને અન્ય પુરુષ પાસે કરાવેલી એક તે વિત્તજા સેવા છે. એવા પુરુષે (દ્રવ્ય લઇને) કરેલી બીજી તે તનુજા સેવા છે. એવી તે વિત્તની સેવા અને તનુજા સેવા ફલરૂપા નથી, એટલે કે ભગવાનને સાધી આપનારી નથી, સમાસ કરીને જોડેલું આખું ય પદ એવો અભિપ્રાય દર્શાવે છે. સેવાના કથનથી

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
દોશી વનમાળીદાસ જાદવજીભાઇના જયશ્રીકૃષ્ણ હ. મંજુલાબેન વનમાળીદાસ

ભગવદર્થે, નિષ્કપટતાથી પોતાનાં સર્વસ્વના નિવેદનપૂર્વક, તેમાં જ પોતાના દેહનો વિનિયોગ થતાં પ્રેમ પ્રકટે છે ત્યારે માનસી સેવા સિદ્ધ થાય છે, એવો ભાવ છે. એવા પુરુષને અવાંતર ફળ મળે છે, એમ 'તતઃ' વગેરે શબ્દોથી કહે છે. તતઃ એટલે તેનાથી, સાધનરૂપ તનુવિત્તજા સેવાથી અહંતા–મમતાત્મક સંસારની નિવૃત્તિ થાય છે, નહિ કે પ્રપંચાત્મક જગતની; કારણ કે તે તો બ્રહ્માત્મક છે. સંસારની નિવૃત્તિ, એમ કહીને અનિષ્ટની નિવૃત્તિ કહી, અને ઇષ્ટની પ્રાપ્તિ આગળ કહેવાશે.

આત્મમાં એટલે દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંતઃકરણ, જીવમાં અક્ષરબ્રહ્માત્મકતા હોવાથી અહંતાની નિવૃત્તિ થતાં બ્રહ્મજ્ઞાન થાય છે અને પ્રપંચમાં અક્ષરબ્રહ્માત્મકતા હોવાથી મમતાની નિવૃત્તિ થતાં બ્રહ્મજ્ઞાન થાય છે. ભગવાનની સેવામાં લીન રહેનારને જો કે ઉપર કહેલા બંને પ્રકારના જ્ઞાનની અભિલાષા હોતી નથી, છતાં આત્મસમર્પણના સ્વભાવથી એ બંને પ્રકારે થતું જ્ઞાન તેમને થાય છે, એવો ભાવ છે. ॥૨॥

આ અક્ષરબ્રહ્મ જ પરબ્રહ્મ છે, એમ જાણવું નહિ, એમ 'પરં બ્રહ્મ તુ વગેરે શબ્દોથી કહે છે :–

પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનંદકં બૃહત્ ।
દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદેકં તસ્માદ્વિલક્ષણમ્ ॥૩॥

પરબ્રહ્મ તો કૃષ્ણ જ છે. જેમાં સત્, ચિત્ અને આનંદનો અંશ કંઈક ન્યૂન છે તે અક્ષરબ્રહ્મ છે, અને તે જ સર્વ જગતરૂપ બને છે. તે દ્વિરૂપ છે અને એક રૂપ બીજા રૂપથી જુદું છે. ॥૩॥

યશોદોત્સંગલાલિત, નહિ કે બીજો, એમ દર્શાવવાને માટે મૂળ નામ કૃષ્ણ, એમ કહ્યું છે. અહીં (અક્ષર બ્રહ્મ અને પ્રપંચમાં) ભેદ દર્શાવનારો ધર્મ 'સત્, ચિત્' વગેરે શબ્દોથી કહે છે. સત્, ચિત્ અને આનંદ ભગવાનના જ ગુણધર્મો છે. તે ત્રણે ય પ્રકટ છે જેમનામાં તે ત્રિતયાત્મક અક્ષર બ્રહ્મ છે. અક્ષરબ્રહ્મનું સત્, ચિત્, આનંદપણું હોવાથી પ્રપંચ એટલે જગત અક્ષરબ્રહ્માત્મક છે. એ પ્રમાણે પ્રપંચ સચ્ચિદાનંદાત્મક કહેવાયેલ છે. પરંતુ અક્ષર બ્રહ્મ અને પ્રપંચમાં એટલો તફાવત છે કે, જડમાં સદ્ અંશ પ્રકટ છે, બીજા બે એટલે ચિદ્ અંશ અને આનંદ આંશ તિરોહિત છે. પરમાત્મામાં ત્રણે ય પ્રકટ છે. સચ્ચિદાનંદક શબ્દમાં ક પ્રત્યયથી ગણિતાનંદપણું જ છે, નહિ કે પુરુષોત્તમની જેમ પૂર્ણાનંદપણું, એમ સમજાય છે. કૃષ્ણ શબ્દથી જ પુરુષોત્તમ સ્વરૂપ નિરૂપાયું છે, એમ છે ત્યારે અક્ષર સ્વરૂપને 'દ્વિરૂપમ્' વગેરે શબ્દોથી વર્ણવાય છે. અક્ષરબ્રહ્મનાં જ બે રૂપ છે, એમ 'સર્વં સ્યાત્' વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે. પ્રપંચરૂપે એટલે કે જગતરૂપે પ્રકટ છે તે એક રૂપ, એમ અર્થ છે. બીજું રૂપ પ્રપંચરૂપથી ભિન્ન છે, કારણ કે તે એકરૂપ છે, એમ શ્રુતિમાં પ્રતિપાદન કરાયેલું છે અને જ્ઞાનીઓને ઉપાસ્ય હોવાથી તે તેનું મુકિતસ્થાન છે અને પુરુ-

પૃષ્ઠ પ્રકાશન સહાય :
સોની જાદવજીભાઇ જીવરાજભાઇના જયશ્રીકૃષ્ણ હ. પાર્વતીબેન જાદવજી

ષોત્તમનું ધામ છે. તેથી વિલક્ષણ છે, એમ અર્થ છે. પરંતુ વિરુદ્ધ ધર્માશ્રય છે, એમ 'તદેજતિ તન્નૈજતિ (તે ક્રિયા કરે છે, તે ક્રિયા કરતું નથી,) વગેરે શ્રુતિઓથી નિરૂપાયું છે. લોકમાં જ વિરોધ શંકાને પાત્ર છે, અલૌકિક બ્રહ્મમાં વિરોધ શંકાને પાત્ર નથી. આ જેમ છે તેમ બ્રહ્મસૂત્રભાષ્યમાં નિરૂપાયું છે, તેથી અહીં વિસ્તારથી કહેવાયું નથી. ।।૩।।

વિરોધ ટાળવાને માટે અને પોતાનો પુષ્ટિસિદ્ધાંત દર્શાવવાને 'અપરમ્' વગેરે શબ્દોથી શ્રેષ્ઠ સિદ્ધાંતોને કહે છે :–

અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો બહુધા જગુઃ ।
માયિકં સગુણં કાર્યં સ્વતંત્રં ચેતિ નૈકધા ।।૪।।

આગળના શ્લોકમાં વર્ણવેલ અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપમાં બીજું સ્વરૂપ જગત છે, તેને મતવાદીઓ જગત માયિક એટલે માયાથી નિર્માયેલું છે, જગત ગુણોનું કાર્ય છે, જગત દ્વયણુક વગેરે ક્રમથી ઇશ્વરનું કાર્ય છે, જગત સ્વતંત્ર છે, એમ અને પ્રકારે વર્ણવે છે. ।।૪।।

'અપરમ્' એટલે ભિન્ન, બીજું વેદમતથી ભિન્ન મત. 'પૂર્વસ્મિન્' એટલે આગળ છે તેમાં, પૂર્વોક્તમાં, પ્રપંચરૂપે પ્રકટ થયું છે તેમાં. 'તત્ર' એટલે ત્યાં, તેમાં, અક્ષરબ્રહ્મમાં, એમ અર્થ છે. જગત માયિક છે એમ માયાવાદીઓ કહે છે. સગુણ એટલે ગુણનું કાર્ય છે, એમ સાંખ્યદર્શનના અનુયાયીઓ કહે છે. કાર્ય એટલે દ્વયણુક (બે અણુનો સંઘાત) વગેરે ક્રમથી ઇશ્વરનું કાર્ય છે એમ નૈયાયિકો કહે છે. સ્વતંત્ર એટલે જગત ક્યારેય આવું નહોતું એમ નહિ, એમ મીમાંસકો કહે છે. 'ચકાર'થી વેદમાં ન હોય તેવા મત લેવાય છે. ।।૪।।

તે મતો શ્રુતિના બળથી જ નિરાકરણ કરવા જેવા છે, અહીં અલગ અલગ રીતે નિરાકરણ કરવા જેવા નથી અને પોતાના મતના નિરૂપણથી તેનું નિરાકરણ સંભવિત છે, એવા આશયથી પોતાનો સિદ્ધાંત 'તદેવ' વગેરે શબ્દોથી કહે છે :–

તદેવૈતત્પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્ ।
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ।।૫।।
માહાત્મ્યસંયુતા નૃણાં સેવતાં ભુક્તિમુક્તિદા ।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માપિ બુધ્યતામ્ ।।૬।।

તે અક્ષરબ્રહ્મ જ એ પ્રમાણે જગતરૂપે થાય છે, એવો શ્રુતિનો મત છે, તે અક્ષરબ્રહ્મ પણ ગંગાજીની જેમ બે રૂપવાળું જાણવું. તે ગંગાજી જલસ્વરૂપે છે. ।।૫।। મહાત્મ્યવાળા ગંગાજી મર્યાદામાર્ગની વિધિ અનુસાર સેવા કરનાર જનોને ભોગ અને મુક્તિ આપનારાં છે. તે જ પ્રમાણે અક્ષરબ્રહ્મને પણ જાણો. ।।૬।।

'સ હૌતાવાનાસ', 'સર્વં ખલ્વિદં બ્રહ્મ', 'તજ્જલાન્' (તે આવડો છે, આ બધું ખરેખર બ્રહ્મ છે, તે જગત તેમાંથી ઊપજ્યું છે) વગેરે ઉપનિષદનાં વાક્યોથી તે પ્રમાણે છે, એમ અર્થ છે. એક અક્ષરબ્રહ્મનાં બે રૂપ છે, એમ દૃષ્ટાંત આપીને, 'દ્વિરૂપમ્' વગેરે

મુંબઇ–વિલેપાર્લે (ઇસ્ટ) નિવાસી પ. ભ. શ્રી કાંતિલાલ બી. કડકીયા તા. ૪–૧૧–૮૩ના રોજ શ્રીજી ચરણ પામતાં પુષ્ટિમાર્ગે નિષ્ઠાવાન સેવાભાવી કાર્યકર અને પ્રચારક ગુમાવેલ છે.

શબ્દોથી સિદ્ધ કરે છે. પ્રપંચરૂપ અને તેનાથી ભિન્ન એવા રૂપે છે તે બ્રહ્મને ગંગાજીની જેમ જાણો. ગંગાજીનાં ત્રણ રૂપ છે. એક જળરૂપ તે આધિભૌતિક રૂપ છે, તે વૃષ્ટિ અને તાપથી વધે છે અને ઘટે છે. અને તે બધા વ્યવહારને યોગ્ય છે. ક્રમમાં પ્રથમ કહેવાય એવું તેનું બીજું રૂપ તે તીર્થરૂપ છે અને તે આધ્યાત્મિક રૂપ છે. જે ગંગા ઉધૃધ્ત જલમાં નહિ, પરંતુ પ્રવાહજલની સામ્યતામાં મર્યાદામાર્ગીય જે વિધિ છે તેનાથી અને ત્યાં જ એટલે પ્રવાહમાં જ પ્રપંચથી ભિન્ન રૂપ પણ છે તેને અક્ષરબ્રહ્મ એવા નામે જાણો, એમ અર્થ છે. ।।૫, ૬।।

ગો. શ્રી મટ્ટુલાલજી મહારાજના વચનામૃત

કર્મવાસના

નારદજી પ્રચેતાને કહે છે હે ઋષિ! તમે કહો છો કે આ દેહ જેવાં કર્મ કરે છે તેવાં બીજે જન્મે ભોગવે છે, પણ જ્યારે આ દેહ, પડે છે ત્યારે દેહ તો અહિં રહે છે, તો એ કર્મ કોણ ભોગવે છે?

ત્યારે પ્રચેતાએ કહ્યું કે આ દેહ છે તે કાંઇ કર્મ ભોગવતો નથી પણ એની વાસના રુપી છે શરીર છે તે અખંડ છે, તે જ્યાં જાય છે ત્યાં વાસના રહે છે તે કર્મ ભોગવે છે, અને જેની વાસના મરી ગઇ છે તેને કાંઇ કર્મ ભોગવતું પડતું નથી.

હવે વાસના તે શું? ત્યાં કહે છે કે આ જીવ એમ માને છે કે આ મે કર્યું, વળી આ પતિ, ગ્રહ મે કર્યું. વળી કહે છે કે મેં પોતા પણું મુકી દીધું. વળી કહે છે કે હું બ્રાહ્મણ છું. હું ક્ષત્રી છું. હું વાણીયો છું, હું કણબી એ રીતે જે બોલે છે તે સર્વે મનથી માને છે. જે આ કર્મ મેં કર્યું એ રીતે જે સારૂં-નરસું મનથી માને છે. તે વાસના એના મનમાં બેઠી છે તેથી એમ કહે છે. તે પોતે જ્યાં જાય છે ત્યાં તે વાસના તેની પાસે છે. તે વાસનાને જ્યારે જોગ આવે છે ત્યારે તે ભોગવે છે, અને જેની વાસના બળી જાય છે, ત્યારે તે હું કરતા માનતો નથી, પછી તો તે એમ માને છે કે હું લેનાર નથી, હું આપનાર નથી, હું કરનાર નથી, તો એવી રીતે જે માની રહ્યો છે તેને પાછું કર્મ બંધન થાય નહી.

માટે એ રીતે સાક્ષીવત્ થઇને રહેવું. જ્યારે એમ મનને વિશ્વાસ થશે ત્યારે તેનું કામ પણ થાશે. માટે જે અહંતા મમતાનો ત્યાગ કરશે તે કર્મની વાસનાથી છૂટશે, ને જ્યાંસુધી કર્મ કરશે ને સારૂં-નરસું માનશે ત્યાંસુધી તેને કર્મ ભોગવવું પડશે. માટે જે કરવું તે વાસના રહિત કરવું.

વ્રતોત્સવ

માગશર સુદ ૭ રવિવાર તા. ૧૧–૧૨–૮૩ શ્રી ગુસાંઇજીના ચોથાલાલ શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ. (સં. ૧૬૦૮)

માગશર સુદ ૮ સોમવાર તા. ૧૨–૧૨–૮૩ શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ બુધવાર તા. ૧૪–૧૨–૮૩ પંડિત શ્રી ગટુલાલજીનો સ્મરણ દિન શ્રી ગુંસાંઇજીની વધાઇનો પ્રારંભ.

માગશર સુદ ૧૧ શુક્રવાર તા. ૧૬–૧૨–૮૩ મોક્ષદા એકાદશી વ્રત. શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતિ.

માગશર સુદ ૧૨ શનિવાર તા. ૧૭–૧૨–૮૩ ધનુર્માસનો આરંભ.

માગશર સુદ ૧૫ મંગળવાર તા. ૨૦–૧૨–૮૩ પુર્ણિમા શ્રી નાથજીનો છપ્પન ભોગ શ્રી બલદેવજીનો ઉત્સવ. ગોપ માસ સમાપ્તિ.

માગશર વદ ૭ સોમવાર તા. ૨૬–૧૨–૮૩ શ્રી ગુંસાઈજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી) નો ઉત્સવ (સં. ૧૬૨૫)

માગશર વદ ૮ મંગળવાર તા. ૨૭–૧૨–૮૩ હેમન્ત ઋતુ પુરી થઇ.

માગશર વદ ૯ બુધવાર તા. ૨૮–૧૨–૮૩ શ્રી ગુંસાઈજીનો પ્રાકટ્યોત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઇ મહાસુદ ૪ સુધી.

માગશર વદ ૧૧ શુક્રવાર તા. ૩૦–૧૨–૮૩ સફલા એકાદશી વ્રત શ્રીને ફલનો ભોગ ધરવો મહાપ્રસાદ લેવો. દશમ તથા અગીયારસના રોજ બાળ લીલાના પદ બોલાય.

માગશર વદ ૧૨ શનિવાર તા. ૩૧–૧૧–૮૩ લલિત પંચમના પદની શરૂઆત કરી મહા સુદ ૫ ના રોજ રાજભોગ આવે ત્યાં સુધી બોલાય. માગશર વદ ૩૦ અમાસ મંગળવાર તા. ૩–૧–૮૪ શ્યામ ઘટા.

માગસર માસ

અગહનમેં વ્રતચર્યા ઉત્સવ ગોપિન સાથ પુરાવેં.
ઘનશ્યામ વધુ છઃ સ્વરૂપ શ્રી ગોકુલેશ મન ભાવે.
વિઠ્ઠલનાથ પ્રગટ કે કારણ હરખ વધાઇ ગાવેં
છપ્પન ભોગ વિવિધ ભાંતિનસોં મંગલ ભોગ ધરાવેં
ઘટા અનેક હોત હે પ્રભુકી ચન્દ્ર સમાન ઉજારી.
દેવ દમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી,
સબ જનકોં સુખ દેત "**સત્ય**" હી કુંજ બિહારી.

–શ્રી બાગરોદી બલદેવપ્રસાદ શર્મા–નાથદ્વાર.

શ્રી ગોકુલેશાષ્ટકમ (૧)

લેખક – શ્રી ગોવિંદ કોવિંદ – જતિપુરા

(શ્રી ગોકુલનાથજીના ઉત્સવ પ્રસંગે વિશેષ)

નમામિ શ્રી ગોકુલેશં રસરસિક (રાસૈક) વિગ્રહમ
મોહનં રત્ન રસિકં સ્વજનાનન્ય સેવિતમ ।।૧।।

મોહનં વલ્લભાધીશં વિઠ્ઠલેશં સુરત્નકમ
રસાત્મકં યુગ્મભાવં ગોકુલેશં નમામ્યહમ ।।૨।।

મુખ્યં સર્વોત્તમ સ્તોત્રે નામરુપં વિરાજતે
ભકતેચ્છા પૂરકઃ સર્વાજ્ઞાત લીલોતિમોહનઃ ।।૩।।

મહાલક્ષ્મી ગર્ભ રત્નં નામરત્ને નિરુપિતમ
શ્રી વલ્લભં વિઠ્ઠલેશં ગોકુલેશં મહાપ્રભુમ્ ।।૪।।

પૃથક શરણ માર્ગોપદેષ્ટા નામો વિરાજતે
નામાવલ્યાં તથા ચોકત સ્વમત સ્થાપકં નમઃ ।।૫।।

નિગૂઢ હૃદયોઽનન્ય ભકતેષુ જ્ઞાપિતાશયઃ
નામોકતં મુખ્ય સિધ્ધાન્તં સુબોધિન્યાં નિરુપ્યતે ।।૬।।

પ્રકટશ્ચ ભગવાન સેવ્યઃ યથા રુચ્યાનુ સારતઃ
પૂર્વાપર પ્રકટિતો રુપોયઃ ત્રીગુણાત્મકઃ ।।૭।।

મધ્યસ્થં ત્રિગુણાતીતં દંડાકાર સુધારકમ
પૃથક રુચ્યાભકત સેવ્યં ગોકુલેશં નતોઽસ્મયહમ ।।૮।।

ભાવાર્થ

શ્રી ગોકુલેશને નમન હો. એમનું સ્વરૂપ રસ રાસનું છે. મોહનભાઈ. રતનબાઇ એમના અનન્ય ભકત ભરૂચી વૈષ્ણવ છે. ૧

મોહન સ્વરૂપશ્રી મહાપ્રભુજી છે. એમનું નામ શ્રી સર્વોત્તમમાં 'સર્વાજ્ઞાતલીલોતિ મોહનઃ' છે. શ્રી વિઠ્ઠલેશજી શ્રી ગુસાંઇજીનું નામ શ્રી નામરાનાખ્ય સ્તોત્રમાં 'મહાલક્ષ્મી ગર્ભરત્ન'' એવું છે, સંયોગ વિપ્રયોગ યુગલ રસાત્મક એવા શ્રી ગોકુલેશને નમન હો.

૨–૩–૪

શ્રી મહાપ્રભુજીનું નામ શ્રી સર્વોત્તમ સ્તોત્રમા 'પૃથક શરણમાર્ગોપદેષ્ટા' બિરાજે છે અને શ્રી હરિરાયજીએ શ્રી ગોકુલેશજીની નામાવલીમાં 'સ્વમત સ્થાપક'' લખ્યું છે, એવા શ્રી ગોકુલેશજીને નમન હો, ૫

શ્રી મહાપ્રભુજીના નિમૂઢ હૃદયનો અભિપ્રાય અનન્ય ભકતોને મુખ્ય સિધ્ધાન્ત શ્રી સુબોધિનીજીમાં નિરુપણ કરે છે. ૬

પ્રગટ ભગવાનની સેવા કરવી પોતાની રુચિ અનુસાર પ્રથમ શ્રી ગુસાંઇજીના ત્રણ લાલજી શ્રી ગીરધરજી શ્રી ગોવિંદરાયજી શ્રી બાલકૃષ્ણજી બીજા શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામજી અને મધ્યમાં શ્રી ગોકુલેશ તિલકરૂપ છે, એમણે માલાતિલકની રક્ષા કરી છે. પૃથક છે રુચિ જેમની એવા ભકતોથી સેવનાર ગુરુ સ્વરૂપ શ્રી ગોકુલેશજી છે. ૭–૮

શ્રીહરિરાયજી રચિત પ્રાતઃસ્મરણમ્

(વસંત તિલકા-છંદ)

(શ્રી ગુંસાઈજીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે વિશેષ)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

પ્રાતઃ સ્મરેદ્-ભગવ-તો વરવિઠ્ઠલસ્ય,
પાદારવિં-દયુગ-લં સકલાર્થ સિદ્ધ્યૈ;

યૌવૈવિત-ર્કતમ-સા પિહિતં સ્વભક્તં,
પ્રીતઃ શમા-દ્વિ પુ-રોદિતતિગ્મરશ્મિઃ ।।૧।।

ઇચ્છિત અર્થની સિદ્ધિને માટે, પ્રભાત સમયે, સર્વશ્રેષ્ઠ એવા ભગવાન શ્રીવિઠ્ઠલેશજીનાં બંને ચરણકમળનું સ્મરણ કરવું, જે પ્રસન્ન થયેલા વિઠ્ઠલેશજી ખોટી ધારણાઓરૂપી અંધકારમાંથી ઘેરાયેલા ભક્તને તરતમાં ઉદિત થયેલા સૂર્યની જેમ મુક્ત કરે છે. ।।૧।।

પ્રાતઃ સ્મરેન્ નમન નિર્વૃતિદં મુરારેઃ,
પૂર્ણાવતા - રવર - વિઠ્ઠલપાદપદ્મમ્;

માયાવિકૃ-ત્યગહ-નં ગત બંધુલોકે,
યૌ ગૈસ્વમા-ર્ગમન-યત્કૃપયા પ્રપન્નમ્ ।।૨।।

જેનું આ લોકમાં કોઈ સંબંધી નથી તેવા શરણે આવેલા ઉપર કૃપા કરીને, માયાના વિકાર રહિત અને સરળ એવા પોતાના માર્ગમાં જેમણે ખેંચી લીધા છે એવા, મુરારિ ભગવાન શ્રીકૃષ્ણના પૂર્ણાવતાર, સર્વશ્રેષ્ઠ શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણકમળનું કે જે ચરણકમળ નમન કરનારને સુખ આપનાર છે તેનું પ્રભાતે સ્મરણ કરવું. ।।૨।।

પ્રાતર્ભજે-દમલ-મૂર્તિમનંતશક્તેઃ,
શ્રીવિઠ્ઠલ-સ્ય જન-તાપહરસ્ય નિત્યમ્;

યો વૈ જન-સ્ય શત-જન્મકૃતાપરાધં,
પાદાનત-સ્ય કૃપ-યાપનુનોદ સત્યમ્ ।।૩।।

જે શ્રી વિઠ્ઠલેશજીએ ચરણમાં પડેલા જનોના સેંકડો જન્મોમાં કરાયેલા અપરાધને કૃપા કરીને ટાળ્યા છે તેવા, નિર્મળ મૂર્તિ, અનંત શક્તિવાળા અને માણસોના સંતાપને જેઓએ ખરેખર દૂર કર્યા છે એવા શ્રી વિઠ્ઠલેશજીની પ્રભાતે સદૈવ આરાધના કરવી. ।।૩।।

પ્રાતર્નતા, ભજત, ભક્તજનાઃ સશિષ્યા,
નારાયણં, નરવ-રં દ્વિજ વિઠ્ઠલેશમ્;

ધર્માર્થકા-મભવ-મોક્ષદમંહસોડરિં,
સંસારદુઃ-ખશમ-નં ગુરુમાદિ દેવમ્ ।।૪।।

નમન કરી રહેલા હે ભક્તજનો, તમે નારાયણ સ્વરૂપ, નરશ્રેષ્ઠ અને દ્વિજશ્રેષ્ઠ શ્રી વિઠ્ઠલેશજીનું પ્રભાતે ભજન કરો, કે જે વિઠ્ઠલેશજી ધર્મ, અર્થ અને કામનાવાળા

સંસારમાંથી છોડાવનારા, પાપનો નાશ કરનારા, સંસારનાં દુઃખોને શાંત કરનારા, આદિ દેવ અને ગુરુ છે. ॥૪॥

પ્રાતર્જના, ગદત, નામ નરોત્તમસ્ય,
શ્રીવિઠ્ઠલ-સ્ય હરિ-વલ્લભવલ્લભસ્ય;

ઇષ્ટાર્થદં, સુખક-રં મતિમાનદં ચ,
સર્વાઘશો-કશમ-નં ગદતો નરસ્ય ॥૫॥

હે ભકતજનો, તમે નરશ્રેષ્ઠ, શ્રીહરિ અને વલ્લભના વહાલા શ્રીવિઠ્ઠલેશજીના નામનું પ્રભાતે રટણ કરો, કે જે રટણ કરનાર પુરુષને ઇષ્ટ અર્થ આપનાર, સુખી કરનાર, સુબુદ્ધિ અને માન વધારનાર તેમજ તેનાં સર્વે પાપોનો અને શોકનો નાશ કરનાર છે. ॥૫॥

યઃ શ્લોકપં-ચકમિ-દં સતતં પઠેચ્ચેત્
સ સ્યાત્સુખી, સુવિષ-યી વિદુષાં વરિષ્ઠઃ;

દેવોપદે-વગણ-ભીતિહરં ચ હારં,
સર્વાવતા-રશમ-નં હરિતોષણં ચ ॥૬॥

જે કોઇ આ પાંચ શ્લોકનું સતત પઠન કરશે તો તે સુખી થશે, અને તે ઉત્તમ સાંસારિક ભોગોને ભોગવનાર, વિદ્વાનોમાં શ્રેષ્ઠ વિદ્વાન, દેવો અને ઉપદેવોના ભયને હરનાર અને અન્યના ભયને પણ નષ્ટ કરનાર વારંવાર થતા જન્મમરણમાંથી છુટકારો પામેલ અને પ્રભુને પ્રસન્ન રાખનાર થશે. ॥૬॥

। ઇતિ શ્રી હરિદાસોદિતં પ્રાતઃસ્મરણં સંપુર્ણમ્ ।

એ પ્રમાણે હરિદાસે કહેલું પ્રાતઃસ્મરણ પુરું થયું.

* * *

(પહેલા પાનાથી ચાલુ)

પત્ર છે. આમ કરતાં હાલના ખર્ચ પ્રમાણે વાર્ષિક ચારથી પાંચહજાર રૂપિઆની ખાધ રહે છે. કેમ કે પૂ. આચાર્યશ્રીઓને તથા વિદ્વાનોને શ્રી વલ્લભસુધા લગભગ ૧૦૦ કોપી ફ્રી મોકલાય છે. તે ખર્ચ કાર્યાલયને પડે છે. તેમજ કાગળ, છપાઈ વીગેરેની મોંઘવારીને કારણે પણ થોડી ખાધ રહે છે થોડા વધુ ગ્રાહકો નોંધાય તો રહેતી ખાધ પણ પૂરી શકાય સહુ વૈષ્ણવો તથા પરિષદ શાખાના પદાધિકારીઓ પોતાનાથી બનતા પ્રયત્ને વધુ સભ્યોનોંધે તેવી વિનંતી છે. અમારા વ્યવસ્થાપકમંડળના એક ભાઈશ્રીએ પોતનું નામ જાહેર કર્યા સિવાય પ્રકાશન સહાયતામાં નવાવર્ષ ના પ્રારંભમાં રૂ. ૧૫૧/- ૧૫૧/- બે વખત મલી કુલ ૩૦૨/-ની સહાયતા આપેલ છે. જેની અત્રે નોંધલેતા આનંદ થાય છે. બીજા પણ વૈષ્ણવો આનું અનુકરણ કરી યથા શકય આર્થિક સહાયતા મોકલી પોતાના દૈવી દ્રવ્યનો નામ સેવાના કાર્યમાં સદુપયોગ કરે તેવી વિનંતી.

વ્યવસ્થાપક – સંપાદક

દયારામ જીવન દર્શન

સંપાદક : **શ્રી જીવનભાઈ જોશી**

નિજ અંતઃકરણનૂં સમાધાન લખ્યું છે :–

ભગવત્સેવા પ્રીતિપૂર્વક પેટ ભરીને હરિ પ્રસન્ન થાય એહેવી નાં બણી તેહેનો તૂં અખંડ સંતાપ કરે છે તે તો સારો છે; ફલરૂપ છે; પણ અતિશેં ઉદ્વેગેં મન નામ–સ્મરણમાં, નામ–કીર્તનમાં પણ નથી લાગતું, તે પણ મોટી હાનિ થાય છે.

શ્રીજી, શ્રીમહાપ્રભુજી તો પરમ દયાળ છે. ચાહે તો અયોગ્યને પણ યોગ્ય કરી માનસી પોતાના બળથી સિદ્ધ કરે તેનો (તેમનો) તૂં દઢાશ્રે રાખ. તેથી સરવ ફલ મળશે.

હાવાં તો શરીર હારી ગયૂં, મન પણ લાગતૂં નથી, ધન નથી, જન નથી, ઘર આદિ કશો ઉપકર નથી; ત્યારે સેવા, સેવા–સ્મરણ–કીર્તન યથા યોગ્ય કયમ બને ? ભાવ તો આ સમયમાં અતિ દુર્લભ છે; ને ભાવ વિનાની સેવા તો કૃતિ માત્ર છે; મુખ્ય ફલદાતા નથી. (એમની ઉત્તરાવસ્થામાં લખાએલું, એમની સાધારણ સ્થિતિનું વર્ણન કરતું.)

હાવાં તો સેવા વિષયવાસનાની, ને દ્રવ્યલાલસા, જશ–લાલસા, દુકાનદારી, અહંકાર, માત્સર્ય આદિની હેતૂ દેખાય છે. (શ્રી દયારામભાઇના સમયની સ્થિતિ) શ્રી મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા થાય તોજ શ્રીજી સાનુભાવના જણવે–(જણાવે) ને જેને જણવતા હોય તેહેને માન, મોટાઇ, અરિષ્યાદીક (અરીશાદીક)નાં રહેં; કલેશનાં હોય તે તો દેખાય છે ત્યારે કૃતિ માત્ર જાણવી તે કર્યાનો ગર્વ રહે ને બીજાને નંદે (નિંદે) તે કરતાં દીનતાપુર્વક ભગવન્નામ સ્મરણ કીર્તન સારું.

ગોવિંદદાસ ભલા ક્ષત્રીએં, (શ્રી આચાર્યજી મહાપ્રભુજીના સેવકે) અહંકારથી તનુજા–વિત્તજા સેવા–બંધે સેવા અતિશે કરી; પણ શ્રીગુરુ–ગોવિંદ બંને (બંધે) ખીજ્યા, રીજ્યા નહીં; બાધો (બધો–આખો) જનમ સેવા કરી તોહે બહિરમુખ થયા, ને યવનને હાથે અકાળ મૃત્યૂ થયૂં ને શ્રી લાડિલાજીની સેવા દેવા કપુર ક્ષત્રીએ ત્રણ પ્રહર કરી; એટલામાં વિરહદાન થયૂં ને લીલા પ્રાપ્તિ થઇ માટે, થોડી સેવા, પણ સ્નેહ–દીનતાની, પ્રભુ ઘણી માને છે જે કાંઇ પ્રથમ અવસ્થામાં હરીચ્છાથી બની (બણી) હશે તેટલી પ્રભૂ માનશે, ને ન્યાહાલ કરશે ને ન્હૈ માને ત્યાં લગી ઘણીથી પણ શૂં થયૂં ?

તારું કર્યું (ધાર્યું) કાંઇ નથી થતું. પ્રભુ કરશે (ધારશે) તે થશે. (કૃષ્ણને કરવું હોય તે જ કરે.) (ધણીનો ધાર્યો મનસુબો હર બ્રહ્માથી નાં ફરે; કૃષ્ણને કરવું હોય તે જ કરે.) માટે, અહંકારથી સઘળી કૃતિ વ્યર્થ છે ને શુદ્ધ દીનતાએં અયોગ્યનેં પ્રભૂ મુખ્ય ફલ પ્રમેય બલથી આપે છે માટે, શ્રી મહાપ્રભુજીનો સર્વ વાતે વિશ્વાસ દ્રઢ રાખવો. “દ્રઢ ઇન ચરનન કેરો ભરોસો” “વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ” માટે અતિશેં ચિંતા નાં કરવી- ‘ચિંતા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ”

હરિને જે કૃતિ કરાવવી હશે તેનો સર્વ યોગ પોતે મેળવશે તુંથી તો કશું નહીં થાય તું કે દાહાડે (ડાઢે,દાઢે) નિર્દોષ હુતો જે આજ સદોષ થયો છે? જે હરિએ હાથ ખંચ્યો છે, તે તો મોટાની કાહાણીથી કૃપા કરી છે ને કરે છે ને કરશે જ એ નિશ્ચે-પણ તાહાંરી કૃતિ તે જે જોનાર નથી પણ તું વિવેકે ચાલજે પછી હરીચ્છા

શ્રી મહાપ્રભુજીએ ઘણાને તનુજા-વિત્તજા સેવા કર્યાવિન માનસીસિદ્ધ કરી છે **પૂરણમલ્લની** એક અભ્યંગ સેવાજ, **અવધુતદાસને** સહંજે જ, **દિનકર શેઠને** કથાથી જ **કનૈયાસાલાદીક** ઘણાને સે’જે **લીલારસમાં** નિમગ્ન કર્યા છે. ત્યમ તુંને પણ કરનાર હશે, ત્યારે ઇહાં (અહીં) કશો યોગ નથી મળવા દેતા- તુંજે અખંડ **તાપ** આપ્યો છેં, તે પણ **મુખ્ય સેવા** જ છે. મહદકૂળે કહ્યું છેને **શ્રી ગુરુએ** કહયું છે જે, ‘અમારી સેવા, તે તારા તરફની સેવા **શ્રીજીની** થૈ ચુકી છે; ચિંતા નાં કરેશ. ‘ચિંતા કાપિ ન કાર્યા.’ ‘એ સિદ્ધાંત’.

એટલા ઉપરાંત તાપ ઉદ્વેગ મટતો નથી ત્યારે એમાંપણ પ્રભુજી તાહારું સારું જ કરતા હશે જેહેને શ્રીમુખે પોતાનો કહેં તેહેનું કશું ભુડું નાં જ થવા દે. “અહિતં નિજભક્તાનાં ન વિદધાતિં કહિંચિત્ઃ સમસ્તાનાં સખા સ્વીયં ભક્તાતાં ન કથં ભવેત્” તાહારું (કર્યું) કશું થવાનું નથી. જે થાય તે હરીચ્છા માનવીને જ્યમ રાખે ત્યમ રહેવું. સરવની બુધ્ધિના પ્રેરક શ્રીજી છે. બુધ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ.” “સ્ત્રીભાવો ગુઢઃ પુષ્ટિમાર્ગે तत्त्वमिति કૃષ્ણપદાર્થઃ કવચિદ્ વિવૃતઃ” એજ આપણું સર્વસ્વ જીવન ધન એ નિશ્ચે માનજે. થોડામાં ઘણું. સંજોગાત્મક, વિપ્રયોગાત્મક, ભાવાત્મક ધર્મિસ્વરૂપ- બધું જ પુર્વદલ અને ઉત્તરદલ બંને પોતાની પ્રિય મધ્યા મંજરી સહિત. (ક્રમશઃ)

આ. રા. પુ. વૈ. પરિષદના ધર્માધ્યક્ષ પૂ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી–પાર્લા) નો "ભક્તિ વર્ધીની" દ્વારા સૌરાષ્ટ્ર કચ્છમાં પ્રચાર પ્રવાસ

પરિષદની કાર્યકારીણી સમીતીની બેઠક રાજકોટ મુકામે તા. ૧૨–૧૩ નવેમ્બરના મલી તેમજ સૌરાષ્ટ્ર વિભાગના કાર્યકરોનું સંમેલન તા. ૧૩ નવે.ના બપોરના શ્રી જશુભાઇ મંડાણમાં યોજાયું. આ પ્રસંગે ખાસ પધારેલ પૂ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીનો સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારનો પ્રચાર પ્રવાસ તા. ૧૪–૧૧–૮૩ સોમવારથી રાજકોટથી પ્રારંભ થયેલ સોમવારે સાંજે પરિષદના ધર્મપ્રચાર વાહન ભક્તિવર્ધીનીમા રાજકોટથી પ્રસ્થાન કરી વાંકાનેર પહોંચતા શ્રી ગોવર્ધનનાથજીની હવેલીએ વૈષ્ણવોના મોટા સમુદાયે આપશ્રીનું ઉલ્લાસપૂર્વક સ્વાગત કરેલ તરત સભાના રૂપમાં એકત્ર વૈષ્ણવ સમુદાયને ગુ. વિ. સંયોજક શ્રી શાન્તીભાઇ બાંભણીઆ પરિષદના ઉપાધ્યક્ષ શ્રી શ્યામદાસજી વિ. એ સંબોધન કરતા આ અલૌકિક સંગઠનની વાત સમજાવેલ ત્યારબાદ પુ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ પોતાની ધીર ગંભીર શૈલીમાં વચનામૃત કરતા વૈષ્ણવોને સ્વધર્મ પાલનમા સદાય તત્પર રહેવા આજ્ઞા કરેલ. રાત્રે સ્થાનિક કાર્યકરો સાથે મીલનનો કાર્યક્રમ યોજાએલ. પુ. મહારાજ શ્રીની સાનિધ્યમાં વાંકાનેર ખાતે પરિષદની શાખા સ્થાપવા નિર્ણય લેવાયેલ.

તા. ૧૫–૧૧–૮૩ પુ. મહારાજશ્રી "ભક્તિવર્ધીની" દ્વારા મોરબી શ્રી મહાપ્રભુજીના બેઠકજીએ પધારતાં વૈષ્ણવ અગ્રણીઓએ પુ. આચાર્યશ્રીનું સુંદર સ્વાગત કરેલ પ.ભ. લાલજીભાઈ કંસારા શ્રી પાનેલીવાળા શેઠ શ્રી મંગળજીભાઇ શ્રી અશ્વીનભાઈ વગેરે કાર્યકરો ઉપસ્થિત રહેલ. પુ. મહારાજશ્રીએ શ્રી મહાપ્રભુજી બેઠકજીમાં તપેલી કરેલ સાંજે શ્રી મદનમોહનજીની હવેલીમાં સભાનું આયોજન થયેલ પ્રારંભમાં મોરબીની આં. રા. પુ. વૈ. પરિષદ શાખાના અધ્યક્ષ શ્રી અશ્વીનભાઇએ મોરબીની શાખાની પ્રવૃતિનો ખ્યાલ આપેલ શ્રી શાન્તીભાઇ બાંભણીઆ, શ્રી શ્યામદાસ (અમેરીકા)ના ઉદ્‌બોધન બાદ પુ. પા. મહારાજશ્રી વૈષ્ણવોના જીવન ધ્યેય વિષે મનનીય પ્રવચન આપેલ તા. ૧૬–૧૧–૮૩ વહેલી સવારે મોરબીથી રવાના થઇ માંડવી–કચ્છ પધારેલ જયાં આપશ્રીએ શ્રી નટવરપ્રભુના વિવાહનો ઉત્સવ આનંદપુર્વક કરેલ. વળતાં અંજાર મુકામે વૈષ્ણવોને સંગઠનની જરૂર સમજાવી પરિષદની શાખા અંજારમાં સ્થાપવા નિર્ણય લેવાયો.

તા. ૧૭–૧૧–૮૩ ધ્રાંગધ્રા ૧૮–૧૧–૮૩ પાટડી, મુકામ થયેલ જ્યાં પણ આપશ્રીના વચનામૃતના પ્રભાવથી પરિષદની શાખા સ્થાપવા નિર્ણય લેવાયો તા. ૧૯–૧૧–૮૩ વઢવાણ મુકામે પણ પરિષદના કાર્યકરોને આપશ્રીએ ઉદ્‌બોધન કરી સ્વધર્મ જાગ્રતી માટે કાર્ય કરવા આજ્ઞા કરેલ.

તા. ૨૦–૧૧–૮૩ રાજકોટ થઈ ગોંડલ મુકામે સાંજે પાંચ વાગે હવેલીમાં સભાનું આયોજન થયેલ પ. ભ. શ્રી ભાસ્કરભાઇ, શ્રી રતીલાલભાઇ, શ્રી ભગત બાપા સરાફ આદિએ ઉત્સાહપૂર્વક સર્વે વ્યવસ્થા ગોઠવેલ ગોંડલમાં પરિષદ શાખાના સ્થગિત થઇ ગયેલ કાર્યને પુનઃ જાગૃત કરવા પૂ. મહારાજશ્રીએ પ્રેરણા આપેલ. અત્રેથી શ્રી વલ્લભ સુધાના સંપાદક, શ્રી રવજીભાઇ પટેલ આ પ્રચાર યાત્રામાં સામેલ થયેલ તેમજ ધોરાજીના ઉપાધ્યક્ષ શ્રી છગનભાઇ પટેલ આદિ પણ પૂ. મહારાજશ્રીને ધોરાજી પધારવા અહીં સામા આવેલ આ પ્રસંગે શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી મગનભાઇ તન્ના એ ખાસ ઉપસ્થિત રહી પ્રવચન આપેલ રાત્રે ૭–૩૦ વાગે ગોંડલથી વિજય કરી ધોરાજી પધારતાં પ્રથમ ધોરાજીમાં બંધાઇ રહેલ પરિષદના ભવન ‘શ્રી વલ્લભાશ્રય’નું પૂ. મહારાજશ્રીએ નિરીક્ષણ કરી આનંદ વ્યકત કરેલ. રાત્રે ૯ વાગે શ્રીસાતસ્વરૂપ હવેલીમાં પરિષદની ધોરાજી શાખા તથા પુ. ગૈ. મંડલ ધોરાજી તથા વિશ્વ હિંદુપરિષદના સંયુકત ઉપક્રમે સભાનું આયોજન થયેલ જેમાં આપશ્રીએ સંબોધન કરેલ અત્રે જુનાગઢ શાખાના શ્રી હરસુખભાઇ તથા શ્રી ધીરૂભાઇ આદિ કાર્યકરો આપશ્રીને પધારવા સામા આવેલ રાત્રે ૧૧–૩૦ વાગે આપશ્રી જુનાગઢ પધારેલ.

૨૧–૧૧–૮૩ જુનાગઢથી બપોરે ૩ વાગે બીલખા પધારતાં હવેલીએ સભાનું આયોજન થયેલ સ્થાનિક પાઠશાળા ના બાલક બાલીકાઓએ સુંદર સ્તોત્રપાઠ વિ. આપશ્રી સન્મુખ કરેલ શાખા સ્થાપવા નિર્ણય લેવાયો ત્યાંથી સાંજે ૬ વાગે વિસાવદર પધારતાં સમસ્ત ગ્રામજનોએ ઉમળકાભેર આપશ્રીનું વાજતેગાજતે કીર્તન મંડલી સહીત સામૈયુ કરેલ બધા વ્યાપારીઓએ ધંધા બંધ રાખી સ્વાગત સભામાં જોડાએલ પરિષદની શાખા સ્થાપવા નિર્ણય લેવાયો વિસાવદરથી રાત્રે નવ વાગે રવાના થઈ જુનાગઢ પધારેલ જ્યાં મોટીહવેલીમાં વિશાળ સભાનું આયોજન થયેલ રાત્રે ૧૧ વાગે સભા શરૂ થઇ હોવા છતાં ગૈષ્ણવોની વિશાળ હાજરી જુનાગઢની પરિષદ શાખાના કાર્યકરોની ધગશ અને ગૈષ્ણવોનો ભાવ દર્શાવતી હતી.

પ્રારંભમાં પુ. મહારાજનું ફુલહારથી સ્વાગત થયેલ બાદમાં નડીઆદવાળા પ. ભ. શ્રી નવનિતપ્રીય શાસ્ત્રીનું પ્રવચન થયેલ. ત્યારબાદ પુ. મહારાજશ્રીએ પ્રેરક વચનામૃતો દ્વારા

વૈષ્ણવોનું પોષણ કરેલ પ. ભ. વલ્લભભાઇએ જુનાગઢની પરિષદ શાખાની પ્રવૃત્તિઓનો ખ્યાલ અપાએલ. ધોરાજી, બીલખા, વિસાવદર, વેરાવળના કાર્યક્રમોમાં જુનાગઢ શાખાના સંખ્યાબંધ કાર્યકર્તાઓએ ભાવપુર્વક હાજરી આપી સેવા બજાવેલ. તેમજ તન, મન ધનથી કાર્યક્રમને સફળ બનાવેલ. તા. ૨૨-૧૧-૮૩ એ પણ મુકામ જુનાગઢ રહેલ રાત્રીના ૯ વાગે. પરિષદ કાર્યકર્તાઓ સાથે સંગઠ્ઠન બાબત પુ. મહારાજશ્રીએ ચર્ચા કરેલ.

તા. ૨૩-૧૧-૮૩ બુધવાર જુનાગઢથી રવાના થઇ વેરાવળ થઇ પ્રભાસ બેઠકજીએ આપશ્રી પધારેલ વેરાવળના વૈષ્ણવો તરફથી ઉમળકા ભર્યું સ્વાગત કરવામાં આવેલ.

રાત્રે ૯ થી ૧૧-૩૦ સુધી લોહાણા મહાજન વંડીમાં સભાનું આયોજન થયેલ. વેરાવળમાં પરિષદની શાખા સ્થાપવા નિર્ણય લેવાયેલો. પ. ભ. મુળજી હરજીવનભાઇ સોની તથા અનેક વૈષ્ણવ આગેવાનોએ તન, મન, ધનથી સહયોગ આપેલ.

તા. ૨૪-૧૧-૮૩ પુ. મહારાજશ્રી વેરાવળથી કેશોદ પધારી ત્યાંથી વિમાન માર્ગે મુંબઇ પધારતાં આ પ્રવાસ અહીં સુંદર રીતે પુર્ણ થયેલ. આ પ્રવાસમાં વઢવાણના પ. ભ. શ્રી લક્ષ્મીદાસભાઇ કંસારા તથા ગોધરાના પ. ભ. શ્રી નટવરભાઈ શાહ બધો સમય સાથે રહી અમૂલ્ય સેવા અર્પેલ તેમજ ગુજરાત વિભાગના કન્વીનર શ્રી શાન્તીભાઇ બાંભણીઆ તા. ૧૪ થી ૧૯ સુધી તેમજ આં. પુ. વૈ. પરિષદના કેન્દ્રીય કાર્યકારીણી સદસ્ય અને શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી રવજીભાઇ પટેલ તથા વઢવાણના શ્રી પ્રભુદાસભાઇ કંસારા તા. ૨૦ થી ૨૪ સુધી સામેલ રહી પ્રચાર કાર્યને વેગ આપેલ.

◆

✽ પરમ વૈષ્ણવ શ્રીશંકરજી ✽

લે. પ. ભ. શ્રીરૂપચંદ ખંડેલવાલ “ભૂપ”

“સાહિત્ય માર્તંડ”

(જુન ‘૮૩ ના અંકથી આગળ)

(મૂલ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ)

ભગવાન શ્રીરામની પ્રાકટય ભૂમી, પરમ પાવની અવધપુરી સામે અમરાવતિ પણ ઝાંખી લાગે. અષ્ટ સિદ્ધિ અને નવનિધિ વૈકુંઠ છોડી, અયોધ્યાના ઘર ઘરમાં વિરાજમાન છે. સત્કર્મ માનો [સ્વયંદેહ ધરીને, જીવોના માધ્યમથી યથાવત્ વર્તન કરી રહ્યાં છે. બ્રાહ્મ મુહુર્તમાં બધાં આબાલ વૃદ્ધ નિત્ય કર્માદિથી નિવૃત થઇને સ્વાધ્યાય આદિ શુભ કાર્યોમાં વ્યસ્ત દેખાઇ રહ્યાં છે. પ્રાતઃ કાળનો સુખદ વાયુ ચારેબાજુ મંદમંદ ગતિથી, કાનમાં રામનામના સુખદ ઉચ્ચારણોનો પ્રવેશ કરાવતો, વાતાવરણને અલૌકિક આનન્દમય બનાવી રહ્યો છે. સોળે શણગાર સજીને ગૃહલક્ષ્મિઓ મંગળ ગીત ગાતી, માથે કળશ લઇ જલ ભરવા જઇ રહી છે. રાજ મહેલની પાછડ જ તે મધુર જલનો કૂવો છે જ્યાંથી આ મહાભાગાઓ નિત્ય જલ ભરી લાવે છે. અખિલ કોટી બ્રહ્માંડ નાયક શ્રી રામની સેવામાં જે કૂવાનું જલ કામ આવતું હોય તેની મિઠાસનું તો શું કહેવું ?

આવા શુભ મુહુર્તની એક ઘડી પહેલાં જ આજ આ કૂવા પર, એક મહાત્મા પોતાના શરીરે ભસ્મ લપેટી, ભગવન્નામમાં તલ્લીન થઇ પદ્માસન્ન લગાવી બેઠા છે. પાસે જ એક બાલક જે તેઓનો શિષ્ય લાગે છે, તે કોઇપણ ક્ષણે કોઇપણ પ્રકારની આજ્ઞા મલતાની પ્રતિક્ષામાં તે ભદ્રપુરૂષની સામે તત્પર થઇ બેઠેલ છે. અચાનક તે મહાપુરૂષના નેત્રો જરા ઉઘડે છે અને તે સતર્ક બાળક ખૂબ ઉત્સુકતાથી નમન કરવાની મુદ્રામાં બોલે છે.

“પ્રભો આપની આજ્ઞાનુસાર નામનું પરિચય–પટ લગાવી દીધેલ છે. બીજી કંઇ આજ્ઞા ?”

ક્ષણભર માટે તેઓએ શ્વેત ભંમરો ઊંચી કરી તે પર જોયું બાદ મોટી મોટી સફેદ મૂછો અને દાઢીથી આચ્છાદિત મુખ ખુલ્યું “નહીં વત્સ ! યથેષ્ટ છે. ભૂતકાળનો પસ્તાવો વર્તમાનનું અજ્ઞાન અને ભવિષ્યનો અંધકાર જ જીવને ભટકાવે છે. અમે જીવોને તેઓના ભવિષ્યથી અવગત કરાવવાને કર્તવ્ય સમજીએ છઇએ.

“ધન્ય છો આપ, ભગવન્.”

જલ ભરવાના ઉદ્દેશ્યથી ત્યાં આવેલ એક મહિલાએ આ ગુરૂ શિષ્યની વાત સાંભળી અને તે આવા મહાત્માના ચરણોમાં પ્રણામ કરવા ચાલી. જલ તો નિત્ય ભરું છું. વળી પણ ભરીશ, પણ હમણા જેમ તેઓ કહી રહ્યાં હતાં તેમ કદાચ મારું ભવિષ્ય બતાવવાની પણ કૃપા કરીદે. આવા વિચારોથી તેના હૃદયમાં તોફાન જેવું થવા લાગ્યું.

“સૌભાગ્યવતી રહો બેટી ! કાલે થનાર તારા પુત્રની સાગાઈ માટે વધાઈ, પ્રભુ નવદંપતિનું કલ્યાણ કરો.”

આગન્તુકા તો સ્તબ્ધ થઇ ગઇ અરે આ તો ત્રિકાલદર્શી છે. તેઓને મારા પુત્રની સગાઈ બાબત કેમ ખબર પડી ગઇ ? વગેરે વાતોથી આશ્ચાર્યચકિત બનાવી દીધી. સ્ત્રીઓ વિજ્ઞાપનનું સર્વોત્તમ માધ્યમ હોય છે.

"સ્ત્રી સ્વભાવાન્મહાદેવી, પુનસ્ત્વં પરિ પ્રછસિ."

ચમત્કારને જ નમસ્કાર થાય છે. અયોધ્યા પતિનાં ગૃહ–ગ્રામમાં આવીને જ કૈલાશપતીને આ નાટક કરવું હતું. સ્વાભાવિક જ હતુ આટલીવારમાં બીજી પણ ઘણી સ્ત્રીઓ જેઓ જલ ભરવા આવી હતિ, પોતપોતાના વાસણો એકબાજુ મુકી, ખુબ શાલીનતા અને ઉત્સુકતાથી પોતપોતાનું ભવિષ્ય જાણવાની ઉત્કંઠા પુર્વક એકબીજીના પાછડ પ્રતિક્ષારત થઇ ગઇ. અધીક વૃદ્ધાવસ્થાનું અચૂક બહાનું જ્યોતીષીજી પાસે હતુજ. એક એકનું ભવિષ્ય ધીરે ધીરે બતાવતા ભીડ વધારાતી હતિ.

કૌશલ્યા માતાએ પણ પોતાની દાસિઓને નિત્યની જેમ જલ ભરવા મોકલેલી. જોઇતા સમયથી વધુ થવા છતાં પણ તેઓ ન આવી તો બીજી દાસિઓને વાસણ લઇને મોકલી, વળી ત્રીજી મોકલી પણ પાછી ન આવી. કૌશલ્યાજી કંઈક કૂતુહલ અને ક્રોધ મિશ્રિત ભાવમાં કારણ જાણવાની ઇચ્છાથી મહેલના પછવાડેના ઝરૂખામાંથી જોવા લાગ્યાં. સ્રીઓના અભૂતપુર્વ ટોળાને જોઇ ચકિત થઇ ગયાં તે ભીડના છેવાડે ઉભેલ એક સ્રી જે એઓની વધૂનજદિક હતી તેને પુછ્યું.

"અલી, અહીંઆ શેનો મેળો ભરાયો છે."

"અહો કૌશલ્યા રાણી, આપની આ પુણ્ય નગરિ અયોધ્યામાં એક મહાન વિદ્વાન જ્યોતિષીજી પધાર્યા છે.

"અવધ આગમી એક આયો"

"અરે તો એમાં આ મહા સંમ્મેલનની શું આવશ્યકતા છે આવાતો આવતા જ રહે છે. આનામાં એવી શી વાત છે ?"

"મહારાણીજી, આતો **કરતલ નિરખ કહત સબ ગુન ગન**"

"ઓહો, બધાં કંઇને કંઇ કહે જ છે, રાણીએ કહ્યું પણ આણે કોઇને કંઇ સત્ય બતાવ્યું ખરૂં ?"

"હા દેવી, **બહુતન પરચો પાયો.** બધીને સાચે સાચું બતાવ્યું છે. આપ પણ ચારે લાલનોનું ભવિષ્ય પુછો ને ?

"શી રીતે પુછી શકું, કૌશલ્યાજી કહેવા લાગ્યા હું ત્યાં બાળકોને લઇને આવી ન શકું. અને કોઈ પર પુરૂષનો પ્રવેશ રાણીવાસમાં થઇ ન શકે.

"પણ આમનો પ્રવેશ થઇ શકે. તેઓ અત્યંત વૃદ્ધ છે." તેમનું નામ શંકર આ પટ પર લખેલું છે.

બુઢો બડો પ્રમાણિક બ્રાહ્મણ, શંકર નામ સુ લયો.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

શ્રી ગોકુલનાથજીનું ધોળ

વ્હાલા લાગો છો ઘણું વ્હાલા રે, વલ્લભલાલ વ્હાલા લાગો છો.

કેસરીયા ધોતી મારા પ્રભુજીને સોહિએ રે,
છૂટા મેલ્યા છે વ્હાલે કેશ રે. ૧

કેસરીયા ઉપરણાં મારા વ્હાલાજીને સોહીએ રે,
ચાલ લટકતી ચાલે રે. ૨

કેસરીયા પાઘ મારા પ્રભુજીને સોહિએ રે,
મુખડા છે પુનમ ચંદ રે. ૩

શ્રી વિઠ્ઠલનાથજીના લાલ જ કહીએ રે,
રાણી રૂક્ષ્મણીના જાયા રે. ૪

શોભાબેટીના વીરા જ કહિએ રે,
પારવતી વહુજીના કંથ રે. ૫

કીકીમાં કામણ કીધું મારા વ્હાલાએ રે,
મારૂં મન હરીને લીધું રે. ૬

દૈવી જીવને હિત પ્રાકટ્ય લીધું રે,
અનેક જીવ ઉધાર્યા રે. ૭

કરજોડીને કહે છે **'ગોપાલદાસ'** રે,
રાખો ચરણારવિંદની પાસ રે. ૮

–કવિશ્રી ગોપાલદાસ

◆

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ